


પાટણનાં જિનાલયો

ચંદ્રકાન્ત કડિયા

પ્રકાશક
શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાટણનાં જિનાલયો

ચંદ્રકાન્ત કડિયા

પ્રકાશક :
શેઠ આણંદજી કલ્યાણજી
અમદાવાદ-૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Patanna Jinalayo by Chandrakant Kadia

પ્રથમ આવૃત્તિ : ૨૦ જૂન, ૨૦૦૦
વીર સંવત : ૨૫૨૬ વિક્રમ સંવત : ૨૦૫૬
પ્રત : ૩૦૦૦

© શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ-૧

કિંમત : રૂા. ૨૫૦-૦૦

પ્રકાશક : કામદાર નવીનચંદ્ર મણિલાલ
જનરલ મૅનેજર
શેઠ આણંદજી કલ્યાણજી, ઝવેરીવાડ, અમદાવાદ-૧

ગ્રંથ આયોજન : શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશન રિસર્ચ સેન્ટર,
'દર્શન' બંગલો, શાહીબાગ, અમદાવાદ-૪

મુખપૃષ્ઠ : જનક પટેલ

મુદ્રક : ચંદ્રિકા પ્રિન્ટરી
મિરઝાપુર, અમદાવાદ-૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુરોવચન

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી તરફથી સને ૧૯૫૩માં સમગ્ર ભારતનાં જૈન તીર્થો અને જૈન મંદિરો ધરાવતાં અન્ય ગ્રામ-નગરાદિનાં ઐતિહાસિક વર્ણન આલેખતો ગ્રંથ **જૈન તીર્થ સર્વ સંગ્રહ** ત્રણ ભાગમાં પ્રકાશિત કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત ગ્રંથની નકલો ખપી જવાથી ઘણા સમયથી અનુપલબ્ધ હતો. તેમ જ છેલ્લાં વર્ષોમાં ઇતિહાસ વિષયક ઘણું નવું નવું સંશોધન થયું છે તથા શહેરો અને નગરોમાં અનેક જિનાલયોનાં જીર્ણોદ્ધાર, પ્રતિમાજીઓનું સ્થળાંતર, નૂતન જિનાલયોના નિર્માણ જેવા અનેકવિધ પ્રસંગ અનવરત થતા જ રહ્યા છે. આ તમામ માહિતીનો ઉપયોગ કરી નવા સ્વરૂપે જ ઉક્ત ગ્રંથો પ્રકાશિત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. તે યોજના અનુસાર પ્રથમ **રાજનગરનાં જિનાલયો** નામનો ગ્રંથ પ્રકાશિત કરવામાં આવ્યો. ત્યાર બાદ **ખંભાતનાં જિનાલયો** ગ્રંથ પ્રકાશિત થયો. તે શ્રેણિમાં હવે **પાટણનાં જિનાલયો** ગ્રંથ પ્રગટ થઈ રહ્યો છે ત્યારે હું ખૂબ જ આનંદ અનુભવુ છું. પૂર્વે પ્રકાશિત કરવામાં આવેલ **જૈન તીર્થ સર્વ સંગ્રહ** નામના ગ્રંથો કદમાં દળદાર હતા તેથી ઉપયોગ કરનારને અગવડનો અનુભવ થતો હતો તેમ જ જે તે નગરના ઇતિહાસને જાણવા માટે સંપૂર્ણ ગ્રંથને ઉથલાવવો પડતો હતો. આ અગવડને દૂર કરવા માટે આ સમગ્ર યોજનાને ૧૦ ભાગમાં વિભાજન કરવામાં આવી છે. સંપૂર્ણ વિગત ગ્રંથના અંતે આપવામાં આવી છે. તે અનુસાર ગુજરાતનાં મુખ્ય નગરોના ઇતિહાસને અલગ ગ્રંથોમાં પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. આ કારણે તે-તે નગરના ભાઈઓ પોતાના નગરનો ઇતિહાસ સુપેરે જાણી શકે તેમ જ ભવિષ્યમાં પોતાના વારસદારોને એક અમૂલ્ય ભેટ પણ આપી શકે તેવી ભાવનાથી આ યોજના વિચારવામાં આવી છે. **ખંભાતનાં જિનાલયો** વિશે પૂ. આચાર્ય ભગવંતોના ઉત્સાહવર્ધક અભિપ્રાયો પ્રાપ્ત થયા છે તે માટે પણ અમે તેમના આભારી છીએ. આ યોજના માટે જેમણે-જેમણે સહકાર આપ્યો છે તેમનો આભાર વ્યક્ત કરું છું.

જિનાલયોની માહિતી એકત્ર કરી પ્રકાશિત કરવાના પ્રસ્તુત કાર્યમાં **પાટણનાં જિનાલયો**ના વ્યવસ્થાપક ભાઈઓએ સુંદર સહકાર આપ્યો છે તેનો તેમજ વર્તમાન કાળે જેટલાં જિનાલયો છે તે તમામની પાટણના વતનીઓ દ્વારા ધનથી અને સ્થાનિક ભાઈઓ દ્વારા તન અને મનથી સુંદર સુરક્ષા તથા યથાવત્ જાળવી રાખવા ખૂબ જ સુંદર પ્રયાસ થઈ રહ્યો છે, તેની હું ખૂબ જ અનુમોદના કરું છું.

પાટણનાં જિનાલયોની માહિતી એકઠી કરવા માટે આ કાર્યમાં જોડાયેલાં બહેનોનો તથા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઐતિહાસિક માહિતી, ઇતિહાસ અને અન્ય સામગ્રી એકત્ર કરી પ્રકાશન કરવા માટે શ્રી ચંદ્રકાન્ત કડિયાનો આ પ્રસંગે વિશેષ આભાર માનું છું.

આ ગ્રંથમાં પ્રકાશિત થયેલ માહિતી એકત્ર કરવા માટે મુખ્ય આર્થિક સહયોગ શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન બોર્ડિંગ તરફથી પ્રાપ્ત થયો છે, છબીઓ (ફોટોગ્રાફ્સ) તથા પ્રકાશન માટે સંબોધિ સંસ્થાન નામની સંસ્થાએ તથા ગ્રંથ સંરચના અને કૉમ્પ્યુટર આદિ દ્વારા સુંદર પ્રકાશન કાર્ય માટે શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટરનો બહુમૂલ્ય સહકાર અને સહયોગ મળ્યો છે. આ માટે તે સહુનો હું ખૂબ જ આભાર માનું છું.

મે, ૨૦૦૦, અમદાવાદ.

શ્રેણિક કસ્તુરભાઈ
પ્રમુખ
આ. ક. પેઢી

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપોદ્‌ઘાત

એક સમયે પાટણ ગુર્જરદેશનું પાટનગર હતું. તેના પ્રતાપી રાજાઓની આણ દૂર સુદૂર સુધી વિસ્તરેલી હતી. જૈન ધર્મ અને વિદ્વાનોની એ માનીતી નગરી હતી. રાજાઓ પણ વિદ્વાનોને સન્માનતા હતા. અહિંસાના ઉચ્ચ આદર્શોને વરેલા હતા. તેમની ગૌરવગાથા ગુજરાતના સીમાડાઓને વટાવીને અન્ય પ્રાંતો સુધી ફેલાયેલી હતી. તેનો પહેલો રાજા વનરાજ ચાવડો જૈનધર્મનો અનુયાયી હતો. તેના પ્રતાપી રાજાઓ સિદ્ધરાજ અને કુમારપાળ જૈન ધર્મના અનુરાગી હતા. આવા પ્રતાપી રાજાઓથી પોસાયેલી નગરીમાં જૈન ધર્મે પણ પોતાના આચાર અને વિચાર દ્વારા સમગ્ર રાજ્યમાં પોતાનો પ્રભાવ ફેલાવ્યો હતો. જૈન મંત્રીઓએ કુનેહ અને જૈન આચારનો અભૂતપૂર્વ સમન્વય સાધ્યો હતો. અનેક રીતે જ્ઞાન, દર્શન અને ચારિત્રના વિવિધ ક્ષેત્રે પ્રભાવકારી સ્થિતિ પ્રાપ્ત કરી હતી. આ નગરીમાં અનેક ગ્રંથોની રચના, લેખન અને ગ્રંથોની પ્રતિલિપિઓ થઈ, અનેક જિનમંદિરોનું નિર્માણ થયું. અનેક પ્રભાવશાળી આચાર્યોએ ધરતીને પાવન કરી પોતાના આચાર અને જ્ઞાન દ્વારા ન કેવળ જનમાનસ ઉપર ન ભૂંસાય તેવી છાપ ઉપસાવી પરંતુ રાજાઓને પણ જૈનાચાર પ્રત્યે આકર્ષિત કર્યા હતા. આવા અદ્‌ભુત નગરનો ઇતિહાસ, ગૌરવવંતો ભૂતકાળ, આશ્ચર્ય ઉપજાવે તેવાં શ્રેષ્ઠ કાર્યોની નોંધો પાનાનાં પાનાં ભરાય તેટલી વિસ્તૃત છે. ત્યારબાદ કાળબળે આ નગરે અનેક ચડતીપડતી જોઈ. અનેક રાજકીય, સામાજિક, આર્થિક અને કુદરતી આફતોનો સામનો કરવો પડ્યો છતાંય આજે આ નગર અનેક ઐતિહાસિક માહિતીનું કેન્દ્ર બન્યું છે. અનેક કલાત્મક જિનાલયો, સમૃદ્ધ જ્ઞાનભંડાર, કાષ્ઠશિલ્પયુક્ત મંદિરો આ નગરની સમૃદ્ધિનાં શિરમોર સમાં સ્થાનો છે. તેનો ઇતિહાસ આલેખવા યોગ્ય જ નહીં પણ વાગોળવા જેવો પણ છે. આવા ઇતિહાસનો ખ્યાલ આપતો તથા જૈનધર્મના ઇતિહાસને વધુ સ્પષ્ટ કરતો અને જિનાલયોની માહિતીને ઐતિહાસિક સ્વરૂપે રજૂ કરવાના પ્રયાસ રૂપે **પાટણનાં જિનાલયો** ગ્રંથ પ્રગટ થઈ રહ્યો છે તે આનંદની ઘટના છે. જૈનધર્મનો પાટણમાં સમગ્ર ખ્યાલ આવે તેવો પ્રયાસ આ ગ્રંથમાં કરવામાં આવ્યો છે. જિનાલયોની માહિતીની સાથે-સાથે ત્યાંની જાહેર સંસ્થાઓ, વિશેષતાઓ, તવારીખ તથા ચૈત્યપરિપાટીઓ આ ગ્રંથની ઉપયોગિતામાં અનેક ગણો વધારો કરે છે.

પ્રથમ પ્રકરણમાં પાટણમાં જૈનધર્મનો ઇતિહાસ આપવામાં આવ્યો છે. પ્રાક્ મધ્યકાલીનયુગ અર્થાત્ ૧૦ થી ૧૨ સદી સુધીનો સમય જૈન ધર્મનો સુવર્ણકાળ કહી શકાય તેવો યુગ હતો. કુમારપાળ જેવા રાજાએ ન કેવળ અહિંસાનો જ પ્રચાર કર્યો પરંતુ જૈનધર્મ અંગીકાર કરી જૈન આચારની શ્રેષ્ઠતા પ્રસ્થાપિત કરી હતી. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિ જેવા સમર્થ ગુરુવર્યની આજ્ઞા અનુસાર જીવન જીવી સ્વ-પરના કલ્યાણ માટેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ. હેમચંદ્રસૂરિએ અનેક વિષયો ઉપર અનેક કાલજયી કૃતિઓનું નિર્માણ કરી જૈન ધર્મના ઇતિહાસને વધુ ગૌરવાન્વિત કર્યો હતો. અનેક ગ્રંથોનું લેખનકાર્ય, અનેક પ્રભાવશાળી કાર્યો, જિનમંદિરો, જ્ઞાનભંડારોનું નિર્માણ આદિનો ઇતિહાસ આ પ્રકરણમાં આપવામાં આવ્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્યારબાદ પાટણનાં પ્રત્યેક જિનાલયોનો ઇતિહાસ સ્વતંત્ર રીતે આપવામાં આવ્યો છે. તે-તે સ્થળોનાં નામ, દેરાસરના નિર્માતાઓનો ઇતિહાસ, જિનાલયોની સ્થિતિ, પ્રતિમાજીઓની સંખ્યા અને વિશેષતાઓ વગેરેનું વર્ણન પણ કરવામાં આવ્યું છે જે આ નગરના રહેવાસીઓ તથા બહારથી યાત્રાર્થે આવનારા ભાવિકોને ઉત્સાહપ્રેરક અને ભાવાભિવૃદ્ધિ કરનારું છે. તદુપરાંત જિનાલયોમાં ઉપલબ્ધ પ્રાચીન લેખો, પ્રતિમાલેખો અને અન્ય લેખો પણ આપવામાં આવ્યા છે જેનાથી ઇતિહાસ વધુ સ્પષ્ટ અને પ્રમાણભૂત બની શક્યો છે. કેટલાક લેખો તો પ્રથમ વાર જ ઉકેલાયા છે.

ઐતિહાસિક દૃષ્ટિએ પાટણમાં ઘણું-ઘણું સચવાયું છે. અનેક હસ્તપ્રત કૃતિઓનો સંગ્રહ થયો છે. ઘણી દેવતામૂર્તિઓ, ગુરુમૂર્તિઓ, કલાત્મક કૃતિઓ અને કાષ્ઠશિલ્પ સચવાયાં છે. તેની આછેરી ઝલક પ્રાપ્ત થાય તે માટે અહીં તેના ફોટોગ્રાફ્સ પણ પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ ફોટોગ્રાફ્સથી પાટણના ભવ્ય ભૂતકાળનો સહજ ખ્યાલ આવશે જ. સાથે સાથે કલાવારસાને સુરક્ષિત રાખવાની ભાવના વધુ સતેજ બનશે તેવી આશા છે.

જિનાલયોનાં કોષ્ટકોમાં જિનાલયો સંબંધી માહિતી આપવામાં આવી છે. વિભિન્ન સંસ્થાઓ અંગેની માહિતીઓથી ગ્રંથ વધુ ઉપાદેય બન્યો છે. પરિશિષ્ટમાં આપવામાં આવેલ જુદી-જુદી ચૈત્ય પરિપાટીઓની સંખ્યા જ પાટણની તીર્થ તરીકેની ખ્યાતિનો ખ્યાલ આપે છે. જુદા-જુદા સમયે રચાયેલી ચૈત્યપરિપાટીઓ પાટણના તે-તે કાળના ઇતિહાસની નોંધ માટેનું એક સબળ સાધન છે. તેમાં તે-તે સમયે વિદ્યમાન જિનમંદિરો તેની વિશેષતાઓ અને અન્ય માહિતી માટેનું પ્રમાણભૂત સાધન છે. તેનો ઉપયોગ લેખનકાર્યમાં તો થયો જ છે. પરંતુ તે મૂળસ્વરૂપે પણ પ્રકાશિત કરવામાં આવી છે જેથી કોઈને પણ તેનો સંદર્ભ જોવો હોય તો સુલભ થઈ શકે.

પાટણમાં જુદાં-જુદાં વર્ષોમાં જિનશાસનની પ્રભાવનાનાં અનેક નાનાં મોટાં કાર્યો થતાં આવ્યાં છે. તેમાંથી જે મુખ્ય કાર્યો થયાં તેનો ખ્યાલ આવે તે માટે પાટણની તવારીખ પણ આપવામાં આવેલી છે. આમ આ ગ્રંથ ખરેખર પાટણમાં જૈનધર્મ વિશેની માહિતીનો સર્વ સંગ્રાહક ગ્રંથ બની શક્યો છે.

આ ગ્રંથના લેખક શ્રી ચંદ્રકાન્ત કડિયાએ ગ્રંથ તૈયાર કરવામાં ખૂબ જ મહેનત અને પ્રમાણભૂત માહિતી એકઠી કરવા માટે ભારે જહેમત ઉઠાવી છે તેમ જ ખૂબ જ ટૂંક સમયમાં આ કાર્ય પૂર્ણ કરી આપ્યું છે તે માટે તેમની જેટલી અનુમોદના કરીએ તે ઓછી જ છે.

ગ્રંથ તૈયાર કરવા માટે સહયોગ કરનાર તમામનો આભાર માનવામાં આવે છે. ગ્રંથ પ્રકાશનમાં સહયોગ આપવા બદલ સંબોધિ સંસ્થાનનો પણ આભાર માનવામાં આવે છે.

ખંભાતનાં જિનાલયો ગ્રંથ અંગે આચાર્ય ભગવંતો તથા વિદ્વાનોના અભિપ્રાયો ઉપલબ્ધ થયા છે. તેમાંના કેટલાક ગ્રંથને અંતે રજૂ કરવામાં આવ્યા છે. આ ગ્રંથમાં કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો તે અંગે અમારું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે જેથી બીજી આવૃત્તિમાં તે અંગે ખ્યાલ રાખી શકાય.

અનેક ઇતિહાસવેત્તાઓ અને જિજ્ઞાસુઓને આ ગ્રંથ ઉપયોગી નીવડશે તેવી આશા છે. અને પાટણના પ્રત્યેક રહેવાસી માટે તો એક સંગ્રહણીય ગ્રંથ બન્યો છે. તેઓ પણ આ ગ્રંથને અવશ્ય આવકારશે.

જિતેન્દ્ર બી. શાહ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રસ્તાવના

સં. ૨૦૫૩માં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા પ્રકાશિત થયેલ **રાજનગરનાં જિનાલયો** ગ્રંથના પુરોવચનમાં શ્રેષ્ઠીવર્ય શેઠ શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈએ શ્રદ્ધા વ્યક્ત કરી હતી કે ભવિષ્યમાં સમગ્ર ભારતનાં તમામ શહેરો અને ગામોનાં જિનાલયોની આવી નોંધ તૈયાર થાય અને ગ્રંથ સ્વરૂપે પ્રકાશિત થાય. પ્રસ્તુત ગ્રંથ પ્રકાશિત થયા બાદ બે માસના ટૂંકા ગાળામાં જ તે અપ્રાપ્ય બન્યો હતો.

ચતુર્વિધ સંઘના આવા ઉષ્માભર્યા પ્રતિભાવથી પ્રેરાઈને શ્રેષ્ઠીવર્ય શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈએ ગુજરાતનાં તમામ જિનાલયોના પ્રોજેક્ટની રૂપરેખા તૈયાર કરવાનું કાર્ય મને સોંપ્યું. રૂપરેખા તૈયાર થઈ અને દસ ગ્રંથોમાં સમાવિષ્ટ થાય તે રીતે પ્રોજેક્ટને આખરી ઓપ આપવામાં આવ્યો. પ્રોજેક્ટને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા મંજૂર કરવામાં આવ્યો. વળી, પ્રોજેક્ટને અમલમાં મૂકવા માટે જરૂરી ફંડ ઉપલબ્ધ કરી આપવામાં આવ્યું. પ્રસ્તુત પ્રોજેક્ટનો પ્રારંભ ૨૪ એપ્રિલ,૧૯૯૮થી શરૂ થયો હતો અને પ્રોજેક્ટનો પ્રથમ ગ્રંથ **ખંભાતનાં જિનાલયો** ૨૧ ફેબ્રુઆરી, ૨૦૦૦ના રોજ પ્રકટ થયો.

આ ગ્રંથને પણ ખૂબ જ સાનુકૂળ પ્રતિભાવ સાપંડ્યો.

ત્યારબાદ પ્રોજેક્ટનો આ બીજો ગ્રંથ **પાટણનાં જિનાલયો** પણ નિર્ધારિત સમયમાં પૂર્ણ થઈ શક્યો છે. શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન બોર્ડિંગ, સંબોધિ સંસ્થાન તથા તીર્થકોશ નિધિ તરફથી આ પ્રોજેક્ટ માટે આર્થિક સહયોગ સાંપડી રહ્યો છે. ઉપરાંત સંબોધિ સંસ્થાનના સૌજન્યથી પ્રસ્તુત ગ્રંથમાં ફોટોગ્રાફ્સ ઉપલબ્ધ બન્યા છે. આ માટે તે તે સંસ્થાઓનો ઋણ સ્વીકાર કરું છું. સમગ્ર પ્રોજેક્ટ દરમ્યાન પરમ મિત્ર શ્રી જિતેન્દ્રભાઈ બી. શાહ તરફથી સતત માર્ગદર્શન અને સહયોગ પ્રાપ્ત થતાં રહ્યાં છે તે માટે તેમનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

આ કાર્ય માટે રસીલાબેન કડિયા, પુષ્પાબેન હર્ષદભાઈ શાહ, બિંદુબેન પ્રદીપભાઈ ઝવેરી, ઉષાબેન અજિતભાઈ શાહ, ગીતાબેન નીતીનચંદ્ર શાહ, દક્ષાબેન નરેશભાઈ શાહ, પારૂલબેન હેમંતભાઈ પરીખ તથા કુ. શીતલ સુરેશકુમાર શાહ વગેરે બહેનોની ટીમનો સહયોગ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રાપ્ત થયો છે. અનેક પ્રતિકૂળતાઓ તથા મુશ્કેલીઓમાં પણ ખૂબ જ સમતાપૂર્વક, ખંતથી અને નિષ્ઠાપૂર્વક બહેનોએ આ કાર્ય કર્યું છે અને કરી રહી છે. તેઓએ જિનાલયોની પ્રત્યક્ષ મુલાકાત લઈને નિયત કરેલ પત્રકમાં માહિતી એકઠી કરી છે. ઉપરાંત પારૂલબેન પરીખે બહેનોની ટીમે ભેગાં કરેલા જિનાલયોના dataને વ્યવસ્થિત કરી પુનઃ લેખન કરી સહાય કરી છે તથા દક્ષાબેન શાહે પાટણની જૈન ઘટનાઓની તવારીખ તથા જિનાલયોના કોષ્ટક પ્રકરણમાં મદદનીશ તરીકે સહાય કરી છે.

પ્રત્યક્ષ મુલાકાત ઉપરાંત આ ગ્રંથલેખનમાં ચૈત્યપરિપાટીઓનો બહુમૂલ્ય ફાળો છે. શ્રી કલ્યાણવિજયજી સંપાદિત ગ્રંથમાં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટી (સં૰ ૧૬૪૮), પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટી (સં૰ ૧૭૨૯) તથા પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિ (સં૰ ૧૯૫૯) ઉપલબ્ધ હતી. જૈન સત્યપ્રકાશમાં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવન (સં૰ ૧૮૨૧) પ્રસિદ્ધ થયું હતું. આ સ્તવનમાં પાટણનાં જિનાલયોની સ્તુતિ કરવામાં આવી છે. ઉપરાંત તે તે વિસ્તારોના નામ સાથે જિનાલયોની સંખ્યા આપવામાં આવેલ છે. ઉપરાંત ભોગીલાલ સાંડેસરા સંપાદિત સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટી (સં૰ ૧૫૭૬) સંબોધિ વૉ.૪, અંક : ૩-૪માં પ્રકટ થયેલી. પ્રસ્તુત ચૈત્યપરિપાટીના સંપાદનમાં ભોગીલાલ સાંડેસરાએ સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીનો ઉલ્લેખ કર્યો હતો પરંતુ ક્યાંય પ્રસિદ્ધ થયેલી માલૂમ પડી નહિ. સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટી પ્રાપ્ત કરવા માટે વિવિધ જ્ઞાનભંડારોની મુલાકાતો લીધી હતી. અંતે અમદાવાદના ડહેલાના ઉપાશ્રયના ભંડારમાંથી આ ચૈત્યપરિપાટીની હસ્તપ્રત ઉપલબ્ધ થઈ. વિવિધ જ્ઞાનભંડારોની મુલાકાત દરમ્યાન એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજીમાં કવિ લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટી (સં૰ ૧૭૭૭) અકસ્માત જ ઉપલબ્ધ બની. આ ચૈત્યપરિપાટીનો ઉલ્લેખ અગાઉ કોઈ ગ્રંથમાં થયો ન હતો. તેથી અચાનક જ આ ચૈત્યપરિપાટી ઉપલબ્ધ થતાં ખૂબ જ આનંદ થયો અને સરસ્વતીદેવીની કૃપાની પ્રતીતિ દૃઢ થઈ.

સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટી તથા લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટી — આ બન્ને હસ્તપ્રતોનું સંપાદન રસીલા કડિયા તથા શીતલ શાહે કર્યું છે. તેઓને આ સંપાદનમાં શ્રી લક્ષ્મણભાઈ ભોજકનું માર્ગદર્શન સતત મળતું હતું. જિતેન્દ્ર બી. શાહ તથા એન. એમ. કંસારા દ્વારા સંપાદિત સંબોધિ વૉ.૨૨માં તે પ્રસિદ્ધ થઈ છે. સંપાદકોની સંમતિથી આ ચૈત્યપરિપાટીઓ-ના સંપાદનનો પ્રસ્તુત ગ્રંથમાં આધાર લેવામાં આવ્યો છે. પાટણનાં જિનાલયોના કડીબદ્ધ ઇતિહાસ માટે આ બન્ને ચૈત્યપરિપાટીઓ ખૂબ જ ઉપયોગી નીવડી છે.

ઉપલબ્ધ તમામ ચૈત્યપરિપાટીઓને અહીં એકસાથે મૂકવામાં આવી છે. ઉપરાંત ૧૬મા સૈકાની સિદ્ધિસૂરિની ચૈત્યપરિપાટીથી માંડીને સં૰ ૨૦૫૬ સુધીનાં જિનાલયોની યાદીને આધારે એક ચાર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. પ્રસ્તુત ચાર્ટને આધારે આજે વિદ્યમાન ન હોય તેવાં જિનાલયો, વિસ્તારોનાં લુપ્ત થયેલાં નામો, બદલાયેલાં નામો, સમયાંતરે પાટણની જૈનપરંપરાના મહિમાનું બદલાયેલું કેન્દ્રસ્થાન વગેરે વિગતો સહજ રીતે સ્પષ્ટ થતી રહે તે તેનો હેતુ છે.

પાટણનાં પ્રાચીન જિનાલયોની ભવ્યતા તથા અનુપમ કલા-કારીગરીનો અંશતઃ પણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખ્યાલ આવે તે હેતુથી જિનાલયોનો શક્ય તેટલો વિગતવાર વર્ણન કરવાનો અહીં ઉપક્રમ રાખ્યો છે. વર્ણન કરતી વેળાએ સૌ પ્રથમ હાલમાં જિનાલય વિદ્યમાન છે તે વિસ્તારની માહિતી આપી છે. આ ઉપરાંત, અત્યારે તે વિસ્તારની સરહદો બદલાઈ હોય કે તે વિસ્તારમાં જિનાલયોની સંખ્યા વધઘટ થવા પામી હોય તો તેની વિગતો કે અનુમાનો આધારભૂત ગ્રંથો તથા ચૈત્યપરિપાટીનાં અવતરણો દ્વારા રજૂ કરવામાં આવ્યાં છે.

કોષ્ટકમાં પ્રતિમાઓ તથા પટની સંખ્યાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ગણતરીમાં આરસપ્રતિમાની સંખ્યામાં મૂળનાયકની પ્રતિમાની ગણતરી સામેલ છે. જ્યાં આવી ગણતરી સામેલ કરી નથી ત્યાં સ્પષ્ટતા કરી ગણતરી આપવામાં આવી છે. દેવ-દેવીઓની મૂર્તિઓને ગણતરીમાં સમાવિષ્ટ કરી નથી. માત્ર તીર્થંકરોની જ પ્રતિમાઓને ગણતરીમાં સામેલ કરવામાં આવી છે. પ્રતિમાનાં નામ જ્યાં આપ્યાં નથી અથવા લાંછન દ્વારા ઓળખી શકાઈ નથી ત્યાં તીર્થંકર ભગવાનનું નામ આપી શકાયું નથી. એનો ઉલ્લેખ આરસપ્રતિમા તરીકે કર્યો છે. આરસના પથ્થરમાં અથવા સાદા પથ્થરમાં કે કાષ્ટમાં ઉપસાવેલ હોય અથવા ચિત્રાંકન થયેલ પટ હોય તેવા પટોની સંખ્યાને કોષ્ટકમાં ગણતરીમાં લીધેલ છે. તીર્થંકરના જીવનચરિત્ર તથા અન્ય પ્રસંગોના ચિત્રકામ અંગેની નોંધ કોષ્ટકમાં મૂકી નથી. જિનાલયના વર્ણનમાં જ્યાં **ડાબી બાજુ જમણી બાજુ**નો ઉલ્લેખ થયો હોય ત્યાં મૂળનાયકની ડાબી બાજુ, મૂળનાયકની જમણી બાજુ સમજવાની છે. જે વિસ્તારમાં એક જ જિનાલય હોય ત્યાં જિનાલયનું વર્ણન, વિસ્તારનું વર્ણન તથા પંક્તિઓ એક સાથે મૂકવામાં આવ્યાં છે. પરંતુ જે વિસ્તારમાં એકથી વધુ જિનાલય હોય ત્યાં સૌ પ્રથમ તે વિસ્તારનું વર્ણન તથા પંક્તિઓ એક સાથે મૂકવામાં આવી છે. ત્યારબાદ જિનાલયોની વિગતો આપવામાં આવી છે. જિનાલય ઘરમાં હોય કે ઘરદેરાસર તરીકે ગણાતું હોય ત્યાં **ઘરદેરાસર** શબ્દ પ્રયોજવામાં આવ્યો છે.

સંવતના ક્રમ અનુસાર તથા તીર્થંકરના ક્રમ અનુસાર અલગ અલગ યાદી આપવામાં આવી છે.

જિનાલયની સમયનિર્ધારણા કરવી એ કપરું કામ હતું. આ માટે અમે ચૈત્યપરિપાટીઓ, અન્ય સંદર્ભ ગ્રંથો તથા સંદર્ભ નોંધોનો વિનિયોગ કર્યો છે. પ્રાયઃ સૌથી વિશેષ આધારભૂત સ્રોત જિનાલયના મૂળનાયકનો મૂર્તિલેખ કહી શકાય. આથી, વાંચી શકાયું તેટલું લખાણ મોટાભાગના મૂર્તિલેખોમાંથી ઉકેલવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. પરંતુ પ્રતિમાને લેપ કરવામાં આવ્યો હોય, અક્ષરો ઘસાઈ ગયા હોય કે વાંચી શકાયા ન હોય ત્યાં લેખ ઉપલબ્ધ થયો નથી તે મુજબ સમજવાનું છે. તો કેટલેક સ્થળે પ્રતિમાલેખ નથી તેવી નોંધ કરેલ છે.

કેટલીક જગ્યાએ જૈન તીર્થ સર્વસંગ્રહ અને જૈન શ્વેતાંબર ડિરેક્ટરી જેવા સંદર્ભગ્રંથોમાં આપવામાં આવેલી સંવત માન્ય રાખવામાં આવી છે. ઘરદેરાસરો જ્યારે જિનાલયમાં merge થયાં હોય ત્યારે તે સમય નિર્ધારિત કરવામાં આવ્યો છે. જ્યાં સ્થળનામ બદલાયાં હોય તો પ્રથમ જે સમયે જિનાલયનો ઉલ્લેખ પ્રાપ્ત થતો હોય જિનાલય તે સમયનું દર્શાવ્યું છે. જેમ કે આજે ખેતરવસીમાંની મહાદેવાની શેરીમાં વિદ્યમાન મહાદેવા પાર્શ્વનાથનો ઉલ્લેખ સં. ૧૭૭૭માં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લાધાશાહ કૃત પાટણ ચૈત્યપરિપાટીમાં સૂરજીમાધવની પોળમાં ષોષલીયા પાર્શ્વનાથ તરીકે સૌ પ્રથમ વાર મળે છે. તેથી જિનાલય સં૰ ૧૭૭૭ પૂર્વેના સમયનું દર્શાવ્યું છે.

એલ.ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી દ્વારા લિપિશાસ્ત્રના વર્ગો લક્ષ્મણભાઈ ભોજકની રાહબરી હેઠળ ચાલ્યા હતા. આ તાલીમ વર્ગમાં પ્રોજેક્ટની ટીમની બહેનો પણ જોડાઈ હતી. લિપિશાસ્ત્રની એ તાલીમ મૂર્તિલેખો તથા શિલાલેખો ઉકેલવામાં ઉપકારક નીવડી. જિનાલયમાં મૂળનાયકના મૂર્તિલેખ ઉપરાંત આજુબાજુની અન્ય પ્રતિમાઓના લેખને ઉકેલવાનો બનતો પ્રયત્ન કર્યો છે.

અહીં અભ્યાસીઓ તથા વિદ્વાનોને ઉપયોગી થઈ પડે તે માટે શક્ય તેટલાં વધુ પરિશિષ્ટો સમાવવામાં આવ્યાં છે. પરિશિષ્ટોમાં તે તે સમયની જોડણી યથાવત્ રાખવામાં આવી છે. વળી, તવારીખના પરિશિષ્ટમાં ૧૯મા સૈકા સુધીની તવારીખ સમાવિષ્ટ કરવામાં આવી છે. પ્રોજેક્ટના કાર્ય નિમિત્તે જે ગ્રંથોનું અધ્યયન થયું તેમાંથી ઉપલબ્ધ માહિતીને આધારે તવારીખનું પરિશિષ્ટ સમાવિષ્ટ કર્યું છે. તવારીખનું પ્રકરણ સ્વતંત્ર રીતે આપવાનો પ્રસ્તુત પ્રોજેક્ટની અંતર્ગત ઉપક્રમ ન હતો. પરંતુ ભવિષ્યમાં પાટણની જૈન પરંપરા અંગે અધ્યયન-સંશોધન કરનાર અભ્યાસીઓને ઉપયોગી થઈ પડે તે હેતુથી તવારીખની નોંધ ૨૦મા સૈકા સુધીની આપવામાં આવી છે. આ તવારીખ સંપૂર્ણ નથી.

આ૰ શ્રી જમ્બૂવિજયજી, ડહેલાવાળા આ૰ શ્રી રામચંદ્રસૂરિજી, આ૰ શ્રી ચંદ્રોદયસૂરિજી, આ૰ શ્રી શીલચંદ્રસૂરિજી, આ૰ શ્રી પ્રદ્યુમ્નસૂરિજી, શ્રી અજયસાગરજી મહારાજ સાહેબ, મુનિ શ્રી ભુવનચંદ્રજી મહારાજ વગેરે આચાર્ય ભગવંતો અને સાધુ ભગવંતોનું માર્ગદર્શન, પ્રેરણા, પ્રોત્સાહન અને આશિષોના બહુમૂલ્ય પ્રદાનનું કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરું છું.

અભ્યાસ દરમ્યાન જે જે હસ્તપ્રતો તથા ગ્રંથોની જરૂરિયાત ઊભી થઈ, તેને મેળવવામાં ક્યારેક ઘણી મુશ્કેલીઓ પડી તેમ છતાં પાટણના શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનભંડાર, અમદાવાદનાં ભો૰જે૰ વિદ્યાલય, જૈન પ્રાચ્ય વિદ્યામંદિર, આ૰ શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જ્ઞાનભંડાર, સંવેગી ઉપાશ્રયનો જ્ઞાનભંડાર, ડહેલાના ઉપાશ્રયનો જ્ઞાનભંડાર, એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી, શારદાબહેન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટનો ગ્રંથભંડાર, ખંભાતના શ્રી તપગચ્છ અમર જૈનશાળાનો જ્ઞાનભંડાર તથા કોબાના આ૰ શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનભંડાર વગેરે સંસ્થાઓએ હસ્તપ્રતો તથા ગ્રંથો સુલભ કરી આપીને ઉમળકાભેર સહકાર આપ્યો છે. તે સર્વેની અનુમોદના કરું તેટલી ઓછી છે. આ સૌનો હું હાર્દિક આભાર માનું છું.

પાટણનાં જિનાલયોના વહીવટદારોએ માહિતી આપીને મદદ કરી છે. શ્રી દેવદત્તભાઈ જૈને પાટણની વિવિધ સંસ્થાઓ, જિનાલયોના વહીવટદારો તથા અન્ય વ્યક્તિઓની સાથે સંપર્ક કરાવીને અનન્ય સેતુકર્મ બજાવ્યું છે. ઉપરાંત જ્યાં જ્યાં જરૂર પડી ત્યાં સાથે રૂબરૂ આવીને સમગ્ર કાર્યમાં ખૂબ જ મદદરૂપ બન્યા છે. તેઓશ્રીનાં ધર્મપત્ની શ્રીમતી ઈન્દિરાબહેન પણ કેટલાંક જિનાલયોમાં સાથે રૂબરૂ આવીને મદદરૂપ બન્યાં હતાં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપરાંત પ્રવીણભાઈ પી. શાહે પણ ખૂબ જ અંગત રસ લઈને કાર્યને વધુ સરળ બનાવ્યું.

શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનભંડારના વહીવટદાર શ્રી યતિનભાઈ શાહનો આભાર માનું છું. તેઓએ પણ અંગત રસ લઈ જરૂરી ગ્રંથો અને હસ્તપ્રતોની ઝેરોક્ષ નકલ મેળવી આપવામાં ઉમળકાભેર સહયોગ આપ્યો છે.

પાટણના અતિથિગૃહ 'શેઠ શ્રી કેશવલાલ જેસંગલાલ જૈન ધર્મશાળા'ના સંચાલકોએ ઉષ્માભર્યો આવકાર આપીને જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે રહેવાની ઉત્તમ સુવિધા પૂરી પાડી છે. તેમનો પણ હું આભાર માનું છું.

તદુપરાંત આ કાર્યમાં સંબોધિ સંસ્થાનના ઉપક્રમે પાટણનાં જિનાલયોની છબીકલા માટે શ્રી સ્નેહલભાઈ શાહ તથા શ્રી અરવિંદભાઈ શાહનો સહયોગ પ્રાપ્ત થયો છે. પાટણનાં જિનાલયોના આ ગ્રંથમાંના ટાઇટલથી માંડીને સમગ્ર ડિઝાઇનનું કાર્ય મુરબ્બી મિત્ર શ્રી જનકભાઈ પટેલે ખૂબ જ પ્રેમપૂર્વક કરી આપ્યું છે.

સમગ્ર ગ્રંથના સંપાદનમાં મદદનીશ તરીકે કુ. શીતલ સુરેશકુમાર શાહે ખૂબ જ નિષ્ઠા-પૂર્વક અને સમર્પિતભાવે સેવાઓ આપી છે.

ખંભાતનાં જિનાલયો ગ્રંથની જેમ જ આ ગ્રંથમાં પણ મારી પત્ની રસીલા કડીઆના સાથ-સહકાર ઉપરાંત બહુમૂલ્ય માર્ગદર્શન મળ્યાં છે. ગ્રંથ તૈયાર થયો ત્યાં સુધીના દરેક તબક્કે-જિનાલયોની પ્રત્યક્ષ મુલાકાત, ચૈત્યપરિપાટીઓનું સંશોધન તથા લેખનકાર્ય – અમૂલ્ય યોગદાન રહ્યું છે.

અહીં આ સૌનું કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરું છું.

અંતે, એક વાત ખાસ જણાવવાની કે આ ગ્રંથમાં કોઈ વિગતદોષ જણાયો હોય અથવા જિનાલયો વિશેની વધુ માહિતીની કોઈને જાણ હોય તો તેઓ તેની અચૂક જાણ કરે તેવી નમ્ર વિનંતિ છે.

પ્રસ્તુત ગ્રંથલેખનમાં શાસ્ત્રોક્ત દૃષ્ટિએ જો કોઈ દોષ રહી ગયો હોય તો અંતઃકરણપૂર્વક ખમાવું છું.

ચંદ્રકાન્ત કડિયા

શ્રી એલ. આર. જૈન બોર્ડિંગ
ટી.વી. ટાવર સામે
ડ્રાઇવ-ઇન રોડ
અમદાવાદ-૩૮૦ ૦૫૪.
ફોન : ૭૪૮૩૯૨૬
તાઃ ૨૪-૪-૨૦૦૦.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનુક્રમણિકા

	પુરોવચન	૩
	ઉપોદ્‌ઘાત	૫
	પ્રાસ્તાવિક	૭
૧.	પાટણની જૈન પરંપરા	૧
૨.	પાટણનાં જિનાલયો	૧૧
૩.	પાટણનાં જિનાલયોનું કોષ્ટક	૨૭૩
૪.	પાટણનાં ઘરદેરાસરો	૩૧૧
૫.	તીર્થંકરોના ક્રમાનુસાર જિનાલયોની યાદી	૩૩૩
૬.	સંવતના ક્રમાનુસાર જિનાલયોની યાદી	૩૪૩
૭.	આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર	૩૪૯
૮.	પાટણનાં ઉપાશ્રયો, ભોજનશાળા, ધર્મશાળાઓ તથા આયંબિલશાળા	૩૫૫
૯.	પાટણના સંઘોની યાદી	૩૬૧
૧૦.	પરિશિષ્ટ	૩૮૧
	૧. પાટણની જૈન ઘટનાઓની તવારીખ	૩૮૩
	૨. સિદ્ધિસૂરિ કૃત પાટણની ચૈત્યપરિપાટી (સં૰ ૧૫૭૬)	૪૦૬
	૩. સંઘરાજ કૃત પાટણ ચૈત્યપરિપાટી (સં૰ ૧૬૧૩)	૪૧૩
	૪. શ્રી લલિતપ્રભસૂરિ કૃત પાટણ ચૈત્યપરિપાટી (સં૰ ૧૬૪૮)	૪૨૮
	૫. પંડિત હર્ષવિજય કૃત પાટણ ચૈત્યપરિપાટી (સં૰ ૧૭૨૯)	૪૪૪
	૬. શ્રી લાધાશાહ કૃત પાટણ ચૈત્યપરિપાટી (સં૰ ૧૭૭૭)	૪૫૨
	૭. ઉપા૰ જ્ઞાનસાગરગણિ કૃત તીર્થમાલા સ્તવન (સં૰ ૧૮૨૧)	૪૫૯
	૮. પં૰ હીરાલાલ નિર્મિત શ્રીપત્તનજિનાલયસ્તુતિ (સં૰ ૧૯૫૯)	૪૬૧
	૯. સમયાંતરે વિદ્યમાન જિનાલયો - ચાર્ટ	૪૬૬
૧૧.	સંદર્ભ ગ્રંથ સૂચિ	૫૦૭
૧૨.	ગુજરાતનાં જિનાલયોના ઇતિહાસની યોજના અંગે	૫૧૧
૧૩.	ખંભાતનાં જિનાલયો ગ્રંથ વિશેના અભિપ્રાયો	૫૧૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાટણનાં જિનાલયોના ફોટોગ્રાફ્સની યાદી

૧. શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરનો બાહ્ય દેખાવ (પીપળાશેરી)

૨. પંચાસરા પાર્શ્વનાથના જિનાલયનો બાહ્ય દેખાવ (પીપળાશેરી)

૩. પંચાસરા પાર્શ્વનાથના જિનાલયનો બાહ્ય દેખાવ (પીપળાશેરી)

૪,૫. પંચાસરા પાર્શ્વનાથના જિનાલયનાં શિલ્પો (પીપળાશેરી)

૬. પંચાસરા પાર્શ્વનાથના જિનાલયમાં બિરાજિત આચાર્ય શ્રી શીલગુણસૂરીની મૂર્તિ (પીપળાશેરી)

૭. પંચાસરા પાર્શ્વનાથના જિનાલયમાં સં. ૧૩૦૧નો લેખ ધરાવતી વનરાજ ચાવડાની મૂર્તિ (પીપળાશેરી)

૮. પંચાસરા પાર્શ્વનાથના જિનાલયના કંપાઉંડમાં આવેલા ગુરુમંદિરમાં સં. ૧૪૫૨નો લેખ ધરાવતી આચાર્ય શ્રી કક્કસૂરીની મૂર્તિ (પીપળાશેરી)

૯. પંચાસરા પાર્શ્વનાથના જિનાલયમાં સં. ૧૯૬૦નો લેખ ધરાવતી આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યસૂરીની મૂર્તિ (પીપળાશેરી)

૧૦. અષ્ટાપદના જિનાલયનો બાહ્ય દેખાવ (પીપળાશેરી)

૧૧. અષ્ટાપદના જિનાલયમાં આવેલા ગુરુમંદિરમાંની સં. ૧૨૫૫નો લેખ ધરાવતી દેમતિગણિ સાધ્વીજીની મૂર્તિ (પીપળાશેરી)

૧૨. કોકા પાર્શ્વનાથ-અભિનંદનસ્વામીના જિનાલયનો બાહ્ય દેખાવ (કોકાનો પાડો)

૧૩. કલિકુંડ પાર્શ્વનાથના જિનાલયનો બાહ્ય દેખાવ (ઢંઢેરવાડો)

૧૪. શીતલનાથના જિનાલયમાં બિરાજમાન પદ્માવતીદેવીની ભવ્ય ચમત્કારિક મૂર્તિ (પડીગુંદીનોપાડો)

૧૫. શામળા પાર્શ્વનાથના જિનાલયના ઝરૂખા (ઢંઢેરવાડો)

૧૬. મહાવીરસ્વામીના જિનાલયમાં કાષ્ઠનો કલાત્મક ઘુમ્મટ (ઢંઢેરવાડો)

૧૭. મહાવીરસ્વામીના જિનાલયમાં ઘુમ્મટમાંના તીર્થંકરના કાષ્ઠશિલ્પો (ઢંઢેરવાડો)

૧૮. મહાવીરસ્વામીના જિનાલયમાં કાષ્ઠનો કલાત્મક ઘુમ્મટ (ઢંઢેરવાડો)

૧૯. આદેશ્વરના જિનાલયનો બાહ્ય દેખાવ (ગોદડનો પાડો)

૨૦. શામળા પાર્શ્વનાથના જિનાલયના ભોંયરાનો પ્રવેશદ્વાર (શામળાજીની શેરી, ખેતરવસી)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨૧. શાંતિનાથના જિનાલયનો ઘુમ્મટ (કનાશાનો પાડો)

૨૨. શાંતિનાથના જિનાલયનો બાહ્ય દેખાવ (કનાશાનો પાડો)

૨૩. શીતલનાથના જિનાલયમાં સમેતશિખર તથા અષ્ટાપદનો કાષ્ઠનો પટ (આંબલી શેરી, કનાશાનો પાડો)

૨૪. શાંતિનાથના જિનાલયનું ગર્ભદ્વાર (આંબલી શેરી, કનાશાનો પાડો)

૨૫. શીતલનાથ-ગોડી પાર્શ્વનાથના જિનાલયનો બાહ્ય દેખાવ (કસુંબીયાવાડો)

૨૬. મુનિસુવ્રતસ્વામીના જિનાલયનો બાહ્ય દેખાવ (લખીયારવાડો, રાજકાવાડો)

૨૭. સીમંધરસ્વામીના જિનાલયનો બાહ્ય દેખાવ (લખીયારવાડો, રાજકાવાડો)

૨૮. મનમોહન પાર્શ્વનાથના જિનાલયના ઉપરના ભાગમાં આવેલ સરસ્વતીદેવીનું શિલ્પ (મનમોહનની શેરી, ફોફલિયાવાડો)

૨૯. ટાંકલા પાર્શ્વનાથના જિનાલયનો બાહ્ય દેખાવ (ડંખમહેતાનો પાડો)

૩૦. આદેશ્વરના જિનાલયના રંગમંડપમાંનો કાષ્ઠનો કલાત્મક ઘુમ્મટ (કુંભારિયાપાડો)

૩૧. આદેશ્વરના જિનાલયના રંગમંડપમાંના ઘુમ્મટની કાષ્ઠકોતરણીનો એક ભાગ (કુંભારિયાપાડો)

૩૨,૩૩. આદેશ્વરના જિનાલયના રંગમંડપમાંના સ્થંભો પરની કાષ્ઠકોતરણી (કુંભારિયાપાડો)

૩૪. આદેશ્વરના જિનાલયના રંગમંડપમાંના ઘુમ્મટની કાષ્ઠકોતરણી (કપૂરમહેતાનો પાડો)

૩૫. વાડી પાર્શ્વનાથના જિનાલયનો પ્રાચીન શિલાલેખ (ઝવેરીવાડો)

૩૬. નારંગા પાર્શ્વનાથના જિનાલયનો બાહ્ય દેખાવ (ઝવેરીવાડો)

●

ટાઇટલ નં. ૧

નેમિનાથના જિનાલયનો રંગમંડપ (ચૌધરીની શેરી, ફોફલિયાવાડો)

●

ટાઇટલ નં. ૨

પંચાસરા પાર્શ્વનાથના જિનાલયનું એક શિલ્પ (પીપળાશેરી)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાટણની જૈન પરંપરા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાટણની જૈન પરંપરા

જૈન સંસ્કૃતિનો પ્રભાવ ગુજરાતના પ્રજાજીવન પર સૈકાઓથી સતત રહ્યો છે અને જૈન સંસ્કૃતિનું મુખ્ય કેન્દ્ર પાટણ રહ્યું છે. તેથી ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ સમજવાની ચાવી પાટણની જૈન પરંપરામાં પ્રાપ્ત થાય છે.

અણહિલ નામના ભરવાડે બતાવેલા લાખ્ખારામ નામના સ્થળે જૈન શ્રેષ્ઠી ચાંપાની સલાહથી નાગેન્દ્રગચ્છના જૈનાચાર્ય શ્રી શીલગુણસૂરિએ વિ૰ સં૰ ૮૦૨ના વૈશાખ સુદિ ૩ને સોમવારે જૈન મંત્રોથી એક નગરની સ્થાપના કરી, જેનું નામ 'અણહિલ્લપુર પાટણ' રાખવામાં આવ્યું. ગુજરાતની પાટનગરી બનવાનું સૌભાગ્ય એને શિરે લખાયું હતું. સં૰ ૮૨૧ના વૈશાખ સુદિ ૩ને સોમવારે શ્રાવિકા શ્રીદેવીએ પ્રતાપી વનરાજના પુણ્યશાળી લલાટે રાજતિલક કરેલું અને તે ગુજરાતની ગાદીએ આરૂઢ થયો.

જૈન મંત્રોના ગુંજારવથી કોઈ નગરની સ્થાપના થઈ હોય તેવું જવલંત ઉદાહરણ ઇતિહાસમાં આ એક માત્ર પ્રાપ્ત થાય છે. જૈનાચાર્યના હાથે શુભ ઘડીએ થયેલી આ નગરસ્થાપના અને શ્રીદેવી શ્રાવિકાએ કરેલા આ રાજતિલકમાં ગુજરાતના રાજકીય અને ધાર્મિક ઇતિહાસના સુવર્ણયુગનાં બીજ રોપાયાં છે.

●

સં૰ ૮૦૨માં વનરાજ ચાવડાએ વૈશાખ માસમાં અણહિલપુર પાટણનું શિલારોપણ કરી, ગુજરાતના મહાન સામ્રાજ્યનો પાયો નાંખ્યો એ ઘટના અને ત્યારબાદ જૈન શાસનના પ્રભાવની અનેક વિજયવંત ઘટનાઓ બની. તે પૈકી કેટલીક મહત્ત્વની ઘટનાઓ પાટણની જૈન પરંપરાની એક આછેરી ઝલકનો નિર્દેશ કરે છે.

●

પાટણમાં વનરાજ ચાવડાએ સં૰ ૮૦૨માં 'વનરાજવિહાર' બનાવી તેમાં પંચાસરથી લાવેલ ભગવાન પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી. ત્યારબાદ વિદ્યાધરગચ્છના શ્રાવક નીનાશેઠે પાટણમાં ભગવાન ઋષભદેવનું મોટું મંદિર બંધાવ્યું હતું.

●

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિક્રમના ૯મા સૈકામાં આચાર્ય બપ્પભટ્ટસૂરિએ પાટણમાં ભગવાન મહાવીરનાં ભવ્ય ચિત્રોની સ્થાપના કરાવી હતી તથા જિનપ્રતિષ્ઠાઓ કરી હતી.

•

સં૰ ૮૩૬માં નીનાશેઠે પોતાની માતા નારંગદેવીની યાદમાં નારંગપુર વસાવી તેમાં ભગવાન પાર્શ્વનાથનું દેરાસર બનાવી નાડોલગચ્છના આ૰ ધર્મસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી.

•

સં૰ ૯૯૮માં મૂળરાજનો પાટણમાં રાજ્યાભિષેક થયો. તેણે 'મૂળરાજ વસતિ' નામે જિનમંદિર, 'મૂળરાજસ્વામી' મંદિર અને ત્રિપુરુષપ્રાસાદ બંધાવ્યાં.

•

ઉપકેશગચ્છના ૪૭મા આચાર્ય સિદ્ધસૂરિએ સં૰ ૧૦૭૨માં પાટણમાં શેઠ કપર્દિ શાહે કરાવેલા જિનાલયમાં સ્વર્ણમિશ્રિત પિત્તળની પરમાત્મા મહાવીરસ્વામીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. તે પ્રતિમાનાં નેત્ર લાખ લાખનાં મૂલ્યવાળાં બે નીલમણિથી બનાવેલાં હતાં. તેનો ઉલ્લેખ પણ પ્રાચીન ગ્રંથોમાં મળે છે. પાટણની જૈન પ્રજાની જાહોજલાલીનો એમાં સ્પષ્ટ નિર્દેશ થાય છે.

•

સં૰ ૧૦૮૧માં મહમૂદ ગઝનવીએ ભારત પર ચડાઈ કરી અને પાટણને તોડી ફોડીને લૂંટી લીધું. તેમ છતાં માત્ર થોડાંક જ વર્ષમાં એટલે કે સં૰ ૧૦૮૮માં વિમલ મંત્રીએ પાટણમાં 'વિમલવસહી' મંદિર બંધાવ્યાની ગ્રંથોમાં નોંધ મળે છે.

•

દરમ્યાનમાં પાટણમાં અનેક ગ્રંથોની રચના થઈ. સં૰ ૧૧૪૬માં આ૰ શીલભદ્રસૂરિએ 'મૂલશુદ્ધિ-ટીકા'નું સંશોધન કર્યું હતું. અને તે જ વર્ષમાં મંત્રી મુંજાલે 'મુંજાલવસહી' જિનાલય બંધાવ્યું તેમજ એક ઉપાશ્રયનું નિર્માણ પણ કરાવ્યું હતું. સં૰ ૧૧૪૬માં જ તાડપત્ર પર 'યોગદૃષ્ટિસમુચ્ચય' પ્રતિ પણ લખવામાં આવી હતી.

•

રાજા સિદ્ધરાજના મંત્રી શાંતૂએ સં૰ ૧૧૫૦ની આસપાસ 'શાંતૂવસહી' ચૈત્ય બનાવ્યું. સિદ્ધરાજે સં૰ ૧૧૫૦થી સં૰ ૧૧૯૯ સુધી રાજ્ય કર્યું. તેણે પાટણમાં 'રાયવિહાર' જૈન મંદિર બંધાવ્યું.

•

સિદ્ધરાજની સભામાં દિગંબરાચાર્ય કુમુદચંદ્ર સાથે શ્રીદેવસૂરિએ વાદ કરી વિજય મેળવ્યો હતો તેથી સિદ્ધરાજે તેમને 'વાદી' બિરુદથી નવાજ્યા હતા. શ્રી હેમચંદ્રાચાર્ય તો સિદ્ધરાજના પરમ ઉપાસ્ય ગુરુ બની ચૂક્યા હતા, એટલું જ નહિ તેઓ એક રાજગુરુ તરીકે ખ્યાતિ પામ્યા હતા.

•

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુમારપાલે પોતાનો કુળધર્મ છોડી શ્રી હેમચંદ્રસૂરિ પાસે સં૰ ૧૨૧૬માં શ્રાવકનાં બાર વ્રત અંગીકાર કર્યાં હતાં, તેથી તે પરમાર્હત બની ચૂક્યો હતો. તેણે જુદે જુદે સ્થળે નાનાં મોટાં કુલ ૧૪૦૦ જિનમંદિરો બંધાવ્યાં હતાં. આ સમય સુધીમાં જૈન ધર્મ પોતાની સોળે કલાએ ખીલી ઊઠ્યો હતો. 'સિદ્ધહેમ વ્યાકરણ'ના ગ્રંથનું પાટણ નગરમાં થયેલું ભવ્ય સામૈયું માત્ર જૈન પરંપરાની કીર્તિગાથા ન બની રહેતાં સમગ્ર ગુજરાતના ઇતિહાસની એક અભૂતપૂર્વ ઘટના તરીકે સ્થાન પામે છે.

●

કુમારપાલ પછી અજયપાલના શાસન દરમ્યાન તથા ત્યારબાદ અલ્લાઉદ્દીનના સેનાપતિ મલિક કાફુરના હાથે પાટણ જમીનદોસ્ત થયું અને સં૰ ૧૪૬૮માં પાટણની રાજગાદી ખસેડી તે વર્ષમાં સ્થપાયેલા અમદાવાદમાં લાવવામાં આવી. તે અંગેની નોંધ જૈન તીર્થ સર્વસંગ્રહમાં નીચે મુજબ આપવામાં આવી છે :

"કુમારપાલ પછી અજયપાલનાં ત્રણ વર્ષો જૈન ધર્મ માટે કટોકટીનાં હતાં. રાજ્યની અવનતિનાં બીજ એ સમયે રોપાયાં. અજયપાલે પોતાની અદૂરદર્શિતાથી જૈનો સાથે પ્રત્યાઘાતી વલણ દાખવ્યું. જૈનો હવે રાજકર્મમાંથી નિવૃત્ત થવા લાગ્યા. અજયપાલે કપર્દી જેવા જૈન મંત્રીનો નાશ કરાવ્યો. શ્રી હેમચંદ્રસૂરિના પટ્ટશિષ્ય શ્રી રામચંદ્રસૂરિને કનડગત કરી તેમનાં નેત્રો કઢાવી મંગાવ્યાં. આથી સ્વતંત્ર પ્રકૃતિના સૂરિવરને આત્મઘાત કરવો પડ્યો. કેટલાંયે જૈન મંદિરોને એણે ધરાશાયી કરી નાંખ્યાં. આવા જુલમી રાજાનું તેના નોકરના હાથે જ ખૂન થયું.

એ પછી ભીમદેવના (સં૰ ૧૨૩૪થી સં૰ ૧૨૯૮) સમયમાં વસ્તુપાલ તેજપાલ નામની બંધુબેલડીએ ગુજરાતના ડગમગતા સિંહાસનને સ્થિર કરી પ્રતાપી યશ પ્રાપ્ત કર્યો. આ કારણે જ તેઓ એ સમયમાં ચક્રવર્તી કરતાંયે વધુ યશસ્વી લેખાયા છે. તેમણે અનેક સ્થળે અને પાટણમાં પણ કેટલાંયે નૂતન મંદિરો બંધાવી, તેમજ જીર્ણ થયેલ તથા ખંડિત થયેલ મંદિરોનો જીર્ણોદ્ધાર કરી ગુજરાતની સ્થાપત્યકળાને વધુ લાક્ષણિક બનાવવામાં વિશિષ્ટ ફાળો આપ્યો છે.

રાજાઓ અને મંત્રીઓની માફક જૈન શ્રીમંતોએ મહોલ્લે મહોલ્લે અને પોતાની અટ્ટાલિકાઓમાં પણ જૈન મંદિરો કરાવ્યાં હતાં.

શ્રી સોમપ્રભસૂરિએ સં૰ ૧૨૪૧ના (કુમારપાળનું મરણ સં૰ ૧૨૨૯માં થયું તે પછી બારમા વર્ષે) સિદ્ધપાલની વસતિમાં રહીને 'કુમારપાલ પ્રતિબોધ' ગ્રંથ રચ્યો; તેમાંની હકીકત મુજબ જ્યારે હેમચંદ્રસૂરિએ પાટણમાં પ્રવેશ કર્યો ત્યારે ૧૮૦૦ કોટિધ્વજ શેઠિયાઓ એ પ્રવેશમહોત્સવમાં એકઠા થયા હતા. તેમની પાંચ-સાત માળની હવેલીઓ ઉપર જેટલા લાખ દ્રવ્ય તેની પાસે હોય તેટલા દીવા પ્રગટેલા જોવાતા. આ ઉપરથી પાટણના જૈન શ્રીમંતોની સંખ્યા અને સમૃદ્ધિનો ખ્યાલ આવી જાય છે. વળી અણહિલપુરનો ઘેરાવો બાર ગાઉનો હતો. ૮૪ ચોક અને ૮૪ બજારો હતાં. સોનારૂપાના સિક્કા પાડવાની ટંકશાળો હતી. શરાફો વગેરેનાં અલગ ચૌટાં હતાં. દરેક નાતના મહોલ્લા જુદા જુદા હતા. પાટણ માનવમહેરામણથી જાણે ઊભરાતું હતું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુજરાતનું આવું સ્વર્ગીય પાટણ નગર છેલ્લા રાજા કર્ણ વાઘેલા(સં૰ ૧૩૫૩થી સં૰ ૧૩૫૬)ના સમયમાં નાગર મંત્રીઓની અદૂરદર્શિતાથી અલ્લાઉદ્દીનના સેનાપતિ મલિક કાફુરના હાથે જમીનદોસ્ત થયું અને ગુજરાત પરાધીનતાની બેડીમાં સદાકાળ માટે જકડાયું. કેટલાંયે મંદિરો અને મકાનો ભૂમિશાયી બન્યાં. ગુજરાતની લીલી વાડી આ પ્રચંડ ઝંઝાવાતથી વેરાન બની ગઈ. આ ઝંઝાવાતને જાણે વેગ આપતો હોય તેવો ભીષણ દુકાળ સં૰ ૧૩૭૭માં અહીં પડ્યો, એવી હકીકત 'ખરતરગચ્છ ગુર્વાવલી'માંથી મળે છે. મુસલમાન સુલતાનોએ સં૰ ૧૪૬૮માં અહીંથી રાજગાદીને ખસેડી તે વર્ષે જ સ્થપાયેલા અમદાવાદમાં તેઓ લાવ્યા.

●

વિ૰ સં૰ ૧૩૭૧માં શત્રુંજય તીર્થના ઉદ્ધારક સંઘપતિ દેસલ શાહના પુત્ર સમરા શાહ પાટણમાં વસતા હતા. તેમણે એ વખતના અલફખાન નામના સૂબાને પોતાની કુશળતાથી પ્રસન્ન કર્યા હતા. એથી પણ સમજાય છે કે એ સમયે પાટણ હયાત હતું. વસ્તુતઃ તઘલખ ફિરોજશાહના રાજ્યકાળમાં પાટણમાં શાંતિ સ્થપાઈ અને નવા પાટણમાં જૈનોએ બેવડા વેગથી નવાં મંદિરો બંધાવવા માંડ્યાં. પાટણના કેટલાક મહોલ્લાઓનાં નામ જૂના પાટણનાં નામો ઉપરથી જ ઊતરી આવ્યાં છે.

●

પાટણનાં જિનાલયોની સવિસ્તર માહિતી પાટણની વિવિધ ચૈત્યપરિપાટીઓમાંથી પ્રાપ્ત થાય છે : જેમકે – સં૰ ૧૫૭૬માં સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટી, સં૰ ૧૬૧૩માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટી, સં૰ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટી, સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટી, સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટી, સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવન તથા સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિ.

સં૰ ૧૫૭૬માં સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં સિત્તેર જિનાલયોની નોંધ મળે છે. સં૰ ૧૬૧૩માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં કુલ ૧૬૩ જિનાલયો તથા સં૰ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં કુલ ૧૯૯ જિનાલયોની નોંધ મળે છે. જ્યારે પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં ૯૭ જિનાલયો, સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં ૯૩ જિનાલયો, સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં ૮૫ જિનાલયો, સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં ૯૨ જિનાલયોની નોંધ મળે છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ૯૧ જિનાલયો હોવાનો નિર્દેશ છે, જ્યારે આજે પાટણમાં કુલ ૯૭ જિનાલયો વિદ્યમાન છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં પાટણમાં ઘરદેરાસરોની સંખ્યા ૧૨૭ હતી. માત્ર ફોફલિયાવાડામાં જ ૨૭ ઘરદેરાસરો વિદ્યમાન હતાં !

●

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાટણના જ્ઞાનભંડારોમાં ઘણી પ્રાચીન હસ્તપ્રતો તથા ગ્રંથો સચવાયેલા છે જે પૈકી શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરમાં આશરે ૨૦૦૦૦ હસ્તપ્રતો સુરક્ષિત છે. તે સિવાયના અન્ય બે જ્ઞાનભંડારોમાં પણ ઘણી પ્રાચીન હસ્તપ્રતો સચવાઈ રહ્યાની માહિતી મળે છે.

●

પાટણનાં જૈન મંદિરો પૂર્વકાળમાં મોટે ભાગે કાષ્ઠનાં જ હોવાનું અનુમાન છે. ઝવેરીવાડામાં આવેલ વાડી પાર્શ્વનાથના મંદિરનો મંડપ તો કાષ્ઠકલાકૃતિનો અદ્‌ભુત નમૂનો ગણાતો. તે મંદિર સં૰ ૧૬૫૨માં બંધાયું હોવાનો શિલાલેખ છે. આ મંદિરનો રંગમંડપ કાષ્ઠમય બનાવ્યો હતો. આરસની માફક જ તેમાં તેના કલાકારે પોતાની અભિનવ કલાને કાષ્ઠમાં ઉતારી હતી. આ મંદિરના સુંદર ફોટોગ્રાફ્સ ડૉ. બર્જેસે આર્કિયોલોજીકલ સર્વે ઑફ નોર્ધન ગુજરાત પુસ્તકની પ્લેટ નં૰ ૪, ૨૦, ૨૧માં રજૂ કરેલા છે. આ અદ્‌ભુત કલાકૃતિનો વિરલ નમૂનો જીર્ણોદ્ધાર સમયે દૂર કરાયો અને તે મંડપનું શું થયું તે સંબંધી કોઈ હકીકત મળી નથી.

પાટણના પંચાસરા પાર્શ્વનાથનું જિનાલય આજે તો એક ભવ્ય ગૂર્જર કલાનિકેતનના અનુપમ પ્રાસાદ સ્વરૂપે વિદ્યમાન છે. તેના પ્રાચીન મંદિરનો મધ્ય મંડપ કાષ્ઠનો જ હતો. તે કાષ્ઠનો રંગમંડપ આજે ઢંઢેરવાડામાં મહાવીરસ્વામીના જિનાલયમાં છે. આ મંડપમાં નૃત્યાંગનાઓ, વાદ્યવાદકો, તીર્થંકરોની પ્રતિમાઓ, નેમિનાથ ભગવાનનો લગ્નોત્સવ, તેમનું જીવન, નવગ્રહો, અષ્ટ દિક્‌પાલો વગેરેનાં અભિનવ સ્વરૂપો દૃશ્યમાન થાય છે. તદુપરાંત ઘુમ્મટના વિતાનો - પટ્ટાઓ બનાવી તેમાં બારીક કલાકોતરણીથી ઘણું સૂક્ષ્મ કોતરકામ કરવામાં આવેલું છે. આવા કલામય મંડપો અને તેના ઘુમ્મટો કાષ્ઠમાંથી જ બનાવેલાં પાટણનાં કેટલાંક જિનાલયોમાં જોવા મળે છે.

કુંભારિયાપાડામાં ભગવાન આદીશ્વરના જિનાલયમાં તેમજ કપૂરમહેતાના પાડામાં ભગવાન આદીશ્વરના જિનાલયમાં આવી કાષ્ઠકલાના નમૂનાઓ આજે પણ વિદ્યમાન છે.

જૈન મંદિરોમાં સમેતશિખર, ગિરનાર, શત્રુંજય વગેરે પવિત્ર તીર્થોના પટો મૂકવાની પરંપરા અતિ પ્રાચીન કાળથી અસ્તિત્વમાં છે. તે નિયમે આજે અનેક જૈન મંદિરોમાં આવા નાના-મોટા, ભવ્ય અને અદ્વિતીય કલાકૃતિઓ સદૃશ પટો જોવામાં આવે છે. આવો એક તીર્થપટ કાષ્ઠમાં કોતરેલો પાટણમાં કનાશાના પાડામાં અંદર શીતલનાથના જિનાલયમાં મૂકેલો છે. શિલ્પકલાની દૃષ્ટિએ કાષ્ઠકલાનો આ એક વિરલ નમૂનો ગણી શકાય. તેમાંનું કોતરકામ, ભાવ અને રચના વિચારતાં તેના શિલ્પીઓએ આ અદ્‌ભુત કલાને અજબ રીતે હસ્તગત કરી હતી, એમ તો જરૂર લાગે છે.

પાટણના પંચાસરા પાર્શ્વનાથના જિનાલયમાં તથા ખડાખોટડીમાં પરમાત્મા શાંતિનાથ-આદીશ્વરના સંયુક્ત જિનાલયમાં ભોમતીની રચના છે. આજે ભોંયરાયુક્ત ત્રણ જિનાલયો વિદ્યમાન છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ટાંગડિયાવાડામાં સહસ્રફણા પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય એક વિશિષ્ટ રચનાવાળું છે. જિનાલયમાં ગણધરનાં પગલાં, આરસના સહસ્રકૂટની રચના, પટો, ચૌમુખજી, મેરુશિખર વગેરે તેની વિશિષ્ટતા છે.

પાટણનાં જિનાલયોમાં મુખ્ય ગભારા ઉપરાંત રંગમંડપમાં દેવકુલિકાઓની રચનાવાળી બાંધણી વધુ પ્રમાણમાં જોવા મળે છે. અહીં મોટા ભાગનાં જિનાલયો જમીનથી વધુ ઊંચાઈએ – પગથિયાં ચડીને પ્રવેશી શકાય તેવી રચનાવાળાં છે. ગોદડના પાડાનું જિનેશ્વર આદીશ્વરનું જિનાલય, મણિયાતીપાડાનું પરમાત્મા મહાવીરસ્વામીનું જિનાલય, પંચાસરા પાર્શ્વનાથનું જિનાલય, ત્રિશેરિયામાં ભ૰ નેમિનાથનું જિનાલય, ભાભાના પાડામાં ભાભા પાર્શ્વનાથનું જિનાલય, વાડી પાર્શ્વનાથનું જિનાલય, અષ્ટાપદનું જિનવર ચંદ્રપ્રભુનું જિનાલય વગેરે ઘણાં જિનાલયો આ પ્રકારની રચનાવાળાં છે. જિનાલયોના બહારના ભાગમાં પણ સુંદર કોતરણીયુક્ત શિલ્પોમાં રંગમેળવણીની કલાત્મક સૂઝ જોવા મળે છે. આછા રંગોનો વધુ ઉપયોગ થયેલો દેખાય છે. નારંગા પાર્શ્વનાથનું જિનાલય તેના આ પ્રકારના આછા રંગોની મેળવણીની સૂઝનો નિર્દેશ કરે છે.

જિનાલયના બાહ્ય દેખાવમાં ઝરૂખાઓ ખાસ ધ્યાન ખેંચે છે. ઢંઢેરવાડામાં શામળા પાર્શ્વનાથ, કનાશાના પાડામાં શાંતિનાથનું મોટું જિનાલય તેમજ લખીયારવાડામાં મુનિસુવ્રત-સ્વામીનું જિનાલય ઝરૂખાઓને કારણે સુંદર અને મનોહર લાગે છે. કેટલાંક જિનાલયોના રંગમંડપ તેમજ બહારના સ્થંભો પર સુંદર કોતરણી જોવા મળે છે. ફોફલિયાવાડામાં પરમાત્મા નેમિનાથના જિનાલયમાં રંગમંડપનું દૃશ્ય ખૂબ જ ભવ્ય લાગે છે.

ખેતરપાલના પાડામાં શીતલનાથના જિનાલયમાં પદ્માવતીદેવીની મૂર્તિ તથા અષ્ટાપદના પરમાત્મા ચંદ્રપ્રભુના જિનાલયના ભોંયરામાં બિરાજમાન અંબિકાદેવીની મૂર્તિ ભવ્ય અને ચમત્કારિક છે.

ભવ્ય જિનાલયો તો અન્ય સ્થળે જોવા મળે પણ અહીં તો ઘરદેરાસરો પણ ભવ્ય જોવા મળે ! કલાકારીગરી અને હાંડી ઝુમ્મરોની શોભા જોઈને ચકિત થઈ જવાય. મણિયાતી પાડાનું કાકાજીનું ઘરદેરાસર તથા મણિયાતી પાડામાંનું દાંતીનું ઘરદેરાસર આના દૃષ્ટાંત સમું છે. કુંભારિયાપાડામાં પરમાત્મા સુપાર્શ્વનાથના ઘરદેરાસરની બાંધણી જિનાલય જેવી છે અને સુંદર પરિકરમાં મૂળનાયક બિરાજમાન છે. એક જમાનામાં પાટણમાં જ્યારે ૧૨૭ ઘરદેરાસરો હતાં. આજે ૧૦ ઘરદેરાસરો છે, જે પૈકી એક ઘરદેરાસર થોડા સમય પહેલાં જ પધરાવી દેવામાં આવ્યું છે.

નગરશેઠ કુટુંબનું સહસ્રકૂટનું ઘરદેરાસર સં૰ ૧૭૭૪ના સમયનું છે.

જિનાલયમાં ભંડાર, દીવો, ત્રિગડા વગેરે ઉપકરણો પણ અત્યંત કલાત્મક છે. કેટલાંક જિનાલયોના ભંડારો ખૂબ જ વિશાળ કદના, પિત્તળના તથા ચાંદીના કલાત્મક કોરણીવાળા જોવા મળે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાટણમાં કેટલીક પરંપરાઓ આજે પણ ખૂબ જ ધ્યાન ખેંચે તેવી છે. ચૈત્ર-આસોની નવપદની ઓળી પૂરી થતાં બીજે જ દિવસે સાલવીવાડાના ત્રિશેરિયુંમાં પ્રભુ નેમિનાથના જિનાલયમાં મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ દર્શનાર્થે આવે છે.

પંચાસરા પાર્શ્વનાથના જિનાલયના કંપાઉંડમાં આવેલા મહાવીરસ્વામીના જિનાલયમાં નાગની શિલ્પાકૃતિ એક ગોખમાં વિરાજિત છે. શ્રાવણ વદ પાંચમ(નાગ પાંચમ)ના દિવસે અહીં મેળો ભરાય છે. જૈન જૈનેતર કોમ પણ આ નાગના દર્શનાર્થે મોટી સંખ્યામાં આવે છે. ધૂળેટીએ જૈન બૉર્ડિંગના આદેશ્વરના જિનાલયમાં દર્શનનું મહત્ત્વ છે. જ્યારે ચૈત્રી પૂનમના દિવસે ગોદડના પાડામાં આદેશ્વરના જિનાલયમાં સંભવતઃ પુંડરીકસ્વામીની પ્રતિમાના દર્શન કરવા મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ આવે છે.

પાટણનાં જિનાલયોની આ ભવ્ય પરંપરાની કીર્તિગાથા આપણે જોઈ. પરંતુ કાળનો પ્રભાવ ખૂબ જ વિપરીત અસર કરી રહ્યો છે. જૈન કુટુંબોની સંખ્યા મુખ્યત્વે મુંબઈમાં સ્થળાંતર કરી રહી છે. કેટલાંક જિનાલયોમાં માત્ર એક કે બે કુટુંબો જિનપૂજા કે જિનદર્શન માટે જાય છે. પરિસ્થિતિ એટલી વકરતી જાય છે કે હવે પગારદાર ગોઠીઓના ભરોસા પર જિનાલયોનો વહીવટ કરવો પડે તેમ છે. પાટણનાં જિનાલયોની જાળવણી અને સાચવણી માટે કોઈ કાયમી વ્યવસ્થા થાય તેની તાતી જરૂર છે. પાટણમાં બે અદ્યતન સુવિધાઓવાળી ધર્મશાળાઓ થઈ છે. તે ધર્મશાળાઓમાં યાત્રાળુઓની અવરજવર વધી છે. પાટણના કેટલાક વતનીઓ પણ આ ધર્મશાળાઓનો લાભ લે છે. ધર્મશાળામાં યાત્રાળુઓની અવરજવરને કારણે ક્યારેક જિનાલયોનું વાતાવરણ ધબકતું રહે છે. પરંતુ મોટે ભાગે જિનાલયોમાં દર્શનાર્થીઓની સંખ્યા ખૂબ જ ઓછી થઈ ગઈ છે. તેમ છતાં સદીઓથી ચાલી આવતી એક ભવ્ય ઉજ્જવળ પરંપરા હજુ પણ ટકી રહી છે. અને તેને કાળના વિપરીત પ્રભાવની સામે ટકાવવાના પ્રયત્નો પણ ચાલી રહ્યા છે.

પાટણની આ ભવ્ય જૈન પરંપરાના સ્મરણથી ઉન્નત થયેલું મસ્તક અરિહંત ભગવાનનાં ચરણોમાં નમન કરી રહ્યું છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાટણનાં જિનાલયો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાટણનાં જિનાલયો

વિસ્તાર		મૂળનાયક	સંવત
પંચાસર, પીપળાશેરી	૧.	પંચાસરા પાર્શ્વનાથ	
	૨.	ભીડભંજન પાર્શ્વનાથ	સં૰ ૧૭૭૭ પૂર્વે
	૩.	મહાવીરસ્વામી	સં૰ ૧૯૬૩ પૂર્વે
		તીર્થંકર-અલગ ગભારો	
		સુપાર્શ્વનાથ-અલગ ગભારો	સં૰ ૧૯૬૭ પૂર્વે
	૪.	ચિંતામણિ પાર્શ્વનાથ	સં૰ ૧૫૭૬ પૂર્વે
		શાંતિનાથ-અલગ ગભારો	સં૰ ૧૫૭૬ પૂર્વે
	૫.	નવખંડા પાર્શ્વનાથ	સં૰ ૧૯૬૩ પૂર્વે
અષ્ટાપદ, પીપળાશેરી	૬.	ચંદ્રપ્રભુ	સં૰ ૧૫૭૬ પૂર્વે
		ભોંયરામાં સુપાર્શ્વનાથ	સં૰ ૧૭૭૭ પૂર્વે
		ચંદ્રપ્રભુ-અલગ ગભારો	સં૰ ૨૦૧૮ પૂર્વે
કોટાવાલા જૈન ધર્મશાળા	૭.	સ્થંભન પાર્શ્વનાથ	સં૰ ૧૬૬૪
કોકાનો પાડો	૮.	કોકા પાર્શ્વનાથ	સં૰ ૧૫૭૬ પૂર્વે
	૯.	અભિનંદનસ્વામી	સં૰ ૧૬૫૯
ખેતરપાલનો પાડો	૧૦.	શીતલનાથ	સં૰ ૧૬૧૩ પૂર્વે
પડીગૂંદીનો પાડો	૧૧.	શીતલનાથ	સં૰ ૧૭૭૭ પૂર્વે
ઢંઢેરવાડો	૧૨.	કલિકુંડ પાર્શ્વનાથ	સં૰ ૧૬૪૮ આસપાસ
	૧૩.	મહાવીરસ્વામી	૧૬મા સૈકા પૂર્વે
	૧૪.	શામળા પાર્શ્વનાથ	સં૰ ૧૬૧૩ પૂર્વે
મારફતિયા મહેતાનો પાડો	૧૫.	મુનિસુવ્રતસ્વામી	સં૰ ૧૬૨૨
		ભીડભંજન પાર્શ્વનાથ	સં૰ ૧૯૧૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વખારનો પાડો	૧૬. શાંતિનાથ	સં૰ ૧૭૨૯ પૂર્વે
ગોદડનો પાડો	૧૭. આદેશ્વર	સં૰ ૧૬૧૩ પૂર્વે
	નેમિનાથ-ઉપરના માળે	સં૰ ૧૯૫૯ પૂર્વે
	ચંદ્રપ્રભુ-અલગ ગભારો	સં૰ ૧૯૬૭ પૂર્વે
મહાલક્ષ્મીમાતાનો પાડો	૧૮. મુનિસુવ્રતસ્વામી	સં૰ ૧૭૨૯ થી
		સં૰ ૧૭૭૭ દરમ્યાન

સાલવીવાડો

ગોલવાડ	૧૯. ગોડી પાર્શ્વનાથ	સં૰ ૧૯૫૯ પૂર્વે
વચલી શેરી, ગોલવાડ	૨૦. ચંપા પાર્શ્વનાથ	સં૰ ૧૬૫૫ પૂર્વે
નારણજીનો પાડો	૨૧. આદેશ્વર	સં૰ ૧૭૭૭ પૂર્વે
ધાંધલ	૨૨. સંભવનાથ	સં૰ ૧૭૨૯ પૂર્વે
કલારવાડો	૨૩. શાંતિનાથ	સં૰ ૧૬૧૩ પૂર્વે
ત્રિશેરીયું	૨૪. નેમિનાથ	સં૰ ૧૫૭૬ પૂર્વે
	પાર્શ્વનાથ-અલગ ગભારો	સં૰ ૧૯૬૭ પૂર્વે
	મલ્લિનાથ-અલગ ગભારો	સં૰ ૧૬૧૩ પૂર્વે
	૨૫. શાંતિનાથ	સં૰ ૧૭૨૯ પૂર્વે

ફાટીપાલ દરવાજા બહાર

જૈન બોર્ડિંગ	૨૬. આદેશ્વર	સં૰ ૧૯૯૦
દેવગુરુકૃપા સંકુલ	૨૭. કરંડિયા પાર્શ્વનાથ	સં૰ ૨૦૫૨
કટકીયા વાડો	૨૮. આદેશ્વર	સં૰ ૧૬૧૩ પૂર્વે
ઘીયાનો પાડો	૨૯. શાંતિનાથ	સં૰ ૧૬૧૩ પૂર્વે
	૩૦. કંબોઈ પાર્શ્વનાથ	સં૰ ૧૫૭૬ પૂર્વે
વાગોળનો પાડો	૩૧. આદેશ્વર	સં૰ ૧૭૭૭ પૂર્વે
પંચોટી પાડો	૩૨. આદેશ્વર	સં૰ ૧૭૨૯ પૂર્વે
વસાવાડો	૩૩. શાંતિનાથ	સં૰ ૧૭૨૯ પૂર્વે
	આદેશ્વર-અલગ ગભારો	સં૰ ૧૭૨૯ પૂર્વે
	૩૪. શાંતિનાથ-ઘરદેરાસર	સં૰ ૧૯૬૩ પૂર્વે
શાંતિનાથની પોળ	૩૫. શાંતિનાથ	સં૰ ૧૭૨૯ પૂર્વે
(અદુવસીનો પાડો)	શામળા પાર્શ્વનાથ-ઉપરના માળે	

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખેતરવસી

ગાંધીની શેરી	૩૬. શાંતિનાથ	સં૰ ૧૭૭૭ પૂર્વે
સંઘવીની શેરી	૩૭. વિમલનાથ-ઘરદેરાસર	સં૰ ૧૯૬૩ પૂર્વે
મહાદેવની શેરી	૩૮. મહાદેવા પાર્શ્વનાથ	સં૰ ૧૭૭૭ પૂર્વે
શામળાજીની શેરી	૩૯. ભોંયરામાં શામળા પાર્શ્વનાથ	સં૰ ૧૫૭૬ પૂર્વે
	આદેશ્વર-અલગ ગભારો	સં૰ ૧૯૫૯ પૂર્વે
	આદેશ્વર-ઉપરના માળે	સં૰ ૨૦૧૪
	અજિતનાથ-ઉપરના માળે	સં૰ ૧૯૫૯ પૂર્વે
સિદ્ધચક્રની પોળ	૪૦. શાંતિનાથ	સં૰ ૧૮૨૧ પૂર્વે

કનાશાનો પાડો

	૪૧. શાંતિનાથ - મોટું દેરાસર	સં૰ ૧૮૨૧ પૂર્વે
મોટા દેરાસરની શેરી	૪૨. ચિંતામણિ પાર્શ્વનાથ-ઘરદેરાસર	સં૰ ૧૯૫૯
આંબલીની શેરી	૪૩. શાંતિનાથ	સં૰ ૧૭૨૯ પૂર્વે
આંબલીની શેરી	૪૪. શીતલનાથ	સં૰ ૧૫૭૬ પૂર્વે
લીમડીનો પાડો	૪૫. શાંતિનાથ	સં૰ ૧૬૪૮ આસપાસ
ભાભાનો પાડો	૪૬. ભાભા પાર્શ્વનાથ	સં૰ ૧૫૭૬ પૂર્વે
ખજૂરીનો પાડો	૪૭. મનમોહન પાર્શ્વનાથ	સં૰ ૧૬૬૪ આસપાસ
વાસુપૂજ્યનો મહોલ્લો	૪૮. વાસુપૂજ્યસ્વામી	સં૰ ૧૯૩૭
સંઘવીની પોળ	૪૯. મનમોહન પાર્શ્વનાથ	સં૰ ૧૬૪૮ પૂર્વે
	૫૦. વિમલનાથ	સં૰ ૧૯૫૯ પૂર્વે
કસુંબીયાવાડો	૫૧. શીતલનાથ	સં૰ ૧૬૧૩ પૂર્વે
	ગોડી પાર્શ્વનાથ-અલગ ગભારો	સં૰ ૧૬૧૩ પૂર્વે

રાજકાવાડો

અબજી મહેતાનો પાડો	૫૨. શીતલનાથ	સં૰ ૧૬૪૮ પૂર્વે
બળિયાપાડો	૫૩. આદેશ્વર	સં૰ ૧૬૪૮ પૂર્વે
અજિતનાથની પોળ	૫૪. અજિતનાથ	સં૰ ૨૦૦૮ પૂર્વે
(ચોખાવટીયાની પોળ)	શાંતિનાથ-ઉપરના માળે	સં૰ ૧૬૪૮ પૂર્વે
કેશુ શેઠની પોળ	૫૫. અજિતનાથ	સં૰ ૧૯૫૯ પૂર્વે
નિશાળનો પાડો	૫૬. સુમતિનાથ	સં૰ ૧૯૫૯ પૂર્વે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લખીયારવાડો	૫૭. સીમંધરસ્વામી	સં૰ ૧૬૫૪ આસપાસ
મોટીશેરી, લખીયારવાડો	૫૮. મુનિસુવ્રતસ્વામી	સં૰ ૧૯૫૯ પૂર્વે
	ભોંયરામાં મનમોહન પાર્શ્વનાથ	સં૰ ૧૭૨૯ પૂર્વે
લખીયારવાડો	૫૯. સુવિધિનાથ-ઘરદેરાસર	સં૰ ૧૯૬૩ પૂર્વે
લખીયારવાડો	૬૦. આદેશ્વર-ઘરદેરાસર	સં૰ ૧૯૬૩ પૂર્વે
મલાતનો પાડો	૬૧. મલ્લિનાથ	સં૰ ૧૬૪૮ પૂર્વે
જોગીવાડો	૬૨. શામળા પાર્શ્વનાથ	સં૰ ૧૭૭૭ પૂર્વે
ફોફલિયાવાડો		
પોળની શેરી	૬૩. શાંતિનાથ	સં૰ ૧૬૬૪
	૬૪. પાર્શ્વનાથ-ઘરદેરાસર	સં૰ ૧૮૭૫ આસપાસ
મનમોહનની શેરી	૬૫. મનમોહન પાર્શ્વનાથ	સં૰ ૧૬૧૩ પૂર્વે
	શાંતિનાથ-અલગ ગભારો	સં૰ ૨૦૨૩
વખતજીની શેરી	૬૬. સંભવનાથ	સં૰ ૧૭૨૯ પૂર્વે
	૬૭. મુનિસુવ્રતસ્વામી	સં૰ ૧૯૪૮
ચૌધરીની શેરી	૬૮. નેમિનાથ	સં૰ ૧૮૭૫
સોનીવાડો	૬૯. શાંતિનાથ	સં૰ ૧૬૧૩ પૂર્વે
	૭૦. મહાવીરસ્વામી	સં૰ ૧૬૧૩ પૂર્વે
મણિયાતી પાડો	૭૧. મહાવીરસ્વામી	સં૰ ૧૬૧૩ પૂર્વે
	૭૨. આદેશ્વર	સં૰ ૧૭૭૭ પૂર્વે
	૭૩. પદ્મપ્રભુ-ઘરદેરાસર	સં૰ ૧૯૬૩ પૂર્વે
	૭૪. આદેશ્વર-ઘરદેરાસર	સં૰ ૨૦૧૦ પૂર્વે
	૭૫. સહસ્રકૂટ-ઘરદેરાસર	સં૰ ૧૭૭૪
ડંકમહેતાનો પાડો	૭૬. ટાંકલા પાર્શ્વનાથ	સં૰ ૧૯૫૯ પૂર્વે
	૭૭. શાંતિનાથ	સં૰ ૧૬૪૮ પૂર્વે
કુંભારિયાપાડો	૭૮. આદેશ્વર	સં૰ ૧૬૫૭ આસપાસ
	૭૯. સુપાર્શ્વનાથ-ઘરદેરાસર	સં૰ ૧૯૫૯ પૂર્વે
તંબોળીવાડો	૮૦. મહાવીરસ્વામી	સં૰ ૧૭૭૭ પૂર્વે
	૮૧. સુપાર્શ્વનાથ	સં૰ ૧૬૧૩ પૂર્વે
કપૂર મહેતાનો પાડો	૮૨. આદેશ્વર	સં૰ ૧૮૨૧ પૂર્વે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખીજડાનો પાડો	૮૩. આદેશ્વર	સં૰ ૧૯૪૭-૪૮
તરભોડા પાડો	૮૪. શાંતિનાથ	સં૰ ૧૬૧૩ પૂર્વે
ભેંસાતવાડો	૮૫. શાંતિનાથ	સં૰ ૧૬૧૩ પૂર્વે
	ચંદ્રપ્રભુ-ઉપરના માળે	સં૰ ૧૯૫૯ પૂર્વે
શાહવાડો	૮૬. સુપાર્શ્વનાથ	સં૰ ૧૬૧૩ પૂર્વે
	૮૭. શામળા પાર્શ્વનાથ	સં૰ ૧૬૪૮ પૂર્વે
શાહપાડો	૮૮. આદેશ્વર	સં૰ ૧૬૧૩ પૂર્વે
	શાંતિનાથ-ઉપરના માળે	સં૰ ૧૭૭૭ પૂર્વે
ઝવેરીવાડો	૮૯. નારંગા પાર્શ્વનાથ	સં૰ ૧૬૫૫
	આદેશ્વર-અલગ ગભારો	સં૰ ૧૬૧૩ પૂર્વે
	શામળા પાર્શ્વનાથ-અલગ ગોખ	સં૰ ૧૯૬૭ પૂર્વે
	વાસુપૂજ્યસ્વામી-અલગ ગભારો	સં૰ ૧૯૫૯ પૂર્વે
	૯૦. વાડી પાર્શ્વનાથ(ચૌમુખી)	સં૰ ૧૬૫૨
	આદેશ્વર-ઉપરના માળે	
ટાંગડીયાવાડો	૯૧. આદેશ્વર-પદ્મપ્રભુ	સં૰ ૧૫૭૬ પૂર્વે
ટાંગડીયાવાડો	૯૨. શેષફણા પાર્શ્વનાથ	સં૰ ૧૮૪૪ આસપાસ
ખડાખોટડીનો પાડો	૯૩. આદેશ્વર-શાંતિનાથ	સં૰ ૧૬૧૩ પૂર્વે
આશિષ સોસાયટી,	૯૪. સહસ્રફણા ચિંતામણિ	સં૰ ૨૦૩૫
રાજમહેલ રોડ	પાર્શ્વનાથ	
ભદ્રંકરનગર સોસાયટી	૯૫. સુવિધિનાથ	સં૰ ૨૦૪૫
ભારતી સોસાયટી	૯૬. શંખેશ્વર પાર્શ્વનાથ	સં૰ ૨૦૨૩
કુમારપાળ કો૰ ઓ૰ હા૰ સો૰	૯૭. આદેશ્વર	સં૰ ૨૦૫૫

કુલ જિનાલયો : ૯૭

ખાસ નોંધ :- ગ્રંથમાં પાટણનાં જિનાલયોના મુખ્ય વિસ્તારોનો નકશો પ્રસિદ્ધ કર્યો છે જેમાં પાટણનાં કોટ વિસ્તારની બહારના જિનાલયોના વિસ્તારનો સમાવેશ થયો નથી. ક્રમાંક નં૰ ૨૬, ૨૭, ૯૪, ૯૫, ૯૬, ૯૭ના જિનાલયો નકશામાં સમાવિષ્ટ થયાં નથી.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પીપળાશેરી, આચાર્યશ્રી હેમચંદ્રાચાર્ય રોડ

શ્રી પંચાસરા પાર્શ્વનાથ

પંચાસરા ગામેથી વનરાજ ચાવડાએ બંધાવેલ જિનાલયની પ્રતિમા પાટણ આણવામાં આવેલી એ પ્રતિમાની જ્યાં સ્થાપના-પ્રતિષ્ઠા થઈ તે સ્થાન પંચાસરા તરીકે પ્રસિદ્ધ બન્યું. આજે આ ઐતિહાસિક મહત્ત્વ ધરાવતું સ્થાન પીપળાશેરીમાં છે. પાટણ અને આ શેરી બન્ને આ પ્રતિમાને કારણે મહત્તા પામ્યાં છે અને ધન્ય થયાં છે. આજે એ તીર્થરૂપ બન્યું છે. (જુઓ ફોટોગ્રાફ નં૦ ૨ અને નં૦ ૩)

પીપળાશેરીમાં મધ્યે એક વિશાળ કંપાઉંડ છે. તેમાં પાંચ જિનાલયોનું બાંધકામ થયું છે. એમાં સૌથી વધુ વિશાળતા ધરાવતું જિનાલય પંચાસરા પાર્શ્વનાથનું છે. તે અમદાવાદના હઠીસિંહના જિનાલય જેવી બાંધણી ધરાવતું, ઉત્કૃષ્ટ કલાકારીગરીના નમૂનારૂપ અને સામરણયુક્ત શિખરબંધી છે. આ જિનાલયને બે પ્રવેશદ્વાર છે. એક દ્વાર ગામ તરફ અને બીજું દ્વાર કેસરબાઈ પૌષધશાળાની સામે છે. ચારે બાજુ કોટ છે. કોટને કિનારે પાણીની પરબ તથા નાહવાની ઓરડી છે.

મુખ્ય પ્રવેશદ્વાર પર કમાનમાં પાર્શ્વનાથ તથા ઇન્દ્ર ઇન્દ્રાણીઓના સુંદર શિલ્પની રચના છે. બહાર બન્ને બાજુએ ભીંત પર હાથીની અંબાડીયુક્ત શિલ્પાકૃતિઓ ઉપસાવેલ છે. જિનાલયની બહારની દીવાલો પર પણ કલાત્મક શિલ્પો છે. (ટાઈટલ નં૦ ૨)

અહીં કલાત્મક ત્રણ પ્રવેશદ્વાર છે. જિનાલયની પ્રવેશચોકીમાંથી આગળ જતાં, તુરત ભોમતીની શરૂઆત થાય છે જેમાં બન્ને બાજુ આવેલી દેરીઓ પૈકી આપણી જમણી બાજુની ત્રણ દેરીઓમાં અનુક્રમે શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય, પાર્શ્વયક્ષ તથા શીલગુણસૂરિ(જુઓ ફોટોગ્રાફ નં૦ ૬)ની આરસમૂર્તિઓ છે. આ૦ શ્રી હેમચંદ્રાચાર્યની મૂર્તિ (જુઓ ફોટોગ્રાફ નં૦ ૯) પર સં૦ ૧૯૬૦નો લેખ છે તથા તેમની આજુબાજુ કુમારપાલ ભૂપાલ અને ઉદયનમંત્રીની ઊભી મૂર્તિઓ છે. અને ડાબી બાજુની દેરીઓમાં અનુક્રમે ક્ષેત્રપાલ, વનરાજ ચાવડા (જુઓ ફોટોગ્રાફ નં૦ ૭), પદ્માવતીદેવી તથા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુરપાલની આરસમૂર્તિઓ છે. અહીં ભોમતીમાં દેરીઓની બહાર દ્વારની આજુબાજુના ગોખમાં પણ પ્રતિમાઓ બિરાજમાન છે. શરૂઆતમાં અનુક્રમે સરસ્વતીદેવી તથા ચક્રેશ્વરીદેવીની મૂર્તિ છે. ભોમતીમાં કુલ બસ્સો અઢાર આરસપ્રતિમા તથા છવ્વીસ ધાતુપ્રતિમા છે. તે પૈકી મોટા ભાગની પ્રતિમાઓ પરના લેખમાં સં૰ ૨૦૧૬ વૈ૰ સુ૰ ૬ સોમવાર શ્રી કાંતિવિજય શિષ્ય મુનિ ચતુરવિજય શિષ્ય આગમ પ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજય, શ્રી રમણિકવિજય, પં૰ શ્રી વિકાસ-વિજય આદિ દ્વારા પ્રતિષ્ઠા કરાવ્યાનો ઉલ્લેખ છે. ભોમતીમાંની એક દેરીમાં વરલીથી લાવવામાં આવેલી બે પ્રતિમાઓ છે જે પૈકી એક પ્રતિમા વરલીપાર્શ્વનાથની પ્રતિમા છે. તેના નવ ટુકડાઓને લેપ કરી ભેગા કરવામાં આવ્યા હોય તેમ જણાય છે. આદેશ્વરની પ્રતિમાના પરિકરની રચના માત્ર પાછળ પથ્થર મૂકી કરવામાં આવી છે. તેમાં ઉપરની બાજુએ દેવ-દેવીઓ તથા મસ્તકની પાછળની બાજુએ વર્તુળાકારની રચના છે. આ બન્ને પ્રતિમા શ્યામ આરસની છે.

જિનાલયની શૃંગારચોકીના ઘુમ્મટમાં સુંદર કોતરણી છે. રંગીન પૂતળીઓની રચના કરવામાં આવેલ છે. રંગમંડપમાં પ્રવેશવાના દ્વારની કમાનો પર અષ્ટમંગલ, ૧૪ સુપનો તથા છત પર હાથી અને દેવીની નયનરમ્ય કલાકારીગરી છે. મુખ્ય જિનાલયને ફરતે દીવાલે સુંદર શિલ્પો છે. (જુઓ ફોટોગ્રાફ નં૰ ૪ અને નં૰ ૫)

રંગમંડપમાં કુલ પાંચ પ્રવેશદ્વાર છે. આ દરેક દ્વાર પર સુંદર કોતરણી છે. રંગમંડપના આજુબાજુના પ્રવેશદ્વારમાં અષ્ટ કર્મનાં ચિત્રો છે. અહીં સામરણયુક્ત ઘુમ્મટમાં કલાત્મક કોતરણી છે. ગર્ભદ્વારની સામે રંગમંડપના બે ગોખમાં બે આરસપ્રતિમા છે. રંગમંડપ મોટો છે. અહીં ઘણો મોટો ઘંટ છે. તેના પર ઘંટાકર્ણવીરના યંત્રનું કોતરકામ છે.

ત્રણ ગર્ભદ્વાર ચાંદીના છે. તે દરેક ગર્ભદ્વાર પર તે તે ગભારાના મૂળનાયકના યક્ષ યક્ષિણી તથા અષ્ટમંગલની કોતરણી છે. મધ્યના દ્વાર પર ચૌદ સુપનો તથા યક્ષ-યક્ષિણીની કોતરણી છે. જમણે ગભારે મહાવીરસ્વામી તથા ડાબે ગભારે ચંદ્રપ્રભુસ્વામી બિરાજમાન છે. જિનાલયના રંગમંડપની દીવાલો તથા ફરસમાં આરસનો ઉપયોગ થયેલો છે. બહારની બાજુની દીવાલો પર મકરાણાના પથ્થર પરનાં કોતરણીયુક્ત શિલ્પો દૃશ્યમાન થાય છે.

ગભારામાં મૂળનાયક શ્રી પંચાસરા પાર્શ્વનાથની પ્રતિમા ૪૫''ની છે. જમણે તથા ડાબે ગભારે બિરાજમાન મહાવીરસ્વામી તથા ચંદ્રપ્રભુની પ્રતિમા પણ આટલી જ મોટી છે. આ ગભારામાં કુલ અગિયાર આરસપ્રતિમા અને રંગમંડપના સામસામેના ગોખની થઈ કુલ તેર આરસપ્રતિમા તથા દસ ધાતુપ્રતિમા છે. મૂળનાયકના પરિકર નીચે લેખ છે. તેમાં 'સં૰ ૧૬૦૨ .... વૈ૰ શુ૰ ૧૫ ..... વિજયસેનસૂરિ' વંચાય છે. અહીં સં૰ ૨૦૧૬ની સાલની ૧૧''ની ઊંચાઈ ધરાવતી પાર્શ્વનાથની સુંદર પ્રતિમા છે.

આ જિનાલયને પદ્માવર્ત મહાપ્રાસાદ તરીકે ઓળખવામાં પણ આવે છે. આ નામ પાડવાનું કારણ એ છે કે પંચાસરાથી આણેલ પદ્માવતી તથા પંચાસરા પાર્શ્વનાથની પ્રતિમા એક જ આરસમાંથી બનાવેલ છે અને પંચાસરાથી અહીં એક જ ગાડામાં લાવેલ. પદ્માવતીદેવીની મૂર્તિ હાલમાં ખેતરપાળની પોળમાં શીતલનાથના જિનાલયમાં બિરાજમાન છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કહેવાય છે કે મૂળનાયકનું મુખ ગામ તરફ હતું તેથી સંઘ દુઃખી હતો. પરિણામે ૪૩ વર્ષ પૂર્વે પુનઃપ્રતિષ્ઠા થયેલી અને મુખની દિશા બદલવામાં આવેલી.

જિનાલયના રંગમંડપમાં જમણી બાજુ દીવાલ પર ગુજરાતીમાં એક લેખ કોતરવામાં આવ્યો છે જે નીચે પ્રમાણે છે :

"આ પદ્માવર્ત મહાપ્રાસાદમાં પ્રતિષ્ઠિત શ્રી પંચાસરા પાર્શ્વનાથ ભગવાનનું બિંબ પૂર્વે પંચાસર ગામમાં બિરાજમાન હતું. જૈનાચાર્ય પુરન્દર શ્રી શીલગુણસૂરિથી પ્રભાવિત થયેલ આદ્ય ગૂર્જર રાજ્ય સ્થાપક વનરાજ ચાવડાએ તે સમયે ત્યાં એક મંદિર બંધાવ્યું. તેમાં તેણે ગુરુભક્તિપૂર્ણ ચિત્તથી આ બિંબની પ્રતિષ્ઠા કરાવી હતી. મોગલોના આક્રમણથી ધ્વસ્ત થયેલ અણહિલપાટણની પુનર્રચના વિક્રમની ચૌદમી સદીમાં થઈ. તે સમયે આ જ બિંબને અગ્રહાર પ્રતોલી સમીપ આવેલ એક મંદિરમાં પ્રતિષ્ઠિત કરવામાં આવેલ હતું. ત્યાં આશરે ત્રણ સૈકા બિરાજમાન રહ્યા બાદ તેની પ્રતિષ્ઠા એક કાષ્ઠમય પ્રાસાદમાં કરવામાં આવી હતી. તે કાષ્ઠમય પ્રાસાદની જગાએ જ આ પંચાસરા પાર્શ્વનાથ ભગવાનથી પ્રતિષ્ઠિત પદ્માવર્ત મહાપ્રાસાદ શોભી રહ્યો છે. વિશાળ ભૂમિગૃહ અને તેને આચ્છાદિત કરતી બાવન જિનાલય માટે બંધાવવામાં આવેલી વિશાળ જગતી(બેસણી)વાળા કલાકારીગરીના નમૂનારૂપ અને ગુજરાતના ગૌરવસમા આ પ્રાસાદનું નવનિર્માણ પાટણની શ્રીમાલ જ્ઞાતિમાં જન્મેલા બાબુ નામથી ઓળખાતા મુંબઈનિવાસી ભારતના કુશળ ખ્યાતનામ ઝવેરી શેઠ શ્રી પન્નાલાલ પૂરણચંદે વિક્રમ સંવત ૧૯૫૫માં આપેલા આદેશ અનુસાર એમણે એ અર્થે અર્પણ કરેલ ૭ લાખ ૨૦ હજાર રૂા. ખર્ચ થયેલ. આ દેરાસરના કામ માટેના સ્થપતિ તરીકે તેઓએ પાલીતાણાનિવાસી પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરાની પસંદગી કરી. પુનઃપ્રતિષ્ઠા સં૰ ૨૦૧૧ જે૰ સુ૰ ૫

પ્રતિષ્ઠા કરાવનાર : આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિ મ૰ સાહેબ

પ્રતિષ્ઠા કરાવનાર : બાબુ વિજયકુમાર ભગવાનલાલ અને ધર્મપત્ની કમળાબાઈના હાથે.

ખાતમુહુર્ત : સં૰ ૧૯૯૮ બાબુ મોહનલાલ પનાલાલ"

મૂળનાયક શ્રી પંચાસરા પાર્શ્વનાથના ગભારાની તદ્દન નીચે ભોંયરામાં એક શિવલિંગ છે જેમાં જવા માટે છેક પાછળથી રસ્તો છે. મૂળનાયક ભગવાનની પૂજા કર્યા બાદ પૂજારી શિવલિંગની પણ પૂજા કરે છે.

ઉપરાંત જિનાલયની પેઢીની ઑફિસ પાસેથી આગળ વધતાં, ડાબી બાજુએ વિશાળ મેદાન છે જેમાં થઈને આયંબિલશાળામાં જવાય છે. વળી, આ જ કંપાઉંડમાંથી અન્ય ચાર જિનાલયોમાં તથા ગુરુમંદિરમાં પણ જઈ શકાય છે. ૧. ભીડભંજન પાર્શ્વનાથ, ૨. ચિંતામણિ પાર્શ્વનાથ, ૩. મહાવીરસ્વામી, ૪. નવખંડા પાર્શ્વનાથ અને ૫. ગુરુમંદિર. તદુપરાંત ટ્રસ્ટ તરફથી અહીં ભાથાખાતું ચાલે છે. તે પણ આ કંપાઉંડમાં જ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઐતિહાસિક સંદર્ભ

પાટણના શ્રી પંચાસરા પાર્શ્વનાથના ભવ્ય અને ઐતિહાસિક જિનાલયમાં મૂળનાયક શ્રી પંચાસરા પાર્શ્વનાથના શ્વેત વર્ણની પદ્માસનસ્થ પ્રતિમા નયનમનોહર છે.

અણહિલવાડ પાટણના સ્થાપક વનરાજે પોતાના ગુરુ શીલગુણસૂરિના આદેશથી પાટણમાં શ્રી પંચાસરા પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું હતું. એ ઘટના ઇતિહાસપ્રસિદ્ધ છે. વનરાજનો પિતા પંચાસરમાં રાજ્ય કરતો હતો, તેથી આ મંદિરમાં પ્રતિષ્ઠિત પાર્શ્વનાથની મૂર્તિને પંચાસરા પાર્શ્વનાથ નામ આપવામાં આવ્યું હોય અથવા કેટલાક વિદ્વાનો માને છે તેમ, એ મૂર્તિ પંચાસરમાંથી લાવીને નવા પાટનગર પાટણમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી હોય. પાટણની સ્થાપના સં૰ ૮૦૨માં થઈ હતી. એટલે ત્યાર પછી થોડા સમયમાં આ મંદિર બંધાયું હશે એમ અનુમાન કરવું વધારે પડતું નથી. એ રીતે ગુજરાતનાં જૂનામાં જૂનાં, વિદ્યમાન જૈન મંદિરોમાંનું એક તેને ગણવું જોઈએ; જો કે વખતોવખત તેના જીર્ણોદ્ધારો થયા હોવા જોઈએ. વિક્રમના ૧૩મા શતકમાં મંત્રી વસ્તુપાલે કરાવેલા જીર્ણોદ્ધારની હકીકત તત્કાલીન ઐતિહાસિક કાવ્યોમાંથી મળે છે. હમણાં જ થયેલા છેલ્લા જીર્ણોદ્ધાર પૂર્વે જે મંદિર હતું તેનું સ્થાપત્ય ૧૬મા સૈકાનું જણાતું હતું. વળી આ મંદિર સૌ પહેલાં તો જૂના પાટણમાં હશે. ત્યાંથી એ પ્રતિમાઓ આદિ નવા પાટણમાં ક્યારે લાવવામાં આવ્યા હશે એ વિશે પણ કંઈ આધારભૂત માહિતી મળતી નથી. વનરાજના ગુરુ શીલગુણસૂરિ નાગેન્દ્રગચ્છના ચૈત્યવાસી આચાર્ય હતા અને પંચાસરા પાર્શ્વનાથનું મંદિર સદીઓ સુધી નાગેન્દ્રગચ્છનું ચૈત્ય હતું એમ પ્રાપ્ત ઉલ્લેખો પરથી જણાય છે. ગુજરાતની રાજધાની પાટણના ઇતિહાસ સાથે સંકળાયેલું હોઈ, આ મંદિર એક વિશિષ્ટ ઐતિહાસિક અગત્ય ધરાવે છે.

પંચાસરા પાર્શ્વનાથના મંદિર વિશેનો પહેલો લિખિત ઉલ્લેખ, એ મંદિર બંધાયા પછી લગભગ ચારસો વર્ષ બાદ મળે છે. એ ઉલ્લેખ બૃહદ્‌ગચ્છના આચાર્ય શ્રી ચન્દ્રસૂરિના શિષ્ય હરિભદ્રસૂરિ દ્વારા **સં૰ ૧૨૧૬ આસપાસ** રચાયેલ પ્રાકૃત **ચંદ્રપ્રભચરિત**માંથી છે. એની પ્રશસ્તિના ઉલ્લેખ પ્રમાણે જયસિંહદેવ અને કુમારપાળના મંત્રી પૃથ્વીપાલે પોતાનાં માતપિતાના શ્રેય અર્થે પંચાસર પાર્શ્વગૃહમાં મંડપની રચના કરાવી હતી :

जयसीहएव- सिरिकुमरवालनरनायगाण रज्जेसु ।
सिरीपुहइवालमंती अवितहनामो इमो विहिओ ॥
अह निन्नयकाराविय्जालिहरगच्छरिसहजिणभवणे ।
जमयकए जणणीए उण पंचासरपासगिहे ॥

चडुावलीयंमि उ गच्छे मायामहीए सुहहेउं ।
अणहिल्लवाडयपुरे कराविया मंडवा जेण ॥१

અરિસિંહ એ ગુજરાતના સુપ્રસિદ્ધ મહામાત્ય વસ્તુપાલનો આશ્રિત કવિ હતો. તેણે **સં૰ ૧૨૭૮ અને સં૰ ૧૨૮૭ની વચ્ચે** વસ્તુપાલનાં સત્કૃત્યો વર્ણવતું **સુકૃત સંકીર્તન** નામે મહાકાવ્ય રચેલું છે. એ કાવ્યના પ્રથમ સર્ગના દસમા શ્લોકમાં પંચાસરા પાર્શ્વનાથના મંદિરનો ઉલ્લેખ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ મંદિરની તુલના પર્વત સાથે કરી છે એ જોતાં એનું શિખર કેટલું ઊંચું હશે તેનું અનુમાન થઈ શકે છે.

अंतर्वसद्धनजनाद्भुतभारतो भूर्मा भृश्यतादिति भृशं वनराजदेवः ।
पञ्चासराह्वनवपार्श्वजिनेशवेश्म व्याजादिह क्षितिधरं नवमाततान ॥

વળી એ કાવ્યના છેલ્લા સર્ગમાં (શ્લોક ૨) વસ્તુપાલનાં બાંધકામો વર્ણવતાં કર્તાએ કહ્યું છે કે અણહિલવાડ પાટણમાં પંચાસરા પાર્શ્વનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવીને મંત્રીએ વનરાજની વૃદ્ધત્વને પામેલી કીર્તિને હસ્તાવલંબન આપ્યું હતું :-

पञ्चासरा ह्वमणहिल्लपुरीपुरन्ध्रीसीमन्तरत्नमिवापार्श्वजिनेशवेश्म ।
उद्धृत्य येन यशसा जनितो जरत्या हस्तावलम्बनविधिर्वनराजकीर्तेः ॥

નાગેન્દ્રગચ્છના વિજયસેનસૂરિના શિષ્ય ઉદયપ્રભસૂરિએ **સં૰ ૧૨૯૦ પૂર્વે ધર્માભ્યુદય** અથવા **સંઘપતિચરિત્ર** નામે પંદર સર્ગનું મહાકાવ્ય રચ્યું છે. કાવ્યની પ્રશસ્તિ(શ્લોક ૭)માં નાગેન્દ્રગચ્છના આચાર્યોની ગુરુપરંપરા આપીને પોતાના ગુરુ વિજયસેનસૂરિ વિશે કર્તા કહે છે કે તેઓ પંચાસરા નામથી ઓળખાતા વનરાજવિહારતીર્થમાં વ્યાખ્યાનો આપતા હતા.

પંચાસરા પાર્શ્વનાથનું મંદિર બંધાયું ત્યારથી નાગેન્દ્રગચ્છના આચાર્યોનો એ સાથેનો સંબંધ જોતાં આ સ્વાભાવિક છે. વળી પંચાસરાનું મંદિર તે જ વનરાજવિહાર એમ અહીં કર્તાએ સ્પષ્ટ કહ્યું છે.

વસ્તુપાલે એ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો એનો ઉલ્લેખ પણ એ કાવ્યના પહેલા સર્ગ(શ્લોક ૨૨)માં છે :

अणहिलपाटकनगरादिशजवनराजकीर्तिकेलिगिरिम् ।
पञ्चासराह्वजिनगृहभुद्ध्रे यछ कुलं च निजम् ॥

સં૰ ૧૩૩૪માં રચાયેલા પ્રભાચંદ્રસૂરિરચિત **પ્રભાવકચરિત**ના **અભયદેવસૂરિચરિત**માં આ તીર્થની ઉત્પત્તિનું સંક્ષિપ્ત બયાન છે.

સં૰ ૧૩૬૧માં મેરુતુંગાચાર્યે રચેલા **પ્રબંધ ચિંતામણિ** નામના ગ્રંથમાં વનરાજે પોતાના ઉપકારી શ્રી શીલગુણસૂરિ પ્રત્યેની કૃતજ્ઞબુદ્ધિથી આ ચૈત્ય નિર્માણ કરાવ્યાનો ઉલ્લેખ છે.

૧૫મી સદીમાં અંચલગચ્છીય આચાર્ય જયશેખરસૂરિએ રચેલાં **પંચાસરાવિનંતી** સ્તવનમાં, વાચનાચાર્ય કીર્તિમેરુએ રચેલી **શાશ્વતા તીર્થમાલા**માં અને મેઘ કવિએ રચેલા **તીર્થમાલા સ્તવન**માં શ્રી પંચાસરા પાર્શ્વપ્રભુની સ્તુતિ કરવામાં આવી છે.

પાટણની જે ચૈત્યપરિપાટીઓ ઉપલબ્ધ બની છે તે તમામમાં પંચાસરા પાર્શ્વનાથનો ઉલ્લેખ મળે છે.

સં૰ ૧૫૭૬માં સિદ્ધિસૂરિરચિત **પાટણ ચૈત્યપરિપાટી**માં **પંચાસર**માં પંચાસરા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે :

મહૂકર મનહ મનોરથ પૂરઇ, **પાસ પંચાસરઇ** ભાવવિચૂરઇ,
સાર સંસારઇ લેમિ. ૯

સં૰ ૧૬૧૩માં સંઘરાજરચિત **પાટણ ચૈત્યપરિપાટી**માં પંચાસરા પાર્શ્વનાથનો નિર્દેશ નીચે મુજબ થયેલો છે :

પંચાસર શ્રી પાસ આશ્યાપૂરણ, જિન પ્રતિમા નવ વાંદીઇ એ
હરષ્યા હીયા મઝારિ, હરષ ભવનિ જઇ જિન દેખી આણંદીઆ એ ૬૨

સં૰ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત **પાટણ ચૈત્યપરિપાટી**માં પંચાસરા પાર્શ્વનાથનો ઉલ્લેખ મળે છે :

પંચાસરઇ પાટકિ અછઇ એ, ઘુરિ વીર જિનવર સાર તુ.
નવ પ્રતિમા વંદી કરી એ, વાસુપૂજય જુહારિ તુ ॥૧૮॥

સતાવીસ બિંબ તિહાં નમી એ, **પંચાસરુ પ્રભુ પાસ** તુ.
અવર સાત જિનવર નમું એ, વંછિત પૂરઇ આસ તુ ॥૧૯॥

સં૰ ૧૬૫૨ના આસો સુદ ૧૫ને બુધવારે પુંજા ઋષિએ **આરામશોભાચરિત**ની પ્રશસ્તિમાં પ્રારંભે પાટણના દેવ-ગુરુ ભક્ત શ્રાવકોના ગુણગાન કરીને શ્રી પંચાસરા પાર્શ્વનાથ આદિ પાટણના તીર્થોની સ્તુતિ કરી છે.

સં૰ ૧૬૫૫માં કવિ પ્રેમવિજયે ગૂંથેલી **૩૬૫ પાર્શ્વજિનનામમાલા**માં તેમણે શ્રી પંચાસરા પાર્શ્વ પ્રભુનું પણ નામ ગૂંથ્યું છે.

સં૰ ૧૬૫૬માં કવિ નયસુંદરે ગાયેલા **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છંદ**માં પણ આ પાર્શ્વ પ્રભુનો નામોલ્લેખ છે.

સં૰ ૧૬૬૭માં કવિવર શાંતિકુશલે પણ **૧૦૮ નામ ગર્ભિત શ્રી ગોડી પાર્શ્વનાથ સ્તવન**માં આ પ્રભુનો નામનિર્દેશ કરેલો છે.

સં૰ ૧૬૮૫ના આસો માસમાં કવિ ઋષભદાસે રચેલા **હીરવિજયસૂરિરાસ**માં શ્રી હીરવિજયસૂરિએ આ પાર્શ્વ પ્રભુને જુહાર્યાની નોંધ કરી છે.

સં૰ ૧૬૮૯માં પોષ વદ ૧૦ને દિવસે શ્રી ગુણવિજયના શિષ્યે રચેલાં **૧૦૮ નામ ગર્ભિત શ્રી પાર્શ્વનાથ સ્તવન**માં શ્રી પંચાસરા પાર્શ્વનાથનો પણ નામનિર્દેશ કરેલો છે.

૧૭મી સદીમાં જ રચાયેલા રત્નકુશલરચિત **પાર્શ્વનાથ સંખ્યા સ્તવન**માં પણ શ્રી પંચાસરા પાર્શ્વનાથનો નામોલ્લેખ જોવા મળે છે.

સં૰ ૧૭૨૧માં મેઘવિજય ઉપાધ્યાયે રચેલી **શ્રી પાર્શ્વનાથ નામમાલા**માં પણ આ તીર્થનો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નામનિર્દેશ થયેલો છે.

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં પંચાસરા પાર્શ્વનાથના જિનાલય સાથે હીરવિહારનો ઉલ્લેખ છે :

પંચાસરે જાઈઇ એ, તિહાં પ્રાસાદ ચ્યાર.
પંચાસર જિનવર તણો એ, દેખી દીદાર ॥૪॥

ચોપન બિંબ તિહાં અતિ ભલા એ, વલી **હીરવિહાર**.
પ્રતિમા ત્રિણ સહગુરુ તણી એ, મૂરતિ મનોહાર ॥૫॥

સં૰ ૧૭૪૬માં કવિ શીલવિજયે રચેલી **તીર્થમાલા**માં પણ પાટણના પંચાસરા તીર્થનો ઉલ્લેખ છે.

કવિ ઉદયરત્ને **સં૰ ૧૭૫૫**માં રચેલા **અષ્ટપ્રકારી પૂજા રાસ**માં અને **સં૰ ૧૭૬૧**માં રચેલાં **મુનિપતિરાસની પ્રશસ્તિ**માં પણ આ તીર્થનો ઉલ્લેખ છે.

૧૭મા સૈકાના ઉતરાર્ધમાં લખાયેલ જણાતું **અહો શાલક બોલિ** જૂની ગુજરાતી ગદ્યમાં રચાયેલું વર્ણક છે. એમાં એક સ્થળે અણહિલપુર પાટણનું ટૂંકું વર્ણન છે અને તેમાં પાટણના પ્રમુખ દેવાલય તરીકે પંચાસરના મંદિરનો ઉલ્લેખ છે :

"હું તે અહ્મારું અણહીલપુર પાટણ વર્ણવું, પણિ કસૂ એક છિ જે અણહિલપુર પાટણ? સઘટ ઘાટે કરી વિચત્ર ચિત્રામે કરી અભિરામ, મહામહોછવે ભલાં આરામ, પંચાસર પ્રમુખ દેવ દેવાલા, જે નગરમાહઈ દાનશાલા, પૌષધશાલા, ધરમશાલા, ગઢ મઢ મંદિર પ્રકાર, ચુરાસી ચુહટાંની હટશ્રેણિ, માંહઈ વસ્ત સંપૂર્ણ વરતઈ—"

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં પંચાસરા પાર્શ્વનાથના જિનાલયને પ્રેમાદોસીની પોળ નામના વિસ્તારમાં દર્શાવેલ છે :

પાટણમેં પ્રભુ પ્રણમીઇ, **શ્રી પંચાસરો પાસ**. લલાનાં
પોલેં પ્રેમા દોસી તણેં, પ્રતપેં તેજ પ્રકાસ. ૩ લ૰ પાટણ

સં૰ ૧૭૯૧માં કવિ જિનવિજયે શ્રી પંચાસર પાર્શ્વનાથનું એક મનોહર સંસ્કૃત સ્તોત્ર રચ્યું છે. આ સ્તોત્રમાં આ પરમાત્માનાં બિંબ અને માહાત્મ્યનું મોહક વર્ણન કરેલું છે.

૧૮મી સદીમાં કવિવર જ્ઞાનવિમલે રચેલાં **૧૩૫ નામ ગર્ભિત શ્રી પાર્શ્વનાથ સ્તવન**માં અને કવિ સુખસાગરે રચેલાં **વૃદ્ધિવિજયગણિ રાસની પ્રશસ્તિ**માં આ પાર્શ્વ પ્રભુનો નામનિર્દેશ છે.

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત **તીર્થમાલા સ્તવન**માં પંચાસરા પાર્શ્વનાથનો નામોલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

પુર પાટણમાં પાસજી, પંચાસરો પ્રસિદ્ધ, સંઘવી ચાલોને;
તે પ્રભુ વાંદીઇ સંઘ સરવે મન કીધ્ય. ચાલોને થલપતિ ભેટવા ૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખરતરગચ્છના મુનિ દેવહર્ષે **સં૰ ૧૮૬૬**માં **પાટણની ગઝલ** એ નામનું એક સ્થલવર્ણનાત્મક કાવ્ય રચ્યું છે. એના અંતિમ પદ્યકલશરૂપ છપ્પાની છેલ્લી બે પંક્તિઓમાં નીચે પ્રમાણે પંચાસરના મંદિરનો ઉલ્લેખ છે :

"પાટણ જસ કીધો પ્રગટ જિહાં **પાંચાસર** ત્રિભુવન ધણી,
કવિ દેવહર્ષ મુખથી કહેં, કુશલ રંગલીલા ઘણી."

કલશમાં આ રીતે એકમાત્ર પંચાસરા પાર્શ્વનાથના મંદિરનો ઉલ્લેખ કર્યો છે, એ પાટણના જૈનમંદિરોમાં એનું વિશેષ મહત્ત્વ સૂચવે છે.

સં૰ ૧૮૮૧ ફાગણ વદ ૨ના દિને પં૰ ઉત્તમવિજયે ગાયેલા **શ્રી પાર્શ્વપ્રભુનાં ૧૦૮ નામના છંદ**માં પણ પંચાસરા પાર્શ્વ પ્રભુના નામનો સમાવેશ થયો છે.

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત **શ્રી પત્તન જિનાલય સ્તુતિ**માં એક જ પટાંગણમાં વિદ્યમાન પંચાસરા આદિ જિનાલયનો પણ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે :

वंदे पंचासरं वै सुमतिजिनपतिं ज्ञातपुत्रं च गोडी–
पार्श्वं चिंतामणिं चजितजिनपतिमत्राहमौचित्ययुक्तः ।

સં૰ ૧૯૬૩માં **જૈન શ્વેતાંબર ડિરેક્ટરી**માં પંચાસરા પાર્શ્વનાથનું જિનાલય **શિખર વિનાનું** હોવાનું દર્શાવ્યું છે. જિનાલયમાં બોતેર આરસપ્રતિમા તથા છેતાળીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. જિનાલયની વર્ષગાંઠ પોષ સુદ ૧૦ના રોજ હોવાનો પણ ઉલ્લેખ થયેલો છે.

સં૰ ૨૦૧૦માં **જૈન તીર્થ સર્વસંગ્રહ**માં પંચાસરા પાર્શ્વનાથના કંપાઉંડમાં પંચાસરા પાર્શ્વનાથનું જિનાલય ઘુમ્મટબંધી દર્શાવ્યું છે. જિનાલયમાં એકસો ત્રેપન આરસપ્રતિમા અને બાર ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. તે સમયે ગુરુમૂર્તિઓનો ઉલ્લેખ થયેલો છે. વનરાજ તથા મંત્રી આસાકની આરસની ઊભી મૂર્તિનો પણ ઉલ્લેખ થયેલો છે. વહીવટ શેઠ ધરમચંદ ઉદયચંદની પેઢીહસ્તક હતો.

ત્યારબાદ સં૰ ૨૦૧૧માં આ જિનાલયની પુનઃપ્રતિષ્ઠા થયેલી છે. આ અંગેનો વિગતવાર અહેવાલ શ્રી અણહિલપુર પાટણ જૈન મંદિરાવલીમાં (**સં૰ ૨૦૧૮**માં) શીવલાલ નેમચંદ શાહે આપ્યો છે જેનો મુખ્ય સાર નીચે મુજબ છે :

પંચાસરાજીનું જૂનું મંદિર

અત્યારના પાટણમાં આ નવા બંધાવેલ મંદિર અગાઉ એ જગ્યા ઉપર પંચાસરા પાર્શ્વનાથનું જૂનું મંદિર હતું, તે ૧૬મા સૈકા જેટલું પુરાણું કાષ્ઠમય હતું. આ મંદિર જીર્ણ થતાં તેનો જીર્ણોદ્ધાર થવો આવશ્યક બન્યો હતો.

જીર્ણોદ્ધારનો સંકલ્પ

ઉર્વીસાર ગુજરાતની પ્રાચીન રાજધાની અણહિલપુર પાટણ આવેલા સુપ્રસિદ્ધ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પંચાસરાજીના મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનનો સંકલ્પ વિક્રમ સંવત ૧૯૫૦ના અરસામાં પાટણના વતની શ્રાદ્ધવર્ય બાબુ સાહેબ શ્રી પન્નાલાલજી પુરણચંદજીના ધર્મવાસિ માનસમાં સમુદ્‌ભવ્યો હતો અને તદનુસાર તેઓશ્રીએ તેમના ટ્રસ્ટ શ્રી પંચાસરા પાર્શ્વનાથજીનું મંદિર બંધાવવા માટે અમુક રકમ નિયત કરી રાખી હતી.

પંચાસરાજીનું નૂતન મંદિર

શ્રેષ્ઠિવર્ય બાબુસાહેબ શ્રી પન્નાલાલજી પુરણચંદજીના સુપુત્ર બાબુસાહેબ શ્રી ભગવાનલાલજી તથા બાબુસાહેબ શ્રી મોહનલાલજી તથા સુપૌત્ર બાબુસાહેબ શ્રી વિજયકુમારજીએ ઉપરોક્ત ટ્રસ્ટમાં નિયત કરેલ રકમમાંથી આ બાવન જિનાલયનું મુખ્ય મંદિર બંધાવેલું છે. આ મંદિરનું ખાતમુહૂર્ત સંવત ૧૯૯૮ના ફાગણ વદ પના દિવસે બાબુસાહેબ શ્રી ભગવાનલાલજીના શુભ હસ્તે થયું હતું. આ મુખ્ય જિનાલય સંવત ૨૦૧૧માં લગભગ બંધાઈને તૈયાર થઈ રહ્યું હતું. તેમાં આશરે સાત લાખ રૂપિયા ખર્ચાયા છે.

પંચાસરાજીની પ્રતિષ્ઠા

સંવત ૨૦૧૧ના જેઠ સુદ પના પુનિત દિવસે મોટા મહોત્સવપૂર્વક અપૂર્વ ઉલ્લાસથી આચાર્યવર્ય શ્રી વિજયવલ્લભસૂરિ મહારાજના પટ્ટપ્રભાવક આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિ મહારાજના શુભહસ્તે ભગવાનની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી અને બાબુસાહેબ શ્રી વિજયકુમાર ભગવાનલાલજીએ શ્રી પંચાસરા પાર્શ્વનાથ ભગવાનને બિરાજમાન કર્યા હતા તેમજ શિખર ઉપર ધ્વજદંડ રોપી સુવર્ણ કળશ ચઢાવ્યો હતો.

દેરીઓ અને નવાં બિંબો

આ મુખ્ય મંદિરને ફરતી એકાવન દેરીઓ છે તે પાટણના શ્રી સંઘે, તે તે વ્યક્તિઓએ ભરાવેલ નકરાની રકમમાંથી બંધાવેલ છે અને તેમાં આશરે પાંચ લાખ રૂપિયા ખર્ચાયા છે. નકરાની આવેલ રકમ ઉપરાંત દેરીઓમાં વધારે ખર્ચ થયેલ છે, તે રકમ પંચાસરા પાર્શ્વનાથજીની પેઢીના દેવદ્રવ્યમાંથી ખર્ચાઈ છે. આ દેરીઓનું ખાતમુહૂર્ત સંવત ૨૦૧૩ના માગશર સુદ ૪ના શુભ દિને નગરશેઠ શ્રી કેશવલાલ અમરચંદના સુપુત્ર શ્રી ભગવાનલાલના સુપુત્ર શ્રી વીરેન્દ્રભાઈના શુભ હસ્તે થયું હતું. સંવત ૨૦૧૬માં દેરીઓ લગભગ તૈયાર થઈ રહી હતી અને તેમાં બિરાજમાન કરવા માટે છ્યાસી જેટલાં જિનબિંબો નવાં ભરાવવામાં આવ્યાં હતાં.

અંજનશલાકા અને પ્રતિષ્ઠા

આ જિનબિંબોની અંજનશલાકા વિધિ મોટા મહોત્સવપૂર્વક પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજના શિષ્ય વિદ્વદ્વર્ય શ્રી ચતુરવિજયજી મહારાજના શિષ્ય આગમ પ્રભાકર વિદ્વદ્વર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજના વરદ હસ્તે સંવત ૨૦૧૬ના વૈશાખ સુદ પના પુણ્ય દિવસે થઈ હતી અને પ્રતિષ્ઠા પણ તેઓશ્રીના જ શુભ હસ્તે અંજનશલાકાના બીજા દિવસે સુદ ૬ના સુદિવસે થઈ હતી. દેરીઓનો નકરો ભરનાર તે તે પુણ્યશાળી વ્યક્તિઓએ પોતપોતાની દેરીઓમાં મૂળનાયક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભગવાનને બિરાજમાન કર્યા હતા અને શિખરો ઉપર ધ્વજદંડ રોપી કળશો ચઢાવ્યા હતા.

દેરાસરના ખાતમુહૂર્તથી લઈને યાવત્ પ્રતિષ્ઠા સુધીનાં સર્વ મંગલમય મુહૂર્તો શાસન-સમ્રાટ શ્રી વિજયનેમિસૂરિ મહારાજના પટ્ટધર શિષ્ય શ્રી વિજયઉદયસૂરિ મહારાજ તથા તેમના શિષ્ય શ્રી વિજયનન્દનસૂરિ મહારાજ પાસે જોવરાવવામાં આવ્યાં હતાં.

પ્રતિમાઓની વિગત

આ બાવન જિનાલયમાં, ૮૬ પ્રતિમાજી નવા ભરાવેલાં છે, તેમાંના ચોવીસ પ્રતિમાજી ચોવીસ તીર્થંકર ભગવાનના દેહના વર્ણ પ્રમાણે વર્ણવાળા છે. કેટલાક પ્રતિમાજી સંપ્રતિ મહારાજાના વખતના અતિ પ્રાચીન છે. કેટલાક પ્રતિમાજી ૧૬મી સદીમાં આચાર્ય શ્રી વિજય હીરસૂરિ મહારાજ તથા તેમના શિષ્ય વિજય સેનસૂરિ મહારાજના હાથે અંજન કરાયેલા છે અને કેટલાક પ્રતિમાજી સંવત ૧૯૯૮માં પ્રાચીન પાટણની ભૂમિમાંથી – હાલ જ્યાં વડલી ગામ છે ત્યાંથી પ્રગટ થયેલા તે છે.

દેરાસરનો પ્રવેશદ્વાર પાસેના ગોખલામાં દક્ષિણ દિશાએ ૧લા ગોખલામાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યની અર્વાચીન મૂર્તિ છે અને તેની સામેના ઉત્તરના ગોખલામાં ઠ. આશાકમંત્રીની પ્રાચીન મૂર્તિ છે.[૧] ૨જા ગોખલામાં પાર્શ્વનાથ ભગવાનના યક્ષ પાર્શ્વની મૂર્તિ છે અને તેની સામેના ગોખલામાં યક્ષિણી પદ્માવતીની મૂર્તિ છે. ૩જા ગોખલામાં શીલગુણસૂરિ મહારાજની અર્વાચીન મૂર્તિ છે અને તેની સામેના ગોખલામાં વનરાજની પ્રાચીન મૂર્તિ છે.[૨]

દેરીઓની શરૂઆતમાં મુખ આગળના બે ગોખલામાં સરસ્વતીની બે પ્રાચીન મૂર્તિઓ છે અને દેરીઓની અંતે મુખ આગળના બે ગોખલાઓમાં બે ક્ષેત્રપાળની પ્રાચીન મૂર્તિઓ છે.

બાવન જિનાલયનું બાંધકામ

આ બાવન જિનાલયમાં હાલ એકંદરે બાર લાખ રૂપિયા ખર્ચાયા છે, તેનું બાંધકામ કલાત્મક અને શિલ્પશાસ્ત્રના નિયમાનુસાર કરવામાં આવ્યું છે. આ ભવ્ય મંદિરની લંબાઈ આશરે ૧૩૦ ફૂટ અને પહોળાઈ ૯૦ ફૂટ અંદાજે છે, તેનું શિલ્પમય કામ જોધપુરી ચિત્ત પથ્થરમાંથી થયું છે, ઉપરાંત મકરાણાઆરસ જેસલમેરમારબલ ધ્રાંગધ્રા જોધપુર હિંમતનગર અને પોરબંદરી

---

૧. જેમણે પૂર્વે વિક્રમ સંવત ૯૦૧માં પંચાસરા વિહારમાં (વનરાજવિહારમાં) મંડપ કરાવેલો છે. તે આશાક મંત્રીની આ મૂર્તિ છે જે મૂર્તિ તેમના પુત્ર અરિસિંહે ભરાવેલી છે અને શીલગુણસૂરિના શિષ્ય દેવચંદ્રસૂરિએ પ્રતિષ્ઠિત કરેલી છે.

૨. વનરાજની આ મૂર્તિ તેનું શિલ્પ જોતાં બારમા સૈકાની જણાય છે. અગાઉના મંદિરમાં શીલગુણસૂરિ મહારાજના શિષ્ય શ્રી દેવચંદ્રસૂરિ, હીરસૂરિ, સેનસૂરિ તથા દેવસૂરિ વગેરે આચાર્યોની મૂર્તિઓ હતી તે મૂર્તિઓ પંચાસરા મંદિરની બાજુમાં નવા બંધાવેલા ગુરુમંદિરમાં પધરાવવામાં આવી છે. તેમજ આચાર્ય શ્રી વલ્લભસૂરિ, પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી તથા શ્રી હંસવિજયજી મહારાજની નૂતન મૂર્તિઓ પણ તેમાં પધરાવવામાં આવી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પથ્થરો પણ તેની કાર્યક્ષમતાના પ્રમાણમાં તેમાં વાપરવામાં આવ્યા છે જેમાં શિલ્પશાસ્ત્રના ગણિત અને નિયમાનુસાર તેની બાંધણી ગોઠવાઈ છે.

આ મંદિરના શિલ્પી, શિલ્પ વિશારદ શ્રી પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા છે. તેઓ ભારત સરકારના માન્યવર સ્થપતિ છે. તેઓ તેમજ અન્ય શિલ્પી વર્ગ આ અદ્‌ભુત ચૈત્યના નિર્માતા છે. પ્રભાશંકરના વડીલોએ સિદ્ધગિરિ ઉપર ટૂકો બાંધી છે, પ્રભાશંકરે બીજાં પણ અનેક ભવ્ય મંદિરો બાંધ્યાં છે.

બાવન જિનાલયોનું કોતરકામ

આ બાવન જિનાલયનાં પ્રત્યેક સ્થળો—ઘુમ્મટો, સ્તંભો, ચોકીઓ, છતો, દીવાલો, મંડપો, દ્વાર, શાખાઓ, ઉત્તરંગો, મંડોવર અને શિખરો વગેરે સર્વે સ્થળો—અદ્‌ભુત કોરણીથી જુદા જુદા પ્રકારની કલાત્મક પ્રતિકૃતિઓથી અને અનન્ય પ્રતીકોથી અંકિત થયેલા છે.

દેરાસરના પ્રવેશદ્વાર આગળનો ઘુમ્મટ કલામય બનાવાયો છે. તેના સ્તંભોમાં દિક્‌પાલો, વિદ્યાદેવીઓ આદિ કોતરાયેલા છે, ઘુમ્મટ અંદરથી અલંકૃત છે, તેની ઉપરના ભાગમાં સમવર્ણા કરવામાં આવી છે. સમવર્ણાની ચારે તરફ ઝરૂખા અને ફરતાં દેવ-દેવીઓનાં સુંદર સ્વરૂપો કોતરાયેલાં છે.

પ્રવેશદ્વારની અંદર પ્રવેશ કરતાં છ ચોકી આવે છે, તેની છત આબુની કોરણીને પણ યાદ કરાવે છે, તેથી આગળ જતાં વિશાળ નૃત્યમંડપ આવે છે. આ નૃત્યમંડપના આગળના બે સ્તંભોમાં દિક્‌પાલો, વિદ્યાદેવીઓ આદિ કોતરાયેલા છે. નૃત્યમંડપથી આગળ જતાં ત્રણ ચોકી આવે છે જેની છત અદ્‌ભુત કોરણીવાળી છે અને તેની દીવાલો ઉપર ચૌદ સુપન અને અષ્ટમંગલ કોતરેલાં છે, પછી અંદર પ્રવેશ કરતાં ગૂઢમંડપ આવે છે, ગૂઢમંડપની પૂર્વે ત્રણ પ્રવેશદ્વાર છે અને ઉત્તર-દક્ષિણે એકેક દ્વાર છે.

નૃત્યમંડપ અને ગૂઢમંડપના ઘુમ્મટોની અંદર પુષ્કળ પ્રમાણમાં પથ્થરની નકશી-કારીગરીવાળી કોરણી કરવામાં આવી છે, મધ્ય ભાગમાં લટકતા ઝુંમર જેવાં, મોટા પથ્થરોનાં કમળો કોરી બનાવવામાં આવ્યાં છે જેને પદ્મશિલા કહેવામાં આવે છે. ઘુમ્મટના પ્રત્યેક થરો નકશી કોતરકામથી અલંકૃત છે, તેના રૂપથરમાં ચોવીસ તીર્થંકર અને તેમના યક્ષયક્ષિણીનાં સ્વરૂપો કોતરવામાં આવ્યા છે, તેમજ હંસ પંક્તિ અને વૃષભ હરિણ અશ્વ ગ્રાસમુખ આદિ પંક્તિબદ્ધ કોતરવામાં આવ્યા છે અને ઊડતા વિદ્યાધરોનાં રૂપો તથા વિદ્યાદેવીઓની મૂર્તિઓ મૂકવામાં આવી છે.

ગૂઢમંડપની આગળ જતાં ગૂઢમંડપ અને ગર્ભગૃહની વચ્ચેનો ભાગ આવે છે જેને અંતરાલ અથવા કવલી કહેવામાં આવે છે, તેની બન્ને બાજુએ કલામય આરસના ગોખલાઓમાં પ્રભુજી બિરાજમાન છે. પછી ગર્ભગૃહ છે, ગર્ભગૃહનાં ત્રણ પદ છે, તેમાં મધ્યમાં વિશાળ આરસના નકશી કોતરણીવાળા સુંદર પરિકરમાં શ્રી પંચાસરા પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય પ્રતિમા બિરાજમાન છે, તેમજ પડખે દક્ષિણ બાજુએ શ્રી મહાવીરસ્વામીની અને ઉત્તર બાજુએ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી ચંદ્રપ્રભસ્વામીની ભવ્ય પ્રતિમા બિરાજમાન છે.

ગર્ભગૃહના મુખ્ય દ્વારની શાખાઓ અને ઉત્તરંગોમાં સોળ વિદ્યાદેવીઓનાં સ્વરૂપો કોતરાયેલાં છે અને આરસનાં સર્વદ્વારમાં જૈન પ્રતિહારોનાં સ્વરૂપો દિશા પ્રમાણે કોતરાયેલાં છે, દ્વારનાં કમાડો પણ રજતજડિત અને કલામય બનાવાયાં છે.

દેરાસરના પ્રત્યેક સ્તંભો આરસના છે, તેમજ પ્રત્યેક દીવાલો આરસથી સુશોભિત બનાવાયેલી છે અને પ્રાસાદનું પીઠતળ પણ રંગબેરંગી આરસથી અલંકૃત છે.

મુખ્ય મંદિરને ફરતી દીવાલો કે જેને મંડોવર કહેવામાં આવે છે, તેના પ્રત્યેક થરો શિલ્પ કળાથી ભરપૂર નકશીવાળા બનાવાયા છે, જેમાં તીર્થંકર ભગવંતોના કલ્યાણક આદિ જીવન પ્રસંગોનાં દશ્યો તથા દેવ દેવીઓ દેવાંગનાઓ દિક્પાલો ગંધર્વો કિન્નરો અને યક્ષો આદિનાં સુમનોરમ સ્વરૂપો કોતરાયેલાં છે. આ કામ અગિયારમી-બારમી સદીના કામનો ખ્યાલ આપે છે.

નૃત્યમંડપ અને તેની બન્ને ચોકીઓ ઉપર સુંદર થરોવાળું ત્રિષટ કરવામાં આવ્યું છે અને ગૂઢમંડપ ઉપર કલામય સુંદર સમવર્ણા કરેલ છે અને તેની બન્ને તરફના ચોકિયાળા ઉપર પણ સુંદર પ્રકારની સમવર્ણા કરેલ છે. સમવર્ણાની જંઘામાં અનેક દેવ દેવીઓ યક્ષ યક્ષિણી આદિના સ્વરૂપો કોતરાયેલાં છે.

મૂળ ગર્ભગૃહના વચલા પદમાં બિરાજમાન પાર્શ્વનાથ ભગવાનની ઉપરનું શિખર સુંદર કલાથી અલંકૃત છે જેમાં એક મજલો (ભૂમિ) છે અને બાજુના બે પદ ઉપર સમવર્ણા કરવામાં આવેલી છે. આ સમવર્ણા અને શિખરને ફરતા મધ્યમાં કલામય ઝરૂખા કરેલા છે અને તેની જંઘામાં દેવ-દેવીઓનાં સ્વરૂપો કરેલાં છે.

ઉપરોક્ત મુખ્ય પ્રાસાદને ફરતી ૫૧ દેરીઓ છે. તે પણ કોતરકામથી યુક્ત છે. પ્રત્યેક દેરીઓની છતો વિવિધ પ્રકારના કોતરકામથી સુંદર બનાવવામાં આવી છે અને તેનાં શિખરો પણ સુંદર કળાથી અલંકૃત છે, જેમાં એક મજલો (ભૂમિ) છે અને ફરતા મધ્યમાં ઝરૂખાઓ છે.

ભવ્ય બાવન જિનાલય

એ પ્રમાણે અદ્‌ભુત કારીગરીવાળું આ સંપૂર્ણ બાવન જિનાલય તેનાં ઉચ્ચ શિખરો ઉપર શોભતા કળશો અને ઉચ્ચ ધ્વજદંડો ઉપર લહેરાતી ધ્વજાઓથી ભવ્ય શોભી રહેલું છે. મંદ મંદ સંચરતા વાયુ વડે નૃત્ય કરતી ધ્વજાઓ જાણે પ્રભુના દર્શને આવતા ભાવુક જનોને આવકારનો સંકેત કરી રહી છે અને રણકાર કરતી ધ્વજદંડની ઘંટડીઓ જાણે પડકાર કરતી હોય તેમ પુણ્યભૂમિ પાટણમાં પ્રવેશ કરતા પાપને અટકાવી રહી છે.

પ્રાસાદની પીઠિકા ઊંચી કરવામાં આવી છે, જેની નીચે ભૂમિગૃહ છે અને જેના ગગનચુંબી શિખર ઉપર સુવર્ણ કળશ શોભી રહ્યો છે.

જમીનની સપાટીથી આશરે ૭૫ ફૂટ ઊંચો તેમજ સ્વેની વિરાટ કાયાથી ભવ્ય લાગતો તેમજ ચોમેર ફરતી દેરીઓની ઘટાથી સુઘટ દેખાતો આ પંચાસરા પ્રાસાદ જાણે મહાશય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બાબુસાહેબના સંકલ્પ બીજના મહાન વડવૃક્ષ સમાન શોભી રહ્યો છે અને દૂરથી જોનારને પણ તે જોવાને માટે લલચાવે છે.

સંવત ૨૦૧૮માં સંપૂર્ણ તૈયાર થયેલું આ ભવ્ય બાવન જિનાલય ગુજરાતના પ્રાચીન પાટનગર પાટણની પુણ્ય ભૂમિ વિશે સુવિશાળ પટ્ટાંગણમાં એક દેવ વિમાન જેવું શોભી રહ્યું છે.

આ દેરાસર જગવિખ્યાત આબુના દેલવાડાનાં જૈન દેરાંઓની ભવ્ય કળાનું સ્મરણ કરાવે છે. હજારો વર્ષો સુધી ભાવુકોને શુભ પ્રેરણા આપી પરમાત્મતત્ત્વનું દર્શન કરાવશે. દૂર દૂરના યાત્રિકોને આકર્ષીને પાવન કરશે અને પૂર્વ પ્રસિદ્ધ પાટણની જવલંત કીર્તિને દિગંત વ્યાપી બનાવશે. શ્રી પંચાસરા પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા ભવ્ય છે તેમ આ બાવન જિનાલય પણ ભવ્ય બન્યું છે, જેની પાછળ વપરાયેલું સદ્ દ્રવ્ય અને લેવાયેલો પરિશ્રમ પ્રશંસાને પાત્ર છે. પરમાત્મા પ્રત્યેની ભક્તિ જગતમાં અમર છે.

એકવીસમી સદીનું સ્થાપત્ય

એકવીસમી સદીના પ્રારંભમાં પાટણની પુણ્યભૂમિ ઉપર નિર્માણ થયેલું આ શ્રી પંચાસરા પાર્શ્વનાથનું નૂતન ભવ્ય બાવન જિનાલય જાણે એકવીસમી સદીએ પોતાના શુભ આગમન વખતે ગુજરાતના પ્રાચીન પાટનગર પાટણને દિવ્ય ભેટણું અર્પણ કર્યું છે.

• • •

પંચાસરા પાર્શ્વનાથના જિનાલયનું કંપાઉંડ, પીપળાશેરી

ભીડભંજન પાર્શ્વનાથ (સં. ૧૭૭૭ પૂર્વે)

શ્રી પંચાસરા પાર્શ્વનાથના જિનાલયના વિશાળ કંપાઉંડમાં આવેલા શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયના પ્રવેશદ્વારની ડાબી બાજુએ શ્રી ભીડભંજન પાર્શ્વનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે. આ જિનાલયની બાજુમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ, શ્રી મહાવીરસ્વામી તથા શ્રી નવખંડા પાર્શ્વનાથનાં જિનાલયો તથા ગુરુમંદિર આવેલું છે.

અહીં રંગમંડપની મધ્યે પિત્તળના ચાર દરવાજાવાળા શિખરયુક્ત ચૌમુખી છે જેમાં પહેલા આરસપ્રતિમા હતી તે સં. ૨૦૫૧માં જોગીવાડાના શ્રી શામળા પાર્શ્વનાથના જિનાલયમાં લઈ જવામાં આવી હોવાથી હાલ આ જગ્યામાં ચાર ધાતુપ્રતિમા પ્રતિષ્ઠિત કરેલ છે. અહીં એક ગોખમાં સરસ્વતીદેવીની આરસમૂર્તિ છે. તેના પર સંવત ૧૪૪૦માં આચાર્ય સિંહસૂરિજીએ પોષ સુદી ૧૨નો રોજ પ્રતિષ્ઠા કરાવ્યાનો લેખ છે. ડાબી બાજુએ એક ગોખમાં અંબિકાદેવીની આરસમૂર્તિ છે.

ગર્ભદ્વાર ત્રણ છે. મૂળનાયક તરીકે ૧૫" ઊંચાઈ ધરાવતી શ્રી ભીડભંજન પાર્શ્વનાથની પ્રતિમા બિરાજમાન છે. પ્રતિમાલેખ નથી. અહીં કુલ તેર આરસપ્રતિમા તથા પચાસ ધાતુપ્રતિમા બિરાજે છે. મૂળનાયકની જમણી બાજુ પૂર્વે શાંતિનાથની પ્રતિમા બિરાજમાન હતી જે કલિકુંડ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાર્શ્વનાથ પાસે આવેલ સાંઢી ગામે નૂતન જિનાલયમાં બિરાજમાન કરવા માટે તા. ૧૦-૬-૯૬ના રોજ આપવામાં આવેલ છે. જમણે ગભારે શાંતિનાથ તથા ડાબે ગભારે ચંદ્રપ્રભુ બિરાજમાન છે. પ્રતિમાઓ ઘણી પ્રાચીન લાગે છે પરંતુ તેની પર કોઈ લેખ નથી તેથી અને તેની પ્રાચીનતાનો નિર્દેશ કરતો અન્ય કોઈ પુરાવો ઉપલબ્ધ નથી, તેથી તેની પ્રાચીનતા સાધાર દર્શાવી શકાતી નથી.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૨૦૦૮ તથા **સં૰ ૨૦૧૦**માં આ જિનાલયમાં ચૌમુખજીનો તથા પાર્શ્વનાથ માટે ભીડભંજનનો ઉલ્લેખ થયેલો છે. ત્યારબાદ એ ચૌમુખજી જોગીવાડાના શામળા પાર્શ્વનાથના જિનાલયમાં પધરાવવામાં આવ્યા છે.

પાર્શ્વનાથના જિનાલયનો ચૌમુખજી સાથેનો ઉલ્લેખ **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મળે છે. ઉપરાંત તે સમયે અજિતનાથનું જિનાલય પણ વિદ્યમાન હતું :

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં અજિતનાથના જિનાલયમાં ચૌમુખજીનો નિર્દેશ કરવામાં આવ્યો છે અને પાર્શ્વનાથના જિનાલયનો અલગ ઉલ્લેખ થયેલો છે. તે સમયે આ વિસ્તારને પ્રેમાદોસીની પોળ તરીકે દર્શાવ્યો છે :

પાટણમેં પ્રભુ પ્રણમીઇં, **શ્રી પંચાસરો પાસ**. લલાનાં
પોલેં પ્રેમા દોસી તણેં, પ્રતપેં તેજ પ્રકાસ. ૩ લ૰ પાટણ

પ્રાસાદ **અજિત** જિણંદનો, **ચોમુખ** પ્રતિમા ચ્યાર. લલાનાં
સુંદર વૃક્ષ સણી તલેં, બહુ જિન પ્રતિમા સાર. લલાનાં ૪ પા૰

લઘુ પ્રાસાદ શ્રી શાંતજી ભેટતા ભાવઠ જાય. લ૰
ચંદ્રપ્રભુ શ્રી પાસજી પ્રાસાદ દોય સુહાય.લ૰ ૫ પા૰

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં અજિતનાથ તથા પાર્શ્વનાથ સાથેના ચૌમુખીનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

પાર્શ્વે ચિંતામણિં **ચાજિતજિનપતિ**મત્રાહમૌચિત્યયુક્તઃ ।
નૌમિ શ્રી ધર્મનાથં વરતરનવલક્ષાભિધાનં ચ **પાર્શ્વં**,
ચાતુર્મુખ્યા સ્થિતં ચામરનરનિકરૈઃ સેવ્યમાનં જિનેંદ્રમ્ ॥૮॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં અજિતનાથના જિનાલયનો ઉલ્લેખ થયો છે. પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ થયો નથી. અજિતનાથ અને પાર્શ્વનાથનું સંયુક્ત જિનાલય હોવાની સંભાવના વિશેષ છે અને તે જિનાલયમાં ચૌમુખજી વિદ્યમાન હશે એટલે ક્યારેક અજિતનાથ સાથે ચૌમુખજીનો ઉલ્લેખ થયેલો છે તો ક્યારેક પાર્શ્વનાથ સાથે ચૌમુખજીનો ઉલ્લેખ થયેલો છે. **સં૰ ૧૯૬૩**માં અજિતનાથના જિનાલયમાં એકવીસ આરસપ્રતિમા અને આઠ ધાતુપ્રતિમા હતી. જિનાલય એક શિખરવાળું હોવાનું દર્શાવ્યું છે. જિનાલયની સ્થિતિ સારી હતી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૨૦૦૮માં પાર્શ્વનાથની સાથે ચૌમુખજીનો ઉલ્લેખ થયેલો છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ભીડભંજન પાર્શ્વનાથ તરીકે થયેલો છે. જિનાલયને ઘુમ્મટબંધી દર્શાવ્યું છે. જિનાલયમાં અઢાર આરસપ્રતિમા અને ચાળીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. વહીવટ શેઠ ધરમચંદ ઉદયચંદની પેઢી હસ્તક હતો.

આજે જિનાલયમાં તેર આરસપ્રતિમા તથા પચાસ ધાતુપ્રતિમા બિરાજમાન છે. વહીવટ પંચાસરા પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ હસ્તક છે.

અમારી માન્યતા પ્રમાણે ભીડભંજન પાર્શ્વનાથનું આ જિનાલય **સં૰ ૧૯૫૯ પૂર્વે**નું છે. **સં૰ ૧૭૭૭ પૂર્વે**નું હોવાનો સંભવ છે પણ તે પુરવાર કરવા માટે વધુ સંશોધનની તથા અન્ય આધારભૂત પુરાવાઓની જરૂર છે.

• • •

પંચાસરા પાર્શ્વનાથના જિનાલયનું કંપાઉંડ, પીપળાશેરી

મહાવીરસ્વામી (સં૰ ૧૯૬૩ પૂર્વે)

પીપળાશેરીમાંના શ્રી પંચાસરા પાર્શ્વનાથના જિનાલયના વિશાળ કંપાઉંડના ખૂણામાં શ્રી મહાવીરસ્વામીનું ઘુમ્મટબંધી સુંદર રંગકામયુક્ત જિનાલય આવેલું છે. મુખ્ય પ્રવેશદ્વારની ઉપરની દીવાલો, બારસાખ તથા થાંભલાઓ ઉપર સુંદર રંગસભર કોતરણી છે. થાંભલા ઉપર રંગીન પૂતળીઓ તથા કમાનો પણ રંગસભર છે. ટૂંકમાં પ્રવેશદ્વારનો બહારનો ભાગ આકર્ષક બનાવેલો છે. આ જિનાલયમાં ત્રણ જુદી જુદી દિશાઓમાં ત્રણ અલગ-અલગ ગભારાઓ છે. ૧. મૂળનાયક શ્રી મહાવીરસ્વામીનો ગભારો, ૨. જમણી બાજુ શ્રી સુપાર્શ્વનાથનો ગભારો અને ૩. અન્ય ગભારો.

રંગમંડપની છતની ધારી ઉપર સુંદર ફૂલો, વૃક્ષો, કુમારિકાઓનાં નાનાં શિલ્પો રંગકામયુક્ત છે. મુખ્ય ગર્ભદ્વારની બારસાખ તેમજ દ્વાર ઉપર પિત્તળમાં કોતરણી છે. અહીં મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની ૧૯" ઊંચાઈ ધરાવતી પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. મૂળનાયકની આજુબાજુના શ્રી આદેશ્વર તથા શ્રી નમિનાથની પ્રતિમાઓ જોગીવાડા શ્રી શામળા પાર્શ્વનાથના જિનાલયમાં પ્રતિષ્ઠિત કરવા સં૰ ૨૦૫૧માં આપવામાં આવેલ છે. ગભારામાં સં૰ ૧૯૫૫નો લેખ ધરાવતી આરસનાં પગલાંની એક જોડ છે. અહીં ત્રણ આરસપ્રતિમા તથા અઠ્યાવીસ ધાતુપ્રતિમા છે.

રંગમંડપમાં પ્રવેશતાં, મૂળનાયકની ડાબી બાજુએ અન્ય એક ગભારો છે જેમાં મધ્યે ૧૫" ઊંચાઈ ધરાવતી આરસપ્રતિમા બિરાજે છે. પ્રતિમા પર લાંછન ઘસાઈ ગયું હોવાથી નામ જાણી શકાતું નથી. અહીં કુલ પાંચ આરસપ્રતિમા તથા અગિયાર ધાતુપ્રતિમા છે. ગભારાની ત્રણે દીવાલો પર નાના ટુકડાઓમાં અરીસાઓ જડેલા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જમણી બાજુએ પણ અન્ય એક ગભારો છે જેમાં શ્રી સુપાર્શ્વનાથની ૩૧" ઊંચાઈ ધરાવતી પ્રતિમા મધ્યે બિરાજે છે. અહીંથી પણ આજુબાજુની શ્રી શાંતિનાથ તથા શ્રી વિમલનાથની બે આરસપ્રતિમા જોગીવાડાના શ્રી શામળા પાર્શ્વનાથના જિનાલયમાં પધરાવવામાં આવી છે. ઉપરાંત શ્રી મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા પણ અન્ય એક ઠેકાણે પધરાવેલી છે. અહીં કુલ બે આરસપ્રતિમા તથા પંદર ધાતુપ્રતિમા છે.

રંગમંડપમાં ડાબી બાજુની દીવાલમાં એક નાનો ગોખ છે જેમાં એક નાગરાજની શિલ્પાકૃતિ છે. જાણે એક ફણા, ત્રણ શરીર જેવું દેખાય છે. તીર્થંકર પરમાત્માની પ્રતિમાના નવ અંગે જેમ પૂજા માટે ટીકા લગાવવામાં આવે છે તે રીતે આ રચના પર પણ નવ ટીકા લગાવવામાં આવ્યા છે. તેની તરત નીચેના ભાગમાં નાગરાજને વંદન કરતા બે મનુષ્યો બેઠેલા દેખાય છે. શ્રાવણ વદ પાંચમ(નાગપાંચમ)ના દિવસે અહીં મેળો ભરાય છે અને લોકો દર્શનાર્થે પધારે છે. ચમત્કારિક માનીને તેને શ્રદ્ધાળુ ગામવાસીઓ ભક્તિભાવપૂર્વક વંદન કરે છે.

ટૂંકમાં જિનાલયમાં, મૂળનાયકના ગભારામાં ત્રણ આરસપ્રતિમા, અઠ્યાવીસ ધાતુપ્રતિમા અને શ્રી સુપાર્શ્વનાથના ગભારામાં બે આરસપ્રતિમા તથા પંદર ધાતુપ્રતિમા અને અન્ય ગભારામાં પાંચ આરસપ્રતિમા અને અગિયાર ધાતુપ્રતિમા મળીને કુલ દસ આરસપ્રતિમા અને ચોપ્પન ધાતુપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

મહાવીરસ્વામી, ધર્મનાથ, સુપાર્શ્વનાથના સંયુક્ત જિનાલયનો ઉલ્લેખ સૌ પ્રથમ **સં૰ ૧૯૬૭**માં થયેલો છે.

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલકૃત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં પંચાસર વિસ્તારમાં ધર્મનાથના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં મહાવીરસ્વામીના જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. જિનાલયમાં સોળ આરસપ્રતિમા તથા આઠ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સાધારણ હતી અને વહીવટ શ્રી સંઘ હસ્તક હતો.

ત્યારબાદ **સં૰ ૨૦૧૦**માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં પંચાસરા પાર્શ્વનાથજીના કંપાઉંડમાં આવેલા મહાવીરસ્વામીના આ જિનાલયને ઘુમ્મટબંધી દર્શાવ્યું છે. સંભવ છે કે **સં૰ ૧૯૬૩** થી **સં૰ ૨૦૧૦** દરમ્યાન જિનાલયનો જીર્ણોદ્ધાર થયો હોય. જિનાલયમાં પંદર આરસપ્રતિમા અને પચાસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. ઉપરાંત તે સમયે સં૰ ૧૪૩૭ની સાલની શ્રાવક-શ્રાવિકાની એક મૂર્તિનો ઉલ્લેખ થયેલો છે. આજે પણ આ મૂર્તિ વિદ્યમાન છે. તે સમયે જિનાલયનો વહીવટ શેઠ ધરમચંદ ઉદયચંદની પેઢી હસ્તક હતો.

આજે જિનાલયનો વહીવટ શ્રી પંચાસરા પાર્શ્વનાથ દેરાસર ટ્રસ્ટ હસ્તક છે.

ટૂંકમાં મહાવીરસ્વામીનું આ જિનાલય **સં૰ ૧૯૬૩ પૂર્વે**નું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પંચાસરા પાર્શ્વનાથના જિનાલયનું કંપાઉંડ, પીપળાશેરી

ચિંતામણિ પાર્શ્વનાથ (સં. ૧૫૭૬ પૂર્વે)

શ્રી પંચાસરા પાર્શ્વનાથના જિનાલયના વિશાળ કંપાઉંડમાં આવેલાં પાંચ જિનાલયોમાં આ ઘુમ્મટબંધી જિનાલયનો પણ સમાવેશ થાય છે. જિનાલયને બે દિશામાં બે પ્રવેશદ્વાર છે અને બંને દ્વારની સામે જ બે ગભારા પણ છે. જાણે કે બન્ને જિનાલય અલગ હોય અને રંગમંડપ એક જ હોય તેવું લાગે છે. જો કે જિનાલય ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલય તરીકે પ્રચલિત છે.

મુખ્ય પ્રવેશદ્વારની ઉપરની દીવાલો તથા થાંભલા પર સુંદર રંગીન કોતરણી છે. મુખ્ય ગભારાની બારસાખ, દ્વાર તેની ઉપરની અને આસપાસની દીવાલો પર લગાડેલ પિત્તળમાં સુંદર કોતરકામ કરેલું છે. અહીં મુખ્ય ગભારામાં ૧૯" ઊંચાઈ ધરાવતી શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. મૂળનાયકની આજુબાજુ બે નવપદ યંત્ર લાખથી ચોંટાડેલા છે જે દૂરથી દેખાવમાં સુંદર લાગે છે. અહીં પાંચ આરસપ્રતિમા અને છવ્વીસ ધાતુપ્રતિમા છે. ઉપરાંત બુદ્ધ ભગવાનની ધાતુમૂર્તિ છે. ડાબે ગભારે શાંતિનાથ તથા જમણે ગભારે મુનિસુવ્રતસ્વામી બિરાજે છે. ઉપરાંત એક પથ્થરમાં જડી દીધેલ ચોવીસ તીર્થંકરોની ધાતુપ્રતિમાઓ છે.

રંગમંડપમાં મૂળનાયકની ડાબી બાજુ અન્ય ગભારામાં ૧૫" ઊંચાઈ ધરાવતી શાંતિનાથની પ્રતિમા બિરાજે છે. શાંતિનાથની પ્રતિમાના લાંછનની ઉપરના ભાગમાં 'ઉદયસાગરસૂરિભિઃ' – એ મુજબનું લખાણ વાંચી શકાય છે. આ ગભારમાં કુલ છ આરસપ્રતિમા તથા સોળ ધાતુપ્રતિમા બિરાજે છે. અહીં ડાબે ગભારે ધર્મનાથ તથા જમણે ગભારે શાંતિનાથ બિરાજે છે. મૂળનાયક શાંતિનાથની ડાબી બાજુ સુમતિનાથની શ્યામ પ્રતિમા તથા જમણી બાજુ ચંદ્રપ્રભુ બિરાજે છે.

આ જિનાલયની બાજુમાં જ મહાવીરસ્વામીનું જિનાલય આવેલું છે.

ઐતિહાસિક સંદર્ભ

ચિંતામણિ પાર્શ્વનાથ તથા શાંતિનાથનું સંયુક્ત જિનાલય પંચાસરા તીર્થના કંપાઉંડમાં જ આવેલું છે. આ જિનાલય **સં. ૧૫૭૬** થી **સં. ૧૭૭૭** સુધી ચિંતામણિપાડો એ નામના નજીકમાં જ આવેલા વિસ્તારમાં વિદ્યમાન હતું. તે વિસ્તારમાં જૈનોની વસ્તી નહિવત્ થતા પંચાસરા પાર્શ્વનાથ તીર્થના કંપાઉંડમાં આજે વિદ્યમાન છે તે જિનાલયમાં આ જિનાલયની પ્રતિમાને મૂળનાયક તરીકે બિરાજમાન કર્યા.

શાંતિનાથનું એક જિનાલય નજીકના જ વિસ્તારમાં આવેલા પીપલીયા પાડામાં કે પીપલાપાડામાં કે પીપલે નામના વિસ્તારમાં વિદ્યમાન હતું. આ વિસ્તારનું જિનાલય પણ પંચાસરા પાર્શ્વનાથ જિનાલયના કંપાઉંડમાં આવેલા જિનાલયમાં ખસેડવામાં આવ્યું હોવાની માહિતી સ્થાનિક તપાસમાં મળે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૫૭૬માં સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં ચિંતામણિ પાર્શ્વનાથનું જિનાલય **ચિંતામણિપાડા**માં તથા શાંતિનાથનું જિનાલય ખરતરપીપલે નામના વિસ્તારમાં વિદ્યમાન હતું :

..... **ચિંતામણિ** આપઇ આણંદો,
ચિંતામણિ પાસ જિણંદો.

.....
ખરતર પીપલિયાં ભવનિ પણમિઉ **સ્વામી સંતિ,**

સં૰ ૧૬૧૩માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ચિંતામણિ પાડા**માં ચિંતામણિ પાર્શ્વનાથ તથા **પીપલાપાડા**માં શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે :

પીપલ પાડઇ શાંતિ એકાદશ પ્રતિમા મૂરતિ મોહણ-વેલડી એ
બીજઇ પાડઇ પાંચ પ્રતિમા પૂજીઇ, **અજિતનાથ** જિન કેરડીઇ ૭૫

પૂજ રચી તિહાં અંગિ રંગિ આવીઆ, **ચિંતામણિ પાડા** ભણી એ
તિહાં પ્રતિમા જિન ત્રીસ **ધરણેંદપાસઇ** એ, પૂજા સારઇ જિન તણી એ ૭૬

સં૰ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ચિંતામણિપાડો** તથા **પીપલાપાડા**માં ઉપર્યુક્ત બે જિનાલયોનો ઉલ્લેખ મળે છે :

પાટક પીંપલા નામિ, **શાંતિ જિણેસર** ચ્યારિ પ્રતિમા અવર નમું એ.
અજિતાદિક જિન સાત, ચિંતામણિ એ સાહ વછૂ દહેરાસર નમું એ ॥૨૪॥

વિશ્વસેન કુલમાંહિં ચંદ, નંદ અનોપમ અચિરા રાણીં તેહ તણુ એ.
અવર વીસ જિણ પૂજી, આવ્યા **બીજઇ** એ **પાસ ચિંતામણિ** એ ભણુ એ ॥૨૫॥

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ચિંતામણિપાડા**માં શાંતિનાથ તથા ચંદ્રપ્રભુનાં જિનાલયો દર્શાવ્યાં છે. **પીપલે** નામના વિસ્તારમાં શાંતિનાથ તથા સાવકો પાર્શ્વનાથ – એમ બે જિનાલયો દર્શાવ્યાં છે :

પીપલે સાવકો પાર્શ્વનાથ, સડસઠ પ્રતિમા સોહે.
સડતાલીસ બિંબ **શાન્તિનાથ**, ભવિયણ મન મોહે ॥૯॥

ચિંતામણિ પાડા માંહી, **શાન્તિનાથ** વિરાજે.
પચવીસ પ્રતિમા તિહાં ભલી એ, દેખી દુઃખ પ્રભાજઇ ॥૧૦॥

બીજે ચન્દ્રપ્રભ, તિહાં પ્રતિમા વંદું.
દોસત સડસઠ ઉપરે, પ્રણમી પાપ નિકંદું ॥૧૧॥

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ચિંતામણિપાડા**માં ચિંતામણિ પાર્શ્વનાથ તથા પીપલીયાપાડામાં શાંતિનાથનું જિનાલય વિદ્યમાન હતું :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચિંતામણિ પાડા માંહિ, ભેટયા **ચિંતામણિ પાસ**. લ૦
રંગમંડપ ભલી કોરણી, અતિ ઉંચો જિન આવાસ. લ૦ ૬ પા૦

.....

પીપલીયા પાડા માંહિ, **શ્રી શાંતિ** જિનેશ્વર ભેટ્યા રે,
મોહન મૂરતિ નિરષતાં, દુખ દાલિદ્ર સવિ મેટ્યા રે. ૬ પા૦

ચિંતામણિપાડામાં ચિંતામણિ પાર્શ્વનાથનું ઘણું ઊંચું જિનાલય હતું અને તેમાં રંગમંડપમાં કોતરણી હોવાની પણ કવિ નોંધ કરે છે.

સં૦ ૧૯૫૯માં પં૦ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ સૌ પ્રથમ વાર પંચાસરા પાર્શ્વનાથના જિનાલયના કંપાઉંડમાં જોવા મળે છે.

વંદે **પંચાસરં** વૈ સુમતિજિનપતિં જ્ઞાતપુત્રં ચ ગોડી–
પાર્શ્વં ચિંતામણિં ચાજિતજિનપતિમત્રાહમૌચિત્યયુક્તઃ ।

સં૦ ૧૯૫૯માં ચિંતામણિપાડો કે પીપલીયાપાડાનો ઉલ્લેખ મળતો નથી. જ્યારે એ જ જિનાલયો પંચાસરાના કંપાઉંડમાં વિદ્યમાન હોવાનો **સં૦ ૧૯૫૯**માં ઉલ્લેખ મળે છે. એટલે કે ચિંતામણિપાડામાં અને પીપલીયાપાડામાં જૈનોની વસ્તી નહિવત્ થઈ જવાને કારણે એ જિનાલયો બાજુમાં જ આવેલા પંચાસરા પાર્શ્વનાથના જિનાલયના કંપાઉંડમાં સ્થળાંતર પામ્યાં.

સં૦ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયને તથા શાંતિનાથના જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાં દસ આરસપ્રતિમા અને બત્રીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી અને વહીવટ શ્રી સંઘ હસ્તક હતો. શાંતિનાથના જિનાલયમાં સોળ આરસપ્રતિમા અને સત્તાવીસ ધાતુપ્રતિમા તથા પગલાંની એક જોડનો પણ ઉલ્લેખ થયેલો છે. જિનાલયની સ્થિતિ સારી હતી અને વહીવટ શાહ ઉમેદચંદ લાલચંદ હસ્તક હતો.

સં૦ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે. શાંતિનાથના સંયુક્ત જિનાલયનો ઉલ્લેખ થયેલો નથી. ચિંતામણિ પાર્શ્વનાથનું જિનાલય ઘુમ્મટબંધી દર્શાવ્યું છે. ત્યારે દસ આરસપ્રતિમા અને છત્રીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી અને વહીવટ શેઠ ધરમચંદ ઉદયચંદની પેઢી હસ્તક હતો.

આજે જિનાલયમાં કુલ અગિયાર આરસપ્રતિમા અને બેતાળીસ ધાતુપ્રતિમા બિરાજે છે. જિનાલયનો વહીવટ પંચાસરા પાર્શ્વનાથ દેરાસર ટ્રસ્ટ હસ્તક છે.

અમારી માન્યતા પ્રમાણે ચિંતામણિ પાર્શ્વનાથ અને શાંતિનાથનાં જિનાલયો **સં૦ ૧૫૭૬** પૂર્વેના છે. જો કે આ અંગે વધુ સંશોધનની જરૂર છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પંચાસરા પાર્શ્વનાથના જિનાલયનું કંપાઉંડ, પીપળાશેરી

નવખંડા પાર્શ્વનાથ (સં૰ ૧૯૬૩ પૂર્વે)

પીપળાશેરીમાંના શ્રી પંચાસરા પાર્શ્વનાથના જિનાલયના વિશાળ કંપાઉંડમાં શ્રી નવખંડા પાર્શ્વનાથનું ઘુમ્મટબંધી અતિ નાનું જિનાલય આવેલું છે. આ જિનાલયની પાસે અન્ય ત્રણ જિનાલયો તથા એક ગુરુમંદિર આવેલાં છે.

અત્રે આરસની છત્રીમાં ૧૭" ઊંચાઈ ધરાવતી શ્રી નવખંડા પાર્શ્વનાથની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. પ્રતિમા પર કોઈ લેખ નથી. બે ચૌમુખજી પ્રતિમાઓ તથા અન્ય ત્રણ પ્રતિમાઓ છે. કુલ એકાવન ધાતુપ્રતિમા છે. ઉપરાંત, એક સ્ફટિકની પ્રતિમા મૂળનાયકની બેઠકની નીચેના ભાગમાં આવેલી છે. આ પ્રતિમા પહોળા અને બેઠા કદની છે. ગોળા જેવું એક અન્ય સ્ફટિક દીવાલે જડેલું છે. વળી, અહીં અત્યંત નાનાં પગલાંની એક જોડ છે. બે ચૌમુખજી પૈકી એક ચૌમુખજી અશોકવૃક્ષની નીચે બેઠેલી અવસ્થામાં છે. મૂળનાયકની ડાબી બાજુ આવેલ ચૌમુખજીના શિખર પર સં૰ ૧૫૨૮નો લેખ છે. ધાતુના કમળની છૂટી પાંદડીઓ પર પ્રતિમાઓ છે. અહીં રહેલાં યંત્રો પૈકી એકમાં મુનિ દાનસૂરિ, આણંદવિમલસૂરિ અને ઉપાધ્યાય વિદ્યાસાગરનાં પગલાં છે. ઉપરાંત એક અત્યંત નાનાં પગલાં છે.

ગભારામાં થોડાક ખંડિત અવશેષો પણ છે. દા.ત. સર્પની ફેણનો તૂટેલો ભાગ, પરિકરમાંની પ્રતિમાનો છૂટો પડેલો ભાગ, કાઉસ્સગ્ગ પ્રતિમા તથા સં૰ ૧૪૩૦નો લેખ ધરાવતી એક રાજા અને બે રાણી સહિતની મૂર્તિની પેનલ અને શસ્ત્રધારી એક શ્રાવિકાની મૂર્તિ છે.

ઐતિહાસિક સંદર્ભ

આ જિનાલયનો ઉલ્લેખ સૌ પ્રથમ **સં૰ ૧૯૬૩**માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં મળે છે. તે સમયે જિનાલય ધાબાબંધી હોવાનું દર્શાવ્યું હતું. અહીં એક આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી અને વહીવટ શ્રીસંઘ હસ્તક હતો.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં પંચાસરા પાર્શ્વનાથજીના કંપાઉંડમાં નવખંડા પાર્શ્વનાથના જિનાલયને ઘુમ્મટબંધી દર્શાવ્યું છે. જિનાલયમાં એક આરસપ્રતિમા અને બાસઠ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. ઉપરાંત સ્ફટિકની બે પ્રતિમાઓ તથા શ્રાવક-શ્રાવિકાની એક મૂર્તિનો પણ ઉલ્લેખ થયેલો છે. એ મૂર્તિ પર સં૰ ૧૪૩૦નો લેખ છે. જિનાલયની સ્થિતિ સારી હતી અને વહીવટ શેઠ ધરમચંદ ઉદયચંદની પેઢી હસ્તક હતો.

આજે ત્રણ આરસપ્રતિમા તથા બે ચૌમુખજી — એમ કુલ છ પ્રતિમાઓ છે અને એકાવન ધાતુપ્રતિમા છે. ઉપરાંત ખૂબ જ નાનાં પગલાંની જોડ છે. વહીવટ પંચાસરા પાર્શ્વનાથ દેરાસર ટ્રસ્ટ હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૯૬૩ પૂર્વે**નું છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુરુમંદિર

પંચાસરા પાર્શ્વનાથનું કંપાઉંડ, પીંપળાશેર

પીપળાશેરીમાં પંચાસરા પાર્શ્વનાથના કંપાઉંડમાં પ્રવેશતાં ભીડભંજન પાર્શ્વનાથ, મહાવીરસ્વામી, ચિંતામણિ પાર્શ્વનાથ તથા નવખંડા પાર્શ્વનાથનાં જિનાલયોની બાજુમાં ગુરુમંદિર આવેલું છે.

ત્રણ દ્વારયુક્ત આ ગુરુમંદિરમાં મધ્યે આ૦ શ્રી હીરવિજયસૂરિ મ૦ સા૦ની આરસની ગુરુમૂર્તિ બિરાજે છે. આ મૂર્તિ પરના લેખમાં સં૦ ૧૬૨૨ મહો૦ સોમવિજયગણિનો ઉલ્લેખ છે. તેની જમણી બાજુ આ૦ શ્રી વિજયદેવસૂરિ મ૦ સા૦ તથા ડાબી બાજુ વિજયસેનસૂરિની ગુરુમૂર્તિ બિરાજે છે. આ બંને મૂર્તિઓ પર સં૦ ૧૬૬૪નો લેખ છે. આ૦ શ્રી વિજયસેનસૂરિની મૂર્તિની બાજુમાં આ૦ શ્રી વિજયસિદ્ધિસૂરિની મૂર્તિ બિરાજમાન છે. તેના પર સં૦ ૧૫૯૮નો લેખ છે. આ મૂર્તિની બાજુમાં આરસનાં પગલાંની એક જોડ છે.

જમણે દ્વાર સન્મુખ આ૦ શ્રી દેવચંદ્રસૂરિની ગુરુમૂર્તિ છે. તેઓની જમણી બાજુ આ૦ શ્રી કક્કસૂરિ તથા ડાબી બાજુ આ૦ શ્રી યશોદેવસૂરિની મૂર્તિ છે. આ૦ શ્રી કક્કસૂરિની મૂર્તિ પર સં૦ ૧૪૫૨ (જુઓ ફોટોગ્રાફ નં૦ ૮) તથા આ૦ શ્રી યશોદેવસૂરિની મૂર્તિ પર સં૦ ૧૩૮૭નો લેખ છે. અહીં આઠ પગલાંની જોડ છે તથા સં૦ ૧૫૨૪નો લેખ ધરાવતી તીર્થંકરની આરસપ્રતિમા છે.

ડાબે દ્વાર સન્મુખ આ૦ શ્રી વલ્લભસૂરિ, તેમની જમણી બાજુ પ્રવર્તક કાંતિવિજયજી તથા જમણી બાજુ શાંતમૂર્તિ હંસવિજયજીની મૂર્તિ છે. આ દરેક મૂર્તિઓ પર સં૦ ૨૦૧૧ના લેખ છે. અહીં પણ એક પ્રતિમા વિશિષ્ટ પ્રકારની છે. આ પ્રતિમાના પાછળના ભાગમાં ઓઘો છે. આ પ્રતિમાની બાજુમાં જ જુગસૂરિના ભ્રાતૃ પં૦ રતનની સં૦ ૧૩૪૯નો લેખ ધરાવતી નવકારવાળી મુદ્રામાં પ્રતિમા છે.

• • •

અષ્ટાપદ

ચંદ્રપ્રભુ (સં૦ ૧૫૭૬ પૂર્વે)

સુપાર્શ્વનાથ (સં૦ ૧૭૭૭ પૂર્વે)

પીપળાશેરીમાં કેશવચંદ પૌષધશાળાની બરોબર બાજુમાં જ અષ્ટાપદની ધર્મશાળામાં જવાનું ડહેલું છે. ડહેલાંની સામે જ જિનાલય અને ગુરુમંદિર નજરે પડે છે. આ જિનાલયની રચના સમજવા જેવી છે. ડહેલાંની સામે જે દેખાય છે તે ગુરુમંદિર છે. તેની ઉપર બે દેવકુલિકાવાળું ચંદ્રપ્રભુનું જિનાલય છે. ઉપરના આ જિનાલયમાં જવા માટે ગુરુમંદિરમાંથી રસ્તો નથી અને અસલ અષ્ટાપદનું જિનાલય તો તેની ડાબી બાજુ અર્થાત્ ડહેલામાં પ્રવેશતાં જમણી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બાજુના ખૂણામાં આવેલું છે. એમાં બે રીતે પ્રવેશી શકાય. જો પહેલાં ગુરુમંદિરમાં જઈએ તો ગુરુમંદિરની બહાર દાદર છે. ત્યાંથી ઉપર તરફ જઈ આપણી જમણી બાજુ વળીએ એટલે ગુરુમંદિરની ઉપરનું ચંદ્રપ્રભુનું જિનાલય આવે અને સીધા જઈએ તો અષ્ટાપદના જિનાલયના વિશાળ રંગમંડપમાં પ્રવેશ પામીએ. અષ્ટાપદનું જિનાલય બે માળનું એટલે કે ભોંયરાવાળું છે. ભોંયરામાં શ્રી સુપાર્શ્વનાથનું જિનાલય છે અને ઉપર શ્રી ચંદ્રપ્રભુનું જિનાલય છે. ચંદ્રપ્રભુના જિનાલયની બહારના ભાગે અષ્ટાપદ તથા મેરુ પર્વતની રચના છે જેને કારણે આ જિનાલય અષ્ટાપદના જિનાલય તરીકે ઓળખાયું છે. આમ અહીં એક ગુરુમંદિર અને ચાર જિનાલયો (૧. ગુરુમંદિરની ઉપર આવેલું શ્રી ચંદ્રપ્રભુનું જિનાલય, ૨. સુપાર્શ્વનાથનું જિનાલય (ભોંયરામાં), ૩. સુપાર્શ્વનાથના જિનાલયની ઉપર આવેલું ચંદ્રપ્રભુનું જિનાલય અને ૪. ચંદ્રપ્રભુના જિનાલયની બહાર અષ્ટાપદનો ગભારો.) હવે આ સંયુક્ત જિનાલયના બધા વિભાગોનું વર્ણન જોઈએ.

ગુરુમંદિર

ડહેલાની બિલકુલ સામે દેખાય છે તે ગુરુમંદિર છે. અહીં ત્રણ ગુરુમહારાજની મૂર્તિઓ છે. મધ્યે જે ગુરુમૂર્તિ છે તેની ઉપર નીચે મુજબનો લેખ છે :

"સંવત ૧૪૨૯ વર્ષે માઘ વદી ૦) સોમે શ્રી કાલિકાચાર્યસંતાને શ્રી ભાવદેવાચાર્યગચ્છે શ્રી વિજયસિંહસૂરિ પટ્ટાલંકાર શ્રી વીરસૂરિણાં મૂર્તિઃ શ્રી જિનદેવસૂરિ પ્ર૰ ।

જમણી બાજુની ગુરુમૂર્તિ પર નીચે મુજબનું લખાણ છે :

"સં૰ ૧૪૨૦ વર્ષે વૈશાખ સુદિ ૧૦ શુક્રે શ્રી બ્રહગણગચ્છે શ્રી પ્રયાગસૂરિસંતાને શ્રી .લગ..સૂરિ ૫... જગ.. મૂર્તિઃ ...."

ડાબી બાજુની મૂર્તિ પર લેખ નથી.

જમણી બાજુના ગોખમાં શેઠ શેઠાણીની કે રાજા રાણીની મૂર્તિ છે. તેનો લેખ નીચે પ્રમાણે છે :

"સંવત ૧૪૩૪ વર્ષે .. શ્રી સારંગ ભાર્યા સિંગારદેવી .... પ્રાસાદે સયરેલ ૫.. મૂર્તિ .દ. સહિતેન કારાપિતં પ્રતિષ્ઠિતં ચ ।"

જમણી બાજુના ગોખની સામેની બાજુની દીવાલે જીર્ણ થયેલ સાધ્વીજીની મૂર્તિનો લેખ નીચે પ્રમાણે છે :

"સંવત ૧૨૫૫ કાર્તિક વદિ ૧૧ બુધે દેમતીગણિ ..ણિ ના .." (જુઓ ફોટોગ્રાફ નં૰ ૧૧)

ગુરુમૂર્તિઓની આગળ પગલાંની બાર જોડ છે. સારંગની મૂર્તિની નીચે ૧. નેમસાગર ૨. સુખસાગર અને ૩. રવિસાગરના પગલાં છે. અહીં સં૰ ૧૯૭૪ વૈશાખ શુક્લ ષષ્ઠી લખેલ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વચ્ચે ગુરુમૂર્તિઓ છે તેની નીચે જે પગલાં છે તેની ઉપર સં૰ ૧૭૭૮ કારતક સુદિ ૧૩ લખેલ છે અને તે અનુક્રમે નીચેના ગુરુઓનાં છે : ભટ્ટારક વિજયસેનસૂરિ, વિજયદેવસૂરિ, વિજયપ્રભસૂરિ, આચાર્ય વિજયસિંહસૂરિ, મહોપાધ્યાય શ્રી કીર્તિવિજય, પં૰ શ્રી રૂપવિજયગણિ અને ભાવવિજય.

ડાબી બાજુ – સારંગની સામેની દીવાલે પગલાં છે તેની નીચે સં૰ ૧૯૭૪ લખેલ છે અને શ્રી માનહેમચંદ્રસૂરિનું નામ છે.

ચંદ્રપ્રભુ (ગુરુમંદિરની ઉપર)

આ જિનાલયની બહારની બન્ને બાજુએ એક એક દેવકુલિકા આવેલી છે. બન્ને દેવકુલિકામાં મૂળનાયક શ્રી આદેશ્વરની મોટા કદની પ્રતિમાઓ છે. અહીં બન્નેમાં ધાતુપ્રતિમા કે યંત્રો નથી. આરસપ્રતિમા બન્ને સ્થળે કુલ ત્રણ ત્રણ છે.

જિનાલયમાં ૧૩" ઊંચાઈ ધરાવતી શ્રી ચંદ્રપ્રભુની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. જમણે ગભારે શ્રી સંભવનાથ અને ડાબે ગભારે શ્રી પદ્મપ્રભુ બિરાજમાન છે. ત્રણે પ્રતિમા પર સમાન લેખ કોતરેલો છે. લેખમાં સં૰ ૧૯૯૪ વૈ૰ સુ૰ ૪ અને પ્રતિષ્ઠા કરાવનાર વિજયનેમિસૂરિના પટ્ટાલંકાર વિજયોદયસૂરિનો નામોલ્લેખ છે. તદુપરાંત ઝવેરચંદ સુત જેશંગ તથા ધર્મપત્ની ચંપાનો ઉલ્લેખ પણ છે. અહીં પણ ધાતુપ્રતિમા કે યંત્રો નથી. કુલ બાર આરસપ્રતિમા છે. અર્થાત્ દેવકુલિકા સાથે આ જિનાલયમાં અઢાર આરસપ્રતિમા છે.

સુપાર્શ્વનાથ (ભોંયરામાં)

ગુરુમંદિરની બાજુમાં અને ચંદ્રપ્રભુ અને અષ્ટાપદનાં જિનાલયો છે. તેની નીચેના ભોંયરામાં ૫૫" ઊંચાઈ ધરાવતી, કલાત્મક પરિકરવાળી શ્રી સુપાર્શ્વનાથની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ સાત આરસપ્રતિમા છે. ઉપરાંત ત્રણ પેનલમાં થઈને કુલ ચૌદ આરસપ્રતિમા પૈકી પાંચ કાઉસ્સગ્ગિયા અને નવ નાના પ્રતિમા છે. અહીં ધાતુપ્રતિમા નથી.

મૂળનાયકની પ્રતિમા પર લેખ છે. તેમાં "સં૰ ૧૬૫૯ વર્ષે વૈશાખ વદિ ૬ ગુરૌ શ્રી પત્તનનગરે સો૰ ગાંગા ભાર્યા હીરુ સુત સો૰ દેવચંદ ભાર્યા મટકુ સુત સો૰ તેજપાલનામ્ના ભાર્યા અપુ પુત્ર સો૰ વિદ્યાધર સો૰ લહુઆ પ્રમુખપરિવારયુતેન સ્વશ્રેયસે શ્રી સુપાર્શ્વબિંબં કારિતં પ્રતિષ્ઠિતં ચ શ્રીતપાગચ્છે ભ૰ શ્રી હેમવિમલસૂરિ પટ્ટાલંકાર ભ૰ શ્રી આનંદવિમલસૂરિ પટ્ટમુકુટમણિ ભ૰ શ્રી વિજયદાનસૂરિપટ્ટ કોટીરહીરભટ્ટારક શ્રી હીરવિજયસૂરિ પટ્ટમકરાકર સુધાકર ભટ્ટારક શ્રી પરંપરાપુરંદરસુવિહિતં ....." વંચાય છે.

મૂળનાયકની જમણે ગભારે શ્રી પાર્શ્વનાથની પ્રતિમા પરના લેખમાં "સં૰ ૧૬૭૦ વર્ષે વૈ૰ સુ૰ ૫ શ્રી વિજયસેનસૂરિભિઃ ....." એમ વંચાય છે. ડાબે ગભારે શ્રી મહાવીરસ્વામી બિરાજે છે.

રંગમંડપ વિશાળ – વીસ ચોકીવાળો – છે. અહીં અંબિકાદેવીની પ્રાચીન આરસમૂર્તિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે. તેના પર નીચે મુજબનો લેખ છે :

"સંવત્ ૧૩૬૧ ફાલ્ગુન શુદિ ૩ ગુરવાદ્યેહ શ્રી સ ઉકેશ શ્રીમદ્રચંદ્રકુલે શ્રી .. ગુલખેડમહા.. નસ મુ ..... આચાર્ય શ્રી વર્ધમાનસૂરિ સંતાને સા ..... સૂરિ શિષ્ય ણિંબાઈ સુહવ આત્મશ્રેયસે શ્રી અંબિકાદેવી મૂર્તિ કારાપિતા શ્રી સોમસૂરિશિષ્યઃ શ્રી સિરદેવ-સૂરિભિઃ પ્રતિષ્ઠિત । છ છ છ ॥"

આ જિનાલયમાંની સાત પ્રતિમાઓ અન્ય સ્થળે પધરાવવામાં આવી છે તેની વિગતો નીચે મુજબ છે :

ક્રમ	નામ	ઊંચાઈ	સ્થળ	સાલ	વિ૰ નોંધ
૧.	ચંદ્રપ્રભુ	૩૭"	પાલીતાણા	૧૯૯૬	પૂ૰ મેરુપ્રભસૂરિના સ્મૃતિ મંદિરમાં
૨.	આદેશ્વર	૩૫"	પૂના	૧૯૯૬	
૩.	નેમિનાથ	૩૩"	ડોંબીવલી (પૂર્વ)		
૪.	નેમિનાથ	૪૩"	કોકા (કર્ણાટક)	૧૯૯૭	સફેદ આરસની
૫.	નેમિનાથ	૩૯"	મુંબઈ	૧૯૯૫	ગોવંડીના જિનાલયમાં
૬.	નેમિનાથ	૩૭"	ગાંધીનગર	૧૯૯૬	શ્યામ આરસની
૭.	મુનિસુવ્રતસ્વામી	૩૩"	ડોંબીવલી		સફેદ આરસની

ચંદ્રપ્રભુ

અષ્ટાપદના ડહેલામાં પ્રવેશતાં, જમણી બાજુએ છેક ખૂણામાં બે મજલાનું શ્રી ચંદ્રપ્રભુનું ઘુમ્મટબંધી જિનાલય શ્રી સુપાર્શ્વનાથના ભોંયરાની ઉપર આવેલું છે. જિનાલયમાં પ્રવેશવાના પગથિયાં પાસે હાથીનાં બે શિલ્પો છે. પગથિયાં ચડ્યા બાદ પ્રવેશદ્વારની આજુબાજુ બે ઝરૂખા પ્રકારની બારીઓ છે. પ્રવેશદ્વારમાંથી અંદર જતાં સામે જ શ્રી માણીભદ્રવીરની દેરી દેખાય છે. આ દેરીની જમણી બાજુએ શ્રી સુપાર્શ્વનાથના ભોંયરામાં જવાનો રસ્તો છે.

આ જિનાલયનો રંગમંડપ અતિ વિશાળ છે. રંગીન થાંભલાની કમાનો પાસે વાદ્યગાન કરતી પૂતળીઓનાં શિલ્પો છે. રંગમંડપમાં આજુબાજુ તથા સામસામે મળીને કુલ ચૌદ ગોખ આવેલા છે. આ પૈકી મૂળનાયકની સામેના બે ગોખ પ્રતિમા વિનાના ખાલી છે. બાકીના ગોખમાં કુલ મળીને અગિયાર આરસપ્રતિમા છે જે પૈકી એક શ્યામ પ્રતિમા કાઉસ્સગ્ગ મુદ્રામાં છે. તથા એક ધાતુપ્રતિમા છે.

ગભારામાં ૨૧" ઊંચાઈ ધરાવતી સુંદર કોતરણીયુક્ત પરિકરવાળી શ્રી ચંદ્રપ્રભુની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. પ્રતિમાલેખ નથી. અહીં એક કાઉસ્સગ્ગ મુદ્રા સહિતની કુલ નવ આરસપ્રતિમા અને સત્તાવીસ ધાતુપ્રતિમા છે. ડાબે ગભારે મુનિસુવ્રતસ્વામી તથા જમણે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગભારે આદેશ્વર બિરાજમાન છે.

અહીંથી અન્યત્ર પ્રતિમાઓ પધરાવવામાં આવેલ છે તેની વિગત નીચે પ્રમાણે છે :

ક્રમ	નામ	ઊંચાઈ	સ્થળ	સાલ	વિ૰ નોંધ
૧.	સુમતિનાથ	૧૫"	દહીસર		મૂળનાયકની જમણી બાજુની પ્રતિમા (વાસુપૂજ્ય જૈન શ્વે૰ મૂ૰ પૂ૰ સંઘ)
૨.	નેમિનાથ	૨૭"	ભીંવડી (થાણા)	૧૯૯૭	
૩.	આદેશ્વર	૪૧"	પૂના	૧૯૯૬	(શ્રી શત્રુંજય ભક્તામર ટેમ્પલ ટ્રસ્ટ શ્રી જૈન શ્વે૰ મૂ૰ પૂ૰ સંઘ)
૪.	આદેશ્વર	૨૪"	અમદાવાદ	૧૯૯૬	મૂળનાયકની ડાબી બાજુની પ્રતિમા (નરોડા, જૈન સંઘ)
૫.	આદેશ્વર	૩૯"	ડોંબીવલી(પૂર્વ)	૧૯૯૬	શાંતિનગર, થાણા

અષ્ટાપદ

શ્રી ચંદ્રપ્રભુના ગભારાની તથા રંગમંડપની સામે જ અષ્ટાપદજીનું નામ આ જિનાલયને મળ્યું છે તે અષ્ટાપદ તથા મેરુશિખરની રચનાવાળો ગભારો છે. આને અલગ જિનાલય ગણવામાં આવતું નથી. ખુલ્લા ચોકમાં આવેલું હોવાથી તાપ અને વર્ષોથી રક્ષણ માટે ઉપરની બાજુએ કાચથી બંધ કરેલ છે. દીવાલો પર ટાઇલ્સ જડેલ છે જે બાજુ દસ પ્રતિમા છે ત્યાંથી જો બહાર નીકળીએ તો સામે ગુરુમંદિરના ઉપરના દેવકુલિકાવાળા ચંદ્રપ્રભુના જિનાલયમાં જઈ શકાય છે. અષ્ટાપદની રચના છે તેની સામે જ મેરુપર્વતની રચના છે. અષ્ટાપદના ૪+૮+૧૦+૨= ૨૪ અને મેરુપર્વતની રચના પરના ચાર મળીને કુલ અહીં અઠ્ઠાવીસ પ્રતિમાઓ છે.

અષ્ટાપદ રચનામાં સંભવનાથની પ્રતિમા પરના લેખમાં સં૰ ૧૮૪૪ અને આચાર્ય વિજયદેવસૂરિ અને પદ્મવિજયગણિનાં નામ વંચાય છે જ્યારે અન્ય પ્રતિમા પર સંવત વાંચી શકાતી નથી. પણ આચાર્ય ભગવંતોનાં નામ વાંચી શકાય છે.

અષ્ટાપદ રચનામાં જે બાજુ બે પ્રતિમાઓ બિરાજમાન છે તે આદેશ્વર અને અજિતનાથની છે અને તે અનુક્રમે ૧૭" અને ૧૯" ઊંચાઈ ધરાવે છે. આ બે પ્રતિમાઓના સામેના ભાગે જ પાંચ મેરુશિખરની રચના છે. તેમાં બિરાજમાન પાંચ ચૌમુખીની પ્રતિમા ઘણી પ્રાચીન જણાય છે. ત્યાં કોઈ લેખ નથી.

ઐતિહાસિક સંદર્ભ

અષ્ટાપદના આ જિનાલયમાં આજે ચંદ્રપ્રભુ, ભોંયરામાં સુપાર્શ્વનાથ, ચંદ્રપ્રભુ, આદેશ્વર, આદેશ્વર, અષ્ટાપદ, મેરુશિખર તથા ગુરુમંદિરની રચના છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ જિનાલયનો ચૈત્યપરિપાટીમાં સૌ પ્રથમ ઉલ્લેખ **સં. ૧૫૭૬**માં સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં થયેલો છે :

અષ્ટાપદિ ચંદ્રપ્રભ દેવ, નર નરપતિ બહુ સારઇ દેવ,
ઊપનઉ ઊલટ હેવ.

અષ્ટકરમ ચૂરઇ અઠ્ઠમ જિણ, દીઠઉ નયણે ધન્ન તિ અમ્હ દિન,
જગબંધવ જગદેવ. ૧૪

વાજઇ મદ્દલ અતિહિં રસાલ, તિવલી તાલ અનઇ કંસાલ,
ગાવઇ અપછર બાલ.

આરતી મંગલે ઉઝમાલ, ચરચઇ ચંદનિ ગુણે વિસાલ,
પ્રભુતનુ અતિ સુકમાલ. ૧૫

ત્યારબાદ **સં. ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં અષ્ટાપદ વિસ્તારમાં ચંદ્રપ્રભુનાં બે જિનાલયો ઉપરાંત પાંચ ઘરદેરાસરોનો ઉલ્લેખ થયેલો છે. ૧. શાંતિનાથ (સાહ મેઘાના ઘરે), ૨. ચંદ્રપ્રભુ (ઠાકર હરષાના ઘરે), ૩. પાર્શ્વનાથ (નરસંગ ઠાકરના ઘરે), ૪. ચંદ્રપ્રભુ (આસા ઠાકરનું) અને ૫. પાર્શ્વનાથ (હાંસા ઠાકરના ઘરે).

જન્મ કરુ સપવિત્ર ભાવના ભાવીઇ એ, **અષ્ટાપદ** ભણી સાંચર્યા એ
પ્રતિમા એકસુ સાઠિ સાત ઊપરિ કહી, **ચંદપ્રભુ** તિહાં પરવર્યા એ ૮૦

તોરણ તણૂય મંડાણ થાભે કોરણીઅ, પત્થર જામલિ પૂતલી એ
કરતી નાટારંભ જિનવર, આગલિ દીઠઇ મનિ પૂગી રલી એ ૮૧

સહા મેઘા ઘરમાંહિ **શાંતિ** જિણેસર, ત્રણિ પ્રતિમા મનસું ધરી એ
મગતાફલમઇ હાર પૂજી દીસઇએ, સોવનિમઇ ફૂલઇ કરી એ ૮૨

ઠાકર હરષા ઘરિ ફટિક રત્ન પ્રતિમા, **ચંદપ્રભ** જિનવર તણી એ
તિહાં પ્રતિમા જિન ચ્યાર વંદી આવીયા, **નરસંગ ઠાકર ઘર**ભણી એ ૮૩

વંદ્યા **પાસ** જિણંદ પ્રતિમા ચ્યાર એ, દેહ કાંતિ સોવન્ન તણી એ
છત્ર ભલા સિરિ સોહઇ, દેષી મોહીઇ દેહરી જિન દીપઇ ઘણી એ ૮૪

આણંદિઉ મન માહિ દેહરાસુર દેષી, **ઘરિ આસા ઠાકર** તણઇ એ
સિષરબદ્ધ અવતાર ત્રણિ પ્રતિમા વાંદી, **ચંદ લંછણ** જે જિન તણઇ એ ૮૫

વામા દેવિ મલ્હાર નીલવરણ કાંતિ, **હાંસા ઠાકર ઘરિ** કહીઇ એ
નવ પ્રતિમા નવ અંગિ પૂજી ચંગિ એ, સિંહાસણિ બઇઠી સહી એ ૮૬

દેહરું સુંદર સોહઇ સુરનર મોહઇ એ, ચિત્ત દિત્ત તિહાં દીસઇ ઘણી એ
પ્રતિમા **ચંદપ્રભ** સ્વામિ મોહન મૂરતિ જોતા, અતિ રલીઆમણી એ ૮૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઠાકર શ્રી આસધીર બિંબ ભરાવીઓ, ઉપમ કાંતિ રુપા તણી એ
પૂજઊ તે ભગવંત પૂજયા આપઇ એ, ઠાકર પદવી આપણી એ ૮૮

આભરણે અતિ દીપઇ મોતી માણિક, જોતિ જિસી સૂરય તણી એ
નવ પ્રતિમા તિહાં જાણી, આણી મન માહિ સેવ કરું ત્રિભોવન ધણી એ ૮૯

ઉપર્યુક્ત પંક્તિઓમાં જણાવ્યા મુજબ અષ્ટાપદના ચંદ્રપ્રભુના જિનાલયમાં કોતરણીવાળા થાંભલા છે અને તેના પર બે બે પૂતળીઓ છે. ઉપરાંત અન્ય એક ચંદ્રપ્રભુનું જિનાલય પણ વિદ્યમાન હતું જેનું બિંબ ઠાકર આસધીર નામના શ્રેષ્ઠિએ ભરાવેલું હતું અને પ્રતિમા પર મોહક આભરણો પણ કવિએ જુહાર્યા હતાં.

સં. ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં અષ્ટાપદનું ચંદ્રપ્રભુનું જિનાલય અષ્ટાપદ વિસ્તારમાં દર્શાવ્યું છે, જયારે આસધીર ઠાકરનું ચંદ્રપ્રભુનું જિનાલય ષરાકોટડીમાં દર્શાવ્યું છે. ઉપરાંત ખરાખોટડી વિસ્તારમાં તે સમયે સદયવછના દેહરે પાર્શ્વનાથનો પણ ઉલ્લેખ થયેલો છે.

જયારે અષ્ટાપદ વિસ્તારમાં ચંદ્રપ્રભુના જિનાલય ઉપરાંત ખરતરગચ્છનું શાંતિનાથનું જિનાલય, આદેશ્વર (બાવન જિનાલય) તથા બે ઘરદેરાસરો – પાર્શ્વનાથ (સોની તેજપાલના ઘરે) અને સુમતિનાથ (ટોકર સોનીના ઘરે) વિદ્યમાન હતાં.

સતસઠિ જિનવર હોઈ, પ્રણમી આવીઇ **ષરાકોટડી** જિહાં અછઇ એ.
આસધીર ઠાકર દેહરઈ, ચંદ્રપ્રભ જિનવર બિ પ્રતિમા પૂજી અછઇ એ ॥૨૬॥

સદયવછ ઠાકર દેહરઈ, પાસ જિણેસર બિ પ્રતિમાસ્યું પરવરયા એ.
અષ્ટાપદ અવતાર, દેષી હરષ્યા એ **ચંદ્રપ્રભજિન** ગુણિ ભરૂયા એ ॥૨૭॥

ઓગણસઠિ જિનબિંબ, થંભ અનોપમ બિંબ રયણમય ઇક ભણું.
ષરતરનઉં વલી ચૈત્ય, સોલમ જિનવર બાવનજિણાલું તેહ તણું એ ॥૨૮॥

જુહારી આવ્યા **બીજઉ, પ્રથમ જિણેસર** (અ)દભુત મૂરતિ પેખિલા એ.
ચૈત્ય બિંના મેલી, બિસઇ બિહુત્તરિ માતપિતા જિન નિરષીલા એ ॥૨૯॥

સોની તેજપાલ ઘરિ, પાસ જિણેસર ઉગણત્રીસ પ્રતિમા જુહારીઇ એ.
ટોકર સોની ગેહિ સુમતિ જિણંદજી પ્રતિમા ચ્યારિ ઉદ્ધારઇ એ ॥૩૦॥

સં. ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં અષ્ટાપદ નામોલ્લેખવાળો વિસ્તાર દર્શાવેલ નથી. પરંતુ અષ્ટાપદના જિનાલયનો ઉલ્લેખ તથા અન્ય ચંદ્રપ્રભુના જિનાલયનો ઉલ્લેખ ખરાકોટડી વિસ્તારમાં થયેલો છે. તે ઉપરાંત ખરાકોટડી વિસ્તારમાં નગીનો પાર્શ્વનાથ, શાંતિનાથ તથા આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે. તે પૈકીનું શાંતિનાથ આદેશ્વરનું સંયુક્ત જિનાલય આજે પણ ખરાખોટડી વિસ્તારમાં વિદ્યમાન છે. તથા નગીના પાર્શ્વનાથની પ્રતિમા પંચાસરા પાર્શ્વનાથના જિનાલયમાં ભોમતીમાં બિરાજમાન છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખરાકોટડીમાંહિ પ્રસાદ મનોહરુ રે. કે પ્રાસાદ મનો૰
પંચમેરુ સમ પંચ કે, ભવિયણ ભવહરુ રે. કે ભવિ૰ ॥૧॥

અષ્ટાપદ પ્રાસાદ કે, **ચંદ્રપ્રભ** લહી રે. કે ચંદ્ર૰
નવસત ઉપર સાત કિ, પ્રતિમા તિહાં કહી રે. તે પ્રતિ૰ ॥

ચંદ્રપ્રભ પ્રસાદ કે, તેર જિણેસરુ રે. કે તેર૰
પાસ નગીનો ષટ જિન, સાથે દિણેસરુ રે. સાથે૰ ॥૨॥

શાન્તિ જિણંદ પ્રાસાદ, દેખી મન હરખીએ રે. દેખી મન૰ ॥
ચોરાસિ જિન પ્રતિમા, તિહાં કણે નિરખીએ રે. તિહાં કણે૰ ॥૩॥

આદિનાથ જગનાથની, મૂરતિ અતિ ભલી રે. મૂરતિ૰ ॥
પંચાણુ તિહાં પ્રતિમા, વંદો મનરુલી રે. વંદો૰ ॥૪॥

ત્યારબાદ **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં અષ્ટાપદમાં ચંદ્રપ્રભુ, નગીનો પાર્શ્વનાથ તથા ચંદ્રપ્રભુ એમ કુલ ત્રણ જિનાલયો વિદ્યમાન હતાં :

અષ્ટાપદ જિનમંદરે, **ચંદ્રપ્રભુ** સુખકારી રે,
પાસ નગીનો પ્રણમીઇં, ભુવન બિંબ બલિહારી રે. ૩ પા૰

મૂરતિ **ચંદ્રપ્રભુ** તણી, નિજ સ્વરુપ સું નિરષો રે,
જિન પ્રતિમા જિન સારીષી, આતમ રતિ થઈ પરષો રે. ૪ પા૰

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં અષ્ટાપદમાં ચંદ્રપ્રભુ તથા સુપાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે :

અષ્ટાપદાખ્યેઽથ જિનાલયેઽહં સુપાર્શ્વનાથં પ્રણમામિ ભક્ત્યા ।
ચંદ્રપ્રભં ચંદ્રનિભં જનાનાં, મનોગતાનંદસુવાર્ધિવૃદ્ધૌ ॥૧૦॥

સં૰ ૧૯૬૭માં અષ્ટાપદની ખડકી એ મુજબનો નામોલ્લેખ કરીને ચંદ્રપ્રભુ, અષ્ટાપદ, સુપાર્શ્વનાથ (ભોંયરામાં) તથા આદેશ્વર (ગામ મહેસોરના) તે મુજબનો ઉલ્લેખ થયેલો છે. જ્યારે **સં૰ ૧૯૮૨**માં ઉપર મુજબનાં જિનાલયોનો ઉલ્લેખ કરીને વિશેષમાં પાંચમેરુનો ઉલ્લેખ છે.

સં૰ ૨૦૦૮માં અષ્ટાપદજીની ધર્મશાળામાં નીચે મુજબનાં જિનાલયોનો ઉલ્લેખ થયો છેઃ ૧. ચંદ્રપ્રભુ, ૨. અષ્ટાપદ, ૩. ભોંયરામાં સુપાર્શ્વનાથ, ૪. આદેશ્વર (મહેસોરના), ૫. પાંચ મેરુ અને દાદાજીના સ્તૂપ.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં અષ્ટાપદની ધર્મશાળાના કંપાઉંડમાં ચંદ્રપ્રભુના જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. જિનાલયમાં ત્યારે એકસો તેર આરસપ્રતિમા અને બત્રીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. ઉપરાંત ત્રણ ગુરુમૂર્તિઓનો પણ ઉલ્લેખ થયેલો છે. જિનાલયની સ્થિતિ સારી હતી અને વહીવટ માસ્તર સોભાગચંદના હસ્તક હતો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૨૦૧૮માં અષ્ટાપદની ધર્મશાળામાં નીચે મુજબનાં જિનાલયોનો ઉલ્લેખ થયો છે : ૧. ચંદ્રપ્રભુ, ૨. અષ્ટાપદ, ૩. પાંચ મેરુ, ૪. આદેશ્વર (મહેસોરના), ૫. ચંદ્રપ્રભુ (નવા), ૬. આદેશ્વર, ૭. સુપાર્શ્વનાથ (ભોંયરામાં), ૮. આચાર્યો વગેરેની મૂર્તિઓ દાદાજી વગેરેના સ્તૂપો (નીચે ચોકમાં).

એટલે કે તે સમયે ચંદ્રપ્રભુ (નવા) તથા આદેશ્વર એમ બે મૂળનાયક ભગવાનનો ઉલ્લેખ પ્રથમ વાર મળે છે.

આજે અષ્ટાપદના જિનાલયમાં ચંદ્રપ્રભુ, ભોંયરામાં સુપાર્શ્વનાથ, ચંદ્રપ્રભુ, આદેશ્વર, આદેશ્વર, અષ્ટાપદ તથા મેરુશિખરની રચના છે.

અત્રે એ ધ્યાનમાં રાખવા જેવી બાબત છે કે ખડાખોટડીમાં જવા માટે અષ્ટાપદની ખડકીમાં અગાઉ એક બારી હતી. હવે આ રસ્તો બંધ છે. અર્થાત્ અષ્ટાપદની પાછળના ભાગે ખડાખોટડી વિસ્તાર છે. આ વિસ્તારો અરસપરસ એક યા બીજા નામે ઓળખાતા હોય અથવા નજીકના વિસ્તારનાં જિનાલયો હોવાથી (Merge થયાં હોય) કાળક્રમે મોટા જિનાલયોમાં સમાવિષ્ટ થયાં હોય.

આજે જિનાલયનો વહીવટ શ્રી પંચાસરા પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ હસ્તક છે.

ટૂંકમાં અષ્ટાપદનું ચંદ્રપ્રભુનું જિનાલય **સં૰ ૧૫૭૬ પૂર્વે**નું છે. સુપાર્શ્વનાથની પ્રતિમા પર સં૰ ૧૬૫૯નો લેખ છે. **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં ખરાકોટડી વિસ્તારમાં પાર્શ્વનાથ-સુપાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે. આજે અષ્ટાપદના જિનાલયના ભોંયરામાં મૂળનાયક સુપાર્શ્વનાથની જમણી બાજુ પાર્શ્વનાથની પ્રતિમા બિરાજમાન છે. તેના પર સં૰ ૧૬૭૦નો લેખ છે. અમારી માન્યતા પ્રમાણે સુપાર્શ્વનાથનું જિનાલય **સં૰ ૧૭૭૭ પૂર્વે**નું છે.

આજે ગુરુમંદિરની ઉપર આવેલ ચંદ્રપ્રભુની પ્રતિમા પર સં૰ ૧૯૯૪નો લેખ છે. તેનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૰ ૨૦૧૮**માં મળે છે. **સં૰ ૨૦૦૮**માં તથા **સં૰ ૨૦૧૮**માં મળતો નથી. એટલે કે તે જિનાલય **સં૰ ૨૦૧૮ પૂર્વે**નું છે. એક આદેશ્વરનો ઉલ્લેખ **સં૰ ૧૯૬૭**માં મળે છે જ્યારે બીજા આદેશ્વરનો ઉલ્લેખ **સં૰ ૨૦૧૮**માં મળે છે. એટલે કે બેમાંના એક આદેશ્વર **સં૰ ૧૯૬૭ પૂર્વે**ના અને બીજા આદેશ્વર **સં૰ ૨૦૧૮ પૂર્વે**ના છે.

• • •

કોટાવાલા જૈન ધર્મશાળા, આઝાદ ચોક

સ્થંભન પાર્શ્વનાથ (સં૰ ૧૬૬૪)

પંચાસરા પાર્શ્વનાથના જિનાલયની પાછળના ભાગમાં સામે જ આઝાદ ચોકમાં આવેલી પાનાચંદ ઉત્તમચંદ કોટાવાલાની ધર્મશાળામાં મધ્યે શ્રી સ્થંભન પાર્શ્વનાથનું સુંદર, નાનું અને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઘુમ્મટબંધી જિનાલય વિદ્યમાન છે.

સંવત ૧૯૮૨માં પૂનમચંદ કરમચંદ કોટાવાલા દ્વારા આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયો હતો અને તે અંગેનો ઉલ્લેખ જિનાલયની બહાર કોતરેલા લેખમાં સ્પષ્ટ વાંચી શકાય છે. લેખમાં 'શ્રી સ્તંભનપાર્શ્વનાથજી જીર્ણોદ્ધાર સંવત ૧૯૮૨, પાટણ રાવબહાદુર શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાલા' મુજબનું લખાણ છે. જિનાલયની બહારની બાજુએ આરસની એક નાની છત્રીની રચના કરેલી છે પરંતુ તેની નીચે કોઈ મૂર્તિ કે પગલાં નથી.

નાના રંગમંડપમાં પાર્શ્વનાથના જીવનના કેટલાક પ્રસંગો ચિત્રિત કરેલા છે. જિનાલયમાં મૂળનાયક શ્રી સ્થંભન પાર્શ્વનાથની ૨૩" ઊંચાઈ ધરાવતી પ્રતિમા બિરાજમાન છે. પ્રતિમામાં નાગની ફણા વિશિષ્ટ છે, વિરલ છે. પ્રતિમાની પાછળથી છેક નીચે લાંછન પાસે નાગની પૂંછડી દેખાય છે અને નાગની આકૃતિ ઉપર જતાં પ્રતિમાના મસ્તકે ફણાસ્વરૂપે આવિર્ભાવ પામે છે. વળી, અહીં કાષ્ઠનાં સુંદર સિદ્ધચક્રજી પણ દર્શનીય છે.

ત્રણ ગર્ભદ્વારવાળા ગભારામાં કુલ ચાર આરસપ્રતિમા બિરાજમાન છે. તે પૈકી ત્રણ શ્યામલ છે. મૂળનાયક શ્રી સ્થંભન પાર્શ્વનાથની પ્રતિમા પર 'સં૰ ૧૬૬૪ .... પોષ'– એ મુજબનો લેખ છે જે તેની પ્રાચીનતાનો નિર્દેશ કરે છે. મૂળનાયકના ડાબે ગભારે શાંતિનાથની શ્યામ પ્રતિમા તથા જમણે ગભારે નેમિનાથની શ્યામ પ્રતિમા બિરાજે છે. અહીં વીસ ધાતુપ્રતિમા છે. તે પૈકી ધાતુની એક પ્રતિમા ૭" ઇંચની છે.

ઐતિહાસિક સંદર્ભ

જે વિસ્તારમાં કોટાવાલાની ધર્મશાળા આવેલી છે તે વિસ્તાર અગાઉ **સુગાલકોટડી** નામે પ્રચલિત હતો.

સં૰ ૧૭૨૯માં રચાયેલી પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **સુગાલકોટડી** વિસ્તારમાં સ્થંભન પાર્શ્વનાથના આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિમાં મળે છે :

સુગાલ કોટડી પ્રાસાદ એક, થંભણો પાર્શ્વનાથ ॥
ધર્મનાથ નઈ શાંતિનાથ, શિવપુરીનો સાથ ॥૧૨॥

આજે, જમણે-ડાબે ગભારે નેમિનાથ તથા શાંતિનાથ છે, ધર્મનાથ નથી.

કોટાવાલાની ધર્મશાળાનો આજનો વિસ્તાર **સં૰ ૧૭૭૭**માં પણ **સુગાલકોટડી**ના નામે જાણીતો હતો. **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં નીચે મુજબની પંક્તિઓમાં આ જિનાલયનો ઉલ્લેખ મળે છે :

પોલિં સુગાલકોટડી તણેં **શ્રી થંભણપાસ** વિરાજેં રે,
કલીકાલેં મહિમા ઘણો થંભનયર માંહેં છાજેં રે. ૫ પા૰

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં કોકાનો પાડો વિસ્તાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દર્શાવ્યા પછી **દકાલકોટડી** એ નામના વિસ્તારમાં એક ચૈત્યનો ઉલ્લેખ થયેલો છે. સુગાલકોટડી માટે જ આ શબ્દ પ્રયોગ થયો છે. જાણવા મળ્યું છે તે પ્રમાણે છપ્પનિયા દુકાળના સમયે આ સ્થળે સદાવ્રત ચાલતું હતું. દુકાળિયાઓને અહીં એક વાર રોટલો-દાળનું જમણ અપાતું. આ સ્થળ સુગાલકોટડીના ખૂણે છે. આજે એ થંભણાજી-ઠમણાજીની વાડી તરીકે ઓળખાય છે.

દકાલ કોટડી એક દીપતું, સાલવી વાડેં આઠ;
મલ્લી પડિ (પાડેં) મલ્લી પાસજી, પૂજા કરો શુભ ઠાઠ.૧૬

સં. ૧૯૫૯માં પં. હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં **કોટાપુરવાસી ધર્મશાળામાં** સ્થંભન પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબ થયેલો છે :

નમામિ **કોટાપુરવાસિ ધર્મશાલાસ્થિતં સ્થંભન પાર્શ્વનાથ** ।
શ્યામચ્છવિં મેઘમિવાત્ર ભવ્ય કલાપિનાં માનસમોદદં ચ ॥૭॥

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં **ઠમણાજીની ધર્મશાળા** – એ મુજબનો ઉલ્લેખ થયેલો છે. તે સમયે જિનાલય ધાબાબંધી હતું. જિનાલયમાં સાત આરસપ્રતિમા તથા સોળ ધાતુપ્રતિમા વિદ્યમાન હતી અને જિનાલયના બાંધકામની સ્થિતિ સારી હોવાની નોંધ છે.

ત્યારબાદ અદ્યાપિપર્યંત **કોટાવાલાની ધર્મશાળામાં** સ્થંભન પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલય ઘુમ્મટબંધી દર્શાવ્યું છે. જિનાલયમાં ત્રણ આરસપ્રતિમા અને ચાર ધાતુપ્રતિમા વિદ્યમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. વહીવટ શ્રી પ્રેમચંદ કજોડીલાલ દ્વારા થતો હતો.

આજે જિનાલયમાં કુલ ચાર આરસપ્રતિમા છે. વહીવટદાર તરીકે મુંબઈનિવાસી શ્રી રમેશભાઈ ગજેન્દ્રકુમાર કોટાવાલા સેવાઓ આપી રહ્યા છે.

ટૂંકમાં આ જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં. ૧૭૨૯**માં મળે છે. **સં. ૧૬૪૮**માં રચાયેલી લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ જિનાલયનો ઉલ્લેખ મળતો નથી. અર્થાત્ આ જિનાલય **સં. ૧૬૪૮** પછી અને **સં. ૧૭૨૯ પૂર્વે** બન્યું છે તે નિશ્ચિતપણે કહી શકાય. એનો મૂર્તિલેખ સં. ૧૬૬૪નો છે તેથી આ જિનાલય **સં. ૧૬૬૪**માં બન્યું હોય તેવો વિશેષ સંભવ છે.

• • •

કોકાનો પાડો

પાટણમાં કોકાનો પાડો ઘણો જ પ્રાચીન વિસ્તાર હોવાનું માલૂમ પડ્યું છે. ૧૬મી સદીથી અદ્યાપિપર્યંત આ વિસ્તારના નામમાં કશોય ફેરફાર થયો નથી. જુદા જુદા સમયની ચૈત્યપરિપાટીઓ તથા અન્ય સંદર્ભો તપાસતાં, તેમાં કોકાવાડો અથવા કોકાનો પાડો નામના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિસ્તારનો ઉલ્લેખ જ જોવા મળે છે.

ઉપલબ્ધ સંદર્ભયાદીમાં સૌ પ્રથમ **સં૰ ૧૫૭૬**ની સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્ય-પરિપાટીમાં **કોકાવાડો** વિસ્તારનો ઉલ્લેખ સાંપડે છે તથા તેમાં કોકા પાર્શ્વનાથનું જિનાલય હોવાનો ઉલ્લેખ નીચેની પંક્તિઓમાં મળે છે :

કોકાવાડઈ પાસ, નવ નવ પૂરઈ આસ,
ખેત્રપાલવાડઈ દીઠા, લોચનિ અમીય પઈઠ્ઠા,

સં૰ ૧૬૧૩માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં પણ **કોકાનો પાડો** વિસ્તારનો ઉલ્લેખ મળે છે. જો કે, તે સમયે જિનાલયો બે હતાં જેનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

કોકો દેહરા માહિ જોઇ, કાસગીયા બે ઉદભત્ત હોઇ
મૂરતિ દેખી મન ઉલ્હસઇ, પૂજઇ તસુ ઘરિ કમલા વસઇ ૨૯

પ્રતિમા સતર અછિ **મહાવીર**, પ્રણમતાં પામઇ ભવતાર
કોકા પાસઇસૂં બે હોઇ, **સેઠ મેઘાના ઘર**માં જોઇ ૩૦

સં૰ ૧૬૪૮માં પણ લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ વિસ્તારનો ઉલ્લેખ છે. તેમાં ત્રણ જિનાલયો – કોકા પાર્શ્વનાથ, આદેશ્વર (કીકા પારેખના ઘરે), વાસુપૂજ્યસ્વામી (દોસી શ્રીવંતના ઘરે) – હોવાનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે :

કીકા પારષિ દેહરાસરિ એ । આવ્યા મનરંગિઇ ।
વંદી પ્રતિમા પંચ તિહાં **ઋષભાદિક** ચંગઇ,
દેહરઇ **કોકા પાસનાહ** । ભેટ્યા જિન હોઇ ॥
શત ઊપરિ સાત્રીસ તિહાં । કાઉસગીઅ દોઇ ॥૧૩॥

દોસી શ્રીવંત ઘરિ અછઇ એ । **વાસુપૂજ્ય** જિણંદ ।
ઇકસઠિ જિન બીજા અછઇ એ । દીપઇ દિણંદ ।

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **કોકે** એવું ટૂંકું વિસ્તારનું નામ અને ત્યાં કોકા પાર્શ્વનાથ અને અભિનંદનસ્વામીનાં જિનાલયો હોવાનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

જિહાં જિનવર છે બસે એકાણુ, તિહાંથી **કોકે** જઇએ જી ।
ત્રણસે નેઉ પ્રતિમાસુ **કોકો**, **પારસનાથ** આરાધું જી ॥૩॥

અભિનંદન દેહરે ચ્યાર પ્રતિમા, **દોય પ્રાસાદ** તિહાં વાંદ્યા જી ।

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં નીચે મુજબની પંક્તિઓમાં **કોકાની પોલ** વિસ્તાર અને તેમાંનાં બે જિનાલયોનો નિર્દેશ થયેલો છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પોલેં કોકાનઈ ભલા, **પ્રાસાદ દોય** જિણંદ,
કોકા પાસ જોહારીઇ, જેમ ટલેં દુખ દંદ. ૩ ભ૰ પા૰

પ્રાસાદ બીજેં નીરષીયેં, **અભિનંદન** જિનરાય,
મૂરતિ સૂરતિ નિરષતાં નયણે ન તૃપતિ ન થાય. ૪ ભ૰ પા૰ હો૰ ભવિ૰

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં **કોકાદે પાડે** વિસ્તાર તથા તેમાં બે જિનાલયો હોવાનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

હવે ઢંઢેરવાડેં પેખીઆં, મનોહર દેહરાં ચ્યાર;
વડીગુંદીઈ એક ચૈત્ય છેં, **કોકાદે પાડેં દોય** સાર. સં૰ ૧૫

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં **કોકાપાડો** વિસ્તાર તથા તેમાં કોકા પાર્શ્વનાથ અને અભિનંદનસ્વામીનાં જિનાલયો હોવાનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

કોકા પાડે નમામિ શ્રુતબલકલિતૈર્ભવ્યલોકૈઃ સુસેવ્યં,
કોકા પાર્શ્વાભિધાનં સકલ સુરગણૈઃ સેવ્યમાન ક્રમાબ્જમ્ ।
પ્રૌઢં તીર્થાધિરાજં ભવજલતરણે યાન પાત્રં ગુણાઢ્યં,
ભક્ત્યા **વંદેઽભિનંદં** જિનપતિમખિલ પ્રાણિ સોખ્યૈકલક્ષમ્ ॥૬॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં અહીં ઉપર્યુક્ત બે જિનાલયોના ઉલ્લેખ ઉપરાંત ૧. શા૰ મોકમચંદ આલમચંદ ૨. શા૰ નાગરદાસ ગુલાબચંદ ૩. શા૰ સૂરજમલ સરૂપચંદનાં ઘરદેરાસરોનો પણ ઉલ્લેખ મળે છે.

કોકાનો પાડો વિસ્તારમાં બે જિનાલયો – કોકા પાર્શ્વનાથ તથા અભિનંદનસ્વામી– હોવાનો ઉલ્લેખ સાંપડે છે. **સં૰ ૧૭૨૯**માં, **સં૰ ૧૭૭૭**માં, **સં૰ ૧૮૨૧**માં, **સં૰ ૧૯૫૯**માં તથા **સં૰ ૨૦૧૦**માં અને આજે પણ કોકાનો પાડો વિસ્તાર છે અને તેમાં ઉપર્યુક્ત બે જિનાલયો જ વિદ્યમાન છે. જો કે, આજે અહીં ઘરદેરાસરો નથી.

• • •

કોકાનો પાડો

કોકા પાર્શ્વનાથ (સં૰ ૧૫૭૬ પૂર્વે)

કોકાનો પાડો પાટણનો અતિ પ્રાચીન વિસ્તાર છે. કોકા પાર્શ્વનાથના આ જિનાલયને કારણે આ વિસ્તાર કોકાનો પાડો નામથી પ્રચલિત થયેલો હોવાનું જણાય છે અને એ જ તેની મહત્તા છે ને ! બહારથી જ જિનાલયનો દેખાવ ભવ્ય છે અને જિનાલયમાં બિરાજમાન ભગવાન ભવ્યાતિભવ્ય ! જિનાલય શિખરબંધી છે. (જુઓ ફોટોગ્રાફ નં૰ ૧૨)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુખ્ય દરવાજો રંગીન કોતરણીવાળો છે. તેની બે બાજુની દીવાલો પર હાથી ચીતરેલા છે. પગથિયાં ચડતાં જ કોતરણીયુક્ત થાંભલાઓ દેખાય છે. થાંભલાઓને જોડતી સુંદર કમાનો છે. પગથિયાંની નીચેની દીવાલ પર નર્તકી, મલ્લ તથા દેવીની કૃતિ છે. નર્તકીઓની વચ્ચે અર્ધકમાનાકારની શિલ્પાકૃતિ અને તેની ઉપર પણ પોપટ તથા નર્તકીઓની સુંદર શિલ્પાકૃતિઓ છે. જિનાલયમાં પ્રવેશવાનો દરવાજો તથા તેની આજુબાજુની બારીઓ ઉપર પણ સુંદર રંગીન કોતરણી છે. દ્વારની ઉપરના ભાગમાં પાંચ શિખરવાળી રંગસભર શિલ્પાકૃતિ છે. બારી તથા દ્વારની બારસાખ પણ રંગીન કોતરણીવાળી છે. ખૂણામાં એક બારી ઉપર કમાન છે તથા પાર્શ્વનાથને વંદન કરતાં રાજારાણીનું દૃશ્ય ઉપસાવવામાં આવ્યું છે. બીજી એક બારીની ઉપરની દીવાલમાં, કમાનની નીચેના ભાગના દૃશ્યમાં કૃષ્ણ મહારાજાને બે દાસીઓ ચામર ઢાળે છે અને સાથે બે ગાયો બેઠેલી હોય તેવું જોવા મળે છે.

રંગમંડપ વિશાળ છે. ઘુમ્મટમાં સુંદર રંગકામ છે. મૂળનાયક ભગવાનની સામેના ભાગમાં આવેલી રંગમંડપની દીવાલમાં જમણી બાજુએ પાર્શ્વયક્ષની તથા બીજી બાજુએ પદ્માવતીદેવી અને ભૈરવજીની મૂર્તિ છે. જમણી બાજુની દીવાલે ગોખલામાં સુધર્માસ્વામી ગણધરની મૂર્તિ તથા ડાબી બાજુની દીવાલે ચોવીસ ભગવાનનો આરસમાં કોતરેલ પટ છે. વળી, શત્રુંજયનો આરસનો પટ તથા ગિરનારજીનો પટ ત્યાં સોહે છે.

ગર્ભગૃહને પાંચ દ્વાર છે. ચાંદીની છત્રીમાં બિરાજમાન મૂળનાયક અતિ મનોહર લાગે છે. ૩૩" ઊંચાઈ ધરાવતી મૂળનાયક શ્રી કોકા પાર્શ્વનાથની પ્રતિમાની બેઠકનો ભાગ ચાંદીનો છે જેમાં અષ્ટમંગલ અને લાંછન ઉપસાવેલ છે. ગભારામાં તથા રંગમંડપમાં મળીને ત્રેવીસ આરસપ્રતિમા છે જે પૈકી બે કાઉસ્સગ્ગ મુદ્રામાં છે. તથા ત્રેસઠ ધાતુપ્રતિમા છે. અહીં પગલાંની બે જોડ છે જે પૈકી એક ઉપર સં૰ ૧૭૭૬નો ઉલ્લેખ જોવા મળે છે.

મૂળનાયકની જમણી બાજુના પ્રથમ ગર્ભદ્વાર સન્મુખ શ્રી નેમિનાથ તથા દ્વિતીય ગભારે કાઉસ્સગ્ગ મુદ્રામાં શ્યામ આરસની પ્રતિમા છે તથા ડાબી બાજુના પ્રથમ ગર્ભદ્વાર સન્મુખ શ્રી મહાવીરસ્વામી તથા દ્વિતીય ગભારે જમણા ગભારાની પેઠે જ કાઉસ્સગ્ગ મુદ્રામાં શ્યામલ આરસની પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયક કોકા પાર્શ્વનાથની પ્રતિમાને લાલ લેપ કરેલો છે. તેથી મૂર્તિલેખ અંગેની માહિતી ઉપલબ્ધ નથી. આજુબાજુના ગર્ભદ્વાર સન્મુખ બિરાજમાન કાઉસ્સગ્ગિયા પ્રતિમા પર પણ લેખ ઉપલબ્ધ થયો નથી.

જિનાલયમાં સં૰ ૧૯૮૪માં પુનઃપ્રતિષ્ઠા થયાનું જાણવા મળે છે અને તેથી જૂની વર્ષગાંઠ મહા વદ એકમ અને નવી વર્ષગાંઠ વૈશાખ સુદ પૂનમના દિને ઊજવાય છે.

ઐતિહાસિક સંદર્ભ

વિક્રમના ૧૬મા સૈકા દરમ્યાનનાં જિનાલયો પાટણમાં આજે બહુ જ ઓછી સંખ્યામાં વિદ્યમાન છે. કોકા પાર્શ્વનાથનું જિનાલય તે પૈકીનું એક છે.

અગાઉ જણાવ્યા પ્રમાણે આ જિનાલયનો ઉલ્લેખ **સં૰ ૧૫૭૬**માં સિદ્ધિસૂરિરચિત પાટણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચૈત્યપરિપાટી, **સં૰ ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટી તથા **સં૰ ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં પ્રાપ્ત થાય છે.

સં૰ ૧૬૧૩માં કોકાના પાડામાં મહાવીરસ્વામીના જિનાલયમાં બે કાઉસ્સગ્ગિયાનો ઉલ્લેખ થયેલો છે. **સં૰ ૧૬૪૮**માં મહાવીરસ્વામીના જિનાલયનો ઉલ્લેખ થયો નથી. પરંતુ બે કાઉસ્સગ્ગિયાનો ઉલ્લેખ કોકા પાર્શ્વનાથના જિનાલયમાં જોવા મળે છે. આજે કોકા પાર્શ્વનાથના જિનાલયમાં ગર્ભદ્વારમાં મૂળનાયક કોકા પાર્શ્વનાથની ડાબી બાજુ મહાવીરસ્વામીની પ્રતિમા બિરાજમાન છે. સંભવ છે કે **સં૰ ૧૬૧૩**માં વિદ્યમાન મહાવીરસ્વામીના જિનાલયની પ્રતિમાઓ મુખ્યત્વે કોકા પાર્શ્વનાથના જિનાલયમાં પુનઃ સ્થાપિત થઈ હોય.

ઉપરાંત **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં અને **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં પણ આ જિનાલયનો ઉલ્લેખ થયેલો છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં કોકાનો પાડો વિસ્તારમાં કોકા પાર્શ્વનાથનું જિનાલય **શિખર વિનાનું** દર્શાવવામાં આવ્યું છે. જિનાલયમાં ઓગણચાળીસ આરસપ્રતિમા અને છન્નુ ધાતુપ્રતિમા વિદ્યમાન હતી અને પગલાંની એક જોડનો નિર્દેશ થયેલો હતો. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં કોકાનો પાડો વિસ્તારમાં કોકા પાર્શ્વનાથનું જિનાલય ઘુમ્મટબંધી દર્શાવવામાં આવ્યું છે. **સં૰ ૧૯૬૩**થી **સં૰ ૨૦૧૦** સુધીમાં જિનાલયનો જીર્ણોદ્ધાર થયો હોય તે શક્ય છે અને તેથી જ અગાઉ **શિખર વિનાનું** નિર્દેશિત જિનાલય ઘુમ્મટબંધી હોવાનો અહીં ઉલ્લેખ છે. તે સમયે વીસ આરસપ્રતિમા અને ઇઠ્યાસી ધાતુપ્રતિમા બિરાજમાન હતી અને વહીવટદારનું નામ શેઠ મોહનલાલ ત્રિભોવનદાસ હોવાનું દર્શાવવામાં આવ્યું છે. ઉપરાંત જિનાલયની સ્થિતિ તે સમયે પણ સારી દર્શાવવામાં આવેલી છે.

આજે આ ઘુમ્મટબંધી જિનાલયમાં ત્રેવીસ આરસપ્રતિમા બિરાજમાન છે. તેના વહીવટદાર તરીકે કોકાના પાડામાં જ રહેતા શ્રી નાથાલાલ વાડીલાલ શાહ, શ્રી શશીકાંતભાઈ ભોગીલાલ શાહ અને શ્રી નરોત્તમદાસ મોતીલાલ શાહ સેવાઓ આપે છે.

આ ઉપરાંત કેટલાક પ્રાચીન ગ્રંથો અને પ્રાચીન તીર્થમાલાઓ તથા સ્તવનોમાં મળતા ઉલ્લેખો શ્રી કોકા પાર્શ્વનાથ તીર્થની પ્રાચીનતાનો પુરાવો આપે છે.

સં૰ ૧૬૫૫માં આસો સુદ ૧૦ના દિને શ્રી સ્થંભન પાર્શ્વનાથની છત્રછાયામાં રહીને કવિવર શ્રી પ્રેમવિજયે વર્ણાનુપ્રાસ અલંકારની મોહક રચનાવાળી 'ત્રણસો પાંસઠ શ્રી પાર્શ્વજિન નામમાલા'માં શ્રી કોકા પાર્શ્વનાથનું નામ પણ ગૂંથ્યું છે.

સં૰ ૧૬૫૬માં આસો વદ ૯ને મંગળવારે કવિ શ્રી નયસુંદરે રચેલા 'શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીના છંદ'માં પણ પ્રગટપ્રભાવી શ્રી પાર્શ્વપ્રભુજીનાં વિવિધ નામોમાં શ્રી કોકા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાર્શ્વનાથને ગણાવ્યા છે.

સં૰ ૧૬૬૭માં પન્યાસ શ્રી શાંતિકુશલરચિત 'શ્રી ગોડી પાર્શ્વનાથ સ્તવન'માં નિર્દિષ્ટ ૧૦૮ નામોમાં પણ શ્રી કોકા પાર્શ્વનાથનો ઉલ્લેખ છે.

સદ્‌ગુરુ શ્રી ગુણવિજયના શિષ્યે **સં૰ ૧૬૮૯**ના પોષ વદ ૧૦ના દિને રચેલાં ૧૦૮ નામ ગર્ભિત શ્રી પાર્શ્વનાથ સ્તવનમાં પણ શ્રી કોકા પાર્શ્વનાથનો ઉલ્લેખ છે.

૧૭મી સદીમાં કવિ શ્રી રત્નકુશલે 'પાર્શ્વનાથસંખ્યા સ્તવન'માં શ્રી કોકા પાર્શ્વનાથના નામનો નિર્દેશ કર્યો છે.

સં૰ ૧૭૨૧માં ઉપા૰ મેઘવિજયે દીવ બંદરમાં ગૂંથેલી 'શ્રી પાર્શ્વ નામમાલા' માં શ્રી કોકા પાર્શ્વનાથનું નામ ગૂંથ્યું છે.

સં૰ ૧૭૪૬માં મુનિરાજ શ્રી શીલવિજયજીએ રચેલા 'તીર્થમાલા' સ્તવનમાં પોતે શ્રી કોકા પાર્શ્વનાથની યાત્રા કર્યાની નોંધ છે.

૧૮મી સદીમાં કવિ સુખસાગરરચિત 'વૃદ્ધિવિજયગણિ રાસ'ના પ્રારંભે મંગલને કાજે શ્રી કોકા પાર્શ્વનાથની યાત્રા કર્યાની નોંધ છે.

સં૰ ૧૮૮૧ના ફાગણ વદ ૨ના દિવસે કવિવર શ્રી ઉત્તમવિજયે રચેલા શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં ૧૦૮ નામના છંદમાં શ્રી કોકા પાર્શ્વનાથનો પણ સમાવેશ થાય છે. (શ્રી ૧૦૮ તીર્થ દર્શનઃ ભાગ-૧, સંપા૰ શ્રી જગવલ્લભવિજય મ૰ સા૰)

આમ, કોકાના પાડામાં કોકા પાર્શ્વનાથનું જિનાલય હોવાનો ઉલ્લેખ ચૈત્યપરિપાટીઓ ઉપરાંત પાર્શ્વનાથ પ્રભાવને નિરૂપતા કે પાર્શ્વનામની માલિકા ગૂંથતા અન્ય સંદર્ભગ્રંથોમાં સાંપડે છે જે તેની પ્રાચીનતા ઉપરાંત તેનું માહાત્મ્ય સૂચવે છે. વળી, **સં૰ ૧૫૭૬**થી અદ્યાપિપર્યંત આ જિનાલય તથા તેના વિસ્તારના નામનો ઉલ્લેખ અનવરતપણે મળતો હોવાથી, આ જિનાલય **સં૰ ૧૫૭૬ પૂર્વે**નું ચોક્કસપણે ગણી શકાય.

• • •

કોકાનો પાડો

અભિનંદનસ્વામી (સં૰ ૧૬૫૯)

કોકા પાર્શ્વનાથના જિનાલયના રંગમંડપમાંથી અભિનંદનસ્વામીના શિખરબંધી જિનાલયમાં પ્રવેશી શકાય છે.

પ્રસ્તુત જિનાલયનું બહારથી અલગ પ્રવેશદ્વાર નથી પરંતુ જિનાલયનો બાહ્ય દેખાવ જોતાં તે કોકા પાર્શ્વનાથના જિનાલયના કરતાં અલગ જિનાલય હોવાનું જ જણાય છે. જો કે રંગમંડપમાં પ્રવેશવાનો અલગ દ્વાર છે પરંતુ તે બંધ રાખવામાં આવે છે. બહારના ભાગના બે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થાંભલા પર બે દ્વારપાળ, બે પરીઓ, વચ્ચે કમાન, તેની ઉપર સિંહાકૃતિ તથા છેક ઉપર ધાબાની દીવાલ પર વચ્ચે બેઠેલી સુંદર પરીની આજુબાજુ ઋષિ, નર્તકીઓ, પૂતળીઓ વગેરે સુંદર શિલ્પો મોહક લાગે છે. જિનાલયના ગભારાની બહારની બાજુની દીવાલ પર વચ્ચે એક પટ્ટામાં દેવ-દેવીઓનાં શિલ્પો છે. નીચે એક બારી જેવો ગોખ છે જેમાં દેવ-દેવીની રચના છે તથા બારસાખમાં પણ દેવીઓની સુંદર કોતરણી છે.

રંગમંડપ નાનો અને સાદો છે. ગર્ભગૃહને ત્રણ દ્વાર છે. તેમાં ૨૩'' ઊંચાઈ ધરાવતા મૂળનાયક શ્રી અભિનંદનસ્વામી સહિત અન્ય તમામ ભગવાન ચાંદીની સુંદર છત્રીમાં બિરાજમાન છે. અભિનંદનસ્વામીની પ્રતિમા પર 'ઈલાહી ૪૮ સં૰ ૧૬૫૯'નો ઉલ્લેખ જોવા મળે છે. જો કે પુનઃપ્રતિષ્ઠા સં૰ ૧૯૮૪માં થયાનું જાણવા મળે છે. કોકા પાર્શ્વનાથની પ્રતિમાની બેઠક જેવી જ અહીં પણ અષ્ટમંગલયુક્ત ચાંદીની બેઠક છે. ડાબે ગભારે શ્રી ચંદ્રપ્રભુસ્વામી તથા જમણે ગભારે શ્રી સુમતિનાથ છે. આ બંને પ્રતિમાઓ પર પણ સં૰ ૧૬૫૯નો ઉલ્લેખ સ્પષ્ટ જોઈ શકાય છે. ગભારામાં કુલ નવ આરસપ્રતિમા છે જે પૈકી બે કાઉસ્સગ્ગ મુદ્રામાં છે. તથા તેર ધાતુપ્રતિમા છે. વળી, અહીં આરસનો માતૃકાપટ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૬૫૯નો મૂર્તિલેખ હોવાને કારણે **સં૰ ૧૬૪૮**ની ચૈત્યપરિપાટીમાં આ જિનાલયનો ઉલ્લેખ થયો જણાતો નથી. પરંતુ ત્યારબાદ (અગાઉ નોંધ કર્યા મુજબ) **સં૰ ૧૭૨૯**માં રચાયેલી પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં તથા **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં અભિનંદનસ્વામીના આ જિનાલયનો ઉલ્લેખ મળે છે.

સં૰ ૧૮૨૧ની ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં કોકાનો પાડો વિસ્તારમાં બે જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ થયેલો છે. ઉપરાંત **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં કવિ અભિનંદનસ્વામીને ભક્તિભાવપૂર્વક વંદન કરે છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલય એક શિખરવાળું દર્શાવ્યું છે. જિનાલયમાં પંચાવન આરસપ્રતિમા, નવ ધાતુપ્રતિમા અને પગલાંની એક જોડનો પણ ઉલ્લેખ થયેલો છે. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘુમ્મટબંધી તરીકે થયેલો છે. જિનાલયમાં નવ આરસપ્રતિમા બિરાજમાન હતી જે આજે પણ યથાવત્ છે. વહીવટદાર તરીકે શેઠ મોહનલાલ ત્રિભોવનદાસના નામનો ઉલ્લેખ મળે છે. ઉપરાંત તે સમયે જિનાલયની સ્થિતિ સારી હતી. સ્થાનિક માહિતી પ્રમાણે સં૰ ૧૯૮૪માં આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયેલો જણાય છે.

આજે વહીવટદાર તરીકે કોકાના પાડામાં જ રહેતાં શ્રી નાથાલાલ વાડીલાલ શાહ, શ્રી શશીકાંતભાઈ ભોગીલાલ શાહ અને શ્રી નરોત્તમદાસ મોતીલાલ શાહ સેવાઓ આપે છે.

સં૰ ૧૬૪૮ પછી અને **સં૰ ૧૭૨૯ પૂર્વે** આ જિનાલયનો સ્પષ્ટપણે ઉલ્લેખ છે. વળી,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મૂળનાયક શ્રી અભિનંદનસ્વામીની પ્રતિમા તથા તેની આજુબાજુના બંને ભગવાનની પ્રતિમાઓ પર પણ સં૰ ૧૬૫૯નો મૂર્તિલેખ વંચાય છે. આથી, આ જિનાલય **સં૰ ૧૬૫૯**નું જ હોવાનો વિશેષ સંભવ છે.

• • •

ખેતરપાલનો પાડો

શીતલનાથ (સં૰ ૧૬૧૩ પૂર્વે)

ખેતરપાલનો વાડો નામના વિસ્તારનો ઉલ્લેખ સૌ પ્રથમ **સં૰ ૧૫૭૬**માં સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં થયેલો છે. તે સમયે ત્યાં એક જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે પરંતુ તેના નામનો ઉલ્લેખ નથી. ત્યારબાદ **સં૰ ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ખેત્રપાલનો પાડો** વિસ્તારમાં શીતલનાથના જિનાલય ઉપરાંત અન્ય ત્રણ ઘરદેરાસરો અનુક્રમે શીતલનાથ (પારેખ કીકાના ઘરે), તીર્થંકર નામ નથી (સંઘવી ટોકરના ઘરે)તથા મહાવીરસ્વામી (મંત્રી વણાઈગના ઘરે) તરીકે નીચેની પંક્તિઓમાં ઉલ્લેખાયા છે :

પાડા ખેત્રપાલમા હેવ, **શીતલ સ્વામી** દસમા દેવ
શીતલ નીર ભરી ભૃંગાર, સીતલ ચંદન કેસર સાર ૩૧

પ્રતિમા બઈતાલીસ ભાવીંઇ, **પારષિ કીકા ઘરિ** આવીંઇ
ત્રિગઢઇં સમોસરણ મંડાણ, ચુબારે **શ્રી શીતલ** જાણ ૩૨

સિષર કલસ ધજ ઉપઇ સાર, ઘંટતાલ ઘૂઘૂર ઝમકાર
સતર ભેદ પૂજા કીજીઇ, નવ પ્રતિમા નવ અંગ પૂજીઇ ૩૩

સંઘવી ટોકર ઘરિ જાણીઇ, દેહરાસુરસૂં મન આણીઇ
બે પ્રતિમા એક જિન ચુવીસ, કર જોડી નિત નામૂ સીસ ૩૪

પીતલમઇ પ્રતિમા મનિ આણિ, **મંત્ર વણાઈગનઇ ઘરિ** જાણિ
ચર્મ તીર્થંકર સેવુ સદા દાલિદ દોહગ નાવઇ કદા ૩૫

ત્યારબાદ **સં૰ ૧૬૪૮**માં, **સં૰ ૧૭૨૯**માં, **સં૰ ૧૭૭૭**માં, **સં૰ ૧૯૫૯**માં, **સં૰ ૧૯૬૩**માં અને **સં૰ ૨૦૧૦**માં પણ ખેતરપાલના પાડામાં માત્ર શીતલનાથના એક જિનાલયનો ઉલ્લેખ સાતત્યપૂર્વક થયેલો છે. જો કે **સં૰ ૧૯૬૩**માં ખેતરપાલના પાડામાં આ જિનાલય ઉપરાંત બે ઘરદેરાસરો – શા૰ રતનચંદ રામચંદ અને શા૰ હાલાચંદ મોકમચંદનું – નો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. આજે આ ઘરદેરાસરો વિદ્યમાન નથી. માત્ર શીતલનાથનું જિનાલય જ વિદ્યમાન છે.

પંચાસરથી પાટણ લાવવામાં આવેલા પંચાસરા પાર્શ્વનાથ ભગવાનની સાથે જ પદ્માવતી દેવીની પણ આરસની મોટી એક પ્રતિમા લાવવામાં આવી હતી જે આજે આ જિનાલયના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગભારામાં બિરાજમાન છે. આ જ કારણે પાટણનાં જિનાલયોમાં આ જિનાલય નાનું હોવા છતાં તેનો મહિમા અનેરો છે.

ખેતરપાલના પાડામાં છેક અંદર ખૂણે આવેલું આ જિનાલય નાનું છે પરંતુ તેનો બહારનો ભાગ મોટો છે. પ્રવેશતાં જ નાનો ચોક છે જેને પસાર કર્યા બાદ મોટી જગ્યા આવે છે. અહીં એક પટ છે. એક ઘુમ્મટયુક્ત મોટી દેરી છે. તેમાં ક્ષેત્રપાલ તથા નારસુંગાવીરની મૂર્તિ છે. દીવાલો પર પ્રકૃતિચિત્રો છે. ઉપરાંત સમેતશિખર તથા શત્રુંજય તીર્થનો પટ તથા અન્ય તીર્થોનાં સુંદર ચિત્રોના ફોટાઓ છે : જેવા કે – સંસાર મધુબિંદુનો પ્રસંગ, 'સકલ તીર્થ વંદું કર જોડ'ની રચના, અષ્ટાપદ, આબુજી તથા ગિરનારજી તીર્થ. છતની નીચેના ભાગમાં આવેલી કાચની બારીઓની દીવાલો પર રાસ રમતી સ્ત્રીઓનું સુંદર ચિત્ર છે.

જિનાલયની બહારની દેરીઓ તથા ચિત્રો જોઈને જિનાલયના રંગમંડપમાં પ્રવેશ કરતાં, જમણી બાજુ એક ગોખલામાં માણીભદ્રવીર તથા તેની બાજુના ગોખમાં ચંદ્રપ્રભુસ્વામીની આરસની પ્રતિમા છે. ગર્ભદ્વાર ત્રણ છે. અહીં ૨૩" ઊંચાઈ ધરાવતી શ્રી શીતલનાથની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. જમણે ગભારે મહાવીરસ્વામી તથા ડાબે ગભારે આદેશ્વર છે. અહીં ચૌદ આરસપ્રતિમા તથા અઢાર ધાતુપ્રતિમા છે. ગભારામાં ડાબી દીવાલે ખૂણામાં પદ્માવતીદેવીની આરસની વિશાળ, ભવ્ય, અલૌકિક અને ચમત્કારિક મૂર્તિ બિરાજે છે. (જુઓ ફોટોગ્રાફ નં૦ ૧૪) દર વર્ષે ભાદરવા સુદ ૧૩ થી ભાદરવા વદ પાંચમ સુધી પદ્માવતીદેવીનો ઓચ્છવ ઊજવવામાં આવે છે. ઉપરાંત ગભારામાં બિરાજમાન આરસની એક સાધુમૂર્તિ પર નીચે પ્રમાણે લેખ છે :

"સંવત ૧૨૯૪ વર્ષે શ્રી ..... ગચ્છે શ્રી સિદ્ધિસાગરસ્ય સંતાને શ્રી સિદ્ધસેનસૂરિ પટ્ટે શ્રી દેવભદ્રસૂરીણાં મૂર્તિઃ શ્રીમલયચંદ્રસૂરિશિષ્યશ્રીશીલ..... કારિતા પ્ર૦"

ઐતિહાસિક સંદર્ભ

સં૦ ૧૫૭૬માં સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં ખેત્રપાલવાડામાં એક જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

કોકાવાડઇ પાસ, નવ નવ પૂરઇ આસ,
ખેત્રપાલવાડઇ દીઠા, લોચનિ અમીય પઇટ્ઠા,
ટાલઇ સગલાઇ દુક્ખ, આપઇ શવપદ સુક્ખ,

જો કે તેમાં જિનાલયના નામનો ઉલ્લેખ થયો નથી.

સં૦ ૧૬૧૩માં લલિતપ્રભરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં તેના નામ સાથેનો ઉલ્લેખ આગળ જોઈ ગયા તે પ્રમાણે સૌ પ્રથમ વાર પ્રાપ્ત થાય છે :

સં૦ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં શીતલનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં આવે છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાટક ખેત્રપાલનઈ એ । જિન **શીતલનાથ** ।
સતસઠિ શત ઊપરિ વલી એ । ભેટઈ સનાથ ॥૧૪॥

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં આવે છે :

કિયા વોહરાના પાડામાં, શીતલ પ્રતિમા તીમ પંચવીસજી ।
ક્ષેત્રપાલના પાડા માંહી, **શીતલનાથ** નમું નિસદીસ જી ॥૨॥
જિહાં જિનવર છે બસે એકાણુ, તિહાંથી કોકે જઈએજી ।

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં આવે છે :

પોલેં જઈ ક્ષેત્રપાલનઈ પ્રણમું **સીતલદેવ** હો૰ ભવિ૰
પાસેં રહી પદમાવતી દેવી કરેં જિનસેવ. ૧ હો૰ ભવિ૰

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં આ વિસ્તારનો કે જિનાલયનો કોઈ ઉલ્લેખ નથી. સંભવ છે કે સરતચૂકથી આ જિનાલયનો ઉલ્લેખ કરવાનો રહી ગયો હોય અથવા એ સમયે આ વિસ્તાર અન્ય કોઈ નામથી પ્રચલિત હોય !

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે :

સંસારાગ્નિ પ્રતાપપ્રમથન સબલં **શીતલં** શીતલાખ્યં,
મોક્ષાર્થં મોક્ષ માર્ગ પ્રદમહમધુના તીર્થનાથં નમામિ ।
ભક્ત્યા પ્રાસાદસંસ્થં સુરવરમહિતં **ક્ષેત્રપાલાખ્ય પોલે**,

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ખેતરપાલના પાડા નામના વિસ્તારમાં શીતલનાથના આ જિનાલયનો ઉલ્લેખ કરી તેને **શિખર વિનાનું** દર્શાવ્યું છે. તે સમયે જિનાલયમાં બાર આરસપ્રતિમા અને છ ધાતુપ્રતિમા બિરાજમાન હોવાનો અને પગલાંની એક જોડ હોવાનો નિર્દેશ છે. જિનાલયની સ્થિતિ સારી હોવાની નોંધ આપી છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં ખેતરપાલના પાડામાં શીતલનાથના જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. જિનાલયમાં બાર આરસપ્રતિમા અને અઢાર ધાતુપ્રતિમા બિરાજમાન હોવાનો તથા વહીવટદાર તરીકે દેવચંદ નાગરદાસના નામનો ઉલ્લેખ છે. જિનાલયની સ્થિતિ સારી હોવાની નોંધ છે. ઉપરાંત પદ્માવતીની પ્રાચીન સુંદર મૂર્તિનો ખાસ ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે.

આજે જિનાલયમાં ચૌદ આરસપ્રતિમા બિરાજમાન છે જે પૈકી બે કાઉસ્સગ્ગ પ્રતિમાઓ છે. સ્થાનિક માહિતી મુજબ આ બે કાઉસ્સગ્ગ પૈકી એક પ્રતિમા નાગેશ્વર પાર્શ્વનાથની છે. આજે જિનાલયના વહીવટદાર તરીકે મુંબઈનિવાસી શ્રી જિતેન્દ્રભાઈ રસિકલાલ ચાવાળા તથા શ્રી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રમણભાઈ મણિલાલ સેવાઓ આપે છે.

આ જિનાલયનો ઉલ્લેખ **સં૰ ૧૬૧૩** થી અદ્યાપિપર્યંત સાતત્યપૂર્વક ખેતરપાલનો પાડો વિસ્તારમાં થયેલો છે. એટલે કે આ જિનાલય **સં૰ ૧૬૧૩ પૂર્વે**નું હોવાનું નિશ્ચિતપણે માની શકાય છે. ઉપરાંત, **સં૰ ૧૫૭૬**માં ખેત્રપાલવાડામાં એક જિનાલય હોવાનો ઉલ્લેખ મળે છે. સંભવ છે કે તે જિનાલય શીતલનાથનું જ હોય. પણ પૂરતા આધાર વિના તેનો સમય **સં૰ ૧૫૭૬** નક્કી કરી શકાતો નથી.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૧૩ પૂર્વે**નું છે.

• • •

પડીગૂંદીનો પાડો

શીતલનાથ (સં૰ ૧૭૭૭ પૂર્વે)

પડીગૂંદીના પાડામાં થોડાક અંદર જઈએ એટલે શ્રી શીતલનાથનું ઘુમ્મટબંધી જિનાલય નજરે પડે. બહારથી જોતાં જ એની કલાકારીગરી અને સુંદર રંગકામ મનને મોહી લે છે. ઠેકઠેકાણે દેવી તથા પૂતળીઓની બેનમૂન શિલ્પાકૃતિઓ એના આકર્ષણમાં ઉમેરો કરે છે.

જિનાલયની છેક ઉપરની દીવાલ પર દેવીઓ તથા પ્રવેશચોકીના થાંભલાના ઉપરના ભાગમાં પૂતળીઓની રચના છે. પ્રવેશદ્વારે બે દ્વારપાળ ઊભેલા છે. આ મુખ્ય પ્રવેશદ્વારની બારસાખ પર બે બાજુ તથા ઉપરની દીવાલ પર પણ દેવીનાં શિલ્પો છે. એ સિવાયના અન્ય બે પ્રવેશદ્વાર પર મયૂરાકૃતિ સુંદર ભાસે છે. પ્રવેશતાં, જમણી બાજુએ ગોખમાં શ્રી માણિભદ્રવીરની મૂર્તિ છે.

રંગમંડપનું અંદરનું દૃશ્ય પણ આહ્લાદક છે. છતમાં સૂર્ય, ચંદ્ર, પૂજા કરવા જતાં શ્રાવક-શ્રાવિકા, ઉપદેશ આપી રહેલા સાધુ મહારાજ, વાજિંત્રો વગાડતા શ્રાવકો, અધ્યયન કરી રહેલા શ્રાવકો વગેરેનાં આકર્ષક ચિત્રો જૈન ધર્મની સાધના-પ્રક્રિયાનું નિદર્શન કરે છે. અહીં થાંભલા પર કમાનો તથા વાજિંત્રો સાથેની નર્તકીઓનું શિલ્પ સુંદર દીસે છે. આ દરેક થાંભલા પર મોટા સાદા અરીસા મૂકેલા છે.

ગર્ભદ્વારની ઉપરની દીવાલ પણ દેવીઓ, નર્તકી તથા મોરની રચનાઓથી શોભે છે. છેક ઉપરના ભાગમાં ઈન્દ્રના ખોળામાં બેઠેલા પ્રભુજીને વૃષભના રૂપમાં જન્માભિષેક કરતા દેવોનો પ્રસંગ ચિત્રિત કરેલો છે. બારસાખ પણ રંગીન કોતરણી તથા ચિત્રોથી શોભી રહી છે.

મૂળનાયક શ્રી શીતલનાથની પ્રતિમા ૨૭'' ઊંચાઈ ધરાવે છે. મૂળનાયકની પ્રતિમા પર '॥સંવત ૧૬૭૦ વર્ષે માઘ માસે શુક્લ પક્ષે ..... સ્વપાટક શ્રેયસે શ્રી શીતલનાથ બિંબં કારિતં પ્રતિષ્ઠિતં ચ શ્રી તપાગચ્છે શ્રી અકબ[૨] .....' એ મુજબનો લેખ છે. ઉપરાંત ગભારામાં અન્ય ત્રણ આરસપ્રતિમા બિરાજમાન છે. સ્ફટિકની એક પ્રતિમા છે. ઓગણીસ ધાતુપ્રતિમા છે. જમણે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગભારે નેમનાથની શ્યામ પ્રતિમા તથા ડાબે ગભારે મહાવીરસ્વામીની પ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૭૭૭માં રચાયેલી લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં સૌ પ્રથમ વાર આ જિનાલયનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. ત્યારબાદ અદ્યાપિપર્યંત પડીગૂંદીના પાડામાં આ જિનાલયનો ઉલ્લેખ સાતત્યપૂર્વક થયેલો છે. **સં૰ ૧૭૭૭** પૂર્વે **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં એનો ઉલ્લેખ થયો નથી.

સં૰ ૧૭૭૭માં રચાયેલી લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ જિનાલયનો ઉલ્લેખ નીચેની પંક્તિઓમાં થયેલો છે :

પોલેં પડીગૂંદી તણેં, સમરું **સીતલનાથ,**
ભવ ભ્રમ ભૂલા જંતુનેં, આપેં સિવપુરી સાથ. ૨

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં ઢંઢેરવાડાના જિનાલયોનો ઉલ્લેખ કર્યા બાદ **વડીગૂંદીનો પાડો** વિસ્તારમાં એક જિનાલયનો ઉલ્લેખ કર્યો છે, જે સંભવતઃ શીતલનાથનું જિનાલય હોવું જોઈએ :

હવે ઢંઢેરવાડેં પેખીઆં, મનોહર દેહરાં ચ્યાર;
વડીગુંદીઈ એક ચૈત્ય છેં, કોકાદેં પાડેં દોય સાર. સં૰ ૧૫

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલ રચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં આવે છે :

વયં નમામો **પડિગુંદીપાડે, શ્રી શીતલં** તીર્થકરં સુભક્ત્યા ।
સુરાસુરેંદ્રૈઃ પરિસેવ્યમાનં, મોક્ષશ્રિયઃ કેલિવિલાસ ગેહમ્ ॥૪॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં પડીગૂંદીના પાડામાં શીતલનાથના જિનાલયને ધાબાબંધી દર્શાવવામાં આવેલું છે. તે સમયે ચાર આરસપ્રતિમા તથા સાત ધાતુપ્રતિમા હોવાનો ઉલ્લેખ છે. જિનાલયની સ્થિતિ તે સમયે સારી હોવાની નોંધ છે. ઉપરાંત **સં૰ ૧૯૬૩**માં પડીગૂંદીના પાડામાં શા૰ વસ્તાચંદ ઉજમચંદના ઘરદેરાસરનો ઉલ્લેખ પણ થયેલો છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ઘુમ્મટબંધી તરીકે થયેલો છે. તે સમયે પાંચ આરસપ્રતિમા અને ઓગણીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. સ્ફટિકની એક પ્રતિમા પણ તે સમયે વિદ્યમાન હોવાની નોંધ છે. જિનાલયની સ્થિતિ સારી હતી. વહીવટદાર તરીકે લહેરચંદ શાહના નામનો ઉલ્લેખ છે.

આજે આ જિનાલયમાં ચાર આરસપ્રતિમા બિરાજમાન છે. વહીવટદાર તરીકે આ વિસ્તારમાં જ રહેતા શ્રી ભગવાનદાસ લહેરચંદ મશરૂવાલા તથા મુંબઈનિવાસી શ્રી દેવેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ સેવાઓ આપી રહ્યા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ટૂંકમાં પડીગૂંદીની પોળનું શીતલનાથનું આ જિનાલય **સં૰ ૧૭૨૯** પછી બંધાયું હોવાનું સ્પષ્ટ થાય છે તેથી તે **સં૰ ૧૭૭૭ પૂર્વે**નું ચોક્કસપણે માની શકાય.

• • •

ઢંઢેરવાડો

ઢંઢેરવાડો વિસ્તાર ઘણો પ્રાચીન છે. **જૈન ગૂર્જર કવિઓ(ભાગ-૯)**માં ઢંઢેરવાડા વિસ્તાર વિશે માહિતી મળે છે તે અહીં આપીશું તો અસ્થાને નહીં ગણાય. આ પુસ્તકના પૃ૰ ૧૦૮ પર મુનિ સમુદ્રઘોષની માહિતી આપતાં જણાવ્યું છે : "થિરાપદ્રીય દેશમાં કોઈ ગ્રામે ચૈત્યમાં જિનબિંબ પ્રતિષ્ઠા માંડી, ત્યાં દિનદિન પ્રતિ અમારિ-ઢંઢેરો ફેરવ્યો, તદા લોકે તે કુટુંબનું નામ ઢંઢેર એહવું પાડ્યું. તે ઢંઢેર કુટુંબના ખોના, ઝાંઝણ પ્રમુખે અણહિલ્લપુર પાટણમાં વાસ પૂર્યો-પાટક વસાવ્યું, ને તે ઢંઢેરવાડક કહેરાવ્યો. મહાવીરપ્રાસાદ નવો કરાવી થાપ્યો. આગળ પૌષધશાળા કરાવી. ગુરુ ચોમાસું રહ્યા. ઢંઢેરિયા પુનિમિયા લોકે કહ્યા." આ સમુદ્રઘોષ ૧૩મા સૈકામાં થઈ ગયા.

ઉપલબ્ધ ચૈત્યપરિપાટીઓ પૈકી **સં૰ ૧૫૭૬**ની સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આપણને આ ઢંઢેરવાડો વિસ્તાર તથા મહાવીરપ્રાસાદની માહિતી પ્રાપ્ત થાય છે :

જિણવર સારઈ કાજ, સફલ જનમ મુઝ આજ,
ઢંઢેરવાડઈ પૂનમીયા, વીર જિણેસર નમિયા. ૩૪.

ત્યારબાદ **સં૰ ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં ઢંઢેરવાડામાં કુલ સાત જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે જે પૈકી ચાર ઘરદેરાસરો હતાં : ૧. શામળા પાર્શ્વનાથ, ૨. મહાવીરસ્વામી, ૩. શામળા પાર્શ્વનાથ, ૪. પાર્શ્વનાથ (વિસા મેલાના ઘરે), ૫. તીર્થંકર નામ નથી (સાહા સીચાના ઘરે), ૬. સંભવનાથ-શીતલનાથ (સાહ ભોજાના ઘરે) અને ૭. આદેશ્વર (પારેખ રાયચંદના ઘરે).

ઢંઢેરવાડઈ પહુતા જામ, **પ્રથમ દેહરઈ શ્રી સામલનામ**
ચ્યાલીસ પ્રતિમા તિહા વાંદીઈ, દરસણ દીઠઈ આણંદીઈ ૨૧

મહાવીર બીજઈ સુક્ખ કરઈ, પ્રતિમા દેખી હીયડૂં ઠરઈ,
બિ પ્રતિમા નિત કીજઈ સેવ, **ત્રીજઈ દેહરઈ સામલદેવ** ૨૨

ઉદભત્ત મૂરતિ સેવુ પાય, ભેટિ ભાવઠિ દૂરિ પલાય
પૂજા કરતાં હરષ અપાર, સતર ભેદ વધિ કીજઈ સાર ૨૩

નવ પ્રતિમા નમીઈ ભાવસું, **વિસા મેલાનઈ ઘરિ** આવસૂં
તિહાં **તીર્થંકર ત્રેવીસમું**, બિંબ પાંચ જિન ભાવિઈ નમુ ૨૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાહા સીચા ઘરિ હરષ અપાર, **નવૂ દેહરાસુર** સોહિ સાર
તિહાં પ્રતિમા પ્રમુષ અગ્યાર, પ્રણમંતા પામુ ભવપાર ૨૫

દેહરાસર દેષી હરષીઇ, **સાહા ભોજાનઇ ઘરિ** નિરષીઇ
સંભવ શીતલ બે જિન કહું, આભરણઇ મન મોહી રહૂ ૨૬

છત્ર ત્રઇ મસ્તકિ મોહઇ, જડત હાર આંગી સોહીઇ
નવકમલે જિનવર પગ ઠવઇ, જડ્યાં જડિત હીરે નવનવઇ ૨૭

ઘરિ પુહુત્તા પારિષ રાઇચંદ, મૂળનાયક **શ્રી આદિ** જિણંદ
બીજઇ પાસઇ પારશ્વનાથ, છ પ્રતિમા નિત કરુ સનાથ ૨૮

ત્યારબાદ **સં. ૧૬૪૮**માં રચાયેલી લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં ઢંઢેરવાડામાં કુલ અગિયાર જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે, તે પૈકી આઠ ઘરદેરાસરો હોવાનો ઉલ્લેખ છે : ૧. શામળા પાર્શ્વનાથ, ૨. મહાવીરસ્વામી, ૩. પાર્શ્વનાથ (પાસે આદેશ્વર), ૪. તીર્થંકર નામ નથી (ગોવાલ ઝવેરીના ઘરે), ૫. તીર્થંકર નામ નથી (દોસી પન્નાના ઘરે), ૬. આદેશ્વર (રાયમલના ઘરે), ૭. આદેશ્વર (સાહા ધનજીના ઘરે), ૮. આદેશ્વર (મેલા વિસાના ઘરે), ૯. આદેશ્વર (ભીમા વિસાના ઘરે), ૧૦. તીર્થંકર નામ નથી (દોસી રાજુના ઘરે), ૧૧. તીર્થંકર નામ નથી (રતન સંઘવીના ઘરે).

સં. ૧૬૪૮ની ઉપર્યુક્ત ચૈત્યપરિપાટીની શરૂઆત **ઢંઢેરવાડા**નાં જિનાલયોથી જ થાય છે. એટલે તે સમયે ઢંઢેરવાડો પાટણની જૈનસંસ્કૃતિનું મુખ્ય કેન્દ્ર હશે તેમ માની શકાય.

પહિલું **ઢંઢેરવાડઇ** નામિ । **સામલા પાસ** કરું પ્રણામ ॥
જિમણઇ પાસઇ કલિકુંડ પાસ । મનવંછિત સવિ પૂરઇ આસ ॥૨॥

ઇકત્રીસ પ્રતિમા બીજી હોઇ । **બીજઇ દેહરઇ વીરજિન** જોઇ ।
ત્રિસલા નંદનગ ભેટ્યા સહી । સંઘ સહૂ આવ્યા ગહગહી ॥૩॥

ડાવઇ પાસઇ ચંદ્રપ્રભ સ્વામિ । **જિમણઇ પાસઇ લઘુ વીર** ઠામ ।
વિસરું સાત્રીસ કરું જુહાર । ગૌતમ બિંબ એક છઇ સાર ॥૪॥

ગોવાલ જવહરિ દેહરાસરિ । સાત પ્રતિમાનઇ ઊલટ ભરિ ।
વદી પ્રતિમા રત્નમઇ એક । **દોસી પન્ના ઘરિ** સુવિવેક ॥૫॥

ચૌદ પ્રતિમા તિહાં વંદી કરી । **રાયમલ દેહરાસર** હઇઇ ધરી ।
ઋષભાદિક જિન છત્રીસ તિહાં । એક રત્નમય વલી છઇ જિહાં ॥૬॥

ત્રીજઇ દેહરઇ આવ્યા જામ । **પાસ જિણેસર** ભેટ્યા તામ ।
અંજનગિરિ કઇ મેરુ સુધીર । જાણે ઉન્નત જલધર વીર ॥૭॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સતર ભેદ પૂજા સુવિશાલ । કીજઈ ભાવઈ રંગ રશાલ ।
ઋષભાદિક જિન ત્રઈતાલીસ । ભગતઈ ભાવઈ નામું શીસ ॥૮॥

સહા ધનજી દેહરાસરિ દીઠ । નયણે અમીય રસાયણ પઈટ ।
ઋષભાદિક જિન ઈગ્યાર । ચુવીસવટુ છઈ એક ઉદાર ॥૯॥

મેલાવિસા દેહરાસરિ આવિ । **ઋષભાદિક** બાસઠિ નમું ભાવિ ।
વિસા ભીમા દેહરાસર સાર । **ઋષભાદિક** જિન ત્રીસ વિચારિ ॥૧૦॥

દોસી રાજૂ દેહરાસર દેષિ । અઠાવીસ જિનવર હરષઈ પેષિ ।
રતન સંઘવી દેહરાસરિ જિણંદ । પંચવીસ જિન દીઠઈ આણંદ ॥૧૧॥

સં૰ ૧૬૧૩માં વિસા મેલાના ઘરે મૂળનાયક તરીકે પાર્શ્વનાથનો ઉલ્લેખ છે, જ્યારે **સં૰ ૧૬૪૮**માં મેલા વિસાના ઘરે મૂળનાયક તરીકે આદેશ્વરનો ઉલ્લેખ છે.

સં૰ ૧૭૨૯થી અદ્યાપિપર્યંત ઢંઢેરવાડામાં ૧. શામળા પાર્શ્વનાથ, ૨. મહાવીરસ્વામી, ૩. કલિકુંડ પાર્શ્વનાથ—એમ કુલ ત્રણ જિનાલયો વિદ્યમાન હોવાનો સાતત્યપૂર્વક ઉલ્લેખ મળે છે.

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ઢંઢેર** એવાં ટૂંકા નામ સાથે ત્રણ જિનાલયોનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં ઉલ્લેખ થયો છે :

ઢંઢેર સામલ કલિકુંડ પાસજી । નમતાં પાપ નિકંદ્યાજી ॥૪॥
એકસો ત્યાસી પ્રતિમા રૂડી, ત્યાસી જિન **વર્ધમાનજી** ।

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ઢંઢેરવાડા**માં કુલ ત્રણ જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ નીચેની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે :

ઢંઢેરવાડેં ઢલકતો ઉંચો જિન આવાસ, ભ૰
મોટું બિંબ વિરાજતું, ભેટ્યા **સાંમલપાસ** ૫ ભ૰ પા૰ હો૰ ભવિ૰

પ્રાસાદ બીજેં વીરજી, ચરણ નમું નિસ દીસ,
સાસન જેહનું વર્તસઈ, વરસ સહસ એકવીસ. ભવિ ૬ પા૰

પ્રાસાદ ત્રીજઈ પાસજી, કલિકુંડ જિનરાય,
અહિ વૃશ્ચકના ભય ટલેં, સમરતાં સુખ થાઇ. ભ૰ ૭૦ પા૰

સં૰ ૧૭૯૭માં ભાવપ્રભસૂરિએ 'સૂભદ્રાસતીરાસ'ની રચનામાં **ઢંઢેરવાડા**નાં જિનાલયોનો ઉલ્લેખ નીચેની પંક્તિઓમાં થયો છે :

તે ગુરુચરણસરોજકૃપાએ, મુઝ મતિ જ્ઞાને વાસી,
શ્રી ભાવપ્રભસૂરીશ સતીનો, સંબંધ કહે ઉલ્લાસી રે. ૧૧

શ્રી પત્તનપુર **ઢંઢરેવાડે**, પોલિ પ્રાસાદ ઉત્તંગા,
શ્રી વીર શામલો પાસ જિણેશર, કલિકુંડ પાસ સુચંગા રે. ૧૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તુરંગ અંક તુરંગમ ભૂમી, ૧૭૯૭ માન સંવત્સર ધારો,
માહ શુદિ ત્રીજ જયા તિથિ જાણો, દિનવાર શુક્રે સંભારો. ૧૩
(જૈ૰ ગૂ૰ ક૰, ભા૰ ૫, પૃ૰ ૧૭૫)

પરંતુ **સં૰ ૧૮૨૧**માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં કવિએ ઢંઢેરવાડા વિસ્તારમાં કુલ ચાર જિનાલયો વિદ્યમાન હોવાની નોંધ કરી છે :

મેંહતાને પાડેં વલી, એકેક પ્રણમું તેહ. સં૰ ૧૪
હવે **ઢંઢેરવાડેં પેખીઆં**, મનોહર **દેહરાં ચ્યાર**;

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં કવિએ ઢંઢેરવાડામાં આવેલાં જિનાલયો માટે નીચે મુજબ નોંધ કરી છે :

વંદે **ઢંઢેરવાડે** જગતિ જનગણે શ્રેયસામર્પણોત્કં,
પાર્શ્વં શ્રીકંકણાહ્વં પ્રકટમહમથ શ્રેયસે જ્ઞાતપુત્રમ્ ।
એવં પાર્શ્વં ચ નૌમિ ત્રિદશપતિગણૈઃ સેવિતં **શામલાહ્વં**,
બિંબં યસ્યાસ્તિ તુંગં ભવિકજનગુણાલ્હાદદં ભાવભક્ત્યા ॥૩॥

કલિકુંડ પાર્શ્વનાથનો ઉલ્લેખ **સં૰ ૧૯૫૯**માં કંકણ પાર્શ્વનાથ તરીકે થયેલો છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ઢંઢેરવાડા વિસ્તારમાં ઉપર્યુક્ત ત્રણ જિનાલયો ઉપરાંત અન્ય ત્રણ ઘરદેરાસરોનો – ૧. શા૰ મણીલાલ મગનલાલના ઘરમાં, ૨. શા૰ ત્રિભોવન વસ્તાચંદના ઘરમાં, ૩. શા૰ ખૂબચંદ મલુકચંદના ઘરમાં – ઉલ્લેખ થયેલો છે.

• • •

ઢંઢેરવાડો

કલિકુંડ પાર્શ્વનાથ (સં૰ ૧૬૪૮ આસપાસ)

ઢંઢેરવાડામાં પ્રવેશતાં સૌ પ્રથમ કલિકુંડ પાર્શ્વનાથનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. સંસારના સચોટ સ્વરૂપનું દર્શન કરાવતું મધુબિંદુના દૃષ્ટાંતનું ચિત્ર પ્રવેશદ્વારની દીવાલે જ 'સંસારથી વૈરાગ્યને પામેલા જીવને ધર્મમાં સાધના કરવા માટેનું જિનમંદિર એ ઉત્તમ ક્ષેત્ર છે' એવો નિર્દેશ કરે છે. જિનાલયની ઉપરની દીવાલ પર સુંદર પૂતળીઓ, હાથી વગેરે રચનાઓ ગોઠવવામાં આવી છે. જિનાલયના મુખ્ય પ્રવેશદ્વારની બે બાજુ બે દ્વારપાળ ઊભા છે. જિનાલયના રંગમંડપમાં પ્રવેશવાનાં કુલ ત્રણ દ્વાર છે. આ ત્રણ દ્વાર પિત્તળનાં, કોતરણીવાળાં છે. પ્રવેશચોકીના થાંભલા પર પણ નર્તકીઓનાં શિલ્પો છે. (જુઓ ફોટોગ્રાફ નં૰ ૧૩)

રંગમંડપના થાંભલા પથ્થરના છે. તેને રંગકામ થયેલું છે. આરસની દીવાલોથી શોભતા રંગમંડપમાં બે બાજુ ગોખ છે. જમણી બાજુના ગોખમાં પાર્શ્વયક્ષ તથા ડાબી બાજુના ગોખમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પદ્માવતીદેવીની આરસની મૂર્તિ બિરાજમાન છે. તેની પ્રતિષ્ઠા સં૰ ૨૦૪૭ના મહા સુદ ૬ મંગળવારના રોજ થઈ છે.

પિત્તળનાં કોતરણીવાળાં ત્રણ ગર્ભદ્વાર છે. ગભારામાં પ્રવેશતાં ચાંદીની કોતરણીવાળી છત્રીમાં મૂળનાયક તરીકે કલિકુંડ પાર્શ્વનાથની ૨૫" ઊંચાઈ ધરાવતી પ્રતિમા બિરાજે છે. અહીં કુલ પંદર આરસપ્રતિમા તથા પિસ્તાળીસ ધાતુપ્રતિમા છે. મૂળનાયકની ડાબે ગભારે પાર્શ્વનાથ તથા જમણે ગભારે ચંદ્રપ્રભસ્વામીની પ્રતિમા બિરાજે છે.

ઐતિહાસિક સંદર્ભ

આ જિનાલય પાટણભરમાં પ્રસિદ્ધ છે, કારણ કે શ્રી કલિકુંડ પાર્શ્વનાથની પૂજા કરી, પુષ્પમાલા પહેરાવે તે સદાકાળ માટે વીંછીના ભયથી નિશ્ચિંત થાય છે. વિશ્વના સઘળા વીંછીઓ તેને અભયદાન આપે છે. આ માન્યતાને સમર્થન આપતું અને પ્રભુના પરમ પ્રભાવનો પરિચય કરાવતું વીંછીનું પ્રતિક આ જિનાલયની દીવાલે આકારિત થયેલું જોવા મળે છે. આજે તો વીંછીનો ભય ઓછો થયો છે પણ નવી વસેલી નગરીમાં જ્યારે વીંછીનો ઉપદ્રવ ખૂબ જ રહ્યો હશે ત્યારે પ્રભુના આ ચમત્કારને કારણે તેમને વીંછિયા પાર્શ્વનાથનું નામ પણ પ્રાપ્ત થયું હતું. જો કે, પાટણના ઢંઢેરવાડામાં બિરાજતાં આ પાર્શ્વપ્રભુ "કંકણ" અને "વીંછિયા" સિવાયના ત્રીજા જ નામથી વધુ પ્રચલિત છે. વર્તમાનમાં સહુ તેમને કલિકુંડ પાર્શ્વનાથના નામથી ઓળખે છે.

સં૰ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં ઢંઢેરવાડામાં શામળા પાર્શ્વનાથના જિનાલયના ઉલ્લેખની સાથે કલિકુંડ પાર્શ્વનાથનો પણ ઉલ્લેખ થયેલો છે.

પહિલું ઢંઢેરવાડઈ નામિ । સામલા પાસ કરું પ્રણામ ॥
જિમણઈ પાસઈ કલિકુંડ પાસ । મનવંછિત સવિ પૂરઈ આસ ॥૨॥

સં૰ ૧૬૫૫માં કવિ પ્રેમવિજયે '૩૬૫ શ્રી પાર્શ્વ જિનનામમાળા'માં શ્રી કંકણ પાર્શ્વનાથ પ્રભુનું સ્મરણ કર્યું છે.

સં૰ ૧૬૫૬માં કવિ નયસુંદરે રચેલ 'શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છંદ'માં શ્રી કંકણ પાર્શ્વનાથ પ્રભુને પણ તેઓએ યાદ કર્યા છે.

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ જિનાલયનો ઉલ્લેખ છે. ઉપરાંત, **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ પાર્શ્વનાથના સ્મરણથી વૃશ્ચિકના (વીંછીના) ભય ટળે છે તેવી નોંધ પણ છે :

પ્રાસાદ ત્રીજઈ પાસજી, કલિકુંડ જિનરાય,
અહિ વૃશ્ચકના ભય ટલેં, સમરતાં સુખ થાઈ. ભ૰ ૭૰ પા૰

સં૰ ૧૭૯૭ના મહા સુદ ત્રીજને શુક્રવારે પા_ણમાં કવિ ભાવરત્ને રચેલા 'સુભદ્રાસતીના રાસ'માં પણ આ તીર્થનો ઉલ્લેખ છે.

સં૰ ૧૮૮૧ના ફાગણ વદ ૨ના દિને પં૰ ઉત્તમવિજયે રચેલા 'શ્રી ૧૦૮ પાર્શ્વનાથ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભગવંતના છંદ'માં પણ કંકણ પાર્શ્વનાથનું નામ મળે છે.

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલે શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં પણ ઢંઢેરવાડાના કંકણ પાર્શ્વનાથ ભગવંતની સ્તુતિ કરી છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ઢંઢેરવાડામાં કલિકુંડ પાર્શ્વનાથના જિનાલયને **શિખર વિનાનું** દર્શાવવામાં આવ્યું છે. તે સમયે કુલ સોળ આરસપ્રતિમા અને એકતાળીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. ઉપરાંત તે સમયે જિનાલયની સ્થિતિ સારી હોવાની નોંધ છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં ઢંઢેરવાડામાં આવેલા કલિકુંડ પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયેલો હતો. તે સમયે સોળ આરસપ્રતિમા અને ચાળીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. તે સમયે વહીવટદાર તરીકે શ્રી હેમચંદ મોહનલાલનો ઉલ્લેખ થયેલો છે.

આજે જિનાલયના મુખ્ય વહીવટદાર તરીકે શ્રી ભૂપેન્દ્રભાઈ પોપટલાલ (મુંબઈ) તથા મુંબઈનિવાસી શ્રી અશ્વિનભાઈ અમીચંદ, શ્રી નેમચંદભાઈ ખેમચંદભાઈ તથા ઢંઢેરવાડામાં રહેતા શ્રી જિતેન્દ્રભાઈ બબાલાલ શાહ સેવાઓ આપી રહ્યા છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૪૮ની આસપાસ**ના સમયનું સ્પષ્ટપણે માની શકાય છે. પ્રતિમાની અલૌકિકતાને કારણે આ જિનાલયનું માહાત્મ્ય ખૂબ જ વધ્યું છે.

• • •

ઢંઢેરવાડો

મહાવીરસ્વામી (૧૬મા સૈકા પૂર્વે)

ઢંઢેરવાડામાં પ્રવેશતાં પ્રથમ શ્રી કલિકુંડ પાર્શ્વનાથનું જિનાલય આવે છે. ત્યાંથી થોડે આગળ જતાં મહાવીરસ્વામીનું અતિ પ્રાચીન, ઘુમ્મટબંધી જિનાલય આવે છે. મુખ્ય એક પ્રવેશદ્વાર છે. તેની કમાન પર કોતરણી છે તથા ઉપરના ભાગમાં શ્રી મહાવીરસ્વામીના શિલ્પની આજુબાજુ ચામર ઢાળતી દેવી તથા હાથી, પોપટ અને દેવ-દેવીઓનાં મનમોહક શિલ્પો છે.

અંદરની દીવાલો આરસની તથા પથ્થરના થાંભલા રંગકામયુક્ત છે. આ જિનાલયમાંની ચોવીસ ચોકી તેની વિશાળતા અને ભવ્યતાનો નિર્દેશ કરે છે. જિનાલયમાં પ્રવેશતાં જ સામેના ગોખમાં ગણપતિ તથા આજુબાજુ દેવીઓ એવી આરસની એક નાની પેનલ ભીંતે જડેલી છે. તેની બાજુમાં નીચે મુજબનું લખાણ છે :

"આ મંદિરમાંનો લાકડાની કારીગરીવાળો આશરે ૪૦૦ વર્ષ જૂનો ઘુમ્મટ શ્રી પંચાસરા પાર્શ્વનાથજીના જૂના મંદિરમાંથી નીકળેલ હતો. શ્રી પંચાસરાના નવા મંદિરની પ્રતિષ્ઠા સં૰ ૨૦૧૧માં કરવામાં આવી ત્યારે શ્રી સંઘે આ ઘુમ્મટ ઢંઢેરવાડાના મહાવીરસ્વામીના આ મંદિર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માટે ભેટ આપ્યો હતો. આ મંદિરનો જીર્ણોદ્ધાર સં૰ ૨૦૧૬માં ૪૨હજારના ખર્ચે કરવામાં આવ્યો છે.''

આ પરથી સ્પષ્ટ થાય છે કે આ જિનાલયનો જીર્ણોદ્ધાર સં૰ ૨૦૧૬માં થયો હતો. વળી, સં૰ ૨૦૪૯માં પણ જીર્ણોદ્ધાર થયો હોવાનો ઉલ્લેખ સાંપડે છે.

લેખમાં નિર્દેશિત લાકડાનો આ ઘુમ્મટ આ જિનાલયને અને તેના રંગમંડપને ભવ્ય બનાવે છે. તે ખરે જ, કાષ્ઠકલાનો ઉત્કૃષ્ટ નમૂનો છે. તેમાં નર્તકીઓ, પાન આકારની કોતરણી, રાસ રમતા દેવો, સુંદર ટોડલા તથા બારીઓમાં કુલ ચોવીસ તીર્થંકરોની વૈવિધ્યસભર રંગકામવાળી કલાત્મક શિલ્પકારીગરી, વરઘોડાનું દૃશ્ય, પોપટ, હાથી તથા દ્વારપાલ અને નાની નાની કમાનોની અદ્‌ભુત કારીગરી છે. (જુઓ ફોટોગ્રાફ નં૰ ૧૬, ૧૭ અને ૧૮)

પ્રવેશદ્વાર તથા ગર્ભદ્વાર પર સુંદર શિલ્પાકૃતિઓ છે. રંગમંડપમાં છ ગોખ છે. જમણી બાજુ ગર્ભદ્વાર પાસેના પ્રથમ ગોખમાં માતંગ યક્ષ, તે પછીના બીજા ગોખમાં ગૌતમસ્વામી તથા ત્રીજા ગોખમાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય અને અકબરપ્રતિબોધક હીરવિજયસૂરિની આરસની નાની, પ્રાચીન મૂર્તિઓ છે. ડાબી બાજુ ગર્ભદ્વાર પાસેના પ્રથમ ગોખમાં સિદ્ધાયિકાદેવી, બીજા ગોખમાં સુધર્માસ્વામી તથા ત્રીજા ગોખમાં શ્રી શાસનાદેવીની હાજરાહજૂર મનાતી આરસની મૂર્તિ છે. શ્રી શાસનાદેવીના ગોખ પર ચાંદીનું છત્ર છે.

ગર્ભગૃહમાં અનુપમ કલાકારીગરીયુક્ત ચાંદીના વિશાળ છત્ર નીચે મૂળનાયક સહિત સર્વ પ્રતિમાઓ બિરાજમાન છે. મૂળનાયક મહાવીરસ્વામી ૩૯'' ઊંચાઈ ધરાવે છે. ડાબે ગભારે ગોડી પાર્શ્વનાથ તથા જમણે ગભારે આદેશ્વર બિરાજમાન છે. એકેયમાં લેખ નથી. ડાબી બાજુ ચોવીસ તીર્થંકર સાથેનો માતૃકાપટ છે. અહીં કુલ સાત આરસપ્રતિમા છે જે પૈકી એક કાઉસ્સગ્ગ મુદ્રામાં છે. તથા એકત્રીસ ધાતુપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

૧૬મા સૈકા દરમ્યાનનાં જિનાલયો જે આજે પણ પાટણમાં વિદ્યમાન છે, તેની અલ્પ સંખ્યા છે. તે પૈકીમાંનું એક ઢંઢેરવાડામાં આવેલું મહાવીરસ્વામીનું જિનાલય આજે પણ પાટણમાં જૈન શાસનની યશોગાથાના સૂરો પ્રસરાવી રહ્યું છે. મહાવીરસ્વામીના આ જિનાલયનો ઉલ્લેખ **સં૰ ૧૫૭૬**માં સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આવે છે. તે પહેલાંનો એક સંદર્ભ **જૈન ગૂર્જર કવિઓ(ભાગ-૯)**માં પ્રાપ્ત થયો છે. ઢંઢેરિયા પૂનમિયા ગચ્છના સમુદ્રઘોષના સમયમાં થિરાપદ્રીય દેશમાં ઢંઢેર તરીકે ઓળખાયેલા કુટુંબમાંથી કેટલાકે અણહિલ્લપુરમાં વાસ કરેલ અને ઢંઢેરવાડો વસાવી ત્યાં મહાવીરપ્રાસાદ બનાવેલો તેવો ઉલ્લેખ છે. સમુદ્રઘોષ ૧૩મા સૈકાના છે. આ સંદર્ભ જિનાલયની પ્રાચીનતાનો નિર્દેશ કરે છે. ત્યારબાદ અદ્યાપિપર્યંત સાતત્યપૂર્વક ઢંઢેરવાડામાં જ મહાવીરસ્વામીના આ જિનાલયના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ મહાવીરસ્વામીનું જિનાલય **શિખર વિનાનું** દર્શાવવામાં આવ્યું છે. ઉપરાંત તે સમયે જિનાલયની સ્થિતિ સાધારણ હતી. જિનાલયમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દસ આરસપ્રતિમા અને બત્રીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી તેવો ઉલ્લેખ છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં ઢંઢેરવાડામાં આવેલા મહાવીરસ્વામીના જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. જિનાલયમાં દસ આરસપ્રતિમા અને બત્રીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હોવાની નોંધ છે. ઉપરાંત ચાર સાધુમૂર્તિઓ બિરાજમાન હોવાની તથા આરસના ચોવીસજિનમાતાનો એક પટની જે નોંધ થયેલી છે. તે આજે પણ છે. વહીવટદાર તરીકે મણિલાલ જેઠુચંદ સેવાઓ આપતા હતા.

આજે મુખ્ય વહીવટદાર તરીકે મુંબઈનિવાસી શ્રી ભૂપેન્દ્રભાઈ પોપટલાલ શાહ, શ્રી અશ્વિનભાઈ અમીચંદ તથા શ્રી નેમચંદભાઈ ખેમચંદભાઈ અને ઢંઢેરવાડામાં રહેતા શ્રી જિતેન્દ્રભાઈ બબાલાલ શાહ સેવાઓ આપી રહ્યા છે.

પંચાસરા પાર્શ્વનાથના જિનાલયમાંનો કાષ્ઠનો કલામય ઘુમ્મટ આ જિનાલયની નોંધપાત્ર વિશિષ્ટતા છે. વળી, પાટણના અલ્પસંખ્યક પ્રાચીન જિનાલયો પૈકીનું આ જિનાલય એક છે. તે **૧૬મા સૈકા**થી અદ્યાપિપર્યંત જિનશાસનની ધજા-પતાકા ફરકાવી રહ્યું છે. સંભવતઃ તે ૧૬મા સૈકાથીય ઘણું પ્રાચીન છે. ટૂંકમાં, આ જિનાલયનો સમય **૧૬મા સૈકા**નો ગણી શકાય.

• • •

ઢંઢેરવાડો

શામળા પાર્શ્વનાથ (સં૰ ૧૬૧૩ પૂર્વે)

ઢંઢેરવાડામાં છેક અંદરની બાજુએ આવેલું શ્રી શામળા પાર્શ્વનાથનું જિનાલય બહારથી જોતાંની સાથે જ મનને મોહી લે છે. આ જિનાલયનો બાહ્ય દેખાવ, અંદરના રંગમંડપનું સુંદર રંગકામ, ચિત્રો તથા કોતરણી તથા કસોટીના કાળા પથ્થરની ૭૧" ઊંચી શામળા પાર્શ્વનાથની વિશિષ્ટ પ્રતિમા સાધક જીવને સાધનાના, વિકાસના પંથે દોરી જતું આલંબન બની રહે છે.

મુખ્ય દરવાજાની દીવાલે પથ્થર પર રંગીન કોતરણી છે. દરવાજાની ઉપર વચ્ચે દેવીની કૃતિ તથા તેની આજુબાજુ બે સિંહની રચના છે. દરવાજાની આજુબાજુ બે દ્વારપાળો છે. દરવાજાની સામે મોટી ઊંચી દીવાલ પર સં૰ ૧૯૭૩ લખેલ છે. તે સમયે જિનાલયનો જીર્ણોદ્ધાર થયો હતો. પગથિયાંની આજુબાજુ નીચે બે દીવાલ પર હાથી પર બેસી રાજા-રાણી દર્શનાર્થે પધારી રહ્યાં હોય એવી કોતરણી છે. પ્રવેશચોકીના થાંભલા પર વાજિંત્રો લઈને ઊભેલી પૂતળીઓ, કમાનો તથા સિંહ અને મોરની કોતરણી જોવા મળે છે. છેક ઉપર હાથી પર તથા ઘોડા પર સવાર રાજાનું દૃશ્ય છે. ઉપરની દીવાલ પર ત્રણ કોતરણીયુક્ત નાના ઝરૂખા જેવી રચના છે, જેના થાંભલા પર નર્તકીઓ તથા તેની ઉપરના ભાગમાં વાજિંત્રો વગાડતા પુરુષો ઉપરાંત હાથી, સિંહ વગેરે શિલ્પો નજર બાંધી લે છે. (જુઓ ફોટોગ્રાફ નં૰ ૧૫)

પ્રવેશદ્વારની બારસાખ પર પણ દેવીઓ અને ઉપરની દીવાલ પર પણ રંગીન કોતરણી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સહિત દેવીની શિલ્પાકૃતિઓ છે. પ્રવેશચોકીની ઉપરની છતમાં પણ રંગીન ચિત્રકામ છે. જિનાલયના જર્મન-સિલ્વરના કોતરણીવાળા મુખ્ય પ્રવેશદ્વાર પર 'સંવત ૧૯૮૩ના અષાડ સુદ ૩ સ્વરૂપચંદ મગનચંદ તરફથી' એમ લખેલું છે.

રંગમંડપમાં પ્રવેશતાં જ ઘુમ્મટની છતમાં કરેલું રંગકામ તથા ચિત્રકામ મનને હરી લે છે. તેમાં પાર્શ્વનાથના દસ ભવોનું ચિત્રાંકન છે. થાંભલાઓ ઉપર વાજિંત્રો સાથે સ્ત્રીઓની મૂર્તિ કંડારવામાં આવેલી છે. એક દીવાલ પર પથ્થરનો ઉપસાવેલ શત્રુંજયનો પટ છે. તેની નીચે ભીંતમાં નેમનાથની જાનનાં દશ્યો કોતરવામાં આવેલાં છે. અહીં દીવાલોમાં વિવિધ ગોખલાઓ છે જેમાં પદ્માવતીદેવીની શ્યામ મૂર્તિ, અંબિકાદેવીની મૂર્તિ, પદ્માવતીદેવીની અન્ય એક સફેદ આરસની મૂર્તિ તથા પાર્શ્વયક્ષની શ્યામ મૂર્તિ તથા ગૌતમસ્વામી તરીકે ઓળખાતી મૂર્તિ છે.

ગૌતમસ્વામીની મૂર્તિ પર 'સં૰ ૧૨૯૧ વર્ષે પોષ વદી ૮ શ્રી ભ..રાજ સૂરીણાં મૂર્તિઃ બાઈ ખતૂકયા કારિતા ।' મુજબનો લેખ છે. આ લેખ સ્પષ્ટ કરે છે કે ગૌતમસ્વામીની મૂર્તિ તરીકે ઓળખાતી આ મૂર્તિ ખરેખર તો મહારાજસાહેબની છે અને સં૰ ૧૨૯૧માં ખતૂકયાબાઈ દ્વારા બનાવવામાં આવી છે. વળી, ગર્ભગૃહની બહાર ડાબી બાજુના ગોખમાંની પદ્માવતીદેવીની શ્યામ મૂર્તિ વિશિષ્ટ છે. સામાન્યતઃ મૂર્તિની આંખો સામે જોતી હોય છે. આ મૂર્તિની આંખો તીરછી નજરે જોતી માલૂમ પડે છે. તે ગભારામાં રહેલ મૂળનાયક શામળા પાર્શ્વનાથને જ જોઈ રહેલી જણાય છે. જાણે કે પ્રભુ સિવાય અન્ય કશામાં પણ દેવીને રસ જ નથી !

ત્રણ ગર્ભદ્વાર પૈકી ચાંદીના નકશીકામયુક્ત મુખ્ય ગર્ભદ્વારની બારસાખ પર પથ્થરમાં શિલ્પાકૃતિઓ છે. અન્ય બે દ્વારે પિત્તળના નકશીકામયુક્ત થાંભલાઓ પર રંગીન ટોડલા અને તેની પર પરીઓની શિલ્પાકૃતિઓ છે.

ગભારામાંની કોઈપણ પ્રતિમા પર લેખ નથી. કોતરણીયુક્ત ચાંદીની છત્રીમાં બિરાજમાન મૂળનાયકની પ્રતિમા કસોટીના પથ્થરની, પરિકર વિનાની શ્યામ રંગની છે. અહીં અન્ય નવ પ્રતિમાઓમાંથી પાંચ પ્રતિમા શ્યામ આરસની બનેલી છે. તથા ચાળીસ ધાતુપ્રતિમા છે. પાર્શ્વયક્ષ અને પદ્માવતીદેવીની મૂર્તિઓ પણ શ્યામ છે ! તેથી આ શામળા પાર્શ્વનાથના જિનાલયનું નામ ખરે જ, સાર્થક છે ! વળી, શ્વેત, શ્યામના સંયોજને કરી ગર્ભગૃહ અતિ રમણીય લાગે છે.

સં૰ ૧૯૭૩ અને સં૰ ૨૦૪૯માં આ જિનાલયનો જીર્ણોદ્ધાર કરવામાં આવેલ છે.

મૂળનાયક શ્રી શામળા પાર્શ્વનાથની પ્રતિમા કસોટી પથ્થરની બનેલી છે. સ્થાનિક કથા પ્રમાણે કુમારપાળ રાજાના સમયની આ પ્રતિમા છે. રાજા કુમારપાળ અહીં સ્નાત્ર ભણાવતા.

ઐતિહાસિક સંદર્ભ

શામળા પાર્શ્વનાથના આ જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૰ ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં જોવા મળે છે. ઢંઢેરવાડાના શામળા પાર્શ્વનાથના આ જિનાલયનો **સં૰ ૧૬૪૮**માં, **સં૰ ૧૭૨૯**માં, **સં૰ ૧૭૭૭**માં, **સં૰ ૧૮૨૧**માં, **સં૰ ૧૯૫૯**માં અને ત્યારબાદ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અદ્યાપિપર્યંત સાતત્યપૂર્વક ઉલ્લેખ મળે છે.

સં૰ ૧૭૭૭માં લાધાશાહે પાટણ ચૈત્યપરિપાટીમાં ઢંઢેરવાડા વિસ્તારમાં ઊંચા જિનમંદિરમાં શામળા પાર્શ્વનાથનું મોટું બિંબ બિરાજે છે તેવો ઉલ્લેખ કર્યો છે.

આજે પણ અહીં ઊંચું બિંબ છે અર્થાત્ અહીં ૭૧" ઊંચાઈવાળી પ્રતિમા છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ઢંઢેરવાડાના વિસ્તારમાં શામળા પાર્શ્વનાથના જિનાલયને **શિખર વિનાનું** દર્શાવવામાં આવ્યું છે. તે સમયે જિનાલયમાં તેત્રીસ આરસપ્રતિમા અને નવ ધાતુપ્રતિમા બિરાજમાન હતી અને જિનાલયની સ્થિતિ સાધારણ હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયને ઘુમ્મટબંધી દર્શાવવામાં આવ્યું છે. તે સમયે નવ આરસપ્રતિમા અને પિસ્તાળીસ ધાતુપ્રતિમા હતી. જીર્ણોદ્ધાર સં૰ ૧૯૭૩માં થયાનો પણ ઉલ્લેખ છે. ઉપરાંત ચોવીસજિનનો તથા વીસ વિહરમાનનો એકેક પટ તથા પદ્માવતીની પ્રાચીન મૂર્તિની પણ તે સમયે નોંધ કરવામાં આવી છે. આજે પણ તે મોજૂદ છે. જિનાલયની સ્થિતિ સારી હતી અને વહીવટદાર તરીકે શેઠ બાપુલાલ મોહનલાલના નામનો ઉલ્લેખ છે.

આજે શ્રી ભૂપેન્દ્રભાઈ પોપટલાલ (મુંબઈ) મુખ્ય વહીવટદાર તરીકે તથા શ્રી અશ્વિનભાઈ અમીચંદ (મુંબઈ), શ્રી નેમચંદભાઈ ખેમચંદભાઈ (મુંબઈ) તથા શ્રી જિતેન્દ્રભાઈ બબાલાલ શાહ (ઢંઢેરવાડો) સેવાઓ આપી રહ્યા છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૧૩ પૂર્વે**નું છે.

• • •

મારફતિયા મહેતાનો પાડો

મુનિસુવ્રતસ્વામી (સં૰ ૧૬૨૨)

ભીડભંજન પાર્શ્વનાથ (સં૰ ૧૯૧૪)

મારફતિયા મહેતાના પાડામાં પ્રવેશી આગળ જતાં, મુનિસુવ્રતસ્વામી તથા ભીડભંજન પાર્શ્વનાથનું આરસનું બનેલું, સામરણયુક્ત સંયુક્ત જિનાલય આવેલું છે. જિનાલય ખૂણામાં છે.

જિનાલયના બહારના ભાગમાં રંગકામ થયેલું છે. જિનાલયમાં પ્રવેશતાં જ, આપણી જમણી બાજુ એક ઓરડી છે. અહીં પાણીનું ટાંકું છે. પ્રવેશદ્વાર એક છે. પ્રવેશદ્વારની પાસે અંદરના ભાગમાં બન્ને બાજુ દીવાલે દ્વારપાળનાં શિલ્પો જડેલાં છે. તે પૈકી આપણી ડાબી બાજુની દીવાલે જડેલા દ્વારપાળની ઉપર આરસનો એક શિલાલેખ છે. તેમાં નીચે મુજબનું લખાણ છે :

"સ્વસ્તિ શ્રી। સંવત્ ૧૬૨૨ પ્રતિષ્ઠિત। વૈશાખ સુદિ પંચમી દિને શ્રી પટ્ટનનગરે શ્રી વૃદ્ધ.. ખરતર ગચ્છાધીશ્વર શ્રી જિનમાણિક્યસૂરિ પટ્ટાલંકાર હીર યુગપ્રધાન શ્રી જિનચંદ્રસૂરિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાજાનામુપદેશેન ઓકેશવંશીય મંત્રી શ્રીરાજ ભાર્યા સમાઈ પુત્ર લટકણ ભાર્યા જેઠી કુક્ષિરત્ન મં૦ જયવંત ભાર્યા પ્રેમલદેવિ કુક્ષિ સજ્જનશીલાદિ (સિંહાદિ ?) ગુણમણસંપન્ન શ્રાવિકા વ.ઈ નાવિકયા। શ્રી મુનિસુવ્રતસ્વામિ ચૈત્યં। કારિતા ..... સં૦ ૧૬૭૩ મિતે કારિતસ્તયૈવ ૫૦ ધનજી કસ્યોમમેજ પં૦ રત્નસુંદરગણિના લેખિતં।"

જિનાલયના પ્રવેશતાં સન્મુખ સામરણયુક્ત દેવકુલિકાની રચના નજરે પડે છે. તે જિનાલયની બાજુમાં જગ્યા ખાલી છે. હાલ તેનો કેસર ઘસવાની જગ્યા તરીકે ઉપયોગ થાય છે. આ જિનાલય પાસેથી જ મુનિસુવ્રતસ્વામીના જિનાલયમાં પ્રવેશી શકાય છે.

સ્થાનિક માહિતી પ્રમાણે જ્યાં હાલ કેસર ઘસવાની જગ્યા છે ત્યાં શ્રી ભીડભંજન પાર્શ્વનાથનું જિનાલય આવેલું હતું અને શ્રી મુનિસુવ્રતસ્વામી તથા શ્રી ભીડભંજન પાર્શ્વનાથની પ્રતિમાના મુખ એક જ દિશામાં હતા. જીર્ણોદ્ધાર પછી શ્રી ભીડભંજન પાર્શ્વનાથનું જિનાલય તથા પ્રતિમા – બન્નેની દિશા બદલાઈ છે.

ભીડભંજન પાર્શ્વનાથ

નાનો ગભારો તથા નાની શૃંગારચોકી છે. ગર્ભદ્વાર એક છે. ગભારામાં ૨૩" ઊંચાઈ ધરાવતી શ્રી ભીડભંજન (કર્મચિંતામણિ) પાર્શ્વનાથની સપરિકર ધાતુપ્રતિમા બિરાજે છે. તેના પર નીચે મુજબનો લેખ છે :

ડાબે :

(૧) "॥સ્વસ્તિ શ્રી નૃપ વિક્રમસમયાતીત સં૦ ૧૫૨૨ વર્ષે ...

જમણે :

(૧) અદ્યેહ શ્રીમદ્ અણહિલ્લપત્તન મધ્યે શ્રી ઉપકેશગચ્છે .....

(૨) પાધ્યાય શ્રી કર્મ .....

પ્રતિમાના લાંછનની ઉપરના ભાગમાં :

પ્રતિષ્ઠિતં શ્રી કક્કસૂરિભિઃ

ઉપરાંત ગભારામાં મૂળનાયક બિરાજે છે તેની નીચેની દીવાલે પણ પુનઃપ્રતિષ્ઠા અંગેનું લખાણ છે :

"પ્રતિષ્ઠાકારક : આચાર્ય શ્રી સોમચંદ્રસૂરિ

શેઠ શ્રી સ્વ૦ મહાસુખલાલ પોપટલાલ તેમના પત્ની સ્વર્ગસ્થ પદમાબેન તેમના પુત્ર સ્વ૦ કમલેશભાઈ તથા નરેન્દ્રભાઈ પત્ની બીનાબેન પુત્ર દેવાંગ, પુત્રી શીતલનાં હસ્તે શ્રી ભીડભંજન પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા સં૦ ૨૦૪૬ના માગશર સુદિ ૧૦ શુક્રવારે તા૦ ૮-૧૨-૧૯૮૯ના રોજ કરેલ છે."

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અહીં ગભારામાં કુલ ત્રણ ધાતુપ્રતિમા બિરાજે છે. તે પૈકી મૂળનાયકની જમણી બાજુ બિરાજમાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની સપરિકર ધાતુપ્રતિમા બિરાજે છે. તેના પર નીચે મુજબનો લેખ છે :

"સં૰ ૧૫૫૮ વર્ષે માઘ સુદિ ૬ શુક્રે શ્રી શ્રી શ્રી પાર્શ્વનાથ બિંબં કારિતં ભણશાલિભિઃ પ્રતિષ્ઠિતમ્"

તથા ડાબી બાજુ બિરાજમાન વાસુપૂજ્યસ્વામીની સપરિકર ધાતુપ્રતિમા પર પણ લેખ છે જે નીચે મુજબ છે :

" 卐 સં૰ ૧૫૮૨ વર્ષે ચૈત્ર વદી ૧૦ શુક્રે રાજાધિરાજ મહારાજ શ્રી વસુપૂજ્ય રાજ્ઞિ શ્રી જયાદેવી તત્પુત્ર શ્રીઃ શ્રીઃ શ્રીઃ શ્રીઃ શ્રીઃ વાસુપૂજ્ય બિંબં કારિતં આશધર સુત વછા જિણદાસ વીરદાસકેન કર્મક્ષયાર્થ શ્રેયસેસ્તુ । કલ્યાણમસ્તુ ।"

શ્રી ભીડભંજન પાર્શ્વનાથના જિનાલયની ફરતે પ્રદક્ષિણા થઈ શકે તેવી જગ્યા છે.

મુનિસુવ્રતસ્વામી

આ જિનાલય પાસેથી જ મુનિસુવ્રતસ્વામીના જિનાલયમાં પ્રવેશી શકાય છે. મુનિસુવ્રતસ્વામીના જિનાલયના રંગમંડપમાં પ્રવેશવાના દ્વાર ઉપર ચોરસ ઝરૂખાની રચના છે. ઝરૂખાને રંગકામ કરેલ હોવાથી સુંદર ભાસે છે. અહીં પ્રવેશચોકીની કમાનો પર વાજિંત્રો વગાડતાં શિલ્પોની રચના છે.

રંગમંડપની અંદરની દીવાલો આરસની તથા પથ્થરના થાંભલા રંગકામયુક્ત છે. આ જિનાલયમાંની ચોવીસ ચોકી તેની વિશાળતા અને ભવ્યતાનો નિર્દેશ કરે છે. રંગમંડપમાં સાત ગોખ છે જેમાં તીર્થંકરોના જીવનપ્રસંગો ચિત્રિત કરી કાચથી બંધ કરેલ છે. અહીં જમણી બાજુ દીવાલ પાસે પાળીની રચના પર પદ્માવતીદેવીની મૂર્તિ બિરાજે છે.

આ જિનાલયનો જીર્ણોદ્ધાર સં૰ ૨૦૪૬માં થયો છે.

પ્રવેશદ્વાર તથા ગર્ભદ્વાર પર સુંદર શિલ્પાકૃતિઓ છે. ગર્ભદ્વાર ત્રણ છે. તેમાં ૨૩" ઊંચાઈ ધરાવતી મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા બિરાજે છે. તે પ્રતિમા પર સં૰ ૧૫૦૫નો લેખ છે. ડાબે ગભારે આદેશ્વર તથા જમણે ગભારે શીતલનાથ બિરાજમાન છે. તે પૈકી શીતલનાથની પ્રતિમા પર સં૰ ૧૫૧૫નો લેખ છે. અહીં કુલ અગિયાર આરસપ્રતિમા તથા નેવું ધાતુપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

મારફતિયા મહેતાનો પાડો અગાઉ **મહિતાનો પાડો, મહેતાનો પાડો, મહતાની પોળ, મારફતિઆ પાડો** – એમ વિવિધ નામોથી ઓળખાતો હતો.

મહિતાનો પાડો વિસ્તારનો ચૈત્યપરિપાટીઓમાં સૌ પ્રથમ ઉલ્લેખ **સં૰ ૧૬૧૩**માં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મળે છે. તે સમયે પાર્શ્વનાથ (સાહા વછરાજના ઘરે) તથા મહાવીરસ્વામી (મહિતા સારંગના ઘરે) – એમ બે ઘરદેરાસરોનો ઉલ્લેખ થયેલો છે :

મહિતાનઇ પાડઇ જોઈઇ, **સાહા વછરાજ ઘરિ** જિન ચાહીઇ
બિંબ પાચસૂં **પાસ** જિણંદ, કાસગીયા દીઠઈ આણંદ ૧૯

સુંદર ઘર મહિતા સારંગ વિવહાર સિદ્ધ મનિ જાણઇ રંગિ
મહાવીરસૂં બિ જિનસાર, આંગી કંઠિ અનોપમ હાર ૨૦

એટલે કે સાહા વછરાજના ઘરદેરાસરમાં મૂળનાયક પાર્શ્વનાથ સાથે પાંચ પ્રતિમાઓ બિરાજમાન હતી જે પૈકી કાઉસ્સગ્ગિયા પ્રતિમા પણ હતી. સારંગ મહેતાના ઘરદેરાસરમાં કંઠે અનુપમ હાર ધારણ કરેલ મૂળનાયક પાર્શ્વનાથ સાથે બે પ્રતિમા હતી.

ત્યારબાદ **સં૰ ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ વિસ્તારમાં મુનિસુવ્રતસ્વામીના જિનાલય તથા પાર્શ્વનાથ (સાહા વછાના ઘરે) – એમ કુલ બે જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે :

મહિતાપાટકિ નિરષઉ, **મુનિસુવ્રત** જિન પરષઉ ॥૭૪॥

વીસ જિણંદ તિહાં જુહારઉ, પૂજી સમકિત ધારઉ.
સહા વછા ઘરિ પાસ, ત્રણિ જિન પૂરઇ એ આસ ॥૭૫॥

જિન સરિષાં બિંબ જાણઉ, પેષી ભાવ મનિ આણઉ.
નિયમ વ્રત સૂધઉ એ પાલઉ, સમકિત રયણ અજૂઆલઉ ॥૭૬॥

સહા વછાના ઘરદેરાસરમાં પાર્શ્વનાથની પ્રતિમા સાથે કુલ ત્રણ પ્રતિમાઓ બિરાજમાન હતી. આ ત્રણેય પ્રતિમાઓ એકસરખી પ્રભાવક હતી.

આજે પણ ભીડભંજન પાર્શ્વનાથની પ્રતિમા ઉપરાંત વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા તથા શંખેશ્વર પાર્શ્વનાથની ધાતુપ્રતિમા બિરાજમાન છે. ભીડભંજન પાર્શ્વનાથની પ્રતિમા પર સં૰ ૧૫૨૨નો લેખ છે. વાસુપૂજ્યની પ્રતિમા પર સં૰ ૧૫૮૨નો લેખ છે જ્યારે શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા પર સં૰ ૧૫૫૮નો લેખ છે.

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **મહેતાનો પાડો** વિસ્તારમાં મુનિસુવ્રતસ્વામીના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે :

મહેતાને પાડે મુનિસુવ્રત, સિત્તેર જિન પરધાન જી ॥૫॥

ત્યારબાદ **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **મહતાની પોળ**માં મુનિસુવ્રતસ્વામીના જિનાલયનો ઉલ્લેખ મળે છે :

પ્રણમું **મહતાની પોલિં, મુનીસુવ્રત** જગનાથ, ભ૰
અશ્વ તણી પરઇ ઓધરઇ, આપઇ સિવપુરી સાથ. ભ૰ ૮ પાટ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં **મહેતાના પાડા**માં એક જિનાલય હોવાનો ઉલ્લેખ મળે છે. તે સમયે પણ મહેતાનો પાડો વિસ્તાર ઢંઢેરવાડા પાસે દર્શાવવામાં આવ્યો છે.

મેંહતાને પાડેં વલી, **એકેક** પ્રણમું તેહ. સં૰ ૧૪

હવે ઢંઢેરવાડેં પેખીઆં, મનોહર દેહરાં ચ્યાર;

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં મુનિસુવ્રતસ્વામી તથા ભીડભંજન પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે. ભીડભંજન પાર્શ્વનાથનો નામોલ્લેખ **સં૰ ૧૯૫૯**માં સૌ પ્રથમ વાર મળે છે. જ્યારે પ્રતિમાના લેખ પર કર્મચિંતામણિના નામનો ઉલ્લેખ થયેલો છે.

પાડે માર્ફતિયાહ્વે મુનિસુવ્રતવિભું ભૂમિનાથૈઃ સુસેવ્યં,
વંદે વૃંદારકેંદ્રૈઃ સ્તુતમવનિતલે મોક્ષદાનૈકદક્ષમ્ ।
વામેયં **પાર્શ્વનાથં** શઠકમઠગજાગર્વભેદૈકસિંહં,
નામ્ના **શ્રીભીડભંજં** મુનિગણમહિતં તીર્થનાથં નમામિ ॥૨॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં **મારફતિયા મહેતાના પાડા**માં પાર્શ્વનાથ અને મુનિસુવ્રતસ્વામીના જિનાલયનો અલગ-અલગ ઉલ્લેખ થયેલો છે. પાર્શ્વનાથના જિનાલયમાં બાર આરસપ્રતિમા તથા અગિયાર ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયને **શિખર વિનાનું** દર્શાવ્યું છે. જિનાલય બંધાવનાર તરીકે શા૰ પાનાચંદ ફતેચંદના નામનો ઉલ્લેખ થયેલો છે. જિનાલયનો સમય સં૰ ૧૯૧૪નો દર્શાવ્યો છે. જ્યારે મુનિસુવ્રતસ્વામીના જિનાલયને **શિખર વિનાનું** દર્શાવ્યું છે. જિનાલયમાં દસ આરસપ્રતિમા તથા એકસોએક ધાતુપ્રતિમાજીઓ બિરાજમાન હતી. ઉપરાંત તે સમયે મહેતાના પાડામાં ચાર ઘરદેરાસરોનો ઉલ્લેખ થયેલો છે. ૧. શા૰ ઘેલાભાઈ છગનલાલ, ૨. શા૰ દોલતચંદ સાકલચંદ, ૩. શા૰ હેમચંદ ગગલચંદ અને ૪. શા૰ ગગલભાઈ નાનચંદ.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં **મહેતાનો પાડો** વિસ્તારમાં મુનિસુવ્રતસ્વામીના જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. પાર્શ્વનાથના જિનાલયનો અલગ ઉલ્લેખ થયો નથી. જિનાલયમાં દસ આરસપ્રતિમા અને ત્રાણું ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. વહીવટ મોહનલાલ વાડીલાલ હસ્તક હતો. ઉપરાંત મહેતાના પાડામાં ત્રણ ઘરદેરાસરો વિદ્યમાન હતાં. ૧. આદેશ્વર (મોહનલાલ હેમચંદના ઘરે), ૨. શાંતિનાથ (મારફતિયા અનોપચંદ રતનચંદ) અને ૩. આદેશ્વર (શેઠ લખમીચંદ ખેમચંદના ઘરે).

આજે મારફતિયા મહેતાના પાડામાં એક જ કંપાઉંડમાં મુનિસુવ્રતસ્વામીનું જિનાલય અને ભીડભંજન પાર્શ્વનાથનું જિનાલય આવેલું છે. આ જિનાલયમાં આરસની તકતીમાં એક શિલાલેખ છે. તેમાં આ જિનાલયની પ્રતિષ્ઠા સં૰ ૧૬૨૨માં થયાનો ઉલ્લેખ છે. સદરહુ લેખ સં૰ ૧૬૭૩માં કોતરવામાં આવ્યો હતો. વહીવટ આ જ વિસ્તારમાં રહેતા શ્રી અમિતકુમાર જયંતિલાલ શાહ, શ્રી સારાભાઈ રીખવચંદ શાહ તથા શ્રી પ્રકાશકુમાર જયંતિલાલ શાહ હસ્તક છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ટૂંકમાં મુનિસુવ્રતસ્વામીનું જિનાલય **સં૰ ૧૬૨૨**ના સમયનું છે. જ્યારે ભીડભંજન-પાર્શ્વનાથનું જિનાલય **સં૰ ૧૯૧૪**ના સમયનું છે. જો કે પ્રતિમાઓ ઘણી પ્રાચીન છે. આમ છતાં, **સં૰ ૧૭૨૯**માં તથા **સં૰ ૧૭૭૭**માં પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ મળતો નથી, તે સંદર્ભમાં આ જિનાલયની વધુ પ્રાચીનતા નક્કી કરવા માટે વિશેષ સંશોધનની જરૂર છે.

• • •

વખારનો પાડો

શાંતિનાથ (સં૰ ૧૭૨૯ પૂર્વે)

વખારના પાડામાં જઈએ એટલે જમણી બાજુ અંદર ખૂણે શ્રી શાંતિનાથનું ધાબાબંધી જિનાલય જોવા મળે. પૂર્વે અહીં બે જિનાલયો – ૧. શાંતિનાથ, ૨. ચંદ્રપ્રભુ હોવાનો ઉલ્લેખ સાંપડે છે. આ જિનાલયો સંયુક્ત હોય અને કાળક્રમે એક બન્યા હોય તેવું સંદર્ભસ્રોત જોતાં જણાય છે. વળી, આજે પણ મૂળનાયક શાંતિનાથની ડાબી બાજુએ શ્રી ચંદ્રપ્રભુ પરોણા તરીકે બિરાજમાન છે જ. અહીં શ્રી શાંતિનાથની વર્ષગાંઠ માગશર વદ એકમે તથા શ્રી ચંદ્રપ્રભુની વર્ષગાંઠ અખાત્રીજે – એમ બે વર્ષગાંઠ ઊજવાય છે. વળી, મૂળનાયકની જમણી બાજુએ શ્રી લાડકા પાર્શ્વનાથની પ્રતિમા બિરાજમાન છે.

મુખ્ય પ્રવેશદ્વારની બારસાખ રંગીન, કોતરણીવાળી છે. રંગમંડપમાં આવેલ થાંભલા પર પણ સુંદર રંગકામ, કોતરણી તથા દેવીઓની શિલ્પાકૃતિ છે. ઉપર છતના ભાગમાં પણ બારીક રંગીન કોતરણી છે. રંગમંડપમાં મૂળનાયકની સામેની દીવાલમાં એક ગોખ છે. તેમાં કાચકામ છે. બારસાખ પણ કોતરણી તથા મીનાકારીગરીયુક્ત છે.

રંગમંડપમાં દીવાલો પર ચિત્રિત કરેલ ઘણા પટ તથા પ્રસંગો છે. તેમાં ગિરનાર, શંખેશ્વર, રાણકપુર, શત્રુંજય, તારંગા, આબુ, કેશરીયાજી, સમેતશિખર, અષ્ટાપદ, બાહુબલીને બે બહેનો દ્વારા અપાતા ઉપદેશનો પ્રસંગ તથા ચૌદ રાજલોકનો સમાવેશ થાય છે. સમેતશિખરના પટ પર 'સં૰ ૧૯૬૬ ફાગણ વદ ૧૧ શા૰ ઉત્તમચંદ જેઠાસાએ પોતે ચિત્રિત કરીને અર્પણ કરેલ છે' તેવું જોવા મળે છે. અષ્ટાપદજીનો પટ કાચકામયુક્ત છે. જિનાલયમાં એક ગોખમાં પગલાં છે. આ પગલાં ગુરુનાં છે કે કોઈ તીર્થંકરનાં છે તે વાંચી શકાતું નથી, પરંતુ સાલ સં૰ ૧૮૬૭ વંચાય છે.

ગભારામાં અગાઉ જોયું તેમ મૂળનાયક શ્રી શાંતિનાથ છે અને તે ૧૭" ઊંચાઈ ધરાવે છે. ડાબે ગભારે ગર્ભદ્વાર પર મૂળનાયક ચંદ્રપ્રભુ લખ્યું છે તે પ્રતિમા ધાતુના છે અને ૩૪"ની ઊંચાઈ ધરાવે છે. ખરેખર ગભારા સન્મુખ મહાવીરસ્વામી છે. મહાવીરસ્વામીની પ્રતિમા ધાતુની છે. ચંદ્રપ્રભસ્વામી મહાવીરસ્વામીની ડાબી બાજુની દીવાલે છે. અહીં કુલ સાત આરસપ્રતિમા, ત્રેસઠ ધાતુપ્રતિમા ઉપરાંત ત્રણ નાના આરસના યક્ષ અને ત્રણ ધાતુના યક્ષની પ્રતિમાઓ છે. શ્રી લાડકા પાર્શ્વનાથની જમણી બાજુ છેલ્લે એક સાધુમૂર્તિ છે તેના પર એક લેખ છે. તેમાં '.....

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વર્ષે વૈશાષ વદિ ૩ સોમે બ્રહ્માણીયગચ્છે શ્રી ..... શ્રેયસે.....સૂરિપટ્ટે શ્રી રત્નાકરસૂરિણાં મૂર્તિ : .....' લખાણ વંચાય છે. ગભારામાં જ ડાબી બાજુની ભીંતે આરસનો ચતુર્વિંશતિપટ પણ છે.

ઐતિહાસિક સંદર્ભ

વખારના પાડામાં શાંતિનાથના જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મળે છે :

બસે ચોરાણું બિંબ સહિત, **શ્રી શાંતિનાથ** પ્રાસાદજી ।
વખારતણા પાડામાં વંદુ, મુકી મન વિખવાદ જી ॥૬॥

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **વખારના પાડા**માં શાંતિનાથને પણ કવિએ જુહાર્યા હતા :

તિહાં થકી જમણી દિસઇ, ચાલો ચતુર મનલાય,
વારુ **વષાર તણેં પાડેં, સોલસમો જિનરાય.** ભ૰ ૯૦ પા૰

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં **વખારના પાડા**માં એક જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે :

કુતકીઓ મથુરાંદાસનો, **વખારનો પાડો** જેહ;
મેંહતાને પાડેં વલી, **એકેક** પ્રણમું તેહ. સં૰ ૧૪

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં કવિ **વક્ષારનો પાડો** વિસ્તારમાં જઈ શાંતિનાથ તથા ચંદ્રપ્રભસ્વામી એમ બંને તીર્થંકરને નમન કરે છે.

વક્ષારપાડે પ્રભુ શાંતિનાથં, ચંદ્રપ્રભ તીર્થંકરં નમામિ ।

ચંદ્રપ્રભસ્વામીના નામનો ઉલ્લેખ **સં૰ ૧૯૫૯**માં સૌ પ્રથમ મળે છે. તે સમયે શાંતિનાથ તથા ચંદ્રપ્રભસ્વામીનું સંયુક્ત જિનાલય હતું કે બંને અલગ-અલગ જિનાલયો હતાં, તેની કોઈ સ્પષ્ટતા થઈ નથી.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં વખારનો પાડો વિસ્તારમાં શાંતિનાથનું એક જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે. તે સમયે જિનાલય **શિખર વિનાનું** દર્શાવવામાં આવ્યું છે. ચંદ્રપ્રભસ્વામીના નામનો ઉલ્લેખ **સં૰ ૧૯૬૩**માં થયો નથી. જ્યારે **સં૰ ૧૯૬૭**માં તથા **સં૰ ૧૯૮૨**માં ચંદ્રપ્રભસ્વામીનો ઉલ્લેખ થયો છે. જો કે તે સમયે પણ તેને અલગ જિનાલય તરીકે દર્શાવવામાં આવેલું નથી. પરંતુ સંયુક્ત જિનાલય તરીકે નિર્દેશ થયો હોય તેવું જણાય છે. ચંદ્રપ્રભસ્વામીનો મૂળનાયક તરીકે સ્પષ્ટ ઉલ્લેખ થયેલો છે. **સં૰ ૧૯૬૩**માં શાંતિનાથના જિનાલયમાં આઠ આરસપ્રતિમા અને એકસઠ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. પગલાંની એક જોડનો નિર્દેશ કરવામાં આવ્યો છે. જિનાલયની સ્થિતિ સારી હતી. ઉપરાંત, **સં૰ ૧૯૬૩**માં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વખારના પાડામાં ત્રણ ઘરદેરાસરોનો ઉલ્લેખ મળે છે. ૧. શા૦ મોતીલાલ નાલચંદ ૨. શા૦ મોહનલાલ ત્રીકમલાલ ૩. શા૦ કીલાભાઈ રણછોડ.

સં૦ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં પણ શાંતિનાથના આ જિનાલયને ધાબાબંધી દર્શાવવામાં આવ્યું છે. તે સમયે આઠ આરસપ્રતિમા અને ત્યાસી ધાતુપ્રતિમા બિરાજમાન હતી. આરસનો એક ચોવીસજિનપટ તથા એક સાધુમૂર્તિનો ઉલ્લેખ પણ તે સમયે થયેલો છે. તે સમયે જિનાલયની સ્થિતિ સારી હતી. જિનાલયનો વહીવટ મણિબેન ખીમચંદ હસ્તક હતો. **સં૦ ૨૦૧૦**માં ચંદ્રપ્રભસ્વામીના નામનો ઉલ્લેખ થયો નથી. **સં૦ ૨૦૦૮**માં તથા **સં૦ ૨૦૧૮**માં ચંદ્રપ્રભસ્વામીના નામનો ઉલ્લેખ થયેલો છે.

આજે પણ ચંદ્રપ્રભસ્વામીની પ્રતિમા મૂળનાયકની ડાબી બાજુએ બિરાજમાન છે. ચંદ્રપ્રભસ્વામીનો મૂળનાયક તરીકે ઉલ્લેખ અગાઉ પણ મળે છે. આજે ચંદ્રપ્રભસ્વામીનો અલગ મૂળનાયક તરીકે નિર્દેશ થતો નથી. સ્થાનિક કથા પ્રમાણે ઘણાં વર્ષોથી તે પ્રતિમાને પરોણા તરીકે રાખવામાં આવેલ છે.

આજે જિનાલયમાં આઠ આરસપ્રતિમા તથા ત્રેસઠ ધાતુપ્રતિમા બિરાજમાન છે. જિનાલયનો વહીવટ મુંબઈનિવાસી શ્રી બાબુલાલ લહેરચંદ શાહ હસ્તક છે.

ટૂંકમાં શાંતિનાથનું આ જિનાલય **સં૦ ૧૭૨૯ પૂર્વે**નું છે.

• • •

ગોદડનો પાડો

આદેશ્વર (સં૦ ૧૬૧૩ પૂર્વે)

ગોદડના પાડામાં પ્રવેશતાં તુરત જ જમણી બાજુએ આવેલા બે મજલાવાળું ઘુમ્મટબંધી સંયુક્ત જિનાલય નજરે પડે છે જેની રચના અંદરથી શ્રી શત્રુંજય તીર્થ પરના દાદાના દરબાર જેવી છે. દ્વારમાં પ્રવેશીને પગથિયાં ચડતાં સામસામે આવેલા બે ગભારા-રંગમંડપની રચના છે. એક ગભારામાં આદેશ્વર છે. તેની સામે પુંડરીકસ્વામીનો ગભારો છે. જો કે પુંડરીકસ્વામીના ગભારામાં મૂળનાયક ચંદ્રપ્રભસ્વામી છે. આદેશ્વરના ગભારાની ઉપર, બીજા માળે જિનાલય છે. તેમાં મૂળનાયક નેમિનાથ છે.

જિનાલયનો બાહ્ય દેખાવ ખરેખર અત્યાકર્ષક છે. (જુઓ ફોટોગ્રાફ નં૦ ૧૯) સુંદર રંગીન કોતરણી તથા વિવિધ શિલ્પો બહારથી જિનાલયને ભવ્યતા બક્ષે છે. મુખ્ય પ્રવેશદ્વારની બહારના ભાગમાં કોતરણીવાળી મગરમુખી ત્રણ રંગીન કમાનો છે. તેમાં વચ્ચેની કમાનની ઉપર સિંહ છે. થાંભલા પર સાદી રંગીન કોતરણી છે. પગથિયાંની બે બાજુ નીચેની દીવાલ પર મધ્યે ચક્ર અને આજુબાજુ સુંદર અનાનસ જેવા ફળની રંગીન આકૃતિ ઉપસાવેલી છે. પ્રવેશદ્વાર પણ કોતરણીવાળું છે. બહારની દીવાલ પર બે બાજુ નાના સુંદર ગોખ છે. જો કે દીવા મૂકવા માટે આ ગોખની રચના કરવામાં આવી હોય તેમ લાગે છે. બહારના પ્રવેશદ્વારની ઉપરની દીવાલ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પર છેક ઉપરના માળ સુધી સુંદર કોતરણી છે. અહીં ત્રણ કમાનો અને ત્રણ ઝરૂખા જેવી રચના છે જે પૈકી મધ્યના ઝરૂખા પર ત્રણ દેવીઓ છે. ઝરૂખાને ફરતે વાજિંત્રો વગાડતી ચાર સુંદર પૂતળીઓનાં શિલ્પો કંડારેલાં છે. ઉપર બે બાજુ ટોડલા પર બેઠી મુદ્રામાં કાંસી-જોડાં વગાડતી પૂતળી છે. તેની ઉપર ખૂણામાં બે વાઘ છે. અન્ય બે બાજુના ઝરૂખામાં ધર્મચક્રની રચના છે તથા ટોડલા પર બંને બાજુ પૂતળીઓની રચના છે. ઝરૂખાના થાંભલે બંસરીવાદન કરતા શ્રી કૃષ્ણ અને નૃત્ય કરતી ગોપીઓ તથા પૂતળીઓની રચના છે. તેની ત્રણ કમાનોમાં સપરિવાર વિષ્ણુ ભગવાન, રિદ્ધિ-સિદ્ધિ સાથે ગણેશજી, યક્ષ અને નૃત્યની વિવિધ મુદ્રામાં હારબંધ આવેલી પૂતળીઓનાં શિલ્પો જોવા મળે છે. અહીં બહારથી જ છેક ઉપર ધાબામાંની ફરકતી ધજા નજરે પડે છે.

આ અતિ ભવ્ય જિનાલયને બહારથી નીરખી હવે કોતરણીયુક્ત લાકડાના મોટા દરવાજામાંથી પ્રવેશ કરતાં આજુબાજુ બે નાની ઓરડીઓ જોવા મળે છે. પછી છ પગથિયાં ચડતાં સામે અતીત, વર્તમાન અને અનાગત ત્રણે ચોવીશી – તેવું લખાણ લખેલું છે. અહીં ઉપર છતમાં રંગકામ છે. પછી ફરી આઠ પગથિયાં ચડતાં નાનો ચોક આવે છે. તેમાં બે બાજુ થાંભલા પર દ્વારપાળ છે. તેમના હાથમાં કટાર છે. સામે બે મલ્લ એકબીજાની ચોટી અને પગ પકડીને ઊભા હોય તેવાં શિલ્પો છે. થાંભલાની નીચેની બાજુ યક્ષ-યક્ષિણીનાં શિલ્પો છે. અહીં બે બાજુ પથ્થરનાં પગથિયાં છે. તે ચડતાં આદેશ્વરના જિનાલયમાં પ્રવેશી શકાય છે. આ પગથિયાંની સામે આવેલાં પગથિયાં ચડતાં ચંદ્રપ્રભસ્વામીના જિનાલયમાં પ્રવેશી શકાય છે.

જિનાલયમાં કુલ પચાસ આરસપ્રતિમા તથા તેર ધાતુપ્રતિમા છે. ઉપરાંત જિનાલયમાં આરસના બે ચોવીશીપટ, વીસવિહરમાનનો એક પટ અને ચૌમુખજીની પ્રતિમા છે.

આદેશ્વર

મૂળનાયક આદેશ્વરના જિનાલયનાં પગથિયાં ચડતાં ઝરૂખો છે જેમાં મલ્લ કુસ્તી કરતા હોય તેવી શિલ્પાકૃતિ છે. બે બાજુ દીવાલ પર અનાનસ જેવા ફળની રચનાઓ ઉપસાવેલી છે. જિનાલયના રંગમંડપમાં પ્રવેશતાં કોતરણી સુંદર છે. નીચે ફરસ આરસની છે. ઉપરની છતમાં પણ રંગકામ કરેલ છે. રંગમંડપમાં બે ગોખ છે. પ્રત્યેકમાં આરસની બે પ્રતિમાઓ છે. તે મળીને અહીં કુલ ચાર આરસપ્રતિમા બિરાજમાન છે.

ત્રણ ગર્ભદ્વાર પૈકી મુખ્ય દ્વાર પર મધ્યમાં દર્શનીય પ્રતિમા અને થાંભલા પર દેવીઓ છે. બારસાખ કાષ્ઠની કોતરણીવાળી છે. ત્રણે ગર્ભદ્વાર પિત્તળના હાથીના મુખની કોતરણીવાળા છે. ગભારામાં મૂળનાયક તરીકે શ્રી આદેશ્વર બિરાજે છે. પ્રતિમાની ઊંચાઈ ૨૧" ઇંચની છે. ડાબા ગભારે ચંદ્રપ્રભસ્વામી તથા જમણા ગભારે અજીતનાથ બિરાજે છે.

મૂળનાયકની બંને બાજુ બે નાની આરસપ્રતિમા છે. અહીં ગભારામાં જમણી બાજુ અતીત ચોવીસીનો આરસનો પટ તથા ડાબી બાજુ અનાગત ચોવીસીનો આરસનો એક પટ છે. આ બંને પટ ઉપર સં. ૧૬૨૪ વંચાય છે. ઉપરાંત અહીં વર્તમાન ચોવીસીના કુલ ચોવીસ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રતિમાઓ બિરાજમાન છે. આ ચોવીસેય પ્રતિમાઓ રાતા આરસની છે. શ્વેત આરસપ્રતિમા અલ્પ છે અને તેની સાથે ઘણી બધી રાતા રંગની પ્રતિમાઓ હોવાને કારણે આ ગભારો અતિ દેદીપ્યમાન લાગે છે. જેમ ઢંઢેરવાડાના શામળા પાર્શ્વનાથના ગભારામાં શ્વેત-શ્યામ સંયોજનથી ગભારો અલગ તરી આવે છે તેમ અહીં પણ બન્યું છે. આમ, આદેશ્વરના આ જિનાલયના ગભારામાં એક સાથે અતીત, અનાગત અને વર્તમાન – એમ ત્રણેય ચોવીસીના તમામ ભગવાનની પ્રતિમાઓના દર્શન-પૂજા થાય છે. અહીં સત્તાવીસ આરસપ્રતિમા છે જેમાં ચોવીસ રાતા રંગની છે અને બાર ધાતુપ્રતિમા છે.

ચંદ્રપ્રભસ્વામી

સામે આવેલા ચંદ્રપ્રભસ્વામીના જિનાલયના રંગમંડપમાં થાંભલાઓ પર આછા ઘેરા (Shaded) રંગથી સુંદર રંગકામ કરેલું છે. ઉપરની છતમાં પથ્થર પર રંગકામ છે. રંગમંડપમાં જમણી બાજુના ગોખમાં બે આરસપ્રતિમા છે. તથા ડાબી બાજુ એક દેવકુલિકાની રચના કરવામાં આવેલી છે. આ દેવકુલિકાના ગોખમાં એક આરસપ્રતિમા બિરાજે છે. અહીં દેવકુલિકામાં મધ્યે સમવસરણની રચના પણ છે જેમાં ચૌમુખે ઋષભદેવ, ચંદ્રાનન, વારિષેણ, વર્ધમાનસ્વામી – એમ ચાર શાશ્વતા તીર્થંકર બિરાજમાન છે.

આ દેવકુલિકામાં ડાબી બાજુ ખૂણામાં નીચેના ભાગમાં કાઉસ્સગ્ગ મુદ્રામાં આરસની એક દેવીની મૂર્તિ છે. તેમના હાથમાં ઘડો છે. તથા મસ્તકની ઉપરના ભાગમાં ભગવાનની નાની પ્રતિમા છે. ઉપરાંત બીજા એક ખૂણામાં નીચેના ભાગમાં લંબચોરસ આકારનો આરસનો એક ટુકડો છે જેની ઉપરના ભાગમાં અજીતનાથની નાની પ્રતિમા છે. નીચેના ભાગમાં લેખ છે જે નીચે પ્રમાણે છે :

"શ્રી વિધિપક્ષ ગચ્છે । શ્રી અજિતનાથ મૂલનાયકઃ

卐 શ્રી ગૌતમાય નમઃ સંવત્ ૧૬.. વર્ષે ફાલ્ગુન સુદિ ૪ અપરાતિ પંચમી તિથૌ સોમવાસરે અદ્યેહ શ્રી પત્તનનગરે પાતશાહ શ્રીમદાફરરાજ્યે ષાન શ્રી શેરષાન સમયે શ્રી અણહિલ્લપુર વાસ્તવ્ય । શ્રી શ્રીમાલી જ્ઞાતીયા સાંડસાગોત્રે ગોદંડ સાષાયાં સંઘવી જાટા પુ૦ સં૦ ષીમા સં૦ ભીમા સં૦ ખીમા સુત સં૦ જીવા સં૦ ભીમા સુત સં૦ ષેતા । સં૦ હાસા સં૦ વચ્છા । સં૦ હાસા ભાર્યા બા૦ હર્ષાઇ । સુત દો૦ રામા । ભાર્યા સુશીલા બા૦ જીવાદે સુ૦ દો૦ ગુણરાજ । દ્વિતીય સુત દો૦ વીરા । પુત્રી બા૦ કબાઈ । બા૦ કીકૂ દો૦ ગુણરાજ । ભા૦ બા૦ ચંદ્રાઉલિ । સુ૦ દોસી નકરાજ દો૦ હીરજી । દો૦ નકા । સુત દો૦ પંચાયણ । દો૦ દેવજી । હીરજી સુત દો૦ ગુણવંત । દો૦ મનજી । દો૦ વીરા । ભા૦ બાઈ લષમાઈ । પુત્રી બા૦ સુષમા । બા૦ ચાપાં । બા૦ નાકૂ । બા૦ લાલા । બા૦ કીબાઈ । પ્ર૦ કર્મા । બા૦ કીકૂ સુત સા૦ સંધૂસા ॥ શિવા । સા૦ સીરંગ । એવં વિધિ નિજકુટંબ સહિતૈ । દો૦ રામા સુત દો૦ વીરાકેન નિજ પિતૃમાતૃ ભ્રાતૃ સ્વપુન્યાર્થ પ્રણમતિ જિનબિંબાનિ કારિતાનિ । શ્રીમત્ અંચ(લ)ગચ્છે । શ્રી આર્યરક્ષિતસૂરિશ્વરાણામ..યે શ્રી મેરુતુંગસૂરિ । તત્પટ્ટે શ્રી જયકીર્તિસૂરિ । તત્પટ્ટે શ્રી જયકેસરસૂરિ । તત્પટ્ટે શ્રી સિદ્ધાંતસાગરસૂરિ । તત્પટ્ટે શ્રી ભાવસાગરસૂરિ । તત્પટ્ટે શ્રી ગુણનિધાનસૂરિ તત્પટ્ટે સંપ્રતિ શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધર્મમૂર્તિસૂરીશ્વરવિજયઃ ॥ તતઃ રાજ્યે શ્રી વણારીસ શ્રીઃ ગજલાભગણિ ઉપદેશેન કારિતાનિ જિનબિંબાનિ પ્રતિષ્ઠિતાનિ । શ્રી સંઘેનઃ ચિરં । નંદિતઃ શુભં ભવતુઃ । શ્રી શ્રી શ્રી''

ગર્ભદ્વાર એક જ છે. તેની આજુબાજુ બે નાની બારીઓ છે જે પૈકી એક બારી ઉપર્યુક્ત નિર્દેશિત દેવકુલિકામાં પડે છે. ગર્ભદ્વાર પાસે દીવાલ પર દેવીઓનાં શિલ્પો તથા તેની આજુબાજુ વિવિધ અંગભંગિમાઓ વાળાં શિલ્પો નજરે ચડે છે.

ગભારામાં મૂળનાયક ચંદ્રપ્રભુની ૨૩'' ઊંચાઈવાળી પ્રતિમા બિરાજમાન છે. આમ છતાં આ ગભારો પુંડરીકસ્વામીના ગભારા તરીકે જાણીતો છે. ચંદ્રપ્રભુની જમણે ગભારે પુંડરીકસ્વામી સંભવતઃ છે કારણ તેનું લાંછન સ્પષ્ટપણે જોઈ શકાતું નથી, જ્યારે ડાબે ગભારે શાંતિનાથ બિરાજમાન છે. મૂળનાયક ચંદ્રપ્રભુની પ્રતિમાની કોણી અને પલાંઠી એક પથ્થરથી જોડાયેલા છે એ તેની વિશિષ્ટતા છે. ચંદ્રપ્રભુની એકદમ જમણી બાજુ નેમનાથ (શંખ લાંછન) અને ડાબી બાજુ વીસ વિહરમાનનો આરસનો પટ છે. આ પટ પરના લેખમાં સં૰ ૧૬૨૪ વાંચી શકાય છે. અહીં બાર આરસપ્રતિમા અને એક ધાતુપ્રતિમા છે. અહીં પ્રતિમા પર લેખ નથી. ચંદ્રપ્રભસ્વામીનું આ જિનાલય પુંડરીકસ્વામીના જિનાલય તરીકે ઓળખાય છે અને ચૈત્રી પૂનમના દિવસે દેવવંદનવિધિ કરવા અત્રે શ્રાવકો આવે છે.

નેમનાથ

આદેશ્વરના જિનાલયની ઉપર, બીજા માળે નેમનાથનું નાનું જિનાલય આવેલું છે. અહીં ગભારામાં કુલ ત્રણ આરસપ્રતિમા બિરાજમાન છે. નેમનાથ ભગવાનની શ્યામલ પ્રતિમા ૧૭'' ઊંચાઈ ધરાવે છે. અહીં પાર્શ્વયક્ષની શ્યામ આરસની મૂર્તિ છે. નેમનાથની ડાબી બાજુ ચંદ્રપ્રભુ બિરાજે છે. જમણી બાજુ બિરાજમાન પ્રભુનું નામ આપેલ નથી પણ તેનું લાંછન સંભવતઃ હાથીનું લાગે છે તેથી તે અજિતનાથ હોવા જોઈએ. અહીં એક યંત્રમાં પગલાંની એક જોડ છે.

આમ, અલગ અલગ ગર્ભગૃહમાં બિરાજમાન ત્રણ મૂળનાયક સાથેનું, બે મજલાવાળું સંયુક્ત જિનાલય તેની રચના, તેની કોતરણી અને શત્રુંજયની યાદ અપાવે તેવી આદેશ્વર-પુંડરીકસ્વામીના સામસામેના ગભારાઓની રચના તથા એકીસાથે થતાં ત્રણે ચોવીસીનાં દર્શનને કારણે વિશિષ્ટ બન્યું છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૬૧૩માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ગોદડના પાડા**માં ૧. આદેશ્વર (દોસી ગુણરાજના ઘરે) અને ૨. આદેશ્વર (વિસા નાથાના ઘરે) – એમ કુલ બે જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે જે પૈકી એક ઘરદેરાસર છે.

....., **ગોદડનઈ પાડઈ** આવીઈ ૧૩

દોસી ગુણરાજ દેહરઈ સાર, મૂલનાયક **શ્રી નાભિ મલ્હાર**
પ્રતિમા આઠ તિહાં જે કહી, **વિસા નાથા ઘરિ** આવ્યા સહી ૧૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તિહા પ્રણમું **શ્રી ઋષભ જિણંદ**, સિષરબધ દેહરાસુર ચંદ
બિંબ ચ્યાર જિન મૂરતિ સાર, નાથાસાહા પાડઈ ઊદ્ધાર ૧૫

સં૰ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ગોદડનો પાડો** વિસ્તારમાં આદેશ્વરનું એક જિનાલય તથા ત્રણ ઘરદેરાસરો – ૧. આદેશ્વર (વિસા થાવરના ઘરે), ૨. પાર્શ્વનાથ (દોસી હીરજીના ઘરે), ૩. આદેશ્વર (ઉદયકરણના ઘરે) – એમ કુલ ચાર જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે.

ગોદડનઈ પાટકિ । પૂજઉ **ઋષભ** દયાલ ।
જિન સરિષા વરણઈ । પેષઉ રંગ રશાલ ॥૬૭॥

એકસઉ ચિઉંઊત્તરિ । પ્રણમંતા હુઈ પ્રેમ ।
વિસા થાવર ઘરિ છઇ । **રિષભ** કરઇ તે ષેમ ।
ચૌદહ જિણ પૂજ્યા । તિહાં નિજ ઉત્તમ ભાવિ ।
દોસી હીરજી દેહરાસરિ । હઈડઇ હરષઇ આવિ ॥૬૮॥

પાસહ જિણ નિરષ્યા । તિહાં વલી ઊલટ આણિ ।
ઉદયકરણનઈ ઘરિ । **ઋષભ** જિન અમૃત વાણિ ।
બાવન છઇ જિનવર । પૂજઉ હરષિ અપાર ।
જિનવર ગુણ ગાતાં । સુખ પામઉ બહુ વાર ॥૬૯॥

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ગોદડનો પાડો** વિસ્તારમાં આદેશ્વરના માત્ર એક જ જિનાલયનો ઉલ્લેખ થયેલો છે :

ગોદડપાડે રિષભને દેહરે, છન્નૂં બિંબ ઈણ ઠામજી.

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ગોદડનો પાડો** વિસ્તારમાં આદેશ્વરના જિનાલયની સાથે તેના અંતર્ગત ચૌમુખજીનો પણ ઉલ્લેખ થયેલો છે. ચૌમુખજીનો ઉલ્લેખ **સં૰ ૧૭૭૭**માં સૌ પ્રથમ વાર થયેલો જોવા મળે છે :

પાડેં ગોદડનેં નમું, **આદીશ્વર** જિન ગેહ,
વિચમિં ચોમુખ નિરષીયેં, મોટી યાત્રા એહ. ભ. ૧૦

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત શ્રી તીર્થમાલા સ્તવનમાં તેમણે **ગોદડના પાડા**માં એક જિનાલયની સ્તવના કરી છે :

મહાલક્ષ્મી **ગોદડ** તણો, નીસાલનો પાડો જાંણિ;
ચૈત્ય એકેક ઘીયા તણેં, દેવલ દોય વખાંણ. સં૰ ૧૩

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં **ગોદડનો પાડો** વિસ્તારમાં આદેશ્વર, પુંડરીકસ્વામી, નેમિનાથ તથા ચૌમુખજીનો ઉલ્લેખ થયેલો છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આદીશ્વરં ગોદડપાટકેડહં, ગણાધિનાથં કિલ **પુંડરીકમ્** ।
ભક્ત્યા નમામીહ ચ **નેમિનાથં**, **ચતુર્મુખં** તીર્થકરેંદ્રબિંબમ્ ॥૩૭॥

જો કે આ એક સંયુક્ત જિનાલય હતું કે અલગ-અલગ જિનાલય તેવી સ્પષ્ટતા થઈ નથી. પરંતુ ત્યારબાદ તુરત જ **સં૰ ૧૯૬૩**માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં તેનો એક જ (સંયુક્ત) જિનાલય તરીકે નિર્દેશ થયેલો છે. તે સમયે **ગોદડશાહનો પાડો** – એ મુજબના નામનો ઉલ્લેખ મળે છે. જિનાલય ધાબાબંધી હતું અને એકસો બાવીસ આરસપ્રતિમા બિરાજમાન હતી. આટલી મોટી સંખ્યામાં આરસની પ્રતિમાઓ બિરાજમાન હોય એ જિનાલયની ભવ્યતા પાટણના જૈન ઇતિહાસની પરંપરામાં ગૌરવપ્રદ ગણાય. જિનાલયની સ્થિતિ તે સમયે સારી હતી.

સં૰ ૧૯૬૭માં તથા **સં૰ ૧૯૮૨**માં ગોદડનો પાડો વિસ્તારમાં આદેશ્વર, નેમિનાથ, ચંદ્રપ્રભસ્વામી તથા ચૌમુખજી – એમ સંયુક્ત જિનાલયનો ઉલ્લેખ થયેલો છે.

સં૰ ૨૦૦૮માં તથા **સં૰ ૨૦૧૮**માં પણ તે મુજબ જ સંયુક્ત જિનાલયનો ઉલ્લેખ થયેલો છે અને આજે પણ આ જિનાલયમાં આદેશ્વર, નેમિનાથ, ચંદ્રપ્રભસ્વામી તથા ચૌમુખજી બિરાજમાન છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં ગોદડનો પાડો વિસ્તારમાં આદિનાથનું આ જિનાલય ઘુમ્મટબંધી દર્શાવવામાં આવેલું છે. તે સમયે ત્રેપન આરસપ્રતિમા અને સાડત્રીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. ઉપરાંત આરસના ચોવીસજિનના બે પટ તથા વીસવિહરમાનના એક પટનો પણ ઉલ્લેખ છે. જિનાલયની સ્થિતિ સારી હતી. વહીવટદાર તરીકે શેઠ હીરાલાલ કીલાચંદ સેવાઓ આપતા હતા.

આજે જિનાલયનો વહીવટ મુંબઈસ્થિત શ્રી રાજેન્દ્રભાઈ હીરાલાલ સફરી, શ્રી અતુલભાઈ જયંતિલાલ સફરી, શ્રી રમેશભાઈ પરસોત્તમદાસ સફરી તથા શ્રી વીરેન્દ્રભાઈ રસિકલાલ સફરી અને ગોદડના પાડામાં જ રહેતા શ્રી શૈલેષભાઈ કાંતિલાલ સફરી હસ્તક છે. પૂર્વે જિનાલયનો વહીવટ શેઠ ધરમચંદ અભેચંદની પેઢી હસ્તક હતો.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૧૩ પૂર્વે**નું સ્પષ્ટપણે માની શકાય.

• • •

મહાલક્ષ્મીમાતાનો પાડો

મુનિસુવ્રતસ્વામી (સં૰ ૧૭૨૯થી સં૰ ૧૭૭૭ દરમ્યાન)

મહાલક્ષ્મીમાતાના પાડે અંદર જતાં ખૂણામાં ત્રણ શિખરવાળું મુનિસુવ્રતસ્વામીનું પ્રાચીન જિનાલય આવેલું છે. જિનાલયમાં બે દેવકુલિકાઓ આવેલી છે.

જિનાલયના બહારના ભાગમાં પ્રવેશદ્વાર તથા પ્રવેશચોકીમાં આવેલાં સુંદર કલાકૃતિવાળાં શિલ્પો જિનાલયની સુંદરતામાં ચાર ચાંદ લગાવી દે છે. બે પ્રવેશદ્વાર પૈકી દરેક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પર સિંહ, તાપસ તથા બાળકોની રચનાઓ નજરે પડે છે. દીવાલ તથા થાંભલા પર રંગીન કોતરણી તથા પ્રવેશદ્વારની બારસાખ પર પણ રંગીન કોતરણી છે. થાંભલા પર ટોડલા છે. દ્વારની ઉપરના ભાગમાં હાથી તથા દેવીઓનાં રંગીન શિલ્પો કંડારેલાં નજરે પડે છે.

જિનાલયના રંગમંડપમાં સામેથી પ્રવેશવા માટેનાં ત્રણ દ્વાર છે. ઉપરાંત રંગમંડપની ડાબી-જમણી બાજુ પણ પ્રવેશદ્વાર છે જ્યાંથી દેવકુલિકાઓ તરફ જઈ શકાય છે. રંગમંડપમાં છત પર રંગીન ટોડલા છે. ચૌદ સુપનોનું ચિત્રકામ છે. રંગમંડપમાંની દીવાલો ભદ્રેશ્વર, અષ્ટાપદ, શત્રુંજય, આબુજી, કુલ્પાકજી, ગિરનાર, રાણકપુર જેવાં તીર્થોના પટ તથા શ્રેયાંસકુમાર દ્વારા અક્ષયતૃતીયા દિને પ્રભુ આદિનાથને ઈક્ષુરસથી પારણું, કલકત્તાના રાયબહાદુર બાબુ બદ્રીદાસજી મુકીમનું ધર્મનાથનું જિનાલય, પાર્શ્વનાથને વંદન કરતાં ઈન્દ્ર-ઈન્દ્રાણી, શાંતિનાથના દસમા ભવ જેવા પ્રસંગપટો તથા ચિત્રોથી રળિયામણી બની છે. રંગમંડપની બંને બાજુ ઘુમ્મટયુક્ત ગોખમાં આરસની બે દેવીઓની મૂર્તિઓ બિરાજે છે.

લાધાશાહે એમની ચૈત્યપરિપાટીમાં જિનાલયનાં ચિત્રો જોઈ એમનાં નેત્રો હર્ષિત થયાં હોવાની ખાસ નોંધ કરી છે. આજે ભલે એ જ ચિત્રો નહીં રહ્યાં હોય પણ પ્રાસાદ વિવિધ તીર્થ અને પ્રસંગપટોથી ભરચક છે જ.

રંગમંડપના ડાબી બાજુના દ્વારેથી આદેશ્વરની દેવકુલિકા તરફ જઈ શકાય છે. આદેશ્વરની પરિકરયુક્ત મનોરમ પ્રતિમાના દર્શનથી મન ન્યતા અનુભવે છે. દેવકુલિકામાં કુલ સાત આરસપ્રતિમા અને કુલ ત્રેવીસ ધાતુપ્રતિમા બિરાજે છે.

રંગમંડપની જમણી બાજુના દ્વારેથી મહાવીરસ્વામીની દેવકુલિકામાં જઈ શકાય છે. મહાવીરસ્વામીની આરસની પ્રતિમા પરિકરયુક્ત છે. અહીં કુલ પાંચ આરસપ્રતિમા અને છવ્વીસ ધાતુપ્રતિમા બિરાજે છે.

મુખ્ય ગર્ભદ્વારની બારસાખ રંગીન અને કોતરણીવાળી છે. મૂળનાયક મુનિસુવ્રતસ્વામીની ૨૭" ઊંચાઈવાળી સપરિકર આરસની પ્રતિમાના દર્શન કરતાં મન શાંતિનો અનુભવ કરે છે. ગભારામાં મૂળનાયક તથા આજુબાજુની પ્રતિમાઓને સાંકળતી આરસની છત્રીની સુંદર રચના છે. છત્રીના થાંભલા પર પૂતળીનાં શિલ્પો છે. ગભારામાં કુલ નવ આરસપ્રતિમા અને સોળ ધાતુપ્રતિમા બિરાજમાન છે. ગભારામાં જ ડાબી બાજુના ગોખમાં મુનિસુવ્રતની પ્રતિમા પર સં૰ ૧૫૧૦નો લેખ છે.

આ જિનાલયનો જીર્ણોદ્ધાર સં૰ ૧૯૭૩માં થયો હોવા અંગેનું લખાણ મૂળનાયક ભગવાનની નીચેના ભાગમાં એક તકતી પર જોવા મળે છે. ઉપરાંત ગભારામાં અંદરની બાજુએ સામસામેના બે ગોખની રચના સં૰ ૧૯૭૯માં થયાનું લખાણ છે.

અહીં એક સિદ્ધચક્ર મહાયંત્ર છે. રંગમંડપમાં ગર્ભદ્વાર પાસે સામસામે બે ગોખની રચના છે જેમાં કુલ ચાર આરસપ્રતિમા બિરાજે છે. તે પૈકી એક પ્રતિમા પર "સં૰ ૧૫૪૯.... લક્ષ્મીસાગરસૂરિભિઃ"નો ઉલ્લેખ છે. તથા અન્ય પ્રતિમા પર સં૰ ૧૬૦૫નો લેખ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **મહાલક્ષ્મીની પોળ**માં મુનિસુવ્રત- સ્વામીના જિનાલયનો ઉલ્લેખ સૌ પ્રથમ વાર થયેલો જોવા મળે છે.

મુનિસુવ્રત જિન ભેટીયા, **મહાલષમી**ને ષેત્ર, હો૰ ભ૰
પ્રાસાદ ચિત્ર નિહાલતાં, હરષીત થયાં દોય નેત્ર ભ૰ ૧૨ પા૰

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં કવિ **મહાલક્ષ્મીના પાડા**માં એક જિનાલય વિદ્યમાન હોવાનો નિર્દેશ કરે છે.

મહાલક્ષ્મી ગોદડ તણો, નીસાલનો પાડો જાંણિ;
ચૈત્ય **એકેક** ઘીયા તણેં, દેવલ દોય વખાંણ. સં૰ ૧૩

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં **મહાલક્ષ્મીના પાડા**માં મુનિસુવ્રતસ્વામી, શાંતિનાથ તથા પાર્શ્વનાથ – એમ કુલ ત્રણ જિનાલયોનો ઉલ્લેખ થયો છે.

મહાલક્ષ્મીપાડે મુનિસવ્રતતીર્થેશમધુના,
તથા કોટાવાસિપ્રવરધનિકાગારમિલિતમ્ ।
જિનં **શાંતિં** વંદે સકલસુરસંઘાતમહિતં,
તથૈવં **વામેયં** શઠકમઠસંતાપહરણમ્ ॥૩૬॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેકટરીમાં મહાલક્ષ્મીના પાડામાં મુનિસુવ્રતસ્વામીનું જિનાલય **શિખર વિનાનું** દર્શાવવામાં આવેલું છે. તે સમયે પચીસ આરસપ્રતિમા અને સતાણુ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી દર્શાવવી છે. ઉપરાંત **સં૰ ૧૯૬૩**માં મહાલક્ષ્મીના પાડામાં કુલ સાત ઘરદેરાસરો વિદ્યમાન હતાં. ૧. શા૰ પાનાચંદ ઉત્તમચંદ, ૨. શા૰ નગીનદાસ ભાઈચંદ, ૩. શા૰ ઘહેલાભાઈ સરૂપચંદ, ૪. શા૰ ગમાનચંદ વીઠલભાઈ, ૫. શા૰ હાલાચંદ છગનલાલ, ૬. શા૰ મોતીચંદ રામચંદ તથા ૭. શા૰ હીરાચંદ સાકલચંદ. સ્થાનિક માહિતી મુજબ ઉપર્યુક્ત સાત ઘરદેરાસરો પૈકી પાનાચંદ ઉત્તમચંદ કોટાવાલાનું મનમોહન પાર્શ્વનાથનું ઘરદેરાસર પંચાસરા પાર્શ્વનાથના જિનાલય પાસે આવેલા સ્થંભન પાર્શ્વનાથના જિનાલયમાં (કોટાવાલની ધર્મશાળા, આઝાદચોક) પધરાવી દેવામાં આવેલ છે. અન્ય ઘરદેરાસરો મુનિસુવ્રતસ્વામીના આ જિનાલયમાં પધરાવી દીધેલ છે.

સં૰ ૧૯૬૭માં તથા સં૰ ૧૯૮૨માં મુનિસુવ્રતસ્વામીના આ જિનાલય સાથે સુમતિનાથનો પણ ઉલ્લેખ થયેલો છે. એટલે કે તે સમયે આ સંયુક્ત જિનાલય હોવાનું માની શકાય.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં મહાલક્ષ્મીના પાડામાં મુનિસુવ્રતસ્વામીના જિનાલયનો ઉલ્લેખ શિખરબંધી જિનાલય તરીકે થયેલો છે. તે સમયે પણ પચીસ આરસપ્રતિમા અને સડસઠ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. સં૰ ૧૯૭૯માં જીર્ણોદ્ધાર થયાની નોંધ છે. તે સમયે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શેઠ ભોગીલાલ ચુનીલાલ વહીવટદાર તરીકે સેવાઓ આપતા હતા.

ઉપરાંત જૈન તીર્થ સર્વસંગ્રહમાં મહાલક્ષ્મીનો પાડો-કોટાવાલાનું ઘરદેરાસર—એ મુજબનો ઉલ્લેખ કરીને મનમોહન પાર્શ્વનાથના એક ઘરદેરાસરનો પણ ઉલ્લેખ થયેલો છે. તેમાં બે આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. તે ઘરદેરાસર શેઠ પૂનમચંદ કરમચંદ કોટાવાલાએ સં૰ ૧૯૦૦માં બંધાવ્યાનો ઉલ્લેખ છે. આ જિનાલય બીજે માળે હતું તેવી પણ નોંધ થયેલી છે. વહીવટ શેઠ પ્રેમચંદ કજોડીલાલ કોટાવાલા હસ્તક હતો. કોટાવાલાનું આ ઘરદેરાસર મૂળનાયક સાથે સ્થંભન પાર્શ્વનાથના જિનાલયમાં પધરાવવામાં આવ્યું છે.

આજે જિનાલયમાં કુલ પચીસ આરસપ્રતિમા અને પાંસઠ ધાતુપ્રતિમા બિરાજે છે અને જિનાલયનો વહીવટ મહાલક્ષ્મીમાતાના પાડામાં રહેતા શ્રી કનુભાઈ શીવલાલ શાહ અને શ્રી જિતેન્દ્રકુમાર રસિકલાલ શાહ તથા મુંબઈનિવાસી શ્રી હેમંતભાઈ માણેકલાલ શાહ અને શ્રી દિનેશચંદ્ર રતીલાલ શાહ હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૭૨૯ થી સં૰ ૧૭૭૭**ના સમયગાળા દરમ્યાનનું છે.

• • •

સાલવીવાડો

સાલવીવાડો વિસ્તાર ઘણા પ્રાચીન સમયથી પ્રચલિત થયેલો છે. આ વિસ્તાર ઘણો મોટો છે અને તેમાં જુદી-જુદી શેરીઓ, વાડાઓ, પાડાઓ તથા પોળોનો સમ્રાવેશ થયેલો છે.

કનૈયાલાલ ભાઈશંકર દવેએ પાટણનાં સ્થળનામો વિષયક તા.૨૦-૯-૧૯૬૦ના રોજ વડોદરા પ્રાચ્ય વિદ્યામંદિરમાં સંભાષણ આપેલું. તેમાં સાલવીવાડા વિશે ખૂબ જ વિસ્તારથી ચર્ચા કરી છે. તેમણે કરેલી ચર્ચાની સવિસ્તર નોંધ અક્ષરશઃ નીચે મુજબ છે :

"સાલવીવાડો એ મહોલ્લાનું નામ સાળવી જ્ઞાતિ ઉપરથી પડ્યું છે. આ લોકો પ્રાચીન કાળથી શાળ ઉપર વણવાનો ધંધો ચલાવતા હોવાથી સાળવી કહેવાયા. તેઓએ પાટણમાં ક્યારે નિવાસ કર્યો તેની ચોક્કસ સાલ મળતી નથી. પણ સિદ્ધરાજની માતા મયણલ્લા સાથે દક્ષિણ ભારતમાંથી આવી પાટણમાં રહ્યા હોવાનું કહેવાય છે. બીજી હકીકત કુમારપાળે બિંબોરા રાજસ્થાનથી સાળવીઓને લાવી વસાવ્યાની પણ મળે છે. પુરાતન પ્રબંધ સંગ્રહમાં સિદ્ધરાજના પિતા કર્ણદેવના સમયમાં કર્ણાવતી અમદાવાદમાં શાલાપતી સાળવી વસતા હતા એવો ઉલ્લેખ છે. આમ કર્ણદેવના સમયથી જ પાટણમાં તેમજ અમદાવાદમાં સાળવીઓ રહેતા હતા. એમ તો ચોક્કસ લાગે છે. આચાર્ય હેમચંદ્રે ત્રિશષ્ઠિ શલાકાપુરુષ ચરિત્રમાં દ્વારકાના વીરા સાળવીની નોંધ લેતાં ભગવાન કૃષ્ણે પોતાની કીર્તિમંજરી નામની પુત્રી પરણાવી હોવાનું સૂચવ્યું છે. ત્રિષષ્ઠિનો આ ઉલ્લેખ આચાર્ય હેમચંદ્રના સમયમાં સાળવીઓ સુપ્રસિદ્ધ હોવાની યાદ આપે છે. પાટણના કેટલાક મહોલ્લાનાં નામો વખતોવખત પરિવર્તન પામ્યા છે. પરંતુ આ મહોલ્લાનું નામ શહેરની સ્થાપનાથી અત્યાર સુધી કાયમ રહ્યું છે. પાટણની ચૈત્યપરિપાટીઓ અને સં. ૧૭૫૧માં લખાયેલી પ્રાકૃતદ્વયાશ્રયની પ્રશસ્તિમાં તેના લહીયા લટકણના રહેઠાણ કરીકે સાલવીવાડાનો ઉલ્લેખ મળે છે. આ જિલ્લાની અંદર બીજા કેટલાક મહોલ્લાઓ વસેલા હતા. એમ ચૈત્યપરિપાટીઓના આધારે જાણવા મળે છે. આવા મહોલ્લાઓમાં આજે ફક્ત ચાર પોળો તરશેરીયું, કલારવાડો, નારાયણજીનો પાડો, અને ગોલવાડ વિદ્યમાન છે. જ્યારે ચૈત્યપરિપાટીઓમાં જણાવ્યા મુજબ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુરસીવાજો, કૈયાવાડો, દણાયગવાડો, ધંધુલીપાડો, સત્રાગવાડો, પુન્નાંગવાડો વ. મહોલ્લાઓ નાશ પામતાં તેના અવશેષરૂપ ખુલ્લાં મેદાનો આવેલ છે. આ મહોલ્લાઓના નામ શાથી પડ્યાં તેનાં કારણો તપાસતાં કેટલીક અવનવી માહિતી જાણવા મળે છે.

આ પૈકી કૈયાવાડો નામ ખાસ ધ્યાન ખેંચે છે. સાળવીઓના મહોલ્લાઓમાં 'કૈયાકીચકો'ની પ્રતિમાઓ તેની દહેરીયોમાં બેસારેલી હોય છે. વિરાટરાજાના સાળા કૈયાકીચકનું નામ લોકોમાં જાણીતું છે. શિલ્પશાસ્ત્રમાં સ્તંભો ઉપર ભરણાં અને શિરાવટી સરાંઓમાં કીચકોનાં રેખાંકનો બનાવવાનું જણાવેલ છે. વિરાટ રાજાના સાળાનું નામ કીચક અને તેના પિતાનું નામ કેકય. આ પિતા-પુત્રને એક જ નામથી ઓળખતાં લોકોએ કેકય કીચકના બદલે કૈયાકીચક નામ પાડ્યું. સાળવી લોકો આ મૂર્તિઓને કૈયાકાકા કહે છે. વિરાટના સાળા કીચકે દ્રૌપદી ઉપર કુદૃષ્ટિ કરવાથી, ભીમે તેને મારી નાખ્યો હતો. તે પૌરાણિક આખ્યાઇકા, મહાભારતમાં નોંધાઈ છે. કીચકોની પૂજા કેવા કારણથી સાળવીઓએ સ્વીકારી તે એક કોયડો જ છે. સાળવીવાડામાં કૈયાકીચકોના મંદિરોવાળો સ્વતંત્ર મહોલ્લો હતો તે મહોલ્લો નાશ પામતાં ત્યાંની પ્રતિમાઓ સાળવીવાડાના ત્રણશેરીયામાં લાવી સ્થાપી હોવાનું જણાય છે. સાળવીઓના દરેક મહોલ્લાઓમાં કીચકની દહેરીયો એક બે તો હોય છે જ. પરંતુ ત્રણશેરીયામાં લગભગ ચાર મૂર્તિઓ તેની નાની નાની કુલીકાઓમાં પધરાવી છે, જે કૈયાવાડામાંથી લાવવામાં આવી હશે. કુમારપાળે સાળવીઓને રાજસ્થાનના બિંબોરામાંતઈ લાવી વસાવ્યાનું કુમારપાળ પ્રબંધમાં છે. મત્સ્ય દેશમાં વીર પુરુષ તરીકે પૂજાતા કીચકની પૂજા સાળવીઓ ત્યાંથી લાવ્યા હોવાનું મનાય છે.

કૈયાવાડાની પાસે જ કુરસીવાડો આવેલો હતો. કુરસી એક જાતનું ધાન્ય છે. જ્યારે કુર ચોખાની કણકીને કહે છે. આ મહોલ્લામાં પહેલા ચોખાના વેપારીઓ રહેતા હશે. જેથી કુર ઉપરથી મહોલ્લાનું કુરસી નામ પડ્યું હોવાનું સમજાય છે. આ મહોલ્લામાં શાંતિનાથનું મંદિર આવેલું હતું. એમ ચૈત્યપરિપાટીમાં જણાવ્યું છે. કુરસીવાડો ભાગી જતાં ત્યાં આવેલ શાંતિનાથની પ્રતિમા ત્રણશેરીયામાં મંદિર બંધાવી સ્થાપવામાં આવી. આ મંદિરની સામે જ કૈયાકીચકોની દહેરીયો છે. સાલવીવાડામાં એક મહોલ્લાનું કલારવાડો નામ છે. આ નામ આધારે કલાલ ઉપરથી કલાર નામ પડ્યું હોવાનો તર્ક જાય એટલે ત્યાં કલાલ દારૂ વેચનારા લોકો રહેતા હોવા જોઈએ. સંવતના સત્તરમા સૈકા પહેલાં આ પોળનું કલાર કે ક્લેડ નામ પ્રચલીત હતું એમ ચૈત્યપરિપાટીઓ અને ગ્રંથપ્રશસ્તિના આધારે કરી શકાય તેમ છે. કુલાલ કે કલાલ શબ્દ કુંભારના અર્થમાં વપરાય છે. આથી આ મહોલ્લામાં પહેલાં કુંભાર લોકોની વસ્તી હોવાથી આ નામ રાખ્યું હોય તે બનવા જોગ છે.

આ પોળની નજદીક ધાંધલથી ઓળખાતી એક વિશાળ જગ્યા છે. પહેલાં ત્યાં ધંધુળીપાડો નામ ધરાવતો મહોલ્લો હતો. ધંધુળી નામ વ્યક્તિવિશેષ હોવાથી, તે નામ ધરાવતી કોઈ જાણીતી વિશિષ્ટ વ્યક્તિના નામ ઉપરથી તે મહોલ્લાનું નામ પડ્યું હશે એમ લાગે છે. આજના જમાનામાં આવાં નામો પ્રચલિત નથી, પરંતુ પૂર્વકાળમાં આવાં નામો રાખવામાં આવતાં. શ્રીમદ્‌ભાગવતના પદ્મપુરાણોક્તમાહાત્મ્યમાં ધંધુકારીની માતાનું નામ ધંધુલી જણાવ્યું છે. આ મહોલ્લાનું નામ પણ આ નામ ઉપરથી પડ્યું હોવાનું ફલિત થાય છે.

ધંધુલીવાડા પાસે સત્રાગવાડો આવેલો, આજે તેનું નામ નિશાન રહ્યું નથી. સત્ર એટલે યજ્ઞ, અને સત્રાગાર એટલે દાનધર્મ સદાવૃત વ. ચલાવવાનું સ્થળ. ચૌલુક્યોના સમયમાં સત્રાગારનું સ્વતંત્ર ખાતું રાજ્ય તરફથી ચાલતું. કુમારપાળના રાજ્યકાળે નેમિનાથનો પુત્ર અભયકુમાર તે ખાતાનો અધ્યક્ષ હતો. સત્રાગારનું ટૂંકું નામ સત્રાગ. લોક સમાજમાં ચાલુ રહેતાં તે સ્થળ ઉપર, પૂર્વ કાળમાં ધાર્મિક દાનધર્મનું સત્રાગાર હશે જેના કારણે નવીન પાટણની વસાહત વખતે તેનું સત્રાગવાડો નામ લોકોએ રાખ્યું હોવાનો તર્ક છે. તેની નજીકમાં પુન્નાગવાડો આવેલો. પુન્નાગ એટલે જાયફળ. આ મહોલ્લામાં જાયફળ વ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરિયાણાના વહેપારીઓ રહેતા હોવા જોઈએ. આ પુંનાગનું ઘસાતું રૂપ વનાગ બન્યું, અને આજે વનાગવાડા તરીકે કેટલાક ઓળખાવે છે.

પુન્નાગવાડાના સામેનો મહોલ્લો ગોલવાડ. સામાન્ય રીતે ગોલવાડ ઉપરથી ગોલવાડ નામ ચાલુ રહ્યું હોય, અને તે પ્રમાણે ત્યાં ગોલા લોકોની વસતી પહેલાં હોવી જોઈએ એમ લાગે, પરંતુ કાનડી અને તેલુગુ ભાષામાં ગોલ્હનો અર્થ ભરવાડ થતો હોવાનું શ્રી ભોગીલાલ સાંડેસરાએ સૂચવ્યું છે. આથી આ મહોલ્લામાં પૂર્વે ભરવાડોની સારી એવી વસાહત હોવી જોઈએ. આજે તો ત્યાં એક પણ ભરવાડનું ઘર કે ખોરડું નથી. થોડાંક ઘરો સાળવીઓના અહીં આવેલ છે."

સં. ૧૫૭૬માં સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **સાલવીવાડા** વિસ્તાર અંતર્ગત **ત્રિશેરીઈ**માં બે જિનાલયો વિદ્યમાન હતાં. ૧. નેમનાથ તથા બીજા જિનાલયમાં તીર્થંકર નામનો ઉલ્લેખ થયેલો નથી.

.....

નમિસુ દેવ મનિ ભાવ ધરિ, **સાલવીવાડઈ** હેવ. ૩૭

ત્રિસેરીઈ ત્રિભુવનકઉ રાઉ, નમિસુ **નેમિ** મનિ ધરિ બહુ ભાઉ,
યાદવવંશવિભુષણ સામિ, જસુ આગલિ બલ છંડિઉ કામિ. ૩૮

ભાસ

કામવેલિ સરિસી કામિની, નવયૌવન ગજગતિગામિની,
ચંદ્રવદનિ રતિરૂપ સમાન, કમલનયન તન ચંપકવાનિ,
છંડિ રાજમતિ નેહ નિવારિ, દેઈ દાન પહુતઉ ગિરનારિ,
રૈવતકાચલિ સદા સોહંતિ, દીઠઉ સ્વામી મન મોહંતિ. ૩૯

બીજઈ ભુવનિ જિણેસર નમી, કુમતિ કદાગ્રહ સદા અવગમી,

કલારવાડામાં એક જિનાલયનો નામ વિના ઉલ્લેખ થયેલો છે. જો કે **સં. ૧૬૧૩**માં શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે :

બીજઈ ભુવનિ જિણેસર નમી, કુમતિ કદાગ્રહ સદા અવગમી,
કલ્હરવાડઈ પણમઉં દેવ, છંડિ પાપ નિર્મલ થિઉ હેવ. ૪૦

ત્યારબાદ **દિનાકરવાડો** તથા **ધાંધલવાડા** બંને વિસ્તારમાં આદેશ્વરના એકેક જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં થયેલો છે :

દિનાકરવાડઈ દેવ જુગાદિ, ત્રોડઈ કીધા કર્મ્મ અનાદિ,
આદિ કરણ નઈ સમરથ ધીર, **ધાંધલવાડઈ** પણમિસુ ધીર. ૪૧

ઉપરાંત **સત્રાગવાડો** તથા **પૂનાવાડો** વિસ્તારમાં આદેશ્વરના એકેક જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સત્રાગવાડઈ રિસહેસર સામિ, કરઉં વીનતી હિવ શર નામિ,
પૂનાવાડઈ પરગટ મલ્લ, હીયાતણા જિણિ ટાલ્યા સલ્ય. ૪૨

આદિ જિણંદ નમઉં કર જોડિ, જોહનઈ નામિ ન આવઈ ષોડિ,
.....

અંતમાં **ગોલવાડ**માં પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે.

આદિ જિણંદ નમઉં કર જોડિ, જોહનઈ નામિ ન આવઈ ષોડિ,
હિવ આવી પણમિસુ **ગોલવાડિ**, સગલા કાજ સિરાડઈ ચાડિ. ૪૩

મૂલનાયક સવિ સુષનઉ સાથ, પાખલિ વંદઉં **પારસનાથ**,
કર્મ્મ ચિંતામણિ ચિંતા હરઈ, પાપપંક સવિ દૂરઈ કરઈ. ૪૪

ટૂંકમાં, સાલવીવાડા વિસ્તાર અંતર્ગત ત્રિશેરીઈમાં બે જિનાલયો, કલ્હરવાડો, દિનાકર-વાડો, ધાંધલવાડો, સત્રાગવાડો, પૂનાવાડો તથા ગોલવાડમાં એકેક જિનાલય – એમ કુલ આઠ જિનાલયો વિદ્યમાન હતાં.

સં૰ ૧૬૧૩માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **સાળીવાડા**ના જુદા જુદા વિસ્તારોમાં ચૌદ જિનાલયો તથા ત્રણ ઘરદેરાસરોનો ઉલ્લેખ મળે છે. સાળીવાડા અંતર્ગત **ત્રસેરીઈ**માં મલ્લિનાથ, નેમનાથ, આદેશ્વર (વરસાશેઠનું ઘરદેરાસર), **વીજાવાડા**માં પાર્શ્વનાથ, **કૂરસીપાડા**માં શાંતિનાથ, **કલહરવાડા**માં શાંતિનાથ, **કઈઆવાડા**માં મહાવીરસ્વામી, **વણાયગ-વાડા**માં આદેશ્વર, **ધાંધુલિપાડા**માં સુવિધિનાથ, **ગોલવાડ**માં પાર્શ્વનાથ, ચંદ્રપ્રભુ, **પૂનાવાડા**માં પાર્શ્વનાથ, પાર્શ્વનાથ (લેસીનું ઘરદેરાસર), **બડૂયાવાડા**માં આદેશ્વર, **સત્રાગવાડા**માં પાર્શ્વનાથ, **ઊંચાપાડા**માં શાંતિનાથ (સંઘવી નાકરનું ઘરદેરાસર) તથા પાર્શ્વનાથનું નવું જિનાલય – એમ ઉપર જણાવ્યા મુજબ કુલ ચૌદ જિનાલયો અને ત્રણ ઘરદેરાસરો વિદ્યમાન હતાં. ઉપર્યુક્ત સત્તર જિનાલયોમાં કુલ બસો સત્તાણું બિંબ બિરાજમાન હતાં.

હવઈ **સાળીવાડા** તણા, સાંભલયો સહુ કોઈ ૪૧

ઢાલ - જિન તુ૰

ત્રસેરીઈ હવઈ પુહતા જામ, **મલ્લિનાથ** મૂલનાયક નામ
પ્રતિમા પાંચ પ્રધાન જિન તુ૰ ૪૨

નેમનાથ દેહરઈ બીજઈ, દોઈ પ્રતિમાસું વંદન કીજઈ
સીઝઈ સઘલાં કાજ જિન તુ૰ ૪૩

વરસા સેઠ તણઈ દેહરાસરિ, મૂલનાયક શ્રી **આદિ** જિણેસર
કેસરિ ચરચુ અંગિ જિન તુ૰ ૪૪

પ્રતિમા આઠ વલી તિહા જાણું, **વીજાવાડઈ** વલી વષાણુ
જાણુ શ્રી જિન **પાસ** જિન તુ૰ ૪૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૂરસીપાડઈ અચિરાનંદન, છ પ્રતિમા સૂં કીજઈ વંદન
ચંદન કુસમિ પૂજિ જિન તુ૰ ૪૬

કલહરવાડઈ શાંતિ જિણેસર, પ્રતિમા છપન્ન પરમ જોગીશ્વર
નંદીસર અવતાર જિન તુ૰ ૪૭

કઈઆવાડઈ માહિં પ્રધાન, આઠ પ્રતિમાસૂં **મહાવીર** નિધાન
જ્ઞાન તણુ દાતાર જિન તુ૰ ૪૮

વણાયગવાડઈ ઋષભ નમી જઈ, ઉગણાસી પ્રતિમા પૂજી જઈ
લીજઈ ભવનુ લાહનુ જિન તુ૰ ૪૯

ધાંધુલિપાડઈ સુવધિ સુજાંણ, ત્રિતાલીસ પ્રતિમા મંડાણ
આણ વહું નિજ ચિત્ત જિન તુ૰ ૫૦

ગોલવાડિ મન હરષ ધરીજઈ, સાત પ્રતિમાસૂં **પાસ** પૂજીજઈ
કીજઈ સફલ સંસાર જિન તુ૰ ૫૧

બીજઈ દેહરઈ પ્રતિમા ચૌદ પૂજઉ, ભવિયાં મનિ આણંદ
ચંદવદન મુખ જોઈ જિન તુ૰ ૫૨

પાસ જિણંદ લેસી ઘરિ કહીઇ, પૂજી **પૂનાવાડઈ** જઈ રહીઇ
શ્રી જિન પાસ જિન તુ૰ ૫૩

ચ્યાલીસ પ્રતિમા તિહાં પૂજેસૂં **બડૂયાવાડઈ આદિ** નમેસૂં
કહિસૂં દોઇ બિંબ સાર જિન તુ૰ ૫૪

સત્રાકવાડઈ સાત ફણુ જિન, આઠ પ્રતિમા વાંદુ ભવિયણ જિન
ધિન તે જિન નિત વંદ જિન તુ૰ ૫૫

ઉચાપાડા માંહિ જિણેસર, **સંઘવી નાકર દેહરાસુર**
હરષ ધરુ જિન દેષિ જિન તુ૰ ૫૬

છ પ્રતિમા એક જિન ચઉવીસઇ, જમ લઇ પ્રતિમા સાત કહીસઇ
દીસઇ શ્રી જિન **શાંતિ** જિન તુ૰ ૫૭

નવૂ દેહરું અતિ સુંદર સોહઇ, **પાસ** જિણંદ મૂલનાયક મોહઇ
જોઇ દસ બિંબ સાર જિન તુ૰ ૫૮

દુહા

દેહરાસુર ત્રણિ જાણીઇ, અનઇ વલી **દેહરાં ચૌદ**
ઇમ સત્તરે પૂજા કરી, નરનારીના વૃંદ ૫૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બસઈ સત્તાણું બિંબની પૂજા કીજઈ સાર,
નવેં ઘરે આવીયા, આણી હરષ અપાર ૬૦

સં૰ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **સાલવીવાડા** અંતર્ગત **ત્રસેરીઆ**માં મલ્લિનાથ તથા નેમનાથ, **કૂરસીવાડા**માં શાંતિનાથ, **કઈઆવાડા**માં મહાવીર સ્વામી તથા વાસુપૂજ્ય (રાયચંદ સંઘવીના ઘરે), **કલ્હારવાડા**માં શાંતિનાથ, **દણાયગવાડા**માં આદેશ્વર, **ધાંધુલિપાડા**માં સુવિધિનાથ, **ઊંચાપાડા**માં પાર્શ્વનાથ, **સત્રાગવાડા**માં પાર્શ્વનાથ, **પુંનાગવાડા**માં પાર્શ્વનાથ ઉપરાંત **ગોલ્હવાડ**માં પાર્શ્વનાથ, પાર્શ્વનાથ, પાર્શ્વનાથ (અહીં રત્નની પ્રતિમા છે.) (ઠાકરસાહાનું ઘરદેરાસર), મુનિસુવ્રતસ્વામી, શાંતિનાથ (દૂદા પારેખનું ઘરદેરાસર), ચંદ્રપ્રભુ (દોસી દેવદત્તનું ઘરદેરાસર) અને પાર્શ્વનાથ (સોની રામાનું ઘરદેરાસર) (જેમાં રત્નની પ્રતિમા હતી અને બે અનુપમ પટ્ટ હતા.) — એમ કુલ અઢાર જિનાલયોનો ઉલ્લેખ મળે છે :

આએ **સાલવીવાડઈ** આવીઇ । **ત્રસેરીઆ** વલી માંહિ ।
નેમિ જિન જુહારઉ જી । રાણીરાયમઈ વલ્લહુ ।
જીવદયા પ્રતિપાલ ॥ નેમિ૰ ૪૮॥આંચલી॥
સત્યાસી જિન પૂજીઇ । દેહરઈ શ્રી જિન **મલ્લિ** ॥ નેમિ૰ ॥૪૯॥
પંચ્યોંત્તરિ બિંબ નીરષીઆં । **કૂરસીવાડઈ** આવિ ॥ નેમિ૰ ॥૫૦॥
શાંતિજિન તિહાં પરષીઆ । અવર બિંબ તિહાં તેર ॥ નેમિ૰ ॥૫૧॥
કઈઆવાડઈ વીરજી । પ્રતિમા પંચ ઉદાર ॥ નેમિ૰ ॥૫૨॥
રાયચંદ સંઘવી **વાસુપૂજ્ય** । બિંબ ચૌદ વિચારિ ॥ નેમિ૰॥૫૩॥
કલ્હારવાડઈ શાંતિજી । બિંબ પંચાવન હોઇ ॥ નેમિ૰॥૫૪॥
દણાયગવાડઈ પઢમ જિણ । સત્તરિ જિનવર જોઇ ॥ નેમિ૰ ॥૫૫॥
ધાંધુલિ પાટકિ સુવિધિ જિન । એકોત્તરિ જિનસાર ॥ નેમિ ॥૫૬॥
ઊંચઈ પાટકિ પાસજી । જિન નમું ત્રણઈ તાંહિ ॥ નેમિ૰ ॥૫૭॥
સત્રાગવાડઈ જુહારીઇ । બિંબ નવ તિહાં **પાસ** ॥ નેમિ૰ ॥૫૮॥
પુંનાગવાડઈ આવીઇ । દસ બિંબ **પાસસ્યું** હોઇ ॥ નેમિ૰ ॥૬૦॥
ગોલ્હવાડઈ શ્રી પાસજી । પડિમા પંચ તિહાં દીઠ ॥ નેમિ૰ ॥૬૧॥
બીજઈ દેહરઈ ત્રેવીસમુ । પડિમા શત ઉગણીસ ॥ નેમિ૰ ॥૬૨॥
રયણમય પડિમા એક વલી । **ઠાકરસાહનઈ ગેહિ** ॥ નેમિ૰ ॥૬૩॥
પાસ જિણંદ તિહાં દીઠડા । પૂગી મનની આસ ॥ નેમિ૰ ॥૬૪॥

॥ ઢાલ માઈ ધન્ન સુપન્ન૰ ॥૧૮॥

પેષઉ ધઉલી પરવઈ । **મુનિસુવ્રત** જિનદેવ ।
બાવન જિનપડિમા । સુર નર સારઈ સેવ ।
દૂદા પારષિ ઘરિ છઈ । **શાંતિ જિણેસર** રાય ।
પંચઈ જિન નમતાં । સુખ સંપદ સવિ થાઈ ॥૬૫॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દોસી દેવદત્ત ઘરિ છઇ । **ચંદ્રપ્રભ** જિનસ્વામિ ।
સતતાલીસ જિનવર । પૂજતાં શિવ ઠામ ।
સોની રામા ઘરિ છઇ । **પાસ જિણંદ** જુહારઉ ।
અઢારઇ જિનવર પૂજી । ભવભય વારઉ ॥૬૬॥

બિંબ રયણમઇ વંદુ । તિહાં છઇ એક જ સાર ।
બઇ પટ્ટ અનોપમ । દીઠઇ સવિ સુખકાર ।

સં૰ ૧૭૨૯માં પં૰ હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **સાલિવાડા** અંતર્ગત **ત્રીસેરીયા**માં બે જિનાલયોનો ઉલ્લેખ છે. નેમનાથ-મલ્લિનાથ-આદેશ્વર-નવપલ્લવપાર્શ્વનાથનું સંયુક્ત દેરાસર તથા શાંતિનાથનું બીજું દેરાસર, **કલારવાડા**માં શાંતિનાથ ભગવાનનું બાવન જિનાલય તથા પિત્તળમય બિંબવાળું મૂળનાયક વિમલનાથનું જિનાલય, **દણાયવાડા**માં આદેશ્વર, **ધંધોલી**માં સંભવનાથ, **ગોલવાડ**માં મહાવીરસ્વામી તથા સપ્તફણા પાર્શ્વનાથનાં જિનાલયોનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં આવે છે :

સાલિવાડે ત્રીસેરીયામાંહી, **નેમિ મલ્લિ ઋષભ** નમું ત્યાંહી ।
નવપલ્લવ નમું ઉછાંહી, જિણેસર તાહરા ગુણ ગાઉં ॥
જિમ મનવંછિત સુખ પાઉં ॥ જિ૰ ૧॥

સાઠ ઉપર સત તિમ ચાર । **બીજે દેહરે શ્રી શાંતિ** જુહાર ।
બિંબ ઓગણસાઠ ઉદાર ॥ જિ૰ ૨॥

કલારવાડે દેહરાં દોય, શાંતિ બિંબ એકાવન હોય ।
બાવન જિનાલય જોય ॥ જિ૰ ૩॥

પીતલમય બિંબ સોહાવે, **વિમલનાથ** ભવિક મન ભાવે ।
ચઉ ઉત્તર ચતુરા જિનગુણ ગાવે ॥ જિ૰ ૪॥

તિણ એકસો ચોપન જિનરાયા, **ઋષભદેવ**ના પ્રણમું પાયા ।
દણાયવાડે શિવસુખદાયા ॥ જિ૰ ૫॥

ધંધોલીએ સંભવજિન સાચો, વંદિ ત્રેપન જિન મનમાંહિ માચો ।
તૂંહી જિન જગમાંહિ સાચો ॥૬॥

ગોલવાડે શ્રીમહાવીર, સોવન વાન જાસ શરીર ।
સાત પ્રતિમા ગુણ ગંભીર ॥ જિ૰ ૭॥

દોય શત દસ પ્રતિમા પાસ, **શ્રીશતફણો જિન પાસ** ।
પૂરે મન કેરી આશ ॥ જિ૰ ૮॥

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **સાલવીવાડા**માં પાંચ જિનાલયોનો ઉલ્લેખ છે. કવિ **ગોલવાડ**માં પાર્શ્વનાથ, **ધાંધુલની પોળ**માં સંભવનાથ, **નારાયણ**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પોળમાં આદેશ્વર, **તરશેરીયાની પોળ**માં નેમનાથ-આદેશ્વર-મલ્લિનાથનું સંયુક્ત દેરાસર તથા ખરતરગચ્છનું શાંતિનાથનું જિનાલય – એમ કુલ પાંચ જિનાલયોના વંદન ખૂબ ભાવપૂર્વક કરે છે.

પાંચ પ્રાસાદ સોહામણા, સુંદર **સાલવીવાડેં** રે,
વિગતેંસું હવેં સાંભલો નામઠામ જેણેં પાડે રે. ૧૦ પા૦

ગોલવાડેં પાસજી ત્રેવીસમા જિન વંદો રે,
પોલેં ધાંધુલનીયે ભેટીયા, **સંભવનાથ** જિણંદો રે. ૧૧ પા૦

પોલેં નારાયણ તણેં, **રીષભ દેવ** જુહારો રે,
ભવસાયર માંહિ બૂડતાં ઉતારે ભવ પારો રે. ૧૨ પા૦

પોલેં જઈ **તરસેરીયેં નેમનાથ** નિત્ય વંદો રે,
પાસેં **આદિ** જિનેસરુ **મલ્લિનાથ** સુખકંદો રે. ૧૩ પા૦

દેહરે ષરતરગછ તણેં, સાંતિનાથ ભગવંતો રે,
શુભ યોગઈ કરી વંદના, અશુભ કરમ કીયા અંતો રે. ૧૪ પા૦

સં૦ ૧૮૨૧માં ઉપા૦ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં **સાલવીવાડા**માં આઠ જિનાલયોનો ઉલ્લેખ નીચેની પંક્તિઓમાં થયેલો છે.

દકાલ કોટડી એક દીપતું, **સાલવીવાડેં આઠ**;
મલ્લી પડિં (પાડેં) મલ્લી પાસજી, પૂજા કરો શુભ ઠાઠ સં૦ ૧૬

સં૦ ૧૯૫૯માં પં૦ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં **શાલવીવાડા** અંતર્ગત **તરશેરીયાની પોળ**નો ઉલ્લેખ કર્યા વિના નેમિનાથ, શાંતિનાથ, ધર્મનાથ અને મલ્લિનાથ જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે. ત્યારબાદ **કલ્લારવાડા**માં શાંતિનાથ, **નારાયણવાડા**માં આદેશ્વર **ધાંધલ**માં સંભવનાથ અને **ગોલાવાડ**માં પાર્શ્વનાથ તથા ચંપા પાર્શ્વનાથના જિનાલયોનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે :

વંદે **શ્રી નેમિનાથં** યદુકુલતિલકં **શાંતિ-ધર્મૌ ચ મલ્લિં**,
વાડેશ્વહં **શાલવી**નાં જિનપતિરવ**શાંતિં** ચ **કલ્લારવાડે** ।
વાડે નારાયણે વૈ **પ્રથમજિનપતિં ધાંધલે સંભવં** ચ,
ગોલાવાડે ચ **પાર્શ્વં** સુરનરમહિતં **ચંપકાખ્યં** ચ **પાર્શ્વમ્** ॥૩૯॥

સં૦ ૧૯૬૩માં, **સં૦ ૧૯૬૭**માં તથા **સં૦ ૧૯૮૨**માં – એમ કુલ ત્રણ યાદીઓને આધારે જોઈએ તો **સાલવીવાડા**માં **ગોલવાડની શેરી**માં ચંપા પાર્શ્વનાથ, ગોડી પાર્શ્વનાથ, **નારાયણજીના પાડા**માં આદેશ્વર, **ધાંધલ**માં સંભવનાથ, **કલારવાડા**માં શાંતિનાથ, **નેમીશ્વરની પોળ**માં નેમિનાથ-પાર્શ્વનાથ-મલ્લિનાથનું સંયુક્ત દેરાસર તથા **ત્રશેરીયાના પાડા**માં શાંતિનાથનું જિનાલય વિદ્યમાન હતું. ઉપરાંત **સં૦ ૧૯૬૩**માં સાલવીવાડમાં કુલ દસ ઘરદેરાસરો વિદ્યમાન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોવાની નોંધ છે :

૧. શાલવી સાકળચંદ પ્રેમચંદ - શાલવીવાડાના કલાલવાડામાં

૨. શાલવી આલમચંદ શિવચંદ - શાલવીવાડાના કલાલવાડામાં

૩. શાલવી રણછોડ રામચંદ - શાલવીવાડાના કલાલવાડામાં

૪. શાલવી અમીચંદ પાનાચંદ - શાલવીવાડાના કલાલવાડામાં

૫. શેઠ પૂનમચંદ રીખવચંદ - શાલીવાડાના ગોલવાડાની કંબોઈ શેરીમાં

૬. શાલવી પુરુષોત્તમ ફતેચંદ - શાલીવાડાના ગોલવાડાની વચલી શેરીમાં

૭. શાલવી ચુનીલાલ ત્રિભોવન - શાલીવાડાના ગોલવાડની કંબોઈની શેરીમાં

૮. શાલવી રણછોડ દેવચંદ - શાલીવાડાના કલાલવાડાની કુઈવાડી શેરીમાં

૯. શાલવી નાલચંદ હીરાચંદ - શાલીવાડાના કલાલવાડાની ઝવેરીશેરીમાં

૧૦. શાલવી ગોદડચંદ મૂલચંદ - શાલીવાડાના કલાલવાડાની ઝવેરીશેરીમાં

સં. ૧૯૬૩માં ગોદડચંદ મૂલચંદના જે ઘરદેરાસરનો ઉલ્લેખ મળે છે તે ઘરદેરાસર **સં. ૨૦૧૦**માં પણ વિદ્યમાન છે. મૂળનાયક પાર્શ્વનાથનું આ ઘરદેરાસર જવરવાળી શેરીમાં બીજે માળે હતું અને સાલવી છોટાલાલ ગોદડચંદના નામથી એ ઘરદેરાસર પ્રચલિત હતું. તે સમયે આ ઘરદેરાસરમાં સાત આરસપ્રતિમા બિરાજમાન હતી.

• • •

ગોલવાડ, સાલવીવાડો

ગોડી પાર્શ્વનાથ (સં. ૧૯૫૯ પૂર્વે)

સાલવીવાડ વિસ્તારમાં નારણજીના પાડા પાસે, ગોલવાડની વચલી શેરીમાં શ્રી ગોડી પાર્શ્વનાથનું આરસનું નાનું, ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

અહીં રંગમંડપ નાનો અને સાદો છે. ત્રણ ગોખલા છે. ગર્ભગૃહને એક જ દ્વાર છે જેમાં મૂળનાયક ગોડી પાર્શ્વનાથની આરસપ્રતિમા ૨૧" ઊંચાઈની પ્રતિમા બિરાજમાન છે. તેને લેખ નથી. મૂળનાયક સિવાય આરસની અન્ય કોઈ પ્રતિમા નથી. કુલ બાર ધાતુપ્રતિમા છે જે પૈકી એક ચૌમુખજી છે. ગભારાની ઉપરની દીવાલે લાકડાની વાજિંત્ર વગાડતી પૂતળીઓ તથા સુંદર કોતરણી મૂકી છે. સંભવતઃ આ કોતરણી કોઈ એક સમયે આ જિનાલયમાં જ ક્યાંક હશે. જીર્ણોદ્ધાર કરાવતાં, તેની સ્મૃતિરૂપ આ અવશેષો અહીં મૂક્યા હોવા જોઈએ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઐતિહાસિક સંદર્ભ

સાલવીવાડમાં આવેલી **ગોલવાડની શેરી**માં ગોડી પાર્શ્વનાથના જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૰ ૧૯૬૩**માં જોવા મળે છે. **સં૰ ૧૯૫૯**માં સાલવીવાડાના **ગોલવાડ** વિસ્તારમાં પાર્શ્વનાથ તથા ચંપા પાર્શ્વનાથ – એમ બે જિનાલયોનો ઉલ્લેખ છે. સંભવ છે કે ગોડી પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ તે સમયે પાર્શ્વનાથ તરીકે થયો હોય.

સં૰ ૨૦૧૦માં ગોડી પાર્શ્વનાથના જિનાલયનો સમય સં૰ ૧૮૦૦ લગભગ દર્શાવવામાં આવ્યો છે તથા ચંપા પાર્શ્વનાથના જિનાલયનો સમય સં૰ ૧૭૦૦ લગભગ દર્શાવ્યો છે.

સં૰ ૧૫૭૬માં ગોલવાડમાં પાર્શ્વનાથનું એક જિનાલય, **સં૰ ૧૬૧૩**માં પાર્શ્વનાથનું એક જિનાલય, **સં૰ ૧૬૪૮**માં પાર્શ્વનાથનાં બે જિનાલયો, **સં૰ ૧૭૨૯**માં સપ્તફણા પાર્શ્વનાથ તથા **સં૰ ૧૭૭૭**માં પાર્શ્વનાથના એક જિનાલયનો ઉલ્લેખ મળે છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ગોડી પાર્શ્વનાથના જિનાલયને **શિખર વિનાનું** દર્શાવવામાં આવ્યું છે. તે સમયે જિનાલયના મકાનની સ્થિતિ સારી હતી. અહીં માત્ર એક આરસપ્રતિમા અને બાર ધાતુપ્રતિમા બિરાજમાન હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલય નારણજીનો પાડો, સાલવીવાડો, ગોલવાડ – એ મુજબના ઉલ્લેખવાળા વિસ્તારમાં દર્શાવવામાં આવ્યું છે. તે સમયે જિનાલય ધાબાબંધી હતું. એક આરસપ્રતિમા તથા સોળ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. વહીવટ શાલવી ચુનીલાલ ત્રિકમલાલ હસ્તક હતો.

આજે પણ આ જિનાલયનો વહીવટ સાલવીવાડામાં રહેતા શ્રી નટવરલાલ ચુનીલાલ સાલવી (નારણજીનો પાડો, ગોલવાડ), શ્રી પ્રતાપચંદ ભાઈચંદ સાલવી (ગોલવાડ), શ્રી મહેન્દ્રભાઈ ગોપાલદાસ સાલવી (નારણજીનો પાડો) હસ્તક છે.

ઉપલબ્ધ આધારભૂત માહિતીને આધારે આ જિનાલય **સં૰ ૧૯૫૯ પૂર્વે**નું માની શકાય. પરંતુ **સં૰ ૨૦૧૦**માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો સમય સં૰ ૧૮૦૦ લગભગનો દર્શાવ્યો છે. તે સંદર્ભમાં **સં૰ ૧૫૭૬**માં એક તથા **સં૰ ૧૬૪૮**માં પાર્શ્વનાથનાં બે જિનાલયોનો ઉલ્લેખ મળે છે. આ જિનાલયો પૈકી કોઈ જિનાલય ગોડી પાર્શ્વનાથનું જિનાલય હશે કે કેમ તે અંગે વધુ સંશોધનની જરૂર છે.

• • •

વચલી શેરી, ગોલવાડ, સાલવીવાડો

ચંપા પાર્શ્વનાથ (સં૰ ૧૬૫૫ પૂર્વે)

સાલવીવાડ વિસ્તારમાં, નારણજીના પાડા પાસે આવેલા ગોલવાડની વચલી શેરીમાં પ્રાચીન ભવ્યતાની આછેરી ઝલક આપતું શ્રી ચંપા પાર્શ્વનાથનું જિનાલય આવેલું છે. પ્રવેશદ્વાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મૂળનાયકની સામે નથી, બાજુમાં છે.

જિનાલયની સુંદર ડિઝાઇનવાળી ફરસ સૌ પ્રથમ ધ્યાનમાં આવે છે. રંગમંડપની ચોકીની કમાનો સાદી છે. રંગમંડપમાં બંને બાજુએ બબ્બે ગોખ છે. એક ગોખમાં મૂષકવાહનયુક્ત ગણપતિની મોટી સુંદર મૂર્તિ છે. અન્ય ગોખમાં પદ્માવતી દેવી છે. તેની સામેની દીવાલે આવેલ એક ગોખ ખાલી છે. જ્યારે અન્ય એક ગોખમાં વાહન સહિત, ફેણયુક્ત પાર્શ્વયક્ષની મૂર્તિ છે. રંગમંડપમાં ગર્ભગૃહની સામેની દીવાલે કલિકુંડ તીર્થ, પાર્શ્વનાથ પ્રભુ અને મહીધર હાથીનો પ્રસંગ, કમઠ સાથેની મુલાકાતનો પ્રસંગ, કમઠનો ઉપસર્ગ તથા નિવારણ વગેરે પટ તથા પ્રસંગોનાં ચિત્રાંકનો છે. ગર્ભગૃહની બહારની દીવાલે સમેતશિખર તીર્થનો પટ છે.

ત્રણ દ્વારયુક્ત આ ગર્ભગૃહમાં મૂળનાયક ચંપા પાર્શ્વનાથની ૨૩" ઊંચાઈ ધરાવતી પરિકરયુક્ત પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયકને લેખ નથી. ડાબે ગભારે આદેશ્વર તથા જમણે ગભારે સંભવનાથ છે. અહીં બાર આરસપ્રતિમા અને અઠાવીસ ધાતુપ્રતિમા છે. સ્થાનિક માહિતી પ્રમાણે અહીં ત્રણ આરસપ્રતિમા પરોણા રાખવામાં આવ્યા છે અને તેને ફાટીપાલ દરવાજા પાસે આવેલ બૉર્ડિંગમાં આદેશ્વરના જિનાલયમાં ધુળેટીના દિવસે લઈ જવામાં આવે છે.

અહીં ગુરુમંદિર અને દેવકુલિકા છે જ્યાં રંગમંડપમાંથી જ જઈ શકાય છે. દેવકુલિકામાં ૯" ઊંચાઈની પાર્શ્વનાથની શ્યામ પ્રતિમા છે. દેવકુલિકાના આગળના ભાગમાં લાકડાની જાળીવાળા કબાટમાં આ૰ શ્રી પ્રેમવિજયજી મહારાજની આરસમૂર્તિ છે. તપસ્વી આ૰ પ્રેમવિજયજીએ ઉપવાસ કરેલા ત્યારે તેમના છાસઠમા ઉપવાસે ફોટો પાડેલો તે સ્વરૂપનું આ શિલ્પ છે. મૂર્તિનિર્માણ સં૰ ૧૯૮૨માં થયેલું અને સં૰ ૧૯૮૭માં તેની સ્થાપના થયેલી. આ જિનાલયનો જીર્ણોદ્ધાર સં૰ ૨૦૩૨ અને સં૰ ૨૦૪૨-૪૩માં થયો છે.

ઐતિહાસિક સંદર્ભ

મૂળનાયક ચંપા પાર્શ્વનાથની પ્રતિમા સપ્તફણાયુક્ત છે. સપ્તફણા પાર્શ્વનાથના આ જિનાલયનો સ્પષ્ટપણે ઉલ્લેખ **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં થયેલો છે.

સં૰ ૧૯૮૨માં પ્રકાશિત થયેલ મુનિ શ્રી કલ્યાણવિજયજી સંપાદિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ પ્રતિમા વિશે **શતફણા**નો ઉલ્લેખ થયેલો છે. પરંતુ છાણીના ભંડારમાંથી આ ચૈત્યપરિપાટીની એક હસ્તપ્રત ઉપલબ્ધ થાય છે. (નં૰ ૩૮૩) તેમાં આ પ્રતિમા વિશેની નોંધમાં પાઠભેદ મળે છે. તેનો ઉલ્લેખ **સપ્તફણા** તરીકે થયેલો છે. આ હસ્તપ્રતના પાના નં૰ ૫ની લીટી નં૰ ૮-૯માં નીચે પ્રમાણેની પંક્તિઓ છે :

ગોલવાડેં શ્રી મહાવીર । સોવન વાનિં જાસ સરીર ।
સાત પ્રતિમા ગુણહ ગંભીર ॥૭॥

દોઇ શત દશ પ્રતિમા દોઈ પાસ શ્રી **સપ્તફણૌ જિન પાસ** ।
પૂરે મન કેરી આસ ॥૮॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુનિ શ્રી જગવલ્લભવિજયજી મ૰ સા૰ રચિત સં૰ ૨૦૪૩માં પ્રસિદ્ધ થયેલ 'શ્રી ૧૦૮ પાર્શ્વનાથ તીર્થ દર્શન' ગ્રંથના પૃ૰ ૧૭૫ ઉપર આ જિનાલય વિશે નીચે મુજબની નોંધ છે :

'સં૰ ૧૬૫૫માં કવિ પ્રેમવિજયે રચેલી '૩૬૫ શ્રી પાર્શ્વનાથ નામમાળા'માં શ્રી ચંપા પાર્શ્વનાથનો પણ નામોલ્લેખ થયેલો છે.'

આજે આ જિનાલયનો વહીવટ પણ સાલવીવાડામાં નારણજીના પાડામાં રહેતા શ્રી નટવરલાલ ચુનીલાલ સાલવી, શ્રી મહેન્દ્રભાઈ ગોપાલદાસ સાલવી તથા શ્રી પ્રતાપચંદ ભાઈચંદ સાલવી હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલયનો ઉલ્લેખ સં૰ ૧૬૫૫માં ચંપા પાર્શ્વનાથ તરીકે, **સં૰ ૧૭૨૯**માં સપ્તફણા પાર્શ્વનાથ તરીકે, **સં૰ ૧૭૭૭**માં પાર્શ્વનાથ તરીકે, **સં૰ ૧૯૫૯** થી તે અદ્યાપિપર્યંત ચંપા પાર્શ્વનાથ તરીકે સાતત્યપૂર્વક થયેલો છે. એટલે આ જિનાલય **સં૰ ૧૬૫૫ પૂર્વે**નું સ્પષ્ટપણે માની શકાય છે. ઉપરાંત ગોલવાડમાં પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ **સં૰ ૧૫૭૬, સં૰ ૧૬૧૩, સં૰ ૧૬૪૮**માં પણ મળે છે. ચંપા પાર્શ્વનાથની આ પ્રતિમા પ્રાચીન દીસે છે. આથી **સં૰ ૧૬૫૫ પૂર્વે**થી પણ વધુ પ્રાચીન સમય નક્કી કરવા માટે વિશેષ પુરાવાઓની જરૂર રહે છે.

• • •

નારણજીનો પાડો, સાલવીવાડો

આદેશ્વર (સં૰ ૧૭૭૭ પૂર્વે)

સાલવીવાડ વિસ્તારમાં નારણજીના પાડાની અંદર છેક છેવાડે પથ્થરનું અને આરસનું બનેલું શ્રી આદેશ્વર ભગવાનનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

અહીં લોખંડની જાળીવાળા મોટા દરવાજામાંથી પ્રવેશતાં જ એક મોટો ચોક આવે છે. ચોક વચ્ચે ભગવાનની પૂજામાં ખપ લાગે તેવાં થોડાક છોડ રોપેલા છે. ચોક વટાવી, જિનાલય તરફ જાવ તો ચાર પગથિયાં ચડતાં પ્રવેશચોકીના કોતરણીયુક્ત સ્થંભ ધ્યાન ખેંચે છે.

જિનાલયને કાષ્ઠનાં ત્રણ પ્રવેશદ્વાર છે જેમાંથી રંગમંડપમાં પ્રવેશી શકાય છે. પ્રવેશદ્વારે સિંહ અને હાથીનાં શિલ્પો નજરે પડે છે. આરસના સાદા રંગમંડપમાં પિત્તળે મઢેલ સ્નાત્રાદિનાં સાધનો – ત્રિગડું, ભંડાર, પાટ વગેરે છે.

ત્રણ ગર્ભદ્વારવાળા ગભારામાં ૨૫" ઊંચાઈ ધરાવતી મૂળનાયક આદેશ્વરની મનોહર પ્રતિમા કલાત્મક ચાંદીની છત્રીમાં બિરાજમાન છે. મૂર્તિલેખ ઘસાઈ ગયો હોવાથી અવાચ્ય છે. ડાબે ગભારે શ્રી પદ્મપ્રભુ બિરાજમાન છે અને તેના પરના લેખમાં 'સં૰ ૧૫૮૬... અંચલગચ્છ' વંચાય છે જ્યારે જમણે ગભારે શ્રી અજિતનાથ બિરાજમાન છે. તેના પર માત્ર સં૰ ૧૫૮૬ જ વંચાય છે. ગભારામાં કુલ બાર આરસપ્રતિમા છે જેમાં એક કાઉસ્સગ્ગિયા, એક ચોવીસી અને એક નાના ચૌમુખજી છે. કુલ ચાર ધાતુપ્રતિમા છે તથા ત્રણ પગલાંની જોડ છે. આ પાદુકા પરના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લેખમાં વચ્ચેની જોડ પર સં૰ ૧૭૨૭ અને ગુણરત્નસૂરિ, ડાબી જોડ પર સં૰ ૧૭૭૩ ક્ષિમારત્ન તથા જમણી જોડ પર સં૰ ૧૮૪૪ વંચાય છે. જમણી તરફની પાદુકા પર નામ વંચાતું નથી. ઉપરાંત અહીં એક દેવીમૂર્તિ પણ આરસની છે.

ગભારામાંની પ્રતિમાઓમાં મંગલા પાર્શ્વનાથ તથા કલ્યાણ પાર્શ્વનાથની પ્રતિમા વીર સં૰ ૨૪૮૯માં બોડેલીથી અહીં આવી હોવાનું જાણવા મળ્યું છે. ગભારાની ફરતે પ્રદક્ષિણા કરી શકાય તેવી જગ્યા છે.

ઐતિહાસિક સંદર્ભ

સાલવીવાડામાં આવેલ નારણજીનો પાડો વિસ્તાર પૂર્વે **નારાયણની પોળ, નારાયણ વાડો** નામે પ્રચલિત હતો. આ વિસ્તારમાં આદેશ્વરના જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મળે છે. ત્યારબાદ **સં૰ ૧૯૫૯, સં૰ ૧૯૬૩** અને **સં૰ ૨૦૧૦**માં પણ આદેશ્વરના આ જિનાલયોનો ઉલ્લેખ નારણજીનો પાડો વિસ્તારમાં થયેલો માલૂમ પડે છે. એટલે કે આ જિનાલય **સં૰ ૧૭૭૭ પૂર્વે**નું સ્પષ્ટપણે માની શકાય છે.

સં૰ ૧૫૭૬માં સાલવીવાડામાં દિનાકરવાડો અને ત્યારબાદ **સં૰ ૧૬૧૩, સં૰ ૧૬૪૮** તથા **સં૰ ૧૭૨૯**માં દણાયગવાડો નામના વિસ્તારનો ઉલ્લેખ મળે છે **જેમાં** આદેશ્વરનું જિનાલય વિદ્યમાન હતું. સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં (**સં૰ ૧૫૭૬**) દિનાકરવાડામાં આદેશ્વરનું જિનાલય, સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં (**સં૰ ૧૬૧૩**), લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં (**સં૰ ૧૬૪૮**), પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં (**સં૰ ૧૭૨૯**) દણાયગવાડો વિસ્તારમાં આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ આવે છે.

ત્યારબાદ **સં૰ ૧૭૭૭**થી અદ્યાપિપર્યંત આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ સાલવીવાડમાં આવેલ નારણજીના પાડામાં મળે છે.

તા. ૨૦-૯-૧૯૬૦ના રોજ **પાટણનાં સ્થળનામો** વિશે શ્રી કનૈયાલાલ ભાઈશંકર દવેએ આપેલા સંભાષણમાં સાલવીવાડા વિસ્તારની વિગતવાર માહિતી અગાઉ આ ગ્રંથમાં આપવામાં આવી છે. તેમાં દણાયગવાડા વિશે નીચે મુજબની નોંધ મળે છે :

'..... આવા મહોલ્લાઓમાં આજે ફક્ત ચાર પોળો તરશેરીયું, કલારવાડો, નારાયણજીનો પાડો, અને ગોલવાડ વિદ્યમાન છે. જ્યારે ચૈત્યપરિપાટીઓમાં જણાવ્યા મુજબ કુરસીવાજો, કૈયાવાડો, દણાયગવાડો, ધંધુલીપાડો, સત્રાગવાડો, પુન્નાંગવાડો વ. મહોલ્લાઓ નાશ પામતાં તેના અવશેષરૂપ ખુલ્લાં મેદાનો આવેલ છે.'

સંભવ છે કે દણાયગવાડામાં વિદ્યમાન આદેશ્વરનું જિનાલય નારણજીના પાડામાં ખસેડવામાં આવ્યું હોય અથવા દણાયગવાડાનું નામ કાળક્રમે નારણજીનો પાડો થયું હોય. આ અંગે વધુ સંશોધન કરવાની જરૂર છે.

આજે આ જિનાલયનો વહીવટ મુંબઈસ્થિત શ્રી દીપકભાઈ ઈશ્વરલાલ સાલવી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હસ્તક છે.

ઉપર જણાવેલ હકીકતોને લક્ષમાં લેતાં આ જિનાલય **સં૰ ૧૭૭૭ પૂર્વે**નું સ્પષ્ટપણે માની શકાય છે. મૂળનાયકના ડાબા તથા જમણા ગર્ભદ્વાર સન્મુખ બિરાજમાન પદ્મપ્રભુ તથા અજિતનાથની પ્રતિમાઓ પર સં૰ ૧૫૮૬નો મૂર્તિલેખ છે. મૂળનાયક આદેશ્વરની પ્રતિમા પરનો લેખ ઘસાઈ ગયો છે. મૂળનાયક આદેશ્વરની પ્રતિમા ઘણી પ્રાચીન લાગે છે. તે સંદર્ભમાં આદેશ્વરનું આ જિનાલય **સં૰ ૧૫૭૬ પૂર્વે**નું હોવાની પણ સંભાવના છે. જો કે આ અંગે વધુ પુરાવાઓની તથા વિશેષ સંશોધનની જરૂર છે.

• • •

ધાંધલની શેરી, સાલવીવાડો

સંભવનાથ (સં૰ ૧૭૨૯ પૂર્વે)

સાલવીવાડ વિસ્તારમાં નારણજીના પાડા પાસે આવેલી ધાંધલની શેરીમાં શ્રી સંભવનાથનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. તેનો જીર્ણોદ્ધાર તાજેતરમાં થયેલો છે.

આ જિનાલય અત્યંત સાદું છે. ગભારાની બહાર સામસામે ગોખમાં યક્ષની મૂર્તિ છે. રંગમંડપ મધ્યમ કદનો છે.

ગર્ભદ્વાર ત્રણ છે. મૂળનાયક શ્રી સંભવનાથની ઊંચાઈ ૨૯" છે. આજુબાજુના બંને ગભારે પાર્શ્વનાથ ભગવાન છે. તેઓ ઉપર ફણા નથી. મૂળનાયકની ડાબી બાજુ પુંડરીકસ્વામી છે અને જમણી બાજુએ હાલ પ્રતિમાનું સ્થાન ખાલી છે. જિનાલયના વહીવટકર્તા શ્રી મંગળદાસભાઈના જણાવ્યા અનુસાર તે સ્થાને શ્રી મહાવીરસ્વામીની ૩૧" ઊંચાઈની પ્રતિમા હતી અને તેને વલભીપુર નજીક સોનગઢના જિનાલયમાં શ્રી પ્રદ્યુમ્નસૂરિશ્વરજી દ્વારા પધરાવવામાં આવી છે. ગભારામાં આઠ આરસપ્રતિમા અને બાર ધાતુપ્રતિમા છે. પગલાંની સાત જોડ છે. ગભારામાં જમણી બાજુની દીવાલે ચોવીસ તીર્થંકરનો આરસનો પટ છે અને ડાબી બાજુની દીવાલે ૨૦ વિહરમાનનો આરસનો પટ છે. અહીં પ્રતિમાઓ પર કે જિનાલયમાં કોઈ લેખ નથી.

જિનાલયની બાજુમાં ઘુમ્મટબંધી દેરીમાં આદેશ્વર ભગવાનનાં પગલાં છે.

ઐતિહાસિક સંદર્ભ

આ વિસ્તાર **સં૰ ૧૫૭૬**માં સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ધાંધલવાડા** તરીકે પ્રચલિત હતો. તે સમયે અહીં આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે. ત્યારબાદ **સં૰ ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં તથા **સં૰ ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ધાંધુલિપાડો** નામના વિસ્તારમાં સુવિધિનાથનું જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે. આજે વિદ્યમાન સંભવનાથના જિનાલયનો ઉલ્લેખ **સં૰ ૧૭૨૯**માં રચાયેલી પંડિત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં સૌ પ્રથમ વાર થયેલો છે. તે સમયે આ વિસ્તાર **ધંધોલી** નામે પ્રચલિત હતો. ત્યારબાદ **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં **ધાંધલ**માં આ જિનાલયનો ઉલ્લેખ થયેલો છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં સંભવનાથના જિનાલયને ધાબાબંધી દર્શાવવામાં આવ્યું છે. તે સમયે દસ આરસપ્રતિમા અને પાંચ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. પગલાંની સાત જોડનો ત્યારે ઉલ્લેખ થયેલો છે. આજે પણ આ જિનાલયમાં પગલાંની સાત જોડ વિદ્યમાન છે. તે સમયે જિનાલયની સ્થિતિ સારી હોવાની નોંધ છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં જવરીવાળી શેરી, ધાંધલ નામના વિસ્તારમાં આ જિનાલય ઘુમ્મટબંધી દર્શાવ્યું છે. તે સમયે જિનાલયમાં દસ આરસપ્રતિમા તથા પાંચ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. ઉપરાંત ચોવીસજિનનો એક પટ તથા વીસ જિનમૂર્તિનો એક પટ – એમ બે પટનો ઉલ્લેખ થયેલો છે. આજે પણ આ બે પટ વિદ્યમાન છે. વહીવટ સાળવી છોટાલાલ ગોદડચંદ હસ્તક હતો અને જિનાલયની સ્થિતિ સારી હતી.

આજે જિનાલયનો વહીવટ સાલવીવાડામાં રહેતા શ્રી ચીમનલાલ પૂનમચંદ શાહ, શ્રી બિપિનચંદ્ર અંબાલાલ શાહ તથા શ્રી મંગળદાસ માધવલાલ શાહ હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૭૨૯ પૂર્વે**નું છે.

• • •

કલારવાડો, સાલવીવાડો

શાંતિનાથ (સં૰ ૧૬૧૩ પૂર્વે)

સાલવીવાડા અંતર્ગત કલારવાડો વિસ્તાર ત્રિશેરીયુંની નજીક આવેલો છે. કલારવાડામાં પ્રવેશતાં જમણી બાજુ શ્રી શાંતિનાથનું સામરણયુક્ત આરસનું જિનાલય આવેલું છે.

પ્રવેશદ્વારની બંને બાજુ હાથી છે. પ્રવેશચોકીના થાંભલા ઉપર દેવીશિલ્પો છે. પ્રવેશદ્વારની ઉપરની દીવાલે તાપસનાં શિલ્પો છે.

રંગમંડપ મધ્યમ કદનો છે. તેને સુંદર કમાનો છે. ડાબી બાજુની દીવાલ પર નાનો શત્રુંજયનો રંગીન પટ છે. પટ કોતરેલો છે. જમણી બાજુના ગોખમાં ઘોરૈયાવીરનું સ્થાનક છે.

ત્રણ દ્વારવાળા આ ગભારામાં મૂળનાયક શ્રી શાંતિનાથની ૧૫'' ઊંચાઈવાળી પ્રતિમા બિરાજમાન છે. જમણે ગભારે શ્રી મહાવીરસ્વામી અને ડાબે ગભારે શ્રી ચંદ્રપ્રભુ છે. અહીં આઠ આરસપ્રતિમા અને નવ ધાતુપ્રતિમા છે. ડાબી બાજુની દીવાલે આરસનો નંદીશ્વરદ્વીપનો એક પટ છે. અહીં પ્રતિમાઓ પર કે જિનાલયમાં કોઈ લેખ નથી. નંદીશ્વરદ્વીપના પટ પર લેખ છે પણ અવાચ્ય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૫૭૬માં કલ્હરવાડો, **સં૰ ૧૬૧૩**માં કલહરવાડો, **સં૰ ૧૬૪૮**માં કલ્હારવાડો, **સં૰ ૧૭૨૯**માં કલારવાડો અને ત્યારથી અદ્યાપિપર્યંત પણ કલારવાડો નામથી જ આ વિસ્તાર પ્રચલિત થયેલો છે.

કલારવાડામાં વિદ્યમાન શાંતિનાથના આ જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૰ ૧૬૧૩**માં રચાયેલી સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મળે છે. જો કે તે અગાઉ **સં૰ ૧૫૭૬**માં રચાયેલી સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં કલ્હરવાડોમાં તીર્થંકરના નામ વિનાના એક જિનાલયનો ઉલ્લેખ થયેલો છે :

બીજઇ ભુવનિ જિણેસર નમી, કુમતિ કદાગ્રહ સદા અવગમી,
કલ્હરવાડઇ પણમઉં દેવ, છંડિ પાપ નિર્મલ થિઉ હેવ. ૪૦

ત્યારબાદ **સં૰ ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે :

કલહરવાડઇ શાંતિ જિણેસર, પ્રતિમા છપન્ન પરમ જોગીશ્વર
નંદીસર અવતાર જિન તુ૰ ૪૭

સં૰ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબ કરવામાં આવ્યો છે :

કલ્હારવાડઇ શાંતિજી । બિંબ પંચાવન હોઇ ॥નેમિ૰॥૫૪॥

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **કલારવાડા**માં શાંતિનાથ તથા વિમલનાથ એમ બે જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે. જો કે વિમલનાથના જિનાલયનો ઉલ્લેખ ત્યારબાદ થયેલો નથી.

કલારવાડે દેહરાં દોય, શાંતિ બિંબ એકાવન હોય ।
બાવન જિનાલય જોય ॥જિ૰ ૩॥

પીતલમય બિંબ સોહાવે, **વિમલનાથ** ભવિક મન ભાવે ।
ચઉ ઉત્તર ચતુરા જિનગુણ ગાવે ॥જિ૰ ૪॥

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં કલારવાડામાં શાંતિનાથના આ જિનાલયનો ઉલ્લેખ થયો નથી.

ત્યારબાદ **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં આ જિનાલયનો ઉલ્લેખ મળે છે :

વંદે શ્રી નેમિનાથં યદુકુલતિલકં શાંતિ-ધર્મૌ ચ મલ્લિં,
વાડેશ્વહં શાલવીનાં જિનપતિરવ**શાંતિં ચ કલ્લારવાડે** ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં શાંતિનાથનું જિનાલય શાળીવાડાના કલાલવાડામાં **શિખર વિનાનું** દર્શાવવામાં આવ્યું છે. ત્યારે નવ આરસપ્રતિમા અને છ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી દર્શાવી હતી. ઉપરાંત તે સમયે કલાલવાડામાં ૧. શાળવી સાકરચંદ પ્રેમચંદ, ૨. શાળવી આલમચંદ શિવચંદ, ૩. શાળવી રણછોડ રામચંદ, ૪. શાળવી અમીચંદ પાનાચંદ, ૫. શાળવી રણછોડ દેવચંદ (કલાલવાડાની કુઈવાડી શેરીમાં), ૬. શાળવી નાલચંદ હીરાચંદ (કલાલવાડાની ઝવેરી શેરીમાં) અને ૭. શાળવી ગોદડચંદ મૂલચંદ (કલાલવાડાની ઝવેરી શેરીમાં) – એમ સાત ઘરદેરાસરો પણ વિદ્યમાન હતાં.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં જવરીવાળી શેરીમાં પાર્શ્વનાથના એક ઘરદેરાસરનો ઉલ્લેખ થયેલો છે. પરિવારના નામમાં શાળવી છોટાલાલ ગોદડચંદનો નિર્દેશ થયેલો છે. **સં૰ ૧૯૬૩**માં આ ઘરદેરાસરનો ઉલ્લેખ ગોદડચંદ મૂલચંદના નામે થયેલો છે. આ ઘરદેરાસર સં૰ ૧૯૦૦ લગભગના સમયનું હોવાનો જૈન તીર્થ સર્વસંગ્રહમાં ઉલ્લેખ છે. તે સમયે આ ઘરદેરાસર બીજે માળે હતું.

સં૰ ૨૦૧૦માં કલારવાડાના શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયેલો છે. ત્યારે સાત આરસપ્રતિમા અને સાત ધાતુપ્રતિમા હતી. વહીવટ શાળવી અમથાલાલ રામચંદ હસ્તક હતો અને જિનાલયની સ્થિતિ સારી દર્શાવવામાં આવી હતી.

આજે પણ જિનાલયમાં સાત આરસપ્રતિમા અને સાત ધાતુપ્રતિમા છે. જિનાલયનો વહીવટ શ્રી ચંપકલાલ નહાલચંદ સાલવી હસ્તક છે. તેઓ કલારવાડામાં જ રહે છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૧૩ પૂર્વે**નું છે. આ જિનાલયનો સમય ૧૬મા સૈકાનો નક્કી કરવા માટે વધુ પુરાવાઓની જરૂર છે.

• • •

ત્રિશેરીયું, સાલવીવાડો

સાલવીવાડમાં આવેલો આજે ત્રિશેરીયું નામથી પ્રચલિત વિસ્તાર **સં૰ ૧૫૭૬**માં **ત્રિસેરીયું, સં૰ ૧૬૧૩**માં, **સં૰ ૧૬૪૮**માં તથા **સં૰ ૧૭૨૯**માં **ત્રસેરિયું, સં૰ ૧૭૭૭**માં **તરશેરીયાની પોળ** નામથી પ્રચલિત હતો. **સં૰ ૧૯૫૯**માં કલારવાડો વિસ્તારમાં તરશેરીયાની પોળનો વિસ્તાર સમાવિષ્ટ થયેલો માલૂમ પડે છે. **સં૰ ૧૯૬૩**માં **નેમિશ્વરની પોળ** તથા **તરસેરીઆનો પાડો** – એમ બે વિભાગમાં બે નામથી પ્રચલિત હતો. **સં૰ ૨૦૧૦**માં **તરશેરીયાનો પાડો** તરીકે ઉલ્લેખ થયેલો છે. એટલે કે આ વિસ્તાર ઘણા પ્રાચીન સમયથી મુખ્યત્વે **ત્રિશેરીયું** તરીકે જાણીતો છે.

સં૰ ૧૫૭૬માં સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ વિસ્તારમાં ૧. નેમિનાથ અને, ૨. તીર્થંકર નામ દર્શાવેલ નથી – એમ બે જિનાલયો હોવાનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રિસેરીઇ ત્રિભુવનકઉ રાઉ, નમિસુ **નેમિ** મનિ ઘરિ બહુ ભાઉ,
યાદવવંશવિભુષણ સામિ, જસુ આગલિ બલ છંડિઉ કામિ. ૩૮

કામવેલિ સરિસી કામિની, નવયૌવન ગજગતિગામિની,
ચંદ્રવદનિ રતિરૂપ સમાન, કમલનયન તન ચંપકવાનિ,
છંડિ રાજમતિ નેહ નિવારિ, દેઇ દાન પહુતઉ ગિરનારિ,
રૈવતકાચલિ સદા સોહંતિ, દીઠઉ સ્વામી મન મોહંતિ. ૩૯

બીજઇ ભુવનિ જિણેસર નમી, કુમતિ કદાગ્રહ સદા અવગમી,
કલ્હરવાડઇ પણમઉં દેવ, છંડિ પાપ નિર્મલ થિઉ હેવ. ૪૦

સં૰ ૧૬૧૩માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ત્રસેરીઇ**માં મલ્લિનાથ, નેમિનાથ અને આદેશ્વર (વરસા શેઠનું ઘરદેરાસર) – એમ કુલ ત્રણ જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે :

ત્રસેરીઇ હવઇ પુહતા જામ, **મલ્લિનાથ** મૂલનાયક નામ
પ્રતિમા પાંચ પ્રધાન જિન તુ૰ ૪૨

નેમનાથ દેહરઇ બીજઇ, દોઇ પ્રતિમાસું વંદન કીજઇ
સીઝઇ સઘલાં કાજ જિન તુ૰ ૪૩

વરસા સેઠ તણઇ દેહરાસરિ, મૂલનાયક શ્રી **આદિ** જિણેસર
કેસરિ ચરચુ અંગિ જિન તુ૰ ૪૪

સં૰ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ત્રસેરીઆ** વિસ્તારમાં નેમિનાથ અને મલ્લિનાથ એમ બે જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે :

આએ **સાલવીવાડઇ** આવીઇ । **ત્રસેરીઆ** વલી માંહિ ।
નેમિ જિન જુહારઉ જી । રાણીરાયમઇ વલ્લહુ ।
જીવદયા પ્રતિપાલ ॥ નેમિ૰ ૪૮॥આંચલી॥
સત્યાસી જિન પૂજીઇ । દેહરઇ શ્રી જિન **મલ્લિ** ॥ નેમિ૰ ૪૯

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ત્રીસેરીયા**માં ૧. મલ્લિનાથ, નેમનાથ, આદેશ્વર, નવપલ્લવ પાર્શ્વનાથનું સંયુક્ત જિનાલય અને, ૨. શાંતિનાથનું જિનાલય – એમ બે જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે :

સાલિવાડે ત્રીસેરીયામાંહી, **નેમિ મલ્લિ ઋષભ** નમું ત્યાંહી ।
નવપલ્લવ નમું ઉછાંહી, જિણેસર તાહરા ગુણ ગાઉં ॥
જિમ મનવંછિત સુખ પાઉં ॥જિ૰ ૧॥

સાઠ ઉપર સત તિમ ચાર । **બીજે દેહરે શ્રી શાંતિ** જુહાર ।
બિંબ ઓગણસાઠ ઉદાર ॥જિ૰ ૨॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **તરશેરીયાની પોળ**માં પણ નેમનાથ, મલ્લિનાથ, આદેશ્વરનું સંયુક્ત જિનાલય અને શાંતિનાથનું એક જિનાલય – એમ કુલ બે જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે :

પોલેં જઈ **તરસેરીયેં નેમનાથ** નિત્ય વંદો રે,
પાસેં **આદિ** જિનેસરુ **મલ્લિનાથ** સુખકંદો રે. ૧૩ પા૰

દેહરે ષરતરગછ તણેં, સાંતિનાથ ભગવંતો રે,
શુભ યોગઈ કરી વંદના, અશુભ કરમ કીયા અંતો રે. ૧૪ પા૰

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં આ વિસ્તારનાં જિનાલયોનો ઉલ્લેખ કલારવાડામાં આવેલા શાંતિનાથના જિનાલયની સાથે જ થયેલો છે. સંભવ છે કે તે સમયે તરશેરીયાની પોળનો વિસ્તાર કલારવાડા અંતર્ગત સમાવિષ્ટ થયેલો હોય અથવા તો સરતચૂકથી તરશેરીયાની પોળના નામનો ઉલ્લેખ કરવાનો રહી ગયો હોય.

વંદે **શ્રી નેમિનાથં** યદુકુલતિલકં **શાંતિ-ધર્મૌ ચ મલ્લિં**,
વાડેશ્વહં **શાલવી**નાં જિનપતિરવ**શાંતિં** ચ **કલ્લારવાડે** ।

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં **સાળીવાડો તરશેરીયાની શેરી**માં શાંતિનાથનું **શિખર વિનાનું** જિનાલય દર્શાવવામાં આવ્યું છે. ઉપરાંત **સાળીવાડો નેમીશ્વરની શેરી**માં નેમિનાથનું જિનાલય ધાબાબંધી દર્શાવવામાં આવ્યું છે.

સં૰ ૧૯૬૭માં સાલીવાડો વિસ્તાર અંતર્ગત **તરશેરીયાનો પાડો** એ વિસ્તારમાં નેમિનાથ, પાર્શ્વનાથ, મલ્લિનાથનું સંયુક્ત જિનાલય અને શાંતિનાથનું જિનાલય – એમ બે જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે.

સં૰ ૧૯૮૨માં **તરશેરીઓ** વિસ્તારમાં ૧. શાંતિનાથ, ૨. નેમિનાથ, ૩. પાર્શ્વનાથ અને ૪. મહાવીરસ્વામી – એમ ચાર જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે.

સં૰ ૨૦૦૮માં **તરશેરીયાનો પાડો** વિસ્તારમાં ૧. નેમિનાથ, પાર્શ્વનાથ, મલ્લિનાથનું સંયુક્ત જિનાલય અને ૨. શાંતિનાથનું જિનાલય – એમ બે જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે.

જ્યારે **સં૰ ૨૦૧૦**માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં **તરશેરિયું**માં નેમિનાથ અને શાંતિનાથ એમ બે જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે.

આજે ત્રિશેરીયામાં શાંતિનાથ અને નેમિનાથ – એમ બે જિનાલયો વિદ્યમાન છે. તે પૈકી નેમિનાથના જિનાલયમાં અન્ય બે અલગ અલગ ગભારામાં મલ્લિનાથ તથા પાર્શ્વનાથ મૂળનાયક તરીકે છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રિશેરીયું, સાલવીવાડો

નેમિનાથ (સં૰ ૧૫૭૬ પૂર્વે)

સાલવીવાડ વિસ્તારમાં ત્રિશેરીયું નામની સાંકડી શેરીને છેવાડે નેમિનાથનું ઘુમ્મટબંધી આરસનું જિનાલય આવેલું છે. ચાર-પાંચ પગથિયાં ચડીને મોટા લાકડાના દરવાજાની નાની જાળીવાળી બારીમાંથી પ્રવેશતાં એક વિશાળ ચોક આવે છે. ચોકની જમણી બાજુ જિનાલય છે. જિનાલયની ડાબી બાજુ સહસાવનની રચના છે અને ત્યાં પગલાંની જોડ, એક કાઉસ્સગ્ગ મુદ્રામાં મોટી પ્રતિમા, અન્ય એક પ્રતિમા, યક્ષ તથા મનુષ્યની રચના છે. એ અરિષ્ટનેમિ અને રાજુલની મૂર્તિ હોવાનો સંભવ છે. કેટલાંક પગલાં પર નામ વાંચી શકાયાં છે. તે પ્રમાણે શ્રી અમરસાગરજી, વાચક શ્રી નેમિસાગરજી તથા શ્રી મોહનષાઢાગણિનાં નામો છે. તે પૈકી એક પર સં૰ ૧૭૧૯નો ઉલ્લેખ છે.

રંગમંડપ મધ્યમ કદનો છે. તે રંગબેરંગી હાંડીઓ અને ઝુમ્મરોથી અતિ શોભે છે. રંગમંડપમાં સામસામે બે દેવકુલિકાઓ છે. ડાબી બાજુની દેવકુલિકામાં ૨૩'' ઊંચાઈ ધરાવતા પાર્શ્વનાથની પ્રતિમા છે. સ્થાનિક લોકો તેને **ધનવન્ત પાર્શ્વનાથ** તરીકે ઓળખે છે. તેઓના જણાવ્યા અનુસાર ૧૦૮ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા થઈ હતી તેમાંથી આ દેવકુલિકામાં બે પાર્શ્વનાથ પધરાવવામાં આવ્યા છે. અહીં આઠ આરસપ્રતિમા છે જે પૈકી બે કાઉસ્સગ્ગિયા છે. વળી એક આરસનો પટ છે. તેમાં ૬૮ પ્રતિમાઓ છે. જમણી બાજુની દેવકુલિકામાં મૂળનાયક મલ્લિનાથની ૨૯''ની શ્યામ પ્રતિમા બિરાજે છે. અહીં પાંચ આરસપ્રતિમા છે. રંગમંડપમાં જમણી બાજુ દેવકુલિકા ઉપરાંત એક ગોખ છે. તેમાં પદ્માવતીદેવી છે. અન્ય એક ગોખમાં રાતા રંગના આરસના યક્ષ છે જેના પર લેખ છે. આ લેખમાં 'સંવત ૧૫૭૨ વર્ષે મહા વદિ ૨ રવૌ .....' વંચાય છે. ડાબી બાજુ એક ગોખમાં અંબિકાદેવી છે. ઉપરાંત શત્રુંજયનો પટ પણ છે.

ગર્ભગૃહને ત્રણ દ્વાર છે. ગર્ભગૃહની બારસાખે નૃત્યાંગનાઓનાં શિલ્પો છે. મૂળનાયક શ્રી નેમિનાથની ૪૩''ની શ્યામ રંગની પ્રતિમા ગંગા-જમની (રજત-સુવર્ણની) કલાત્મક છત્રીમાં બિરાજમાન છે. જમણે ગભારે નેમિનાથ (શંખ લાંછનથી ઓળખાયા છે) અને તેની ડાબી બાજુ સંકટચૂર પાર્શ્વનાથની સુંદર, સપરિકર, શ્યામ રંગની પ્રતિમા છે. ડાબા ગભારે આદેશ્વરની પ્રતિમા છે. ગભારામાં વીસ આરસપ્રતિમા અને પંદર ધાતુપ્રતિમા છે. ગભારામાં કોઈ પ્રતિમાને લેખ નથી.

આ જિનાલયનો જીર્ણોદ્ધાર સં૰ ૨૦૨૨, સં૰ ૨૦૩૦ અને સં૰ ૨૦૩૬માં થયો હોવાનું જાણવા મળેલ છે.

ઐતિહાસિક સંદર્ભ

નેમિનાથના આ જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૰ ૧૫૭૬**માં મળે છે. તે સમયે ત્રિશેરીયું વિસ્તારમાં બીજું પણ એક જિનાલય હતું પરંતુ તેના નામનો ઉલ્લેખ થયેલો નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૬૧૩માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં તથા **સં૰ ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં નેમિનાથના જિનાલય ઉપરાંત મલ્લિનાથના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે. **સં૰ ૧૬૧૩**માં નેમિનાથના તથા મલ્લિનાથના જિનાલય ઉપરાંત આદેશ્વર(વરસા શેઠના ઘરે)ના જિનાલયનો પણ ઉલ્લેખ થયેલો છે. **સં૰ ૧૭૨૯**માં પં૰ હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં તરશેરીયું વિસ્તારમાં નેમિનાથ, મલ્લિનાથ, આદેશ્વર, નવપલ્લવ પાર્શ્વનાથના સંયુક્ત જિનાલયનો ઉલ્લેખ મળે છે. સંભવ છે કે **સં૰ ૧૬૧૩**માં વિદ્યમાન મલ્લિનાથનું જિનાલય તથા આદેશ્વરનું જિનાલય પ્રસ્તુત સંયુક્ત જિનાલયમાં પધરાવવામાં આવ્યાં હોય. **સં૰ ૧૭૭૭**માં નેમનાથ, આદેશ્વર, મલ્લિનાથનું સંયુક્ત જિનાલય વિદ્યમાન હતું. એટલે કે ત્યારે નવપલ્લવ પાર્શ્વનાથનો ઉલ્લેખ થયેલો નથી. આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ **સં૰ ૧૭૭૭** પછી પ્રાપ્ત થતો નથી. આજે નેમિનાથની ડાબી બાજુના ગભારે આદેશ્વર બિરાજમાન છે. **સં૰ ૧૯૫૯**માં નેમિનાથ, મલ્લિનાથ, ધર્મનાથનું સંયુક્ત જિનાલય દર્શાવવામાં આવ્યું છે. જ્યારે સં૰ ૧૯૮૨માં તથા **સં૰ ૨૦૦૮**માં નેમિનાથ, પાર્શ્વનાથ, મલ્લિનાથના સંયુક્ત જિનાલયનો ઉલ્લેખ આવે છે. એટલે કે **સં૰ ૧૭૨૯**માં સંયુક્ત જિનાલયમાં નવપલ્લવ પાર્શ્વનાથનો ઉલ્લેખ થયેલો. ત્યારબાદ **સં૰ ૧૭૭૭**માં તથા **સં૰ ૧૯૫૯**માં ધર્મનાથનો ઉલ્લેખ થયેલો છે. ધર્મનાથનો ઉલ્લેખ **સં૰ ૧૯૫૯**માં જ થયેલો છે. તે અગાઉ કે ત્યારબાદ થયેલો નથી. **સં૰ ૧૯૬૭**માં, **સં૰ ૧૯૮૨**માં તથા **સં૰ ૨૦૦૮**માં પાર્શ્વનાથનો ઉલ્લેખ થયેલો છે. **સં૰ ૨૦૧૦**માં નેમિનાથના જિનાલયની વિશેષ નોંધમાં પાર્શ્વનાથની એક પ્રાચીન મૂર્તિનો ઉલ્લેખ પણ થયેલો છે. આજે પણ ગભારામાં મૂળનાયકની ડાબી બાજુ સંકટચૂર પાર્શ્વનાથની સુંદર, સપરિકર, શ્યામ રંગની પ્રતિમા બિરાજે છે. ઉપરાંત રંગમંડપમાં ડાબી બાજુની દેવકુલિકામાં પાર્શ્વનાથ બિરાજમાન છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં સાળીવાડો, નેમીશ્વરની શેરીમાં નેમિનાથના જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી તરીકે થયેલો છે. ત્યારે એકત્રીસ આરસપ્રતિમા તથા દસ ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી દર્શાવેલી છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં શાળીવાડો, તરશેરિયુંમાં નેમિનાથનું જિનાલય ઘુમ્મટબંધી દર્શાવવામાં આવ્યું છે. ત્યારે તેત્રીસ આરસપ્રતિમા તથા પંદર ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. જિનાલયનો સમય સં૰ ૧૫૦૦ લગભગ દર્શાવ્યો હતો અને વહીવટ શાળવી હાલાભાઈ પીતાંબરદાસ હસ્તક હતો.

આજે જિનાલયમાં તેત્રીસ આરસપ્રતિમા તથા પંદર ધાતુપ્રતિમા છે. જિનાલયનો વહીવટ સાલવીવાડામાં રહેતા શ્રી ચંપકલાલ અંબાલાલ સાલવી અને શ્રી કેતનભાઈ નવીનચંદ્ર શાહ હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૫૭૬ પૂર્વે**નું છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રિશેરીયું, સાલવીવાડો

શાંતિનાથ (સં૰ ૧૭૨૯ પૂર્વે)

સાળવીવાડામાં તરસેરિયા કે ત્રિશેરીયા તરીકે ઓળખાતી પોળમાં શ્રી શાંતિનાથનું આરસનું ધાબાબંધી જિનાલય આવેલું છે. પચીસ વર્ષ પહેલાં જ તેનો જીર્ણોદ્ધાર થયો છે.

જિનાલયની બહાર, પ્રવેશદ્વારની જમણી બાજુએ એક ગોખ છે. તેમાં ઘંટાકર્ણ મહાવીરનો ફોટો છે. જિનાલયને કાષ્ઠનો કોતરણીયુક્ત પ્રવેશદ્વાર છે. રંગમંડપ નાનો અને સાદો છે. રંગ થયેલો છે. ભીંતમાં જડેલા કબાટો અહીં છે. વળી અહીં ભગવાનના નાના મોટા ઘણા ફોટાઓ ટિંગાડેલા છે. થાંભલા કોતરણીયુક્ત છે. છતમાં ફૂલ-વેલની રંગીન કોતરણી શોભે છે. રંગમંડપની મધ્યે વેન્ટિલેશન માટે જાળિયું છે.

ત્રણ ગર્ભદ્વારવાળા ગભારામાં મૂળનાયક તરીકે શ્રી શાંતિનાથની ૨૭'' ઊંચાઈવાળી પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ છ આરસપ્રતિમા છે જે પૈકી એક કાઉસ્સગ્ગિયા છે. કુલ ચાર ધાતુપ્રતિમા છે. અહીં આદેશ્વરના આરસના એક પગલાંની જોડ છે. તેના પર સં૰ ૧૯૨૪ લખેલ છે. **સં૰ ૧૯૬૩**ની જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં એક પગલાંની જોડનો તથા પાંચ આરસ તથા ચાર ધાતુપ્રતિમાનો ઉલ્લેખ સાંપડે છે. આજે પણ આ પ્રમાણે જ છે.

ઐતિહાસિક સંદર્ભ

શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ સૌ પ્રથમ **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મળે છે. ત્યારબાદ **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં, **સં૰ ૧૯૬૩**માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં તથા **સં૰ ૨૦૧૦**માં સાતત્યપૂર્વક આ જિનાલયનો ઉલ્લેખ મળે છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં **તરશેળીયાની શેરી**માં આ જિનાલયને **શિખર વિનાનું** દર્શાવ્યું છે. પાંચ આરસપ્રતિમા અને ચાર ધાતુપ્રતિમા બિરાજમાન હોવા ઉપરાંત પગલાંની એક જોડનો ઉલ્લેખ થયેલો છે. જિનાલયની સ્થિતિ સારી દર્શાવી છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં **તરશેરિયા**માં આવેલા શાંતિનાથના આ જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. જિનાલયમાં છ આરસપ્રતિમા અને ચાર ધાતુપ્રતિમા બિરાજમાન હતી. વહીવટ સાંકળચંદ મંગળદાસ હસ્તક હતો. જિનાલયનો સમય સં૰ ૧૭૫૦ લગભગનો દર્શાવ્યો છે. જિનાલયની સ્થિતિ સારી દર્શાવી હતી.

આજે જિનાલયનો વહીવટ મુંબઈનિવાસી શ્રી અરવિંદભાઈ ધીરજલાલ શાહ તથા સાલવીવાડામાં રહેતા શ્રી બીપીનભાઈ એ. સાલવી હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૭૨૯ પૂર્વે**નું છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફાટીપાલ દરવાજા બહાર

આદેશ્વર (સં. ૧૯૯૦)

ફાટીપાલ દરવાજા બહાર પાટણ જૈન મંડળ કેમ્પસમાં આદેશ્વરનું આરસનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. આ જિનાલયને ત્રણ પ્રવેશદ્વાર છે.

આ જિનાલયનો રંગમંડપ સ્વચ્છ, સુંદર અને મધ્યમ કદનો છે. રંગમંડપની બહારના ભાગમાં ઉપરની છત પર સુંદર રંગમેળવણીવાળી કોતરણી છે. રંગમંડપની દીવાલો ઉપર શત્રુંજય, આબુ, અષ્ટાપદ, પાવાપુરી, સમેતશિખર અને ગિરનારના પટનું ચિત્રાંકન થયું છે. રંગમંડપમાં, ગર્ભદ્વાર પાસેના ગોખમાં ડાબી બાજુ ચક્રેશ્વરીદેવીની મૂર્તિ છે. જમણી બાજુ ગોખમાં ગૌમુખ યક્ષ છે.

ગભારામાં મૂળનાયક તરીકે ૨૫" ઊંચાઈની પ્રતિમા બિરાજમાન છે. તેને લેખ નથી. અહીં એક આરસપ્રતિમા તથા કુલ ત્રણ ધાતુપ્રતિમા છે.

છાત્રાલયમાંનું આ જિનાલય ત્યાં રહેતાં વિદ્યાર્થીઓના દર્શનલાભાર્થે બન્યું હોવું જોઈએ.

ઐતિહાસિક સંદર્ભ

આ જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં. ૨૦૧૦**માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં મળે છે. ત્યારે એક આરસપ્રતિમા અને બે ધાતુપ્રતિમા હતી. આ જિનાલયની સ્થાપના **સં. ૧૯૯૦**માં થયાનો ઉલ્લેખ છે. જિનાલયનો વહીવટ શ્રી પાટણ જૈન મંડળ છાત્રાલય દ્વારા જ થતો હતો. સં. ૧૯૯૦ના વૈશાખ સુદ ત્રીજના રોજ જિનાલયની પ્રતિષ્ઠા થઈ હતી. સ્થાનિક માહિતી પ્રમાણે મૂળનાયક આદેશ્વરની પ્રતિમા પંચાસરા પાર્શ્વનાથના જિનાલયમાંથી શ્રી સંઘ પાસેથી રૂા. ૪૦૦/ નકરો ભરીને લાવવામાં આવી હતી. પ્રતિષ્ઠાવિધિ પંડિતવર્ય શ્રીયુત ફૂલચંદભાઈ ખીમચંદભાઈ વલાદવાળા દ્વારા કરાવવામાં આવી હતી.

• • •

ફાટીપાલ દરવાજા બહાર

કંરડિયા પાર્શ્વનાથ (સં. ૨૦૫૨)

પાટણ નગરમાં જ વસ્તીથી ઘણે દૂરના વિસ્તારમાં એક મોટા સંકુલમાં કરંડિયા પાર્શ્વનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે.

જિનાલયમાં પ્રવેશતાં જ જમણી બાજુ વર્તુળાકારે એક નાની દેરી નજરે ચડે છે. એમાં મુનિમહારાજના ફોટા તથા પગલાંની ચાર જોડ છે. નામ ઉપરથી ચૈત્યવાસી સાધુઓનાં પગલાં હોવાનું જણાય છે. આ ચારે પગલાંની નીચેનું લખાણ તથા મુનિઓનાં નામ નીચે પ્રમાણે છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧. પૂ૰ ૧૦૦૯ જૈનાચાર્ય ભટ્ટારક શ્રી રાજપ્રભસાગરસૂરિજી – ગુરુજી શ્રી હીરસાગરજી ગોરજી ગાદી સમય - તા૰ ૧૮-૪- ૧૯૦૦ થી તા૰ ૭-૮-૧૯૩૨.

૨. પંન્યાસ શ્રી કીર્તિસાગરજી – ગુરુજી શ્રી હરખસાગરજી ગોરજી ગાદી સમય – તા૰ ૭-૮-૧૯૩૨ થી તા૰ ૧૫-૭-૧૯૩૯.

૩. ગોરજી મોહનલાલજી – ગુરુજી પં૰ કીર્તિસાગરજી ગોરજી ગાદી સમય – તા૰ ૧૫-૭-૧૯૩૯ થી તા૰ ૪-૧૦-૧૯૪૯.

૪. ગુરુવર્ય શ્રી હિંમતસાગરજી – ગુરુજી શ્રી મોહનલાલજી ગોરજી ગાદી સમય – તા૰ ૧૫-૭-૧૯૪૯ થી તા૰ ૧૨-૧-૧૯૮૦.

પગલાંની દેરીથી આગળ જતાં ડાબી બાજુ એક ગુરુમંદિર આવેલું છે. આ દેવકુલિકામાં શ્રી હિંમતસાગરજીની પ્રતિમા ગાદી પર પધરાવેલ છે. પ્રતિષ્ઠાકારક પૂ૰ પાઠક જયદેવપ્રાસાદનું નામ લખેલ છે. ગુરુમૂર્તિ રાતા કમળ પર બિરાજે છે અને તેની નીચે "શ્રી હિંમતસાગરજી ગોરજી – મહા સુદ ૧૩ સં૰ ૨૦૫૨ તા૰ ૨-૨-૧૯૯૬" એવું લખાણ જોવા મળે છે.

જિનાલય નાનું છે. તેમાં કરંડિયા પાર્શ્વનાથની ૨૧" ઊંચાઈની ધાતુપ્રતિમા બિરાજમાન છે. મૂળનાયક ઉપરાંત અન્ય બે પંચતીર્થી ધાતુપ્રતિમા છે. ગભારામાં જ ડાબી બાજુના ગોખમાં પાર્શ્વયક્ષ તથા જમણી બાજુના ગોખમાં પદ્માવતીદેવી છે. જિનાલયનો વહીવટ ગોળશેરી, ઢંઢેરવાડામાં રહેતા શ્રી જયદેવપ્રસાદ પાઠક હસ્તક છે.

આ વિશાળ સંકુલમાં આવેલાં અન્ય સ્થાનો વિશે પણ જાણીએ :

જિનાલયના ગભારાની પાછળના ભાગમાં એક નાગની દેરી છે. જિનાલયની બાજુમાં સામેના ભાગમાં શ્રી અંબિકાદેવીની પ્રતિમા છે. તેની બાજુમાં હિંમતેશ્વર મહાદેવનું શિખરબંધી મંદિર પણ છે. ઉપરાંત, કરંડિયાવીરનું મંદિર પણ છે.

અહીં ઇતરે ધર્મનાં સ્થાનકોને કારણે આ જિનાલયનો માહોલ જુદો તરી આવે છે.

• • •

કટકીયાવાડો

આદેશ્વર (સં૰ ૧૬૧૩ પૂર્વે)

કટકીયાવાડામાં પ્રવેશતાં જ સામે આવેલા ચોકની એક બાજુના ખૂણામાં સુંદર, આરસનું આદેશ્વરનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. તેને લોખંડનું પ્રવેશદ્વાર છે. જિનાલયની શૃંગારચોકીને ઘુમ્મટ અને ચાર થાંભલા છે.

પ્રવેશતાં જ એક નાનો રંગમંડપ છે અને ત્યાંથી આગળ જતાં, તેનાથી મોટો રંગમંડપ એમ બે રંગમંડપો છે. રંગમંડપની ડાબી દીવાલે કાચથી મઢેલ શત્રુંજયનો પટ નજરે પડે છે. બે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાદા નાના ગોખ છે.

ગર્ભદ્વાર એક જ છે. અહીં ૨૩" ઊંચાઈ ધરાવતી આદેશ્વરની પ્રતિમા મધ્યે બિરાજે છે. મૂળનાયકને ખભે કેશ છે જે જિનાલયની પ્રાચીનતા સૂચવે છે. પ્રતિમા પરના લેખમાં પણ "સંવત ૧૪૬૮ વર્ષે વૈશાખ ..... ભાર્યા સઈજલદે ..... શ્રેયાર્થં ....." વંચાય છે. મૂળનાયકની જમણી બાજુની પ્રતિમાને (લેખ કે લાંછન વાંચી કે ઓળખી શકાતા નથી.) ખભે પણ કેશ છે. અહીં કુલ છ આરસપ્રતિમા છે જેમાં એક નાની શ્યામ પાર્શ્વનાથની છે. ધાતુપ્રતિમા કુલ આઠ છે.

ઐતિહાસિક સંદર્ભ

આ જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૰ ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મળે છે. કટકીયાવાડામાં અગાઉ **સં૰ ૧૫૭૬**માં કંબોઈ પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે. આજે કટકીયાવાડાની નજીકમાં આવેલા ઘીયાપાડામાં કંબોઈ પાર્શ્વનાથનું જિનાલય વિદ્યમાન છે.

સં૰ ૧૬૧૩માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **કટકીઆવાડા**માં – ૧. આદેશ્વર, ૨. વિમલનાથ (સેઠ મેઘરાજના ઘરે), ૩. વિમલનાથ (વણાયગ સહરીયાના ઘરે), ૪. મુનિસુવ્રતસ્વામી અને ૫. વાસુપૂજ્યસ્વામી (સંઘવી અટ્ટાના ઘરે) – એમ કુલ પાંચ જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે :

શ્રી કંબોઈઉ કરઇ કલ્યાણ, નવ પ્રતિમા વંદુ નિત જાણ
કટકીઆ વાડઇ આણંદ, છ પ્રતિમાસૂં **ઋષભ જિણંદ** ૯

સેઠ મેઘરાજ તણઇ ઘરિ જોય, **વિમલ** સહિત ત્રણિ પ્રતિમા હોઇ
સેઠ વણાયગ સહરીઆ તણઇ, જોઈ શ્રી જિન ઊલટ ઘણિ ૧૦

તિહા પ્રણમી જઇ શ્રી જિન **વિમલ**, ચંપક કેતકી લીજઇ કમલ
ત્રણિ પ્રતિમા પૂજીજઇ સહી, વધિ સહિત જિમ સૂત્રિં કહી ૧૧

ધુલી પરવિ **મુનિસુવ્રત સ્વામિ**, દરીય પણાસઇ જેહનઇ નામિ
તિહાં પ્રતિમા પ્રણમૂઉં છત્રીસ, ધ્યાન કરું તેહનું નિસ દીસ ૧૨

સંઘવી અટ્ટાઘરિ અણસરુ, **વાસપુજ્ય** જિન પૂજા કરુ
ત્રણિ પ્રતિમા તિહાં કણિ ભાવીઇ, **ગોદડનઈ પાડઇ** આવીઇ ૧૩

સં૰ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **કટકીઆવાડ**માં બે જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે. ૧. આદેશ્વર અને ૨. અજિતનાથ (સેઠ વિમલદાસના ઘરે).

પાસ કંબોઈઉ તે વલિ જુહારીઇ । સાત જ પડિમા રે સાર ।
કટકીઆવાડઇ રિસહ જ પૂજીઇ । પંચાવન જિન ઉદાર ॥૪૫ મૂ૰

સેઠિ વિમલદાસ ઘરિ અજિત જિણેસરૂ । ચૌદહ જિન ધન ધન્ન ।
નિરષુ જિનજી હઈઇ હરિષસ્યું । તસુ વલી વાધ ઇ વન્ન ॥૪૬ મૂ૰

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **કટકીયે** આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબ મળે છે :

એકસો છન્નુ **રિષભજિણંદસું**, પ્રતિમા **કટકીયે** વંદી ।
ધોલીપરવમાં ઋષભ મુનિસુવ્રત છેતાલીસ ચિર નંદી રે ॥ભ૰॥૧૦॥

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આદેશ્વરના આ જિનાલયની નોંધ નીચે મુજબ મળે છે :

પ્રથમ જિણંદ પ્રણમી કરી રે, ચૈત્ય જોહારું એક,
કુતકીયાવાડે જઈ રે, આંણી હૃદય વિવેક. ૧

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં પણ કટકીયાવાડાનો આ વિસ્તાર **કુતકીયાવાડા** તરીકે પ્રસિદ્ધ હતો. કુતકીયા નામનો ગચ્છ છે. તેમાંથી કટકીયા થયું હોવું જોઈએ. તે સમયે પણ અહીં એક જિનાલય વિદ્યમાન હતું. તે જિનાલય આદેશ્વરનું જિનાલય હોવાનો પૂરો સંભવ છે.

કુતકીયો મથુરાંદાસનો, વખારનો પાડો જેહ;
મેંહતાને પાડેં વલી, **એકેક** પ્રણમું તેહ. સં૰ ૧૪

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં **કટકીયાપાડા**માં આ જિનાલયની નોંધ નીચે મુજબની પંક્તિઓમાં થયેલી છે :

આદીશ્વરં વૈ **કટકીયપાડે**, મોક્ષપ્રદં મોક્ષગતં જિનેશમ્ ॥ ૩૫ ॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં કટકીયાવાડામાંના આદેશ્વરનું જિનાલય **શિખર વિનાનું** દર્શાવ્યું છે. જિનાલયમાં ચાર આરસપ્રતિમા તથા આઠ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. જિનાલય બંધાવનાર તરીકે લેમ્બાસા શેઠનો ઉલ્લેખ થયેલો છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયને ધાબાબંધી દર્શાવવામાં આવેલું છે. તે સમયે પણ ચાર આરસપ્રતિમા અને આઠ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયનો વહીવટ શેઠ ત્રિકમલાલ સવાઈચંદ હસ્તક હતો. જિનાલયની સ્થિતિ સારી હતી.

આજે આ જિનાલયનો વહીવટ શ્રી ધરમચંદ અભેચંદની પેઢી હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૧૩ પૂર્વે**નું સ્પષ્ટપણે માની શકાય છે. મૂળનાયકની પ્રતિમા પર સં૰ ૧૪૬૮નો લેખ છે. તે સંદર્ભમાં જિનાલયની પ્રાચીનતા નક્કી કરવા માટે વધુ પુરાવાઓ તથા સંશોધનની જરૂર છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઘીયાનો પાડો

ઘીયાપાડો અગાઉ શાંતિનાથની પોળથી પ્રચલિત હતો. ઘીયાપાડો કટકીયાવાડો તથા અદુવસીના પાડા (આજની શાંતિનાથની પોળ) નજીક આવેલો વિસ્તાર છે. **સં. ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં ઘીયાનો પાડો શાંતિનાથની પોળ તરીકે પ્રચલિત હતો. ત્યારે શાંતિનાથની પોળનો વિસ્તાર કટકીયાવાડા પહેલાં દર્શાવ્યો છે. અહીં ૧. શાંતિનાથ, ૨. કંબોઈ પાર્શ્વનાથ, ૩. વાસુપૂજ્યસ્વામી, પાર્શ્વનાથ, ચંદ્રપ્રભુ (સાહા રતનના પુત્રના ઘરે), ૪. શીતલનાથ (વર્ધમાનના ઘરે) – એમ કુલ ચાર જિનાલયોનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે :

શાંતિ કરણ સોલસમા રાઇ, નિશિ દિન પ્રણમૂઉં તેહના પાય
શાંતિનાથ પ્રમુખ જગદીસ, ત્રઇસઠિ પ્રતિમા નામૂં સીસ ૬

વર્ધમાન ઘરિ વંદુ દેવ, **દશમા જિન**ની કીજઇ સેવ
નવૂં દેહરાસુર પ્રતિમા ચ્યારિ, ગુણ ગાતાં મનિ હરષ અપાર ૭

સાહા રતના સુત ઘરિ ઉદાર, ત્રણિ પ્રતિમા વંદુ સુખકાર
વસુપુજ પાસ ચંદપ્રભ વંદ, પૂજઉ ભવીયા મનિ આણંદ ૮

શ્રી કંબોઈઉ કરઇ કલ્યાણ, નવ પ્રતિમા વંદુ નિત જાણ
કટકીઆ વાડઇ આણંદ, છ પ્રતિમાસૂં **ઋષભ જિણંદ** ૯

જો કે કંબોઈ પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ **સં. ૧૫૭૬**માં સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં કટકીયાવાડમાં થયેલો છે :

કટકીયાવાડઇ કઉતિગ, મૂરતિ દીઠી એ ઝિગમિગ. ૩૨
કંબોયુ પાસ જિણંદ, નવ નવ કરઇ આણંદ,

સં. ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં પણ ઘીયાના પાડાને શાંતિનાથના પાડા તરીકે દર્શાવ્યો છે. અહીં ૧. શાંતિનાથ, ૨. કંબોઈ પાર્શ્વનાથ, ૩. પાર્શ્વનાથ (સંઘરાજના ઘરે), ૪. શાંતિનાથ (લિષમીદાસના ઘરે), ૫. પાર્શ્વનાથ (હેમા સહરીઆના ઘરે) એમ બે જિનાલયો અને ત્રણ ઘરદેરાસરો મળીને કુલ પાંચ જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ મળે છે :

શાંતિનાથનઇ પાટકિ । લિષમીદાસ દેહરાસરિ **જિનશાંતિ** ।
પ્રતિમા બારઇ પૂજાઇ ભાવસ્યું । ટાલઇ ભવની ભ્રાંતિ ॥૪૨ મૂ૦॥

સંઘરાજનઇ ઘરિ વામાનંદન । પન્નર પડિમા રે તાંહિ ।
હેમા સરહીઆ ઘરિ હિવઇ આવીઇ । **ત્રેવીસમઉ** જિન ધ્યાઇ॥૪૩ મૂ૦

છયાલીસ પડિમા અવર જુહારી । લીજઇ ભવનુ રે લાહ ।
શાંતિ મૂરતિ સયાલીસ વલી અછઇ । ટાલઇ ભવનુ રે દાહ ॥૪૪ મૂ૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાસ કંબોઈઉ તે વલિ જુહારીઈ । સાત જ પડિમા રે સાર ।
કટકીઆવાડઈ રિસહ જ પૂજીઈ । પંચાવન જિન ઉદાર ॥૪૫ મૂ૰

ત્યારબાદ **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં સૌ પ્રથમ વાર **ઘીયાના પાડો** તરીકે આ વિસ્તારનો ઉલ્લેખ મળે છે. તે સમયે અહીં કુલ બે જિનાલયો વિદ્યમાન હોવાની નોંધ પ્રાપ્ત થાય છે :

ઘીયાપાડામાં દોય દેહરાં, શાંતિનાથ પાર્શ્વનાથ ।
એકસો ત્રેવીસ તેર પ્રતિમા, મુગતિપુરીનો સાથ ॥૮॥૯॥

ત્યારબાદ **સં૰ ૧૮૨૧**માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં **ઘીયાપોળ**માં બે જિનાલયો વિદ્યમાન હોવાના ઉલ્લેખ મળે છે :

મહાલક્ષ્મી ગોદડ તણો, નીસાલનો પાડો જાણિ;
ચૈત્ય એકેક **ઘીયા** તણેં, **દેવલ દોય** વખાંણ. સં૰ ૧૩

એટલે કે ત્યારે પણ શાંતિનાથ તથા કંબોઈ પાર્શ્વનાથનાં જિનાલયો વિદ્યમાન હોવાનો પૂરો સંભવ છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ઘીયાના પાડામાં શાંતિનાથ અને પાર્શ્વનાથનાં જિનાલયોનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. ઉપરાંત તે સમયે ઘીયાના પાડામાં શા૰ ન્યાલચંદ આલમનું એક ઘરદેરાસર વિદ્યમાન હોવાનો ઉલ્લેખ મળે છે.

સં૰ ૨૦૦૮માં ઘીયાના પાડામાં શાંતિનાથ તથા કંબોઈપાર્શ્વનાથનાં જિનાલયોના ઉલ્લેખ મળે છે.

આજે પણ ઘીયાના પાડામાં ઉપર્યુક્ત બે જિનાલયો વિદ્યમાન છે.

• • •

ઘીયાનો પાડો

શાંતિનાથ (સં૰ ૧૬૧૩ પૂર્વે)

ઘીયાના પાડામાં પહેલા ખાંચાના ખૂણામાં વિશાળ ચોક જેવું કંપાઉંડ છે. ત્યાં શ્રી શાંતિનાથનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. ચોકમાં સામે જ શ્રી કંબોઈપાર્શ્વનાથનું જિનાલય છે. બાજુમાં જ જે જગ્યા છે તે જિનાલયની છે અને ત્યાં પૂર્વે કન્યાશાળા હોવાનું જાણવા મળ્યું છે.

જિનાલયમાં પ્રવેશતાં પહેલાં, જમણી બાજુએ ઘીયાવીરનું સ્થાનક છે, જેમાં કાળી, વળાંકદાર મૂછો અને પ્રતાપી આંખોવાળી કેસરી રંગની ઘીયાવીરની મૂર્તિ શોભે છે. ઘીયાવીરને તેલ નથી ચઢતું પણ ઘી અને સિંદૂર ચડે છે. માળી કોમને આ વીર પર અપાર શ્રદ્ધા છે. નિત્ય દર્શનની આ કોમને જાણે કે ટેક છે ! ઘીયાવીરની બાજુમાં ક્ષેત્રપાલ અથવા બળિયાદેવ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લાકડાના પ્રવેશદ્વારમાંથી જિનાલયમાં પ્રવેશતાં જ વિશાળ, લંબચોરસ રંગમંડપ નજરે પડે છે. રંગમંડપના નકશીકામયુક્ત કાષ્ઠના ઘુમ્મટની નીચે અષ્ટકોણ આકારે આઠ ઝરૂખાયુક્ત બારીઓ છે. તેની નીચે ફરતે નેમનાથ ભગવાનની જાનને ચિત્રિત કરી છે. પૉલિશ વિનાના આ ઘુમ્મટને જો પૉલિશ કરવામાં આવે તો લાકડાના ઘુમ્મટની આ કલાકૃતિ ઓર દીપી ઊઠે ! રંગમંડપમાં વિશાળ, પિત્તળ જડેલ એક પાટ સોહે છે. સં૰ ૧૮૫૫ની સાલનો ઘંટ છે.

ત્રણ ગર્ભદ્વારથી શોભતા ગભારામાં મૂળનાયક તરીકે શ્રી શાંતિનાથની ૩૯" ઊંચાઈની પરિકરયુક્ત પ્રતિમા ચાંદીની કલાત્મક છત્રીમાં બિરાજમાન છે. હાથી, મોર, કબૂતર અને સિંહનાં શિલ્પોથી છત્રી ખૂબ સુંદર લાગે છે. ગભારામાં કુલ ત્રણ આરસપ્રતિમા અને સુડતાળીસ ધાતુપ્રતિમા છે. ગભારામાં પ્રતિમાનું સ્થાન દર્શાવતી ત્રણ ખાલી જગ્યા છે. જાણવા મળ્યું છે કે આ ત્રણ પ્રતિમાઓ મુંબઈમાં પધરાવવામાં આવી છે.

ઐતિહાસિક સંદર્ભ

અગાઉ જણાવ્યું તેમ આ જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૰ ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મળે છે. તે સમયે ઘીયાનો પાડો શાંતિનાથની પોળ તરીકે પ્રસિદ્ધ હતો.

ત્યારબાદ **સં૰ ૧૬૪૮**માં પણ લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં શાંતિનાથની પોળમાં આ જિનાલયનો ઉલ્લેખ મળે છે. **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૮૨૧**માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં, **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં, **સં૰ ૧૯૬૩**માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં તથા **સં૰ ૨૦૦૮**માં ઘીયાના પાડામાં આ જિનાલયનો ઉલ્લેખ મળે છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલય **શિખર વિનાનું** દર્શાવ્યું છે. જિનાલયમાં એક આરસપ્રતિમા, ઓગણપચાસ ધાતુપ્રતિમા અને પાંચ રત્નપ્રતિમાઓ બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

આજે જિનાલયનો વહીવટ મુંબઈનિવાસી શ્રી મહેન્દ્રભાઈ ગભરૂચંદ શાહ હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૧૩ પૂર્વે**નું છે.

• • •

ઘીયાનો પાડો

કંબોઈ પાર્શ્વનાથ (સં૰ ૧૫૭૬ પૂર્વે)

ઘીયાના પાડામાં શ્રી શાંતિનાથના જિનાલયની સામે જ શ્રી કંબોઈ પાર્શ્વનાથનું અતિ પ્રાચીન ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. પ્રવેશદ્વારે ઉપરના ભાગે સમવસરણની રચના છે.

જિનાલયનો રંગમંડપ સાદો છે. ગભારાને કાષ્ઠનાં ત્રણ દ્વાર છે. મૂળનાયક શ્રી કંબોઈ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાર્શ્વનાથની પ્રતિમા લેપ કરેલ છે અને તેની ઊંચાઈ ૨૭"ની છે. પ્રતિમા રજતછત્રીમાં બિરાજમાન છે. અહીં સાત આરસપ્રતિમા અને એક ચોવીસવટો છે. ઉપરાંત આરસની બે દેવીમૂર્તિ છે. તથા પગલાંની પાંચ જોડ છે.

ઘીયાવીરનું સ્થાનક સામેના શાંતિનાથના જિનાલયની બહાર જ છે અને કંબોઈ પાર્શ્વનાથ તથા શાંતિનાથનાં જિનાલયો એક જ કંપાઉંડમાં છે. આથી જ કદાચ, આજે કંબોઈ પાર્શ્વનાથ **ઘીયાવીર પાર્શ્વનાથ** તરીકે પણ ઓળખાય છે.

ઐતિહાસિક સંદર્ભ

અગાઉ જણાવ્યા મુજબ કંબોઈ પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ **સં. ૧૫૭૬**માં સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં સૌ પ્રથમ વાર મળે છે. તે સમયે આ જિનાલય કટકીયાવાડામાં હોવાનું દર્શાવ્યું છે. આજે કટકીયાવાડ, ઘીયાપાડો પાસ-પાસેના વિસ્તારો છે.

કટકીયાવાડઈ કઉતિગ, મૂરતિ દીઠી એ ઝિગમિગ. ૩૨
કંબોયુ પાસ જિણંદ, નવ નવ કરઈ આણંદ,

ત્યારબાદ **સં. ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં. ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં. ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં. ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં. ૧૮૨૧**માં ઉપા૦ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં, **સં. ૧૯૫૯**માં પં૦ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં, **સં. ૧૯૬૩**માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં અને **સં. ૨૦૦૮**માં આ જિનાલયનો સાતત્યપૂર્વક ઉલ્લેખ મળે છે.

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયને **શિખર વિનાનું** દર્શાવવામાં આવ્યું છે. ત્યારે સાત આરસપ્રતિમા અને એક ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સાધારણ હતી. ઉપરાંત પગલાંની પાંચ જોડનો ઉલ્લેખ થયેલો છે. આજે પણ જિનાલયમાં સાત આરસપ્રતિમા અને પગલાંની પાંચ જોડ છે.

સ્થાનિક માહિતી પ્રમાણે આ જિનાલયનો જીર્ણોદ્ધાર સં૦ ૧૯૯૯માં કરવામાં આવેલ છે.

આજે આ જિનાલયનો વહીવટ મુંબઈસ્થિત શ્રી મહેન્દ્રભાઈ ગભરૂચંદ શાહ હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય **સં. ૧૫૭૬ પૂર્વે**નું છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાગોળનો પાડો

આદેશ્વર (સં૰ ૧૭૭૭ પૂર્વે)

વાગોળના પાડામાં પ્રવેશતાં, ઘર જેવું સાદું જણાતું, આરસનું શ્રી આદેશ્વરનું નાનું, ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. જિનાલયને મુખ્ય એક પ્રવેશદ્વાર ઉપરાંત અન્ય એક પ્રવેશદ્વાર ડાબી બાજુએ આવેલું છે.

રંગમંડપ નાનો છે. છત તથા ઘુમ્મટ રંગીન છે. તેમાં રાસ રમતાં નરનારીનું ચિત્ર તેની શોભામાં વૃદ્ધિ કરે છે. ત્રણ ગર્ભદ્વારવાળા ગભારાની બારસાખે ચામરધારીઓની રચના છે. ડાબા ગભારાની ઉપરની દીવાલે સમવસરણ, વચ્ચે મેરુશિખર તથા જમણા ગભારાની ઉપરની દીવાલે અષ્ટાપદની રચના છે.

ગભારમાં મૂળનાયક શ્રી આદેશ્વરની ૧૫" ઊંચાઈ ધરાવતી પરિકર વિનાની પ્રતિમા બિરાજમાન છે. ડાબે ગભારે શ્રી વાસુપૂજ્ય અને જમણે ગભારે શ્રી મુનિસુવ્રતસ્વામી છે. અહીં ચાર આરસપ્રતિમા ઉપરાંત બે પેનલમાં પ્રતિમાઓ છે તથા દસ ધાતુપ્રતિમા છે. સ્થાનિક માહિતી પ્રમાણે બે પ્રતિમાઓ ખોદકામ મળી આવેલી છે.

ઐતિહાસિક સંદર્ભ

વાગોળના પાડામાં આદેશ્વરના આ જિનાલયનો ઉલ્લેખ સૌ પ્રથમ **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મળે છે :

પોલેં વાગોલનેં ભેટીયા રે, **નાભિનરિંદ મલ્હાર,**
પોલે કાંન રેવા તણેં રે, **મુનીસુવ્રત** સુવિચાર. ૩ સોભા૰

ત્યારબાદ **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં **વાગોલના પાડા**માં આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

પંચોટી પાડે જિનમાદિદેવં, **વાગોલ પાડે વૃષભં** જિનં ચ ॥૩૪॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયને **શિખર વિનાનું** દર્શાવવામાં આવ્યું છે. જિનાલયમાં છ આરસપ્રતિમા તથા ચાળીસ ધાતુપ્રતિમા હતી અને જિનાલયની સ્થિતિ સારી હતી. ઉપરાંત તે સમયે વાગોળના પાડામાં શા૰ છોટાલાલ છગનલાલના ઘરદેરાસરનો પણ ઉલ્લેખ થયો છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આદેશ્વરના આ જિનાલયને ધાબાબંધી દર્શાવવામાં આવ્યું છે. જિનાલયમાં સાત આરસપ્રતિમા અને ચાળીસ ધાતુપ્રતિમા હતી અને વહીવટ ભગુભાઈ ચુનીલાલ હસ્તક હતો. જિનાલયની સ્થિતિ સારી હતી.

સ્થાનિક માહિતી પ્રમાણે જિનાલયનો જીર્ણોદ્ધાર સં૰ ૨૦૨૦માં થયેલો છે. આજે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયનો વહીવટ વાગોળના પાડામાં જ રહેતા શ્રી રસિકભાઈ હીરાલાલ ભોજક હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૭૭૭ પૂર્વે**નું છે.

• • •

પંચોટીપાડો

આદેશ્વર (સં૰ ૧૭૨૯ પૂર્વે)

પંચોટીપાડામાં પ્રવેશતાં, ડાબી બાજુના છેડે શ્રી આદેશ્વરનું આરસનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે જેની રંગીન કોતરણી ધ્યાન ખેંચ્યા વિના રહેતી નથી. પ્રવેશચોકીમાં મગરમુખી સાદી કમાનો છે. થાંભલે કોતરણી અને પૂતળીઓનાં શિલ્પો છે તથા દીવાલ પર તાપસ તથા મોર છે.

રંગમંડપના રંગીન કમાનયુક્ત થાંભલા ઉપર આવી જ રીતે વાદ્યગાન કરતી પૂતળીઓ છે. રંગમંડપની આજુબાજુ જગ્યા નથી. ગભારો રંગમંડપના ક્ષેત્રમાં જ આવી જાય છે. રંગમંડપ શરૂ થાય તે થાંભલા પર બંન્ને બાજુ દ્વારપાળ છે.

ગભારો નાનો છે પણ તેને ત્રણ દ્વાર છે. તેમાંની તમામ પ્રતિમા પર ચાંદીની કલાત્મક છત્રી છે જેમાં હાથી, પૂતળીઓ, સિંહ અને મોર શોભે છે. અહીં મૂળનાયક તરીકે શ્રી આદેશ્વરની ૨૯" ઊંચાઈની પ્રતિમા છે. પ્રતિમાને શિખા છે. પરિકર નથી. ડાબે ગભારે લાંછન સ્પષ્ટ જણાતું નથી, પણ તે મૃગ જેવું લાગે છે તેથી તે શાંતિનાથ હોવા જોઈએ. જમણે ગભારે શ્રી ચંદ્રપ્રભુ છે. તેના પર લેખ છે. તેમાં "સં૰ ૧૬૧૯ વૈશાખ માસે શુક્લ પક્ષે ....." વંચાય છે. ગભારામાં કુલ ચાર આરસપ્રતિમા તથા કુલ વીસ ધાતુપ્રતિમા તથા એક જોડ આરસના પગલાં છે. પગલાં પર સં૰ ૧૬૮૪ અને ધનવિજયગણિનું નામ વંચાય છે.

ઐતિહાસિક સંદર્ભ

આ જિનાલયનો ઉલ્લેખ સૌ પ્રથમ **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં થયેલો છે. તે સમયે આ વિસ્તાર **પંચહટીપાડો** તરીકે પ્રચલિત હતો.

પંચહટી - પંચહાટડી - પંચોટી = જ્યાં ચાર રસ્તા ભેગા થાય અને ત્યાં બજાર હોય, કરિયાણા જેવી દુકાન હોય તેને પંચહટી, પંચહાટડી કહેવાય. અર્થાત્ આ જિનાલય તે સમયે બજાર વિસ્તારમાં હશે.

આંબાદોસીના પાડામાંહી, મુનિસુવ્રત જિન સોલ ।
પંચહટીએ એકસોને ત્રેવીસ, **ઋષભજિણંદ** રંગરોલ રે ॥ભ૰॥૮॥

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ વિસ્તારનો **પંચોતરી પોળ** તરીકે ઉલ્લેખ થયેલો છે. આ વિસ્તારમાં આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પંક્તિઓમાં મળે છે :

પંચોતરી પોલેં જઈ રે, પ્રથમ નમું **આદિનાથ**,
વસાવાડે ભેટીયા રે, સોલસમા **શાંતિનાથ**. ૪ સો૦

ત્યારબાદ **સં૦ ૧૯૫૯**માં પણ પં૦ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

નૌમીહ શાંતિં ત્વદુવસ્સિપાડે, નાભેય- શાંતી ચ વસાખ્યવાડે ।
પંચોટીપાડે જિનમાદિદેવં, વાગોલપાડે વૃષભં જિનં ચ ॥૩૪॥

સં૦ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં પંચોટીનો પાડો વિસ્તારમાં આદેશ્વરના જિનાલયને એક શિખરવાળું દર્શાવ્યું છે. ત્યારે પાંચ આરસપ્રતિમા અને તેર ધાતુપ્રતિમા બિરાજમાન હતી. ઉપરાંત પગલાંની બે જોડનો પણ ઉલ્લેખ થયેલો હતો. જિનાલયની સ્થિતિ સારી દર્શાવી છે.

સં૦ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલય ઘુમ્મટબંધી દર્શાવ્યું છે. જિનાલયમાં ચાર આરસપ્રતિમા અને ઓગણીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. જિનાલયનો વહીવટ સંઘવી પ્રેમચંદ મોહનલાલ હસ્તક હતો.

આજે જિનાલયનો વહીવટ પંચોટીપાડામાં રહેતા શ્રી હર્ષદભાઈ મહાસુખલાલ શાહ તથા મુંબઈસ્થિત શ્રી પ્રવીણભાઈ પૂનમચંદ સંઘવી તથા શ્રી દીપકભાઈ કાંતીલાલ સંઘવી હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય **સં૦ ૧૭૨૯ પૂર્વે**નું છે.

• • •

વસાવાડો

શાંતિનાથ (સં૦ ૧૭૨૯ પૂર્વે)

વસાવાડામાં છેક અંદરની બાજુએ શ્રી શાંતિનાથનું જિનાલય છે. તેમાં હાલ જીર્ણોદ્ધારનું કામ ચાલી રહ્યું છે. જિનાલય સામરણયુક્ત બનનાર છે.

રંગમંડપમાં આવેલા ગોખમાં એકમાં શ્રી પાર્શ્વનાથની પ્રતિમા છે. જ્યારે અન્ય ગોખમાં ગણપતિ જેવી સિંદૂરથી રંગેલી મૂર્તિ છે. એક ગોખમાં પ્રતિમા નથી પણ ધાતુનું કલાત્મક પરિકર છે. રંગમંડપમાં જમણી બાજુ એક દેવકુલિકા છે જેમાં મૂળનાયક તરીકે શ્રી આદેશ્વરની ૨૧" ઊંચાઈવાળી પ્રતિમા બિરાજે છે. પ્રતિમા શ્વેત આરસની અને પરિકર રાતા આરસનું છે. અમે જ્યારે પ્રથમ વાર આ જિનાલયની મુલાકાત લીધેલી ત્યારે આ દેવકુલિકામાં પ્રતિમા સંખ્યા વધુ હતી, કારણ કે તેમાં નરેન્દ્રભાઈ જૈનના ઘરદેરાસરનો પરિવાર પણ હતો પણ એમના મકાનનું સમારકામ થઈ ગયું હોવાથી, એ પરિવાર એ ઘરદેરાસરમાં પાછો ગયો છે. તે દેવકુલિકામાં કુલ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાંચ આરસપ્રતિમા તથા સાત ધાતુપ્રતિમા છે.

ગર્ભગૃહને ત્રણ દ્વાર છે. અને વચલે ગભારે જેનાથી જિનાલય ઓળખાય છે એ શાંતિનાથની ૧૯" ઊંચાઈ ધરાવતી સપરિકર પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. એના પર લેખમાં "સં૰ ૧૪૬૪ વર્ષે ..... પ્રાગ્વાટ જ્ઞાતિય ....." એટલું વાંચી શકાય છે. ડાબે ગભારે શ્રી મહાવીરસ્વામી છે. અને તેની ગાદીમાં એક સાવ નાની આરસપ્રતિમા જડી દીધી હોય તેમ જણાય છે. અહીં ગભારામાં કુલ બાર આરસપ્રતિમા, ઓગણચાળીસ ધાતુપ્રતિમા અને એક ધાતુના પરિકરમાં સ્ફટિકની નાની પ્રતિમા છે. ઉપરાંત બે દેવીમૂર્તિઓ છે.

દેવકુલિકામાંના આદેશ્વરની અષાઢ વદ ૬ અને શાંતિનાથની વૈશાખ વદ ૭ના રોજ વર્ષગાંઠ છે. આ જિનાલયમાં આ બન્ને વર્ષગાંઠ ઊજવાય છે.

ઐતિહાસિક સંદર્ભ

આ જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૰ ૧૭૨૯**માં રચાયેલી પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં થયેલો છે :

વસાવાડે દોય શત અઠાવીસ, **શાંતિ જિણેસર સામી** ।
ઓગણીસ જિનસું **દોસીવાડે**, **ઋષભ** નમું સિર નામી રે ॥૭॥

ત્યારબાદ **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **વસાવાડા**માં શાંતિનાથનું જિનાલય હોવાનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

વસાવાડે ભેટીયા રે, સોલસમા **શાંતિનાથ**. ૪ સો૰

પોલે અષઈ ગણીયા તણેં રે, **આદિશ્વર** અરિહંત,

સં૰ ૧૭૨૯માં **દોસીવાડો** વિસ્તારમાં આદેશ્વરના જિનલાયનો ઉલ્લેખ છે અને **સં૰ ૧૭૭૭**માં **અખઇગણીયાની પોળ**માં આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ મળે છે.

પાટણના મોટી ઉંમરના એક વિદ્વાન વ્યક્તિએ માહિતી આપી કે અખઈગણીયાની પોળના આદેશ્વરની પ્રતિમા વસાવાડાના શાંતિનાથના જિનાલયમાં પધરાવવામાં આવ્યા છે. આજે વસાવાડાના શાંતિનાથના જિનાલયમાં દેવકુલિકામાં આદેશ્વર ભગવાન બિરાજમાન છે. સંભવ છે કે **સં૰ ૧૭૨૯**માં દોસીવાડાનો જે ઉલ્લેખ થયો છે તે વિસ્તાર **સં૰ ૧૭૭૭**માં **અખઈગણીયાની પોળ** નામે પ્રચલિત થયો હોય. **સં૰ ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં દોસીવાડામાં શાંતિનાથના એક ઘરદેરાસરનો ઉલ્લેખ થયેલો છે.

દોસીવાડઈ હટૂનઈ ઘરિ । શાંતિજિન દીઠ રે સાર ॥૪૧ મૂ૰॥

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં **વસાપાડે** શાંતિનાથ તથા આદેશ્વરના સંયુક્ત જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નૌમીહ શાંતિં ત્વદુવસ્સિપાડે, **નાભેય- શાંતી ચ વસાખ્યવાડે** ।
પંચોટીપાડે જિનમાદિદેવં, વાગોલપાડે વૃષભં જિનં ચ ॥૩૪॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં વસાવાડાના શાંતિનાથના આ જિનાલયને **શિખર વિનાનું** દર્શાવ્યું છે. ત્યારે સોળ આરસપ્રતિમા અને બેતાળીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. ઉપરાંત તે સમયે બે ઘરદેરાસરો વિદ્યમાન હતાં. ૧. શા૰ કાલીદાસ દૌલતચંદ (દસાવાડામાં), ૨. શા૰ વાડીલાલ વનરાવન (વસાવાડામાં)

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં વસાપાડામાં શાંતિનાથના જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. સોળ આરસપ્રતિમા અને ત્રેતાળીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. એટલે કે **સં૰ ૧૯૬૩**માં અને **સં૰ ૨૦૧૦**માં આરસની પ્રતિમાઓની સંખ્યામાં કોઈ ફેર પડ્યો નથી. ઉપરાંત ધાતુપ્રતિમાની સંખ્યામાં પણ નજીવો ફેરફાર માલૂમ પડે છે. **સં૰ ૨૦૧૦**માં વહીવટ શાહ મણિલાલ નાગરદાસ હસ્તક હતો. તે સમયે જિનાલયમાં સ્ફટિકની એક પ્રતિમા અને પરવાળાની એક મૂર્તિનો પણ ઉલ્લેખ થયેલો છે.

આજે જિનાલયમાં કુલ સત્તર આરસપ્રતિમા તથા છેતાળીસ ધાતુપ્રતિમા છે. તથા મુંબઈનિવાસી શ્રી વનરાજભાઈ પ્રતાપભાઈ દલાલ અને વસાવાડામાં જ રહેતા શ્રી નરેન્દ્રભાઈ જમનાદાસ શાહ, શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ, શ્રી રમેશચંદ્ર સોમાલાલ શાહ જિનાલયના વહીવટદાર તરીકે સેવાઓ આપી રહ્યા છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૭૨૯ પૂર્વે**નું સ્પષ્ટપણે માની શકાય છે. મૂળનાયકનો લેખ સં૰ ૧૪૬૪નો છે. તે સંદર્ભમાં જિનાલયની વધુ પ્રાચીનતા નક્કી કરવા માટે વિશેષ સંશોધનની જરૂર છે.

• • •

વસાવાડો

શાંતિનાથ (ઘરદેરાસર) (સં૰ ૧૯૬૩ પૂર્વે)

પોળમાં પ્રવેશતાં, શ્રી નરેન્દ્રભાઈ જે. શાહનું ઘરદેરાસર આવેલું છે. હાલમાં (ઈ૰સ૰ ૧૯૯૯-૨૦૦૦) જ આ ઘરનું સમારકામ થયું છે અને થોડા સમય માટે આ જ પોળના શાંતિનાથના જિનાલયમાં મૂકેલ તમામ પ્રતિમા પુનઃ અહીં ગોઠવી દેવામાં આવી છે. ઘરદેરાસર પહેલે માળ છે. સાંકડો દાદર ચઢીને ઉપર જતાં, આગલો રૂમ કેસર-સુખડ વાટવા અને અન્ય કામો માટે વપરાતો જણાયો. નીચે કોઈ રહેતું નથી. શ્રી નરેન્દ્રભાઈ દેરાસરની સામેના ભાગમાં અન્ય મકાનમાં રહે છે.

આ ઘરદેરાસરમાં મૂળનાયક શાંતિનાથ ધાતુના છે તેના પર નીચે મુજબનો લેખ છે :

"સં૰ ૧૬૦૩ વર્ષે વૈશાખ સુદિ ૫ રવૌ રાજાધિરાજ મહારાજ શ્રી વિશ્વસેન માતા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અચિરાદેવિ તત્પુત્ર શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શાંતિનાથસ્ય બિંબં કારિતં સેવક વછા તાક્ કર્મક્ષયાર્થ શ્રેયસેસ્તુ વિધિના પ્રતિષ્ઠિતમ્ ।"

અહીં મૂળનાયક સાથે આઠ ધાતુપ્રતિમા છે જે પૈકી એક ચૌમુખજી છે. બે ધાતુની યક્ષમૂર્તિ તથા એક આરસની યક્ષમૂર્તિ છે. એક જોડ પગલાં આરસનાં છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં સૌ પ્રથમ વાર આ ઘરદેરાસરનો ઉલ્લેખ મળે છે. તે સમયે શા૰ કાળીદાસ દૌલતચંદના નામ સાથે આ ઘરદેરાસરનો ઉલ્લેખ દસાવાડામાં મળે છે. ત્યારે અગિયાર ધાતુપ્રતિમા બિરાજમાન હતી.

ત્યારબાદ **સં૰ ૨૦૧૦**માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં વસાવાડામાં વિઠ્ઠલદાસ કાળીદાસ પરિવારના શાંતિનાથના ઘરદેરાસરનો ઉલ્લેખ મળે છે. તે સમયે અહીં એક આરસપ્રતિમા અને અગિયાર ધાતુપ્રતિમા બિરાજમાન હતી અને ઘરદેરાસરની સ્થિતિ સારી હતી.

ટૂંકમાં આ ઘરદેરાસર **સં૰ ૧૯૬૩ પૂર્વે**નું છે.

• • •

શાંતિનાથની પોળ (અદુવસીનો પાડો)

શાંતિનાથ (સં૰ ૧૭૨૯ પૂર્વે)

આજે શાંતિનાથની પોળ તરીકે ઓળખાતા અદુવસીના પાડામાં પેસતાં, બીજી ગલીના ખૂણામાં બે બાજુ પ્રવેશદ્વારવાળું, બે મજલાવાળું, સામરણયુક્ત શાંતિનાથનું જિનાલય આવેલું છે. પ્રવેશદ્વારેથી ચારેક પગથિયાં ચડીએ એટલે શૃંગારચોકી આવે છે જેમાં બે બાજુ નૃત્યાંગનાનાં શિલ્પો છે. બન્ને બાજુ નાના, સુંદર ગોખ છે.

ત્રણ પ્રવેશદ્વારેથી રંગમંડપમાં દાખલ થઈ શકાય છે. ગભારાને ફરતે પ્રદક્ષિણા કરી શકાય તેવી જગ્યા છે. રંગમંડપમાં પેસતાં જ, બે બાજુ ગોખલાઓ છે. ડાબે ગોખલે નિર્વાણીદેવી અને જમણે ગોખલે ગરુડ યક્ષ છે. રંગમંડપના ઘુમ્મટમાં વાદ્યગાન કરતી, સુંદર, કલાત્મક પૂતળીઓ છે.

ગભારાની બહારના ભાગમાં બન્ને બાજુ ગોખ છે જે પૈકી એકમાં ચક્રેશ્વરીદેવીની મૂર્તિ બિરાજમાન છે. બીજી બાજુના ગોખમાં શ્રી મોતીલાલ ભવાનચંદ પાલેજવાળાનું ઘરદેરાસર પધરાવવામાં આવ્યું છે. અહીં પાંચ ધાતુપ્રતિમા અને એક ધાતુના સિદ્ધચક્ર છે. મૂળનાયક શાંતિનાથ ચોવીશી છે. તેના પરના લેખમાં 'સં૰ ૧૫૩૭...લક્ષ્મીસાગરસૂરિ..... પત્તન વાસ્તવ્ય.....'ની વિગતો છે. આ ઘરદેરાસર સં૰ ૨૦૨૩ના મહા સુદ ૧૦ અને તા૰ ૨૦-૨-૬૦ના રોજ પધરાવવામાં આવ્યું હતું.

એક જ ગર્ભદ્વારયુક્ત ગભારાના રજતજડિત દ્વાર પર શ્રી શાંતિનાથનો દસમો ભવ તથા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપર લક્ષ્મીદેવી અને સરસ્વતીદેવી અંકિત કરેલ છે. ગભારામાં મૂળનાયક સાથે એકવીસ ધાતુપ્રતિમા છે. બે આરસપ્રતિમા છે. સ્ફટિકની એક પ્રતિમા અને સ્ફટિકના નાના ચૌમુખજી છે. મૂળનાયકની ડાબી બાજુ આદેશ્વર તથા જમણી બાજુ શાંતિનાથની આરસપ્રતિમા બિરાજે છે. મૂળનાયક શ્રી શાંતિનાથ પરિકરયુક્ત અને સપ્તધાતુના બનેલા છે. પ્રતિમાની ઊંચાઈ ૨૫" છે અને તે કુમારપાળ રાજાના સમયની હોવાનું મનાય છે. પ્રતિમા પર નીચે પ્રમાણેનો લેખ છે :

ડાબી બાજુ :

(૧) ભલે મીંડું । અર્હં નમઃ । તતાઽભવત્કટ્ટ મરાજસુઉર્હ

(૨) ધેઃ પ્રણેતા । દુર્વાદિમેદશ્ચિમદસ્યલત્તા ॥ ૧ શ્રી શ્રી

(૩) ગ્રહણેનયેષાં કેષાંન દત્(લ્લ) રે દુરિતાનિ સા.. તપઃ

(૪) ૨ સૂરિ પાદાઃ ॥ ૨ શ્રી મન્ને મેરુજયંતાદ્રી શૃંગે પ્રાભ.....

(૫) સજ્જન બોધયિત્વા નવ્યં દિવ્યં કારયામાસુરાશુ....

(૬) સંપ્રાપયેત । સ્ફુર્યથૌરજલાનલાદિવિપદઃ ૩

(૭) .....

જમણી બાજુ :

(૧) પદ્મઃ । અકાર્યેના રૂવિવાર હેતુ

(૨) વૈશાષ સુદી ૬ બુધે શ્રીમદણહલ્લપુરય

(૩) પદ્મદેવસૂરિ તત્પટ્ટે શ્રીમાતદેવસૂરિ તત્પટ્ટે

(૪) શ્રી ગુણદેવસૂરિ તત્પટ્ટે શ્રી વિજયદેવસૂરિત

(૫) દેવસૂરિ તત્પટ્ટાલંકાર શ્રી રત્નદેવસૂરિણાં પૂર્વ

(૬) ઉય મહાભદ્ર પ્રાસાદે સપ્તધાતુમયમ્ **શ્રી નેમિનાથ**

(૭) બિમ્બં કારિતં પ્રતિષ્ઠિતં કલ્યાણમસ્તુ

મૂળનાયકનું પરિકર સં૰ ૨૦૧૧માં બનાવવામાં આવ્યું હોવાનો લેખ નીચે પ્રમાણે છે :

"વીર સંવત ૨૪૮૧ દિવસે વિ૰ સં૰ ૨૦૧૧ જેઠ સુદિ ૨ સોમવાસરે શ્રી અણહિલપુરપત્તને શાંતિનાથ પોળ સંઘેન શાંતિનાથ જિન પરિકર કારાપિતં પ્રતિષ્ઠિતં આ૰ શ્રી વિજયવલ્લભસૂરિ....."

પરિકરની ડાબી બાજુ પણ આ જ પ્રમાણે લખાણ છે. ત્યારપછી આગળ "આ૰ શ્રી વિ..... સૂરિભિઃ" વંચાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અહીં ધાતુપરિકરમાં શાસનદેવી છે પણ નીચે શાસનદેવી છે. તે આરસનાં છે. ત્યાં નીચે મુજબનો લેખ છે :

"વિ૰ સં૰ ૨૦૧૧ જેષ્ઠ સુદિ ૨ સોમવાર શ્રી શાંતિનાથ પોળ સંઘેન શ્રી શાસનદેવી કારાપિતં પ્રતિષ્ઠિતં તપાગચ્છેન ।"

ઉપર સામરણયુક્ત શિખરમાં એક ગભારાની રચના છે. તેમાં ૨૧" ઊંચાઈ ધરાવતી શ્રી શામળા પાર્શ્વનાથની શ્યામ પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. અહીં કુલ ત્રણ આરસપ્રતિમા તથા ત્રીસ ધાતુપ્રતિમા છે. અહીં કુલ પાંચ આરસનાં પગલાંની જોડ છે. તે પૈકી એક પથ્થરમાં સં૰ ૧૭૭૦નો લેખ ધરાવતાં શ્રી વિનયદેવસૂરિ, શ્રી વિજયકીર્તિસૂરિ, શ્રી વિનયકીર્તિસૂરિ તથા જ્ઞાનકીર્તિસૂરિનાં – એમ કુલ ચાર પગલાંની જોડ તથા અન્ય એક પથ્થરમાં સં૰ ૧૮૦૫નો લેખ ધરાવતા સુમતિકીર્તિસૂરિના પગલાંની એક જોડ છે.

ઐતિહાસિક સંદર્ભ

અદુવસીનો પાડો કે અદુવસીની પોળનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મળે છે. તેમણે **અજૂવસાના પાડા**માં વિમલનાથના એક જિનાલયનો ઉલ્લેખ કર્યો છે. વિમલનાથની પ્રતિમા પિત્તળમય હોવાનો ઉલ્લેખ પણ છે :

અજૂવસા પાડામાં પ્રતિમા, સત્તોતર સુખદાઇ ।
પીતલમે શ્રીવિમલજિણેસર, વંદો મન લય લાઇ રે ॥૮॥૫॥

ત્યારબાદ **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **અજુવસાની પોળ**માં શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે :

પોલે અષઈ ગણીયા તણેં રે, **આદિશ્વર** અરિહંત,
પોલેં અજુવસા તણેં રે, **સાંતિનાથ** ભગવંત. ૫ સો૰

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં આ જિનાલયનો ઉલ્લેખ થયેલો છે. જિનાલયમાં ધાતુપ્રતિમાનાં દર્શન કર્યાની નોંધ છે :

ખેતલવસહી પાસજી, પાસેં દેહરાં દોય;
અડુવસાનેં દેહરેં, ધાતુમેં પ્રભુ જોય. સં૰ ૧૧

ત્યારબાદ **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં **અદુવસીના પાડા**માં આવેલા શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

નૌમીહ શાંતિં ત્વદુવસ્સિપાડે, નાભેય- શાંતી ચ વસાખ્યવાડે ।
પંચોટીપાડે જિનમાદિદેવં, વાગોલપાડે વૃષભં જિનં ચ ॥૩૪॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં દેવસાના પાડામાં શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે. સંભવ છે કે તે આ જિનાલય હોય. જિનાલયોની યાદીમાં અદુવસીના પાડાનો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉલ્લેખ થયેલ નથી. ઘરદેરાસરોની યાદીમાં અદુવસીના પાડાનો ઉલ્લેખ થયેલો છે. તે સમયે દેવસાના પાડામાં આવેલું શાંતિનાથનું જિનાલય ધાબાબંધી દર્શાવવામાં આવ્યું હતું. જિનાલયમાં પાંચ આરસપ્રતિમા અને પંચાવન ધાતુપ્રતિમા બિરાજમાન હતી. ઉપરાંત પગલાંની બે જોડનો પણ નિર્દેશ થયેલો છે. આજે આ જિનાલયમાં પણ કુલ પાંચ આરસપ્રતિમા તથા બે પગલાંની જોડ છે. સં. ૧૯૬૩માં ઘરદેરાસરોની યાદીમાં અદુવસાના પાડાનો ઉલ્લેખ થયેલો છે. તે સમયે આ વિસ્તારમાં શા. ડાહ્યાચંદ ભવાનચંદ, શા. પૂનમચંદ ન્યાલચંદ, શા. ભીખાચંદ મોકોમચંદ તથા શા. ન્યાલચંદ હેમચંદનું – એમ કુલ ચાર ઘરદેરાસરો વિદ્યમાન હતાં.

સં. ૨૦૧૦માં શાંતિનાથના આ જિનાલયને ઘુમ્મટબંધી દર્શાવવામાં આવ્યું છે. ત્યારે પાંચ આરસપ્રતિમા તથા છપ્પન ધાતુપ્રતિમા બિરાજમાન હતી. સ્ફટિકની બે પ્રતિમાઓ તથા ચક્રેશ્વરીદેવીની સુંદર મૂર્તિનો પણ ઉલ્લેખ થયેલો છે. વહીવટ શા. ભાઈચંદ ઉત્તમચંદ હસ્તક હતો. ઉપરાંત આ વિસ્તારમાં બે ઘરદેરાસરોનો ઉલ્લેખ મળે છે. ૧. ધર્મનાથ (કાંતિલાલ પૂનમચંદ ન્યાલચંદ પરિવારના ઘરે). તે સમયે તેનો વહીવટ રમણિકલાલ પૂનમચંદ હસ્તક હતો. મૂળનાયક પર સં. ૧૫૩૬નો લેખ દર્શાવવામાં આવ્યો હતો. આ ઘરદેરાસર તે સમયે બીજે માળે હતું. અગાઉ જણાવ્યા મુજબ આ ઘરદેરાસરનો ઉલ્લેખ સં. ૧૯૬૩માં પણ થયેલો છે. ૨. સુવિધિનાથ(પાલેજવાળા પરિવાર)નું ઘરદેરાસર ત્રીજે માળે હતું. સં. ૨૦૧૦માં તેનો વહીવટ મોતીલાલ ભવાનચંદ પાલેજવાળા હસ્તક હતો અને મૂળનાયક પર સં. ૧૫૭૩નો લેખ હતો. સં. ૧૯૬૩માં આ ઘરદેરાસરનો ઉલ્લેખ ડાહ્યાભાઈ ભવાનચંદના નામથી થયેલો છે. ઉપર્યુક્ત ઘરદેરાસર આજે શાંતિનાથના આ જિનાલયમાં મૂળનાયકની જમણી બાજુ, રંગમંડપના એક ગોખમાં પધરાવેલ છે.

આજે આ જિનાલયનો વહીવટ મુંબઈનિવાસી શ્રી સુધીરભાઈ કાંતિલાલ શાહ, શ્રી વિનોદચંદ્ર ભગવાનદાસ શાહ તથા શ્રી મહાસુખલાલ પોપટલાલ શાહ અને શાંતિનાથની પોળમાં જ રહેતા શ્રી ધીરજલાલ મોહનલાલ શાહ હસ્તક છે.

મૂળનાયકની પ્રતિમા સપ્ત ધાતુમય છે. તે પ્રતિમા પર હરણનું લાંછન સ્પષ્ટ દેખાય છે. પરંતુ લેખમાં નેમિનાથનો ઉલ્લેખ થયેલો છે. આ વિરોધાભાસ અંગે કોઈ સ્પષ્ટતા મળતી નથી.

ટૂંકમાં આ જિનાલય સં. ૧૭૨૯ પૂર્વેનું છે.

• • •

ખેતરવસી

ખેતરવસી વિસ્તાર પાટણનો ઘણો પ્રાચીન વિસ્તાર છે. **જૈન પરંપરાનો ઇતિહાસ (ભાગ-૨)**માં ખેતલવસહીના વિસ્તાર વિશેની માહિતી મળે છે. આ પુસ્તકના પૃ. ૫૨ ઉપર નીચે મુજબની નોંધ પ્રાપ્ત થાય છે :

"ભિન્નમાલના શેઠ સંઘા પોરવાડના વંશજ શેઠ ખેતશી પારેખે સં. ૧૨૯૫માં પાટણમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વલભીગચ્છ-નાડોલગચ્છના આચાર્ય શ્રી પુણ્યતિલકના હાથે ભ૦ પાર્શ્વનાથના મંદિરમાં પ્રતિષ્ઠા કરાવી અને ખેતલવસહીની સ્થાપના કરી.''

ચૈત્યપરિપાટીઓમાં આ વિસ્તારનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૦ ૧૫૭૬**માં સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મળે છે. તે સમયે આ વિસ્તારમાં શામળા પાર્શ્વનાથનું એક જિનાલય વિદ્યમાન હતું.

અતિ મૂરતિ રલીયામણીએ, હરષ ન હીયડઈ માઇ ત,
સામલઈ દીઠઇ રતિ ઘણીએ, **ષેતલવસહી** થાઇ ત. ૨૫

સં૦ ૧૬૧૩માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ખેતલવસહી**માં ત્રણ જિનાલયો તથા છ ઘરદેરાસરોનો ઉલ્લેખ થયેલો છે. ૧. વાસુપૂજ્યસ્વામી, ૨. શાંતિનાથ, ૩. પાર્શ્વનાથ, ૪. આદેશ્વર (સંઘા પારેખના ઘરે), ૫. તીર્થંકર નામ નથી (પારેખ નાથાના ઘરે), ૬. અજિતનાથ (સેઠ લકાના ઘરે), ૭. વાસુપૂજ્યસ્વામી (વોરા વછાના ઘરે), ૮. વિમલનાથ (સેઠ અમીપાલના ઘરે) અને ૯. ચંદ્રપ્રભુસ્વામી (પારેષ ઉદિકરણના ઘરે).

તિહાં થી **ખેતલવસહી**, કરસૂં પઇસતન સહી,
પ્રતિમા આઠ પ્રકાસ, **વાસિપુજુ** એ પાસ. ૬૬

સંઘા પારષિ ઘરિ ધિન્ન, દેહરાસુર **આદિ** જિન,
પ્રતિમા ચ્યાર સુચંગ, ફૂલ ગુલાલ સુ રંગ. ૬૭

રયણમઇ જિનવર ચ્યાર, ચુમુખ પૂજીઇ સાર,
પારષિ નાથાના ઘરમાં, ચુમુખસું આઠ પ્રતિમા. ૬૮

બીજઇ દેહરઇ **શાંતિ**, ભાજઇ ભવની ભ્રાંતિ,
ચ્યાર પ્રતિમા ગુણ ગાસું, ત્રીજેઇ દેહરઇ જાસૂં. ૬૯

તિહાં અછઇ **પાસ** કુમાર, બિંબ પાંચ જિન સાર,
અજિતનાથ જિન બીજઓ, **સેઠ લકા ઘરિ** પૂજઉ . ૭૦

ત્રિણિ પ્રતિમા તિહાં મનોહર, **વુહુરા વછા ઘરિ** સુંદર,
વાસપૂજ્ય જિન જાણી, ચ્યાર પ્રતિમા મનિ આણી. ૭૧

વિમલ જિણેસર પ્રતિમા, **સેઠ અમીપાલ ઘરમાં,**
નવૂ દેહરાસુર સાર, પ્રતિમા આઠ ઊદાર. ૭૨

ઘરિ પારષિ ઉદિકરણ, ચંદપ્રભ ચંદકિરણ,
દેહરાસુર મન મોહઇ, ત્રીજી ભુઇ જિન સોહઇ. ૭૩

રત્નમય બિંબનઇ કલસ, સદફકારી કામ સરસ,
ત્રણિ પ્રતિમા તિહાં ભાવી, **લટકણ સાહા પાડઇ** આવી. ૭૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ખેતલવસહી**માં પાર્શ્વનાથના માત્ર એક જ જિનાલયનો ઉલ્લેખ મળે છે. તથા આજે સિદ્ધચક્રની પોળ, બ્રાહ્મણવાડો તરીકે પ્રચલિત વિસ્તારનો ઉલ્લેખ **બંભણવાડા** વિસ્તાર તરીકે થયેલો છે. આ વિસ્તારમાં વાસુપૂજ્ય (વોરા વીરદાસના ઘરે), શાંતિનાથ (હીરા વિસાના ઘરે), શાંતિનાથ (સંઘવી સહિસૂના ઘરે), શાંતિનાથ (હીરજીના ઘરે), તીર્થંકર નામ નથી (હીરજીના ઘરે), આદેશ્વર (પૂઆ પારેષના ઘરે), મહાવીરસ્વામી તથા શાંતિનાથ – એમ બે જિનાલયો તથા છ ઘરદેરાસરો મળીને કુલ આઠ જિનાલયો વિદ્યમાન હતાં. બંભણવાડો વિસ્તારનો ઉલ્લેખ ખેતલવસહીના જિનાલયો પહેલા કરવામાં આવ્યો છે.

બંભણવાડઈ આવીઇ । **વુહરા વીરદાસનઇ** ગેહ રે ।
વાસુપૂજ્ય જિન પૂજીઇ । જિન ચઉવીસ સુદેહ રે ॥૨૧॥

ગાવઉ ૨ જિનવર ગુણિ ભરયા । પામઉ ૨ સુક્ખ વિશાલ રે ।
મનમોહન જિન દીઠડઇ । હઈડઇ હરિષ રશાલ રે ॥આંકણી॥

રયણમય પડિમા ઇક નમી । **હીરા વિસા ઘરિ** જેહ રે ।
શાંતિજિણેસર દસ વલી । દીઠઇ નિરમલ દેહ રે ॥૨૨॥ગાવુ॥

સહિસૂ સંઘવી ઘરિ ભણઉં । **મૃગલંછન** જિનરાય રે ।
છ જિનવર અવર નમ્યા । હસ્તી ચિત્ર સુઠાય રે ॥૨૩॥ગાવુ॥

વીર જિણેસર દેહરઇ । પૂજ્યા ત્રિસલા પૂત્ર રે ।
ચ્યારિ પડિમા અવર નમી । **હીરજી ઘરિ** પહૂત રે ॥૨૪॥ગાવુ॥

અચિરાનંદન જિહાં અછઇ । દસ જિણંદ ઉદાર રે ।
શાંતિ દેહરઇ તે જુહારીઇ । સાત બિંબ છઇ સાર રે ॥૨૫॥ગાવુ॥

વિમલસી સેઠિનઇ ઘરિ વલી । આઠ બિંબ મન મોહઇ રે ।
રયણમય જિનવર બિંબ તિહાં । તેજઇ અતિ ઘણું સોહઇ રે ॥૨૬॥ગા૦॥

પારષિ પુંઆ ઘરિ ભણઉં । **ઋષભજિનંદ** દયાલ રે ।
રજતમય બિંબ જ ચ્યારિ અછઇ । ઇગ્યાર જિન મયાલ રે ॥૨૭॥ગા૦॥

પેતલવસહી પાસજિનૂ । દીપઇ પૂનિમચંદ રે ।
બિસય સતાલીસ બિંબ નમું । પેખિલા પરમાનંદ રે ॥૨૮॥ગાવુ॥

પૂજા કીજઇ ભાવસિઉં । જિનવર અંગિ સુચંગ રે ।
સૂરીઆભઇ જિમ પૂજીઆ । સોહમઇ મનરંગિ રે ॥૨૯॥ગાવુ॥

ત્યારબાદ **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં ખેતલવસહીમાં કવિ લાધાશાહ શામળા પાર્શ્વનાથ, મહાવીરસ્વામી તથા બે ઘરદેરાસરો – એમ કુલ ચાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયો જુહાર્યાની નોંધ કરે છે :

ખેતલવસહી દોય પ્રાસાદે, પાસ જિણેસર ભેટ્યા ।
સાંમલા પાસની સુંદર મૂરતિ, દેખત સબ દુઃખ મેટ્યા રે ॥૧॥

ભવિયાં ભાવે જિનવર વંદો ।
શ્રી જિનવરને વંદન કરતાં, હોવે અતિ આણંદો રે ॥ભ૦॥૨॥

ત્રણસે અઠોત્તર જિનપ્રતિમા, સામલપાસની પાસે ।
શ્રી મહાવીર પાસે બ્યાસી જિનવરસું, વંદો મન ઉલ્લાસે રે॥ભ૦॥૩॥

દેહરાસર તિહાં દોય અનોપમ, રૂપ સોવનમય કામ ।
સોવન રૂપ રયણમે પ્રતિમા, દીસે અતિ અભિરામ રે ॥ભ૦॥૪॥

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિ કૃત તીર્થમાલા સ્તવનમાં **બાંભણવાડા**માં એક જિનાલય તથા **ખેતલવસહી**માં પાર્શ્વનાથ અને અન્ય બે જિનાલયોનાં દર્શન કરે છે :

ભામેં પાડેં ભાભો પાસજી, સંઘવીનો તિહાંઈ;
જિનમંદિર દુગ શોભતાં, **એક બાંભણવાડો** જ્યાંહ. સં૰ ૧૦

ખેતલવસહી પાસજી, પાસેં દહેરાં દોય;
અડુવસાનેં દહેરેં, ધાતુમેં પ્રભુ જોય. સં૰ ૧૧

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં થયેલા ઉલ્લેખ મુજબ આ વિસ્તારમાં પાંચ જિનાલયો વિદ્યમાન હતાં : ૧. મહાદેવાપાર્શ્વનાથ, ૨. શાંતિનાથ, ૩. આદેશ્વર, ૪. શામળા પાર્શ્વનાથ અને ૫. અજિતનાથ.

સંસારાપારવારાંનિધિગતજનતાતારણે યાનપાત્રમ્ ॥૩૨॥
ભક્ત્યાહં ક્ષેત્રવર્સ્યાં જિનપતિમભિતઃ **શ્રી મહાદેવપાર્શ્વં**,
શાંતિં સંધેશચૈત્યં **પ્રથમ જિનવરં શામલાખ્યં** ચ પાર્શ્વમ્ ।
સંસારાંભોધિયાનં **ત્વજિત જિનપતિ** નૌમિ યોગીન્દ્રનાથં,
ક્રોધાદ્રિપૌઢવૈરિપ્રકરવિદલને શૂરવીરાવતંસમ્ ॥૩૩॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં તથા **સં૰ ૨૦૧૦**માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં ચાર જિનાલયો તથા ત્રણ ઘરદેરાસરોની નોંધ આવે છે. ૧. મહાદેવા પાર્શ્વનાથ, ૨. શામળા પાર્શ્વનાથ, અજિતનાથ, આદેશ્વરનું સંયુક્ત જિનાલય, ૩. શાંતિનાથ, ૪. આદેશ્વર (શા૰ નથમલજીના ઘરે), ૫. આદેશ્વર (ઉમેદચંદ મોતીચંદના ઘરે), ૬. વિમલનાથ (સંઘવીના ઘરે) અને ૭. શાંતિનાથ. તે પૈકી શા૰ નથમલજીનું આદેશ્વરનું ઘરદેરાસર આજે શામળા પાર્શ્વનાથના જિનાલયમાં પધરાવવામાં આવ્યું છે.

આજે ખેતરવસીમાં ૧. શાંતિનાથ (ગાંધી શેરી અથવા પોળની શેરી), ૨. મહાદેવા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાર્શ્વનાથ (મહાદેવાની શેરી), ૩. વિમલનાથ (સંઘવીના ઘરે) (સંઘવીની શેરી), ૪. શાંતિનાથ (સિદ્ધચક્રની પોળ, બ્રાહ્મણવાડો), ૫. શામળા પાર્શ્વનાથ, આદેશ્વર, આદેશ્વર, અજિતનાથનું સંયુક્ત જિનાલય (શામળાજીની શેરી) – એમ કુલ પાંચ જિનાલયો વિદ્યમાન છે.

• • •

ગાંધી શેરી, ખેતરવસી

શાંતિનાથ (સં૰ ૧૭૭૭ પૂર્વે)

ખેતરવસી વિસ્તારમાં જમણી બાજુની ગાંધીની શેરી પૂર્વે પોળની શેરી તરીકે પ્રચલિત હતી. તેમાં શાંતિનાથનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. સ્થાનિક લોકો આને સો વર્ષ પહેલાંનું ગણે છે. પ્રવેશદ્વારે બે હાથીની વચ્ચે શિખર જેવું બનાવી તેમાં નાની પ્રતિમાના શિલ્પો ગોઠવીને કરેલી રચના છે. પ્રવેશદ્વારના કોતરણીયુક્ત સ્થંભ પર સિંહાકૃતિ અને મગરમુખી તોરણ છે.

રંગમંડપ નાનો છે. થાંભલાને જોડતાં તોરણો છે. રંગમંડપની જમણી દીવાલ ઉપર બત્રીસ વિજયાના ૧૬૦ કલ્યાણકોનો પટ તથા પાંચ ભરતક્ષેત્રના ચોવીસ એમ ૧૨૦ તીર્થંકરોનો પટ ચીતરેલ છે. ડાબી બાજુ ચાર શાશ્વતા, વીસ વિહરમાન અને સિદ્ધશિલા દર્શાવતો સં૰ ૧૯૬૦માં ચિત્રિત થયેલો પટ ઉપરાંત ત્રણેય ચોવીસીના તીર્થંકરો અને શત્રુંજયનો પટ છે.

અહીં ત્રણ ગર્ભદ્વાર છે. મૂળનાયક તરીકે શાંતિનાથની ૨૩" ઊંચાઈની પ્રતિમા બિરાજમાન છે. પ્રતિમાના મુખનો રંગ રતાશ પડતો પીળો છે. બાકીનો ભાગ શ્વેત છે. પ્રતિમા અલૌકિક તેજસંપન્ન છે. ડાબા ગભારે શાંતિનાથ તથા જમણા ગભારે મહાવીરસ્વામી બિરાજમાન છે. અહીં કુલ સાત આરસપ્રતિમા છે જે પૈકી બે કાઉસ્સગ્ગિયા છે. ઉપરાંત આરસની એક સાધુ મૂર્તિ છે. કુલ તેત્રીસ ધાતુપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

ખેતરવસીમાં શાંતિનાથના આ જિનાલયનો ઉલ્લેખ સૌ પ્રથમ સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મળે છે. ત્યારબાદ સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં, સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં તથા સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ સાતત્યપૂર્વક મળે છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ખેતરવસીના પાડામાં શાંતિનાથના કુલ બે જિનાલયો હતાં. બન્ને જિનાલયો ધાબાબંધી દર્શાવેલા છે. શાંતિનાથના એક જિનાલયમાં ચાર આરસપ્રતિમા તથા સાત ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલય બંધાયાની સં૰ ૧૮૫૬ દર્શાવેલી છે. જિનાલયની સ્થિતિ સારી દર્શાવી છે. તથા શાંતિનાથના અન્ય જિનાલયમાં સોળ આરસપ્રતિમા તથા પંચાવન ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં ખેતરવસીમાં આવેલી ગાંધી શેરીમાં શાંતિનાથના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ જિનાલયને ઘુમ્મટબંધી દર્શાવેલું છે. ત્યારે અગિયાર આરસપ્રતિમા અને સતાવન ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. વહીવટ જેસીંગલાલ ભગવાનદાસ ઝવેરી હસ્તક હતો.

આજે જિનાલયનો વહીવટ મુંબઈસ્થિત શ્રી વિનોદચંદ્ર હરીલાલ ઝવેરી, શ્રી રતીલાલ અંબાલાલ શાહ તથા શાંતિનાથની પોળમાં રહેતા શ્રી રમણિકભાઈ ત્રિકમલાલ શાહ હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય સં. ૧૭૭૭ પૂર્વેનું છે.

• • •

સંઘવીની શેરી, ખેતરવસી

વિમલનાથ (ઘરદેરાસર) (સં. ૧૯૬૩ પૂર્વે)

ખેતરવસી વિસ્તારમાં સંઘવીની શેરીમાં શ્રી વિમલનાથનું ધાબાબંધી ઘરદેરાસર આવેલું છે. તે જેસીંગભાઈ ડાહ્યાભાઈ સંઘવીનાં ઘરદેરાસર તરીકે જાણીતું છે.

ગર્ભગૃહની બારસાખ રાતા આરસની અને કોતરણીયુક્ત છે. તેની ઉપરના ભાગે પણ રંગીન કોતરણી છે. ઘરદેરાસરની દીવાલે શત્રુંજય મહાતીર્થનો પટ ચિત્રિત કરેલ છે.

અહીં ધાતુપ્રતિમા કુલ પાંચ છે. ૩" ઊંચાઈવાળી મૂળનાયક શ્રી વિમલનાથની પ્રતિમા પર નીચે પ્રમાણેનો લેખ છે :

"સંવત ૧૫૩૨ વૈશાખસુદિ ૧૦ શુક્રે શ્રી શ્રી વંશે શ્રી ડુંગર ભાર્યા હીરાદેપુત્ર શ્રે૰ વીરમ સુ૰ શ્રી ચક્રેણ ભાર્યા રાણી ભ્રાતૃ સારંગ પુત્ર શ્રે૰ કડુવાસહિતેન સ્વશ્રેયાર્થં શ્રી અચલગચ્છેશ શ્રી જયકેસરીસૂરિણામુપદેશેન શ્રી વિમલનાથ બિંબં કારિતં પ્રતિષ્ઠિતં સંઘેન લોલાડા ગ્રામે"

(લોલાડા શંખેશ્વર પાસે આવેલું ગામ છે.)

ઘરદેરાસરની મુલાકાત વખતે સંઘવી પરિવારના સભ્યો સ્થળ પર હાજર હતા અને તેઓએ આ દેરાસર વિશે નીચેની વાતો જણાવી હતી :

"સંઘવીની શેરીનું શ્રી મહાદેવા પાર્શ્વનાથનું મોટું જિનાલય વર્ષો પૂર્વે તેમના જ કુટુંબનું હતું. પરિવારના સભ્યો અન્ય સ્થળે વસ્યા અને વહીવટ મહોલ્લાને સોંપી દેવાયો. આ વહીવટ સોંપાયો તે વખતે જ તેઓએ આ ઘરદેરાસરનું નિર્માણ કર્યું. શ્રી મહાદેવા પાર્શ્વનાથના જિનાલયની ચાર પ્રતિમાઓ તથા એક સિદ્ધચક્ર યંત્રને આ ઘરદેરાસરમાં આણી, પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા. આશરે સો વર્ષ પૂર્વેની આ વાત છે. મૂળનાયક શ્રી વિમલનાથ આમાંના એક છે."

અન્ય વાત એ જણાવી કે -

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

"આ ઘરદેરાસરના નીચેના ભાગમાં એક કૂવો હતો અને તેમાં એક યક્ષનો વાસ હતો. દેરાસરમાં આવતી પરિણીત સ્ત્રીઓને તે યક્ષ હેરાન કરતો તેથી સ્ત્રીઓ અહીં આવી શકતી ન હતી. ત્રીસેક વર્ષ પૂર્વે જ પૂ. શ્રી મેરુપ્રભસૂરીશ્વરજી પાસે ધાર્મિક વિધિ કરાવ્યા બાદ હવે આમ થતું નથી."

ઐતિહાસિક સંદર્ભ

શ્રી મહાદેવા પાર્શ્વનાથનો ઉલ્લેખ **સં. ૧૯૫૯**માં પં. હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં મળે છે.

વિમલનાથના આ ઘરદેરાસરનો ઉલ્લેખ સૌ પ્રથમ **સં. ૧૯૬૩**માં મળે છે. તે સમયે આ ઘરદેરાસર માણેકચંદ જીવણદાસ પરિવારનું હતું. ત્યારે ઘરદેરાસરમાં પાંચ ધાતુપ્રતિમા હતી.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ ઘરદેરાસર સંઘવી ગીરધરલાલ ડાહ્યાભાઈ પરિવારનું હતું. ઘરદેરાસરમાં પાંચ ધાતુપ્રતિમા હતી. આજે પણ અહીં કુલ પાંચ ધાતુપ્રતિમા છે.

આજે આ ઘરદેરાસર જેશીંગભાઈ ડાહ્યાભાઈ સંઘવી તથા ગીરધરલાલ ડાહ્યાભાઈ સંઘવી પરિવારનું ગણાય છે.

ટૂંકમાં સંઘવી પરિવારનું આ ઘરદેરાસર **સં. ૧૯૬૩ પૂર્વે**નું છે.

• • •

મહાદેવાની શેરી, ખેતરવસી

મહાદેવા પાર્શ્વનાથ (સં. ૧૭૭૭ પૂર્વે)

ખેતરવસી વિસ્તારમાં મહાદેવની શેરીમાં શ્રી મહાદેવા પાર્શ્વનાથનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. જિનાલયની સ્થિતિ મધ્યમ કહી શકાય. જિનાલયમાં પ્રવેશતાં પ્રથમ ચોક આવે છે. જમણી બાજુએથી જિનાલયમાં જવાય.

રંગમંડપની ફરસ સુંદર ગાલીચા જેવા જણાતા માર્બલની છે. રંગમંડપના થાંભલા પથ્થરના છે અને રંગેલા છે. રંગમંડપની દીવાલો પર શત્રુંજય તથા ગિરનારના ઉપસાવેલ પટ છે જેનું ટીપકી ચોંટાડેલું રંગકામ સુંદર છે. અહીં મોટા અરીસાઓ લગાડેલા છે.

ગભારાને ત્રણ ગર્ભદ્વાર છે જેમાં મુખ્ય (વચ્ચે) ગર્ભદ્વાર પર સંવત ૧૯૯૩ શા. મોહનલાલ ઉત્તમચંદે બનાવરાવ્યું હોવાનું લખાણ છે. આજુબાજુનાં બન્ને દ્વાર પર સં. ૧૯૯૫માં બનાવરાવ્યું હોવાનું લખાણ છે. મૂળનાયક શ્રી મહાદેવા પાર્શ્વનાથને પરિકર કે લેખ નથી. ૨૧" ઊંચાઈ ધરાવતી આ પ્રતિમા કલાત્મક છત્રી નીચે બિરાજે છે. ડાબે ગભારે શ્યામ રંગની શ્રી નેમિનાથની તથા જમણે ગભારે શ્રી વાસુપૂજ્યની પ્રતિમા બિરાજે છે. ગભારામાં આરસપ્રતિમા પાંચ છે. ઉપરાંત આરસની એક દેવીની તથા ઓઘાવાળી અન્ય એક મૂર્તિ છે. અહીં ઓગણત્રીસ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધાતુપ્રતિમા છે જે પૈકી આદેશ્વરની ધાતુપ્રતિમા સપરિકર છે.

જિનાલયની બહારના ચોકમાં ખૂણામાં એક નાના ગોખમાં પગલાંની બે જોડ છે. એના પર નીચે મુજબનું લખાણ છે :

"સંવત ૧૮૯૨ પ્રવર્તમાને માસોત્તમ માસે શ્રાવણ માસે શુક્લ પક્ષે દ્વાદશા તીથૌ બુધવાસરે શ્રીમદ્ તપાગચ્છ વયરી શાખાયા સ્તવે સંવેગ પક્ષે પાદુકા કારાપિતં સકલ સંઘેન મુનિ શ્રી કીર્તિવિજયજીની પાદુકા, મુનિ માણિક્ય વિજયજીની પાદુકા "

વિમલનાથના ઘરદેરાસરના પરિવારજનોએ જણાવ્યા પ્રમાણે આ જિનાલય તેઓનું હતું અને સો વર્ષ પૂર્વે એટલે કે સં. ૧૯૫૫માં અહીંની ચાર ધાતુપ્રતિમા પોતાના ઘરદેરાસરમાં પધરાવવામાં આવી હતી.

ઐતિહાસિક સંદર્ભ

ખેતરવસીમાં મહાદેવા પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ સૌ પ્રથમ **સં. ૧૯૫૯**માં પં. હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં મળે છે :

संसाराપારવારાંનિધિગતજનતાતારણે યાનપાત્રમ્ ॥૩૨॥
ભક્ત્યાહં ક્ષેત્રવસ્યાં જિનપતિમભિતઃ **શ્રી મહાદેવપાર્શ્વં**,

જો કે **સં. ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **સૂરજીમાધવની પોળ**માં પાર્શ્વનાથના એક જિનાલયનો ઉલ્લેખ મળે છે :

પોલેં સૂરજી માધવ તણે રે, ષોષલીઓ પ્રભુ પાસ,
પ્રાસાદમેં પ્રભુ દીપતા રે, જુ રવિ કિરણ પ્રકાસ. ૧૦ સો.

ઉપર્યુક્ત ચૈત્યપરિપાટીમાં સૂરજીમાધવની પોળનો વિસ્તાર ખેતલવસહીની નજીક હોવાનું જણાય છે. સંભવ છે કે આ જિનાલય ત્યારબાદ મહાદેવા પાર્શ્વનાથથી પ્રચલિત બન્યું હોય. સૂરજીમાધવની પોળમાં માધવ શબ્દ અને મહાદેવા શબ્દ એ બન્ને વચ્ચેનો સંબંધ હોઈ શકે ?

સં. ૧૯૫૯માં પં. હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં તથા **સં. ૧૯૬૩**માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં મહાદેવા પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે. **સં. ૧૯૬૩**માં આ જિનાલય **શિખર વિનાનું** છે તેવું દર્શાવ્યું છે. ત્યારે છ આરસપ્રતિમા તથા ત્રીસ ધાતુપ્રતિમા હતી. ઉપરાંત પગલાંની બે જોડ પણ હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ ખેતરવસીમાં મહાદેવની શેરીમાં ધાબાબંધી તરીકે થયેલો છે. ત્યારે પાંચ આરસપ્રતિમા અને ચોત્રીસ ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. વહીવટ શાહ હિંમતલાલ હરચંદ હસ્તક હતો.

આજે જિનાલયનો વહીવટ ખેતરવસીમાં જ રહેતાં શ્રી જિતુભાઈ ચંદુલાલ શાહ તથા શ્રી કીર્તિભાઈ વાલચંદ શાહ અને શાંતિનાથની પોળમાં રહેતા શ્રી રમણિકભાઈ ત્રિકમલાલ શાહ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હસ્તક છે.

ટૂંકમાં અમારી માન્યતા પ્રમાણે આ જિનાલય સં. ૧૭૭૭ પૂર્વેનું હોવાનો સંભવ છે. જો કે આ અંગે વધુ સંશોધનની જરૂર છે.

• • •

શામળાજીની શેરી, ખેતરવસી

શામળા પાર્શ્વનાથ (સં. ૧૫૭૬ પૂર્વે)

ખેતરવસીમાં હાલ શામળાજીની શેરી તરીકે ઓળખાતી શેરી અગાઉ નિશાળની શેરી નામથી પ્રચલિત હતી.

શામળાજીની શેરીમાં પ્રવેશતાં જમણી બાજુ આસમાની રંગનું વિવિધ, સુંદર શિલ્પાકૃતિ- યુક્ત બે મજલાનું, ઘુમ્મટબંધી જિનાલય નજરે ચડે છે. જિનાલય બહારથી ઘણું સુંદર અને અનુપમ લાગે છે. પાટણમાં આ જિનાલયની રચના તદ્દન અલગ પ્રકારની છે.

જિનાલયમાં પ્રવેશતાં સામે જ ભોંયરામાં ઊતરવાના દાદર નજરે પડે છે. તેની આજુ-બાજુ પગથિયાંની રચના છે. ભોંયરાના પ્રવેશદ્વારની દીવાલો પર સુંદર શિલ્પકામ તથા કમાનોની કોતરણી છે. અહીં ગભારામાં મૂળનાયક શ્રી શામળા પાર્શ્વનાથની શ્યામલ મૂર્તિ બિરાજે છે.

ભોંયરાની આજુબાજુ પગથિયાંની રચના છે જે ભોંયરાના રંગમંડપની બરાબર ઉપર લઈ જાય છે. આ પગથિયાંની પાસે ડાબી બાજુ નાના રંગમંડપયુક્ત એક ગભારામાં મૂળનાયક શ્રી આદેશ્વરની ધાતુપ્રતિમા બિરાજે છે.

પગથિયાં ચડતાં ડાબી બાજુ એક બીજો રંગમંડપયુક્ત ગભારો નજરે ચડે છે. આ ગભારામાં પણ શ્રી આદેશ્વરની ધાતુપ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. આ ગભારાની બાજુમાં જ અન્ય એક ગભારામાં મૂળનાયક શ્રી અજિતનાથ છે.

આમ અહીં ચાર ગભારા છે. ૧. શામળા પાર્શ્વનાથ (ભોંયરામાં), ૨. આદેશ્વર (જિનાલયમાં પ્રવેશતાં, ડાબી બાજુના ઉપર ચડવાનાં પગથિયાં પાસે), ૩. આદેશ્વર (ઉપરના માળે પ્રવેશતાં સન્મુખ આવતો ગભારો) અને ૪. અજિતનાથ (ઉપરના માળે આદેશ્વરના ગભારાની બાજુનો ગભારો)

જિનાલયનો બાહ્ય દેખાવ :

જિનાલયમાં પ્રવેશવા માટેના દ્વાર પાસે બન્ને બાજુ અંબાડીયુક્ત હાથીની રચના છે. તેની ઉપરનું સુંદર રંગકામ દર્શનાર્થીનું ધ્યાન ખેંચ્યા વગર રહેતું નથી. અહીં દીવાલો પર મૃગ, ગજ તથા ખૂણામાં સિંહાકૃતિઓની રંગકામયુક્ત રચનાઓ છે. વચ્ચે નાના નાના સુંદર ટોડલા છે. ઉપર અગાશી જેવી રચના છે. આવી રચના જોતાં અગાશી પાસે રંગમંડપ અથવા ગભારો હોઈ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શકે તેવી કલ્પના સહેજે પણ થાય ! જ્યારે આ અગાશીની બરાબર સામેની બાજુએ ભોંયરાની ઉપરના માળવાળાં જિનાલયો આવે છે.

લોખંડની જાળીયુક્ત દરવાજો પસાર કરીએ એટલે જિનાલયમાં જવાનું દ્વાર આવે છે. જિનાલયનું રંગકામ જોતાં જિનાલયનો જીર્ણોદ્ધાર થયાનો ખ્યાલ આવે છે. જિનાલયનો જીર્ણોદ્ધાર સં૰ ૨૦૨૬માં થયેલ છે.

૧. શામળા પાર્શ્વનાથ :

જિનાલયમાં પ્રવેશતાં સામે ભોંયરું નજરે પડે છે. પ્રવેશદ્વારની બારસાખને આવરી લેતી સુંદર કોતરણીવાળી આરસની મગરમુખી રંગીન કમાનો, દેવીશિલ્પો, ઇન્દ્રો તથા પાર્શ્વનાથ ભગવાનની શિલ્પાકૃતિ આકર્ષક છે. (જુઓ ફોટોગ્રાફ નં૰ ૨૦)

પગથિયાં ઊતરી ભોંયરાના રંગમંડપમાં પ્રવેશી શકાય છે. રંગમંડપ મોટો છે. આરસની ફરસ છે. પ્લાસ્ટર ઑફ પેરીસની રંગીન છત છે. છતને ફરતે દીવાલો પર થર્મોકોલના સુંદર કટિંગ્સમાં રંગીન આભલા ચોંટાડેલાં છે.

રંગમંડપમાં એક ગોખમાં પાર્શ્વયક્ષની અને તેની સામેના ગોખમાં પદ્માવતીદેવીની મનોહર આરસમૂર્તિઓ છે. અન્ય એક ગોખમાં એક આરસપ્રતિમા છે. રંગમંડપમાં દીવાલ પર ભગવાન મહાવીર અને ચંડકૌશિક નાગના ઉપસર્ગનો ફોટો છે.

ત્રણ ગર્ભદ્વારયુક્ત આ ગભારામાં શ્રી શામળા પાર્શ્વનાથની ૩૭" ઊંચાઈવાળી પરિકરયુક્ત શ્યામલ પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. જાણે પ્રભુજી અમીભરી નજરે સ્મિત સાથે આપણી તરફ જોઈ મલકાતાં ન હોય ! સં૰ ૨૦૨૬માં જ મૂળનાયક પ્રતિમા તથા આજુબાજુના બીજા બે કાઉસ્સગ્ગિયા પ્રતિમાઓને લેપ થયેલો હોવાથી પ્રતિમા હાલમાં જ બન્યા હોય તેવા નવીન ભાસે છે. અહીં કુલ આઠ આરસપ્રતિમા છે જે પૈકી બે કાઉસ્સગ્ગિયા છે. એક ધાતુપ્રતિમા છે. જમણે ગભારે નેમિનાથ તથા ડાબે ગભારે આદેશ્વરની સપરિકરયુક્ત પ્રતિમાઓ બિરાજે છે. શ્રી શામળા પાર્શ્વનાથની વર્ષગાંઠ શ્રાવણ સુદ નોમના દિવસે આવે છે.

૨. આદેશ્વર :

અગાઉ જણાવ્યા મુજબ જિનાલયમાં પ્રવેશતાં, ભોંયરા પાસે ડાબી બાજુનાં પગથિયાં પાસે રંગમંડપ સાથેનો શ્રી આદેશ્વરનો ગભારો છે.

રંગમંડપ નાનો છે. રંગમંડપના ઘુમ્મટમાં આછા-ઘેરા રંગથી રંગકામ કરેલું છે. અહીં પણ ભીંત પર થર્મોકોલના દીપક તથા અષ્ટમંગલ વગેરે લગાડેલ છે.

ગભારામાં શ્રી આદેશ્વર ભગવાનની ૩" ઊંચાઈ ધરાવતી પંચતીર્થી ધાતુપ્રતિમા બિરાજે છે. તેના પર નીચે મુજબનો મૂર્તિલેખ છે :

"સંવત ૧૫૫૮ વર્ષે મહા સુદ ૬ શુક્રવાસરે પરી૰ શિવા પરી૰ રતના પરી૰ વિદ્યાધર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમસ્ત કુટુંબે શ્રી આદિનાથ બિંબ કારિતં ।"

ગભારામાં કુલ વીસ ધાતુપ્રતિમા છે. ઉપરાંત જમણી બાજુ ચાંદીના સિંહાસનમાં બિરાજિત મહામાયામાતાજીની ધાતુમૂર્તિ છે. અહીં એક જ ધાતુ યંત્રમાં વીસ વિહરમાન, ત્રણ ચોવીશી, નવપદ, શાશ્વતા પ્રતિમા, સિદ્ધશિલા તથા પંચપરમેષ્ટિ છે. તેના પર સં૰ ૧૬૦૮નો લેખ છે. અહીં શ્રાવણ વદ પાંચમના દિને ધજા ચડે છે.

૩. આદેશ્વર :

ઉપરના માળે ડાબી બાજુથી રંગમંડપમાં પ્રવેશી શકાય છે. અહીં પ્રવેશચોકીમાં દીવાલે રૈવતગિરિ અર્થાત્ ગિરનારનો આરસનો રંગીન પટ છે.

રંગમંડપમાં પ્રવેશતાં, મૂળનાયકની જમણી બાજુ ઘુમ્મટબંધી ત્રણ દેરીઓમાં આરસની ગુરુમૂર્તિઓ બિરાજે છે. તે મૂર્તિની નીચે તે-તે ગુરુજીની પાદુકા પણ પ્રતિષ્ઠિત કરેલ છે. આ દેરીઓમાં મધ્યે શ્રી રૂપવિજયજી મહારાજ સાહેબની ગુરુમૂર્તિ છે. આ પ્રતિમામાં જ બન્ને બાજુ નમસ્કાર મુદ્રામાં નાની નાની ગુરુમૂર્તિઓ છે જે પૈકી જમણી બાજુની મૂર્તિ નીચે પન્યાસ શ્રી અમીવિજયજી તથા ડાબી બાજુની મૂર્તિની નીચે પન્યાસ શ્રી સૌભાગ્યવિજયજી લખેલ છે.

શ્રી રૂપવિજયજી મહારાજ સાહેબની જમણી બાજુની દેરીમાં પન્યાસ રત્નવિજયજી મહારાજ સાહેબની મૂર્તિ બિરાજે છે. આ મૂર્તિની નીચેની બાજુ નમસ્કારમુદ્રામાં બે નાની નાની ગુરુમૂર્તિ છે.

શ્રી રૂપવિજયજી મહારાજ સાહેબની ડાબી બાજુની દેરીમાં પન્યાસ મોહનવિજયજી મહારાજ સાહેબની મૂર્તિ છે. અહીં પણ પ્રતિમામાં નીચે ડાબી બાજુ મુનિ વિમલવિજયજી તથા જમણી બાજુ શ્રી ધર્મવિજયગણિની નમસ્કાર મુદ્રાવાળી નાની મૂર્તિ છે.

આ દેરીઓમાં બિરાજમાન ગુરુમૂર્તિ તથા પાદુકાની સ્થાપના પાટણના દશા શ્રીમાલી જ્ઞાતિના શાહ લલ્લુચંદ નથુચંદે સં૰ ૧૯૭૧માં મહા વદ ૭ને શનિવારે કરેલ છે. તે અંગેનો લેખ દરેક પાદુકા તથા ગુરુમૂર્તિ પર છે. પ્રતિષ્ઠા શ્રી ધર્મવિજયગણિ મહારાજની નિશ્રામાં થયેલ છે.

આદેશ્વરના ગભારાની દીવાલે ડાબી બાજુ એક લેખ છે. તે મુજબ અહીં શેઠ નથમલજી આણંદજીએ પોતાનું ઘરદેરાસર અહીં પધરાવેલ છે. તે લેખ નીચે મુજબનો છે :

"શેઠ નથમલજી આણંદજીના ગૃહદેરાસરમાંની શ્રી ઋષભદેવ આદી ધાતુની પ્રતિમાઓ પ્રતિષ્ઠા કરાવેલ છે. સં૰ ૨૦૧૪ના જેઠ સુદ ત્રીજ ને બુધવાર"

આ લેખની બાજુની દીવાલ પર જ એક બીજો લેખ છે. તે નીચે મુજબનો છે :

"ૐ અર્હં નમઃ ॥ શ્રી શામલા પાર્શ્વનાથાય નમઃ ॥

પૂજ્ય આચાર્ય શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ તથા પૂ૰ ઉપા૰ શ્રી ભુવનવિજયજી મહારાજ શ્રી આદિ મુનિવરોની શુભ નિશ્રામાં મહોત્સવ સં૰ ૨૦૨૬ના વૈશાખ સુદ ૧૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રવિવાસરે શ્રી નાનાલાલ ડી. પટ્ટણીએ તેમના માતુશ્રી જીણીબહેનના શ્રેયાર્થે શ્રી ચંદ્રપ્રભસ્વામીના તથા સ્વશ્રેયાર્થે મહાવીરસ્વામીનાં જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવેલ છે. શ્રી શીતલનાથસ્વામીના જિનબિંબની પ્રતિષ્ઠા નિર્મલાબહેન જયંતિલાલ શાહે તથા શાંતિનાથસ્વામીના જિનબિંબની પ્રતિષ્ઠા સ્વ૰ શ્રી ગીરધરલાલ હેમચંદ્રના સ્વશ્રેયાર્થે તેમના ધર્મપત્ની હીરાબેન ગીરધરલાલ શાહે કરાવેલ છે. શુભં ભવતુ શ્રી સકલ સંઘસ્ય ।''

ગભારામાં બિરાજમાન મૂળનાયક શ્રી આદેશ્વરની ૯'' ઊંચાઈ ધરાવતી પંચતીર્થી ધાતુપ્રતિમા છે. તેના પર 'સં૰ ૧૫૮૭ વૈશાખ વદિ ૭ સોમવાર .. આદિનાથ..' — એ મુજબનું લખાણ વાંચી શકાય છે. મૂળનાયક પ્રતિમા તથા પરિકર બન્ને જુદા છે. ગભારામાં કુલ આઠ ધાતુપ્રતિમા છે જે પૈકી એક ચૌમુખજી છે. આ ચૌમુખજી પર શિખરની રચના છે. ચૌમુખજી અને શિખર બન્નેના ભાગ જુદા છે. તેના પર 'સં૰ ૧૫૦૬ વૈ૰ સુ૰ ૫ ગુરૌ ખરતરગચ્છ શ્રી જિનસાગરસૂરિ' વાંચી શકાય છે. ઉપરાંત ગભારામાં સં૰ ૨૦૧૪માં શેઠ નથમલજી આણંદજીએ ગોત્રજ માટે પધરાવેલ ચક્રેશ્વરીદેવીની મૂર્તિ છે. મૂળનાયક પર શ્રાવણ વદ પાંચમે ધજા ચડે છે.

૪. અજિતનાથ :

આદેશ્વરના ગભારાની બાજુમાં અજિતનાથનો ગભારો આવેલો છે.

રંગમંડપમાં પં૰ શ્રી ધર્મવિજયજી મ૰ સા૰નો મોટો ફોટો દીવાલે ટીંગાડેલો છે. અહીં પણ દીવાલે થર્મોકોલના કટિંગવાળી મોર તથા કેરી આકારની સુંદર રચના છે. રંગમંડપ સાદો છે.

ગભારામાં મૂળનાયક અજિતનાથની પ્રતિમા ૨૧'' ઊંચાઈ ધરાવે છે. કુલ ત્રણ આરસપ્રતિમા અને તેત્રીસ ધાતુપ્રતિમા છે. શ્રાવણ વદ પાંચમના દિવસે ધજા ચડે છે.

ઐતિહાસિક સંદર્ભ

શામળા પાર્શ્વનાથના આ જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૰ ૧૫૭૬**માં સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મળે છે. ત્યારબાદ **સં૰ ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં ખેતલવસહીમાં આ જિનાલય પાર્શ્વનાથ તરીકે ઓળખાતું દર્શાવ્યું છે. **સં૰ ૧૬૪૮**માં લલિતપ્રભ-સૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં પણ ખેતલવસહીમાં પાર્શ્વનાથનું જિનાલય હોવાની નોંધ આવે છે. **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં ખેતલવસહીમાં શામળા પાર્શ્વનાથનું જિનાલય હોવાનો ઉલ્લેખ છે. જ્યારે **સં૰ ૧૭૭૭**માં લાધાશાહે સ્વરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં ખેતલવસહીમાં ખેતલો પાર્શ્વનાથ હોવાનો ઉલ્લેખ કર્યો છે. ખેતલવસહી વિસ્તારમાં હોવાને કારણે કેટલાક આને ખેતલો પાર્શ્વનાથ નામે ઓળખતા હોવાનો સંભવ શક્ય છે. **સં૰ ૧૮૨૧**માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં ખેતલવસહીમાં પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ આવે છે. ત્યારબાદ **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં શામળા પાર્શ્વનાથ, આદેશ્વર તથા અજિતનાથના સંયુક્ત જિનાલયનો ઉલ્લેખ મળે છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયને ધાબાબંધી દર્શાવેલું છે. ત્યારે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બાર આરસપ્રતિમા અને અડતાળીસ ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. ઉપરાંત **સં૰ ૧૯૬૩**માં આ વિસ્તારમાં ઉજમચંદ મોતીચંદનું આદેશ્વરનું એક ઘરદેરાસર અલગ બતાવવામાં આવ્યું હતું. તેનો સમય સં૰ ૧૯૨૫ દર્શાવવામાં આવ્યો હતો. નવ ધાતુપ્રતિમા હતી. અન્ય એક, નથમલજી આણંદજીના આદેશ્વરના ઘરદેરાસરમાં સાત ધાતુપ્રતિમા હતી.

સં૰ ૧૯૬૭માં ખેતરવસીના પાડામાં શામળા પાર્શ્વનાથ, અજિતનાથ તથા આદેશ્વરનું સંયુક્ત જિનાલય દર્શાવવામાં આવ્યું છે. ઉપરાંત શાહ નથમલજી આણંદજીના આદેશ્વરના એક ઘરદેરાસરને પણ અલગ દર્શાવવામાં આવ્યું છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં શામળા પાર્શ્વનાથના આ જિનાલયને ભોંયરામાં દર્શાવવામાં આવ્યું છે. ત્યારે આઠ આરસપ્રતિમા તથા સાત ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયમાં ત્રણ ગુરુમૂર્તિઓનો પણ ઉલ્લેખ થયેલો છે. વહીવટ શાહ મોતીલાલ લાલચંદ હસ્તક હતો. ઉપરાંત સંયુક્ત હોવા છતાં આદેશ્વર તથા અજિતનાથના જિનાલયોનો અલગ ઉલ્લેખ થયો છે. આદેશ્વરના જિનાલયમાં નવ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. અજિતનાથના ગભારામાં ત્રણ આરસપ્રતિમા અને તેત્રીસ ધાતુપ્રતિમા હોવાનો ઉલ્લેખ થયો હતો. ઉપરાંત શેઠ નથમલજી આણંદજીના ઘરદેરાસરને તે સમયે અલગ દર્શાવવામાં આવ્યું હતું. ત્યારબાદ સં૰ ૨૦૧૪માં આ ઘરદેરાસર શામળા પાર્શ્વનાથના જિનાલયમાં પધરાવી દેવામાં આવ્યું છે.

આજે મૂળનાયક શામળા પાર્શ્વનાથ ભોંયરામાં બિરાજે છે. ઉપરના માળે અજિતનાથનો ગભારો તથા શાહ નથમલજી આણંદજીએ પધરાવેલ આદેશ્વરના ઘરદેરાસરનો અલગ ગભારો છે. અગાઉ જણાવ્યા મુજબ ત્રણ ગુરુમૂર્તિઓ છે. ઉપરાંત આદેશ્વરનો એક અલગ ગભારો છે.

આજે જિનાલયનો વહીવટ ખેતરવસીમાં રહેતા શ્રી રમણિકભાઈ મોતીલાલ શાહ તથા મુંબઈનિવાસી શ્રી પ્રમોદભાઈ મણિલાલ શાહ, શ્રી વિજયકુમાર હરસુખલાલ શાહ અને શ્રી મહેન્દ્રભાઈ હીરાલાલ શાહ હસ્તક છે.

ટૂંકમાં શામળા પાર્શ્વનાથનું આ જિનાલય **સં૰ ૧૫૭૬ પૂર્વે**નું છે. આજે ઉપરના માળે બિરાજમાન અજિતનાથનો સૌ પ્રથમ ઉલ્લેખ સં૰ ૧૯૫૯માં મળે છે. એટલે કે તે જિનાલય સં૰ **૧૯૫૯ પૂર્વે**નું છે. જ્યારે અજિતનાથની બાજુના ગભારામાં બિરાજમાન આદેશ્વરનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૰ ૧૯૬૩**માં શેઠ નથમલજીના ઘરદેરાસર તરીકે થયેલો છે. પરંતુ આદેશ્વરનું આ ઘરદેરાસર **સં૰ ૨૦૧૪**માં આ જિનાલયમાં સમાવિષ્ટ કરવામાં આવ્યું છે. તથા ભોંયરા પાસે આવેલા ગભારામાં બિરાજમાન આદેશ્વરનો સૌ પ્રથમ ઉલ્લેખ સં૰ ૧૯૫૯માં મળે છે. તેથી તે **સં૰ ૧૯૫૯ પૂર્વે**નું છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સિદ્ધચક્રની પોળ(બ્રાહ્મણવાડો), ખેતરવસી

શાંતિનાથ (સં૰ ૧૮૨૧ પૂર્વે)

ખેતરવસી વિસ્તારના બ્રાહ્મણવાડામાંની સિદ્ધચક્રની પોળમાં પ્રવેશતાં ડાબી બાજુ શ્રી શાંતિનાથનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. શૃંગારચોકીમાં પથ્થર પર સામાન્ય કોતરણી છે પણ રંગકામ સુંદર થયેલું છે.

જિનાલયમાં પ્રવેશતાં જ કલાત્મક રંગમંડપ નજરે પડે છે. રંગમંડપમાં સ્થંભો કમાનોથી જોડાયેલા છે. કુલ સાત કલાત્મક તોરણો છે. દરેક સ્થંભ પર મોટી સુંદર પૂતળી છે. રંગમંડપનો ઘુમ્મટ પણ સુંદર કલાત્મક પૂતળીઓવાળો છે. પાટણનું આ જિનાલય આથી જ, સાત તોરણવાળા જિનાલય તરીકે ઓળખાય છે.

પ્રવેશતાં જ ડાબી બાજુના ગોખમાં શ્યામ આરસની ગરુડ યક્ષની અને જમણી બાજુના ગોખમાં નિર્વાણીદેવીની મૂર્તિ છે. રંગમંડપમાં જમણી ડાબી દીવાલે શત્રુંજય અને ગિરનારના ઉપસાવેલા પટ છે જેમાં સુવર્ણ રંગનો ઉપયોગ થયો હોવાથી સુંદર દીસે છે. રંગમંડપની આરસની ફરસની ડિઝાઈન સુંદર છે.

ગભારાને ત્રણ દ્વાર છે જેની કોતરણી સુંદર છે. બારસાખે દર્શનીય પ્રતિમાને સ્થાને ગણેશજી છે. તેની ઉપર નાના હાથી છે. બારસાખે હાથીનાં શિલ્પો, ચૌદ સ્વપ્નો તથા અષ્ટમંગલ છે. અને તેની ઉપર શિખર ઉપસાવેલાં છે. આના રંગકામમાં પણ સુવર્ણ રંગ વપરાયો હોવાથી તે અતિ ભવ્ય ભાસે છે.

ગભારામાં મૂળનાયક શ્રી શાંતિનાથની ૧૭" ઊંચાઈવાળી પરિકર સાથેની પ્રતિમા આરસની તોરણવાળી છત્રીમાં સોહે છે. જમણે ગભારે શ્રી અભિનંદનસ્વામીની ૧૧" ઊંચાઈની અને ડાબે ગભારે શ્રી આદેશ્વરની ૧૫" ઊંચાઈની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ સાત આરસપ્રતિમા અને અગિયાર ધાતુપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ખેતલવસહી** વિસ્તાર સાથે ચૈત્યપરિપાટીકાર **બંભણવાડો** વિસ્તારનું વર્ણન કરે છે. તે વિસ્તારમાં છ ઘરદેરાસરો ઉપરાંત મહાવીરસ્વામી તથા શાંતિનાથનું જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે.

ત્યારબાદ બંભણવાડા વિસ્તારનો ઉલ્લેખ **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં કે **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં પ્રાપ્ત થતો નથી. **સં૰ ૧૮૨૧**માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં ખેતલવસહી **તથા બાંમણવાડો** – એમ બન્ને વિસ્તારોમાં જિનાલયો દર્શાવ્યા છે.

ત્યારબાદ **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બામણવાડામાં, સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં **ખેતલવસીનો પાડો** વિસ્તારમાં, સં૰ ૧૯૬૭માં, સં૰ ૧૯૮૨માં, સં૰ ૨૦૦૮માં તથા સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં **બ્રાહ્મણવાડા** વિસ્તારમાં શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં **ખેતરવસીના પાડામાં** શાંતિનાથના કુલ બે જિનાલયો હતાં. બન્ને જિનાલયો ધાબાબંધી દર્શાવેલા છે. શાંતિનાથના એક જિનાલયમાં ચાર આરસપ્રતિમા તથા સાત ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલય બંધાયાની સં૰ ૧૮૫૬ દર્શાવેલી છે. જિનાલયની સ્થિતિ સારી દર્શાવી છે. તથા શાંતિનાથના અન્ય જિનાલયમાં સોળ આરસપ્રતિમા તથા પંચાવન ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં **બ્રાહ્મણવાડા** વિસ્તારમાં આવેલું શાંતિનાથનું આ જિનાલય ધાબાબંધી દર્શાવ્યું હતું. જિનાલયમાં ચાર આરસપ્રતિમા તથા નવ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી દર્શાવી હતી. તથા સાત તોરણવાળું જિનાલય તેવી નોંધ કરવામાં આવી હતી.

જિનાલય સાત તોરણવાળું જિનાલય તરીકે પ્રચલિત છે. આજે જિનાલયમાં કુલ સાત આરસપ્રતિમા તથા અગિયાર ધાતુપ્રતિમા છે. જિનાલયનો વહીવટ મુંબઈસ્થિત શ્રી વિનોદચંદ્ર હરીલાલ ઝવેરી, શ્રી રતીલાલ અંબાલાલ શાહ તથા શાંતિનાથની પોળમાં રહેતા શ્રી રમણિકભાઈ ત્રિકમલાલ શાહ હસ્તક છે.

અમારી માન્યતા પ્રમાણે આ જિનાલય સં૰ ૧૮૨૧ પૂર્વેના સમયનું છે. સં૰ ૧૬૪૮ પૂર્વેનો સમય નક્કી કરવા માટે વધુ સંશોધન તથા પુરાવાઓની જરૂર છે.

• • •

કનાશાનો પાડો

કનાશાનો પાડો વિસ્તાર પ્રાચીન સમયથી પ્રચલિત છે. પૂર્વે આ વિસ્તાર સાહકરણાનો પાડો, કરણાસાહાનો પાડો, કરણાનો પાડો, કરણાસાહની પોળ, કનાશાહનો પાડો એવા નામના થોડા ફેરફાર સાથે ઓળખાતો. આજે તે **કનાશાનો પાડો** એવા નામથી પ્રચલિત છે.

સં૰ ૧૫૭૬માં સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં શીતલનાથનું એક જિનાલય **સાહકરણાના પાડા**માં વિદ્યમાન હતું :

> **પાડઈ સાહકરણા** તણઇ એ, **સીતલનાથ** જુહારિ ત,
> અતિ મૂરતિ રલીયામણી એ, હરષ ન હીયડઇ માઇ ત.

સં૰ ૧૬૧૩માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ વિસ્તારમાં શીતલનાથનું જિનાલય ઉપરાંત બે ઘરદેરાસરો – સંભવનાથ (સાહા મનજીના ઘરે), સુમતિનાથ (શેઠ પાતાના ઘરે) – એમ કુલ ત્રણ જિનાલયોનો ઉલ્લેખ મળે છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાડઈ સાહાકરણાનઈ, કરિસિઉં સેવા **શીતલનઈ**. ૬૧

ત્રેવીસ પ્રતિમા પૂજીજઈ **સાહા મનજી ઘરિ**,
અભિનવ રત્નમઈ બિંબ **સંભવ**. ૬૨

પ્રતિમા આઠ તિહાં વંદુ, મુખ સોહિ પૂનમ ચંદુ,
દેહરાસુર જગરંજન, જોતાં દરીય નિકંદન. ૬૩

સેઠ પાતા ઘરિ **સુમતિ**, દેહરાસુર વારુ જુગતિ,
પ્રતિમા પાંચ તિહાં જુગપતિ, દાંત તણી તિહાં વતપતિ. ૬૪

દાડિમ બાજઈ પૂતલી યંત્ર કલઈ,
ધજ લહિકઈ, સુગંધ વસ્તુ મહિ મહિકઈ. ૬૫

સં. ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **કરણાસાહનો પાડો** વિસ્તારમાં **શીતલનાથ**ના જિનાલય ઉપરાંત આઠ ઘરદેરાસરો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે :

કરણા સાહા પાટકિ અછઈ એ । **શીતલ** જિનવર દેવ તુ ।
પેષિલા ઊલટ અતિ ઘણઈ એ । સતસઠિ જિનવર સેવ તુ ॥૧૩॥

પૂજીજઈ શીતલ સુંદરૂ એ । સુંદરમુખ જીસીઉ ચંદ તુ ।
તે જિં દીપઈ દિનકરૂ એ ॥આંકણી॥

દોસી વીર દેહરાસરૂ એ । **શ્રેયાંસ** જિનવર સાર તુ ।
તેર પ્રતિમા અવર નમું એ-ભેટૂં શેત્રૂંજ-અવતાર તુ ॥૧૪॥પૂ૦॥

દોસી વીરપાલ ઘરિ ભણઉં એ । **ઋષભ** દયાલ જિનદેવ તુ ।
બિંબ અઢાર અરચીઈ એ । **મહિતા સમરથ ઘરિ** હેવ તુ ॥૧૫॥પૂ૦॥

તિહાં નમું **વામાનંદનૂ** એ । સતર બિંબ વલી જુહારિ તુ ।
હરિચંદ ઘરિ કુંથુ જિણેસરૂ એ । સાત પડિમા મનોહારિ તુ ॥૧૬॥પૂ૦॥

સહા ધર્મસી દેહરાસરિ થુણું એ । **ચંદ્રપ્રભા** જિનવર સ્વામિ તુ ।
સતાલીસ પડિમા વંદીઈ એ । **શવજી સંઘવી** ઠામિ તુ ॥૧૭॥પૂ૦॥

શિવાદેવી નંદન ચરચીઈ એ । પડિમા ચૌદ ઉદાર તુ ।
રયણમય પડિમા ચ્યારિ ભણીઈ એ । તેજતણઉ નહી પાર તુ ॥૧૮॥પૂ૦॥

પારષિ સારંગ શાંતિજિનૂ એ । અઠતાલીસ બિંબ જ હોઈ તુ ।
સહા કમા ઘરિ આવીઈ એ । **શાંતિ જિણેસર** જોઈ તુ ॥૧૯॥પૂ૦॥

સતાલીસ પડિમા જુહારીઈ એ । પટ બિ તિહાં વિચારિ તુ ।
રયણમય પડિમા ચ્યારિ કહી એ । રૂપ્પમય એક જ સાર તુ ॥૨૦॥પૂ૦॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **કરણે** એવા ટૂંકા નામ સાથે બે જિનાલયો તથા એક ઘરદેરાસરનો ઉલ્લેખ થયેલો છે :

કરણે શીતલજિન જયકારી, પ્રતિમા સત નવસો તિહાં સારી ।
જનમન મોહનગારી તો ॥ જયો૰ જયો૰ ॥૪॥

બિંબ સતરસુ **શાંતિ** સોહાવે, **બીજે દેહરે** મુજ મન ભાવે ।
દરિસણથી દુખ જાય તો ॥ જયો૰ જયો૰ ॥૫॥

દેહરાસર તિહાં દેહરા સરખું, પાંત્રીસ પ્રતિમા તિહાંકણ નિરખું ।
દેખી મુઝ મન હરખ્યું તો ॥ જયો૰ જયો૰ ॥૬॥

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં શીતલનાથ તથા શાંતિનાથ એમ બે જિનાલયો વિદ્યમાન હતાં :

પોલેં કરણાસાહનેં, સીતલ જિન સુખકાર,
બીજેં સાંતિ સોહામણાં, બિંબ રતનમય સાર. ભવિ૰ ૧૩ પા૰

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત શ્રી તીર્થમાલા **સ્તવનમાં કર્ણાસાની પોળ**માં કુલ ત્રણ જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ મળે છે :

કર્ણાસાની પોલમાં, સુંદર દેવલ દીઠ;
ત્રિણ મનોહર એક વલી, લીંબડી પાડેં ગરીઠ સં૰ ૧૨

સં૰ ૧૯૫૯માં પંડિત હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય **સ્તુતિમાં** પણ **કનાશાના પાડા**માં કુલ છ જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ મળે છે :

પ્રાસાદે નિર્ઝરેશાલયનિભકલકાંતૌ **કનાશાહ્વપાડે**,
નાના ચિત્રૈર્વિચિત્રૈર્હતજનહૃદયે કલ્પસૌંદર્યકલ્પે ।
તીર્થેશં **શાંતિનાથં સ્ફટિકમણિમયં** દિવ્યકાંત્યા સનાથં,
વંદે **શ્રી શીતલાખ્યં** ત્વહમહમિકયાહં જિનં દેવસેવ્યમ્ ॥૩૦॥

તત્રૈવાહમય પ્રણૌમિ જિનપં **શ્રી શાંતિનાથાભિધં**,
પ્રૌઢે જૈનનિકેતને સ્થિતમરં દેવેશસંપૂજિતમ્ ।
પાર્શ્વે તસ્ય નમામિ **નાભિતનયં** સંસારસંતારકં,
શ્રી વીરં ચ નમામિ ભક્તિભરતઃ કર્માગ્નિધારાધરમ્ ॥૩૧॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં **કનાશાના પાડા**માં કુલ દસ ઘરદેરાસરો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે : ૧. શા૰ નવલચંદ રતનચંદ, ૨. શા૰ ચુનીલાલ માનચંદ, ૩. શા૰ રતનચંદ જેઠાચંદ, ૪. શા૰ ન્યાલચંદ બહેરવદાસ, ૫. શા૰ ગહેલુચંદ રામચંદ, ૬. શા૰ નગીનદાસ લખમીચંદ, ૭. શા૰ ડાહ્યાચંદ જેઠા, ૮. શા૰ ભૂરા વખતચંદ, ૯. શા૰ નાનચંદ મણિલાલ અને ૧૦. પટવા દોલશા મગન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં. ૧૯૬૭માં **કનાશાના પાડા**માં ચાર જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે : ૧. શાંતિનાથ, ૨. શીતલનાથ, ૩. શાંતિનાથ, ૪. ચિંતામણિ પાર્શ્વનાથ (બાબુ પનાલાલના ઘરે).

સં. ૧૯૬૩-૬૭ દરમ્યાન ત્રણ જિનાલયો તથા અગિયાર ઘરદેરાસરો વિદ્યમાન હોવાના ઉલ્લેખો આ વિસ્તાર પાટણમાં જૈન શાસનનું એક મહત્વનું કેન્દ્ર બન્યો હોવાનું સૂચવે છે.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં **કનાશાના પાડા**માં નીચે મુજબ જિનાલયો વિદ્યમાન હતાં. ૧. શાંતિનાથ, ૨. શીતલનાથ, ૩. શાંતિનાથ-મહાવીરસ્વામી-આદેશ્વરનું સંયુક્ત જિનાલય, ૪. ચિંતામણિ પાર્શ્વનાથ (બાબુ પનાલાલનું ઘરદેરાસર), ૭. શાંતિનાથ (શાહ સરૂપચંદ ઘેલુચંદનું ઘરદેરાસર), ૬. સુવિધિનાથ (લક્ષ્મીચંદ મલુકચંદનું ઘરદેરાસર), ૮. વિમલનાથ (શાહ મગનલાલ ભુરાચંદનું ઘરદેરાસર) અને ૯. શાંતિનાથ (શાહ ભોગીલાલ કરમચંદનું ઘરદેરાસર).

ઉપર્યુક્ત જિનાલયો પૈકી શાંતિનાથ તથા શીતલનાથનું જિનાલય કનાશાના પાડામાં આંબલીની શેરીમાં દર્શાવ્યું છે. અન્ય જિનાલયોનો ઉલ્લેખ કનાશાનો પાડામાં મોટા દેરાસરની શેરીમાં થયેલો છે.

આજે કનાશાના પાડામાં આંબલીની શેરીમાં શાંતિનાથ તથા શીતલનાથનાં જિનાલયો તથા મોટા દેરાસરની શેરીમાં શાંતિનાથનું જિનાલય અને ચિંતામણિ પાર્શ્વનાથનું ઘરદેરાસર આવેલું છે.

• • •

કનાશાનો પાડો

શાંતિનાથ (સં. ૧૮૨૧ પૂર્વે)

કનાશાના પાડામાં પ્રવેશતાં જ જમણી બાજુએ એક ભવ્ય, ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. શાંતિનાથના મોટા દેરાસર તરીકે તે ઓળખાય છે અને તેથી શેરીનું નામ પણ મોટા દેરાસરની શેરી પડ્યું છે. જિનાલયનો બાહ્ય દેખાવ જ તેની પુરાણી જાહોજલાલી અને ભવ્યતાની ચાડી ખાય છે. જિનાલયનું પ્રવેશદ્વાર વર્ષો પૂર્વે જે ઉપયોગમાં લેવાતું હતું તે હવે વપરાશમાં નથી. આ દ્વારની આજુબાજુ સુંદર શિલ્પો છે. બે બાજુ બે યક્ષો, તેની ફરતે છ દેવીઓ અને તેની ઉપર બે બાજુ મોર અને છત ઉપર અષ્ટકોણીય, નાનકડો, સુંદર ઝરૂખો અને તેના પરનું પૂતળીઓ, પાન, ફૂલ, વેલ અને ફળનું સુભોશન મનોહર છે. ઝરૂખાની બન્ને બાજુ થાંભલા પર દ્વારપાળ તથા હથિયારધારી ચોકીદારનાં શિલ્પો છે. થાંભલાને જોડતું મગરમુખી તોરણ છે. ઉપર ફરતે થાંભલાવાળી પાળી છે જેના પર દ્વારપાળનું અને છેલ્લા બે થાંભલા પર સિંહનું શિલ્પ છે. (જુઓ ફોટોગ્રાફ નં. ૨૧ અને ૨૨)

હાલ જિનાલયમાં પોળની જમણી બાજુએથી પ્રવેશી શકાય છે. પ્રવેશદ્વારેથી જિનાલય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિહાળતાં "ઓહ ! કેવું ભવ્ય !" ઉદ્‌ગાર નીકળી જાય તેવી પથ્થરમાંની કોતરણી અને સુવર્ણ રંગ સહિત રંગકામ છે. ત્રણ ચોકીવાળા ત્રણ દ્વારના પ્રવેશદ્વારની શૃંગારચોકીના સ્થંભો ઉપરથી નીચે સુધી આખા સુંદર કોતરણીયુક્ત છે. આ સ્થંભ પર છેક નીચે ચારેબાજુ દેવીમૂર્તિઓ, તેની ઉપર ચારેબાજુ તાપસ-સાધુમૂર્તિઓ તથા તેના ખૂણામાં વિવિધ ભંગીઓમાં ચાર પૂતળીઓ તથા પૂતળીઓના મુખને અડીને જ ચારેબાજુ એક એક નૃત્યાંગનાનાં શિલ્પો, તેની ઉપર કોતરણી અને પછી ઉપર ચારેબાજુ નાના હાથીઓનાં શિલ્પો તથા થાંભલાને જોડતાં મગરમુખી તોરણો અને તેની ઉપર વિવિધ વાજિંત્રો સાથેની પૂતળીઓનાં શિલ્પો જોતાં આંખ ધરાતી જ નથી. જિનાલયના ધાબાની પાળી ઉપર ફરતે તાપસની બેઠેલી અને ઊભી મૂર્તિઓ અને પરીઓનાં શિલ્પો છે. પાળીના દરેક ખૂણે સિંહ છે. પાળી ઉપર થોડ થોડે અંતરે સુંદર કૂંડાં છે. આ બધું જિનાલયની શોભામાં ઓર વધારો કરે છે.

મુખ્ય પ્રવેશદ્વારના નીચેના ભાગમાં બે નાના હાથી તથા તેની ઉપર મહાવત અને અંબાડીમાં બેઠેલ શ્રેષ્ઠીનું શિલ્પ સુંદર છે. દ્વારના સ્થંભ અને તેની મગરમુખી કમાનો પણ કલાત્મક છે. તોરણ પર ઘોડેસવારી કરતી હથિયારધારી બે નારીશિલ્પો નાવીન્યસભર છે. તેની નીચે બે હાથી અને નાની પૂતળીઓનાં શિલ્પો છે. બે બાજુ અન્ય બે દ્વાર છે જેના ઉપર પણ દેવીમૂર્તિઓ, હાથી તથા મયૂરનાં શિલ્પો તથા મગરમુખી તોરણ છે.

જિનાલયમાં પ્રવેશતાં હાંડી ઝુમ્મરોથી શોભતો મોટો રંગમંડપ નજરે પડે છે. અહીં કોતરણીવાળા સ્થંભો અને તેની દીવાલ પર અનેક ચિત્રોનું આલેખન મન મોહી લે છે. સ્થંભ પર સુંદર આભૂષણો અને કેશભૂષાવાળી આઠ પૂતળીઓ સોહે છે. રંગમંડપમાં પ્રવેશતાં બે બાજુ બે ગોખ જોવા મળે. ગોખમાં ફોટા છે. ડાબી બાજુના ગોખમાં સમેતશિખર, ગિરનારના પટ તથા જમણી બાજુ શત્રુંજયનો પટના ફ્રેમ મઢેલા ફોટા છે. ડાબી બાજુના ગોખની બાજુમાં મુંબઈના ચેમ્બુરના જિનાલયના આદેશ્વરનો ફોટો તથા તેની બાજુમાં ધરણેન્દ્ર-પદ્માવતી સાથેનો પાર્શ્વનાથનો ફોટો છે. તેની બાજુમાં ધૂલેવાના સપરિકર કેસરિયાદાદાનો ફોટો છે. આ તમામ ફોટા ચિત્રિત થયેલા છે.

રંગમંડપમાં બે બાજુ બે દેવકુલિકાઓ છે. તેની ઉપર મોટા સિંહનાં શિલ્પો સહિતની મગરમુખી કમાનો છે. તેમાં બે હાથી પર શેઠ શેઠાણીનાં શિલ્પો, શિખર અને દર્શનીય જિનપ્રતિમા છે. થાંભલા પર ઊભા હોય તેવી મુદ્રાવાળી દેવ-દેવીની મૂર્તિઓ છે. અહીં સુવર્ણ રંગનો વિનિયોગ થયો હોવાથી તે ભવ્ય ભાસે છે.

જમણી બાજુની દેવકુલિકામાં ૩૯"ની ઊંચાઈવાળા આરસના મૂળનાયક શ્રી મહાવીરસ્વામી બિરાજે છે. પ્રતિમા સંપ્રતિકાલીન સમયની હોય તેવી છે. અહીં પાંચ આરસપ્રતિમા છે જે પૈકી બે કાઉસ્સગ્ગિયા છે. ધાતુપ્રતિમા દસ છે.

ડાબી બાજુની દેવકુલિકામાં મૂળનાયક તરીકે ૩૧"ની ઊંચાઈવાળા શ્રી આદેશ્વર બિરાજે છે. આ પ્રતિમા પણ સંપ્રતિકાલીન સમયની હોય તેવી છે. અહીં ત્રણ આરસપ્રતિમા અને સોળ ધાતુપ્રતિમા છે. ધાતુપ્રતિમાનાં એક કાઉસ્સગ્ગિયા ૨૭" ઊંચાઈવાળા છે !

મુખ્ય ગભારાની બહાર જમણી બાજુના એક ગોખમાં કાળા આરસના ગરુડયક્ષ તથા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ડાબી બાજુના ગોખમાં રાતા આરસના નિર્વાણીદેવી છે. ગભારાને ત્રણ દ્વાર છે. મુખ્ય ગર્ભદ્વારના સ્થંભ પર યક્ષ-યક્ષિણી, ઉપર મગરમુખી કમાન જેના પર બે મોટાં વાઘશિલ્પો અને કમાનમાં નાના હાથી પર બેઠેલી બે પરીઓનાં શિલ્પો છે. પરીઓએ ફૂલોનાં મુગટ અને સુંદર આભૂષણો પહેર્યા છે. કમાનની વચ્ચે શિખરની રચના છે અને તેમાં દર્શનીય પ્રતિમા છે. આવી જ દર્શનીય પ્રતિમા બારસાખે પણ છે.

અહીં મૂળનાયક તરીકે ૪૯" ઊંચાઈ ધરાવતા પરિકરયુક્ત શ્રી શાંતિનાથની દેદીપ્યમાન પ્રતિમા દર્શનાર્થીને શાંતિનો અનુભવ કરાવે છે. કુલ દસ આરસપ્રતિમા છે જે પૈકી બે મોટા કાઉસ્સગ્ગિયા છે. એકસો નવ ધાતુપ્રતિમા છે જે પૈકી એક ચૌમુખજી છે. અહીં સ્ફટિકના એક નાના પ્રતિમા છે. ઉપરાંત ધાતુના પાર્શ્વયક્ષ તથા આરસનો માતૃકાપટ પણ છે. ડાબે ગભારે મહાવીરસ્વામી તથા જમણે ગભારે આદેશ્વર ભગવાન છે.

ઐતિહાસિક સંદર્ભ

શાંતિનાથના આ જિનાલયનો સ્પષ્ટ ઉલ્લેખ સૌ પ્રથમ વાર **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલ-રચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં મળે છે. જો કે **સં૰ ૧૮૨૧**માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં આ વિસ્તારમાં ત્રણ જિનાલયોનો ઉલ્લેખ આવે છે. એટલે કે શીતલનાથનું એક જિનાલય તથા શાંતિનાથનાં બે જિનાલયો તે સમયે હોવાનો સંભવ છે. ત્યારબાદ **સં૰ ૧૯૫૯**માં, **સં૰ ૧૯૬૩**માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં તથા **સં૰ ૨૦૧૦**માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ વિસ્તારમાં શાંતિનાથનાં બે જિનાલયોનો ઉલ્લેખ સ્પષ્ટ મળે છે.

સં૰ ૧૯૫૯માં આ જિનાલયની સાથે પાર્શ્વનાથ, આદેશ્વર તથા મહાવીરસ્વામીનો પણ ઉલ્લેખ છે. તે પૈકી મહાવીરસ્વામી તથા આદેશ્વરની પ્રતિમાઓ આ જિનાલયમાં મૂળનાયક તરીકે બિરાજમાન છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલય ધાબાબંધી દર્શાવ્યું છે. તે સમયે બેતાળીસ આરસપ્રતિમા અને એકસો નવ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલય ઘુમ્મટબંધી દર્શાવ્યું છે. તે સમયે આઠ આરસપ્રતિમા અને એકસો છવ્વીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. ઉપરાંત ધાતુના એક મોટા સમવસરણનો પણ ઉલ્લેખ થયેલો છે. જિનાલયની સ્થિતિ સારી હતી અને વહીવટ શા૰ રતનચંદ જેઠાચંદ હસ્તક હતો.

આજે જિનાલયમાં કુલ અઢાર આરસપ્રતિમા તથા એકસોપાંત્રીસ ધાતુપ્રતિમા બિરાજમાન છે. જિનાલયનો વહીવટ કનાશાના પાડામાં રહેતા શ્રી રમણલાલ નાગરદાસ શાહ (દેરા શેરી), શ્રી વિક્રમભાઈ સી. શાહ (દેરા શેરી), શ્રી રસિકલાલ કાંતિલાલ શાહ (મોદીની શેરી) તથા આશિષ સોસાયટીમાં રહેતા શ્રી સુરેશભાઈ બાબુલાલ શાહ હસ્તક છે.

ટૂંકમાં અમારી માન્યતા પ્રમાણે આ જિનાલય **સં૰ ૧૮૨૧ પૂર્વેનું** છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મોટા દેરાસરની શેરી, કનાશાનો પાડો

ચિંતામણિ પાર્શ્વનાથ (ઘરદેરાસર) (સં. ૧૯૫૯)

કનાશાના પાડામાં આવેલ શાંતિનાથના મોટા દેરાસરની શેરીમાં છેક અંદર ખૂણાના ભાગમાં બાબુસાહેબ વિજયકુમાર ભગવાનલાલજીનું ઘરદેરાસર આવેલું છે.

પ્રવેશદ્વારની બારસાખે થોડી રંગીન કાષ્ઠકોતરણી છે. બહારની અને અંદરની દીવાલો પર રંગીન ટાઈલ્સ લગાવેલી છે. ઘરદેરાસરમાં બે બાજુ બે બારીઓ છે જેના પર રંગીન હાથીનાં શિલ્પો છે. અહીં પંદર ધાતુપ્રતિમા છે જે પૈકી ચિંતામણિ પાર્શ્વનાથની ૧૭'' ઊંચાઈ ધરાવતી ધાતુપ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે.

ઐતિહાસિક સંદર્ભ

આ ઘરદેરાસરનો ઉલ્લેખ સૌ પ્રથમ સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં મળે છે. તે સમયે આ ઘરદેરાસર બાબુ પનાલાલનું ઘરદેરાસર તરીકે જાણીતું હતું. ત્યારે અહીં દસ ધાતુપ્રતિમા અને ત્રણ રત્નપ્રતિમા હતી. આ ઘરદેરાસરનો સમય તે સમયે સં. ૧૯૫૯નો દર્શાવવામાં આવેલો છે. સં. ૧૯૬૩માં પ્રગટ થયેલી જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં સં. ૧૯૫૯નો સમય દર્શાવવામાં આવ્યો છે. તેથી તે સમય ચોક્કસપણે પ્રમાણભૂત માની શકાય.

ત્યારબાદ સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં કનાશાના પાડામાં મોટા દેરાસરની શેરીમાં આ ઘરદેરાસરમાં તેર ધાતુપ્રતિમા બિરાજમાન હતી. બાબુ પ્રનાલાલ પૂનમચંદના પરિવારના આ ઘરદેરાસરની સ્થિતિ સારી દર્શાવવામાં આવી હતી.

આજે આ ઘરદેરાસરનો વહીવટ કનાશાના પાડામાં રહેતા શરદભાઈ બાબુલાલ શાહ તથા મુંબઈનિવાસી નરેન્દ્રકુમાર વિજયકુમાર હસ્તક છે.

ટૂંકમાં આ ઘરદેરાસરનો સમય સં. ૧૯૫૯નો છે.

• • •

આંબલીની શેરી, કનાશાનો પાડો

શાંતિનાથ (સં. ૧૭૨૯ પૂર્વે)

કનાશાનો પાડો નામના વિસ્તારમાં આંબલીની શેરીમાં શીતલનાથના જિનાલયની બાજુમાં, એને અડીને જ શ્રી શાંતિનાથનું જિનાલય આવેલું છે. બન્ને જિનાલયના પ્રવેશદ્વાર અલગ અલગ છે. વચ્ચેની દીવાલ બન્ને વચ્ચે એક જ છે અને ત્યાં એક દ્વાર છે જેથી કરીને દર્શનાર્થી બહાર નીકળ્યા વિના જ એક જિનાલયના રંગમંડપમાંથી બીજા જિનાલયનમાં જઈ શકે છે. દૃષ્ટિ પડતાં જ, લોહચુંબકની જેમ ખેંચનાર ગોળ ઝરૂખામંડિત આ જિનાલય માત્ર બહારથી જ રમ્ય નથી, બલ્કે અંદરથી પણ સવિશેષ રમણીય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયના સોપાન ચઢતાં, તેની વચલી દીવાલે સંસારની અસારતાસૂચક દૃષ્ટાંતનું ચિત્ર દર્શનાર્થીને સંસારથી વિમુખ બનાવી, ધર્માનુરાગી બનાવવામાં સહાય કરે છે. આજુબાજુ હાથી ચીતરેલા છે. પગથિયાંની બાજુની દીવાલે નાનો ગોખ છે જેમાં શ્રી શાંતિનાથનું પેઇન્ટિંગ છે. છેક ઉપરની દીવાલે ગોળ ઝરૂખો છે. ઝરૂખાના થાંભલે સુંદર પૂતળીઓનાં શિલ્પો છે. બાજુમાં હાથી, પોપટ અને શિખરની કોતરણીવાળી બારસાખ સાથેની બારીઓ છે.

જિનાલયની અંદર પ્રવેશતાં જ અરીસાનો ઝગમગાટ અને તેમાં દર્શનાર્થીઓ સાથેના જિનાલયના પડતાં પ્રતિબિંબો ધ્યાનાકર્ષક બને છે. પ્રત્યેક થાંભલા પર ઉપરથી નીચે સુધી અરીસા જડેલા છે. થાંભલાઓને સુંદર તોરણો જોડે છે અને તેમાંથી નિર્માતી અષ્ટકોણ રચના મનભાવન લાગે છે.

રંગમંડપની બાજુમાં જ આવેલી ખુલ્લી જગ્યામાં કેસર સુખડ ઘસવા નિમિત્તે વપરાતી એક ઓરડી છે. આ ખુલ્લી જગ્યાની દીવાલે ભગવાનનો સ્નાત્ર મહોત્સવ તથા દીક્ષા મહોત્સવ, સુઘોષા ઘંટનાદ, છપ્પન દિક્ કુમારીઓ, મેઘરથ રાજા તરીકે ભગવાનનો પૂર્વભવ, ચંડકૌશિક વગેરે પ્રસંગચિત્રોનું આલેખન થયું છે. રંગમંડપમાં સમેતશિખર, ગિરનાર અને પાવાપુરીનો પટ તેમજ ટીપકીવાળો શત્રુંજયનો પટ પણ દર્શનીય છે.

ત્રણ દ્વારયુક્ત ગભારાના દ્વાર પરનું તથા દીવાલ પરનું બારીક જડતરકામ જોઈને "વાહ! અદ્‌ભુત !" એમ બોલાઈ જાય ! ક્યાંક થોડુંક જડતરકામ નીકળી ગયેલ છે. (જુઓ ફોટોગ્રાફ નં૦ ૨૪) ટ્રસ્ટીઓના જણાવ્યા મુજબ હવે આ કામ કરી શકે તેવા કારીગરો રહ્યા નથી. પાટણના પટોળા વણનારા હજુ આંગળીને વેઢે ગણાય તેટલાય રહ્યા છે પણ દાગીના પર થતા જડતરકામ જેવા આ દીવાલના જડતરકામના તો કારીગરોય નામશેષ થઈ ચૂક્યા છે ! આ જિનાલય આવી પ્રાચીન કલાના ઉત્કૃષ્ટ નમૂનારૂપ તરીકે જોવું જ રહ્યું ! ગર્ભદ્વાર પર બે સુંદર હાથી અને સામરણયુક્ત શિખરની રચના છે.

ગભારામાં મૂળનાયક તરીકે ૨૧" ઊંચાઈ ધરાવતી, આછા ગુલાબી રંગના સ્ફટિકની શ્રી શાંતિનાથની પ્રતિમા બિરાજમાન છે. વર્ષો પૂર્વે આ પ્રતિમા પર વીજળી પડી હતી. તે સમયે પ્રતિમાના ડાબા કાનથી જમણા પગ સુધી તિરાડ પડી હતી જે આજે પણ સ્પષ્ટપણે નિહાળી શકાય છે. ગભારામાં કુલ પાંચ આરસપ્રતિમા તથા ઇઠ્યોતેર ધાતુપ્રતિમા છે. બે મોટાં યંત્રો છે જે પૈકી એક સિદ્ધચક્ર યંત્ર અને બીજું ઋષિમંડલ યંત્ર છે. એક જમાનામાં અગિયાર પ્રતિમા સાથેની અગિયાર પાંદડીયુક્ત શતદલ હશે. આજે પાંદડીઓને ગભારામાં દીવાલ પર જડી દીધી છે. આ પ્રત્યેક પાંદડીઓમાં ભગવાનની પ્રતિમા છે. આ પ્રતિમા પણ પૂજાય છે.

ઐતિહાસિક સંદર્ભ

આ જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ સં૦ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્ય-પરિપાટીમાં મળે છે.

આ અગાઉ સં૦ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં શાંતિનાથના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ જિનાલયનો ઉલ્લેખ થયેલો છે. જો કે તે સમયે સ્ફટિકની પ્રતિમાનો ઉલ્લેખ થયો નથી. પરંતુ સં૰ ૧૭૨૯માં તથા સં૰ ૧૭૭૭માં આ વિસ્તારમાં શાંતિનાથનું માત્ર એક જ જિનાલય વિદ્યમાન હતું. તેથી સં૰ ૧૭૨૯માં ઉલ્લેખ પામેલું શાંતિનાથનું જિનાલય તે આ જ જિનાલય હોઈ શકે.

ત્યારબાદ સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં આ વિસ્તારમાં કુલ ત્રણ જિનાલયો વિદ્યમાન હતાં. એટલે કે શીતલનાથનું એક જિનાલય તથા શાંતિનાથનાં બે જિનાલયો.

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં, સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં, સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ વિસ્તારમાં સ્ફટિકની પ્રતિમાવાળા મૂળનાયક શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ સાતત્યપૂર્વક મળે છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. ત્યારે પંદર આરસપ્રતિમા તથા ચોરાણું ધાતુપ્રતિમા બિરાજમાન હતી. ઉપરાંત ચાર રત્નપ્રતિમાઓનો ઉલ્લેખ છે. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલય કનાશાના પાડામાં આંબલીની શેરીમાં ધાબાબંધી દર્શાવ્યું છે. ત્યારે ચાર આરસપ્રતિમા અને તેંતાળીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. તે સમયે પણ ચાર સ્ફટિકપ્રતિમાનો ઉલ્લેખ થયેલો છે. જિનાલયની સ્થિતિ સારી હતી અને વહીવટ શાહ ગભરૂભાઈ ડાહ્યાભાઈ હસ્તક હતો.

આજે જિનાલયનો વહીવટ કનાશાના પાડામાં રહેતા શ્રી બાબુભાઈ કેશવલાલ શાહ તથા તેમના પુત્ર શ્રી શરદકુમાર બાબુલાલ શાહ હસ્તક છે.

ટૂંકમાં અમારી માન્યતા પ્રમાણે આ જિનાલય સં૰ ૧૭૨૯ પૂર્વેનું છે.

• • •

આંબલીની શેરી, કનાશાનો પાડો

શીતલનાથ (સં૰ ૧૫૭૬ પૂર્વે)

કનાશાનો પાડો નામના વિસ્તારમાં આવેલી આંબલીની શેરીમાં પ્રવેશતાં, ડાબી બાજુ અંદરના ભાગમાં શ્રી શીતલનાથનું ધાબાબંધી જિનાલય શ્રી શાંતિનાથના જિનાલયને અડોઅડ છે. બેઉ જિનાલયના અલગ પ્રવેશદ્વાર છે. અંદરના રંગમંડપમાંની કોમન દીવાલના દ્વારમાંથી એકમાંથી બીજા જિનાલયમાં સરળતાથી જઈ શકાય છે.

મુખ્ય પ્રવેશદ્વારની નીચે બે મોટા દ્વારપાળનાં શિલ્પો છે. જિનાલયની બહારની ઉપરની દીવાલની વચ્ચે ચોરસ આકારનો ઝરૂખો અને આજુબાજુ હાથી, પોપટ જેવી રચના સાથેની કોતરણી છે. દ્વારની આજુબાજુ રંગીન બારસાખવાળી બે બારીઓ છે. એક ગોખલામાં શ્રી શીતલનાથ ભગવાનનું ચિત્ર છે. પ્રવેશદ્વારના થાંભલાઓને જોડતાં સુંદર તોરણો છે અને થાંભલા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પર પૂતળીઓ, સિંહ, હાથી વગેરેનાં શિલ્પો છે.

રંગમંડપમાં પ્રવેશીએ એટલે જમણી બાજુએ આવેલા બે ગોખ પૈકી એકમાં માણીભદ્રવીર તથા અન્યમાં ગૌતમસ્વામીની મૂર્તિ છે. ગોખની ઉપર-નીચે દીવાલ પર સુંદર કાચકામ છે. શાંતિનાથના જિનાલયના રંગમંડપની પેઠે અહીં પણ પ્રત્યેક થાંભલે ઉપરથી નીચે સુધી અરીસા જડેલ છે અને અષ્ટકોણ બને છે તે સાચે જ, દર્શનીય છે. થાંભલાને જોડતી રંગીન કોતરણીવાળા તોરણો પણ નયનરમ્ય છે. છતમાં દાંડિયારાસ રમતી નારીઓનું ચિત્ર છે. રંગમંડપની એક દીવાલે સમેતશિખરનો કાષ્ઠનો રંગીન પટ છે, તેની નીચે અષ્ટાપદનો પટ છે. (જુઓ ફોટોગ્રાફ નં૰ ૨૩) અને ઉપરની દીવાલે કાષ્ઠના તીર્થંકર ભગવાનનાં ૧૬ શિલ્પો છે. તેમાં વાપરેલ સુવર્ણરંગ આ પટની શોભાને ચાર ચાંદ લગાવે છે. ૪૫૦ વર્ષ જૂનો આ પટ એ જૈન કાષ્ઠકલાનો ઉત્તમ નમૂનો છે અને આ પટ આ જિનાલયની વિશેષતા છે. કાગળમાં ઋષિમંડલ યંત્રનું ચિત્ર બનાવી, કાચમાં મઢી તેને અન્ય દીવાલ પર લગાવેલ છે. આ કાગળમાં છે તેવું જ અને તેટલું મોટું તાંબાનું યંત્ર બાજુના શાંતિનાથના જિનાલયમાં છે. વળી, સં૰ ૧૯૯૮માં મદ્રાસમાં વિજયમહેન્દ્રસૂરિના હસ્તે પ્રતિષ્ઠિત થયેલ વીસ સ્થાનકનું મોટું, તાંબાનું યંત્ર પણ અહીં છે.

ત્રણ ગર્ભદ્વાર પૈકી આજુબાજુના દ્વારની બારસાખ પર મયૂરાકૃતિ છે જ્યારે મુખ્ય દ્વારની બારસાખે સિંહાકૃતિ અને પૂતળી છે. ગભારામાં શ્રી શીતલનાથની ૨૭" ઊંચાઈવાળી પ્રતિમા બિરાજે છે. અહીં અન્ય અગિયાર આરસપ્રતિમા તથા સોળ ધાતુપ્રતિમા છે. ઉપરાંત પગલાંની એક જોડ છે. સ્ફટિકનું એક ખંડિત પરિકર પણ છે.

ઐતિહાસિક સંદર્ભ

આ જિનાલય ઘણું પ્રાચીન છે. પાટણમાં ૧૬મા સૈકા દરમ્યાનનાં જિનાલયો અતિ અલ્પ સંખ્યામાં આજે વિદ્યમાન છે. તે પૈકીના આ જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૰ ૧૫૭૬**માં સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં ઉપલબ્ધ થાય છે. ત્યારબાદ **સં૰ ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૮૨૧**માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં, **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં, **સં૰ ૧૯૬૭**માં તથા **સં૰ ૨૦૧૦**માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ સાતત્યપૂર્વક થયેલો છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયનો અલગ ઉલ્લેખ થયો નથી. સંભવ છે કે આ જિનાલયની બાજુમાં આવેલ સ્ફટિકના શાંતિનાથના જિનાલયની સાથે આ જિનાલયની ગણતરી કરવામાં આવી હોય.

ત્યારબાદ **સં૰ ૨૦૧૦**માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં કનાશાના પાડામાં આંબલીની શેરીમાં આવેલ આ જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. ત્યારે દસ આરસપ્રતિમા અને અગણોસિત્તેર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. વહીવટ શા૦ ગભરૂભાઈ ડાહ્યાભાઈ હસ્તક હતો.

આજે જિનાલયનો વહીવટ કનાશાના પાડામાં રહેતા શ્રી બાબુભાઈ કેશવલાલ શાહ તથા તેમના પુત્ર શ્રી શરદકુમાર બાબુલાલ શાહ હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય **સં૦ ૧૫૭૬ પૂર્વે**નું છે.

• • •

લીમડીનો પાડો

શાંતિનાથ (સં૦ ૧૬૪૮ આસપાસ)

લીમડાના પાડા વિસ્તારમાં પ્રવેશીએ એટલે છેક અંદરના ખૂણે આરસ અને પથ્થરનું બનેલ શાંતિનાથનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. સં૦ ૨૦૫૨માં પૂ૦ નેમિસૂરીશ્વરજીના પ્રશિષ્ય આ૦ શ્રી દેવસૂરીશ્વરજી હસ્તે આ જિનાલયનો જીર્ણોદ્ધાર થઈ પુનઃપ્રતિષ્ઠા થઈ હતી. જિનાલયને પાયામાંથી જ નવું બનાવવામાં આવ્યું છે. જીર્ણોદ્ધારનું કાર્ય હજુ ચાલુ છે. આ જ સમયે શેઠ શ્રી સરૂપચંદ ઉત્તમચંદના ઘરદેરાસરની મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામી સમેત બાર ધાતુપ્રતિમાને આ જિનાલયમાં પધરાવવામાં આવી હતી.

જિનાલય તરફ દૃષ્ટિપાત કરતાં જ, તેના ઉપરના ભાગે શાંતિનાથના પૂર્વભવનો મેઘરથ રાજા અને કબૂતરવાળો પ્રસંગ નજરે પડે છે. નીચે ગુલાબી રંગના, પથ્થરના બે દ્વારપાળનાં શિલ્પો છે. કાષ્ઠના બનાવેલા ત્રણ નવીન પ્રવેશદ્વાર છે. રંગમંડપની બન્ને બાજુ પણ દ્વાર છે.

રંગમંડપમાં ગુલાબી પથ્થરનો ઉપયોગ થયેલો છે. રંગમંડપના ઘુમ્મટમાં ચોવીસજિન-પ્રતિમા, ઇન્દ્ર-ઇન્દ્રાણી તથા વિહંગનાં શિલ્પો છે. ફરસ આરસની છે. અહીં જે પ્રવેશદ્વાર છે તેના થાંભલા પર ચૌદ સ્વપ્ન અને પાંચ કલ્યાણકો તથા વીસ દેવીશિલ્પો છે. રંગમંડપમાં આવેલા બન્ને ગોખમાં એક એક જિનપ્રતિમા છે.

ગર્ભદ્વાર ત્રણ છે અને તેને ફરતે પ્રદક્ષિણા કરી શકાય તેવી જગ્યા છે. મૂળનાયક તરીકે શ્રી શાંતિનાથ ભગવાનની ૨૫" ઊંચાઈ ધરાવતી પ્રતિમા બિરાજમાન છે. જમણે ગભારે શ્રી સ્થંભન પાર્શ્વનાથ અને ડાબે ગભારે શ્રી શામળા પાર્શ્વનાથ છે. ગભારામાં કુલ તેર આરસપ્રતિમા, સડસઠ ધાતુપ્રતિમા તથા સ્ફટિકની એક પ્રતિમા છે જેમાં સરૂપચંદ શેઠના ઘરદેરાસરની પ્રતિમાઓનો પણ સમાવેશ થાય છે.

ઐતિહાસિક સંદર્ભ

આ જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૦ ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં થયેલો છે. ઉપરાંત તે સમયે ૧. પાર્શ્વનાથ (સારંગદોસીના ઘરે) તથા ૨. શાંતિનાથ (રાયચંદ દોસીના ઘરે) – એમ કુલ બે ઘરદેરાસરો પણ વિદ્યમાન હતાં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લીંબડી પાટકિ આવીઇ જી । **સારંગદોસી** ગેહ ॥૯॥ સુ૰

સપ્તફણામણિ પાસજી રે । બાર જિણેસર દેષિ ।
રાયચંદ દોસી ઘરિ વલી જી । **શાંતિ જિણેસર** પેષિ ॥૧૦॥ સુ૰

સોલ પ્રતિમા અવર અછઇ જી । રયણમયી પડિમા દોઇ ।
શાંતિ દેહરઇ હિવઇ આવીઇ જી । સોલમ જિણેસર જોઇ॥૧૧॥ સુ૰

ચૌદ પ્રતિમા તિહાં વંદીઇ જી । લીજઇ પૂજી લાહ ।
નવઉ પ્રાસાદ સોહામણઉ જી । દીઠઉ મનનઇ ઉછાહ ॥૧૨॥ સુ૰

સં૰ ૧૬૪૮માં શાંતિનાથના આ જિનાલયને '**નવઉ પ્રાસાદ સોહામણઉ**' – એ મુજબ વર્ણવામાં આવેલ છે. એટલે કે આ જિનાલય તે સમયે જ નવું બંધાયેલું હશે.

ત્યારબાદ **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **લીંબડીના પાડા**માં શાંતિનાથના આ એક જ જિનાલયનો ઉલ્લેખ થયેલો છે :

લીંબડીઈ શ્રીશાંતિ જિણંદ, ત્રણસે સાત તિહાં શ્રી જિનચંદ ।
દિઠઈ અતિ આણંદ તો ॥ જયો૰ જયો૰ ॥૩॥

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **લીંબડીની પોળ**માં શાંતિનાથના જિનાલયમાં પોતાને દર્શનની નિત્ય ટેવ હોવાનું જણાવ્યું છે :

પ્રાસાદ લીંબડીની પોલેં, સાંતિ જિનેશ્વર દેવ, ભ૰
કવિ કહિંએ મુઝ સાહબો, દરિસણની નિત્ય ટેવ ભ૰ ૧૪ પા૰

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં **લીંબડીના પાડા**માં એક જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ મળે છે :

કર્ણાસાની પોલમાં, સુંદર દેવલ દીઠ;
ત્રિણ મનોહર **એક** વલી, **લીંબડી પાડેં** ગરીઠ સં૰ ૧૨

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં **લીંબડીના પાડા**માં શાંતિનાથનું એક જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે :

ભાભાપાડે નમામિ ત્રિજગદધિપતિં પૂજ્યભાભાખ્ય પાર્શ્વં,
શાંતં શ્રી **શાંતિનાથં** શમસુખસહિતં **લીંબડીપાટકે** ચ ॥૨૯॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં શાંતિનાથનું આ જિનાલય **શિખર વિનાનું** હોવાનું દર્શાવ્યું છે. તે સમયે ચૌદ આરસપ્રતિમા અને પિસ્તાળીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. ઉપરાંત તે સમયે લીંબડીના પાડામાં બે ઘરદેરાસરો વિદ્યમાન હતાં. ૧. શાહ સ્વરૂપચંદ નાનચંદ અને ૨. શાહ છગનલાલ આલમચંદ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં લીંબડીના પાડામાં આવેલું આ જિનાલય ધાબાબંધી દર્શાવેલું છે. ત્યારે તેર આરસપ્રતિમા, પચાસ ધાતુપ્રતિમા તથા એક સ્ફટિકપ્રતિમા બિરાજમાન હતી. લાકડાનું કોતરકામ પણ દર્શાવ્યું હતું. જિનાલયની સ્થિતિ સારી હતી. વહીવટ શાહ પૂનમચંદ મગનલાલ હસ્તક હતો. ઉપરાંત લીંબડીના પાડામાં વાસુપૂજ્યના ઘરદેરાસરનો ઉલ્લેખ પણ થયો છે. આ ઘરદેરાસર શાહ સરૂપચંદ ઉત્તમચંદના પરિવારનું હતું અને ત્યારે બાર ધાતુપ્રતિમા બિરાજમાન હતી. આ ઘરદેરાસર સં. ૨૦૫૨માં શાંતિનાથના જિનાલયમાં પધરાવવામાં આવેલ છે.

આજે જિનાલયનો વહીવટ લીમડીના પાડામાં રહેતા શ્રી સુરેન્દ્રભાઈ સેવંતીલાલ શાહ તથા મુંબઈનિવાસી શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ, શ્રી વિનોદચંદ્ર મણિલાલ સરકાર અને શ્રી વિનુભાઈ કાંતિલાલ શાહ હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય **સં. ૧૬૪૮ આસપાસ**ના સમયનું છે.

• • •

ભાભાનો પાડો

ભાભા પાર્શ્વનાથ (સં. ૧૫૭૬ પૂર્વે)

ભાભાના પાડામાં છેક અંદરના ભાગમાં શ્રી ભાભા પાર્શ્વનાથનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

સફેદ આરસ અને પથ્થરના બનેલા ઘુમ્મટબંધી જિનાલયના ઓટલાની નીચેની દીવાલ પર કમળમાં બેઠેલા લક્ષ્મીજીની મૂર્તિ તથા આજુબાજુ સૂંઢમાં કમળ લઈને ઊભેલા બે હાથીઓની રચના છે. અંબાડી પર બેઠેલા શ્રેષ્ઠી, મહાવત તથા ચામર વીંઝતાં સેવકની અન્ય રચના છે. ઓટલા પર એક થાંભલાની બહારની બાજુએ અંબિકા, સિદ્ધાયિકા, ચક્રેશ્વરી તથા પદ્માવતીદેવીની તથા બીજા થાંભલા પર ગોમુખ, ગરુડ, ગોમેધ તથા પાર્શ્વયક્ષનાં શિલ્પો ઉપસાવેલ છે. ઉપરના ભાગમાં આઠ આઠ વિદ્યાદેવીઓ છે તથા બે સ્તંભની વચ્ચે મગરમુખી કમાન છે. તેની ઉપરના ભાગમાં બે બાજુ અપ્સરાઓ છે. છેક ઉપરના ભાગમાં વેલથી વીંટળાયેલી બાહુબલિની પ્રતિમાની બાજુમાં હાથી તથા બે બાજુ બ્રાહ્મી તથા સુંદરીનાં શિલ્પો છે. મુખ્ય પ્રવેશદ્વાર એક છે જેની બારસાખ પર કળા કરતા મોરની ઉપર સરસ્વતીદેવીની રચના છે.

રંગમંડપમાં પ્રવેશતાં, આપણી ડાબી બાજુ સમેતશિખર અને ગિરનારના પટ છે. સામેની દીવાલ પર પાવાપુરી, શત્રુંજય, નાના કમળમાં નવકારમંત્ર, યંત્રાધિરાજ ઋષિમંડળના પટ છે. તેની નીચે ત્રણ ગોખમાં અનુક્રમે શ્યામ આરસના પાર્શ્વયક્ષ, ગૌતમસ્વામી તથા પદ્માવતીદેવીની આરસમૂર્તિઓ છે. તેની સામેની દીવાલે બે ગોખ છે. વચ્ચે બારી છે. એક ગોખમાં શ્રી નેમનાથ તથા અન્ય ગોખમાં નમિનાથ, સંભવનાથ, શીતલનાથ, વિમલનાથ તથા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચંદ્રપ્રભુ – એમ કુલ પાંચ ધાતુપ્રતિમા છે. સ્થાનિક માહિતી પ્રમાણે આ પાંચેય પ્રતિમા શ્રી લહેરુભાઈ ઉજમચંદના ઘરદેરાસરની છે. આ ગોખની ઉપર રાજગિરિના પાંચ પહાડનો પટ છે. ગિરનાર, સમેતશિખર, પાવાપુરી અને શત્રુંજયના ઉપર જણાવેલ પટને જિનાલયનો જીર્ણોદ્ધાર થયો ત્યારે રેડિયમનો ટચ કરવામાં આવેલો છે જેને કારણે આ પટ અંધારામાં પણ ચમકતા જણાય છે.

ગર્ભદ્વાર ત્રણ છે. તેની ઉપરના ભાગમાં પાર્શ્વનાથના છઠ્ઠા, સાતમા તથા આઠમા ભવના પ્રસંગ ઉપસાવેલ છે. તથા એક ગર્ભદ્વારની ઉપરના ભાગમાં તારંગાનો પટ છે. ગર્ભદ્વાર સામાન્ય કોતરણીયુક્ત છે. ગભારામાં ત્રણ સન્મુખ આવેલી પ્રતિમાઓ ચાંદીની છત્રીની નીચે બિરાજમાન છે. અહીં કુલ ચૌદ આરસપ્રતિમા અને બત્રીસ ધાતુપ્રતિમા છે. મૂળનાયક તરીકે ૨૧'' ઊંચાઈ ધરાવતી ભાભા પાર્શ્વનાથની પ્રતિમા બિરાજે છે. મૂળનાયકની ડાબી બાજુ મહાવીરસ્વામી તથા જમણી બાજુ આદેશ્વરની પ્રતિમા પર સં૰ ૨૦૧૫નો લેખ છે. જમણે ગભારે શાંતિનાથ તથા ડાબે ગભારે મલ્લિનાથ છે. મલ્લિનાથની જમણી બાજુ ધર્મનાથ તથા ડાબી બાજુ ચંદ્રપ્રભુ બિરાજે છે. તથા શાંતિનાથની જમણી બાજુ વાસુપૂજ્ય અને ડાબી બાજુ કુંથુનાથ બિરાજે છે. ગભારામાં જમણી બાજુની દીવાલે ગોખમાં મધ્યે પદ્મપ્રભુ તથા તેમની ડાબી તથા જમણી બાજુ આદેશ્વર અને મુનિસુવ્રતસ્વામી બિરાજે છે. ડાબી બાજુની દીવાલે ગોખમાં સં૰ ૧૩૦૧નો લેખ ધરાવતી પરિકર તથા કલ્પવૃક્ષ સાથેની વાસુપૂજ્યસ્વામીની નાની પ્રતિમા છે. ગભારામાં આરસનો એક ચોવીશી પટ છે.

મૂળનાયકની ડાબી બાજુ અન્ય એક ગભારો છે. તેમાં મૂળનાયક તરીકે શીતલનાથની પ્રતિમા બિરાજે છે. તેની ડાબી બાજુ વાસુપૂજ્યસ્વામી તથા જમણી બાજુ સુમતિનાથ બિરાજે છે. અહીં કુલ ત્રણ આરસપ્રતિમા તથા ચાર ધાતુપ્રતિમા ઉપરાંત એક સાધુની ધાતુમૂર્તિ છે. આ ધાતુપ્રતિમા પુનમચંદ લલ્લુચંદ પરિવારના ઘરદેરાસરની છે. સં૰ ૨૦૧૫માં પુનઃપ્રતિષ્ઠા વખતે આ ઘરદેરાસર અહીં પધરાવવામાં આવ્યું હોવાની માહિતી પ્રાપ્ત થયેલ છે.

રંગમંડપમાં બહારના ભાગમાં ડાબી બાજુ અને જિનાલયમાં પ્રવેશતાં આપણી જમણી બાજુ એક ઓરડી છે જે ગુરુમંદિર છે. તેમાં પગલાંની અગિયાર જોડ છે :

૧. સં૰ ૧૬૨૧..... શ્રી વિજયદાનસૂરિશ્વરણાં શ્રી અણહિલપુર પત્તને સમીપે દેશે ..... પાદુકા ..... સહિતા કારિતા પ્રતિષ્ઠિતા ભટ્ટારક શ્રી હીરવિજયસૂરિભિઃ સહપરિવારૈઃ

૨. પન્યાસ શ્રી પ્રતાપવિમલજીની પાદુકા તથા ૩. રામવિમલગણિની પાદુકા પર સં૰ ૧૮૯૩નો લેખ છે.

૪. પં૰ અમીવિજયજીની પાદુકા પર સં૰ ૧૯૧૭નો લેખ છે.

૫. ગચ્છાચાર્ય શ્રી જ્ઞાનવિમલસૂરિ તથા ૬. આચાર્ય શ્રી રંગવિમલસૂરિની પાદુકા પર સં૰ ૨૦૧૫નો લેખ છે.

૭. હીરવિમલજીની પાદુકા પર સં૰ ૧૯૫૩નો લેખ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૮. દયાવિમલજીની પાદુકા પર સં૰ ૧૯૬૨નો લેખ છે.

૯. ભગવાનની આરસની પ્રતિમા સહિતની એક નાની પાદુકા છે.

૧૦. અન્ય એક પાદુકા પર સં૰ ૧૯૬૩ વંચાય છે.

૧૧. સં૰ ૧૬૭૩માં વિજયદેવસૂરિએ પ્રતિષ્ઠા કરાવેલ પાદુકા છે.

તથા આ ગુરુમંદિરમાં આરસની એક ગુરુમૂર્તિ છે. તેના પર માત્ર સં૰ ૧૪૨૧ વાંચી શકાય છે.

જિનાલયની જૂની વર્ષગાંઠતિથિ વૈશાખ સુદ ત્રીજ અને નવી વર્ષગાંઠતિથિ શ્રાવણ વદ એકમ છે.

સં૰ ૨૦૧૪માં માગશર સુદ ૭ના રોજ ખાતમુહૂર્ત કરી માગશર સુદ ૮થી જીર્ણોદ્ધારનું કાર્ય શ્રી વિમલસૂરીશ્વરજી મ૰ સા૰ની નિશ્રામાં શરૂ કરવામાં આવેલ જે સં૰ ૨૦૧૬ના શ્રાવણ સુદ ૫ને રવિવારે તા : ૭-૮-૧૯૬૦ને દિને પૂર્ણ થયેલ. આ સમયે મૂળનાયક ભગવાન સિવાય બધા જ પ્રતિમાજીને ચલિત કરેલ અને પછી શ્રાવણ વદ ૧ને દિને પુનઃ પ્રતિષ્ઠિત કરવામાં આવેલ છે. અગાઉ જણાવ્યું તેમ ભાભા પાર્શ્વનાથના આ જિનાલયમાં પુનમચંદ લલ્લુચંદ પરિવારનું શાંતિનાથનું ઘરદેરાસર તથા લહેરુભાઈ ઉજમચંદ પરિવારનું ધર્મનાથનું ઘરદેરાસર પધરાવવામાં આવ્યું છે. આ જિનાલયના રેડિયમના પટ તેની નવીનતાને કારણે ધ્યાન ખેંચે છે.

ઐતિહાસિક સંદર્ભ

ભાભાના પાડા તરીકે ઓળખાતો આ વિસ્તાર **સં૰ ૧૫૭૬**માં સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ભીમષટ્ટિ** તરીકે ઓળખાતો હતો. તે વિસ્તારમાં ભાભા પાર્શ્વનાથનું જિનાલય વિદ્યમાન હતું.

ભીમષટ્ટિ ભણસિઉં ભણઉ એ, **ભાભઉ પારસનાથ** ત,
કમઠમાણ જીણઇ મલ્યુ એ, મુગતિપુરીનઉ સાથ ત. ૨૪

ત્યારબાદ **સં૰ ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં ભાભાનો પાડો વિસ્તારને કે ભાભા પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ મળતો નથી.

સં૰ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ભાભાના પાડા**માં ભાભા પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે. ઉપરાંત ધર્મનાથ (તેજપાલના ઘરે), સુમતિનાથ (સહસકિરણના ઘરે) તથા શાંતિનાથ (પંચાયણના ઘરે) – એમ કુલ ત્રણ ઘરદેરાસરોનો પણ ઉલ્લેખ મળે છે :

ચ્યારિ પ્રતિમા વલી તિહાં કહી જી, **પાટક ભાભાનિ પાસ.**
ઇકાવન પડિમા પૂજીઇ જી, પૂરઇ વંછિત આસ ॥૬॥ સુ૰

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેજપાલ સેઠિ દેહરાસરિ જી, **ધર્મ જિણેસર** સ્વામિ.
સતર પડિમા પૂજતાં જી, સીઝઈ વંછિત કામ ॥૭॥ સુ૰

સહસકિરણ ઘરિ નિરષીઆ જી, **સુમતિ શ્રી** જિનરાય.
પંચવીસ પડિમા અરચીઈ જી, **પંચાયણ ઘરિ** આઈ ॥૮॥ સુ૰

શાંતિમૂરતિ નિરષી કરી જી, જિનવર ત્રઈસઠિ જેહ.

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ભાભાના પાડા**માં એક જ જિનાલય ભાભા પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે :

ભાભો ભાભામાંહિ બિરાજે, ચારસે એક પ્રતિમા તિહાં છાજે
મહિમા જગમેં ગાજતો ॥ જયો૰ જયો૰ ॥૨॥

ત્યારબાદ **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં કવિએ **ભાભાની પોલ**માં આ જિનાલયના દર્શન કર્યાની નોંધ કરી છે :

ભાભાની પોલેં જઈ, ભેટ્યા **ભાભો પાસ**,
નામેં નવનિધ સંપજઈ, પ્રગટેં લીલ વિલાસ. ૧

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં ભાભાના પાડાને **ભાનો પાડો** તરીકે ઓળખાવ્યો છે. તે સમયે પણ અહીં ભાભા પાર્શ્વનાથનું જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ થયેલો છે.

ભામેં પાડેં ભાભો પાસજી, સંઘવીનો તિહાંઈ;
જિનમંદિર દુગ શોભતાં, એક બાંભણવાડો જ્યાંહ. સં૰ ૧૦

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં પણ **ભાભાના પાડા**માં ભાભા પાર્શ્વનાથનું જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે :

ભાભાપાડે નમામિ ત્રિજગદધિપતિં **પૂજ્યભાભાખ્યપાર્શ્વ**,
શાંતં શ્રી શાંતિનાથં શમસુખસહિતં લીંબડી પાટકે ચ ॥૨૯॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ભાભા પાર્શ્વનાથના જિનાલયને **શિખર વિનાનું** દર્શાવ્યું છે. જિનાલયમાં સાડત્રીસ આરસપ્રતિમા અને આડત્રીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. ઉપરાંત પગલાંની સાત જોડનો પણ ઉલ્લેખ થયેલો છે. જિનાલયની સ્થિતિ સારી હતી. **સં૰ ૧૯૬૩**માં ભાભાના પાડામાં ચાર ઘરદેરાસરો પણ વિદ્યમાન હતાં. ૧. શા૰ લહેરચંદ ઉજમચંદ, ૨. શા૰ ડાહ્યાભાઈ ઉજમચંદ, ૩. સાંડેસરા લલ્લુભાઈ ખુશાલચંદ અને ૪. શા૰ નાગરચંદ દોલાચંદ.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલય ધાબાબંધી દર્શાવ્યું છે. જિનાલયમાં ચૌદ આરસપ્રતિમા અને ચુમ્માળીસ ધાતુપ્રતિમા ઉપરાંત એક ગુરુમૂર્તિનો પણ ઉલ્લેખ થયેલો છે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તથા એક પુસ્તકભંડારનો પણ ઉલ્લેખ છે. જિનાલયની સ્થિતિ સારી હતી. વહીવટ શાહ મંગલચંદ લલ્લુચંદ શાહ હસ્તક હતો. ઉપરાંત તે સમયે ભાભાના પાડામાં પૂનમચંદ લલ્લુચંદ સાંડેસરા પરિવારનું સુવિધિનાથનું એક ઘરદેરાસર પણ વિદ્યમાન હોવાની નોંધ છે.

આજે ભાભા પાર્શ્વનાથના જિનાલયમાં અઢાર આરસપ્રતિમા છે. જિનાલયનો વહીવટ આ વિસ્તારમાં જ રહેતા શ્રી ભાનુભાઈ ચીમનલાલ શાહ તથા મુંબઈનિવાસી શ્રી અશ્વિનભાઈ કીર્તિભાઈ શાહ, શ્રી જિતેન્દ્રભાઈ મણિલાલ શાહ તથા ચંદ્રકાન્તભાઈ અમૃતલાલ શાહ હસ્તક છે. આજે જિનાલયમાં પગલાંની અગિયાર જોડ છે જે પૈકી કેટલાંક પગલાંની જોડ ઘણી પ્રાચીન જણાય છે. આ પગલાંની જોડ પૈકી એક પર સં૰ ૧૪૨૧નો લેખ છે. ઉપરાંત સં૰ ૧૬૨૧, સં૰ ૧૬૫૧ તથા સં૰ ૧૬૭૩ની પાદુકાઓ પણ છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૫૭૬ પૂર્વેનું** છે.

• • •

ખજૂરીનો પાડો

મનમોહન પાર્શ્વનાથ (સં૰ ૧૬૬૪ આસપાસ)

ખજૂરીના પાડામાં પ્રવેશતાં એક ખડકીમાં છેક અંદર નાનું સુંદર ઘુમ્મટબંધી એલ [L] આકારનું બનેલું ઓટલાવાળું શ્રી મનમોહન પાર્શ્વનાથનું જિનાલય આવેલું છે.

જિનાલયની બહારની દીવાલ પર મધુબિંદુનું દૃષ્ટાંત દોરેલું છે. તેની ઉપર ચામરવાળા બે હાથી અને તેની ઉપર પદ્માવતીદેવીનું ચિત્રણ છે. ઉપરના ભાગમાં ખૂણા પર બે સિંહ છે અને પાંચ તાપસ તથા નાની પૂતળીઓ છે. ઓટલા પર બે દ્વારપાળની રચના છે જેના એક હાથમાં બંદૂક અને બીજા હાથમાં પોપટ છે. દરેક થાંભલાની વચ્ચે મગરમુખી કમાનો છે.

પ્રવેશદ્વારની ઉપરના ભાગમાં બે યક્ષ અને તેની ઉપર દેવી અને આજુબાજુ બે દાસી એમ કુલ ચાર શિલ્પો છે. બારસાખમાં વચ્ચે નાની પ્રતિમા અને તેની ઉપર શિખરની રચના છે. પ્રતિમાની આજુબાજુ લાઈનબંધ મનુષ્યની મૂર્તિઓ છે. શિખરની રચના ઉપરના ભાગમાં બે હાથી તથા તેને ફરતી મગરમુખી કમાનો છે. તેની ઉપર ચાંચમાં મોતી લઈને બે મોર છે. ડાબી બાજુએ નાનું પ્રવેશદ્વાર છે. અહીં વ્યાઘ્રમુખી કમાનો છે.

નાના એવા રંગમંડપમાં સ્તંભની વચ્ચે આઠ કમાનો છે. રંગમંડપમાં બે નાના ગોખ છે.

ત્રણ ગર્ભદ્વાર પૈકી મુખ્ય ગર્ભદ્વારની ઉપર પાવાપુરીનો પટ ચિત્રિત કરેલ છે. જમણે ગભારે શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા બિરાજે છે. તેની ઉપર સં૰ ૧૬૬૪નો લેખ છે. ડાબે ગભારે શ્રી શાંતિનાથની પ્રતિમા છે. ૨૩" ઊંચાઈ ધરાવતી શ્રી મનમોહન પાર્શ્વનાથની પ્રતિમા અહીં મૂળનાયક તરીકે બિરાજમાન છે. પ્રતિમા પર સં૰ ૧૬૬૪નો લેખ છે. અહીં કુલ પાંચ આરસપ્રતિમા તથા ચોવીસ ધાતુપ્રતિમા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઐતિહાસિક સંદર્ભ

આ જિનાલયનો ઉલ્લેખ **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મળે છે. ઉપરાંત મનમોહન પાર્શ્વનાથની પ્રતિમા પરના લેખમાં સં૰ ૧૬૬૪ સ્પષ્ટ વંચાય છે. તથા જમણે ગભારે શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા પરના લેખમાં પણ સં૰ ૧૬૬૪નો ઉલ્લેખ સ્પષ્ટ વાંચી શકાય છે.

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

ખજુરી મનમોહનપાસ, એકસો સતાવન શ્રી જિનપાસ.
વાંદું મન ઉલાસ તો ॥ જયો૰ જયો૰ ॥૧॥

ત્યારબાદ **સં૰ ૧૭૭૭**માં પાટણ ચૈત્યપરિપાટીમાં આ જિનાલય જુહારી કવિ લાધાશાહ ધન્યતાનો અનુભવ કરે છે.

ષજુરીપાડે અછે, **મોહન પારસનાથ**,
ભવ ભય ભાવઠ ભંજણો, પ્રણમુ જોડી હાથ. ૨

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં **ખજૂરીના પાડા**માં એક જિનાલય વિદ્યમાન હોવાની નોંધ મળે છે :

ચાર દેવલ અતિ સુંદરૂં, ફોફલીપાડા માંહિ;
ખજૂરી પાડેં વયજદકોટડી, **એકેક ચૈત્ય** ઉછાહ. સં૰ ૯

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં પણ **ખજૂરીના પાડા**માં મનમોહન પાર્શ્વનાથના આ જિનાલય વિશે નીચે મુજબ ઉલ્લેખ થયેલો છે :

ખર્જૂરી પાટકે ચામરગણમહિતં **મોહનંપાર્શ્વનાથમ્** ।
ભાભાપાડે નમામિ ત્રિજગદધિપતિં પૂજ્યભાભાખ્યપાર્શ્વં,
શાંતં શ્રી શાંતિનાથં શમસુખસહિતં લીંબડી પાટકે ચ ॥૨૯॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં મનમોહન પાર્શ્વનાથના આ જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. જિનાલયમાં છ આરસપ્રતિમા અને એકત્રીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. ઉપરાંત **સં૰ ૧૯૬૩**માં ખજૂરીના પાડામાં શા૰ વાડીલાલ હાકેમચંદ પરિવારનું એક ઘરદેરાસર પણ વિદ્યમાન હતું.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. ત્યારે જિનાલયમાં છ આરસપ્રતિમા અને ચોવીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી જે આજે પણ યથાવત્ છે. જિનાલયની સ્થિતિ સારી હતી. વહીવટ ગોકળદાસ સાંડેસરા હસ્તક હતો.

આજે જિનાલયનો વહીવટ મુંબઈનિવાસી શ્રી રવીન્દ્રભાઈ મોહનલાલ શાહ હસ્તક છે.

ટૂંકમાં અમારી માન્યતા પ્રમાણે આ જિનાલય **સં૰ ૧૬૬૪ આસપાસ**ના સમયનું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાસુપૂજ્યની શેરી, ફોફલિયાવાડા પાસે

વાસુપૂજ્યસ્વામી (સં૰ ૧૯૩૭)

વાસુપૂજ્યની ખડકી, ફોફલિયાવાડો વિસ્તારમાં શ્રી વાસુપૂજ્યસ્વામીનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

પ્રથમ મુખ્ય પ્રવેશદ્વારથી અંદર પ્રવેશતાં, બહારના ભાગમાં આજુબાજુના બે દ્વારપાળ નજરે પડે છે. તેની બાજુમાં અગાઉ જ્યાં પાર્શ્વયક્ષનું સ્થાન હતું ત્યાં ભીંત પર પાર્શ્વયક્ષ ચિત્રિત કરેલા છે. દેરાસરને ફરતે કંપાઉંડ અને કોટની રચના છે. કંપાઉંડમાં બે જગ્યાએથી ચડી શકાય તેવાં આરસના પગથિયાં છે. અહીં આરસની દીવાલો પરનું ચિત્રકામ અને શિલ્પકામ મનને મોહિત કરે છે. કંપાઉંડમાંથી આખા જિનાલયની પ્રદક્ષિણા થઈ શકે તેવી જગ્યા છે. પ્રવેશચોકીના થાંભલાઓ પર દ્વારપાળ તથા તેઓની પાછળ થાંભલાને ફરતે યક્ષ-યક્ષિણી તથા દેવીઓનાં શિલ્પોની રચના છે. ગૂઢમંડપના થાંભલાઓને જોડતી મગરમુખી કમાનોનું રંગકામ સુંદર છે. ધાબાની દીવાલ પર કળા કરતાં મયૂર જિનાલયની સુંદરતામાં વધારો કરે છે.

અહીં રંગમંડપમાં પ્રવેશવાનો એક પ્રવેશદ્વાર છે. આજુબાજુ જાળીવાળી બારીઓ છે. તેની નીચેની દીવાલે દોડતા હાથી પર મહાવતનું ચિત્રકામ છે. રંગમંડપમાં પ્રવેશવાના દ્વાર પર અષ્ટમંગલની કોતરણી છે. રંગમંડપ સાદો, સુંદર અને સ્વચ્છ છે. અહીં જમણી બાજુ ગભારા પાસે સમેતશિખર તથા ડાબી બાજુ શત્રુંજયના પટ છે.

ગર્ભદ્વાર ત્રણ છે. ગભારામાં ૧૩" ઊંચાઈ ધરાવતી શ્રી વાસુપૂજ્યની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. પ્રતિમાની પાછળની દીવાલે ચાંદીનું કોતરણીયુક્ત પતરું કાચમાં જડેલું છે. જમણે ગભારે આદેશ્વર તથા ડાબે ગભારે મહાવીરસ્વામીની પ્રતિમા બિરાજમાન છે. અત્રે શ્રી વિનયચંદ્રસૂરિની આરસની એક ગુરુમૂર્તિ છે. ગભારામાં કુલ પાંચ આરસપ્રતિમા છે જે પૈકી ત્રણ કાઉસ્સગ્ગ મુદ્રામાં છે. તથા નવ ધાતુપ્રતિમા છે.

આ જિનાલયમાં આરસ પર કોતરેલો નાનો શિલાલેખ છે જેના પરથી સ્પષ્ટ જણાય છે કે આ જિનાલય સં૰ ૧૯૩૭ના સમયનું છે. શિલાલેખ નીચે મુજબ છે :

'શ્રી શારદાય નમઃ ॥ સં૰ ૧૯૩૭ના માહા માસે શુક્લ પક્ષે ૧૧ બુધવાશરે ઉદિયત્ ઘટિ ૩ (ત્રણના અર્થમાં) પલ ૩૬ શ્રી વાસુપૂજ્જિ મારાજની પ્રતિષ્ઠાયં આ નવા પ્રસાદને વિશે બિરાજા છે. આ પ્રસાદ વાશપૂજિનિ ખદકીવાલા હસ્તક થયું છે. આ પ્રાસાદનું ખાતમુરત સંવત ૧૯૩૨ના વઈશાક સુદ ૧૦ બુધના દિવસે કરૂ હતું. આ સરવે મુર્ત ગાંમ હુઝાના મોદિ જોતારામ મરદાસનાં આપેલાં તે આનંદથિ ઓછવનો લાવો મલો. આ પ્રસાદ સોમપુરા સલાટ લલુ મુલચંદ ઈટદેવ પ્રતાપથિ કાંમ કરૂ છે.'

ઐતિહાસિક સંદર્ભ

આ જિનાલયનો ઉલ્લેખ સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્તુતિમાં સૌ પ્રથમ વાર મળે છે :

ભક્ત્યાહં **વાસુપૂજ્યં** જિતમદનમથો **વાસુપૂજ્યાખ્યવીથ્યાં**,

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ફોફલીયાવાડામાં આ જિનાલયનો નિર્દેશ એક શિખરવાળા જિનાલય તરીકે થયેલો છે. જિનાલયમાં છ આરસપ્રતિમા અને છ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. તે સમયે આ જિનાલયની સ્થાપનાનો સમય સં૰ ૧૯૩૭ દર્શાવવામાં આવ્યો છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં વાસુપૂજ્યસ્વામીનું આ જિનાલય ફોફલીયાવાડો-વાસુપૂજ્યની શેરીમાં ધાબાબંધી તરીકે દર્શાવ્યું છે. તે સમયે જિનાલયમાં પાંચ આરસપ્રતિમા અને સાત ધાતુપ્રતિમા ઉપરાંત એક ગુરુમૂર્તિનો ઉલ્લેખ થયેલો છે. મૂળનાયકના લેખનો સંવત ૧૬૫૯ દર્શાવ્યો છે. જિનાલયની સ્થિતિ સારી હતી. વહીવટ શાહ નગીનદાસ મગનચંદ હસ્તક હતો.

જિનાલયનો વહીવટ ફોફલિયાવાડામાં રહેતા શ્રી બાબુભાઈ દલપતચંદ શાહ તથા મુંબઈનિવાસી શ્રી બચુભાઈ પોપટલાલ શાહ, શ્રી અરવિંદભાઈ જયંતિલાલ શાહ હસ્તક છે.

ઉપલબ્ધ સ્રોતની માહિતી અનુસાર આ જિનાલય **સં૰ ૧૯૩૭**ના સમયનું ગણી શકાય.

• • •

સંઘવીની પોળ

સંઘવીની પોળનો વિસ્તાર અગાઉ **સંઘવીનો પાડો, માલૂ સંઘવીનો પાડો, સંઘવીપોળ** તથા **સંઘવીનો પાડો** એ નામથી ઓળખાતો હતો.

સં૰ ૧૬૧૩માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **સંઘવીના પાડા**માં ત્રણ ઘરદેરાસરો તથા એક જિનાલયનો ઉલ્લેખ મળે છે : ૧. ચંદ્રપ્રભુ (સંઘવી વસ્તાના ઘરે), ૨. ચંદ્રપ્રભુ (વોરા સંઘરાજના ઘરે), ૩. અજિતનાથ (સંઘવી લટકણના ઘરે) અને ૪. આદેશ્વરનું જિનાલય.

સંઘવીનઇ પાડઇ જઈ **સંઘવી વસ્તા ઘરિ** સહી તિહાં કહી **ચંદપ્રભ** દેહરાસરુ એ
છ પ્રતિમા અતિ સુંદરું સેવકનઇ શિવસુખ કરું સુંદરું જસ સુરનર સેવા કરુ એ ૪૧

વુહુરા સંઘરાજ ઘરિ ભણું દેહરાસુર રલીઆમણું ગુણ ઘણું **ચંદપ્રભ** જિનવર તણા એ
પ્રતિમા ચ્યારસુ ચંગિ જોતા ઊલટિ અંગિ એ રંગિઇ એ મનમાહિ માનવ તણા એ ૪૨

સંઘવી લટ્ટકણ ઘરિ ભણી **અજિતનાથ** પ્રતિમા થુણી જિન તણી મૂરતિ રુલીઆમણી એ
દેહરઇ **આદિ** જિણેસર બિંબ ચ્યારિ અતિ સુંદર સુરવર ભગતિ કરિવા ભાવિ ઘણી એ ૪૩

ત્યારબાદ **સં૰ ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ વિસ્તાર **માલૂસંઘવીનો પાડો** તરીકે પ્રચલિત હતો. તે સમયે રાજકાવાડા અંતર્ગત આ વિસ્તાર દર્શાવવામાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવ્યો છે. તે વિસ્તાર મોહન પાર્શ્વનાથના એક જિનાલય ઉપરાંત અન્ય બે ઘરદેરાસરો – સુમતિનાથ (હેમરાજના ઘરે) અને વિમલનાથ (રાજધર સંઘવીના ઘરે) – દર્શાવવામાં આવ્યાં છે.

મોહન પાસ જુહારીઇ જી, **માલૂ સંઘવી ઠામિ.**
છવીસ પડિમા વંદી કરી જી, કીજઇ જનમ સુકામ ॥૨॥

સુગુણનર ભેટઉ શ્રી જિનરાય, હઇડલઇ ભાવ ધરી ઘણઉ જી. આંચલી॥

હેમરાજ દેહરાસરિ ભણું જી, **સુમતિ** જિણેસર દેવ.
ઇક પડિમા વલી તિહાં અછઇ જી, ત્રિભુવન સારઇ સેવ ॥૩॥ સુ૰

રાજધર સંઘવી ઘરિ થુણું જી, **વિમલ** જિણેસરસ્વામી.
ચ્યારિ પ્રતિમાસ્યું સોહતી જી, જઈઇ લટકણ ઠામિ ॥૪॥ સુ૰

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **સંઘવીની પોળ**માં પાર્શ્વનાથના ભગવાનના માત્ર એક જ જિનાલયનો ઉલ્લેખ આવે છે :

સંઘવીપોલે પાસ જગદિસ, પ્રતિમા એકસો ઓગણત્રીસ.
પૂરઇ મનહ જગીસ તો ॥ જયો૰ જયો૰ ॥૭॥

પીતલમે દોય બિંબ વિસાલ, પ્રતિમા તેહની અતિસુકમાલ,
દીસે ઝાકઝમાલ તો ॥ જયો૰ જયો૰ ॥૮॥

ઉપર્યુક્ત પંક્તિઓમાં પાર્શ્વનાથના જિનાલયમાં પિત્તળની બે પ્રતિમાઓનો ઉલ્લેખ છે.

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **સંઘવીની પોળ**માં ૧. મનમોહન પાર્શ્વનાથ, ૨. આદેશ્વર, ૩. પાર્શ્વનાથ (ઘરદેરાસર) અને સુપાર્શ્વનાથ (ઘરદેરાસર) એમ કુલ ચાર જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે :

પોલેં સંઘવીનીયેં ભેટીયા રે, મૂરતિ **મોહન પાસ,**
પ્રાસાદમેં પ્રભુ ભેટીયા રે, આણી મન ઓલાસ. ૭ સો૰

દેહરેં **શ્રી આદિનાથ** રે, નબિ બેઠા જિનરાજ,
દેહરાસરમેં ભેટીયા રે, જિનજી ગરીબનિવાજ. ૮ સો૰

ધાતુમય જિનરાજનાં રે, બિંબ અનોપમ દોય,
પાસ સુપાસ વિરાજતા રે, દેહરાસર માંહિં જોય. ૯ સો૰

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં મનમોહન પાર્શ્વનાથ તથા વિમલનાથ એમ કુલ બે જિનાલયોનો ઉલ્લેખ મળે છે :

....., કિલ **સંઘેશાખ્યપાડે** સ્થિતૌ,
મન્મોહાભિધપાર્શ્વનાથ - વિમલૌ નૈર્મલ્યદાન ક્ષમૌ ॥૨૮॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં સંઘવીના પાડામાં મનમોહન પાર્શ્વનાથ તથા વિમલનાથના જિનાલયોનો ઉલ્લેખ **શિખર વિનાનું** એ મુજબ થયેલો છે.

સં. ૨૦૦૮માં તથા **સં. ૨૦૧૮**માં સંઘવીના પાડામાં વિમલનાથ તથા મનમોહન પાર્શ્વનાથનાં જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે.

આજે પણ સંઘવીના પાડામાં ઉપર્યુક્ત બે જિનાલયો વિદ્યમાન છે.

• • •

સંઘવીની પોળ

મનમોહન પાર્શ્વનાથ (સં. ૧૬૪૮ પૂર્વે)

સંઘવીની પોળમાં પ્રવેશતાં આપણી જમણી બાજુએ શ્રી મનમોહન પાર્શ્વનાથનું ધાબાબંધી જિનાલય આવેલું છે. તે ખૂબ જ સાદું અને નાનું છે.

રંગમંડપમાં પ્રવેશતાં જમણી દીવાલે શત્રુંજયનો પથ્થરમાં ચિત્રિત રંગીન પટ છે. છતમાં સુંદર રંગકામ છે.

ત્રણ સાદા ગર્ભદ્વાર છે. ગભારામાં મનમોહન પાર્શ્વનાથની ૧૩" ઊંચાઈ ધરાવતી પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. અહીં આરસપ્રતિમા કુલ ચાર છે જે પૈકી ડાબે ગભારે એક ચૌમુખજી છે અને જમણે ગભારે ૩૧" ઊંચાઈ ધરાવતી, સંપ્રતિ મહારાજના સમયની આદેશ્વરની પ્રતિમા બિરાજમાન છે. ધાતુપ્રતિમા કુલ વીસ છે.

ઐતિહાસિક સંદર્ભ

આ જિનાલયનો ઉલ્લેખ **સં. ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં સૌ પ્રથમ વાર મળે છે. તે સમયે આ વિસ્તાર **માલૂ સંઘવીનો પાડો** નામથી પ્રચલિત હતો અને તેમાં મનમોહન પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે. ત્યારબાદ **સં. ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ જિનાલયનો ઉલ્લેખ પાર્શ્વનાથ તરીકે થયેલો છે. **સં. ૧૭૭૭**માં લાધાશાહે ઉલ્લાસપૂર્વક આ જિનાલયનાં દર્શન કર્યાં હતાં. **સં. ૧૯૫૯**માં પં. હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં પણ આ જિનાલયનો ઉલ્લેખ થયેલો છે.

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલય **શિખર વિનાનું** દર્શાવ્યું છે. જિનાલયમાં સાત આરસપ્રતિમા અને ઓગણત્રીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં. ૨૦૦૮માં તથા **સં. ૨૦૧૮**માં પણ આ જિનાલયનો ઉલ્લેખ થયેલો છે.

આજે જિનાલયનો વહીવટ આ વિસ્તારમાં રહેતા શ્રી ચંપકલાલ વાડીલાલ શાહ, શ્રી રાજેન્દ્રભાઈ બચુભાઈ શાહ તથા શ્રી રસિકલાલ જેઠાલાલ શાહ હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય **સં. ૧૬૪૮ પૂર્વે**નું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંઘવીની પોળ

વિમલનાથ (સં૰ ૧૯૫૯ પૂર્વે)

સંઘવીની પોળમાં પ્રવેશતાં સામેની સીધી ગલીમાં આવેલું શ્રી વિમલનાથનું ઘુમ્મટબંધી જિનાલય નજરે પડે છે. અહીં જિનાલયમાં પ્રવેશવાના દ્વાર પર દ્વારપાળ તથા શ્રી વિમલનાથના અધિષ્ઠાયક દેવ-દેવીઓનાં દોરેલાં ચિત્રો પર દૃષ્ટિ પડે છે. નાનો ચોક પસાર કરી, પગથિયાં ચડી જિનાલયના રંગમંડપમાં પ્રવેશવાનું દ્વાર આવે છે. પ્રવેશદ્વાર પર દ્વારપાળનું ચિત્ર છે. રંગમંડપ જીર્ણ અવસ્થામાં છે.

ત્રણ ગર્ભદ્વારવાળા અહીંના ગભારામાં ૨૧" ઊંચાઈ ધરાવતી શ્રી વિમલનાથની સુંદર ધાતુપ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. પ્રતિમાને ધાતુનું સુંદર પંચતીર્થી પરિકર છે. પરિકરમાં છત્ર, આજુબાજુ કાઉસ્સગ્ગિયા, ચામરધારી દેવ, ઉપરના ભાગમાં બે નાના ભગવાનની સાથે પુષ્પમાળા સાથે દેવ તથા વાંજિત્ર સાથેના દેવ, તેમની આજુબાજુ વિશિષ્ટ શિલ્પ, છત્રની ઉપર પ્રક્ષાલ કરતાં દેવો અને ઇન્દ્ર, આજુબાજુ દેવો, તેમની ઉપર બકથરની કોતરણી અતિ મોહક છે. પરિકરમાં ઉપર મધ્યે પ્રક્ષાલકુંજ નજરે ચડે છે.

મૂળનાયકની પ્રતિમાના સિંહાસનના ભાગમાં, લાંછન પાસે નીચે મુજબનો લેખ છે :

"સંવત્ ૧૫૧૮ વર્ષે જ્યેષ્ટ શુ૰ ૬ બુધે પ્રાગ્વાટજ્ઞા૰ સંઘવી પ્રથમા ભાર્યા પાલ્હણદે સુત સં૰ વાચ્છા ભાર્યા લલી સુત સં૰ મુધા સં૰ કર્મણ સં૰ ધર્મણકેન ભાર્યા અહિવદે સહિતેન ભ્રાતૃજ સં૰ વેલા જેસીંગ જયતાદિ કુટુંબકેન શ્રી વિમ[લ]નાથ બિંબં કા૰ પ્ર૰ "

મૂળનાયક શ્રી વિમલનાથની પ્રતિમા પર ડાબી બાજુ નીચે મુજબનો લેખ છે :

૧. સંવત્ ૧૫૧૮ વર્ષે જ્યેષ્ટ શુ૰ ૬ બુધે શ્રી અણહિલપુર પત્તન વાસ્તવ્ય પ્રાગ્વાટ જ્ઞાતિય

૨. સં૰ પ્રથમા ભાર્યા સં૰ પાલ્હણદે પુત્ર સં૰ માંડણ સં૰ વાચ્છા .....

૩. સં૰ નરબદા..... સં૰ વાચ્છા ભાર્યા લલી સુત સં૰ મુધા .....

૪. સં૰ ધર્મણેન .... ભાર્યા અહિવદે

૫. શ્રેયસે શ્રી વિમલનાથ બિંબ કારિતં પ્રતિષ્ઠિતં ।

મૂળનાયકની પ્રતિમા પરનો લેખ ડાબી બાજુથી શરૂ થઈ પાછળના ભાગમાં જાય છે અને ત્યાંથી ફરી ડાબી બાજુ શરૂ થાય છે. જ્યારે જમણી બાજુ કોઈ લખાણ નથી.

જમણે ગભારે શ્રી સુમતિનાથની ચોવીસી સાથેની ધાતુપ્રતિમા છે. આ પ્રતિમા ચોવીસીપરિકર વિના માપતાં ૧૫" ઊંચાઈ ધરાવે છે. ચોવીસી સાથે ૪૯" ઊંચી છે. આ પ્રતિમાનું પરિકર પણ મૂળનાયકના પરિકર પેઠે સુંદર છે. આ પ્રતિમા પર સં૰ ૧૫૨૦નો લેખ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે. આખો લેખ વંચાતો નથી. પરંતુ તેમાં જે થોડા શબ્દો ઉકેલી શકાયા છે તે મૂળનાયકની પ્રતિમા પરના શબ્દો છે તે જ છે. આમ બન્ને પ્રતિમા એક જ સૈકાની છે તે સ્પષ્ટ છે. બન્ને પ્રતિમાઓના મુખ બાળકના મુખ જેવા સુંદર છે. ડાબે ગભારે શ્રી આદેશ્વરની ૩૩'' ઊંચાઈ ધરાવતી સંપ્રતિ મહારાજના સમયની ભવ્ય પ્રતિમા બિરાજે છે. આ પ્રતિમા પર પણ એક જ બાજુ લેખ છે. તેમાં '.... વાસ્તવ્ય સાહા .. ભ૦ ..... પાલકેન શ્રી આદિનાથ બિંબં કારાપિતં ... પ્રતિષ્ઠિતં । શ્રી ।' – એ મુજબનું લખાણ વાંચી શકાય છે. એનો લેખ કે સંવત સ્પષ્ટતયા વાંચી શકાતા નથી. અહીં કુલ ચાર આરસપ્રતિમા તથા આઠ ધાતુપ્રતિમા છે.

આ જિનાલયની જાળવણી અને જીર્ણોદ્ધારની જરૂર છે.

ઐતિહાસિક સંદર્ભ

અગાઉ જોયું તેમ જિનાલયના મૂળનાયક વિમલનાથની ધાતુપ્રતિમા પર સં૦ ૧૫૧૮નો લેખ છે. ઉપરાંત સુમતિનાથની પ્રતિમા પર પણ લેખ છે. લેખમાં સંવત વંચાતી નથી. પરંતુ સંવત ૧૫૧૮ હોવાનો પૂરો સંભવ છે.

સં૦ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં પાર્શ્વનાથના જિનાલયમાં પિત્તળના બે બિંબની નોંધ આપવામાં આવી છે :

પીતલમે દોય બિંબ વિસાલ, પ્રતિમા તેહની અતિસુકમાલ ।
દીસે ઝાકઝમાલ તો ॥ જયો૦ જયો૦ ॥૮॥

આ બે બિંબો વિમલનાથના તથા સુમતિનાથના હોવાનું સંભવી શકે છે.

વિમલનાથના આ જિનાલયનો ઉલ્લેખ **સં૦ ૧૯૫૯**માં પં૦ હીરાલાલરચિત **શ્રી પત્તન** જિનાલય સ્તુતિમાં મળે છે. ત્યારબાદ **સં૦ ૧૯૬૩**માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં તથા **સં૦ ૨૦૦૮**માં પણ આ જિનાલયનો ઉલ્લેખ મળે છે.

સં૦ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં વિમલનાથનું આ જિનાલય **શિખર વિનાનું** દર્શાવ્યું છે. જિનાલયમાં ચાર આરસપ્રતિમા અને નવ ધાતુપ્રતિમા બિરાજમાન છે. જિનાલયની સ્થિતિ સારી હતી.

આજે આ જિનાલયમાં ચાર આરસપ્રતિમા અને આઠ ધાતુપ્રતિમા બિરાજમાન છે. વહીવટ આ વિસ્તારમાં જ રહેતા શ્રી રાજેન્દ્રભાઈ બચુભાઈ શાહ હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય **સં૦ ૧૯૫૯ પૂર્વે**નું છે. મૂળનાયકની પ્રતિમા પ્રાચીન છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કસુંબીયાવાડો

શીતલનાથ - ગોડી પાર્શ્વનાથ (સં૰ ૧૬૧૩ પૂર્વે)

ચાંચરિયા વિસ્તારમાં આવેલા કસુંબીયાવાડા મધ્યે શ્રી શીતલનાથ તથા શ્રી ગોડી પાર્શ્વનાથનું આરસનું બનેલું, ધાબાબંધી, સંયુક્ત જિનાલય આવેલું છે. કસુંબીયાવાડામાં પ્રવેશતાં જિનાલયનો પાછળનો ભાગ (ભગવાનની પીઠાવાળી દીવાલ) પડે છે.

અહીંની ધાબાની પાળી ઉપર નારીનાં શિલ્પો, તેની નીચેની દીવાલ પર યક્ષ, તેની નીચે પાંખ પસારીને વિવિધ મુદ્રામાં ફૂલોના ગુચ્છા સાથે બેઠેલી પરીઓનાં શિલ્પો પણ ધ્યાન ખેંચે છે. જિનાલયમાં બે વર્ષ પહેલાં રંગકામ કર્યું હોવાથી જિનાલય અતિ સુંદર દીસે છે. (જુઓ ફોટોગ્રાફ નં૰ ૨૫) સુંદર શિલ્પોથી શોભતી શૃંગારચોકી ઝીણી કોતરણીવાળી અને કમાનયુક્ત છે. ધાબાવાળા ભાગની પાળી ઉપર સિંહ તથા તાપસ વગેરેનાં શિલ્પો સુંદર દીસે છે. પ્રવેશદ્વાર પાસે ઝીણી કોતરણીમાં વિશિષ્ટ શિલ્પકારીગરી છે. અહીં ખેલ, રમતગમત અને પશુપંખીઓનાં શિલ્પો નાવીન્યયુક્ત છે જેમકે– રીંછનો ખેલ બતાવતો મદારી, હાથી, મલ્લ કુસ્તી તથા વાંદરાનો ખેલ બતાવતો મદારી ઉપરાંત સર્પચક્ર, સિંહ, હાથી, પોપટ, ફળોની બાસ્કેટ તથા અનાનસની વચ્ચે ચક્ર અને તેની આજુબાજુ મોર – આ કોતરણી પર કરેલા રંગની મેળવણી ખૂબ જ સુંદર તથા લોકોનું ધ્યાન કેન્દ્રિત કરે તેવી છે. પ્રવેશદ્વાર પાસે પાર્ટિશન પર મહાવીરસ્વામી તથા ચંડકૌશિક નાગનો પ્રસંગ તથા અન્ય એક પાર્ટિશન પર ચંદનબાળાના હાથે ભગવાનના પારણાનું ચિત્રકામ છે. જિનાલયના આગળના ભાગમાં ઉપર ધાબાની પાળી પાસે ગૌમુખની રચના કરવામાં આવેલ છે કે જેમાંથી વરસાદનું પાણી ધાબામાં ભરાઈ ન રહેતાં નીચે પડે. અહીં ઉપરની દીવાલે વીણા વગાડતી નારીનાં શિલ્પો તથા ખૂણામાં હાથીનાં શિલ્પો છે.

જિનાલયના રંગમંડપમાં પ્રવેશવાના કુલ ત્રણ દ્વાર છે. તે પૈકી મધ્યના પ્રવેશદ્વારે બન્ને બાજુ એક હાથમાં રૂમાલ અને બીજા હાથમાં ગુલદસ્તો રાખેલા દ્વારપાળનું શિલ્પ છે. પ્રવેશદ્વારની બાજુમાં જ એક નાની દેવકુલિકાની રચના કરવામાં આવેલ છે જેમાં શ્રી ગોડી પાર્શ્વનાથની ૧૯" ઊંચાઈ ધરાવતી પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. અહીં કુલ પાંચ આરસપ્રતિમા છે.

જિનાલયનો રંગમંડપ સાદો છે. અહીં પ્રવેશતાં જમણી બાજુ ગોખમાં ગોરૈયાવીરદાદાની મૂર્તિ છે. ડાબી બાજુ શત્રુંજય તીર્થનો ભીંત પર પથ્થર વડે ઉપસાવેલ પટ છે.

ગર્ભદ્વાર ત્રણ છે. ગર્ભદ્વારની બારસાખ પર કોતરણી તથા શિલ્પોની રચના છે. ગભારામાં શ્રી શીતલનાથની ૩૧" ઊંચાઈ ધરાવતી સપરિકર પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. અહીં દસ આરસપ્રતિમા છે જે પૈકી કાઉસ્સગ્ગમુદ્રામાં એક પ્રતિમા છે અને અઠ્ઠાવીસ ધાતુપ્રતિમા છે. જમણે ગભારે શ્રી શાંતિનાથ તથા ડાબે ગભારે શ્રી ધર્મનાથ બિરાજમાન છે. મૂળનાયકની પાછળની દીવાલે ઉપરના ભાગમાં 'સં૰ ૧૯૩૮ શ્રાવણ વદ પાંચમ' લખેલ છે.

આ જિનાલયમાંના ખેલ તથા રમતગમતના તેમજ પરીઓનાં શિલ્પો વિશિષ્ટ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઐતિહાસિક સંદર્ભ

આ સંયુક્ત જિનાલયનો ઉલ્લેખ **સં૰ ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં સૌ પ્રથમ વાર મળે છે. તે સમયે રાજકાવાડા અંતર્ગત કસુંબીયાવાડાનો ઉલ્લેખ મળે છે. અહીં શીતલનાથ, પાર્શ્વનાથ, મહાવીરસ્વામી તથા પાર્શ્વનાથ (મહં જસવંતનું ઘરદેરાસર) અને બઇસારુનું ઘરદેરાસર – એમ કુલ પાંચ જિનાલયો વિદ્યમાન હતાં.

પાડઇ મહં વિદ્યાધર શાંતિનાથ સોહકર સખકર પ્રતિમા ત્રણિ તિહાં ખરીએ
કસૂબીઆપાડઇ કહી **શીતલ** જિન ભવને એ, સામહી નવ પ્રતિમા સેવા કરી એ ૩૫

બીજઇ દેહરઇ જાઈઇ **પાસ** જિણેસર ધ્યાઈઇ, ગાઈઇ બિંબ તેર નિતુ ભાવસું એ
કોઠારી મનિ આણીઇ ચ્યાર પ્રતિમા **વીર** જાણીઇ ગુણ ઘણી
મહં જસવંત ઘરિ આવસૂં એ ૩૬

સામલ વન્ન શ્રી **પાસ** એ પૂરઇ મનની આસ એ પાસઇ એ ત્રિણિ પ્રતિમા પીતલ તણીઇ
આવ્યા **ઘરિ બઈસારુ** એ કાસગીયા બે વારુ એ ધારુ એ
નવ પ્રતિમા તિહાં ગુણ ઘુણી એ ૩૭

સં૰ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **કુસુંભીઆપાડો** વિસ્તારમાં શીતલનાથ તથા પાર્શ્વનાથનાં બે જિનાલયો અને જગપાલનું ઘરદેરાસર તથા મનમોહન પાર્શ્વનાથ (વાછા દોસીના ઘરે) – એમ કુલ ચાર જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ મળે છે :

કુસુંભીઆ પાટકિ હિવઇ, દીઠલા **શીતલ** દેવ રે.
ઉગણીસ પડિમા તિહાં જુહારીઇ, વારીઇ દુરગતિ દેવ રે ॥૯૫॥

પેષઉ ૨ શ્રી જિનચંદ્રમા, પામઉ ૨ સુક્ખ ઉદાર રે.
ભવિઅ ચકોર જિણઇ દીઠઇ, ઉલ્હસઇ હઈઇ અપાર રે. પેષુ ૨ શ્રી જિન૰ આંચલી॥

બીજઇ દેહરઇ હિવઇ વદીઇ, **પાસજિન** પ્રતિમા બાર રે.
જગપાલ દેહરાસરિ નમી, પડિમા વીસ જ સાર રે ॥ પેષુ૰ ૯૬॥

વાછા દોસી ઘરિ હિવઇ પૂજીઇ, **મોહનપાસ** જિનદેવ રે.
સોલ જ બિંબ અવર નમું, કીજઇ ૨ ભગતઇ સેવ રે ॥ પેષુ૰ ૯૭॥

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **કોસંબીયાપાડા**માં શીતલનાથ અને પાર્શ્વનાથના જિનાલયોનો ઉલ્લેખ નીચે મુજબ થયેલો છે :

કોસંબીયાપાડે શીતલબિંબ અઢાર,
શ્રી પાસ જિણેસર બીજે દેહરે જુહાર ॥

ત્યારબાદ **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં શીતલનાથના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયના ભોંયરામાં પરગટ પાર્શ્વનાથ બિરાજમાન હોવાનો ઉલ્લેખ મળે છે. એટલે કે તે સમયે આ જિનાલય ભોંયરાવાળું હતું. અગાઉ બન્ને જિનાલયો અલગ-અલગ દર્શાવેલાં છે.

કસુંબીયા વાડેં નમું રે, સાહિબ **સીતલનાથ,**
ભુંયરા માહેં પ્રભુ ભેટીયા રે, **પરગટ પાર્શ્વનાથ.** ૧૩ સો૰

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં **કસૂંબીઈવાડેં** બે જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ મળે છે :

કસૂંબીઈ વાડેં દોય વલી, યોગી એક દીંઠ;
અનુપમ પૂંજીઈ જાંણીઈ, દેવલ દોય ગરીઠ. સં૰ ૧૮

જિનાલયમાં આજે મૂળનાયકની પાછળની દીવાલ પર 'સં૰ ૧૯૩૮ શ્રાવણ વદ પાંચમ' મુજબનું લખાણ છે. સંભવ છે કે તે સમયે આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયો હોય અને જીર્ણોદ્ધાર સમયે ભોંયરું પૂરી દેવામાં આવ્યું હોય અને ભોંયરામાંના પાર્શ્વનાથ ભગવાન ઉપર દેવકુલિકામાં બિરાજમાન કર્યા હોય તેવી શક્યતા છે.

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં **કસુંબીયાપાડા**માં શીતલનાથ તથા ગોડી પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે :

સદ્ભક્ત્યા પ્રણમામિ **શીતલમહં પાડેઽબ્જિમેતાભિધે,**
તીર્થેશં ચ **કસુંબિયાગમભિતો** વંદે સદા **શીતલમ્** ।
ગોડીપાર્શ્વમથો નમામિ કિલ સંઘેશાખ્યપાડે સ્થિતૌ,

સં૰ ૧૯૫૯માં પાર્શ્વનાથને બદલે ગોડી પાર્શ્વનાથના નામનો ઉલ્લેખ સૌ પ્રથમ વાર મળે છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ગોડી પાર્શ્વનાથ તથા શીતલનાથના જિનાલયને અલગ-અલગ દર્શાવ્યા છે. ગોડી પાર્શ્વનાથનું જિનાલય **શિખર વિનાનું** દર્શાવ્યું છે. તેમાં પાંચ આરસપ્રતિમા અને નવ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. શીતલનાથનું જિનાલય ધાબાબંધી દર્શાવ્યું છે. તેનો સમય સં૰ ૧૯૪૨ દર્શાવ્યો છે. સંભવ છે કે સં૰ ૧૯૩૮ કે સં૰ ૧૯૪૨માં જીર્ણોદ્ધાર થયો હોય. શીતલનાથના જિનાલયમાં બાર આરસ-પ્રતિમા અને અઢાર ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. ઉપરાંત **સં૰ ૧૯૬૩**માં **કસુંબી પાડા**માં શા૰ બુલાખી રાયચંદ પરિવારનું ઘરદેરાસર પણ વિદ્યમાન હતું.

સં૰ ૨૦૦૮માં તથા **સં૰ ૨૦૧૮**માં કસુંબીઆપાડામાં શીતલનાથ તથા ગોડી પાર્શ્વનાથના જિનાલયને સંયુક્ત જિનાલય દર્શાવવામાં આવ્યું છે.

જિનાલયનો વહીવટ આ વિસ્તારમાં જ રહેતા શ્રી નરેનભાઈ ઈશ્વરલાલ સાંડેસરા, શ્રી કલ્પેશભાઈ શાંતિલાલ શાહ અને મુંબઈનિવાસી શ્રી રજનીભાઈ નાગરદાસ શાહ હસ્તક છે.

ટૂંકમાં શીતલનાથ તથા ગોડી પાર્શ્વનાથનું આ સંયુક્ત જિનાલય **સં૰ ૧૬૧૩ પૂર્વે**નું છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાજકાવાડો

રાજકાવાડો વિસ્તારનો સૌ પ્રથમ તેના નામોલ્લેખ સાથે ઉલ્લેખ ચૈત્યપરિપાટીઓમાં **સં૰ ૧૫૭૬**ની સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મળે છે. તે સમયે આ વિસ્તારમાં પાર્શ્વનાથનું જિનાલય વિદ્યમાન હતું. રાજકાવાડો વિસ્તાર પાટણમાં ઘણો મોટો વિસ્તાર છે. તેની અંતર્ગત ઘણા વિસ્તારો સ્વતંત્ર નામોલ્લેખ સાથે વિદ્યમાન હતા. આજે પણ તે પૈકીના કેટલાક વિસ્તારો વિદ્યમાન છે.

સં૰ ૧૬૧૩માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં રાજકાવાડો વિસ્તાર રાઈયાસેણી તરીકે પ્રચલિત હતો. આ વિસ્તાર અંતર્ગત મહં વિદ્યાધરનો પાડો, કસુંબીયાપાડો, કોવારીપાડો, સંઘવીનો પાડો વિદ્યમાન હતા.

સં૰ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં રાજકાવાડા નામનો ઉલ્લેખ થયો નથી. પરંતુ પૂર્વે તેની અંતર્ગત આવેલા અને હાલ સ્વતંત્ર વિસ્તારો તરીકે અસ્તિત્વ ધરાવતા વિસ્તારોનો ઉલ્લેખ તે સમયે પણ સ્વતંત્ર વિસ્તાર તરીકે થયેલો જોવા મળે છે. ૧. કસુંબીયાવાડો, ૨. માલૂસંઘવીનો પાડો. ઉપરાંત આજે રાજકાવાડા અંતર્ગત આવેલા વિસ્તારોનો પણ તે સમયે સ્વતંત્ર નામોલ્લેખ થયેલો છે. ૧. મહેતા અબજીનો પાડો, ૨. બલીયાનો પાડો, ૩. ચોખાવટીનો પાડો અને ૪. મલ્લિનાથનો પાડો.

ત્યારબાદ **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં પણ રાજકાવાડા નામનો ઉલ્લેખ થયો નથી. પરંતુ અગાઉની જેમજ **સં૰ ૧૭૨૯**માં પણ કોસંબીયાપાડો અને સંઘવીની પોળ અલગ વિસ્તાર તરીકે નામોલ્લેખ પામેલા છે. જ્યારે આજે રાજકાવાડા અંતર્ગત આવેલા વિસ્તારોનો પણ તે સમયે સ્વતંત્ર વિસ્તારો તરીકે ઉલ્લેખ મળે છે. ૧. અબજી મહેતાનો પાડો, ૨. સુંબલીનો પાડો, ૩. ચોખાવટીનો પાડો, ૪. લખીયારવાડો અને ૫. મલ્લિનાથનો પાડો.

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં કેટલાક વિસ્તારો જે અગાઉ રાજકાવાડામાં હતા, તેનો સ્વતંત્ર નામોલ્લેખ થયો છે. તથા કેટલાક વિસ્તારો રાજકાવાડાની અંતર્ગત દર્શાવવામાં આવ્યા છે. કસુંબીયાવાડો તથા સંઘવીની પોળનો ઉલ્લેખ સ્વતંત્ર થયો છે. જ્યારે અબજી મહેતાનો પાડો, લખીયારવાડો તથા મલ્લિનાથની પોળનો ઉલ્લેખ રાજકાવાડાની અંતર્ગત થયેલો છે.

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં રાજકાવાડા નામનો ઉલ્લેખ આવતો નથી. દરેક વિસ્તાર સ્વતંત્ર દર્શાવવામાં આવ્યો છે. ૧. અબજી મહેતાનો પાડો, ૨. બલીયાર પાડો, ૩. ચોખાવટ્ટીયપાડો, ૪. કેશુશેઠનો પાડો, ૫. પાઠશાળાનો પાડો, ૬. લખીયારવાડો અને ૭. મલ્લિનાથનો પાડો.

ત્યારબાદ અદ્યાપિપર્યંત આ વિસ્તારો સ્વતંત્ર વિસ્તાર તરીકે જ નામોલ્લેખ પામ્યા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આજે વિદ્યમાન જિનાલયો, જે સ્વતંત્ર વિસ્તારોમાં આવેલાં છે, તે જિનાલયોની વિગતવાર નોંધ તે તે વિસ્તારમાં કરવામાં આવેલ છે. જ્યારે આજે વિદ્યમાન નથી પરંતુ અગાઉ વિદ્યમાન હતાં તેવાં રાજકાવાડાની અંતર્ગત વિસ્તારોનાં જિનાલયો વિશે હવે વિગતવાર નોંધ જોઈએ :

સં૰ ૧૫૭૬માં સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **રાતકાવાડા**માં પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે :

રાતકાવાડઈ રતનનિધિ, **પાસ જિણેસર** દિટ્ઠ ત,

સં૰ ૧૬૧૩માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **મહં વિદ્યાધરના પાડામાં** શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે :

સતરભેદસું વધિ સહી **રાઈયાસેણી** માહિ કહી આણ વહી પૂજા કીધઈ ફલ ઘણા. એ ૩૪

પાડઈ મહં વિદ્યાધર શાંતિનાથ સોહકર સખકર પ્રતિમા ત્રણિ તિહાં ખરીએ
કસૂબીઆપાડઈ કહી **શીતલ** જિન ભવને એ, સામહી નવ પ્રતિમા સેવા કરી એ ૩૫

ઉપરાંત રાજકાવાડા અંતર્ગત **કોવારીપાડા**નાં જિનાલયોનો ઉલ્લેખ થયો છે : ૧. પાર્શ્વનાથ, ૨. નાકરમોદીનું ઘરદેરાસર, ૩. મંત્રી જેરાજનું વાસુપૂજ્યસ્વામીનું ઘરદેરાસર અને ૪. વીરશાનું પાર્શ્વનાથનું ઘરદેરાસર.

કોવારી પાડઈ હરષીઈ **પાસ** જિણેસર નિરષીઈ પરખીઈ એકાદશ જિન સુંદરુ એ
ઘરિ નાકર મોદી તણઈ છ પ્રતિમા હરષિ ઘણિ ગુણ ઘણઈ જેહના દેવી સુરવરુ એ ૩૮

સહી **ઘરિ મંત્રી જેરાજ** એ **વાસપુજ્ય** તિહાં છાજઈ એ વાજઈ એ મદ્દલ તાલ સઘૂઘરીએ
જિન પ્રતિમા તિહાં ચ્યાર એ પૂજિત પામઈ પાર એ સાર એ પૂજ કરુ ભાવિ કરી એ ૩૯

વીરાષા એષિ ઘર સાર એ **વામાદેવિ મલ્હાર** એ હાર એ ચંપકમઈ સોવ્યન તણા એ
બિંબ આઠ તિહા પૂજીજઈ સતર ભેદ વધિસું કીજઈ એ જન્મ સફલ માનવ તણુ એ ૪૦

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં રાજકાવાડા વિસ્તાર અંતર્ગત **દોશી વછામૂલજીનો પાડો** દર્શાવ્યો છે અને તેમાં સંભવનાથના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે :

દોસી વછા મૂલજી તણૈ રે, **પાડા** માંહેં જિનરાજ,
સંભવનાથ નિહાલતા રે, સિદ્ધી વંછીત કીજો રે. ૧

ઉપરાંત **ખીમજી ફડિયાના પાડા**માં ચારૂપપાર્શ્વનાથના ઘરદેરાસરનો ઉલ્લેખ થયેલો છે :

ષીમજી ફડીયાનઈ અછે રે, **પાડા** માંહેં જિનગેહ,
ચારુપાસ જુહારીયે, દરસન દુર્લભ જેહો રે. ૩ ચૈ૰

કસુંબીયાપાડો, સંઘવીની પોળ, અબજીમહેતાનો પાડો, બળીયાપાડો, ચોખાવટીયાની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પોળ (અજિતનાથની પોળ), કેશુશેઠની પોળ, નિશાળનો પાડો, લખીયારવાડો તથા મલાતનો પાડો વિસ્તારો પૈકી આજે કસુંબીયાપાડો તથા સંઘવીની પોળ સ્વતંત્ર વિસ્તાર તરીકે ઓળખાય છે. જ્યારે બાકીના વિસ્તારો રાજકાવાડાની અંતર્ગત ગણાય છે. આ વિસ્તારોના જિનાલયોની વિગતવાર નોંધ હવે જોઈએ :

• • •

અબજીમહેતાનો પાડો, રાજકાવાડો

શીતલનાથ (સં૰ ૧૬૪૮ પૂર્વે)

રાજકાવાડા વિસ્તારમાં આવેલી અબજી મહેતાની પોળમાં પ્રવેશતાં જ જિનાલયનો ઘુમ્મટ તથા તેનું પ્રવેશદ્વાર નજરે પડે છે. જિનાલય પોળના ખૂણાના ભાગમાં આવેલું છે. પ્રવેશતાં જે દેખાય છે તે પ્રવેશદ્વાર પોળની બહાર પડતું હોવાથી, હાલમાં તે બંધ રાખવામાં આવે છે. અંદરના ભાગે આવેલું અન્ય પ્રવેશદ્વાર ઉપયોગમાં લેવાય છે.

ઝાંપામાંથી ચોકમાં પ્રવેશી, પાંચ પગથિયાં ચડો એટલે જિનાલયનો ઓટલો આવે. આ શૃંગારચોકીમાં રંગીન, કોતરણીયુક્ત છ થાંભલા છે અને લાકડાનાં ત્રણ પ્રવેશદ્વાર છે. એના પર મયૂર અને મંદિરની રચના છે. રંગમંડપમાં પણ સામસામે અન્ય બે દ્વાર છે.

રંગમંડપની દીવાલ પર મધ્યમ કદના ચાર લાકડાનાં કબાટો છે. ડાબી બાજુ ચક્રેશ્વરીદેવીનો ગોખ છે. રંગમંડપના ઘુમ્મટમાં ઉપર નીચે આઠ આઠ નૃત્ય કરતી પૂતળીઓ છે. અષ્ટકોણ બનાવતા તોરણયુક્ત રંગીન થાંભલા છે. તેના પર પણ પૂતળીઓ છે.

ત્રણ ગર્ભદ્વાર છે. ગભારામાં કુલ સાત આરસપ્રતિમા છે જે પૈકી ૨૫'' ઊંચાઈ ધરાવતી શ્રી શીતલનાથની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. મૂળનાયકની બાજુમાં જ ૧૯'' ઊંચાઈ ધરાવતી સ્ફટિકની શ્રી પાર્શ્વનાથની એક મનોહારી પ્રતિમા બિરાજમાન છે. વળી, અહીં સત્તાવીસ ધાતુપ્રતિમા છે. મૂળનાયકની પાછળની દીવાલે બે દેવીઓ ચિત્રિત કરેલ છે. ગભારા ફરતે પ્રદક્ષિણા કરી શકાય તેવી જગ્યા છે.

ઐતિહાસિક સંદર્ભ

આ જિનાલયનો ઉલ્લેખ **સં૰ ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં સૌ પ્રથમ વાર મળે છે. તે સમયે આ વિસ્તારમાં બે જિનાલયો વિદ્યમાન હતાં. ૧. શીતલનાથ અને ૨. શાંતિનાથ

મહિતા અબજી પાટકિ જાણીઇ એ, **શીતલ જિનવર** દેવ તુ. ધન ૨ ॥જિ૰॥૯૩॥
જિનવર સાત તિહાં અરચીઆ એ, લહુ દેહરઇ જિન **શાંતિ** તુ. ધન ૨ ॥જિ૰॥૯૪॥

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં પણ **અબજીમહેતાના પાડા**માં ઉપર્યુક્ત બે જિનાલયો વિદ્યમાન હોવાની નોંધ મળે છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અબજીમહેતાને પાડે શીતલનાથ,
પ્રતિમા સડતાલીસ, પ્રતિમા દોએ **શાન્તિનાથ.**

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ વિસ્તારમાં શીતલનાથનું માત્ર એક જ જિનાલય વિદ્યમાન હતું.

અબજી મહતાનેં જઈ **પાડા** માંહે જિનરાજ,
સીતલનાથ જોહારીયે, તારણતરણ જિહાજ.

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં પણ **અબજીમહેતાના પાડા**માં શીતલનાથના એક જિનાલયનો ઉલ્લેખ મળે છે :

સદ્ભક્ત્યા પ્રણમામિ **શીતલમહં પાડેઽબ્જિમેતાભિધે,**

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં શીતલનાથના આ જિનાલયને **શિખર વિનાનું** દર્શાવ્યું છે. જિનાલયમાં સાત આરસપ્રતિમા અને અઠ્યાવીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. ઉપરાંત તે સમયે રવજીમેતાના પાડામાં ત્રિભુવનદાસ દીપચંદ પરિવારના એક ઘરદેરાસરનો ઉલ્લેખ થયેલો છે. સંભવ છે કે અબજીમહેતાના પાડાના સંદર્ભમાં જ આ નામનો ઉલ્લેખ થયો હોય.

સં૰ ૨૦૦૮માં તથા **સં૰ ૨૦૧૮**માં પણ શીતલનાથના જિનાલયનો ઉલ્લેખ થયો છે.

સ્થાનિક માહિતી પ્રમાણે આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયેલો છે. જો કે જીર્ણોદ્ધારના સમયની માહિતી ઉપલબ્ધ નથી. વહીવટ આ વિસ્તારમાં રહેતા શ્રી વિક્રમભાઈ ખોડીદાસ સાંડેસરા તથા મુંબઈનિવાસી શ્રી ચંદુલાલ લલ્લુભાઈ સાંડેસરા હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૪૮ પૂર્વે**નું છે.

• • •

બળિયાપાડો, રાજકાવાડો

આદેશ્વર (સં૰ ૧૬૪૮ પૂર્વે)

રાજકાવાડા વિસ્તારમાંના બળિયાપાડાની અંદર ખૂણામાં આરસ અને કાષ્ઠનિર્મિત શ્રી આદેશ્વરનું ઘરદેરાસર જેવું લાગતું એકલુ અટૂલું નાનું, ધાબાબંધી જિનાલય આવેલું છે. આજે આ વિસ્તારમાં જૈનોની વસ્તી નથી.

જિનાલયના પ્રવેશદ્વારે કોતરેલા મોર છે. આખો રંગમંડપ વિવિધ પટ-પ્રસંગોથી ભરપૂર છે. અહીં ડાબી બાજુની દીવાલ પર શત્રુંજય, પાવાપુરીનો પટ તથા છ લેશ્યા દર્શાવતો પટ, ગજસુકુમાલમુનિ, ભગવાન મહાવીર તથા ચંડકૌશિક નાગનો પ્રસંગ ચિત્રિત થયા છે. ડાબી બાજુની દીવાલે સમેતશિખરનો પટ તથા ભગવાન આદેશ્વરનું ઈક્ષુરસથી થતું પારણું,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધ્યાનમુદ્રામાં તીર્થંકર પરમાત્મા, મધુબિન્દુ દૃષ્ટાંતના આલેખન છે. જિનાલયના પ્રવેશદ્વારની ઉપરની દીવાલે રંગકામયુક્ત પદ્માવતીદેવીનું આલેખન થયેલું છે.

ગભારામાંના ટાઇલ્સ ધ્યાન ખેંચે છે. પીરોજા રંગની વચ્ચે ઉપસેલા ગુલાબી ગુલાબવાળા ટાઇલ્સ ખરે જ, સુંદર લાગે છે. ૧૩"ની ઊંચાઈ ધરાવતી શ્રી આદેશ્વરની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. અહીં કુલ અગિયાર આરસપ્રતિમા અને ચાર ધાતુપ્રતિમા છે. ઉપરાંત ધાતુના એક ચૌમુખજી છે. અહીં ડાબી બાજુએ પદ્માવતીદેવીની આરસમૂર્તિ છે.

ઐતિહાસિક સંદર્ભ

રાજકાવાડા અંતર્ગત આવેલો આ વિસ્તાર અગાઉ **બલિયાનો પાડો, સુંબલીનો પાડો, બલીયાની પોળ, બલીયારપાડો** વગેરે નામોથી ઓળખાતો હતો. આ વિસ્તારના આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ **સં. ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મળે છે :

....., **પાટકિ બલિઆનઈ** ભાવિ તુ. ધન ૨ ॥જિ॥૯૧॥

રિસહ જિનવર પૂજીઆ એ, ઇગ્યારનઈ પ્રમાણિ તુ. ધન ૨ ॥જિ॥૯૨॥

ત્યારબાદ **સં. ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ જિનાલય **સુંબલીનો પાડો** વિસ્તારમાં દર્શાવ્યું છે. ચૈત્યપરિપાટીમાં ચોખાવટીના પાડા પછી તુરત જ આ વિસ્તાર દર્શાવવામાં આવ્યો છે.

ચોખાવટીએ શાંતિ જિનવર, છેંતાલીસ બિંબ અલંકર્યા.
દોઢસો જિન **સુંબલીએ પાડે, રિષભજિન** જગ જય વર્યા ॥૮॥

સં. ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

ચોષાવટી પોલેં જઈ રે, ભેટા **શ્રી સાંતિનાથ,**
બલીયાની પોલેં ભલા રે, ભેટ્યા **શ્રી આદિનાથો** રે. ૨ ચૈત્ય૦

સં. ૧૯૫૯માં પં૦ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં પણ આ જિનાલયનો ઉલ્લેખ મળે છે :

વૃષભવિભુમપીહ સ્વર્ણવર્ણાઢ્ય દેહમ્ ।
સ્થિતમભિનતલોકં **પાટકે બલ્લિયાલે,**
ભવિકકમલબોધે લોકબંધું જિનેશમ્ ॥૨૭॥

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આદેશ્વરના આ જિનાલયનો ઉલ્લેખ સરતચૂકથી લખીયારવાડા વિસ્તારમાં થયો હોવો જોઈએ. તે સમયે જિનાલય **શિખર વિનાનું** હતું. જિનાલયમાં અગિયાર આરસપ્રતિમા અને આઠ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. આજે પણ આ જિનાલયમાં અગિયાર આરસપ્રતિમા બિરાજમાન છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૨૦૦૮માં તથા **સં૰ ૨૦૧૮**માં બળીયાપાડામાં આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે.

આજે આ જિનાલયનો વહીવટ અજિતનાથની પોળમાં (ચોખાવટીયાની પોળમાં) રહેતા શ્રી જયંતિભાઈ દલછાચંદ મહેતા હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૪૮ પૂર્વે**નું છે.

• • •

અજિતનાથની પોળ (ચોખાવટીયાની પોળ), રાજકાવાડો

અજિતનાથ (સં૰ ૨૦૦૮ પૂર્વે)

શાંતિનાથ (સં૰ ૧૬૪૮ પૂર્વે)

આજે રાજકાવાડા વિસ્તારમાં આવેલ અજિતનાથની પોળ અગાઉ **ચોખાવટીયાની પોળ** તરીકે ઓળખાતી હતી. આજે આ પોળમાં બે મજલાવાળું શ્રી અજિતનાથનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

જિનાલયના પ્રવેશદ્વારની કમાનમાં આરસની એક સુંદર છત્રી છે. તેમાં જો કે મૂર્તિ નથી. ચામર વીંઝતાં બે હાથીનાં શિલ્પો પણ મનોહર છે. ત્યારબાદ એક નાનો ચોક આવે છે જે વટાવીને ચાર પગથિયાં ચઢતાં, જિનાલયની શૃંગારચોકી આવે. અહીંના કાષ્ઠસ્તંભ અને તેનું તોરણ તથા ટોડલાની કોતરણી રમણીય છે. અહીં મધુબિન્દુના દૃષ્ટાંતનું ચિત્રકામ છે. બાજુમાં ગોખ પર બે ફોટાઓ છે જે પૈકી એક નાકોડા ભૈરવનો તથા અન્ય માણિભદ્રવીરનો છે. તેની નીચે ગોખમાં દેવમૂર્તિ છે. પ્રવેશદ્વારની બારસાખની ફરતે ફૂલોનાં ચિત્રો તથા ઉપરના ભાગે પાન, ફૂલ તથા વેલની બારીક કાષ્ઠકોતરણી મનને મુગ્ધ બનાવે છે. બાજુની દીવાલે પદ્માવતીદેવી તથા માણિભદ્રવીરના ફોટા છે.

રંગમંડપમાં કાષ્ઠસ્તંભો અને બારીક કોતરણીયુક્ત ટોડલાઓ છે. મધ્યે જાળિયું છે અને તેને ફરતે કોતરણી છે. રંગમંડપની છત તથા દીવાલો પ્રસંગ અને પટથી ખચિત છે. અહીં ગિરનાર, શત્રુંજય તથા પાવાપુરીના પટ છે તથા મહાવીરસ્વામીના જીવનના ચંડકૌશિક નાગનો, કાનમાંથી ખીલા કાઢવાનો, ગોદોહન આસનમાં થયેલ કેવલજ્ઞાનપ્રાપ્તિ, ચંદનબાળા દ્વારા બાકુળા વહોરવાનો – પ્રસંગો ઉપરાંત આદેશ્વરનો ઈક્ષુરસના પારણાનો તથા જન્માભિષેક પ્રસંગ તેમજ શ્રી પાર્શ્વનાથનો કમઠ દ્વારા થતો ઉપસર્ગનો પ્રસંગ ચિત્રિત થયેલાં છે. રંગમંડપની છતમાં ચૌદ સ્વપ્નો ચીતરાયાં છે.

ત્રણ ગર્ભદ્વારયુક્ત ગભારામાં કુલ નવ આરસપ્રતિમા અને છવ્વીસ ધાતુપ્રતિમા છે. વિશેષમાં અહીં ઘોઘાબાપજીની મૂર્તિ છે. અહીં મૂળનાયક તરીકે ૧૫'' ઊંચાઈ ધરાવતી શ્રી અજિતનાથની પ્રતિમા બિરાજમાન છે. ડાબે ગભારે શ્રી આદેશ્વર તથા જમણે ગભારે શ્રી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધર્મનાથની પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયકની પ્રતિમા પર સં૰ ૧૬૭૨નો લેખ છે.

ઉપરના મજલે આવેલા નાના લાંબા ગભારામાં શ્રી શાંતિનાથની ૭" ઊંચાઈ ધરાવતી પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. ડાબે ગભારે મહાવીરસ્વામી તથા જમણે ગભારે શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા બિરાજમાન છે. અહીં પણ કુલ નવ આરસપ્રતિમા છે અને ચોત્રીસ ધાતુપ્રતિમા છે. ગભારાની ઉપર ત્રણ ઘુમ્મટો છે.

ઐતિહાસિક સંદર્ભ

ચોષાવટીયાના પાડામાં શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ **સં૰ ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મળે છે :

પાટક ચોષાવટી આવીઆ એ, શાંતિ જ જિનવર ભાવિ તુ. ધન ૨
॥જિ॥૮૯॥
દસ જિનવર પૂજીઆ એ, ...
॥જિ॥૯૦॥

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં પણ **ચોખાવટીઆ**માં શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે :

ચોખાવટીએ શાંતિજિનવર, છેંતાલીસ બિંબ અલંકર્યા.
દોઢસો જિન સુંબલીએ પાડે, રિષભજિન જગ જય વર્યા ॥૮॥

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં પણ શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ આ વિસ્તારમાં મળે છે :

ચોષાવટી પોલેં જઈ રે, ભેટા **શ્રી સાંતિનાથ,**
બલીયાની પોલેં ભલા રે, ભેટ્યા **શ્રી આદિનાથો** રે. ૨ ચૈત્ય૰

ત્યારબાદ **સં૰ ૧૮૨૧**માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં **ચોખાવટી-પાડા**માં કુલ બે જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે :

ચોખાવટી વીશા તણેં, **પાડે દોય** ને એક;
લખીયારવાડેં ત્રિણ ભલાં, સેવો ધરીય વિવેક. સં૰ ૧૭

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં **ચોખાવટ્ટીના પાડા**માં આદેશ્વર, શાંતિનાથ અને ધર્મનાથના સંયુક્ત જિનાલયનો ઉલ્લેખ મળે છે :

તમજિતમભિવંદે કેસુનામેભ્યપાડે, **પ્રથમ** જિનપતિં વૈ **ચોખાવટ્ટીયપાડે**,
સુરગણનતપાદં **શાંતિનાથં** જિનેંદ્રં, જિનમતકજસૂર્ય **ધર્મનાથં** ચ નૌમિ

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં **ચોખાવટીયાની પોળ**માં આદેશ્વરના જિનાલયને **શિખર વિનાનું** દર્શાવ્યું છે. જિનાલયમાં એકવીસ આરસપ્રતિમા અને છાસઠ ધાતુપ્રતિમા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૧૯૬૭માં ચોખાવટીયાના પાડામાં આદેશ્વર, ધર્મનાથ તથા શાંતિનાથના સંયુક્ત જિનાલયનો ઉલ્લેખ મળે છે.

સં૰ ૨૦૦૮માં આ વિસ્તારમાં સૌ પ્રથમ વાર મૂળનાયક તરીકે અજિતનાથનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે. તે સમયે અજિતનાથ, ધર્મનાથ અને શાંતિનાથનું સંયુક્ત જિનાલય વિદ્યમાન હતું. એટલે કે **સં૰ ૧૯૬૭** પછી અને **સં૰ ૨૦૦૮** પૂર્વે આ જિનાલયના મૂળનાયકમાં ફેરફાર થયેલો છે.

આજે અજિતનાથના ગભારામાં નવ આરસપ્રતિમા અને પહેલે માળે આવેલાં શાંતિનાથના ગભારામાં નવ આરસપ્રતિમા બિરાજમાન છે. બન્ને ગભારામાં થઈને કુલ સાઠ ધાતુપ્રતિમા છે. વહીવટ આ વિસ્તારમાં જ રહેતા શ્રી જયંતિભાઈ દલછાચંદ મહેતા હસ્તક છે.

આ જિનાલયના પહેલે માળ આવેલા શાંતિનાથ **સં૰ ૧૬૪૮ પૂર્વે**ના છે. આદેશ્વર તથા ધર્મનાથ **સં૰ ૧૯૫૯ પૂર્વે**ના છે. અને અજિતનાથ **સં૰ ૧૯૬૭** પછી અને **સં૰ ૨૦૦૮ પૂર્વે**ના છે. અજિતનાથની પ્રતિમા પર સં૰ ૧૬૭૨નો લેખ છે. **સં૰ ૧૯૬૭** થી **સં૰ ૨૦૦૮** દરમ્યાન આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયો હોવાનું માની શકાય.

મૂળનાયક અજિતનાથના સંદર્ભમાં આ જિનાલય **સં૰ ૨૦૦૮ પૂર્વે**નું નક્કી કરી શકાય. પરંતુ આજે પહેલે માળ આવેલા શાંતિનાથના જિનાલયના સંદર્ભમાં આ જિનાલય **સં૰ ૧૬૪૮ પૂર્વે**નું છે.

• • •

કેશુશેઠની પોળ, રાજકાવાડો

અજિતનાથ (સં૰ ૧૯૫૯ પૂર્વે)

રાજકાવાડા વિસ્તારમાં આવેલ કેશુશેઠની પોળમાં છેક અંદરના ભાગમાં આવેલા મોટા ચોકના ખૂણા પર સામરણયુક્ત શિખરવાળું શ્રી અજિતનાથનું જિનાલય આવેલું છે. રક્ષણ માટે હોય તેમ નીચે ચારેબાજુ ઓટલાને ફરતે પાળી બનાવી લોખંડની જાળી લગાવી દેવામાં આવેલ છે. વચ્ચે વચ્ચે હાથી હારબંધ ગોઠવેલ છે.

લોખંડના જાળીવાળા મુખ્ય દ્વારમાં પ્રવેશી, ચાર પગથિયાં ચડીએ એટલે શૃંગારચોકી આવે. તેના પથ્થરના થાંભલા સાદી કોતરણીવાળા રંગીન છે. શૃંગારચોકી ઉપર નાનો ઘુમ્મટ છે.

રંગમંડપમાં પ્રવેશવાના દ્વારની ઉપરના ભાગે ઇન્દ્ર અને નીચે દ્વારપાળ અંકિત કરેલા છે. તેની બારસાખમાં બન્ને બાજુએ પૂતળીઓ મૂકેલી છે. ઉપરના ભાગમાં વચ્ચે લક્ષ્મીજી અને હાથી તથા બાજુમાં ભગવાનની મૂર્તિ અને હાથી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આખો રંગમંડપ લટકતી પુષ્કળ હાંડીઓથી શોભે છે. ઉપરના ભાગમાં સિંહ અને વાજિંત્ર વગાડતી નૃત્યાંગનાઓ બેઠેલી છે. રંગમંડપના ઘુમ્મટમાં ઘણાં ચિત્રો દોરેલાં છે જેમાં ચંડકૌશિકનો ઉપસર્ગ, ચંદનબાળાનું દાન, પરમ સાધનામાં લીન ઊભેલ પ્રભુજી, શૂલપાણિયક્ષનો ઉપસર્ગ વગેરે પ્રસંગોનો સમાવેશ થાય છે. જમણી બાજુની દીવાલે સમેતશિખર, ગિરનાર તથા આબુના પટ છે. ડાબી બાજુની દીવાલે ભગવાન મહાવીરસ્વામીનું સમવસરણ અને રાજા શ્રેણિકની સવારી, પાવાપુરીનું જલમંદિર, અષ્ટાપદ તીર્થ તથા શત્રુંજય તીર્થના પટ તથા પ્રસંગો છે. પટની ઉપરની દીવાલમાં ચારેબાજુ સુંદર ફ્રેમમાં મઢેલા ફોટાઓ મૂકેલા છે.

રજતજડિત, સુંદર ત્રણ ગર્ભદ્વારની નીચેના ભાગમાં ચામર વીંઝતાં ઇન્દ્ર અને ઉપરના ભાગમાં લક્ષ્મીજી સાથે હાથી અંકિત કરેલા છે તથા ભગવાનનું શિલ્પ છે. ગભારામાં ૧૯'' ઊંચાઈ ધરાવતી શ્રી અજિતનાથ ભગવાનની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. તેને ડાબે ગભારે શ્રી સંભવનાથ અને જમણે ગભારે શ્રી અજિતનાથ બિરાજે છે. ભગવાનની આગળ નીચે પગથિયાવાળું જરમનનું મઢેલું પબાસન મૂકેલું છે. અહીં ત્રણ રજત છત્રીઓ છે જેમાં આ પ્રતિમાઓ બિરાજમાન છે. આ છત્રીમાં ઉપર નાનો ઝરૂખો અને ઇન્દ્રાણીની રચના છે. અહીં કુલ ત્રણ આરસપ્રતિમા તથા કુલ બાર ધાતુપ્રતિમા છે. મૂળનાયકની પ્રતિમા પર સં૰ ૧૬૬૩નો લેખ છે તથા ડાબે જમણે ગભારે બિરાજમાન સંભવનાથ તથા અજિતનાથની પ્રતિમા પર સં૰ ૧૯૦૩નો લેખ છે.

ઐતિહાસિક સંદર્ભ

અજિતનાથના આ જિનાલયનો ઉલ્લેખ સૌ પ્રથમ **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં મળે છે :

તમજિતમભિવંદે કેસુનામેભ્યપાડે, પ્રથમ જિનપતિં વૈ ચોખાવટ્ટીયપાડે,

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં **કેસુરશેઠના મહોલ્લા વચ્ચે** આવેલા અજિતનાથના જિનાલયને **શિખર વિનાનું** દર્શાવ્યું છે. જિનાલયમાં ત્રણ આરસપ્રતિમા અને બાર ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૦૮માં અને **સં૰ ૨૦૧૮**માં પણ **કેશુશેઠના પાડા**માં અજિતનાથના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે.

મૂળનાયક અજિતનાથની પ્રતિમા પર સં૰ ૧૬૬૩નો લેખ છે. ડાબે જમણે ગભારે બિરાજમાન સંભવનાથ તથા અજિતનાથની પ્રતિમા પર સં૰ ૧૯૦૩નો લેખ છે. જિનાલયનો વહીવટ આ વિસ્તારમાં જ રહેતા શ્રી નરેશકુમાર મફતલાલ શાહ તથા શ્રી નવનીતભાઈ ભોગીલાલ શાહ તથા મુંબઈનિવાસી શ્રી અરવિંદભાઈ જે. શાહ હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૯૫૯ પૂર્વે**નું છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિશાળનો પાડો, રાજકાવાડો

સુમતિનાથ (સં૰ ૧૯૫૯ પૂર્વે)

રાજકાવાડો નામના વિસ્તારમાં આવેલ નિશાળના પાડામાં પ્રવેશીએ એટલે છેક અંદર, ડાબી બાજુએ શ્રી સુમતિનાથનું આરસનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

જિનાલયને એક જ પ્રવેશદ્વાર છે. શૃંગારચોકી સાદી છે. રંગમંડપમાં પ્રવેશદ્વાર પાસે ડાબી બાજુએ ગોખમાં શેઠ-શેઠાણીની મૂર્તિ છે. રંગમંડપની બન્ને દીવાલે લોખંડનાં મોટાં બે કબાટો છે. તેની બાજુમાં પટ છે. જમણી બાજુ ગિરનારજી અને ડાબી બાજુ શત્રુંજયનો પટ છે. એ પછી આ દીવાલો પર સામસામે બે મોટા અરીસા લગાડેલા જોવા મળે. સામસામે આવેલા બે ગોખ પૈકી જમણી બાજુના ગોખમાં મહાકાલીદેવીની અને ડાબી બાજુના ગોખમાં તુમ્બરુયક્ષની મૂર્તિ છે.

ગભારાને એક ગર્ભદ્વાર છે. તેને ફરતે પ્રદક્ષિણા કરી શકાય તેવી જગ્યા છે. ગર્ભદ્વારની બારસાખની ઉપર શ્રી સમેતશિખરનો પટ છે. ગભારો નાનો છે. તેમાં નમણાં મુખવાળી શ્રી સુમતિનાથની ૨૧" ઊંચાઈ ધરાવતી પ્રતિમા બિરાજમાન છે. આ પ્રતિમા પરના લેખમાં "સં૰ ૧૫૦૫ વર્ષે વૈ૰ શુ૰ ૫ ....." જેટલું લખાણ વંચાય છે. શાસનદેવી પર વીર સંવત ૨૪૯૪ દર્શાવતો લેખ છે. અહીં કુલ સાત આરસપ્રતિમા અને અગિયાર ધાતુપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

રાજકાવાડા અંતર્ગત આવેલો નિશાળનો પાડો **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં **પાઠશાળના પાડા** તરીકે ઓળખાતો હતો. સુમતિનાથના આ જિનાલયનો ઉલ્લેખ **સં૰ ૧૯૫૯**માં સૌ પ્રથમ વાર મળે છે :

સુમતિજિનપમીડે પાઠશાલાખ્યપાડે,

ત્યારબાદ **સં૰ ૧૯૬૩**માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં નિશાળના પાડાનું સુમતિનાથનું આ જિનાલય **શિખર વિનાનું** દર્શાવ્યું છે. તે સમયે નવ આરસપ્રતિમા અને તેર ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. ઉપરાંત તે સમયે આ વિસ્તારમાં બે ઘરદેરાસરો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ મળે છે. ૧. શા૰ બધુભાઈ કેવળદાસ અને ૨. શા૰ ઘેલાભાઈ છગનલાલ.

સં૰ ૨૦૦૮માં તથા **સં૰ ૨૦૦૮**માં નિશાળના પાડામાં સુમતિનાથના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે.

જિનાલયનો વહીવટ મુંબઈનિવાસી શ્રી પ્રવીણચંદ્ર મણિલાલ શાહ તથા શ્રી કાંતિલાલ કાળીદાસ શાહ હસ્તક છે.

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ન્યાયસેઠનો પાડો** – એ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નામના વિસ્તારમાં સુમતિનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે. ન્યાયસેઠનો પાડો ચૈત્યપરિપાટીમાં લખીયારવાડો અને ચોખાવટીયાના પાડાની વચ્ચે દર્શાવ્યો છે. ન્યાયસેઠના પાડાના સુમતિનાથના જિનાલયને અને નિશાળના પાડાના સુમતિનાથના જિનાલયની વચ્ચે કોઈ સંબંધ હશે ખરો ?

અમારી માન્યતા પ્રમાણે આ જિનાલય **સં૰ ૧૯૫૯ પૂર્વે**નું છે. મૂળનાયક શ્રી સુમતિનાથની પ્રતિમા પર સં૰ ૧૫૦૫નો લેખ છે તે સંદર્ભમાં જિનાલયની વધુ પ્રાચીનતા નક્કી કરવા માટે વિશેષ સંશોધનની જરૂર છે.

• • •

લખીયારવાડો, રાજકાવાડો

લખીયારવાડામાં મોહનપાર્શ્વનાથ, સીમંધરસ્વામી તથા સંભવનાથનાં જિનાલયોનો ઉલ્લેખ સૌ પ્રથમ **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મળે છે :

લખીયારવાડે રે મોહનપાસ મહિમા ઘણો,
બિંબ ત્રણસે રે એકોત્તર તિહાં કણ ગણો,
સીમંધર રે સ્વામી પ્રાસાદ બાસઠ જિના,
બિંબ તેરસું રે, સંભવ સેવો એકમના ॥૬॥

ત્યારબાદ **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મોહન પાર્શ્વનાથ તથા સીમંધરસ્વામી – એમ બે જિનાલયોનો ઉલ્લેખ મળે છે :

લષીયાર વાડેં વાંદીયેં, સાહિબ **મોહન પાસ,**
બીજેં સ્વામિ શ્રીમંદરુ રે, વિદેહ ક્ષેત્ર જસ વાસો રે. ૪ ચૈ૰

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં **લખીયારવાડા**માં કુલ ત્રણ જિનાલયો હોવાનો ઉલ્લેખ મળે છે :

ચોખાવટી વીશા તણેં, પાડે દોય ને એક;
લખીયારવાડેં ત્રિણ ભલાં, સેવો ધરીય વિવેક. સં૰ ૧૭

ઉપર્યુક્ત બે જિનાલયો ઉપરાંત મુનિસુવ્રતસ્વામીનું જિનાલય **સં૰ ૧૮૨૧**માં વિદ્યમાન હોવાની વિશેષ સંભાવના છે.

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં મનમોહન પાર્શ્વનાથ, મુનિસુવ્રતસ્વામી તથા સીમંધરસ્વામી – એમ કુલ ત્રણ જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે :

નમામિ ભક્ત્યા **લખીઆરવાડે, પાર્શ્વં જિનેંદ્રં મનમોહનાખ્યમ્** ।
જિનાધિરાજં **મુનિસુવ્રતં** ચ, **સીમંધરસ્વામિન**માપ્તમુખ્યમ્ ॥૨૫॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં લખીઆરવાડામાં સીમંધરસ્વામીનું જિનાલય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તથા મુનિસુવ્રતસ્વામીનું જિનાલય – એમ બે જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે. ઉપરાંત તે સમયે આ વિસ્તારની સુતરીયા શેરીમાં શા૰ ઉત્તમચંદ માનચંદ તથા શા૰ ડાહ્યાચંદ મંગલદાસનાં ઘરદેરાસરો અને મોટી શેરીમાં શા૰ ખૂબચંદ ગફુરચંદ તથા શા૰ લલુભાઈ ઉજમદાસનાં ઘરદેરાસરો – એમ કુલ ચાર ઘરદેરાસરો વિદ્યમાન હતાં.

સં૰ ૨૦૦૮માં લખીઆરવાડામાં સીમંધરસ્વામી તથા મુનિસુવ્રતસ્વામી – મનમોહન પાર્શ્વનાથના સંયુક્ત જિનાલયનો ઉલ્લેખ થયેલો છે.

આજે લખીયારવાડામાં સીમંધરસ્વામીનું જિનાલય તથા મુનિસુવ્રતસ્વામીનું (ભોંયરામાં મનમોહન પાર્શ્વનાથ) જિનાલય વિદ્યમાન છે. ઉપરાંત બે ઘરદેરાસરો – સુવિધિનાથ (બાપુલાલ લલ્લુચંદ મોતીવાલાનું ઘરદેરાસર) અને આદેશ્વર (ચુનીલાલ ઉત્તમચંદ વોરાનું ઘરદેરાસર) – વિદ્યમાન હતાં.

• • •

લખીયારવાડો, રાજકાવાડો

સીમંધરસ્વામી (સં૰ ૧૬૫૪ આસપાસ)

રાજકાવાડા વિસ્તારમાં આવેલ લખીયારવાડામાં સીધા સીધા જાવ એટલે આપણી જમણી બાજુ ખૂણે સામરણયુક્ત શિખરબંધી આરસનું બનેલું શ્રી સીમંધરસ્વામીનું જિનાલય આવેલું છે.

આ જિનાલયનો સં૰ ૨૦૧૭માં જીર્ણોદ્ધાર થયેલો છે. જિનાલયની પુનઃપ્રતિષ્ઠા સાગરગચ્છના આચાર્ય શ્રી કીર્તિસાગરસૂરિજીએ કરાવેલ છે. પુનઃપ્રતિષ્ઠાનો લાભ ચુનીલાલ ઉત્તમચંદ પરિવારે લીધેલ છે.

જિનાલયના પ્રવેશદ્વારની ઉપરની દીવાલે બાહુબલિ અને બ્રાહ્મી-સુંદરીનાં શિલ્પો તથા બીજી બાજુ પદ્માવતીદેવી, આજુબાજુ ચામર વીંઝતાં શિલ્પો અને સિંહાકૃતિ દર્શનાર્થીઓનું ધ્યાન ખેંચે છે. જાળીવાળા પ્રવેશદ્વાર પાસેની દીવાલો પર બે બાજુ હાથીની અંબાડી પર બેસીને જતા શ્રેષ્ઠીનાં શિલ્પો છે. પ્રવેશચોકીના સ્તંભો પર ઝીણી કોતરણી તથા વાજિંત્ર વગાડતાં શિલ્પો છે. (જુઓ ફોટોગ્રાફ નં૰ ૨૭)

રંગમંડપ મધ્યમ કદનો, સુંદર અને સ્વચ્છ છે. રંગમંડપમાં ગિરનાર તથા સિદ્ધગિરિનો પથ્થર પર ઉપસાવી ભીંત પર જડેલ પટ છે. અહીંના વિશાળ ઘુમ્મટ પરની કોતરણી અને રંગસંયોજન ધ્યાનાકર્ષક છે. ઘુમ્મટમાં શસ્ત્રો ધારણ કરેલાં નારીનાં શિલ્પો, તેની નીચે કોતરણીયુક્ત નારીનાં શિલ્પો, તેની નીચે તીર્થંકરોની નાની મૂર્તિઓ, હંસપંક્તિ તથા તેની નીચે મહાવીરસ્વામીના સંસારી જીવનના પ્રસંગો, અષ્ટમંગલની રચના તેની નીચે મગરમુખી કમાનો પાસે નવગ્રહોની રચના સુંદર છે. અહીં રંગમંડપમાં ગર્ભદ્વાર પાસે ડાબી બાજુના ગોખમાં ચક્રેશ્વરીદેવી તથા જમણી બાજુ ગોખમાં ગૌમુખયક્ષની આરસમૂર્તિઓ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગર્ભદ્વાર ત્રણ છે. અહીં મુખ્ય ગર્ભદ્વારની ઉપર ભગવાનનો જન્માભિષેક, ડાબા ગર્ભદ્વાર પર સમવસરણની રચના તથા જમણી બાજુના ગર્ભદ્વાર પર અષ્ટાપદની રચના, પથ્થર પર ઉપસાવીને કરી છે. તેના પર રંગ કરવામાં આવ્યો છે.

અહીં શ્રી સીમંધરસ્વામીની ૧૭" ઊંચાઈ ધરાવતી પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. અહીં કુલ વીસ આરસપ્રતિમા છે જેમાં એક ચૌમુખજી, એક કાઉસ્સગ્ગિયા તથા એક ગોખમાં શિખરયુક્ત ચાર પ્રતિમાઓ છે. તથા સાડત્રીસ ધાતુપ્રતિમા છે જે પૈકી એક ચૌમુખજી છે. ડાબે ગભારે વાસુપૂજ્ય તથા જમણે ગભારે પાર્શ્વનાથ બિરાજમાન છે. મૂળનાયક પરના લેખમાં સં૰ ૧૬૫૪ વાંચી શકાય છે.

ઐતિહાસિક સંદર્ભ

આ જિનાલયનો ઉલ્લેખ **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં સૌ પ્રથમ વાર મળે છે. ત્યારબાદ **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૮૨૧**માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં તથા **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં મળે છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં સીમંધરસ્વામીનું આ જિનાલય **શિખર વિનાનું** દર્શાવ્યું છે. જિનાલયમાં અઢાર આરસપ્રતિમા અને ચોત્રીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૦૮માં લખીયારવાડામાં સીમંધરસ્વામીના જિનાલયનો ઉલ્લેખ મળે છે.

જિનાલયનો વહીવટ મુંબઈનિવાસી શ્રી રમેશભાઈ ચીનુભાઈ શાહ તથા શ્રી મનહરભાઈ કેશવલાલ શાહ હસ્તક છે.

મૂળનાયકની પ્રતિમા પર સં૰ ૧૬૫૪નો લેખ છે. તે સંદર્ભમાં આ જિનાલય **સં૰ ૧૬૫૪ આસપાસ**નો સમયનું માની શકાય.

• • •

લખીયારવાડો, રાજકાવાડો

મુનિસુવ્રતસ્વામી (સં૰ ૧૯૫૯ પૂર્વે)

મનમોહન પાર્શ્વનાથ (સં૰ ૧૭૨૯ પૂર્વે)

રાજકાવાડા વિસ્તારમાં આવેલા લખીયારવાડામાં પ્રવેશતાં, ડાબી બાજુની ગલીની મધ્યે શ્રી મુનિસુવ્રતસ્વામીનું બે માળનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. અહીં શિલ્પ તથા કોતરણી-કલા અદ્‌ભુત હશે તેમ તેની બહારની એક ઝલક પરથી જ માલૂમ પડે છે.

જિનાલયની બહાર ઊભા રહી, જિનાલય પર નજર ઠેરવતાં, સૌ પ્રથમ આપણી આંખો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપરના કલામય ઝરૂખા પર ઠરે. ત્યાંથી નીચે ઊતરતાં નજર શૃંગારચોકીની કોતરણી પર પડે અને જિનાલયમાં પ્રવેશવા દ્વાર ખોલીએ અને ઓટલા નીચે નજર પડે એટલે દર્શનાર્થીની નજર નાનાં બે પગથિયાં પરની દીવાલ પરના ફળ, ફૂલ અને પોપટ તથા નર્તકીશિલ્પોની કોતરણી પર ગયા વિના રહે નહિ.

શૃંગારચોકીની બારીક કોતરણી અને તેના થાંભલા પરના દ્વારપાળ, યક્ષ-યક્ષિણી તથા તેની ઉપરના ભાગે આવેલ નૃત્યાંગનાઓનાં મોટા શિલ્પો મનને મુગ્ધ કરે છે. સ્તંભોને જોડતા તોરણોની વચ્ચે મગરમુખી કમાન અને આજુબાજુની હાથી અને સિંહના શરીરથી બનતી કમાન જોઈને આપણા પ્રાચીન કલા વારસાને આપણું મસ્તક નમ્યા વિના રહે નહિ. હવે ઉપર નજર કરી ઝરૂખાની કલાને મન ભરીને પીવાનું મન થાય જ. છેક ઉપરની પાળી પર વાઘ, સિંહ તથા હાથીનાં શિલ્પો છે. ઝરૂખે કોતરણીયુક્ત થાંભલા અને તેના પરની વાજિંત્ર વગાડતી પૂતળીઓ તથા કોતરણીયુક્ત કમાનો છે. ઝરૂખાની નીચેના સામેથી નજરે પડતા પંચકોણીય ઘુમ્મટ જેવા ભાગની કોતરણી ભાવવિભોર કરે તેવી છે. અહીં નૃત્યાંગનાઓ તથા ફૂલબુટ્ટાઓ છે. આજુબાજુ વાઘની રચના તથા તેની બાજુમાં પાંખો પ્રસારી બેઠેલી પરીઓ છે. સમગ્ર કોતરણી સુંદર રંગોમાં છે. (જુઓ ફોટોગ્રાફ નં૦ ૨૬)

બહારથી જિનાલય આવું છે તે અંદરથી તો..... ? બારણું ખોલીને, બે પગથિયાં ચડી શૃંગારચોકીમાં ઊભા રહીએ એટલે મુખ્ય દરવાજાથી આજુબાજુની કોતરણીયુક્ત બારસાખવાળાં જાળિયાં જણાય. હવે સાદા લાકડાના દરવાજામાંથી અંદર પ્રવેશીએ એટલે અપેક્ષાથી અલગ પગથિયાં દેખાય. તેની એકબાજુ ભોંયરામાં જવાનો રસ્તો છે. તેની સામે પગથિયાં ચડતાં ખુલ્લી રૂમ જેવી જગ્યા છે. આ જગ્યા એટલે ઝરૂખાની પાછળનો ભાગ.

આઠ પગથિયાં નીચે ઊતરતાં ભોંયરું આવે. તેના અષ્ટકોણીય રંગમંડપ અને સુંદર ઘુમ્મટ નીચે ઊભા રહી એક ગર્ભદ્વારયુક્ત ગભારામાંના ૨૧" ઊંચાઈ ધરાવતા, મૂળનાયક તરીકે બિરાજમાન શ્રી મનમોહન પાર્શ્વનાથ સાથે કુલ ચાર આરસપ્રતિમા અને કુલ ચોવીસ ધાતુપ્રતિમાના દર્શન કરી શકાય. અહીં એક ગણપતિ જેવી આરસની યક્ષમૂર્તિ છે. ગર્ભદ્વારનું હેન્ડલ જુઓ તો તે પણ કળાયેલ મયૂરનું ! ગભારામાં પ્રતિમા પાછળની દીવાલે ગુલાબી ફૂલની રચના સુંદર છે. જમણી બાજુએ પ્રકાશ માટે જાળિયું છે. તેને વાદળી રંગનો કાચ હોવાથી આછા વાદળી રંગના પ્રકાશથી ભોંયરું દીપે છે. અહીં મૂળનાયકનો પ્રતિમાલેખ નથી.

ભોંયરાના દર્શન કરી ઉપર પાછા આવી, હવે આઠ પગથિયાં ચઢો એટલે ઉપરના જિનાલયમાં પ્રવેશ થાય. પ્રવેશદ્વારના થાંભલે સુંદર પાઘડી અને વસ્ત્રોમાં સજજ બે દ્વારપાળો, તેની ઉપરના ભાગે પુષ્પમાલા લઈને ઊભેલી નારીઓ, મગરમુખી કમાન ઉપરના ગ્રીવાભંગી કરતા મયૂરની રચના જોઈ શકાય. અહીંથી જિનાલયમાં જવાને બદલે સામે નજર કરીએ તો ઝરૂખાની પાછળના રૂમનો (રંગમંડપનો) આગળનો ભાગ આવી જ કોતરણીવાળો નજરે પડે. અહીં થાંભલા પર મરાઠી વેશભૂષામાં સજજ, હાથમાં પુષ્પગુચ્છ લઈને ઊભેલી બે નારીઓ નજરે પડે. તેની ઉપર કમળના ટોડલે બે વીણાવાદિનીઓ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે મુનિસુવ્રતસ્વામીના જિનાલયમાં જઈએ તો ત્યાં અષ્ટકોણીય રંગમંડપના થાંભલે પરીઓ છે. જમણી બાજુની દીવાલે આરસમાં કોતરેલ શત્રુંજય પટ છે.

ત્રણ ગર્ભદ્વારયુક્ત ગભારામાં ભગવાનની જમણી બાજુ પ્રકાશ માટે જાળિયું છે. અહીં ૧૭'' ઊંચાઈ ધરાવતી શ્રી મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા મૂળનાયક તરીકે વાઘગાન કરતી પરીઓની નકશીકામવાળી રજતછત્રીમાં બિરાજમાન છે. અહીં કુલ ત્રણ આરસપ્રતિમા તથા ઓગણીસ ધાતુપ્રતિમા છે. મૂળનાયકની પ્રતિમા પરના લેખમાં : ''સં૰ ૧૬૭૦ વર્ષે વૈશાખ સુદ ૩ કુંવરજી નામ્ના શ્રેયાર્થ શ્રી મુનિસુવ્રત ..... વૃદ્ધશાખીય સા૰ પઉમતી સુત સ..... શ્રી વિજયસેનસૂરિભિ :'' લખાણ વાંચી શકાય છે.

ઐતિહાસિક સંદર્ભ

આ સંયુક્ત જિનાલય પૈકી મનમોહન પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ સૌ પ્રથમ **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મળે છે. ત્યારબાદ **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં પણ મનમોહન પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે. **સં૰ ૧૮૨૧**માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં ત્રણ જિનાલયોનો ઉલ્લેખ થયો છે તે પૈકી આ જિનાલયનો પણ સમાવેશ થાય છે.

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં મનમોહન પાર્શ્વનાથના જિનાલયની સાથે મુનિસુવ્રતસ્વામીના જિનાલયનો ઉલ્લેખ સૌ પ્રથમ વાર મળે છે.

ત્યારબાદ **સં૰ ૧૯૬૩**માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં મુનિસુવ્રતસ્વામીના જિનાલયને **શિખર વિનાનું** દર્શાવ્યું છે. જિનાલયમાં સાત આરસપ્રતિમા અને પચાસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૦૮માં તથા **સં૰ ૨૦૧૮**માં મુનિસુવ્રતસ્વામી અને મનમોહન પાર્શ્વનાથના સંયુક્ત જિનાલયનો ઉલ્લેખ થયેલો છે.

જિનાલયનો વહીવટ રાજમહેલ રોડ પર રહેતા શ્રી રાજેન્દ્રભાઈ રમણલાલ શાહ તથા મુંબઈનિવાસી રસિકલાલ અંબાલાલ શાહ હસ્તક છે.

મૂળનાયક મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા પર સં૰ ૧૬૭૦નો લેખ છે. ભોંયરામાંના મનમોહન પાર્શ્વનાથનો ઉલ્લેખ **સં૰ ૧૭૨૯**માં સૌ પ્રથમ વાર મળે છે. જ્યારે મુનિસુવ્રતસ્વામીનો સૌ પ્રથમ ઉલ્લેખ સં૰ ૧૯૫૯માં મળે છે. તે સંદર્ભમાં મુનિસુવ્રતસ્વામીનું જિનાલય **સં૰ ૧૯૫૯ પૂર્વેનું** છે. તથા મનમોહન પાર્શ્વનાથ **સં૰ ૧૭૨૯ પૂર્વે**ના સમયના છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લખીયારવાડો, રાજકાવાડો

સુવિધિનાથ (ઘરદેરાસર) (સં. ૧૯૬૩ પૂર્વે)

રાજકાવાડા વિસ્તારમાંના લખીયારવાડામાં શેઠ શ્રી બાપુલાલ લલ્લુચંદ મોતીવાલાના ઘરમાં ત્રીજે માળે એક ઓરડામાં આ નાનું જિનાલય છે. ૨૦ વર્ષ પૂર્વે જ તેમાં કાચનું કારીગરીવાળું કામ કરાવવામાં આવેલ છે.

ઓરડાની દીવાલ પર પાવાપુરી, પ્રભુના ચ્યવન કલ્યાણકનો પ્રસંગ, શત્રુંજય વગેરે કાચના સુંદર પટ બનાવેલ છે. ભગવાન જ્યાં બિરાજમાન છે ત્યાં પણ આજુબાજુની ભીંતમાં ચૌદ સ્વપ્ન, કળશ, હાથી અને પરીઓ કાચમાં બનાવેલ છે.

આ ઘરદેરાસરમાં મૂળનાયક તરીકે સુમતિનાથની ૩'' ઊંચાઈ ધરાવતી, પરિકરમાં ચોવીસ ભગવાનવાળી, ધાતુમૂર્તિ બિરાજમાન છે. મૂળનાયક સુમતિનાથની પ્રતિમા પર સં. ૧૫૪૩નો લેખ છે જે નીચે મુજબ છે.

"સંવત ૧૫૪૩ વર્ષે જેઠ સુદ ૧૦ ગુરુ શ્રીમાલ જ્ઞાતીય સુગંધી પોપા ભાર્યા સૂત દેધર ભાર્યા રત્ને સૂત ખીમા માણિકા સૂત પેથાકત્તસહિતેન શ્રી સુવિધિનાથબિંબ ચતુર્વિંશતિપટ કારાપિતં પ્રતિષ્ઠિતં શ્રી સૂરિભિઃ પત્તનવાસ્તવ્ય"

અહીં આ ઉપરાંત એક અન્ય ચાંદીની પ્રતિમા છે. તે શ્રી મુનિસુવ્રતસ્વામીની છે. ઉપરાંત અહીં કેટલાંક યંત્રો પણ છે. મૂળનાયકની પ્રતિમાની પાછળના ભાગમાં ચાંદીનું પતરું જડેલ છે. તેમાં ચામર વીંઝતાં બે ઈન્દ્રો, બે દેવીઓ તથા ચૌદ સ્વપ્નો ઉપસાવેલ છે.

ઐતિહાસિક સંદર્ભ

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં લખીયારવાડામાં મોટી શેરીમાં લલુભાઈ ઉજમદાસ પરિવારનું એક ઘરદેરાસર વિદ્યમાન હતું. તે સમયે એક ધાતુપ્રતિમા તથા ચાંદીની એક પ્રતિમા બિરાજમાન હતી.

ટૂંકમાં આ ઘરદેરાસર **સં. ૧૯૬૩ પૂર્વે**નું છે.

• • •

લખીયારવાડો, રાજકાવાડો

આદેશ્વર (ઘરદેરાસર) (સં. ૧૯૬૩ પૂર્વે)

રાજકાવાડા વિસ્તારમાં લખીયારવાડામાં શ્રી ચુનીલાલ ઉત્તમચંદ વોરાજી પરિવારનું ઘરદેરાસર આવેલું છે. પોળના ખૂણામાં આવેલા પોતાના મકાનના ત્રીજે માળે અગાશીમાં એક ખૂણામાં ઓરડો બનાવી તેમાં ખૂણા પર ચાંદીનું બે પગથિયાંવાળું પબાસન બનાવેલ છે. તેની ઉપર ચાંદીની ચાર નાની થાંભલીવાળી છત્રી પણ બનાવેલ છે. છત્રીમાં હાથી, દેવી અને ઉપર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કળશની રચના છે. ઓરડામાં કપચીકામ થયેલું છે.

મૂળનાયક તરીકે શ્રી આદેશ્વરની ૩'' ઊંચાઈ ધરાવતી ચોવીસ ધાતુપ્રતિમા બિરાજમાન છે. મૂળનાયકની પ્રતિમા પર લેખ છે તેમાંથી વાંચી શકાયેલા શબ્દો નીચે મુજબ છે :

"સંવત ૧૫૧૦ વર્ષે ફાગુન વદિ .... પત્તનવાસી મં....કેન ભાર્યા વરજૂ પુત્ર શીવરાજ ભાર્યા ..... આદિનાથ બિંબ ચતુર્વિંશતિપટ કા૦ તપાગચ્છે શ્રી રત્નશેખરસૂરિભિઃ ....."

ઐતિહાસિક સંદર્ભ

સં૦ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં લખીયારવાડામાં સુતરીયા શેરીમાં ઉત્તમચંદ માનચંદ પરિવારનું એક ઘરદેરાસર વિદ્યમાન હોવાનો ઉલ્લેખ મળે છે. તે ઘરદેરાસરમાં એક આરસપ્રતિમા અને પાંચ ધાતુપ્રતિમા બિરાજમાન હતી.

આજે આ ઘરદેરાસરમાં માત્ર છ ધાતુપ્રતિમા બિરાજમાન છે. ઉત્તમચંદ માનચંદ પરિવારનું જ આ ઘરદેરાસર છે કે અન્ય પરિવારનું તે અંગેની માહિતી ઉપલબ્ધ થઈ શકી નથી.

અમારી માન્યતા પ્રમાણે આ ઘરદેરાસર **સં૦ ૧૯૬૩ પૂર્વે**નું છે.

• • •

મલાતનો પાડો, રાજકાવાડો

મલ્લિનાથ (સં૦ ૧૬૪૮ પૂર્વે)

રાજકાવાડા વિસ્તારમાં આવેલા મલાતના પાડાના ચોકમાં શ્રી મલ્લિનાથનું સુરમ્ય એવું નાનું, ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. બહારના પ્રવેશના ભાગમાં જાળીવાળું નાનું બારણું છે. પછી ઓટલો આવે છે જેની એક બાજુએ કોટની દીવાલ ચણેલી છે. ઓટલા પર ચાર સાદા થાંભલા અને ઉપર ઘુમ્મટ છે. પછી પિત્તળથી મઢેલું સુંદર નકશીકામવાળું પ્રવેશદ્વાર આવે છે. તેની બારસાખમાં ઉપર ભગવાનની નાની દર્શનીય મૂર્તિ કંડારેલી છે. તેના ઉપરના ભાગમાં રથ પર બેઠેલા રાજાનું અંકન કરેલું છે.

રંગમંડપનો ઘુમ્મટ કાષ્ઠકોતરણીવાળો છે. તેમાં રાજુલની ચોરી અને નેમનાથના વરઘોડાની નકશી છે. જાળવણી માટે કાચનું ઢાંકણ કર્યું છે. રંગમંડપના સ્તંભો સાદા છે પણ રંગેલા છે. દીવાલો પર શત્રુંજય, અષ્ટાપદ, સમેતશિખર, ગિરનાર વગેરે પટ પથ્થરથી ઉપસાવીને બનાવેલા છે. બે ગોખ પૈકી એકમાં કુબેર યક્ષ અને બીજામાં વૈરોટ્યાદેવીની મૂર્તિ છે.

ગર્ભદ્વાર ત્રણ છે. તેની ઉપરની દીવાલે તીર્થંકર પ્રભુના ચ્યવન કલ્યાણક, જન્માભિષેક, ઇન્દ્રના પાંચ રૂપ, દિક્કુમારીઓ વડે કરાતો ઉત્સવ અને સમવસરણના પ્રસંગો ચિત્રિત કર્યા છે. એને પણ કાચથી મઢી દીધેલ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગભારામાં કુલ આઠ આરસપ્રતિમા અને ઓગણત્રીસ ધાતુપ્રતિમા છે. મૂળનાયક તરીકે ૨૫'' ઊંચાઈ ધરાવતી શ્રી મલ્લિનાથની કસોટીના પથ્થરની શામળી પ્રતિમા બિરાજમાન છે. તેને લેખ નથી. પ્રતિમા પાસે રજતજડિત સોપાનયુક્ત કોટની રચનાસમેત પબાસન છે. ડાબે ગભારે શ્રી મહાવીરસ્વામી તથા જમણે ગભારે શ્રી ધર્મનાથ બિરાજમાન છે. આરસપ્રતિમા પૈકી બે પ્રતિમા સપરિકર વૃક્ષ નીચે બિરાજમાન છે. ધાતુપ્રતિમા ઉપરાંત ધાતુના ત્રણ યક્ષની મૂર્તિઓ છે જે પૈકી એક વિશિષ્ટ પ્રકારની છે.

ઐતિહાસિક સંદર્ભ

આજે રાજકાવાડા અંતર્ગત આવેલ મલાતનો પાડો અગાઉ **મલ્લિનાથનો પાડો** તથા **મલ્લિનાથની પોળ** તરીકે ઓળખાતો હતો. આ વિસ્તારમાં આવેલા મલ્લિનાથના જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૰ ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મળે છે :

પાટકિ મલ્લિનાથ વંદીઆ એ, એક સઉ છિંઉત્તરિ દેવ તુ, ધન ૨ ॥જિ૰॥૮૫॥

ત્યારબાદ **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં પણ **મલ્લિનાથના પાડા**માં આ જિનાલયનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. ઉપરાંત તે સમયે અન્ય એક બાવન જિનાલય પણ વિદ્યમાન હતું.

બસે છાસઠ **મલ્લિજિનવર**, **મલ્લિનાથપાડે** મુદા,
બાવન જિન ને બાવન પ્રતિમા, વંદીએ તે સર્વદા ॥૫॥

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ જિનાલયના મૂળનાયક શ્રી મલ્લિનાથની શ્યામવર્ણી પરિકરયુક્ત પ્રતિમાના કવિ દર્શન કરીને ધન્યતા અનુભવે છે.

પોલિં શ્રી મલ્લિનાથની રે, ભેટા **શ્રી મલ્લિનાથ**,
સાંમ વરણ પ્રભુ સોભતા રે, પરીકરસું જગનાથો રે. ૫ ચૈ૰

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં **મલ્લીપાડે** મલ્લિનાથ તથા પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે :

દકાલકોટડી એક દીપતું, સાલવીવાડેં આઠ;
મલ્લીપાડેં મલ્લીપાસજી, પૂજા કરો શુભ ઠ.ઠ સં૰ ૧૬

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં આ વિસ્તારમાં માત્ર મલ્લિનાથના જિનાલય હોવાનો ઉલ્લેખ મળે છે :

શ્રી યોગીવાડેડદ્‌ભુતકાંતિમૂર્તિ, નમામિ વૈ શ્યામલપાર્શ્વનાથમ્ ।
શ્રી મલ્લિપાડે કિલ **મલ્લિનાથં** કષાયમલ્લં પ્રતિમલ્લનાથમ્ ॥૨૪॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં **મલાતનો પાડો** વિસ્તારમાં મલ્લિનાથના આ જિનાલયને **શિખર વિનાનું** દર્શાવ્યું છે. તે સમયે સાત આરસપ્રતિમા તથા બાવીસ ધાતુપ્રતિમા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બિરાજમાન હતી. જિનાલયનો સમય સં૰ ૧૮૪૬નો દર્શાવ્યો છે. સંભવ છે કે તે સમયે આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયો હશે. તે અંગેનો કોઈ લેખ **સં૰ ૧૯૬૩**માં ઉપલબ્ધ હશે. આજે એવો કોઈ આધાર મળતો નથી. પરંતુ જિનાલય તે સમય કરતાં પણ વધુ પ્રાચીન છે. ઉપરાંત તે સમયે મલાતના પાડામાં શા૰ ભિખાલાલ નથુચંદ તથા શા૰ ભિખાલાલ વધુચંદ — એમ બે ઘરદેરાસરો વિદ્યમાન હતાં.

સં૰ ૨૦૦૮માં તથા **સં૰ ૨૦૧૮**માં મલાતના પાડામાં મલ્લિનાથના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે.

આજે મલાતના પાડામાં જ રહેતા શ્રી ચંદુલાલ વીરચંદદાસ શાહ તથા તેમના પુત્ર શ્રી અનિલકુમાર ચંદુલાલ શાહ જિનાલયના વહીવટદાર તરીકે સેવાઓ આપે છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૪૮ પૂર્વે**નું છે.

• • •

જોગીવાડો

શામળા પાર્શ્વનાથ (સં૰ ૧૭૭૭ પૂર્વે)

"જોગીવાડે જાગતો ને માતો ધીંગડમલ્લ
શામળો સોહામણો કંઈ જીત્યા આઠે મલ્લ".

ભાગ્યે જ કોઈ શ્રાવક સ્તવનની આ પંક્તિઓથી અજાણ હશે. પાર્શ્વનાથના જિનાલયમાં ચૈત્યવંદન કરતાં પ્રાયઃ શ્રાવક-શ્રાવિકાને મુખે સૌ પ્રથમ આ સ્તવન જીભે ચઢે છે. જોગીવાડાના આ શામળા પાર્શ્વનાથ તે પાટણના એવું કદાચ બધા શ્રાવકો ન પણ જાણતા હોય ! મહેસાણાના સીમંધરસ્વામીના જિનાલયની યાદ આપતું ખૂબ જ ઊંચા ઓટલાવાળું શ્રી શામળા પાર્શ્વનાથનું એક વિશાળ, આરસનું શિખરબંધી જિનાલય નજરે ચડે છે. દૂરથી જ એની લહેરાતી ધજા ભાવિકોને લોહચુંબકની પેઠે આકર્ષે છે. જીર્ણોદ્ધારનું કામકાજ ચાલુ છે. સં૰ ૨૦૫૨માં મહા સુદ ૧૫ના રોજ આચાર્યશ્રી જયઘોષસૂરિશ્વરજીના હસ્તે પુનઃપ્રતિષ્ઠા કરવામાં આવી છે.

જીર્ણોદ્ધાર પૂર્વે આ જિનાલય આવું વિશાળ, આટલી બધી ઊંચાઈએ ન હતું. અગાઉ તે જમીન સરસું, ખૂબ નાનું અને કાચનું જિનાલય હતું. પૂર્વે જિનાલય તેના કાચકામ, મીના કારીગરી તથા પ્રતિમાની ભવ્યતા અને હાજરાહજૂરતાને કારણે પ્રસિદ્ધ હતું. હવે એનો બાહ્ય દેખાવ પણ ફરી ગયો છે. હવે વીસેક પગથિયાં ચડો એટલે શૃંગારચોકી આવે. જિનાલયની મુલાકાત લેવાઈ ત્યારે અંદરના રંગમંડપ અને તેના ઘુમ્મટનું કામ ચાલુ હતું. પ્રવેશચોકીમાં આજુબાજુ બે દેરીઓ છે. તેમાં ડાબી બાજુ પાર્શ્વયક્ષ અને જમણી બાજુ પદ્માવતીદેવીની મૂર્તિઓ છે. પ્રવેશદ્વારે અષ્ટમંગલની રચના તથા બારીઓ પર ચૌદ સ્વપ્નોની રચના છે.

રંગમંડપ વિશાળ છે. તેમાં અનેક સ્તંભો છે અને તેની ઉપર દેવીઓ, યક્ષો તથા પાનની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કોતરણી છે. ગભારા પાસેના બલાનક તરીકે ઓળખાતા ભાગની છતમાં પદ્માવતીદેવી, કમળકુંડ તથા કલ્પવૃક્ષના પાનની આજુબાજુ ચોરસ કમળકુંડની કોતરણી છે. રંગમંડપમાં બારણાંની ઉપરની દીવાલે પ્રસંગોના પટ છે જેવા કે – શાંતિનાથનો મેઘરથ રાજાવાળો પૂર્વભવ, પાંચ કલ્યાણકો, આદેશ્વરનું ઈક્ષુરસથી પારણું. આ કામ હજુ ચાલુ છે. રંગમંડપમાંનો ઘંટ નવીનતાભર્યો, સુંદર છે. તેની સાંકળમાંના બગલાંનાં શિલ્પોની ચાંચ અને પાંખમાં નાની ઘંટડીઓ છે, પહેરણ જેવું શિલ્પ છે ત્યાં ઘંટડી છે અને ચાર મયૂરો ચાંચમાં ઘંટ લઈને ઊભા હોય અને તેમના પગમાં વચ્ચે એક એમ કુલ પાંચ ઘંટનો બનેલો આ ઘંટ દર્શનીય છે.

ગભારામાં શામળા પાર્શ્વનાથની જાણીતી, ભવ્ય, શામળી સપરિકર પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. તેમની ઊંચાઈ ૩૫" અને ૧૦"ની ફણા સાથે ગણીએ તો ૪૫"ની છે. અહીં પાંચ આરસપ્રતિમા તથા એક ધાતુપ્રતિમા બિરાજમાન છે. પ્રતિમાઓની પાછળની દીવાલે ચાંદીનું ઉપસેલું પતરું જડેલું છે.

રંગમંડપમાં ઘણા ગોખમાં પ્રતિમા તથા ગુરુમૂર્તિઓ બિરાજમાન છે. ગર્ભદ્વારની બહાર બલાનક તરીકે ઓળખાતા વિભાગમાં સામસામે બે ગોખ છે. જમણી તરફના ગોખમાં પાર્શ્વનાથ તથા ડાબી તરફના ગોખમાં અજિતનાથ બિરાજમાન છે.

રંગમંડપમાં શામળા પાર્શ્વનાથની જમણી બાજુ પણ (જિનાલયના પ્રવેશદ્વારની સામે) એક દેવકુલિકા છે. અહીં ૫૧" ઊંચાઈ ધરાવતી આદેશ્વરની પ્રતિમા બિરાજમાન છે. આજુબાજુ શાંતિનાથ અને વિમલનાથની પ્રતિમા બિરાજમાન છે. આ જિનાલયના પુનર્નિર્માણ માટે પાયાનું ખોદકામ થયું ત્યારે અહીંથી ત્રણ પ્રતિમાઓ નીકળી હતી જે પૈકી બે આરસપ્રતિમા અહીં પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. આ દેવકુલિકામાં કુલ પાંચ આરસપ્રતિમા છે જે પૈકી એક શામળી પ્રતિમા છે. ત્રણ ધાતુપ્રતિમા કુલ છે.

ડાબી બાજુ આ જ રીતે દેવકુલિકા છે. ત્યાં શ્રી શાંતિનાથની ૩૭" ઊંચાઈ ધરાવતી પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. મૂળનાયકની આજુબાજુ આદેશ્વર અને મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા બિરાજમાન છે. અત્રે આરસપ્રતિમા પાંચ છે જે પૈકી બે કાઉસ્સગ્ગ મુદ્રામાં પેનલમાં છે અને એક પ્રતિમા ખોદકામ કરતાં નીકળી હતી તે પૈકીની એક છે. ધાતુપ્રતિમા પાંચ છે, જે પૈકી બે ખૂબ જ નાની છે. પાર્શ્વનાથની એક ધાતુપ્રતિમાનું પરિકર કલાત્મક છે.

જમણી બાજુની દેવકુલિકાની ડાબી બાજુ ગોખ છે તેમાં સુમતિનાથની પ્રતિમા પ્રતિષ્ઠિત થયેલ છે. દેવકુલિકાની જમણી બાજુની રંગમંડપની દીવાલે અન્ય ત્રણ ગોખ છે. તેમાં પ્રથમ ગોખે વિમલનાથ અને ત્રીજા ગોખે શાંતિનાથ પ્રતિષ્ઠિત થયેલ છે. વચલા ગોખમાં ગૌતમસ્વામીની બે પ્રતિમા છે જે પૈકી એક નવી બનેલી છે અને બીજી જે રાતી ઝાંયવાળા આરસની છે તે જૂના જિનાલયમાંની છે.

આ જ પ્રમાણે ડાબી બાજુની દેવકુલિકાની બાજુમાં આદેશ્વરનો ગોખ છે. રંગમંડપની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ડાબી બાજુની દીવાલે જમણી બાજુ છે તે પ્રમાણે જ ત્રણ ગોખ છે. પ્રથમ ગોખમાં આરસની કલાત્મક તોરણયુક્ત છત્રીમાં શ્રી નેમનાથ બિરાજે છે. ત્રીજા ગોખમાં શીતલનાથ પ્રતિષ્ઠિત થયા છે અને વચ્ચેના ગોખમાં શ્રી હેમચંદ્રાચાર્યની મૂર્તિ છે. આ મૂર્તિ નવી બનાવેલી છે.

ગોખમાંની બધી જ પ્રતિમાઓ ૨૧''ની ઊંચાઈ ધરાવે છે. આ આઠે (સામસામેના ચાર ચાર) ગોખમાં પ્રતિષ્ઠિત પ્રતિમાઓ અનુક્રમે પાર્શ્વનાથ, અજિતનાથ, સુમતિનાથ, આદેશ્વર, વિમલનાથ, નેમનાથ, શાંતિનાથ, શાંતિનાથની છે. આ પ્રતિમાઓ અગાઉ પંચાસરા પાર્શ્વનાથના જિનાલયના કંપાઉંડમાંના મહાવીરસ્વામી, ચિંતામણિ પાર્શ્વનાથ અને ભીડભંજન પાર્શ્વનાથના જિનાલયોમાં હતી. તેઓને હવે ત્યાંથી અત્રે પ્રતિષ્ઠિત કરેલ છે.

ઉલ્લેખનીય વાત એ છે કે અહીં પૂજારીજી તરીકે એક જ કુટુંબ છ પેઢીથી અહીં સેવા આપી રહ્યું છે.

હવે આ જિનાલય પાટણમાં સૌથી ઊંચામાં ઊંચું છે.

ઐતિહાસિક સંદર્ભ

જોગીવાડામાં પાર્શ્વનાથના એક જિનાલયનો ઉલ્લેખ **સં. ૧૫૭૬**માં સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં થયેલો છે. તે સમયે મહાવીરસ્વામીનું એક અન્ય જિનાલય તે વિસ્તારમાં વિદ્યમાન હતું.

જોગીવાડઇ જાગતા એ, **પાસ અનઇ મહાવીર** ત,
વંછીય જન સુખ આપતા એ, સમરથ સાહસધીર ત.

ત્યારબાદ **સં. ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં પાર્શ્વનાથના જિનાલયનો કોઈ ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી. પરંતુ શાંતિનાથનું એક જિનાલય તથા ત્રણ ઘરદેરાસરોનો ઉલ્લેખ મળે છે : ૧. શાંતિનાથ (ડુંગર શેઠના ઘરે), ૨. ધર્મનાથ (દોસી ભોજાના ઘરે) અને ૩. સોમા સેઠનું ઘરદેરાસર.

મોઢમોઢપાડઇ જઈ કરું ચૈત્ય પ્રવાડિ
છ પ્રતિમાસું પૂજ કરી આવ્યા **જોગીવાડઇ** ૨૦

સામલ પ્રતિમા **શાંતિદેવ** પ્રતિમા એકવીસ
મૂરતિ અતિ રુલીઆમણી નિતુ નિતુ નામૂં સીસ ૨૧

ડૂગર સેઠ તણઇ ઘરિ શ્રી **શાંતિ** જિણેસર
બિ પ્રતિમા તિહાં જિન તણી સેવ સારઇ સુરનર ૨૨

દોસી ભોજા તણઇ ઘરિ દેહરાસુર વંદુ
પ્રતિમા સાતસૂં **ધર્મનાથ** દેષી આણંદુ ૨૩

સોમાસેઠ તણઇ ઘરિ દેહરાસુર ભાવૂં
છ પ્રતિમા પૂજા કરી **મફલીપુરિ** આવું ૨૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે. ઉપરાંત બે ઘરદેરાસરોનો પણ ઉલ્લેખ મળે છે :

જોગીવાડઈ આવીઆ એ, પ્રભુ **પાસ જિણેસર** ભાવીઆ એ.
પડિમા વીસ તિહાં વંદીઇ એ, સયલ પાપ નિકંદીઇ એ ॥૭૪॥

સેઠિ વિદ્યાધર ઘરિ ભણી એ, ચઉત્રીસઇ પડિમા જિન તણી એ.
દોસી ભોજા ઘરિ ભણઉં એ, શ્રી **પાસ** જિણેસર હું થુણઉં એ ॥૭૫॥

દસ પડિમા તિહાં સોહતી એ, રયણમઇ એક જ મોહતી એ.
મફલીપુરિ વામાતનૂ એ, બારઇ પ્રતિમા ધન ધનૂ એ ॥૭૬॥

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં પાર્શ્વનાથ તથા આદેશ્વરનાં જિનાલયોનો ઉલ્લેખ મળે છે :

જોગીવાડે રે, જાગત જિન **ત્રેવીસમો.**
અઠાવન રેં, પ્રતિમાસું ભવિઅણ નમો ॥૪॥

નમો **ઋષભ જિણંદ બિજે**, દેહરે અતિ સુંદરુ.
છત્રીસ પ્રતિમા તિહાં વંદો, નમે જાસ પુરંદરુ.।

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં શામળા પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ સૌ પ્રથમ વાર મળે છે. તે અગાઉની ચૈત્યપરિપાટીઓમાં માત્ર પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે. ઉપરાંત **સં૰ ૧૭૭૭**માં આ જિનાલય ભોંયરાવાળું હતું અને ભોંયરામાં શાંતિનાથ ભગવાન બિરાજમાન હતા.

યોગીવાડેં યુગતસું પ્રણમું **સાંમલો પાસ,**
ભુંયરામાંહિં શ્રી સાંતિજી રે, નિરષતાં અધિક ઓલાસો રે. ૬ ચૈ૰

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં આ વિસ્તારમાં એક જિનાલયનો ઉલ્લેખ મળે છે :

કસૂંબીઇ વાડેં દોય વલી, **યોગી એક** દીંઠ;
અનુપમ પૂંજીઇ જાંણીઇ, દેવલ દોય ગરીઠ. સં૰ ૧૮

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં પણ યોગીવાડામાં શામળા પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે :

શ્રી યોગીવાડેઽદ્‌ભુતકાંતિમૂર્તિ, નમામિ વૈ શ્યામલપાર્શ્વનાથમ્ ।
શ્રી મલ્લિપાડે કિલ મલ્લિનાથં કષાયમલ્લં પ્રતિમલ્લનાથમ્ ॥૨૪॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં જોગીવાડામાં શામળા પાર્શ્વનાથના જિનાલયને **શિખર વિનાનું** દર્શાવ્યું છે. જિનાલયમાં સોળ આરસપ્રતિમા અને સોળ ધાતુપ્રતિમા બિરાજમાન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૦૮માં જોગીવાડામાં શામળા પાર્શ્વનાથના આ જિનાલયનો ઉલ્લેખ થયેલો છે.

આજે આ જિનાલયમાં મધ્યે ગભારામાં શામળા પાર્શ્વનાથની પરિકરયુક્ત પ્રતિમા બિરાજે છે. અહીં પાંચ આરસપ્રતિમા બિરાજમાન છે. ઉપરાંત અગાઉ જણાવ્યું તેમ રંગમંડપમાં ડાબી બાજુની દેવકુલિકામાં શાંતિનાથ મૂળનાયક તરીકે બિરાજે છે. અહીં પાંચ આરસપ્રતિમા અને પાંચ ધાતુપ્રતિમા બિરાજમાન છે. તથા જમણી બાજુ આવેલી આદેશ્વર ભગવાનની દેવકુલિકામાં પાંચ આરસપ્રતિમા અને ત્રણ ધાતુપ્રતિમા બિરાજે છે.

સં૰ ૧૭૨૯માં જોગીવાડામાં પાર્શ્વનાથના જિનાલયની સાથે આદેશ્વરનું જિનાલય વિદ્યમાન હતું. સંભવ છે કે તે આદેશ્વર ભગવાન દેવકુલિકામાં પધરાવવામાં આવ્યા હોય.

સં૰ ૧૭૭૭માં જિનાલયના ભોંયરામાં શાંતિનાથ ભગવાન બિરાજમાન હતા. સંભવ છે કે તે શાંતિનાથ ભગવાન દેવકુલિકામાં પધરાવવામાં આવ્યા હોય.

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ તીર્થ દર્શન (ભાગ-૧)માં મુનિ શ્રી જગવલ્લભવિજય મ૰ સા૰ આ જિનાલય વિશેની નોંધમાં જણાવે છે કે : "જોગીવાડાના શામળા પાર્શ્વનાથ પ્રભુ એ જ ધીંગડમલ્લ પાર્શ્વનાથ છે. ૧૮મી સદીમાં કવિ ઉદયરત્નરચિત શ્રી શામળા પાર્શ્વનાથ સ્તવનમાં જોગીવાડાના શ્રી શામળા પાર્શ્વનાથને ધીંગડમલ્લ નામથી ઓળખાવે છે.

જોગીવાડે જાગતો ને માતો ધીંગડમલ્લ.
શામલો સોહામણો કંઈ જીત્યા આઠે મલ્લ.
પ્યારા પાર્શ્વજી હો લાલ, દીનદયાલ મુજને નયને નિહાળ.

જો કે આ અંગે વધુ પુરાવાઓ તથા વિશેષ સંશોધનની જરૂર છે.

અમારી માન્યતા પ્રમાણે આ જિનાલય **સં૰ ૧૭૭૭ પૂર્વે**નું સ્પષ્ટપણે માની શકાય તેમ છે. **સં૰ ૧૬૪૮ પૂર્વે**નું કે **સં૰ ૧૫૭૬ પૂર્વે**નું નક્કી કરવા માટે વિશેષ સંશોધનની અને વધુ પુરાવાઓની જરૂર છે.

• • •

ફોફલિયાવાડો

પાટણમાં ફોફલિયાવાડો વિસ્તાર ઘણા પ્રાચીન સમયથી પ્રચલિત છે. ફોફલિયા નામનું એક ગોત્ર છે. સંભવ છે કે તે ગોત્રના કુટુંબીજનો પાટણ આવી વસ્યા હોય અને તેમના પરથી આ વિસ્તારનું નામ પડ્યું હોય. **જૈન પરંપરાનો ઇતિહાસ (ભાગ-૨)**માં ફોફલિયાવાડા વિસ્તાર વિશે માહિતી મળે છે તે અહીં આપીશું તો અસ્થાને નહીં ગણાય. આ પુસ્તકના પૃ૰ ૩૯૭ પર શ્રીમાલવંશના નીના શેઠની માહિતી આપતાં જણાવ્યું છે : 'શ્રીમાલવંશના શેઠ નીનાના વંશજ ૨૪મા સારિંગ પોતાની પત્ની નારિંગદેવી સાથે સં૰ ૧૨૨૫માં પોતાના સાસરે પાટણમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફોફલિયાવાડામાં જઈ વસ્યો.'

શ્રી કનૈયાલાલ ભાઈશંકર દવે પાટણનાં સ્થળનામોના તેમના લેખમાં આ વિસ્તાર વિશે અન્ય મત ધરાવે છે. આ વિસ્તારની નોંધ કરતા તેઓ જણાવે છે કે "બજારથી દક્ષિણ તરફ જતાં ફોફલિઆવાડાથી ઓળખાતી પોળ આવે છે. અહીં ફોફર-સોપારીના વેપારીઓ રહેતા હોવાથી આ નામ પડ્યું હોય તેમ સૂચવે છે. જૂના પાટણમાં આ નામવાળો મહોલ્લો હતો. એમ એક પ્રાચીન જૈન વંશાવલી પરથી જણાયું છે."

ફોફલીયાવાડાના વિસ્તારનો ઉલ્લેખ **સં. ૧૫૭૬**માં સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્ય-પરિપાટીમાં થયેલો છે. તે વિસ્તારમાં ત્રણ જિનાલયો વિદ્યમાન હતાં :

ફોફલિયાવાડઇ નિરષિસું, જાઇ પાતક નામિ ત. ૨૧

ત્રિહું ભુવને ભાવઠિહરણ, ગુણગણ મહિ વિખ્યાત ત,
મદનમલણ વંછિત કરણ, જસુ અધિકા અવદાત ત. ૨૨

ત્યારબાદ **સં. ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ફોફલીઆવાડા**માં સાત જિનાલયો પૈકી પાંચ ઘરદેરાસરોનો ઉલ્લેખ મળે છે. ૧. આદેશ્વર, ૨ પાર્શ્વનાથ, ૩. સેઠ ધણદત્તનું ઘરદેરાસર, ૪. પાર્શ્વનાથ (સેઠ પટૂઆના ઘરે), ૫. સાહા માધવનું ઘરદેરાસર, ૬. વાસુપૂજ્ય (સેઠ વીરાના ઘરે) અને ૭. વાસુપૂજ્ય (પૂનમીયા ગચ્છનું).

ફોફલીઆ વાડઈ જઈઇ, જિનહર સાત તિહાં કહીઇ,
આદિ જિણેસર નાયક, મન વંછિત ફલ દાયક. ૪૬

ચુત્રીસ જિન ચૌદ પૂજઉ મનિહિં આણંદ,
દેહરુ નવૂ સોહાકર **ત્રેવીસમુ** સુખસાગર. ૪૭

પ્રતિમા સતસૂં કહીઇં, મૂરતિ દેષી ગહગહીઇ,
સેઠ ધણદત્ત ઘરિ હરષું, **પટૂઆના ઘર** માહિ પરષુ. ૪૮

દશ પ્રતિમાસૂંઅ **પાસ**, પૂરઇ મન તણી આસ,
સાહા માધવ ઘરિ જોઈ, પ્રતિમા સાત તિહાં હોઈ. ૪૯

બારસમુ જિન ભાવું, **સેઠિ વીરા ઘરિ** આવૂં ,
પ્રતિમા એકાદશ જાણું, **વાસપૂજ્ય** મનિ આણું. ૫૦

પૂનમીયા દેહરઇ ચૌદ, પ્રતિમા દીઠઇ આણંદ,
વલીઆરવાડઇ દેહરું, **શાંતિ** જિણેસર કેરું. ૫૧

સં. ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ફોફલિઆવાડા**માં અગિયાર જિનાલયો પૈકી આઠ ઘરદેરાસરો હતાં. એ સમયે આ વિસ્તાર જૈન શાસનના પ્રભાવનું મહત્ત્વનું કેન્દ્ર હશે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફોફલિઆવાડઈ પઢમ જિન અક્કોત્તર જિનબિંબ. ના૦ ॥૬૦॥
બીજું દેહરું શાંતિનું એ, પડિમા પંચવીસ હોઈ. ના૦ ॥૬૧॥
દેહરઈ રાજા સેઠિનઈ એ, વંદઉ **સંભવ** દેવ. ના૦ ॥૬૨॥
પડિમા વીસ તિહાં દીપતી એ, **કાછેલાનઈ ચૈત્ય**. ના૦ ॥૬૩॥
મુનિસુવ્રત જિન પૂજીઈ એ, પડિમા બાર વિચારિ. ના૦ ॥૬૪॥
સેઠિ વીરજી દેહરાસરિ એ, પૂજઉ **પાસ** જિણંદ. ના૦ ॥૬૫॥
પડિમા ચ્યારિ જ સોહતી એ, **થાવર પારષિ ગેહ**. ના૦ ॥૬૬॥
છયાલીસ પડિમા દીપતી એ, **સેઠિ મહુલા ઘરિ** આવિ. ના૦ ॥૬૭॥
મુનિસુવ્રત જિન વંદીઆ એ, પ્રતિમા પન્નર સાર. ના૦ ॥૬૮॥
સેઠિ કકૂ દેહરાસરૂ એ, ચઉત્રીસ પડિમા **પાસ**. ના૦ ॥૬૯॥
સેઠિ રાજા દેહરાસરૂ એ, છત્રીસ બિંબ જ **નેમિ**. ના૦ ॥૭૦॥
દોસી વછા ઘરિ આવીઆ એ, પૂજીઆ **પાસ** જિણંદ. ના૦ ॥૭૧॥
પન્નર પડિમા વંદીઈ એ, **પંચમઈ દેહરઈ પાસ**. ના૦ ॥૭૨॥
પ્રતિમા દસ તિહાં દીપતી એ, વંદી આણી ભાવ. ના૦ ॥૭૩॥

સં૦ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ફોફલીયા**માં પાર્શ્વનાથ, સંભવનાથ તથા શાંતિનાથ – એમ કુલ ત્રણ જિનાલયોનો ઉલ્લેખ મળે છે :

ઉલ્લાસે વલી **ફોફલીયામાં, પાસ જિણેસર** દેખું.
એકવીસ પ્રતિમા પાસે પેખી, પાતિક સયલ ઉવેખું ॥૩॥

સંભવનાથને દેહરે, દોય સત ત્રાણુ પ્રતિમા સોહે.
શાંતિ જિણેસર દેહરે, એકસો ત્રેપન જિન મન મોહે ॥૪॥

સં૦ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ફોફલીયાવાડા**માં ત્રણ જિનાલયો તથા એક ઘરદેરાસરનો ઉલ્લેખ મળે છે. ૧. શાંતિનાથ, ૨. સંભવનાથ, ૩. પાર્શ્વનાથ અને ૪. મુનિસુવ્રતસ્વામી (વેલજી સાહાના ઘરે).

ફોફલીયા વાડેં નમું રે, સાહિબ **સાંતિ** જિણંદ,
ચિત્રભુવન અતિ કોરણી રે, નિરષીત નયણાણંદો રે. ૭ ચૈ૦

બીજે ભુવન જોહારીયઇ રે, **શ્રી સંભવ** જિનરાય,
ત્રીજેં ભુવનેં પાસજી, ભેટા ભગવંત પાયો રે. ૮ ચૈ૦

વેલજી સાહાનઈ મંદરઈ રે, દેહરાસર માંહિં જેહ,
શ્રી મુનીસુવ્રત ભેટીયા, સુંદર મૂરત એહો રે. ૯ ચૈ૦

સં૦ ૧૮૨૧માં ઉપા૦ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં **ફોફલીપાડા**માં કુલ ચાર જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ મળે છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચ્યાર દેવલ અતિ સુંદરું, **ફોફલીપાડા** માંહિ;

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં ફોફલિયાવાડામાં છ જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે : ૧. શાંતિનાથ, ૨. નેમિનાથ (ચૌધરીની શેરીમાં), ૩. મનમોહન પાર્શ્વનાથ, ૪. શંખેશ્વર પાર્શ્વનાથ, ૫. સંભવનાથ (વખતજીની શેરીમાં) અને ૬. મુનિસુવ્રતસ્વામી (વખતજીની શેરીમાં).

શાંતીશં ચાદ્યનીથ્યાં જનગણભૃત **ફોફલિયાહ્વે હિ વાડે**,
વીથ્યાં વૈ **ચૌધરીણાં** યદુકુલતિલકં **નેમિનાથં** નમામિ ।
પાર્શ્વં મનમોહનાખ્યં તદભિધરવરવીથ્યાં ગતં **શંખ પાર્શ્વ**,
વીથીગં **સંભવં વખતજિત** ઈતઃ **સુવ્રતસ્વામિનં** ચ ॥૨૩॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં પણ ઉપર્યુક્ત છ જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ મળે છે. ઉપરાંત તે સમયે ફોફલિયાવાડામાં સત્તાવીસ ઘરદેરાસરો વિદ્યમાન હતાં. આ વિસ્તારમાં જૈન શાસનના વિજય ડંકાના સૂરો કેવા તો ગુંજતા હશે તેની તો માત્ર કલ્પના જ કરવાની રહી !

	પરિવારનું નામ	**વિસ્તાર**
૧.	શા૰ હાલાભાઈ મગનલાલ	ફોફલિયાવાડો
૨.	શા૰ મોતીલાલ મોકમચંદ	ફોફલિયાવાડો
૩.	શા૰ ડાહ્યાભાઈ ખેમચંદ	ફોફલિયાવાડો, આગલી શેરી
૪.	શા૰ બોગડચંદ વીરચંદ	ફોફલિયાવાડો, આગલી શેરી
૫.	શા૰ હકમચંદ ફૂલચંદ	ફોફલિયાવાડો, આગલી શેરી
૬.	શા૰ તલકચંદ લાલચંદ	ફોફલિયાવાડો, મનમોહનની શેરી
૭.	શા૰ ધરમચંદ છગનલાલ	ફોફલિયાવાડો, આગલી શેરી
૮.	શા૰ સૂરચંદ જેચંદ	ફોફલિયાવાડો, મનમોહનની શેરી
૯.	શા૰ નાલચંદ ખેમચંદ	ફોફલિયાવાડો, મનમોહનની શેરી
૧૦.	શા૰ રતનચંદ વસ્તાચંદ	ફોફલિયાવાડો, મનમોહનની શેરી
૧૧.	શા૰ ગભરૂભાઈ ગમાનચંદ	ફોફલિયાવાડો, મનમોહનની શેરી
૧૨.	શા૰ લલ્લુભાઈ ભુખણદાસ	ફોફલિયાવાડો, મનમોહનની શેરી
૧૩.	શા૰ ઘેલાભાઈ ખેમચંદ	ફોફલિયાવાડો, મનમોહનની શેરી
૧૪.	શા૰ તલકચંદ સાંકલચંદ	ફોફલિયાવાડો, ચૌધરીની શેરી
૧૫.	શા૰ ખોડીદાસ દોલાચંદ	ફોફલિયાવાડો, ચૌધરીની શેરી
૧૬.	શા૰ છોટાલાલ આવજી	ફોફલિયાવાડો, ચૌધરીની શેરી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૭. શા૦ મણીઆર ખુબચંદ કાઉદાસ ફોફલિયાવાડો, ચૌધરીની શેરી
૧૮. શા૦ ચંદુલાલ નાનચંદ ફોફલિયાવાડો, ચૌધરીની શેરી
૧૯. શા૦ ગભરૂચંદ તલકચંદ ફોફલિયાવાડો, ચૌધરીની શેરી
૨૦. શા૦ વસ્તાભાઈ ખેમચંદ ફોફલિયાવાડો, ચૌધરીની શેરી
૨૧. શા૦ મણીઆર સાકલચંદ દલછારામ ફોફલિયાવાડો, ચૌધરીની શેરી
૨૨. શા૦ નગીનદાસ ગબલચંદ ફોફલિયાવાડો, ચૌધરીની શેરી
૨૩. શા૦ કીળાભાઈ ડાહ્યાચંદ ફોફલિયાવાડો, ચૌધરીની શેરી
૨૪. શા૦ મનુભાઈ રતનચંદ ફોફલિયાવાડો, ચૌધરીની શેરી
૨૫. શા૦ રાઈચંદ ઘેલાભાઈ ફોફલિયાવાડો, ચૌધરીની શેરી
૨૬. શા૦ રતનચંદ ઘૈયરચંદ ફોફલિયાવાડો, ચૌધરીની શેરી
૨૭. શા૦ લહેરચંદ ભાણાચંદ ફોફલિયાવાડો, ચૌધરીની શેરી

સં૦ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં ફોફલીયાવાડામાં કુલ સત્તર જિનાલયો પૈકી દસ ઘરદેરાસરો હતાં. ૧. શાંતિનાથ, ૨. પાર્શ્વનાથ (મોતીલાલ મોકમચંદનું ઘરદેરાસર), ૩. સુવિધિનાથ (હાલાભાઈ ભગનલાલનું ઘરદેરાસર), ૪. શાંતિનાથ (નિહાલચંદ ગોબરચંદનું ઘરદેરાસર), ચૌધરીની શેરીમાં ૫. નેમિનાથ, ૬. કુંથુનાથ (વસ્તાચંદ ખીમચંદનું ઘરદેરાસર), ૭. શાંતિનાથ (મણિલાલ રતનચંદનું ઘરદેરાસર), ૮. વિમલનાથ (ભાયચંદ ખુશાલચંદનું ઘરદેરાસર), વાસુપૂજ્યની શેરીમાં ૯. વાસુપૂજ્યસ્વામી, વખતજીની શેરીમાં ૧૦. સંભવનાથ, ૧૧. મુનિસુવ્રતસ્વામી, મનમોહનની શેરીમાં ૧૨. સુમતિનાથ (હેમચંદ ખેમચંદનું ઘરદેરાસર), ૧૩. મનમોહન પાર્શ્વનાથ, ૧૪. આદેશ્વર (ઘરદેરાસર), ૧૫. શંખેશ્વર પાર્શ્વનાથ, ૧૬. શાંતિનાથ (ગભરૂચંદ ગુમાનચંદનું ઘરદેરાસર) અને ૧૭. શ્રેયાંસનાથ (લાકડાનું નાનું ઘરદેરાસર).

આજે સ્વતંત્ર મહોલ્લા તરીકે ઓળખાતા, ફોફલિયાવાડા પાસે આવેલા વાસુપૂજ્યના મહોલ્લાનો ઉલ્લેખ **સં૦ ૧૯૬૩**માં તથા **સં૦ ૨૦૧૦**માં ફોફલિયાવાડામાં થયેલો છે.

આજે ફોફલિયાવાડામાં નીચે મુજબના જિનાલયો વિદ્યમાન છે :

પોળની શેરીમાં ૧. શાંતિનાથ, ૨. પાર્શ્વનાથ (બાલુભાઈ પરિવારનું ઘરદેરાસર), મનમોહનની શેરીમાં ૩. મનમોહન પાર્શ્વનાથ, વખતજીની શેરીમાં ૪. સંભવનાથ, ૫. મુનિસુવ્રતસ્વામી અને ચૌધરીની શેરીમાં ૬. નમિનાથ.

નોંધ : સં૦ ૨૦૫૬ના માગશર સુદ પાંચમના રોજ પોળની શેરીમાં આવેલ પાર્શ્વનાથના ઘરદેરાસરને પોળની શેરીના શાંતિનાથના જિનાલયમાં પધરાવવામાં આવ્યું છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પોળની શેરી, ફોફલિયાવાડો

શાંતિનાથ (સં૰ ૧૬૬૪)

ફોફલિયાવાડા વિસ્તારમાં પોળની શેરી કે આગલી શેરી તરીકે ઓળખાતી પોળમાં પ્રવેશતાં આપણી ડાબી બાજુએ શ્રી શાંતિનાથનું સામરણયુક્ત શિખરવાળું આરસનું બનેલું જિનાલય આવેલું છે.

પ્રવેશ કરતાં ચોક આવે છે જેની ફરસ સુંદર ડિઝાઇનવાળી આરસની છે. ચોકને ફરતે કોટ છે જેની ઉપર દસ ફાનસ છે. ચાર પગથિયાં ચડતાં ત્રણ પ્રવેશદ્વાર આવે છે. અહીં ચાર સ્તંભ છે. તેની ઉપર ચાર નૃત્યાંગનાઓની રચના છે. મુખ્ય દ્વારની છેક ઉપર જમણી બાજુએ સરસ્વતીદેવી તથા ડાબી બાજુ લક્ષ્મીદેવીનાં શિલ્પો છે. તથા બીજી પણ બે પૂતળીઓનાં શિલ્પો છે. પ્રવેશદ્વારની ઉપરની દીવાલ પર લક્ષ્મીદેવીની આજુબાજુ જલાભિષેક કરતા હાથીઓ ઉપસાવેલા છે. અહીં લાલ તથા સોનેરી રંગથી રંગકામ થયેલું છે. પ્રવેશદ્વાર પાસે ડાબી બાજુ દીવાલ પર નીચે પ્રમાણે લેખ લખેલ છે :

"આજથી સવાસો વર્ષ પહેલાં એક અજૈન ભાઈના ઘરમાંથી પ્રાપ્ત થયેલા શ્રી શાંતિનાથ પરમાત્માના પ્રતિમાજી પોળની શેરીના દેરાસરજીમાં મૂળનાયક રૂપે બિરાજમાન છે. તેનો ઉત્થાપન વિધિ સં૰ ૨૦૩૯ના વૈશાખ સુદિ ૧૧ને દિને કરેલ તા૰ ૨૨-૫-૮૩. તે ભગવંતોને પુનઃ પ્રતિષ્ઠિત વિ૰ સં૰ ૨૦૪૩ માગશર સુદિ ૬ને શનિવારે તા૰ ૮-૧૨-૮૬ પરમ પૂજ્ય આચાર્ય શ્રી ૐકારસૂરીશ્વરજી મહારાજ સાહેબના વરદ હસ્તે થયેલ છે."

તથા જમણી બાજુ દીવાલ પર "શ્રી શાંતિનાથ ભગવાનનું આ દહેરાસર શ્રી પોળની શેરીના જૈન શ્વે૰ મૂ૰ પૂ૰ સભ્યોની માલિકીનું છે." – મુજબનું લખાણ છે.

મધ્યમ, પહોળા, ચોરસ રંગમંડપમાં આઠ સ્તંભો છે. રંગમંડપના ઘુમ્મટનું કાચકામ મોહક છે. બે વર્ષ પહેલાં જ આ કાચકામ કરાવવામાં આવેલ છે. રંગમંડપની જમણી દીવાલ પર સમેતશિખર તથા ડાબી બાજુ દીવાલ પર શત્રુંજયનો પટ છે. અહીં થર્મોકોલની શીટ પર કોતરણી કરી રંગ કરી આભલાં ચોટાડેલાં હોય તેવી નવીન રચના ધ્યાને ખેંચે છે. ગિરનાર તથા અષ્ટાપદના પટ પણ છે. ગભારા પાસેની દીવાલ પર વાજિંત્ર સાથે નાની પૂતળીઓનાં શિલ્પો છે. ડાબી બાજુના ગોખમાં ગરુડયક્ષ અને જમણી બાજુના ગોખમાં નિર્વાણીદેવીની આરસમૂર્તિઓ છે. ગભારાને ફરતે પ્રદક્ષિણા થઈ શકે તેવી જગ્યા છે.

લાકડાની રંગીન કોતરણીવાળા ગર્ભદ્વારની બારસાખ નીચે દ્વારપાળ અને ઉપર શિખર જેવી રચના છે. દ્વાર પર ચામર વીંઝતી પૂતળીઓની રચના છે. અહીં ૨૧" ઊંચાઈ ધરાવતી શાંતિનાથની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. તેના પર "સં૰ ૧૬૬૪ વર્ષે પોષ વદી ....." – એ મુજબનું લખાણ વાંચી શકાય છે. અન્ય બિંબો કદમ્બગિરિથી લાવીને બિરાજમાન કરેલ છે એવું જાણવા મળ્યું છે. અત્રે કુલ છ આરસપ્રતિમા અને એકત્રીસ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધાતુપ્રતિમા બિરાજમાન છે. ઉપરાંત એક સ્ફટિકપ્રતિમા પણ છે. મૂળનાયકની જમણી બાજુ આદેશ્વર અને મલ્લિનાથ તથા ડાબી બાજુ પાર્શ્વનાથ અને ધર્મનાથ બિરાજે છે.

શાકોરી કુટુંબના શ્રી હાલાભાઈ મગનલાલ શાહનું ઘરદેરાસર અત્રે પધરાવેલ છે. તેમાં મૂળનાયક પણ શાંતિનાથ હતા અને સાથે શ્રી કુંથુનાથ તથા શ્રી પાર્શ્વનાથની પ્રતિમાઓ હતી. આ ઘરદેરાસરની પ્રતિમાઓ સં૰ ૨૦૪૩ના વૈશાખ સુદ ૧૩ના તા૰ ૨૯-૭-૮૮ના શુભ દિને આ જિનાલયમાં પધરાવ્યાનું લખાણ છે. આ ઘરદેરાસર સાથે શાકોરી કુટુંબના કુળદેવીનાં ઉપસાવેલ ચિત્રવાળાં બે રજતપત્રો તથા તેને મૂકવા ચાંદીના છત્રવાળી બે પાટલી પણ છે. સ્થાનિક માહિતી પ્રમાણે અહીં રાજકોટવાળા શ્રી બોબડચંદ વીરચંદ શાહનું ઘરદેરાસર પણ પધરાવેલ છે જેમાં યંત્રો તથા અષ્ટમંગલ સહિત કુલ તેર ધાતુપ્રતિમા હતી. તથા હાલ સં૰ ૨૦૫૬ના માગશર સુદ પાંચમના દિવસે બાલુભાઈ પોપટલાલ તથા શાંતિલાલ પોપટલાલ શાહ પરિવારનું પાર્શ્વનાથનું ઘરદેરાસર અત્રે પધરાવેલ છે.

જિનાલયની બહારના ભાગમાં જમણી બાજુએ સામરણયુક્ત દેવકુલિકામાં ગુરુમંદિર આવેલું છે. તેમાં ભદ્રંકરવિજયજી મ૰ સા૰ની પ્રભાવી પ્રતિમા પ્રતિષ્ઠિત કરવામાં આવેલ છે.

"પૂજ્યપાદ પરમપ્રભાવક સંઘસ્થવિર સુવિશાલ ગચ્છાધિપતિ વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્ રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના માર્ગદર્શન મુજબ તેઓ શ્રીમદ્ના પ્રભાવક શિષ્યરત્ન અધ્યાત્મયોગી સ્વ૰ પૂ૰ પન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યના સં૰ ૨૦૩૬ના વૈશાખ સુદ ૧૪ના પાટણ મુકામે રાત્રે થયેલ સમાધિપૂર્ણ કાળધર્મ અનુસંધાને સ્વર્ગસ્થ વાચસ્પતિની સ્મૃતિમાં વૈશાખ સુદ ૧૫ના થયેલ તેઓશ્રીના પાર્થિવદેહના અગ્નિસંસ્કારની ઉપજમાંથી તેઓશ્રીના પ્રશિષ્યરત્ન પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી પ્રદ્યોતનસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્ય મુનિ શ્રી વજ્રસેનવિજયજી મહારાજની પ્રેરણાથી શ્રી નગીનદાસ કરમચંદ પૌષધશાળા સ્વ૰ પૂજ્ય મહારાજ સાહેબના જન્મસ્થાનના પોળની શેરીના પરમ પૂજ્ય મહારાજના સ્મારક માટે રૂા.૧,૩૦,૦૦૦/= પ્રાપ્ત થયેલ. બાકીના વધારાના ખર્ચના રૂપિયા પોળની શેરી તરફથી છે."

સ્વ૰ શ્રી ભદ્રંકરવિજયજીગણિનું જન્મસ્થાનનું મકાન કે જે દેરાસરની સામે જ આવેલું છે ત્યાં સાધુ-સાધ્વીની વૈયાવચ્ચ માટે મહોલ્લાવાળા રસોડું ચલાવે છે. વળી શેરીમાં આગળ સાધુ-સાધ્વી ભગવંતોને ભણવા માટે પાઠશાળા પણ ચાલે છે.

ઐતિહાસિક સંદર્ભ

મૂળનાયક શ્રી શાંતિનાથની પ્રતિમા પર સં૰ ૧૬૬૪નો લેખ છે. જો કે **સં૰ ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ સૌ પ્રથમ વાર મળે છે. ત્યારબાદ **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં, **સં૰ ૧૯૬૩**માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં તથા **સં૰ ૨૦૧૦**માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ મળે છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં શાંતિનાથના જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયમાં સાત આરસપ્રતિમા અને સોળ ધાતુપ્રતિમા તથા એક રત્નપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આગલી શેરીમાં શાંતિનાથના જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. જિનાલયમાં સાત આરસપ્રતિમા અને બાવીસ ધાતુપ્રતિમા તથા એક સ્ફટિકપ્રતિમાનો ઉલ્લેખ થયેલો છે. જિનાલયની સ્થાપનાનો સમય સં૰ ૧૯૨૦ દર્શાવ્યો છે. સંભવ છે કે તે સમયે જીર્ણોદ્ધાર થયો હોય. વહીવટ શેઠ લીહેરૂભાઈ હાલાભાઈ હસ્તક હતો.

આજે જિનાલયનો વહીવટ આ વિસ્તારમાં જ રહેતા શ્રી શૈલેષભાઈ બાબુલાલ શાહ તથા મુંબઈનિવાસી શ્રી રસિકલાલ મણિલાલ શાહ અને શ્રી દિનેશભાઈ અંબાલાલ શાહ હસ્તક છે. આ જિનાલયમાં ત્રણ ઘરદેરાસરો પધરાવેલ છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૬૪**ના સમયનું છે. **સં૰ ૧૬૪૮** પૂર્વેના સમયનું નક્કી કરવા માટે અન્ય આધારભૂત પુરાવાઓની જરૂર છે.

• • •

પોળની શેરી, ફોફલિયાવાડો

પાર્શ્વનાથ (ઘરદેરાસર) (સં૰ ૧૮૭૫ આસપાસ)

ફોફલિયાવાડા વિસ્તારમાં **પોળની શેરી** તરીકે ઓળખાતી પોળમાં પ્રવેશતાં, ડાબી બાજુએ શ્રી બાલુભાઈના ઘરના ત્રીજા મજલા પર શ્રી પાર્શ્વનાથનું ઘરદેરાસર આવેલું છે. શેરીમાં આ એક જ ઘરદેરાસર છે.

દીવાલે જડેલા કોતરણીવાળા લાકડાનાં કબાટમાં તમામ પ્રતિમાઓ બિરાજમાન છે. અહીં ત્રણ ધાતુપ્રતિમા અને ચાંદીની એક દેવીમૂર્તિ જેને આ કુટુંબ પોતાની કુળદેવી માને છે તે અને યંત્રો છે. મૂળનાયક તરીકે ૩"ની ઊંચાઈ ધરાવતી, શ્રી પાર્શ્વનાથની એકતીર્થી ધાતુપ્રતિમા બિરાજમાન છે. તેના પરના લેખમાં નીચે મુજબનું લખાણ વાંચી શકાય છે :

"સં૰ ૧૮૨૬ વૈશાખ વદિ ૨ શ્રી પાર્શ્વનાથ બિંબ ....."

જમણીબાજુ શ્રી શાંતિનાથની પંચતીર્થી ધાતુપ્રતિમા છે. તેના પરના લેખમાં નીચે મુજબનું લખાણ વાંચી શકાય છે :

"સંવત ૧૭૬૮ વૈશાખ સુદિ ૫ બુધવાર પત્તન વાસ્તવ્ય શ્રી પના ભાર્યા બાઈ લવામ કારાપિત શ્રી શાંતિનાથ પંચતીર્થી શ્રી કટુકમતી ગચ્છે પ્રતિષ્ઠિતં ।"

ડાબી બાજુ શ્રી સુવિધિનાથની ધાતુપ્રતિમા પર નીચે મુજબનો લેખ છે :

"સં૰ ૧૫૫૨ માઘ વદ ૧૨ બુધવાર પ્રાગ્વાટ જ્ઞાતિય મ૰ વેલા ભાર્યા કમી સુ૰ પ૰ માણીકકેન ભા૰ લખી સુત ભાઈ આભાજી .. પ્રમુખકુટુંબયુતેન સ્વશ્રેયાર્થ શ્રી સુવિધિનાથ કારિતં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રતિષ્ઠિતં શ્રી બૃહદ્ તપા૰ ભ૰ શ્રી ઉદયસાગરસૂરિભિઃ શ્રી પત્તન વાસ્તવ્યં.....''

નોંધ : સં૰ ૨૦૫૬ના માગશર સુદ પાંચમના રોજ આ ઘરદેરાસરને ફોફલિયાવાડાના જ શાંતિનાથના જિનાલયમાં પધરાવવામાં આવ્યું છે.

ઐતિહાસિક સંદર્ભ

આ ઘરદેરાસરનો ઉલ્લેખ **સં૰ ૧૯૬૩**માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં સૌ પ્રથમ વાર મળે છે. તે સમયે મોતીલાલ મોકમચંદ પરિવારનું ઘરદેરાસર તરીકે દર્શાવવામાં આવ્યું છે. અહીં ત્રણ ધાતુપ્રતિમા બિરાજમાન હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં મોતીલાલ મોકમચંદના પરિવારનું પાર્શ્વનાથનું આ ઘરદેરાસર ત્રીજે માળ હતું. આ ઘરદેરાસરની સ્થાપનાનો સમય સં૰ ૧૮૭૫ દર્શાવ્યો છે. તે સમયે પણ જિનાલયમાં કુલ ત્રણ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. આજે પણ આ ઘરદેરાસરમાં ત્રણ ધાતુપ્રતિમા બિરાજમાન છે. **સં૰ ૨૦૧૦**માં વહીવટ શાંતિલાલ પોપટલાલ હસ્તક હતો. સ્થિતિ સારી હતી.

મૂળનાયક પાર્શ્વનાથની ધાતુપ્રતિમા પર સં૰ ૧૮૨૬નો મૂર્તિલેખ છે. જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ ઘરદેરાસરનો સમય સં૰ ૧૮૭૫નો દર્શાવ્યો છે. તેને અધિકૃત માની શકાય છે.

ટૂંકમાં આ ઘરદેરાસર **સં૰ ૧૮૭૫ની આસપાસ**ના સમયનું છે.

• • •

મનમોહનની શેરી, ફોફલિયાવાડો

મનમોહન પાર્શ્વનાથ (સં૰ ૧૬૧૩ પૂર્વે)

ફોફલિયાવાડાના વિસ્તારમાં મનમોહનની શેરીમાં પ્રવેશતાં ડાબી બાજુ શ્રી મનમોહન પાર્શ્વનાથનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. જિનાલયનો બાહ્ય દેખાવ અતિ આહ્લાદક છે. પ્રવેશચોકીની દીવાલ પર વિવિધ વાજિંત્રો વગાડતી મધ્યમ કદની અગિયાર અતિ સુંદર આરસની પૂતળીઓ શોભે છે. જિનાલયમાં પ્રવેશવાના દ્વાર પાસેની દીવાલ પર બે હાથી પર, અંબાડીમાં બેઠેલા શ્રેષ્ઠીની રચના કોતરીને ઉપસાવેલ છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિ તથા શાંતિકળશના અખંડ ધારાનાં બે ચિત્રો પણ ઉપસાવેલ છે. જિનાલયની ઉપર શ્રી સરસ્વતીદેવીનું શિલ્પ છે. (જુઓ ફોટોગ્રાફ નં૰ ૨૮) આ જિનાલયની અંદર અને બહાર તત્ત્વથી ભરેલાં ગૂઢ રહસ્યવાળાં સુંદર સુવાક્યો, લેખો કોતરીને લખેલાં છે.

પ્રવેશદ્વારના ઓટલા પર ચડતાં, આજુબાજુના સ્તંભોમાં હાથમાં સિદ્ધસેનવ્યાકરણ લઈને ઊભેલા શ્રી સરસ્વતીદેવીની રચના છે. અહીં ઉપરના ભાગમાં આ વ્યાકરણની ટૂંકમાં સમજ આપતો લેખ પણ છે. ઓટલાના છેડા પરના બન્ને બાજુના બન્ને થાંભલાઓમાં શુભાશિષ વરસાવતાં લક્ષ્મીદેવીનું શિલ્પ છે. ઓટલા ઉપરના ભાગમાં પરીઓની રચનાવાળાં તોરણો છે જે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૈકી જમણી બાજુના તોરણમાં વચ્ચે ચક્રેશ્વરીદેવી અને ડાબી બાજુ વચ્ચે પ્રાર્શ્વનાથને બે હાથીઓ કમળથી પૂજા કરતા નજરે પડે છે. સૌથી ઉપરના ભાગમાં ભમ્મર ગોખની જેમ છત્રી છે જેમાં સરસ્વતીદેવી છે. ઓટલા પરની જાળીઓના નીચેના ભાગમાં નવગ્રહો અને સોળ વિદ્યાદેવીઓ છે. જિનાલયને ફરતે ઉપર દશે દિશાઓમાં ચારે બાજુ દસ દિક્પાલ છે.

કાષ્ઠની સુંદર કોતરણીવાળા ત્રણ સુંદર પ્રવેશદ્વારમાંથી રંગમંડપમાં પ્રવેશતાં, ઉપર ઘુમ્મટના છતના ભાગમાં પાંચ મેરુપર્વત દશ્યમાન થાય છે. આ જિનાલયની વિશેષતા એ છે કે અહીંનાં શિલ્પો તથા તેને લગતી વિગતવાર માહિતી પણ દીવાલે લખી છે જેથી શિલ્પાકૃતિને સમજવી સુગમ પડે. દા.ત. મેરુશિખર, દેવલોક જિનાલયની બહારની બારીની આજુબાજુનાં શિલ્પોની વિગતો.

આ જ રીતે રંગમંડપના ઘુમ્મટ – છતના ભાગમાં દેવલોકની રચના છે. છેક ઉપર બાર દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તક વિમાન છે. પછી વ્યંતર જ્યોતિષીમાં રહેલા ચાર શાશ્વતા જિનેશ્વરો – ઋષભ, ચંદ્રાનન, વારિષેણ અને વર્ધમાન – છે. તેની નીચેના ભાગમાં વર્તમાન ચોવીશીના ચોવીસ તીર્થંકરો છે. તેની ઉપર છત્રો છે. બાજુમાં યક્ષ યક્ષિણી છે અને નીચે લાંછન છે. નીચેના ભાગમાં ગજથર અને હંસથર છે. આખા ઘુમ્મટને ચાર દેવોએ જાણે કે અધ્ધર રાખેલ હોય તેવું દશ્ય ઊભું કરેલ છે. આ રીતે અહીં દેવલોકની પણ સમજ આપવામાં આવી છે.

રંગમંડપની મુખ્ય ચોકીના ચાર સ્તંભો પર ચાર ચાર અપ્સરાઓનાં શિલ્પો છે. બીજા આઠ સ્તંભો પૈકી દરેક ઉપર એક અપ્સરા મળી આઠ અપ્સરાઓ છે. રંગમંડપમાં ગર્ભગૃહની પાસે સામસામે અત્યંત કલાત્મક દેરીઓ આવેલી છે. ઉપર ઘુમ્મટ અને છત્રી તથા ગોખની નીચેના ભાગમાં મહાવત સાથેના હાથીનું સુંદર શિલ્પ છે. હાથી પર જાણે કે દેરી ઊભેલી હોય અને હાથી પર બેસી યક્ષ યક્ષિણી દર્શનાર્થે જતા હોય ! જમણી બાજુની દેરીમાં શ્યામ આરસના પાર્શ્વયક્ષની મૂર્તિ અને ડાબી બાજુની દેરીમાં પદ્માવતીદેવીની આરસમૂર્તિ બિરાજમાન છે. તેની આજુબાજુ ચામર વીંઝતાં ઈન્દ્રોનાં શિલ્પો અને દર્શન કરતા ઈન્દ્રોનાં ચિત્રો છે. રંગમંડપની ચારે દીવાલો પર આરસ પર કોતરીને તીર્થોના પટ અને પ્રસંગો બનાવેલ છે જેમાં ભગવાનનો અભિષેક, સંપ્રતિ મહારાજના નવા જિનાલયનું ખાતમુહૂર્તની વધાઈ આપવા આવનારને અપાતા દાનનો પ્રસંગ, ધન્ના અણગાર, મેઘરથ રાજાનો ભવ, મેઘકુમાર, ગિરનાર, સ્થૂલિભદ્રના જીવનપ્રસંગો, પોષ દશમનો મહિમા દર્શાવતો પ્રસંગ, પાર્શ્વનાથને બે હાથી દ્વારા કમળથી થતી પૂજાનો પટ, જન્માભિષેક, દીક્ષા કલ્યાણક, અષ્ટાપદ, મેઘમાળીનો ઉપસર્ગ, ગજસુકુમાલનો પ્રસંગ, આદેશ્વરને ઈક્ષુરસથી પારણાનો પ્રસંગ, ખંધકમુનિનો પ્રસંગ, શત્રુંજય, સનતકુમાર ચક્રવર્તીનો પ્રસંગ, મહાવીરસ્વામીને ચંદનબાળા દ્વારા કરાવાતા પારણાનો પ્રસંગ, સંપ્રતિ મહારાજના પૂર્વભવના જીવનના – ભિક્ષુકમાંથી જાતિ સ્મરણ જ્ઞાન થાય છે ત્યાં સુધીના પ્રસંગો– તથા ધન્નાકુમારની મહાવીરસ્વામી પાસે લેવાયેલ દીક્ષાનો પ્રસંગ છે.

ત્રણ કલાત્મક ગર્ભદ્વાર છે. ગર્ભદ્વારની સામેની દીવાલ પર આરસ અને છીપકામના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુંદર યંત્રો છે. મૂળનાયકની પાછળ દીવાલ પર સિદ્ધચક્રજી, જમણે ગભારે બિરાજમાન પ્રતિમાની પાછળની દીવાલ પર નિર્ગ્રન્થ ઓમકારમાલા ગ્રંથ તથા ડાબે ગભારે બિરાજમાન પ્રતિમાની પાછળની દીવાલ પર ઋષિમંડળ યંત્રની રચનાઓ છે. અહીં ૧૫" ઊંચાઈ ધરાવતી મનમોહન પાર્શ્વનાથની સપરિકર પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. મૂળનાયકનું પરિકર સં૰ ૨૦૧૩માં મહા સુદી ૬ બુધવારે શેઠ વાડીલાલ ચુનીલાલના પત્ની ચંપાબાઈએ અર્પણ કરેલ છે. પ્રતિમા પરના લેખમાં સંવત ૧૪૬૯ વંચાય છે. જમણે ગભારે શંખેશ્વર પાર્શ્વનાથ તથા ડાબે ગભારે આદેશ્વર બિરાજમાન છે. આ પ્રતિમાઓ સપરિકર છે અને તેમના પરિકરો પણ સં૰ ૨૦૧૩માં બન્યાં છે અને તે ચંપાબાઈની પુત્રી વિમલાબેને બનાવડાવ્યા છે. અહીં આઠ આરસપ્રતિમા અને છ્યાસી ધાતુપ્રતિમા છે જે પૈકી ધાતુના એક ચૌમુખી છે. એક નાના બાજોઠ પર ધાતુનાં પગલાંની ચાર જોડ છે.

આ જિનાલયનો જીર્ણોદ્ધાર સં૰ ૨૦૦૮માં શરૂ કરી સં૰ ૨૦૧૩માં પૂર્ણ થતાં પુનઃપ્રતિષ્ઠા થયેલ છે. સ્થાનિક માહિતી પ્રમાણે આજે જમણે ગભારે બિરાજમાન શંખેશ્વર પાર્શ્વનાથનું જિનાલય આ જિનાલયમાં જ, બાજુમાં અલગ હતું. તેમની વર્ષગાંઠ શ્રાવણ વદ ૫ હતી. બન્ને જિનાલયને ભેગાં કરી એક ભવ્ય જિનાલય બનાવવાની શેરીના ભાઈઓની ઇચ્છાથી અહીં બેઉ જિનાલયો એકમાં જ સમાવેશ પામ્યાં છે.

આ ઉપરાંત આ જિનાલયમાં અન્ય ત્રણથી ચાર જિનાલયો એકરૂપ બન્યાં હોવાનું પોળના રહીશોએ જણાવેલ છે જેમાંથી એક જિનાલય શાંતિનાથનું હતું. આજે તે જિનાલયની પાછળના ભાગમાં છે. આજે મનમોહન પાર્શ્વનાથના જિનાલયમાં એકરૂપ થઈ ચૂકેલું શાંતિનાથનું ઘરદેરાસર મનમોહન પાર્શ્વનાથના જિનાલયની પાછળ ડાબી બાજુ અલગ દેવકુલિકા જેવી રચનામાં પધરાવવામાં આવ્યું છે. તે ઝવેરી કુટુંબનું હતું અને સં૰ ૨૦૩૨ના વૈશાખ વદ ત્રીજના શુક્રવારના રોજ પધરાવેલ છે.

દેવકુલિકાના ગભારાના લાકડાના દ્વાર પર આરસના દ્વારપાળો તથા કોતરણીયુક્ત કમાનોવાળા સ્તંભો છે. તેના લાકડાના પ્રવેશદ્વારે ઇન્દ્ર ઇન્દ્રાણી તથા દેવી ત્રાજવાના એક પલ્લે તથા બીજે પલ્લે બેઠેલ કબૂતરની શિલ્પકોતરણી છે. દ્વાર પર જાળી હોવાથી બંધ બારણે પ્રતિમાના દર્શન થઈ શકે તેવી વ્યવસ્થા છે.

દેવકુલિકાની દીવાલ પર નીચે મુજબનો લેખ છે : "આ ઘરદેરાસરને અહીં નૂતન દહેરાસર બંધાવી તેમાં સં૰ ૨૪૯૩ વિ૰ સં૰ ૨૦૨૩ના વૈસાક વદી ૩ શુક્રવાર તા. ૨૬-૫-૧૯૬૭ના દીને શાંતિનાથ આદિ જિનેશ્વરોની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. જૂની વરસગાંઠ વૈસાક વદી ૨ની હતી."

ગભારામાં છત્રીવાળી દેરી જેવી રચનામાં તમામ પ્રતિમાઓ બિરાજમાન છે. મૂળનાયક પર શિખરરચના તથા આજુબાજુની આરસપ્રતિમા પર ઘુમ્મટરચના છે. અહીં બે આરસપ્રતિમા અને બે ધાતુપ્રતિમા છે. અહીં શાંતિનાથની ૩" ઊંચાઈની ધાતુપ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. પ્રતિમા પરનો લેખ નીચે મુજબ છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

"સં૰ ૧૬૪૯ વર્ષ માઘ વદિ ૨ પત્તન વાસ્તવ્ય પ્રાગ્વાટ જ્ઞાતીય સા૰ પૂજાના સ્વશ્રેયાર્થ શ્રી શાંતિનાથ બિંબં કારિતં પ્રતિષ્ઠિતં તપાગચ્છ શ્રી હીરવિજયસૂરિભિઃ પાતશાહ શ્રી અકબર વિજયે ।"

ઐતિહાસિક સંદર્ભ

ફોફલિયાવાડામાં પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ **સં૰ ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં સૌ પ્રથમ વાર મળે છે. ત્યારબાદ **સં૰ ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે.

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં સૌ પ્રથમ વાર આ જિનાલયનો નામોલ્લેખ મનમોહન પાર્શ્વનાથના જિનાલય તરીકે મળે છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયને **શિખર વિનાનું** હોવાનું દર્શાવ્યું છે. જિનાલયમાં સાત આરસપ્રતિમા તથા ચુમ્માળીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયનો વહીવટ શા૰ સૂરચંદ જેચંદ હસ્તક હતો. જ્યારે મનમોહન પાર્શ્વનાથના જિનાલયમાં અલગ દેવકુલિકામાં બિરાજમાન શાંતિનાથના ઘરદેરાસરનો ઉલ્લેખ સં૰ ૧૯૬૩માં મનમોહનની શેરી, ફોફલિયાવાડામાં શા૰ ગભરૂચંદ ગમાનચંદના ઘરદેરાસર તરીકે થયેલો છે. તે સમયે આ ઘરદેરાસરમાં બે આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા બિરાજમાન હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં ફોફલિયાવાડામાં મનમોહનની શેરીમાં આવેલા મનમોહન પાર્શ્વનાથના આ જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. જિનાલયમાં સાત આરસપ્રતિમા તથા અઠ્ઠાવન ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. ઉપરાંત આ વિસ્તારમાં શાંતિનાથના ઘરદેરાસરના ઘરદેરાસરનો ઉલ્લેખ થયેલો છે. તે સમયે બે આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા હતી. તથા ઘરદેરાસર બંધાવનાર તરીકે શા૰ ગભરૂચંદ ગુમાનચંદના વડીલો – એ મુજબનો ઉલ્લેખ થયેલો છે.

જિનાલયનો વહીવટ ફોફલિયાવાડામાં રહેતા શ્રી મનંજયભાઈ સેવંતીલાલ શાહ, શ્રી અશોકકુમાર જયંતિલાલ ઝવેરી, શ્રી ભૂપેન્દ્રભાઈ જયંતિલાલ શાહ અને મુંબઈનિવાસી શ્રી કંચનલાલ વાડીલાલ શાહ હસ્તક છે.

મૂળનાયક શ્રી મનમોહન પાર્શ્વનાથની પ્રતિમા પર સં૰ ૧૪૬૯નો લેખ છે. અમારી માન્યતા પ્રમાણે આ જિનાલય **સં૰ ૧૬૧૩ પૂર્વે**નું છે. તથા શાંતિનાથનું ઘરદેરાસર **સં૰** ૨૦૨૩માં આ જિનાલયમાં સમાવિષ્ટ કરવામાં આવ્યું છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વખતજીની શેરી, ફોફલિયાવાડો

સંભવનાથ (સં૰ ૧૭૨૯ પૂર્વે)

ફોફલિયાવાડા વિસ્તારમાં આવેલી વખતજીની શેરીમાં પ્રવેશતાં ડાબી બાજુએ, શ્રી મુનિસુવ્રતસ્વામીના જિનાલયની સામે બહારથી સુંદર દેખાતું શ્રી સંભવનાથનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

જિનાલયની બહારની દીવાલો, છત તથા પ્રવેશચોકી કોતરણી અને અનેકવિધ શિલ્પો – જેવાં કે : ફળ-ફૂલ, મલ્લયુદ્ધ કરતાં મલ્લો, દ્વારપાળ, વિવિધ આસનમુદ્રામાં તાપસો, હાથી, રીંછ, વાંદરા, પરીઓ વગેરે-થી સોહે છે.

પ્રવેશદ્વાર એક છે. રંગમંડપમાં સાદા પથ્થરના તોરણયુક્ત ચોવીસ સ્તંભો છે. તોરણોની બારીક કોતરણી અને રંગકામ ધ્યાન ખેંચે છે. છત પર લટકતાં કમળનાં શિલ્પો સુંદરતામાં વધારો કરે છે. રંગમંડપની બન્નેં બાજુની દીવાલોમાં અરીસાવાળા લાકડાનાં આઠ કબાટો છે.

ત્રણ ગર્ભદ્વાર પૈકી મુખ્ય ગર્ભદ્વારની ઉપરની દીવાલ તથા બારસાખ ઉપર સિંહ, હાથી અને કળશની કોતરણી છે. ગભારામાં મૂળનાયકની પ્રતિમા પર ચાંદીના પટ છે જેમાં મહાવીરસ્વામીનો કાનમાંથી ખીલા કાઢવાનો પ્રસંગ, સંગમદેવનો ઉપસર્ગ તથા સિંહનો ઉપસર્ગ ઉપસાવેલ છે. તેની બન્ને બાજુ ચાંદીના સ્તંભ છે. અહીં રંગીન પણ સાદી દસ કમાનો છે.

ગભારામાં ૧૭" ઊંચાઈ ધરાવતી શ્રી સંભવનાથની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. જમણે ગભારે સંભવનાથની રાતા રંગની તથા ડાબા ગભારે મહાવીરસ્વામીની પ્રતિમા બિરાજમાન છે. અહીં સત્તર આરસપ્રતિમા છે જે પૈકી એક પાર્શ્વનાથની શ્યામ રંગની પ્રતિમા છે. આરસની અન્ય એક પ્રતિમામાં નીચે દેવીમૂર્તિ છે. સુડતાળીસ ધાતુપ્રતિમા છે. અહીં આરસની બે ગુરુમૂર્તિઓ પૈકી એક ગૌતમસ્વામીની છે. અન્ય ગુરુમૂર્તિ કાઉસ્સગ્ગ મુદ્રામાં છે.

ઐતિહાસિક સંદર્ભ

સંભવનાથના આ જિનાલયનો ઉલ્લેખ **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં સૌ પ્રથમ વાર મળે છે. ત્યારબાદ **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં, **સં૰ ૧૯૬૩**માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં તથા **સં૰ ૨૦૧૦**માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ સાતત્યપૂર્વક મળે છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયને એક શિખરવાળું દર્શાવ્યું છે. જિનાલયમાં ત્રેવીસ આરસપ્રતિમા તથા ચોપન ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયનો સમય તે સમયે સં૰ ૧૮૫૭ દર્શાવેલ છે. સંભવ છે કે સં૰ ૧૮૫૭માં જિનાલયનો જીર્ણોદ્ધાર થયો હોય.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલય ધાબાબંધી દર્શાવ્યું છે. જિનાલયમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એકવીસ આરસપ્રતિમા અને ઓગણપચાસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયનો સમય સં૰ ૧૯૩૭ મહા સુદ ૧૧ દર્શાવ્યો છે. સંભવ છે કે સં૰ ૧૯૩૭માં જિનાલયનો ફરી જીર્ણોદ્ધાર થયો હશે. **સં૰ ૨૦૧૦**માં વહીવટ રાયચંદ ઘેલાભાઈ હસ્તક હતો. જિનાલયની સ્થિતિ સારી હતી.

જિનાલયનો વહીવટ આ વિસ્તારમાં રહેતા શ્રી પ્રકાશભાઈ પ્રેમચંદ શાહ તથા મુંબઈનિવાસી શ્રી સુમતિલાલ ભોગીલાલ શાહ હસ્તક છે.

અમારી માન્યતા પ્રમાણે આ જિનાલય **સં૰ ૧૭૨૯ પૂર્વે**નું છે.

• • •

વખતજીની શેરી, ફોફલિયાવાડો

મુનિસુવ્રતસ્વામી (સં૰ ૧૯૪૮)

ફોફલિયાવાડા વિસ્તારની વખતજીની શેરીમાં શ્રી સંભવનાથના જિનાલયની બિલકુલ સામે શ્રી મુનિસુવ્રતસ્વામીનું ધાબાબંધી જિનાલય આવેલું છે. જિનાલયનો બાહ્ય દેખાવ સુંદર છે.

જિનાલયની બહારની દીવાલે બે દ્વારપાળ છે. અહીં દીવાલે તથા મુખ્ય પ્રવેશદ્વારની આજુબાજુ સિંહ, મોર, મલ્લકુસ્તી, તાપસ અને પરીઓનાં શિલ્પો છે. રંગકામ સુંદર છે. છત પર ફૂલોનાં સુંદર ચિત્રો છે. પ્રવેશચોકી મગરમુખી કમાનો, સિંહ તથા વાઘનાં શિલ્પોવાળી છે.

રંગમંડપ નાનો છે. અહીં મૂળનાયકના ગભારા સિવાયનો અન્ય એક નાનો ગભારો છે. તેમાં મૂળનાયક તરીકે શ્રી શીતલનાથની ધાતુપ્રતિમા બિરાજમાન છે. આ ગભારામાં ઓગણીસ ધાતુપ્રતિમા છે. વળી, અહીં આરસની એક શ્યામ રંગની પ્રતિમા પણ છે. મૂળનાયક શીતલનાથની પ્રતિમા પરના લેખમાં નીચે મુજબનું લખાણ છે :

"સં૰ ૧૫૪૨...ફાગણવદ ૩...પ્રાગ્વાટજ્ઞાતી...જબકુ...શીતલનાથ...સિદ્ધાંતસૂરિભિઃ"

કોઈનું ઘરદેરાસર અત્રે પધરાવેલ હોવાનું અનુમાન થઈ શકે. જો કે ત્યાંના રહીશો આ બાબતે કાંઈ કહી શક્યા નથી કે એ અંગેનું બીજું કોઈ લખાણ પણ પ્રાપ્ત થયું નથી.

મુખ્ય ગભારાને એક ગર્ભદ્વાર છે. ૧૭" ઊંચાઈ ધરાવતી શ્રી મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા અત્રે મૂળનાયક તરીકે બિરાજમાન છે. અત્રે કુલ પાંચ આરસપ્રતિમા અને પાંચ ધાતુપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

આ જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં વખતજીની શેરીમાં થયેલો છે.

ત્યારબાદ **સં૰ ૧૯૬૩**માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયને **શિખર વિનાનું** દર્શાવ્યું છે. આ જિનાલયની સ્થાપનાનો સમય સં૰ ૧૯૪૮ દર્શાવવામાં આવ્યો છે. જિનાલય બંધાવનાર તરીકે શા૰ સાકરચંદ ઉમેદચંદના નામનો ઉલ્લેખ છે. જિનાલયમાં ચાર આરસપ્રતિમા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને તેર ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. વહીવટ શેઠ લહેરભાઈ હાલાભાઈ હસ્તક હતો.

આજે જિનાલયમાં કુલ છ આરસપ્રતિમા તથા ચોવીસ ધાતુપ્રતિમા છે. વહીવટ આ વિસ્તારમાં રહેતા શ્રી પ્રકાશભાઈ પ્રેમચંદ શાહ તથા મુંબઈનિવાસી શ્રી સુમતિલાલ ભોગીલાલ શાહ હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૯૪૮**ના સમયનું છે.

• • •

ચૌધરીની શેરી, ફોફલિયાવાડો

નેમિનાથ (સં૰ ૧૮૭૫)

ફોફલિયાવાડા વિસ્તારમાં પ્રવેશ્યા બાદ જમણી બાજુએ અંદરના ભાગમાં મોટો ચોક જેવો વિસ્તાર છે જે ચૌધરીની શેરી તરીકે ઓળખાય છે. અહીં શ્રી નેમિનાથનું બે મજલાવાળું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

જિનાલયનું મુખ્ય પ્રવેશદ્વાર અને તેની બારસાખ સુંદર રંગીન કોતરણીવાળાં છે. રંગીન કોતરણીવાળી મગરમુખી કમાનો પરની સિંહની શિલ્પાકૃતિ અને થાંભલા પર બંસરીવાદન કરતાં શ્રીકૃષ્ણ અને દ્વાર પરની પૂતળીઓ અને ધર્મચક્ર જિનાલયના બહારના ભાગને રમ્ય બનાવે છે.

રંગમંડપમાં પ્રવેશવાનું લાકડાનું બારણું, બારસાખ અને ટોડલા રંગીન બારીક કોતરણીવાળા છે. તે જ રીતે રંગમંડપના દસ કાષ્ઠસ્તંભો, ટોડલા તથા કમાનોની બારીક રંગીન કોતરણી અને પૂતળીઓ, મયૂર વગેરે શિલ્પો મોહ પમાડે તેવાં છે. અહીં ઊભા રહી, રંગમંડપની બધી દીવાલો અને છત પર એક નજર નાંખો તો છક થઈ જવાય એટલું – એક ઇંચ જગ્યા ખાલી ન રહે તેવું – ચિત્રકામ છે. દીવાલોમાંના ગોખલાને પણ પથ્થરની કોતરણી ! એમાં ય અહીંનાં રંગીન, મોટાં ઝુમ્મરો જિનાલયની શોભામાં ચાર ચાંદ લગાવી જાય છે ! (ટાઈટલ નં૰ ૧)

રંગમંડપની દીવાલો પરના પટ-પ્રસંગો નીચે મુજબ છે : શત્રુંજય, અષ્ટાપદ, પાવાપુરી, ચંપાપુરી, રાજગૃહીના પટ તથા મહાવીર પ્રભુનો વિહાર, ચામર વીંઝતા ઇન્દ્ર, ચંડકૌશિક નાગનો પ્રસંગ, સમવસરણમાં બિરાજમાન ભગવાનની દેશના, જન્મ મહોત્સવ, દીક્ષા મહોત્સવ, પાર્શ્વનાથ અને કમઠનો ઉપસર્ગ, રોગથી કંટાળેલા કરકંડુમુનિ, કામવિજેતા સ્થૂલિભદ્ર, ગજસુકુમારમુનિ તથા મેતાર્યમુનિના જીવનપ્રસંગો, પંચકલ્યાણકોનાં પ્રસંગચિત્રો તેમજ સિદ્ધચક્ર યંત્ર પણ ચિત્રિત કરેલ છે.

કોતરણીવાળા ટોડલા, બારસાખ અને રજતજડિત ત્રણ ગર્ભદ્વાર છે. મુખ્ય ગર્ભદ્વારની બારસાખે ચૌદ સ્વપ્નો તથા પ્રભુ દર્શને આવતાં બે ઇન્દ્રોનું ચિત્ર છે. આજુબાજુના અન્ય બે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગર્ભદ્વારે પણ બે ઇન્દ્રોની તથા અષ્ટમંગલની રચના છે. અહીંના ચિત્રોમાં પૂરવામાં આવેલા અન્ય રંગો સોનેરી રંગ થકી વિશેષ શોભે છે. મુખ્ય ગર્ભદ્વારની જમણી બાજુની દીવાલે પાંચ તીર્થંકર તથા નવપદજીનો પટ તથા ડાબી બાજુની દીવાલે ચોવીસ તીર્થંકર તથા નવપદજીનો પટ ચિત્રિત છે. ગભારાની અંદરની છત સોનેરી, લાલ તથા લીલા રંગથી રંગેલી છે.

ગભારામાં ચાંદીની છત્રીમાં ૧૫'' ઊંચાઈ ધરાવતી મૂળનાયક શ્રી નેમિનાથની આછી ગુલાબી ઝાંયવાળા આરસની સુંદર, ભાવવાહી પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. પ્રતિમા સંપ્રતિ મહારાજના સમયની છે. પ્રતિમાલેખ નથી. મૂળનાયકની બાજુમાં જ શીતલનાથની પ્રતિમા પરના લેખમાં સં૰ ૧૬૪૪ સ્પષ્ટ વાંચી શકાય છે. જમણે ગભારે મુનિસુવ્રતસ્વામી તથા ડાબે ગભારે ચિંતામણિ પાર્શ્વનાથ બિરાજમાન છે. ગભારામાં સામસામે ગોખ છે. તેમાં મહાવીરસ્વામી તથા શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા બિરાજમાન છે. અહીં કુલ તેર આરસપ્રતિમા છે જે પૈકી એક નાની, શ્યામ પ્રતિમા પાર્શ્વનાથની છે. ધાતુપ્રતિમા ચોત્રીસ છે. વળી, અહીં ચૌધરી કુટુંબનાં કુળદેવી ચાંદીના પત્રમાં છે. વધુ સારી જાળવણી થાય તે હેતુસર પતરાને લાકડાના ટુકડામાં જડી દીધું છે.

આ જિનાલય તેના પટ-પ્રસંગોનાં ચિત્રોની બહુલતા તથા તેની રંગમેળવણીને કારણે જાણીતું બન્યું છે. ગભારામાં અને ગર્ભદ્વાર પરનાં ચિત્રોમાંનો સોનેરી રંગ શોભામાં વૃદ્ધિ કરે છે.

ઉપરના માળે ખાલી હોલ છે. સં૰ ૧૯૪૫માં મુનિ હેમપ્રભ દ્વારા મૂળનાયક સિવાયની તમામ પ્રતિમાઓની પુનઃપ્રતિષ્ઠા થયેલ છે.

ઐતિહાસિક સંદર્ભ

આ જિનાલયનો ઉલ્લેખ સૌ પ્રથમ વાર **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં મળે છે.

ત્યારબાદ **સં૰ ૧૯૬૩**માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ફોફલિયાવાડામાં નેમિનાથનું જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે. જિનાલયને **શિખર વિનાનું** દર્શાવવામાં આવ્યું છે. ત્યારે ચૌદ આરસપ્રતિમા અને ચોત્રીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં ચૌધરીની શેરીમાં નેમિનાથના જિનાલયને ધાબાબંધી હોવાનું દર્શાવ્યું છે. તે સમયે પણ જિનાલયમાં ચૌદ આરસપ્રતિમા અને ચોત્રીસ ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. જિનાલયની સ્થાપનાનો સમય સં૰ ૧૮૭૫ દર્શાવવામાં આવ્યો છે. વહીવટ શેઠ મણિલાલ રતનચંદ હસ્તક હતો.

જિનાલયનો વહીવટ ચૌધરીની શેરીમાં રહેતા શ્રી અશોકભાઈ ગીરધરલાલ ઝવેરી તથા મુંબઈનિવાસી નવીનભાઈ ચીમનલાલ મણિયાર હસ્તક હતો.

જૈન તીર્થ સર્વસંગ્રહમાં દર્શાવ્યા મુજબ આ જિનાલય **સં૰ ૧૮૭૫**ના સમયનું હોવાનું માની શકાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઊંચી પોળ, સોનીવાડો

આજે સોનીવાડો તરીકે પ્રચલિત વિસ્તાર અગાઉ **સોનારવાડો** કે **સોનીપાડો** તરીકે ઓળખાતો હતો.

સં૰ ૧૬૧૩માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **સોનારવાડા**માં શાંતિનાથ તથા મહાવીરસ્વામીનું સંયુક્ત જિનાલય દર્શાવવામાં આવ્યું છે. તે સમયે આ સંયુક્ત જિનાલય નવું હતું તેવો પણ ઉલ્લેખ છે :

શાંતિસર મહાવીર નમુંઅ નિરંતર ધીર,
સોનારવાડઈ વંદન, **નવૂ દેહરું** જગરંજન. ૫૩

જોતાં અનોપમ દીસઈ, તિહા પ્રતિમા છઈ ત્રેવીસઈ,

ત્યારબાદ **સં૰ ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **સોનારવાડા** વિસ્તારમાં શાંતિનાથ તથા મહાવીરસ્વામીના બે અલગ અલગ જિનાલયોની નોંધ આવે છે :

સોનારવાડઈ શાંતિ નમું એ । પડિમા ચઉદ ઉદાર । નારિંગ૰ ॥૫૮॥
બીજઈ દેહરઈ વીરજિનૂ એ । પોઢી પડિમા એક । નારિંગ૰ ॥૫૯॥

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ વિસ્તારમાં માત્ર મહાવીરસ્વામીના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે :

સોનારવાડે સુખદાયક **શ્રીમહાવીર**, છેતાલીસ પ્રતિમા પાસે ગુણગંભીર ।

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ વિસ્તારમાં શાંતિનાથ તથા મહાવીરસ્વામીના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે :

સોનારવાડે નિરખીયે રે, ભુવન યુગલ અતિસાર,
પ્રથમ નમું **શ્રી વીરજી** રે, સૂરતિ કી બલિહારી રે. ૧૦ ચૈ૰

બીજેં ભુવનેં સાંતિજી રે, મુઝ સાહબ સુખકાર,
પ્રભુ પદકજ નિત્ય પ્રણમતા, દિન દિન જય જયકારો રે.૧૧ ચૈત્ય૰

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં પણ સોનીવાડાના આ વિસ્તારમાં બે જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ મળે છે :

સોનીવાડેં દોય છે, નિરખાતાં ભવપાર. સં૰ ૮

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં **સ્વર્ણકારનો પાડો** વિસ્તારમાં ઊંચી પોળમાં ઉપર્યુક્ત બે જિનાલયોની નોંધ પ્રાપ્ત થાય છે :

ઉચ્ચૈઃ પોલે નમામિ ત્રિદશગણનતં **સ્વર્ણકારસ્યપાડે**,
શ્રી વીરં શાંતિનાથં સ્તુતમવનિતલે નાકિનાથૈશ્ચ વન્દ્યમ્ ॥૨૨॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં સોનીવાડામાં શાંતિનાથ તથા મહાવીરસ્વામીના બે જિનાલયોનો ઉલ્લેખ મળે છે.

સં૰ ૨૦૦૮ તથા **સં૰ ૨૦૧૮**માં પણ સોનીવાડામાં ઉપર્યુક્ત બે જિનાલયોનો ઉલ્લેખ આવે છે.

આજે પણ સોનીવાડામાં ઊંચીપોળમાં શાંતિનાથ તથા મહાવીરસ્વામીના બે જિનાલયો વિદ્યમાન છે.

• • •

ઊંચી પોળ, સોનીવાડો

શાંતિનાથ (સં૰ ૧૬૧૩ પૂર્વે)

સોનીવાડા વિસ્તારમાં ઊંચીપોળમાં શ્રી શાંતિનાથ તથા મહાવીરસ્વામીના ઘુમ્મટબંધી જિનાલયો ખૂણામાં આવેલા છે.

આ બન્ને જિનાલયોમાં પ્રવેશવા માટેના દ્વાર એક જ છે. પરંતુ બન્ને જિનાલયો સામસામે છે જેમાં મુખ્ય પ્રવેશદ્વારની જમણી બાજુ પાણીના ટાંકા પાસે શ્રી શાંતિનાથના જિનાલયનું પ્રવેશદ્વાર આવેલું છે.

આ જિનાલયનો રંગમંડપ મોટો છે. તેના થાંભલા પર કાચકામ થયેલું છે અને નીચેના ભાગમાં ટાઈલ્સ છે. જિનાલયમાં આરસ તથા કાષ્ઠનો ઉપયોગ થયેલો છે. રંગમંડપમાં ગોખની રચના પણ છે પરંતુ તેમાં ભગવાનની કોઈ પ્રતિમા નથી. દીવાલ પર કાચના અરીસાઓ જડેલા છે. રંગમંડપમાં ડાબી બાજુની દીવાલે શ્રી શત્રુંજયનો ચિત્રિત પટ્ટ છે. ત્રણ ગર્ભદ્વાર ધરાવતા ગભારામાં મૂળનાયક શ્રી શાંતિનાથની ૪૭'' ઊંચાઈની પ્રતિમા ચાંદીની કલાત્મક છત્રીમાં બિરાજમાન છે. પ્રભુજીની પ્રતિમાના અલૌકિક રૂપનાં દર્શન મનને મુગ્ધ બનાવી દે છે. છત્રીમાં વચ્ચે કળા કરતો મોર, આજુબાજુમાં થાંભલા પર હાથી તથા નીચેના ભાગમાં શિલ્પોની સુંદર કારીગરી જોવા મળે છે.

અહીં બાર આરસપ્રતિમા છે જે પૈકી એક કાઉસ્સગ્ગિયા છે તથા એક ચૌમુખજી છે. દસ ધાતુપ્રતિમા છે. ગભારામાં ડાબી બાજુ આરસનો માતૃકાપટ પણ છે.

આ જિનાલયની વર્ષગાંઠ મહા સુદ ૫ તથા મહાવીરસ્વામીના જિનાલયની વર્ષગાંઠ વૈશાખ સુદ ૭ના રોજ આવે છે. પ્રભુને આ બન્ને દિવસો ઉપરાંત મહાવીરજયંતિ તથા બેસતા વર્ષના રોજ પણ આંગી થાય છે.

ઐતિહાસિક સંદર્ભ

આ વિસ્તારમાં શાંતિનાથના જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૰ ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મળે છે. ત્યારબાદ **સં૰ ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિરચિત પાટણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચૈત્યપરિપાટીમાં, **સં. ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં. ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં. ૧૯૫૯**માં પં. હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં તથા **સં. ૧૯૬૩**માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં અને **સં. ૨૦૦૮**માં મળે છે.

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયને **શિખર વિનાનું** દર્શાવ્યું છે. ત્યારે બાર આરસપ્રતિમા અને અગિયાર ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

આજે જિનાલયનો વહીવટ આ વિસ્તારમાં જ રહેતા શ્રી ધરણેન્દ્રભાઈ મહાસુખલાલ શાહ તથા મુંબઈનિવાસી શ્રી યોગેશભાઈ ભોગીલાલ શાહ અને શ્રી હેમંતભાઈ હસમુખલાલ શાહ હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય **સં. ૧૬૧૩ પૂર્વે**નું છે.

• • •

ઊંચી પોળ, સોનીવાડો

મહાવીરસ્વામી (સં. ૧૬૧૩ પૂર્વે)

સોનીવાડા વિસ્તારની ઊંચી પોળમાં શ્રી શાંતિનાથ તથા મહાવીરસ્વામીનું ઘુમ્મટબંધી જિનાલય ખૂણામાં આવેલું છે.

બન્ને જિનાલયમાં પ્રવેશવા માટે પ્રવેશદ્વાર એક જ છે. પ્રવેશતાં, ડાબી બાજુ શ્રી શાંતિનાથનું જિનાલય છે તથા જમણી બાજુ શ્રી મહાવીરસ્વામીનું જિનાલય છે. આ જિનાલયની બાજુમાં તથા શ્રી શાંતિનાથની સામે પૂજારીને રહેવાની ઓરડીની સગવડ છે.

અહીં જિનાલયના રંગમંડપમાં પ્રવેશવાનો મુખ્ય એક દ્વાર છે. રંગમંડપ સાદો છે. અહીં કોઈ વિશિષ્ટ કારીગરી જોવા મળતી નથી.

એક જ ગર્ભદ્વારવાળા નાના ગભારામાં શ્રી મહાવીરસ્વામીની ૫૩" ઊંચાઈ ધરાવતી અલૌકિક પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. પ્રતિમા સંપ્રતિ મહારાજના સમયની છે. અહીં સાત આરસપ્રતિમા છે જે પૈકી ચાર મોટી પ્રતિમા કાઉસ્સગ્ગિયા છે. સાત ધાતુપ્રતિમા છે. ગભારામાં દીવાલ પર સુંદર મીના કારીગરી છે.

શાંતિનાથના જિનાલયની વર્ષગાંઠ મહા સુદ ૫ તથા મહાવીરસ્વામીના જિનાલયની વર્ષગાંઠ વૈશાખ સુદ ૭ના રોજ આવે છે. પ્રભુને આ બન્ને દિવસો ઉપરાંત મહાવીરજયંતિ તથા બેસતા વર્ષના રોજ આંગી થાય છે.

ઐતિહાસિક સંદર્ભ

આ જિનાલયનો ચૈત્યપરિપાટીઓમાં સૌ પ્રથમ ઉલ્લેખ **સં. ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મળે છે. ત્યારબાદ **સં. ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિરચિત પાટણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં, **સં૰ ૧૯૬૩**માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં અને **સં૰ ૨૦૦૮**માં આ જિનાલયનો ઉલ્લેખ સાતત્યપૂર્વક થયેલો છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલય **શિખર વિનાનું** દર્શાવ્યું છે. ત્યારે સાત આરસપ્રતિમા અને ચાર ધાતુપ્રતિમા ઉપરાંત રત્નની એક પ્રતિમા બિરાજમાન હતી. ઉપરાંત અહીં પગલાંની એક જોડ પણ હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

આજે જિનાલયના વહીવટદાર તરીકે આ વિસ્તારમાં રહેતા શ્રી ધરણેન્દ્રભાઈ મહાસુખલાલ શાહ તથા મુંબઈનિવાસી યોગેશભાઈ ભોગીલાલ શાહ અને હેમંતભાઈ હરસુખભાઈ શાહ સેવાઓ આપે છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૧૩ પૂર્વે**નું છે.

• • •

મણિયાતીપાડો

ઘીવટા વિસ્તારમાં આવેલો મણિયાતીપાડો અગાઉ **ચ(મ)ણહટડી, મણહટ્ટીયાપાડો, મણિયાતી પાડો** વગેરે નામોથી ઓળખાતો હતો.

સં૰ ૧૫૭૬માં સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ચ(મ)ણહટડી** વિસ્તારમાં શાંતિનાથનું એક જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ મળે છે :

> **ચણહટડી સંતીસર** એ સિરિ સોલમઉ જિણંદ ત,
> દરસણિ દોષમ બહુ હરખે, નિજ કુલ કેરઉ ચંદ ત. ૧૭

ત્યારબાદ **સં૰ ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **મણહટ્ટીયાપાડા**માં મહાવીરસ્વામીના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે. તે સમયે જિનાલય નવું હતું તેવો ઉલ્લેખ પણ થયેલો છે :

> **મણહટ્ટીઆ પાડા** માહિ **મહાવીર** વષાણું,
> તિહાં પ્રસાદ નવુ કરિઓ પ્રતિમા પાંચ જાણું ૯૩

સં૰ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **મણહટ્ટીઆપાડા**માં મહાવીરસ્વામીનું જિનાલય તથા દેવદત્તનું એક ઘરદેરાસર વિદ્યમાન હતાં :

> **મણિહટ્ટનઈ** દેહરઇ રે, **વીરજિન** મહિમા મેર ઇ.
> પ્રતિમા પંચ તે જાણઉં રે, **દેવદત્ત ચૈત્ય** વખાણઉં ॥૩૩॥
>
> તેર જિણેસર ભાવી રે, માંકા મહિતાનઇ પાટકિ આવી.

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **મણીયાટીપાડા**માં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મહાવીરસ્વામીના જિનાલયનો ઉલ્લેખ મળે છે :

મણીયાટી મહાવીર, મેરુતણી પરે ધીર.
ચાલીસ બિંબસું એ, પ્રણમું ભાવસું એ ॥૭॥

તીર્થ અનોપમ એહ, મુજ મન અધિક સનેહ.
દીઠે ઉપજેએ, સંપદા સંપજે એ ॥૮॥

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મહાવીરસ્વામી તથા આદેશ્વરનાં જિનાલયો ઉપરાંત સહસ્રકૂટનું એક ઘરદેરાસર વિદ્યમાન હતાં.

મણીયાટી પાડા માંહિ ભેટીયા **વીર જિણંદ**. લ૰
પ્રાસાદ બીજે નીરખીયેં, **આદિનાથ** મુખચંદ. લ૰ ૧૭ પા૰

દુહા

ચંદ્રભાણ દોસી ગૃહે, સહસકોટ અતિસાર,
ચોમુષ પ્રતિમા ધાતુમય, પ્રણમું એક હજાર. ૧.

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં મણીયાતીપાડો વિસ્તાર **મરેઠી પાડા** તરીકે ઓળખાવી કવિએ આ વિસ્તારમાં ત્રણ જિનાલયો જુહાર્યાની નોંધ કરી છે.

મરેઠી પાડેં નીરખીઇં, **દેવલિં ત્રણિ** ઉદાર;
સોનીવાડેં દોય છે, નિરખાંતાં ભવપાર. સં૰ ૮

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં **મણ્યાતિપાડા**માં બે જિનાલયો તથા સહસ્રકૂટના ઘરદેરાસરનો ઉલ્લેખ મળે છે :

શ્રી વીરં વૈ જિનેશં **પ્રથમ જિનપતિં** ચાત્ર **મણ્યાતિપાડે**,
કૂટં નામ્ના **સહસ્ત્રં વરતરનગર શ્રેષ્ઠિસંનિર્મિતં** ચ ॥૨૧॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં **મણીઆતી પાડા**માં સહસ્રકૂટપાર્શ્વનાથનું ઘરદેરાસર, આદેશ્વર તથા મહાવીરસ્વામીનાં જિનાલયો – એમ કુલ ત્રણ જિનાલયો વિદ્યમાન હતાં. ઉપરાંત આ વિસ્તારમાં છ ઘરદેરાસરો વિદ્યમાન હતાં. ૧. શા૰ હીરાચંદ ગુલાબચંદ, ૨. શા૰ નગીનદાસ ઉજમચંદ, ૩. શા૰ જેશીંગભાઈ ત્રિભોવન, ૪. શા૰ મંગળચંદ લલુભાઈ, ૫. શા૰ વસ્તાચંદ મલુકચંદ અને ૬. કીકાભાઈ લાલચંદ.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં **મણીઆતી પાડા**માં આદેશ્વર, આદેશ્વરનું (દાંતીનું ઘરદેરાસર), સહસ્રકૂટ (નગરશેઠનું ઘરદેરાસર), મહાવીરસ્વામી, આદેશ્વર (કાકાજીનું ઘરદેરાસર) એમ કુલ પાંચ જિનાલયો વિદ્યમાન હતાં.

આજે પણ મણિયાતીપાડામાં ઉપર્યુક્ત પાંચ જિનાલયો વિદ્યમાન છે જે પૈકી ત્રણ ઘરદેરાસરો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મણિયાતીપાડો

મહાવીરસ્વામી (સં૰ ૧૬૧૩ પૂર્વે)

મણિયાતીપાડામાં શ્રી મહાવીરસ્વામીનું શિખરબંધી જિનાલય આવેલું છે. જિનાલયને ત્રણ પ્રવેશદ્વાર છે. અહીં આરસ પર સામાન્ય કોતરણી કરેલી છે. પ્રવેશદ્વારની બારસાખ પર સુંદર રંગીન કોતરણી છે. ઉપરના ભાગમાં દેવી તથા હાથીની કૃતિ છે. દ્વારની આજુબાજુ જાળીવાળી બે બારીઓ છે. અહીં પણ ઉપરના ભાગમાં દેવી તથા હાથીની રચના છે.

રંગમંડપમાં છત તથા થાંભલા પર પૂતળીઓ છે. બે બાજુ બે ગોખ છે જે પૈકી એકમાં માણિભદ્રવીર તથા અન્ય ગોખમાં આરસની બે ગુરુમૂર્તિઓ છે જે પૈકી એક શ્રી રવિસાગરજી મ૰ સા૰ તથા અન્ય શ્રી વિજયાનંદસૂરિની છે. મૂર્તિ પર અનુક્રમે 'સંવત ૧૯૯૮ શ્રાવણ સુદ ૧૦ તિથિ શ્રી વિજયકમલસૂરિ તથા શ્રી નેમિવિજયગણિ દ્વારા પ્રતિષ્ઠિત' એવું લખાણ તથા સં૰ ૧૯૬૦માં પ્રતિષ્ઠિત કરાયેલી તથા ત્યારબાદ સં૰ ૧૯૮૭ મહા સુદ છઠના રોજ શ્રી કાંતિવિજય મુનિ દ્વારા પુનઃપ્રતિષ્ઠા થઈ હોવાનો લેખ છે. જિનાલયમાં અન્ય બે દેવકુલિકામાં મૂળનાયકના લાંછન ભૂંસાઈ ગયેલ હોવાથી નામ જાણી શકાતા નથી. પરંતુ જમણી બાજુની દેવકુલિકામાં મધ્યે બિરાજમાન પ્રતિમાની નીચેના શાશ્વતાદેવી પર 'અચ્યુતાદેવી' – એ મુજબનું લખાણ છે. અહીં ત્રણ આરસપ્રતિમા પૈકી બે ન્નાતા છે. તથા ડાબી બાજુની દેવકુલિકામાં શાશ્વતાદેવીની મૂર્તિ પાસે ઘોડો છે. અહીં ત્રણ આરસપ્રતિમા તથા બે ધાતુપ્રતિમા છે.

ગર્ભદ્વાર એક છે જેની બારસાખ પર સુંદર રંગીન કોતરણી કરેલી છે. ૨૧" ઊંચાઈ શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. પ્રતિમાલેખ નથી. પ્રતિમાની પાછળ દીવાલમાં અરીસો જડેલ છે. ગભારામાં કુલ ત્રણ આરસપ્રતિમા તથા વીસ ધાતુપ્રતિમા છે. ઉપરાંત ધાતુની એક સાધુમૂર્તિ તથા બે દેવીની મૂર્તિ છે. મૂળનાયકની જમણી બાજુ બિરાજમાન પ્રતિમા પર સં૰ ૧૯૦૩નો લેખ છે. આજુબાજુ બિરાજમાન પ્રતિમાના લાંછન ઘસાઈ ગયા હોવાથી નામ જાણી શકાતા નથી. પરંતુ

અહીં એક વિરલ નવીનતા જોવા મળે છે તે એ છે કે મૂળનાયક ભગવાનના મસ્તકને આવરી લેતું ટોપી જેવું લાગતું ચાંદીનું પત્ર જડેલું છે. અહીં સિદ્ધાયિકાદેવી તથા માતંગયક્ષની આરસમૂર્તિઓ છે.

ઐતિહાસિક સંદર્ભ

આ જિનાલયનો ઉલ્લેખ **સં૰ ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં સૌ પ્રથમ વાર મળે છે. ત્યારબાદ **સં૰ ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૮૨૧**માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં, **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં, **સં૰ ૧૯૬૩**માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં તથા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ સાતત્યપૂર્વક થયેલો છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં મહાવીરસ્વામીના આ જિનાલયને **શિખર વિનાનું** દર્શાવ્યું છે. જિનાલયમાં નવ આરસપ્રતિમા તથા સત્તાવીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સાધારણ હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલય શિખરબંધી દર્શાવ્યું છે. જિનાલયમાં નવ આરસપ્રતિમા તથા ત્રેવીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. વહીવટ શાહ મણીલાલ ગભરૂચંદ હસ્તક હતો.

સં૰ ૧૯૬૩માં આ જિનાલય **શિખર વિનાનું** હતું અને સં૰ ૨૦૧૦માં આ જિનાલય શિખરબંધી હોવાનું દર્શાવ્યું છે. સંભવ છે કે તે સમય દરમ્યાન જીર્ણોદ્ધાર થયો હોય. આજે આ જિનાલય શિખરબંધી જ છે. વહીવટદાર તરીકે આ વિસ્તારમાં રહેતા કીર્તિભાઈ અમૃતલાલ શાહ તથા મુંબઈ રહેતા શ્રી પ્રવીણભાઈ સારાભાઈ નગરશેઠ તથા શ્રી ભગવાનલાલ કેશવલાલ નગરશેઠ સેવાઓ આપે છે. જિનાલયમાં કુલ નવ આરસપ્રતિમા અને વીસ ધાતુપ્રતિમા છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૧૩ પૂર્વેનું** છે.

• • •

મણિયાતીપાડો

આદેશ્વર (સં૰ ૧૭૭૭ પૂર્વે)

ઘીવટા વિસ્તારના નાકે આવેલા મણિયાતીપાડામાં શ્રી આદેશ્વર ભગવાનનું આરસ અને પથ્થરનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. જિનાલય અંદર-બહારથી સાદું છે. અહીં રંગમંડપમાં કોઈ કોતરણી, શિલ્પો, ચિત્રકામ કે પટ નથી.

ગર્ભદ્વાર ત્રણ છે. ગભારામાં મૂળનાયક શ્રી આદેશ્વર ભગવાનની ૩૩" ઊંચાઈ ધરાવતી પ્રતિમા બિરાજમાન છે તથા ડાબે ગભારે શ્રી વાસુપૂજ્ય તથા જમણે ગભારે શ્રી ચંદ્રપ્રભસ્વામી બિરાજે છે. અહીં ચૌદ આરસપ્રતિમા પૈકી એક કાઉસ્સગ્ગિયા તથા એક ચૌમુખી પ્રતિમા છે. તે પૈકી કાઉસ્સગ્ગ મુદ્રાવાળી પ્રતિમા પર સં૰ ૧૪૯૫નો લેખ છે. ધાતુપ્રતિમા છવ્વીસ છે જે પૈકી એક યક્ષ મૂર્તિ છે. ગભારામાં જ આરસનો ચોવીસજિનમાતૃકાપટ છે.

રંગમંડપમાં દીવાલે કાપડ પર લખાયેલ એક આમંત્રણપત્રિકા કાચની ફ્રેમમાં મઢેલી છે. તેના લખાણ મુજબ સં૰ ૨૦૨૫માં અહીં શ્રી કાંતિવિજયજી તથા શ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબના ઉપદેશથી શ્રી વિજયનંદનસૂરીશ્વરજી દ્વારા કાઢી આપેલ મુહૂર્તે સં૰ ૨૦૨૫માં મુનિ શ્રી- દર્શનવિજયજી દ્વારા જીર્ણોદ્ધાર કરવામાં આવેલ છે.

ઐતિહાસિક સંદર્ભ

આ જિનાલયનો ઉલ્લેખ સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં સૌ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રથમ વાર મળે છે. ત્યારબાદ **સં૰ ૧૮૨૧**માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં, **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં, **સં૰ ૧૯૬૩**માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં તથા **સં૰ ૨૦૧૦**માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ સાતત્યપૂર્વક પ્રાપ્ત થાય છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલય **શિખર વિનાનું** દર્શાવ્યું છે. જિનાલયમાં ચૌદ આરસપ્રતિમા તથા બાવીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલય ધાબાબંધી દર્શાવ્યું છે. જિનાલયમાં અઢાર આરસપ્રતિમા અને પચીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. ઉપરાંત ચોવીસજિનમાતાનો એક પટ તથા લાકડાનું કોતરકામ સારું હોવાનો ઉલ્લેખ પણ છે. વહીવટ મણિલાલ ગભરૂચંદ હસ્તક હતો. જિનાલયની સ્થિતિ સારી હતી.

આજે જિનાલયનો વહીવટ આ વિસ્તારમાં જ રહેતા શ્રી કીર્તિભાઈ અમૃતલાલ શાહ, શ્રી ભગવાનભાઈ કેશવલાલ નગરશેઠ તથા મુંબઈસ્થિત શ્રી પ્રવીણભાઈ સારાભાઈ નગરશેઠ કરે છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૭૭૭ પૂર્વે**નું છે.

• • •

મણિયાતીપાડો

પદ્મપ્રભુસ્વામી (કાકાજીનું ઘરદેરાસર) (સં૰ ૧૯૬૩ પૂર્વે)

મણિયાતીપાડામાં આવેલા શ્રી આદેશ્વર ભગવાનના ઘુમ્મટબંધી જિનાલયની બાજુમાં એક જર્જરિત મકાનના પ્રથમ મજલે શ્રી કાકાજીના ઘરદેરાસર તરીકે ઓળખાતું ઘરદેરાસર આવેલું છે.

એક નાની ઓરડીમાં લાકડાની કોતરણીયુક્ત છત્રની રચનામાં કુલ ચાર ધાતુપ્રતિમા છે. ઉપરાંત ધાતુની બે દેવીમૂર્તિ તથા એક ગૌતમસ્વામીની મૂર્તિ છે. મધ્યે મૂળનાયક શ્રી પદ્મપ્રભુસ્વામીની ૫" ઊંચાઈ ધરાવતી પ્રતિમા બિરાજે છે. મૂળનાયક પ્રતિમા પર સં૰ ૧૬૫૪નો લેખ છે જે નીચે મુજબ છે :

"સં૰ ૧૬૫૪ માઘ વદી ૧ રવૌ દૌ૰ ગપુઆકેન શ્રી પદ્મપ્રભબિંબં કા[રિ]તં શ્રી પૂર્ણિમપક્ષે શ્રી લલિતપ્રભસૂરિભિઃ પ્રતિષ્ઠિતમ્ શ્રી ।"

ઉપરાંત પિત્તળજડિત અન્ય એક ગોખમાં ૯" ઊંચાઈ ધરાવતી કુંથુનાથની સપરિકર ધાતુપ્રતિમા બિરાજે છે. પ્રતિમા તથા પરિકર બન્ને અલગ છે. પરિકરમાં કોઈ લેખ નથી. કુંથુનાથની પ્રતિમા પર નીચે મુજબનો લેખ છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

"સંવત્ ૧૮૨૮ના વર્ષ ફાગુણ સુદી ૨ શુક્ર પત્તન શ્રીમાલી જ્ઞાતિય વીસા દોશી લક્ષ્મીચંદ સુત મલુકચંદ સુત તુસાલચંદેન શ્રી કુંથુનાથ બિંબં કારાપિતં શ્રી..... સ્વશ્રેયસે પ્ર૦"

આ ઘરદેરાસરમાં કપચીકામ તથા દીવાલ પર ચિત્રકામ થયેલું છે. ઘરદેરાસર હાંડીઓથી શોભે છે. કારતક વદ બીજની વર્ષગાંઠના દિવસે અહીં સ્નાત્ર ભણાવાય છે.

પાલીતાણામાં આવેલી પાપ પુણ્યની બારી સાથે આ ઘરદેરાસરને કોઈ સંબંધ હોવાનું જાણવા મળ્યું છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ ઘરદેરાસરમાં આદિનાથ મૂળનાયક તરીકે વિદ્યમાન હોવાની નોંધ છે. જ્યારે હાલ આ ઘરદેરાસરમાં મધ્યે પદ્મપ્રભુની ધાતુપ્રતિમા બિરાજે છે. ઘરદેરાસર શાહ ચીમનલાલ જેશીંગભાઈના ઘરદેરાસર તરીકે પ્રચલિત હતું. તે સમયે ગૌતમસ્વામીની ધાતુમૂર્તિનો ઉલ્લેખ થયો છે. ઉપરાંત લાકડાની કોતરણીની પણ નોંધ છે. ઘરદેરાસરમાં પાંચ ધાતુપ્રતિમા બિરાજમાન હતી.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં મણિયાતી પાડામાં શા૰ જેશીંગભાઈ ત્રિભોવનદાસ પરિવારનું ઘરદેરાસર દર્શાવ્યું છે. ત્યારે પણ પાંચ ધાતુપ્રતિમા બિરાજમાન હતી જે આજે પણ યથાવત્ છે. આજે આ ઘરદેરાસરનો વહીવટ મુંબઈનિવાસી શ્રી નવનીતલાલ મણિલાલ હસ્તક છે.

ટૂંકમાં આ ઘરદેરાસર **સં૰ ૧૯૬૩ પૂર્વે**નું છે.

• • •

મણિયાતીપાડો

આદેશ્વર (દાંતી કુટુંબનું ઘરદેરાસર) (સં૰ ૨૦૧૦ પૂર્વે)

મણિયાતીપાડામાં અંદરના ભાગે શ્રી આદેશ્વર ભગવાનનું દાંતી કુટુંબના દેરાસરના નામથી ઓળખાતું લાકડાનું ઘરદેરાસર આવેલું છે. ઘર અને તેની અંદરનું દેરાસર અતિ જીર્ણ અવસ્થામાં છે જે કુટુંબ આ ઘરમાં વસવાટ કરતા હતા તેઓ કોઈ હાલ સ્થળ પર હાજર ન હોઈને, અન્ય વ્યક્તિઓ તેની સંભાળ રાખે છે. તેમની પાસેથી મળેલ માહિતી મુજબ આ ઘરદેરાસર આશરે ૬૦૦ વર્ષ જૂનું છે.

ઘરદેરાસર સંપૂર્ણ કાષ્ઠકામવાળું છે. ગર્ભદ્વાર, તેની બારસાખ, બહારના થાંભલા – બધું જ લાકડાનું કોતરણીયુક્ત તથા રંગકામ કરેલા છે. અહીં ૯"ની ઊંચાઈ ધરાવતી શ્રી આદેશ્વરની સ્ફટિકની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. પ્રતિમા ધાતુના પરિકરમાં છે. આ પરિકર પર સં૰ ૧૬૮૩નો લેખ છે. તે નીચે મુજબ છે :

"સંવત ૧૬૮૩ વર્ષે પોષ શુક્લ પંચમી શુક્રે શ્રી પત્તન નગર વાસ્તવ્યેન વૃદ્ધશાખાયાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રીમાલિ જ્ઞાતીય દો૰ ધનજી ભાર્યા મરઘાઈ સુત દો૰ સંતોષીકેન ભાર્યા સહજલદે પ્રમુખકુટુંબયુતેન સ્વશ્રેયસે શ્રી શુભદેવ પરિકરઃ કારિતઃ પ્રતિષ્ઠિતશ્ચ તપાગચ્છે ભટ્ટારક પુરંદર ભટ્ટારક શ્રી હીરવિજયસૂરીશ્વર શિષ્ય ભટ્ટારક શ્રી વિજયસેનસૂરીશ્વર પટ્ટાલંકારહારાનુકારિ ભટ્ટારક શ્રી વિજયદેવસૂરિભિ રિતિ ભદ્રં ॥"

આ ઉપરાંત અન્ય બે ધાતુ મૂર્તિઓ પણ છે જે પૈકી એક ફક્ત દોઢ ઇંચની શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા ઉલ્લેખનીય છે. ભગવાનને બેસાડવાની પાળી કાષ્ઠની છે જેના પર પિત્તળનું પતરું લગાડેલ છે.

આ ઘરદેરાસરનું લાકડાનું કોતરકામ સારામાં સારું ગણાય છે. જો કે, હાલમાં તેનું રંગકામ ખૂબ ખરાબ થઈ ગયું છે. મકાન જીર્ણ હાલતમાં છે. ઘરદેરાસરવાળો પ્રથમ માળ પણ જીર્ણોદ્ધાર માંગે છે. પાટણમાં કોતરણીની દૃષ્ટિએ માત્ર જિનાલયો જ નહીં પણ ઘરદેરાસરો તો અનુપમ છે તે વિધાન આ ઘરદેરાસર જોતાં સાર્થક ઠરે છે અને એટલે જ, આ અતિ જીર્ણ થઈ રહેલું ઘરદેરાસર સચવાઈ જાય તેવાં પગલાં લેવાય તો સારું.

ઐતિહાસિક સંદર્ભ

આજે શ્રી જશવંતલાલ કસ્તુરચંદ દાંતી પરિવારના ઘરદેરાસર તરીકે પ્રચલિત આ ઘરદેરાસરનો ઉલ્લેખ સૌ પ્રથમ **સં૰ ૨૦૧૦**માં મળે છે. **સં૰ ૨૦૧૦**માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ ઘરદેરાસર શાહ લલ્લુભાઈ મગનલાલ પરિવારના નામે ઓળખાતું હતું. તે સમયે આ ઘરદેરાસરના લાકડાના કોતરકામની ખાસ નોંધ લેવામાં આવી હતી. આ ઘરદેરાસરમાં એક ધાતુપ્રતિમા બિરાજમાન હતી.

આજે આ ઘરદેરાસરનો વહીવટ મુંબઈનિવાસી શ્રી જશવંતભાઈ કસ્તુરચંદ દાંતી હસ્તક છે.

ટૂંકમાં આ ઘરદેરાસર **સં૰ ૨૦૧૦ પૂર્વે**નું છે. સ્થાનિક માહિતી પ્રમાણે આ ઘરદેરાસર ઘણું પ્રાચીન છે.

• • •

મણિયાતીપાડો

સહસ્રફૂટ (નગરશેઠ કુટુંબનું ઘરદેરાસર) (સં૰ ૧૭૭૪)

ઘીવટા વિસ્તારના નાકે આવેલા મણિયાતીપાડામાંના નગરશેઠના વાડામાં પથ્થરનું બનેલું, ખૂબ જ જાણીતું સહસ્રફૂટનું ઘરદેરાસર આવેલું છે. નગરશેઠના દેરાસર તરીકે તે ઓળખાય છે. ભારતભરમાં પંચધાતુના સહસ્રફૂટ એક-બે સ્થાને જ છે, તેથી તે વિરલ છે.

આ ઘરદેરાસરમાં ખૂણામાં અંબિકાદેવીની ધાતુ મૂર્તિ છે જે નગરશેઠ કુટુંબના કુળદેવી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગણાય છે. બાજુમાં મહાલક્ષ્મીદેવીની મૂર્તિ છે. અહીં અન્ય બાર ધાતુપ્રતિમા છે.

સહસ્રકૂટનું આ ઘરદેરાસર પ્રાચીન છે. તેના પરના લેખમાં સં૰ ૧૭૭૪ જેઠ સુદ ૮ શ્રી તેજસી જેતસી શાહે શ્રી મહિમાપ્રભસૂરિ તથા ભાનુપ્રભસૂરિ દ્વારા પ્રતિષ્ઠા કરાવ્યાની વિગત છે.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં સહસ્રકૂટના આ ઘરદેરાસર વિશે વિગતવાર નોંધ આપવામાં આવી છે. આ ઘરદેરાસર ચંદ્રભાણ દોસીનું ઘરદેરાસર દર્શાવવામાં આવેલું છે. સહસ્રકૂટની સંખ્યાને ચૈત્યપરિપાટીમાં હાંસિયામાં સમજાવવામાં પણ આવેલ છે. "૩૦ ચોવીસ જિન = ૭૨૦, ૧૬૦ બત્રીસવિજય, ૧૨૦ જિનકલ્યાણના, ૨૦ વિહરમાન, ૪ શાશ્વત સર્વે થઈ ૧૦૨૪ જિનપ્રતિમા."

ચંદ્રભાણ દોસી ગૃહે, સહસકોટ અતિસાર,
ચોમુષ પ્રતિમાં ધાતુમય, પ્રણમું એકહજાર. ૧.

ત્યારબાદ **સં૰ ૧૮૨૧**માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં, **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં, **સં૰ ૧૯૬૩**માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં તથા **સં૰ ૨૦૧૦**માં પણ આ ઘરદેરાસરનો ઉલ્લેખ મળે છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં સહસ્રકૂટના આ ઘરદેરાસરમાં તેર ધાતુપ્રતિમા હતી. ઘરદેરાસરની સ્થિતિ સાધારણ હતી. ઉપરાંત પગલાંની બે જોડનો પણ ઉલ્લેખ થયેલો છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ ઘરદેરાસરમાં બાર ધાતુપ્રતિમા બિરાજમાન હતી. તે સમયે આ ઘરદેરાસર નગરશેઠ કેશવલાલ અમરચંદના પરિવારનું ઘરદેરાસર તરીકે પ્રચલિત હતું. ઉપરાંત તે સમયે અહીં ગૌતમસ્વામીની ધાતુમૂર્તિ તથા બે ગુરુમૂર્તિઓનો પણ ઉલ્લેખ થયેલો છે.

આજે પણ આ ઘરદેરાસર નગરશેઠ કુટુંબના ઘરદેરાસર તરીકે પ્રચલિત છે. અહીં બાર ધાતુપ્રતિમા બિરાજમાન છે અને પગલાંની એક જોડ છે. ઉપરાંત નગરશેઠ કુટુંબનાં કુળદેવી પણ અહીં બિરાજે છે.

આ ઘરદેરાસરનું સ્તવન મુનિ શ્રી દીપચંદ્રજીએ રચ્યું છે જે નીચે મુજબ છે :

સહસ કોટ જીન પ્રતિમા વંદીએ, મન ધરી અધિક જગીસ વિવેકી
સુંદર મૂરતી અતિ સોહમણિ, એક સહસ ચોવીશ વિવેકી. સહસ૰

અતીત અનાગત ને વર્તમાનની, ત્રણ ચોવીશી એ સાર વિવેકી
બોંતેર જીનવર એક ક્ષેત્રમાં, પ્રણમીજે વારંવાર વિવેકી. સહસ૰

પંચ ભરત વળી એરા વત પાંચમેં, સરખી રીત સમાજ વિવેકી
દશક્ષેત્ર કરી સાતસેંવીશ, અધિક જીનરાજ વિવેકી. સહસ૰

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પંચવિદેહે જીનવર સાઠ સો, ઉત્કૃષ્ટિ એહી જ તેવ વિવેકી
જીન સમાન જીન પ્રતિમા ઓળખી, ભક્તિ કીજે હો સેવ વિવેકી. સહસ૦

પંચકલ્યાણક જીન ચોવીશના, વીશ સો તેહી જ થાય વિવેકી
તે કલ્યાણક વિધિ શું સાચવો, લાભ અનંતો કહાય વિવેકી. સહસ૦

પાંચવિદેહે હમણાં વિચરતાં, વીશ છે અરિહંત વિવેકી
શાશ્વતા પ્રભુ રીખભાનંદ આદિદે, ચાર અનાદિ અનંત વિવેકી. સહસ૦

એક સહસ ચોવીશ જીણંદની, પ્રતિમા એકત્ત ઠામ વિવેકી
પૂજા કરતાં જનમ સફળ હોવે, કીજે વાંછિત કામ વિવેકી. સહસ૦

ત્રણ કાલ અઢાઇ દ્વીપમાં, કેવલ નાણ પહાંણ વિવેકી
કલ્યાણક હે પ્રભુ અહિં સામટાં, લાભે ગુણમણિ ખાણ વિવેકી. સહસ૦

સહસકોટ સિદ્ધાચલ ઉપરે, તેમ હીજ ધર ન વિહાંત વિવેકી
એવી અદ્‌ભુત સુંદર સ્થાપના, પાટણનગર મોઝાર વિવેકી. સહસ૦

તીરથ સકલના વલી તીરથ કરૂં સહુ એણે પૂજે પૂજાય વિવેકી
એક જીભ્યા થકી મહિમા એહનો, કીન ભાંતે કહાય વિવેકી. સહસ૦

શ્રીમાળી કુલ દીપક જેતશી, શેઠ સુગુન ભંડાર વિવેકી
તસ સતુ શેઠ શીરોમણિ તેજશી, પાટણ માંહિ દાતાર વિવેકી. સહસ૦

તેણે એહ બીંબ ભરાવ્યા ભાવશું, સહસ અધિક ઉંછાય વિવેકી
સંવત સત્તરસોને ચુમ્મોત્તરે, જેઠ માસશું, જગીસ વિવેકી. સહસ૦

ઉજલી પક્ષની આઠમ શોભતી, સોમવારે શુભ દીસ વિવેકી
કીધી પ્રતિષ્ઠા પુનમગચ્છ ગુરુ, ભાવસુરીંદ સુરીંદ વિવેકી. સહસ૦

સહસ જીનેશ્વર વિધિ શું પૂજશે, દ્રવ્ય ભાવ શુચીસાર વિવેકી
એહ ભવ પરભવ પરમ સુખીઓ હોવે, લેશે નવનિધિ સોય વિવેકી. સહસ૦

જીનવર ભક્તિ કરે મન રંગશું, ભવિજનની છે એહ રીત વિવેકી
દીપચંદ્ર મુનિ જીનરાજથી, દેવચંદ્રની પ્રીત વિવેકી. સહસ૦

આશરે ૩૦૦ વર્ષની પ્રાચીન પરંપરા ધરાવતું આ ઘરદેરાસર વિરલ છે. મહિમાવંતુ છે.

ટૂંકમાં આ ઘરદેરાસર **સં૰ ૧૭૭૪**ના સમયનું છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ડંકમહેતાનો પાડો

ટાંકલા પાર્શ્વનાથ (સં૰ ૧૯૫૯ પૂર્વે)

ઘીવટા વિસ્તારમાં આવેલ ડંકમહેતાનો પાડો કે ડંખમહેતાના પાડા તરીકે પ્રચલિત વિસ્તારમાં પ્રવેશતાં જમણી બાજુએ શ્રી ટાંકલા પાર્શ્વનાથનું આરસનું અને પથ્થરનું બનાવેલું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

જિનાલયનો બાહ્ય દેખાવ ચિત્તાકર્ષક છે. (જુઓ ફોટોગ્રાફ નં૰ ૨૯) જિનાલયની અંદર તથા બહારના ભાગનું રંગકામ જિનાલયની શોભાને વધારે છે. કોટના દરવાજાથી છેક ઉપર તીર્થંકર ભગવાન તથા તેમની આજુબાજુ બે સાધ્વીજી મહારાજ સાહેબ અને તેની ઉપર કમાન તેમજ આજુબાજુ યક્ષ-યક્ષિણીનું શિલ્પ ખરેખર ખૂબ સુંદર દેખાવ આપે છે. થાંભલા પર પણ નર્તકીઓ, દેવીઓ જેવી પૂતળીઓ, કમાનની વિવિધ રંગોથી ચીતરેલી કોતરણી મનને મોહી લે છે.

મુખ્ય પ્રવેશદ્વારથી ઉપર બે દેવીશિલ્પો છે જેની બે બાજુ પર બે રંગીન હાથી કોતરેલા છે. પ્રવેશદ્વારની આજુબાજુ બે બારીઓ છે. તેની તથા દ્વારની ત્રણેય બારસાખ કોતરણીયુક્ત છે અને તે નયનરમ્ય રંગોથી ચીતરેલી છે. દ્વારની દીવાલની છેક ઉપર એટલે કે ધાબા પર બે ખૂણામાં બે નાના ઝરૂખા જેવું બનાવેલ છે. તે પણ સુંદર રંગોથી રંગેલ છે. કાષ્ઠના પ્રવેશદ્વાર પર પણ બન્ને બાજુએ દેવી જેવું રંગીન ચિત્ર ઉપસાવેલું છે.

રંગમંડપમાં પણ થાંભલાની ઉપર રંગીન કોતરણી છે જેમાં ખાસ કરીને પૂતળીઓ નવીન પ્રકારે બનાવેલી છે. છતમાં પણ રંગકામ છે. રંગમંડપની આરસજડિત દીવાલો અષ્ટાપદ, શત્રુંજય, વીસ સ્થાનક યંત્ર, ઋષિમંડળ યંત્ર, સમેતશિખર, સિદ્ધચક્ર જેવા પટ તથા યંત્રોથી શોભે છે. અહીં એક ગોખમાં આરસના પગલાંની એક જોડ છે. તેના પર સં૰ ૧૭૪૩નો લેખ છે. આ પાદુકા નયવિજયજીની છે.

રંગીન કોતરણીયુક્ત બારસાખવાળી ગર્ભદ્વારની ઉપરની દીવાલે પ્રભુના જન્માભિષેકના પ્રસંગને દર્શાવતો પટ છે. ગભારાને ફરતે પ્રદક્ષિણા કરી શકાય તેવી જગ્યા છે જેમાં મંગલમૂર્તિઓ છે. આ પ્રદક્ષિણા માટેના બે દ્વારની ઉપર બે પટ ચિત્રો છે જે પૈકી એકમાં ભગવાનના ઉપસર્ગ તથા અન્યમાં શ્રી પાર્શ્વનાથને હાથી દ્વારા કરવામાં આવતી કમળપૂજાનું દૃશ્ય ઉપસાવવામાં આવ્યું છે.

ગભારો પણ રંગકામથી બાકાત નથી. તેની છત રંગીન છે. ગર્ભદ્વાર એક છે. ગભારામાં કુલ ચાર આરસપ્રતિમા અને છ ધાતુપ્રતિમા છે. અહીં મૂળનાયક ધાતુના છે. ૨૧'' ઊંચાઈ ધરાવતી મૂળનાયક શ્રી ટાંકલા પાર્શ્વનાથની પ્રતિમા અત્યંત ભાવવાહી અને આહ્લાદપ્રેરક છે.

આ પ્રતિમા નીચેનું ૧૫'' ઊંચાઈ ધરાવતું સિંહાસન વિશિષ્ટ છે. તેમાં ચાર પટ્ટા પાડવામાં આવ્યા છે જે પૈકી પ્રથમ પર અષ્ટમંગલ, દ્વિતીય અને તૃતીય પર દેવીઓ તથા છેલ્લા છેક નીચેના પટ્ટા પર આ દેવીના વાહનો કોતરેલા છે. મૂળનાયકની જમણી બાજુ મહાવીરસ્વામી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને નમિનાથ તથા ડાબી બાજુ મુનિસુવ્રતસ્વામી અને આદેશ્વરની પ્રતિમા છે. મૂળનાયકની પ્રતિમાના પરિકર પરના લેખમાં "સંવત ૨૦૨૨ વર્ષે મહા માસે કૃષ્ણ પક્ષે દસમી બૃહસ્પતિવારે મહેતા ... પાટક પરિવાર..... શ્રી પુણ્યવિજયજી દ્વારા ..." આટલું લખાણ સ્પષ્ટ વાંચી શકાય છે.

ઐતિહાસિક સંદર્ભ

આ જિનાલયનો ઉલ્લેખ **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં સૌ પ્રથમ વાર મળે છે. ઉપરાંત **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં પારેખ જગુના પાડામાં ટાંકલા પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે :

પારિખજગુના પાડામાંહિ, **ટાંકલો પાસ** વિરાજે જી ।
પ્રતિમા ચોત્રીસ ચતુર તુમ વંદો, દાલિદ્ર દૂખને ભાજે જી ।
મહિમા જગમાંહિ ગાજે જી ॥૧॥

તથા **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં ટાંકલવાડામાં ટાંકલા પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે :

ટાંકલવાડે ભેટીયા, જગજીવન જિનરાજ,
ટાંકલ પાસ જોહારતાં, સફલ દિવસ થયો આજ. ૧

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં **ડંકમહેતાના પાડા**માં ટાંકલા પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે :

શાંતિં નૌમીહ ભક્ત્યા જિનપતિમમલં **ડંકમેતાહ્વપાડે**,
કર્માધિધ્વંસવીરં સકલજનહિતં **ટાંકલાપાર્શ્વનાથમ્** ।

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ટાંકલા પાર્શ્વનાથના જિનાલયને **શિખર વિનાનું** દર્શાવ્યું છે. જિનાલયમાં ચાર આરસપ્રતિમા અને પાંચ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. ઉપરાંત પગલાંની એક જોડ પણ હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયને ધાબાબંધી હોવાનું દર્શાવ્યું છે. જિનાલયમાં ચાર આરસપ્રતિમા અને પાંચ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. તે સમયે કાચનું સામાન્ય કામ તથા લાકડાની થાંભલીઓનો નિર્દેશ પણ કર્યો છે. વહીવટ અમૃતલાલ સૂરજમલ ઝવેરી હસ્તક હતો.

સં૰ ૨૦૨૨માં પુનઃપ્રતિષ્ઠા થઈ છે. વહીવટ આ વિસ્તારમાં રહેતા જયરાજભાઈ કાંતિલાલ ઝવેરી હસ્તક છે.

સં૰ ૧૭૨૯માં દર્શાવેલો પારેખ જગુનો પાડો વિસ્તાર તથા **સં૰ ૧૭૭૭**માં દર્શાવેલો ટાંકલવાડો આજના ડંકમહેતાના પાડાના વિસ્તારથી જુદા છે. ઉપરાંત **સં૰ ૧૯૫૫**માં કવિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રેમવિજયરચિત '૩૬૫ શ્રી પાર્શ્વનાથ જિન નામમાલા'માં શ્રી ટાંકલા પાર્શ્વનાથનું નામ ગૂંથેલું છે.

સં૰ ૧૬૮૯માં મુનિ ગુણવિજયના શિષ્યે રચેલા '૧૦૮ નામ ગર્ભિત શ્રી પાર્શ્વનાથ સ્તવન'માં આ પાર્શ્વપ્રભુનો પણ નામનિર્દેશ કરેલો છે.

અમારી માન્યતા પ્રમાણે ડંકમહેતાના પાડામાં આવેલું ટાંકલા પાર્શ્વનાથનું જિનાલય **સં૰ ૧૯૫૯ પૂર્વે**નું છે. અને ટાંકલા પાર્શ્વનાથની પ્રતિમા **સં૰ ૧૭૨૯ પૂર્વે**ની છે.

• • •

ડંકમહેતાનો પાડો

શાંતિનાથ (સં૰ ૧૬૪૮ પૂર્વે)

ઘીવટા વિસ્તારમાં આવેલા ડંકમહેતાના પાડામાં પ્રવેશતાં ડાબી બાજુએ પ્રથમ ઉપાશ્રય આવે છે અને તેની બાજુમાં શ્રી શાંતિનાથનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

જિનાલય તથા ઉપાશ્રય બન્નેમાં જવાનો એક જ રસ્તો, જાળીવાળો ઝાંપો છે. પગથિયાં ચડતાં આપણી ડાબી બાજુ એક પ્રવેશદ્વાર આવે જેમાંથી જિનાલયના રંગમંડપમાં પ્રવેશી શકાય છે. જિનાલયના બહારના થાંભલા રંગીન છે અને તેના પર હાથીના મુખમાંથી નીકળતી કોરણી તથા કાષ્ઠના પ્રવેશદ્વાર પર અષ્ટમંગલની તથા નીચેના ભાગે દ્વારપાળની રચના છે.

રંગમંડપની દીવાલો, સ્થંભ તથા છત પર રંગકામ તથા ચિત્રકામ છે. રંગમંડપની મધ્યે ઉપરની બાજુએ જાળી છે. ત્યાં અષ્ટમંગલની રચના છે. રંગમંડપની મોટા ભાગની દીવાલો આરસની છે અને ત્યાં સિદ્ધચક્ર તથા ગિરનારના મોટા પટ તથા નંદીશ્વર દ્વીપ અને શંખેશ્વરના નાના પટ ઉપર નીચે છે. રંગમંડપના પ્રવેશદ્વાર પાસે જમણી બાજુના એક કબાટમાં આરસના પગલાંની બે જોડ છે. તે પૈકી એક પાદુકા પર 'સં૰ ૧૮૦૫ ..... લક્ષ્મીસાગરસૂરિ શિષ્ય રવિસાગરગણિનાં પાદુકા' વાંચી શકાય છે. તથા અન્ય પાદુકા શ્રી પ્રતાપસાગરગણિવરની છે.

ગભારાને એક જ ગર્ભદ્વાર છે. ગર્ભદ્વારની આજુબાજુ બે બારીઓ છે. બારીઓની ઉપરની દીવાલે શાંતિનાથના ઉપસાવેલ પૂર્વ ભવોની રચના છે.

ગભારામાં ત્રણ આરસપ્રતિમા તથા પંદર ધાતુપ્રતિમા છે. ઉપરાંત નમસ્કાર મુદ્રાવાળી દેવની એક ધાતુમૂર્તિ છે. ૨૩" ઊંચાઈ ધરાવતી મૂળનાયક શ્રી શાંતિનાથની સપરિકર પ્રતિમા પર 'સં૰ ૧૪૮૨ વર્ષે ફા૰ શુ૰ ૨ શનૌ ..... પુત્ર માલાકેન ભ્રાતૃ દેવરાજ શીવા ..... શ્રી સોમ..સૂરિભિઃ' – એ મુજબનો લેખ છે. શાશ્વતાદેવી પર સં૰ ૨૦૧૬નો લેખ છે. ડાબા ગભારે આદેશ્વર તથા જમણા ગભારે મહાવીરસ્વામી બિરાજમાન છે. આ બન્ને પ્રતિમાઓ પર લેખ છે પણ વાંચી શકાતો નથી.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **મહતાની પોળ**માં શાંતિનાથના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયનો ઉલ્લેખ મળે છે :

કુંભારિયા પાડા માંહિં, **આદિ** જિનેસ્વર દેવ. લ૦
મહતાની પોલિં શાંતિજી, જસ કરે સુરનર સેવ. લ૦ ૧૬ પા૦

મણીયાટી પાડા માંહિં ભેટીયા **વીર જિણંદ**. લ૦
પ્રાસાદ બીજે નીરષીયેં, **આદિનાથ** મુખચંદ. લ૦ ૧૭ પા૦

સં૦ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **માંકા મહેતાનો પાડો** વિસ્તારમાં શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ આવે છે. આ વિસ્તાર મણિયાતી પાડાના વિસ્તારની નજીક જ દર્શાવ્યો છે. ડંકમહેતાનો પાડો આજે પણ મણિયાતી પાડાની નજીક આવેલો વિસ્તાર છે. એટલે કે માંકા મહેતાનો પાડો એ વિસ્તાર જ ડંકમહેતાનો પાડાથી જાણીતો બન્યો હશે.

મણિહટ્ટનઈ દેહરઈ રે, **વીરજિન** મહિમા મેર ઈ.
પ્રતિમા પંચ તે જાણઉં રે, **દેવદત્ત ચૈત્ય** વખાણઉં ॥૩૩॥

તેર જિણેસર ભાંવી રે, **માંકા મહિતાનઈ પાટકિ** આવી.
મૃગલંછન જિન રંગઈ રે, અવર વીસ જિન ચંગઈ ॥૩૪॥

ત્યારબાદ **સં૦ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં પણ **માંકા મહેતાનો પાડો** તથા તેમાં વિદ્યમાન જિનાલયનો ઉલ્લેખ મણિયાતીપાડાનાં જિનાલયોના ઉલ્લેખ સાથે થયેલો છે :

સોલ પ્રતિમા સુખકંદ, **શાન્તિનાથ જિણંદ**.
માંકા મહિતા તણે એ, **પાડે** સોહામણે એ ॥૬॥

મણીયાટી મહાવીર, મેરુતણી પરે ધીર.

સં૦ ૧૯૫૯માં પં૦ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં શાંતિનાથના આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

શાંતિં નૌમીહ ભક્ત્યા જિનપતિમમલં **ડંકમેતાહ્વપાડે**,

સં૦ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં શાંતિનાથનું આ જિનાલય **શિખર વિનાનું** દર્શાવ્યું છે. જિનાલયમાં ત્રણ આરસપ્રતિમા અને પંદર ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી દર્શાવી છે.

સં૦ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલય ધાબાબંધી દર્શાવ્યું છે. તે સમયે પણ જિનાલયમાં ત્રણ આરસપ્રતિમા અને પંદર ધાતુપ્રતિમા બિરાજમાન હતી. એટલે કે **સં૦ ૧૯૬૩**ની પ્રતિમા સંખ્યા **સં૦ ૨૦૧૦**માં પણ યથાવત્ રહી છે. જિનાલયની સ્થિતિ સારી હતી અને વહીવટ શેઠ સૂરજમલ ગભરૂચંદ હસ્તક હતો.

આજે પણ જિનાલયમાં ત્રણ આરસપ્રતિમા અને પંદર ધાતુપ્રતિમા બિરાજમાન છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપરાંત આરસનાં પગલાંની બે જોડ પણ છે. વહીવટ આ વિસ્તારમાં જ રહેતા શ્રી દેવદત્તભાઈ બાબુલાલ જૈન તથા શ્રી પ્રકાશભાઈ કાંતિલાલ શાહ હસ્તક છે.

અમારી માન્યતા પ્રમાણે આ જિનાલય **સં૰ ૧૬૪૮ પૂર્વેનું** છે.

• • •

કુંભારિયાપાડો

આદેશ્વર (સં૰ ૧૬૫૭ આસપાસ)

ઘીવટામાં આવેલા કુંભારિયાપાડાના ખૂણામાં મૂળનાયક શ્રી આદેશ્વરનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

મુખ્ય પ્રવેશદ્વાર તથા તેના થાંભલા પર દ્વારપાળ અને પૂતળીઓ છે તથા બારસાખ પર સુંદર રંગીન કોતરણી છે. રંગમંડપ ખૂબ જ સાદો અને આરસના થાંભલાવાળો છે. જો કે રંગમંડપની મધ્યે ઘુમ્મટની છત પર ખૂબ જ બારીક કાષ્ઠની કોતરણી જિનાલયની શોભાને વધારે છે. (જુઓ ફોટોગ્રાફ નં૰ ૩૦) થાંભલા પર કાષ્ઠની નર્તકીઓ છે. તેની ઉપરના ભાગમાં એક પટ્ટામાં શ્રી નેમનાથનો વરઘોડો, પાછી ફરતી જાન તથા પ્રભુએ લીધેલ દીક્ષાના પ્રસંગને કાષ્ઠમાં કોતરવામાં આવેલ છે. તેની ઉપરના ભાગમાં ચોવીસ તીર્થંકરની મૂર્તિઓ કાષ્ઠમાં ઉપસાવવામાં આવેલ છે અને છેક ઉપરના ભાગમાં નૃત્યાંગનાઓની શિલ્પાકૃતિઓ દૃષ્ટિગોચર થાય છે. આ કોતરકામ એકરંગી છે. એટલે કે કાષ્ઠની ઉપર થતી પૉલિશનો છીંકણી રંગ છે. જિનાલયની સાર સંભાળ રાખતા એક શ્રાવકભાઈ સાથે રૂબરૂ વાતચીત પરથી જાણવા મળેલ કે આ કોતરણી ઘણી પ્રાચીન છે. તેના પર હાલ જે રંગ હયાત છે તે પણ પુરાણું કામ છે. સમયાંતરે તેઓ તેની સાફ સફાઈ કરવામાં ખાસ કાળજી રાખે છે. જાળવણી માટેની આ દરકાર દાદ માંગી લે તેવી છે. રંગમંડપમાં આવેલા ઘણા સ્તંભો પૈકી દરેક બે સ્તંભોની મધ્ય ભાગમાં પણ કાષ્ઠના આવા એકરંગી કોતરણીવાળા ટોડલાઓ છે જેમાં મોર, હાથી, પોપટને વિશિષ્ટ કારીગરીથી કંડારવામાં આવ્યા છે. (જુઓ ફોટોગ્રાફ નં૰ ૩૧, ૩૨ અને ૩૩)

રંગમંડપમાંના એક ગોખમાં ચાંદી પર ઉપસાવેલ એક પટ જોવા મળે છે. તેમાં એક સાથે પાંચ તીર્થો—આબુ, અષ્ટાપદ, ગિરનાર, શત્રુંજય અને વરકાણા—નો સમાવેશ કરવામાં આવેલ છે, એ તેની વિશિષ્ટતા છે.

ત્રણ ગર્ભદ્વાર કોતરણીવાળા છે. અહીં ૩૧" ઊંચાઈવાળી શ્રી આદેશ્વરની પ્રતિમા ચાંદીની છત્રીમાં બિરાજે છે. અહીં કુલ નવ આરસપ્રતિમા તથા પચીસ ધાતુપ્રતિમા છે. ઉપરાંત અહીં આરસનો એક માતૃકાપટ છે. આરસનું એક યંત્ર છે. અહીં ડાબે ગભારે પાર્શ્વનાથ તથા જમણે ગભારે શાંતિનાથ બિરાજે છે. ધાતુપ્રતિમા પૈકી એક પંચતીર્થી ધાતુપ્રતિમા તેની ૨૫"ની ઊંચાઈની દૃષ્ટિએ ઉલ્લેખપાત્ર છે. તેનું પરિકર ખંડિત છે. આ પરિકરમાં કુંભારિયાપાડાના સુપાર્શ્વનાથના ઘરદેરાસરમાં છે તેવી જ સુમતિનાથની સં૰ ૧૪૮૯નો લેખ ધરાવતી પ્રતિમા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બિરાજે છે. પ્રતિમા અને પરિકર બન્ને અલગ છે. પરિકર પર નીચે પ્રમાણે લેખ છે :

"સંવત ૧૫૮૭ વર્ષે વૈશાખ વદી ૭ સોમે અદ્યેહ શ્રી પત્તન મધ્યે શ્રી શ્રીમાલી જ્ઞાતીય બોરડિયાવાટકે દો૰ શ્રી રહીઆ ભા૰ ચંપાઇ સુત દો૰ દેવા ભાર્યા હર્ષાઇ સુત દો૰ રાયમલ્લ દો૰ શ્રી દેવા દ્વિતીય ભાર્યા લાઉ સ્વધર્મશ્રેયસે શ્રી શીતલનાથ બિંબં કારાપિતં શ્રી સિદ્ધાંતીગચ્છે ભટ્ટારક શ્રી જયસુંદરસૂરિભિઃ પ્રતિષ્ઠિતમ્ શુભં ચિરાયુઃ ।"

ઐતિહાસિક સંદર્ભ

કુંભારિયાપાડામાં આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં સૌ પ્રથમ વાર મળે છે. તે અગાઉ **સં૰ ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **કુંભારિયાપાડા**માં બે ઘરદેરાસરોનો ઉલ્લેખ મળે છે. ૧. શાંતિનાથ (સોની અમીચંદના ઘરે) અને ૨. વછૂ ઝવેરીનું ઘરદેરાસર.

પાટકિ કુંભારીઇ પેષી રે, **સોની અમીચંદ ઘરિ** જિન નિરષી.
શાંતિજિન હઈઇ ઘરિઉ રે, સતર જિનસ્યું પરિવરીઉ ॥૩૫॥

વછૂ જવહિરી ઘરિ દીઠા રે, ચુવીસ જિનવર બઇઠા.
જિનપૂજા ભાવઇ કીજઇ રે, સમકિત લાહઉ લીજઇ ॥૩૬॥

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

કુંભારીએ આદિનાથ, પ્રતિમા એકાશી સાથ.
દેહરે કોરણીએ, તિહાં પ્રતિમા ઘણી એ ॥૫॥

તે સમયે પણ આ જિનાલયની કલાત્મક કોતરણીનો ઉલ્લેખ થયેલો છે.

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં પણ આ વિસ્તારમાં આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ મળે છે :

કુંભારિયા પાડા માંહિં, **આદિ** જિનેસ્વર દેવ. લ૰
મહતાની પોલિં શાંતિજી, જસ કરે સુરનર સેવ. લ૰ ૧૬ પા૰

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં **કુંભારપાડા**માં એક જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ મળે છે :

એક ગૌતમપાડેં તથા, દોય સાવાડેં જોય;
મહેંતા તંબોલી **કુંભારનેં**, **પાડેં** ઈક મન આંણિ સં૰ ૭

ત્યારબાદ **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં **કુંભારપાડા**માં આદેશ્વર તથા ભટેવા પાર્શ્વનાથ – એમ બે જિનાલયોનો ઉલ્લેખ મળે છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તંબોલિવાડે પ્રભુમાનમામિ શ્રી વદ્ધમાનં ચ સુપાર્શ્વનાથમ્ ।
કુંભારપાડે પ્રભુમાદિદેવં, પાર્શ્વં ભટેવાભિધમાપ્તમુખ્યમ્ ॥૨૦॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ **શિખર વિનાનું** તરીકે થયેલો છે. જિનાલયમાં આઠ આરસપ્રતિમા તથા તેત્રીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. જિનાલયના સમયના સંદર્ભમાં સં૰ ૧૬૫૭નો ઉલ્લેખ છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયને ધાબાબંધી જિનાલય દર્શાવ્યું છે. જિનાલયમાં આઠ આરસપ્રતિમા તથા ચોવીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. વહીવટ સોની કાંતિલાલ ડાહ્યાભાઈ હસ્તક હતો.

આજે જિનાલય ઘુમ્મટબંધી છે. સંભવ છે કે **સં૰ ૨૦૧૦** પછી જિનાલયનો જીર્ણોદ્ધાર થયો હોય. જિનાલયનો વહીવટ મુંબઈનિવાસી શ્રી જયંતિલાલ પોપટલાલ શાહ, શ્રી પ્રવીણચંદ્ર મફતલાલ શાહ તથા શ્રી સુરેશચંદ્ર નેમચંદ શાહ હસ્તક છે.

આ જિનાલયનો સ્પષ્ટ ઉલ્લેખ **સં૰ ૧૭૨૯**માં મળે છે. ઉપરાંત જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં જિનાલયનો સમય સં૰ ૧૬૫૭ દર્શાવ્યો છે. એટલે આ જિનાલય **સં૰ ૧૬૫૭ આસપાસ**ના સમયનું મનાય શકાય.

• • •

કુંભારિયાપાડો

સુપાર્શ્વનાથ (ઘરદેરાસર) (સં૰ ૧૯૫૯ પૂર્વે)

પાટણમાં પ્રત્યેક પરિવારને પોતાનું ગૃહમંદિર પણ છે અને ગૃહમંદિરો પણ જિનાલય જેવી ક્રોતરણીવાળા ! આવું જ એક ઘરદેરાસર કુંભારિયાપાડામાં આવેલું છે. બહારથી જોતાં તે મોટું જિનાલય હોવાનો ભ્રમ કરે. બહારની દીવાલે હાથી તથા બે બાજુ બે દ્વારપાળોનાં શિલ્પો છે. દેવીઓનાં શિલ્પો પણ અહીં છે. મુખ્ય પ્રવેશદ્વાર, તેની બારસાખ તથા તેની કમાનોમાં પણ દેવી તથા હાથીનાં શિલ્પો છે. મુખ્ય પ્રવેશદ્વારની બારસાખ પર 'ભટેવા પાર્શ્વનાથ જૈન દેરાસર (સુપાર્શ્વનાથ)' – એ મુજબનું લખાણ છે.

રંગમંડપની દીવાલો પર મોટા અરીસા લગાડેલા છે. વળી, અહીં ગિરનાર તથા અષ્ટાપદના ચિત્રિત પટ છે. ઉપરાંત ભગવાન મહાવીરને કાને ખીલા ઠોક્યાનું દૃશ્ય, અષ્ટાપદગિરિ પર ગૌતમસ્વામીએ લબ્ધિથી કરાવેલા પારણાનું દૃશ્ય, બાહુબલિ અને બ્રાહ્મી-સુંદરીનો પ્રસંગ પણ ચિત્રિત થયા છે.

સુપાર્શ્વનાથનું આ ઘરદેરાસર ભટેવા પાર્શ્વનાથથી પણ પ્રસિદ્ધ છે. મૂળનાયક પ્રતિમાનું લાંછન સાથિયો છે. પ્રતિમા ઘણી વિશિષ્ટ છે. પ્રતિમા જિનાલય સમેત હોય તેવી છે. ૭" ઊંચાઈ ધરાવતી આ પ્રતિમાની આગળ બારણાં છે જે ઉઘાડ વાસ થઈ શકે છે. પ્રતિમા સપરિકર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચોવીશીયુક્ત છે. આ પ્રતિમાના ચોવીશી પરિકરમાં તથા પ્રતિમાના પાછળના ભાગમાં – એમ બન્ને ભાગમાં લેખ છે. મૂળનાયકના ચોવીશી પરિકર પર નીચે મુજબનું લખાણ છે :

"સં૰ ૧૪૮૪ વર્ષે જ્યેષ્ટ વદી ૧૧ દિને વ્ય૰ પેથાકેન શ્રી સુપાર્શ્વચતુર્વિંશતિ પટ્ટકઃ કા૰ પ્ર૰ શ્રી સૂરિભિઃ"

તથા મૂળનાયક પ્રતિમાના પાછળના ભાગમાં લેખ છે જે નીચે પ્રમાણે છે :

"સં૰ ૧૪૮૪ વર્ષે જ્યેષ્ટ વદી ૧૧ દિને પ્રા૰ વ્ય૰ પાસવીર તદ્‌ભાર્યા પદ્મલદે તત્સુત વ્ય૰ પાંચા ભા૰ કમી તયો સુત વ્ય૰ પેથાકેન ભા૰ પાલ્હણદે ભગિની ઝબકુ સુત કાજ વધૂ કામલદેવ્યાદિ કુટુંબયુતેન નિજશ્રેયોર્થં શ્રી સુપાર્શ્વજિનશ્ચતુર્વિંશતિ પટ્ટકઃ કારિતઃ પ્રતિષ્ઠિતઃ તપોગચ્છાધિરાજ શ્રી સોમસુંદરસૂરિભિઃ ।"

અહીં મૂળનાયક સહિત કુલ ચાર ધાતુપ્રતિમા રજતછત્રીમાં બિરાજે છે. ધાતુપ્રતિમા પૈકી સુવિધિનાથ તથા સુમતિનાથની પ્રતિમા પર સં૰ ૧૪૮૯ તથા અન્ય એક સુમતિનાથની પ્રતિમા પર સં૰ ૧૫૧૮નો લેખ છે.

આ ગૃહમંદિર અધોવાયાના ઘરદેરાસર તરીકે પ્રસિદ્ધ છે.

ઐતિહાસિક સંદર્ભ

આ ઘરદેરાસરનો **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં સૌ પ્રથમ વાર ઉલ્લેખ મળે છે :

કુંભારપાડે પ્રભુમાદિદેવં, પાર્શ્વ ભટેવાભિધમાપ્તમુખ્યમ્ ॥૨૦॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં કુંભારિયાપાડામાં ફૂલચંદ ખુશાલચંદ પરિવારનું ઘરદેરાસર દર્શાવવામાં આવ્યું છે. જો કે તેમાં શીતલનાથના નામનો ઉલ્લેખ આવે છે. તે સમયે અહીં પાંચ ધાતુપ્રતિમા બિરાજમાન હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ ઘરદેરાસરનો ઉલ્લેખ સુપાર્શ્વનાથના નામ સાથે થયેલો છે. ત્યારે આઠ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. તે ઘરદેરાસરની વિશેષ નોંધમાં આ ઘરદેરાસર ભટેવા પાર્શ્વનાથના જિનાલયથી ઓળખાય છે તેવો ઉલ્લેખ છે. ઘરદેરાસરની સ્થિતિ સારી હતી અને વહીવટ જીવાચંદ રતનચંદ હસ્તક હતો.

આજે આ ઘરદેરાસર અધોવાયાનું ઘરદેરાસર તરીકે પણ ઓળખાય છે. ઉપરાંત ભટેવા પાર્શ્વનાથના નામથી પણ પ્રચલિત છે. વહીવટ મુંબઈનિવાસી શ્રી મફતલાલ કેશવલાલ શાહ હસ્તક છે.

ટૂંકમા આ ઘરદેરાસર **સં૰ ૧૯૫૯ પૂર્વે**નું છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તંબોળીવાડો

તંબોળીવાડો કે તંબોલીપાડો વિસ્તાર પાટણમાં પ્રાચીન સમયથી પ્રચલિત છે. આ વિસ્તાર કુંભારિયાપાડો અને કપૂરમહેતાના પાડાની વચ્ચે આવેલો છે.

સં૰ ૧૬૧૩માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **તંબોલીપાડા**માં સુપાર્શ્વનાથનું જિનાલય તથા અન્ય ચાર ઘરદેરાસરો વિદ્યમાન હતાં. ૧. સુપાર્શ્વનાથ, ૨. આદેશ્વર (ભણશાળી સોનાના ઘરે), ૩. શાંતિનાથ (થાવર પારેખના ઘરે), ૪. આદેશ્વર (મંડલિક પારેખના ઘરે) અને ૫. પૂના પારેખનું ઘરદેરાસર.

તિહાં થકી હવઈ ચાલીઆ એ, હીયડઈ હરષ ધરી જઈ,
તંબોલી પાડઈ જઈ જિન પૂજા કીજઈ ૯૫

ચૌદ બિંબસૂં શ્રી **સુપાસ** અતિ સુંદર સોહઈ,
ભણસાલી સોના તણઈ દેહરાસુર મોહઈ ૯૬

ત્રણિ પ્રતિમાસું **ઋષભદેવ** વંદુ ભવી પ્રાણી,
થાવર પારષિનઈ ઘરિએ તે ઉલટ આણી ૯૭

ચ્યારિ પ્રતિમાસૂં શ્રી **શાંતિદેવ** જિન વંદન કીજઈ,
મંડલિક પારષિ ઘરિ દેહરાસુર ત્રીજઈ ૯૮

બિંબ ત્રણિસૂં **ઋષભદેવ** પૂજી ફલ લેસૂં,
પૂના પારષિને ઘરિ બિંબ ત્રણિ નમેસૂં ૯૯

સં૰ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **તંબોલીવાડા**માં સુપાર્શ્વનાથના જિનાલય ઉપરાંત અન્ય પાંચ ઘરદેરાસરો વિદ્યમાન હતાં. ૧. સુપાર્શ્વનાથ, ૨. તીર્થંકર નામ નથી, ૩. આદેશ્વર (વોરા રુપાના ઘરે), ૪. ચંદ્રપ્રભુ (મેઘા પારેખના ઘરે), ૫. ઘૂસીનું ઘરદેરાસર અને ૬. સંભવનાથ (શાહ સીરાજના ઘરે).

તંબોલીવાડઈ આવીઆ ભાવીઆ **દેવ સુપાસ**,
પ્રતિમા દીપઈ ત્રહુત્તરિ પૂરઈ જન-મન આસ.
બીજઈ દેહરઈ જિનવર સાત નમઉ તે સાર,
વુહરા રુપા મંદિરિ આદિ જિણંદ ઉદાર ॥૩૭॥

પ્રતિમા દશ છઈ મનોહર સુર નર સારઈ સેવ,
મેઘા પારષિ ઘરિ અછઈ **ચંદ્રપ્રભ** જિન દેવ.
પાંચ જ પ્રતિમા પ્રણમીઅ આવ્યા **ઘૂસીનઈ ગેહ**,
દોઈ જિણેસર વંદીઅ કીધા નિરમલ દેહ ॥૩૮॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સહા સીરાજ દેહરાસરિ સંભવ જિનવર હોઈ,
પ્રતિમા બિસઈ પંચાવન ભવિયણ ભાવઈ જોઈ.

સં૰ ૧૭૨૯માં પંડિત. હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **તંબોલીવાડા**માં માત્ર સુપાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે :

તંબોલી વાડા મઝાર, **સુપાસ** નમું સુખકાર.
એકસો ત્રીસ સદાએ, પ્રણમું જિન મુદાએ ॥૪॥

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **તંબોલીપાડા**માં સુપાર્શ્વનાથ તથા મહાવીરસ્વામી – એમ બે જિનાલયો વિદ્યમાન હતાં :

તંબોલી પાડા માંહિં, જગગુરુ **શ્રી મહાવીર**, લ૰
પૂજીયેં પ્રણમીયેં ભાવસું મુખસોધન ગછે ધીર. લ૰ ૧૪ પા૰

પ્રાસાદ સામી **સુપાસ**નો, શિષરબદ્ધ શ્રીકાર, લ૰
પરતો પરગટ દીપતો, ભવિજનનેં સુખકાર. લ૰ ૧૫ પા૰

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં **તંબોલીપાડા**માં એક જિનાલયનો ઉલ્લેખ મળે છે :

એક ગૌતમપાડેં તથા, દોય સાવાડેં જોય;
મહેંતા **તંબોલી** કુંભારનેં, **પાડેં ઈક** મન આંણિ સં૰ ૭

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં **તંબોલિવાડા**માં સુપાર્શ્વનાથ તથા મહાવીરસ્વામી – એમ બે જિનાલયો દર્શાવ્યાં છે :

તંબોલિવાડે પ્રભુમાનમામિ **શ્રી વદ્ધમાનં** ચ **સુપાર્શ્વનાથમ્** ।
કુંભારપાડે પ્રભુમાદિદેવં, પાર્શ્વ ભટેવાભિધમાપ્તમુખ્યમ્ ॥૨૦॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં તંબોલીવાડામાં સુપાર્શ્વનાથ તથા મહાવીરસ્વામી – એમ બે જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે. ઉપરાંત તે સમયે ચાર ઘરદેરાસરો વિદ્યમાન હતાં. ૧. શા૰ માણેકચંદ ખેમચંદ, ૨. શા૰ પૂનેમચંદ ગુલાબચંદ, ૩. શા૰ મોહનલાલ લલ્લુભાઈ અને ૪. શા૰ સાકલચંદ તારાચંદ.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં તંબોલીવાડામાં સુપાર્શ્વનાથ તથા મહાવીરસ્વામી ઉપરાંત શ્રેયાંસનાથ (તલકચંદ ડાહ્યાભાઈનું ઘરદેરાસર) – એમ કુલ ત્રણ જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે.

આજે પણ તંબોલીવાડામાં સુપાર્શ્વનાથ અને મહાવીરસ્વામીનાં જિનાલયો વિદ્યમાન છે.

● ● ●

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તંબોળીવાડો

મહાવીરસ્વામી (સં. ૧૭૭૭ પૂર્વે)

તંબોલીવાડા વિસ્તારમાં સાધ્વીજી મહારાજના ઉપાશ્રયની પાસે આરસનું બનેલું શ્રી મહાવીરસ્વામીનું જિનાલય આવેલું છે. પ્રવેશીએ એટલે પહેલાં ચોક આવે છે. ત્રણ પ્રવેશદ્વાર પૈકી ડાબી બાજુથી પ્રવેશતાં, સૌ પ્રથમ ત્યાં કેસરની રૂમ આવે છે.

રંગમંડપમાં પ્રવેશતાં સામે જ આવેલી એક ઘુમ્મટયુક્ત દેરીમાં બિરાજમાન શ્રી આદેશ્વરની પ્રતિમાના દર્શન થાય છે. પ્રતિમા પ્રાચીન છે. રંગમંડપ મોટો છે. તેના ઘુમ્મટમાં ગુલાબી રંગની સુંદર કોતરણી છે. થાંભલા પર અને કમાનો પર બારીક કોતરણી છે. અહીં સિદ્ધાયિકાદેવી તથા માતંગયક્ષની મૂર્તિઓ છે. વળી અહીંની દીવાલો પર સિદ્ધાચલજી તથા સમેતશિખરના પટ છે.

ગભારા પાસેની છત પર પૂતળી અને ચામર વીંઝતી શિલ્પાકૃતિ છે. ગર્ભદ્વારની ઉપરની દીવાલે યક્ષ, યક્ષિણી તથા મયૂરની રચના છે. ગભારાની ફરતે પ્રદક્ષિણા થઈ શકે તેવી જગ્યા છે. ગભારામાં ૨૭" ઊંચાઈ ધરાવતી શ્રી મહાવીરસ્વામીની સપરિકર પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. પરિકરના આરસનો રંગ જુદો છે જે સૂચવે છે પરિકર પાછળથી બન્યું હોય. પ્રતિમા પર અશોકવૃક્ષની કોતરણી છે. પ્રતિમાલેખ નથી. ગભારામાં કુલ ચાર આરસપ્રતિમા અને ચોવીસ ધાતુપ્રતિમા છે. ગભારામાં જમણી બાજુ દીવાલે ગોખમાં શાંતિનાથ તથા ડાબી બાજુની દીવાલે ગોખમાં કુંથુનાથની આરસપ્રતિમા બિરાજે છે.

ઐતિહાસિક સંદર્ભ

આ જિનાલયનો ઉલ્લેખ **સં. ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મળે છે. ત્યારબાદ **સં. ૧૯૫૯**માં પં. હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં, **સં. ૧૯૬૩**માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં તથા **સં. ૨૦૧૦**માં પણ આ જિનાલયનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં મહાવીરસ્વામીનું આ જિનાલય ધાબાબંધી દર્શાવ્યું છે. જિનાલયમાં ત્રણ આરસપ્રતિમા તથા બાર ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં તંબોળીવાડામાં મહાવીરસ્વામીનું આ જિનાલય ધાબાબંધી દર્શાવ્યું છે. ત્યારે ત્રણ આરસપ્રતિમા તથા છવીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. વહીવટ શેઠ ધરમચંદ અભેચંદની પેઢી હસ્તક હતો.

આજે જિનાલયનો વહીવટ આ વિસ્તારમાં જ રહેતા શ્રી ચંદુલાલ વીરચંદ શાહ તથા મુંબઈનિવાસી શ્રી દેવેન્દ્રભાઈ નાનકચંદ શાહ, શ્રી હરેશભાઈ ભોગીલાલ શાહ અને શ્રી વીરેન્દ્રભાઈ જયંતિલાલ શાહ હસ્તક છે. જિનાલયમાં કુલ પાંચ આરસપ્રતિમા તથા ચોવીસ ધાતુપ્રતિમા છે.

ટૂંકમાં આ જિનાલય **સં. ૧૭૭૭ પૂર્વે**નું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તંબોળીવાડો

સુપાર્શ્વનાથ (સં૰ ૧૬૧૩ પૂર્વે)

તંબોલીવાડામાં શ્રી મહાવીરસ્વામીના જિનાલયથી થોડેક આગળ જતાં શ્રી સુપાર્શ્વનાથનું જિનાલય આવેલું છે. જિનાલય અતિ જીર્ણ થયું હોવાથી હાલ અહીં જીર્ણોદ્ધાર ચાલુ થયો છે.

જિનાલયના બહારના ભાગે સુંદર કોતરણીયુક્ત ટોડલા છે. થાંભલા પર પૂતળીઓ છે. રંગમંડપમાં હાલ બે દ્વારેથી જઈ શકાય છે. રંગમંડપ બે છે. એક જાળિયાવાળો છે. બીજો ચોરસ છે. અહીં આરસની કોતરણીયુક્ત પાંચ ગોખ છે જેમાં મૂર્તિ કે પ્રતિમા નથી. એક ગોખમાં વિજયવલ્લભસૂરિનો ફોટો છે.

રંગમંડપની ડાબી બાજુની દીવાલ પર નીચે મુજબનો લેખ છે :

"પ્રથમ પ્રતિષ્ઠા વિ૰ સં૰ ૧૮૯૫ શ્રાવણ વદ પના દિને થઈ. બીજી પ્રતિષ્ઠા પ્રવર્તક શ્રી કાંતિવિજય મહારાજના શિષ્ય મહારાજ શ્રી ચતુરવિજયજી તથા આચાર્ય શ્રી સિદ્ધિસૂરિશ્વરજીના પ્રશિષ્ય શ્રી હેમેન્દ્રવિજયજીએ વિ૰ સં૰ ૧૯૯૫ના વૈ૰ સુ૰ ૧૦ શુક્રવારના દિવસે શુભ મુહૂર્તે કરાવી."

હાલમાં ગભારામાં પાછળની દીવાલે તથા ગર્ભદ્વારની ઉપરના ભાગે કાચકામ દેખાય છે. જાણવા મળ્યું છે કે અગાઉ ઘણાં વર્ષો પૂર્વે આ જિનાલય કાચનું હતું. તેના થોડાક આ અવશેષો છે. હવેના જીર્ણોદ્ધારમાં સ્તંભ પરના કાચ તો ઉખાડી દીધેલા હતા, તેથી આ અવશેષો રહેશે નહિ. વાત કરતાં જાણવા મળ્યું છે કે બહારની થોડી જગ્યા છે તે રંગમંડપમાં લઈ લેવામાં આવશે અને ફરતી ભોમતી બનશે.

ગભારામાં ૨૫" ઊંચાઈ ધરાવતી શ્રી સુપાર્શ્વનાથની સપરિકર પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. પ્રતિમાલેખ નથી. અહીં પાંચ આરસપ્રતિમા તથા પચાસ ધાતુપ્રતિમા છે. તદુપરાંત, ગૌતમસ્વામીની એક નાની ધાતુમૂર્તિ છે. જમણે ગભારે ચંદ્રપ્રભુ છે અને ડાબે ગભારે તીર્થંકરનું નામ લખ્યું નથી. લાંછન ઘસાઈ ગયું છે તેથી ઓળખી શકાયા નથી. આ બન્ને પ્રતિમા પર લેખ છે. પણ સંવત સિવાય કશું વાંચી શકાતું નથી. ચંદ્રપ્રભુ પર સં૰ ૧૪૭૧ અને ડાબે ગભારે બિરાજમાન પ્રતિમા પર સં૰ ૧૪૪૦નો લેખ છે.

ઐતિહાસિક સંદર્ભ

આ જિનાલયનો ઉલ્લેખ **સં૰ ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં સૌ પ્રથમ વાર મળે છે. ત્યારબાદ **સં૰ ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં, **સં૰ ૧૯૬૩**માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં અને **સં૰ ૨૦૧૦**માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં સાતત્યપૂર્વક આ જિનાલયનો ઉલ્લેખ મળે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલય ધાબાબંધી દર્શાવ્યું છે. ત્યારે પાંચ આરસપ્રતિમા અને પંચાવન ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલય ધાબાબંધી દર્શાવ્યું છે. જિનાલયમાં પાંચ આરસપ્રતિમા અને પચાસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી અને વહીવટ તલકચંદ ડાહ્યાભાઈ હસ્તક હતો.

આજે જિનાલયનો વહીવટ મુંબઈનિવાસી શ્રી દેવેન્દ્રભાઈ નાનકચંદ શાહ, શ્રી હરેશભાઈ ભોગીલાલ શાહ તથા શ્રી વીરેન્દ્રભાઈ જયંતિલાલ શાહ હસ્તક છે.

જિનાલયના રંગમંડપમાં ભીંત પર એક લેખ છે. સં. ૧૮૯૫માં પુનઃપ્રતિષ્ઠા તથા **સં. ૧૯૫૯**માં ફરી એક વાર પુનઃપ્રતિષ્ઠા આ જિનાલયમાં થઈ હતી. એટલે કે જિનાલયનો જીર્ણોદ્ધાર આ સમય દરમ્યાન થયો હશે. હાલ પણ જીર્ણોદ્ધારનું કાર્ય ચાલી રહ્યું છે.

ટૂંકમાં આ જિનાલય **સં. ૧૬૧૩** પૂર્વેનું છે.

• • •

કપૂરમહેતાનો પાડો

આદેશ્વર (સં. ૧૮૨૧ પૂર્વે)

કપૂરમહેતાનો પાડો એ તંબોલી પોળની નજીક આવેલ વિસ્તાર છે. તેના છેક ખૂણામાં શ્રી આદેશ્વર ભગવાનનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. તેની બાજુમાં જ શ્રી સાધ્વીજી મહારાજનો ઉપાશ્રય છે.

રંગમંડપમાં પ્રવેશતાં, રંગકામ કરેલા થાંભલાઓ દેખાય છે જેની ઉપર નીચેના ભાગમાં વાજિંત્ર વગાડતી સુંદર દેવીઓની કલાત્મક શિલ્પાકૃતિઓ છે તથા થાંભલાની કમાનો પર પણ વાજિંત્ર વગાડતી સુંદર પૂતળીઓ છે. રંગમંડપના ઘુમ્મટના ભાગમાં રંગબેરંગી પૂતળીઓ, દેવ દેવીઓ તથા શ્રી નેમિનાથ ભગવાનની ચોરી, વરઘોડો જેવી વિવિધ રચનાઓ છે. વળી, નાની ઝરૂખાવાળી બારીઓ તથા હાથીઘોડાનાં સુંદર શિલ્પો છે. ઝરૂખાવાળી બારીઓમાં પણ અતિ સુંદર કોતરણી છે. રંગમંડપમાં ગોખની રચના છે પણ તે ખાલી છે. રંગમંડપના ઘુમ્મટની મોહક કાષ્ઠકલા એ આ જિનાલયની વિશેષતા છે. (જુઓ ફોટોગ્રાફ નં. ૩૪)

ગભારામાં મૂળનાયક શ્રી આદેશ્વરની રાતા આરસની ૨૩" ઊંચાઈ ધરાવતી પ્રતિમા ઉપરાંત ખૂણામાં પણ શ્રી આદેશ્વર ભગવાનની નાની રાતા આરસની એક પ્રતિમા છે. ડાબી બાજુએ શ્રી પાર્શ્વનાથ બિરાજમાન છે. ઉપરાંત આરસની બે અલગ અલગ પ્રતિમાઓ શિખર જેવી રચનાવાળા સિંહાસનમાં જોવા મળે છે જેની આજુબાજુ શ્રાવક શ્રાવિકા દર્શનાર્થે ઊભેલા છે. આખી રચના સુંદર છે. અહીં છ આરસપ્રતિમા તથા નવ ધાતુપ્રતિમા છે. વળી, ગભારામાં પ્રતિમાઓ બિરાજમાન છે તે પાળી પણ રાતા રંગની છે. મૂળનાયક તથા અન્ય આદેશ્વરની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રતિમાના રાતા રંગ સાથે આ રાતા રંગની પાળીનું સંયોજન અતિ સોહે છે.

ઐતિહાસિક સંદર્ભ

કપૂરમહેતાનો પાડો કુંભારિયાપાડો અને તંબોલીવાડાની નજીક આવેલો વિસ્તાર છે. **સં૰ ૧૮૨૧**માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં મહેંતાપાડો, તંબોલીપાડો તથા કુંભારીપાડા એ ત્રણેય વિસ્તારમાં એકેક જિનાલય વિદ્યમાન હોવાની નોંધ આવે છે.

મહેંતા તંબોલી કુભારનેં, **પાડેં ઈક** મન આણિ. સં૰ ૭

ઉપર્યુક્ત પંક્તિ પરથી સ્પષ્ટ થાય છે કે તે સમયનો મહેતાપાડો એ જ આજનો કપૂરમહેતાનો પાડો.

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં પણ **કપૂરમહેતાના પાડા**માં આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ મળે છે :

કર્પૂરમેતાભિધશસ્યપાડે, સ્તુવે જિનેશં **વૃષભધ્વજં** ચ ।
કર્માગ્નિદાહૈકજલાભિષેકં, કષાયવૃક્ષેષુ દવાગ્નિતુલ્યમ્ ॥૧૯॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલયને **શિખર વિનાનું** દર્શાવ્યું છે. જિનાલયમાં પાંચ આરસપ્રતિમા તથા આઠ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. ઉપરાંત, તે સમયે કપૂરમહેતાના પાડામાં શા૰ મૂલચંદ લલ્લુભાઈના બે ઘરદેરાસરો વિદ્યમાન હતા. તે પૈકી એક ઘરદેરાસરમાં એક આરસપ્રતિમા અને નવ ધાતુપ્રતિમા બિરાજમાન હતી તથા બીજા ઘરદેરાસરમાં સોળ ધાતુપ્રતિમા બિરાજમાન હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આદેશ્વરના આ જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. જિનાલયમાં છ આરસપ્રતિમા અને આઠ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. વહીવટ શા૰ મૂળચંદ લહેરચંદ હસ્તક હતો.

આજે આ જિનાલયનો વહીવટ શાહ લાભચંદભાઈ મૂળચંદ હસ્તક છે. તેઓ મુંબઈમાં રહે છે.

અમારી માન્યતા પ્રમાણે આ જિનાલય **સં૰ ૧૮૨૧ પૂર્વે**નું છે.

• • •

ખીજડાનો પાડો

આદેશ્વર (સં૰ ૧૯૪૭-૪૮)

ખીજડાના પાડામાં છેક ખૂણામાં શ્રી રીખવદેવમહારાજપ્રાસાદ નામે ઓળખાતું આ છેલ્લી સદીમાં બનેલું, બે માળનું જિનાલય આવેલું છે. આ દેરાસરમાં પ્રવેશવા માટેના મુખ્ય પ્રવેશદ્વાર પાસે શ્રી ગણપતિદાદાનું મંદિર આવેલું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલય બહારથી મનમોહક ભાસે છે. જિનાલયનો ચોક મોટો છે. જિનાલયના બહારના ભાગમાં રંગીન સુંદર શિલ્પાકૃતિઓ છે. જિનાલયના બહારના થાંભલાઓ પર પણ નર-નારીઓ તથા પૂતળીઓની પથ્થરની રંગીન કોતરણી જિનાલયની કલાકારીગરીને નવો ઓપ આપે છે. જિનાલયના ચોકમાં હાથીની અંબાડી પર બેઠેલા શ્રાવકની બે મૂર્તિઓ છે. થાંભલાની કમાનો પર મોરલા તથા બીજી નાની મોટી કોતરણી છે. બહારના બીજા થાંભલાઓ પર વાજિંત્ર વગાડતી નારીઓ તથા બાલિકાઓની શિલ્પાકૃતિઓ છે. ઉપરની છત પર પણ નર-નારીઓના અલગ અલગ મુદ્રામાં સુંદર શિલ્પો જિનાલયની સુંદરતાને ચાર ચાંદ લગાડી દે છે. ફરસ પર પણ આરસને એવી રીતે જોડવામાં આવ્યા છે કે એમાંથી સુંદર કલાકૃતિ નિર્માતી લાગે ! જિનાલયમાં બહારના ભાગમાં એક ગોખ છે જેમાં શ્રી નાકોડા ભૈરવનો ફોટો મૂકેલો છે. ગોખની ઉપર છત્રની રચનામાં રંગીન કોતરણી જોવા મળે છે. ત્રણ પ્રવેશદ્વારયુક્ત આ જિનાલયમાં પ્રવેશવા માટેના મુખ્ય પ્રવેશદ્વારની આજુબાજુ બે મોટા દ્વારપાલની રચના છે. તેની આજુબાજુના પ્રવેશદ્વારની બારસાખ તથા કમાનો પર નર્તકીઓનાં શિલ્પો છે.

રંગમંડપનો ઘુમ્મટ ઘણો મોટો છે. તેમાં માત્ર રંગીન પટ્ટાવાળું રંગકામ છે. કમાનોની કારીગરી મનમોહક છે. થાંભલા પર વાજિંત્ર વગાડતી પૂતળીઓ છે. તેઓનો પહેરવેશ નવી ફેશનનો છે. દીવાલો પર નૃત્યાંગનાઓ તથા નારીઓનાં કલાત્મક શિલ્પો છે. રંગમંડપમાં દીવાલ પર શત્રુંજયનો ચિત્રિત પટ છે. ગભારાને ફરતે પ્રદક્ષિણા થઈ શકે તેવી રચના છે. ગર્ભદ્વારની કમાનો, બારસાખ તથા રંગમંડપમાં આજુબાજુના ગોખમાં બિરાજેલ ગૌમુખયક્ષ તથા ચક્રેશ્વરીદેવીના છત્રની ઉપર પણ ધ્યાનાકર્ષક કોતરણી છે. આમ તો આ જિનાલય સામાન્ય જિનાલય જેવું છે છતાં પણ અહીં શિલ્પો તથા રંગકામને કારણે જિનાલયની સાદગીપૂર્ણ સુંદરતામાં વધારો થાય છે.

ગભારામાં શ્રી ઋષભદેવ ભગવાનની ૧૩'' ઊંચાઈ ધરાવતી કાળા આરસની નયનરમ્ય પ્રતિમા બિરાજમાન છે. અહીં ભગવાનના પરિકરને લેપ કરેલ છે. તેમના પબાસનની નીચે શાશ્વતાદેવી તથા તેમની આજુબાજુ ચામર ઢાળતી સ્ત્રીઓની મૂર્તિ છે. ગભારામાં પાંચ આરસપ્રતિમા તથા અગિયાર ધાતુપ્રતિમા છે. ગર્ભદ્વારની ઉપર 'શ્રી રીખવદેવ પ્રતિષ્ઠા સં૰ ૧૯૪૭ વૈશાખ સુદ ૧૦' લખેલું છે.

ઐતિહાસિક સંદર્ભ

આજે ખીજડાનો પાડો તરીકે પ્રસિદ્ધ આ વિસ્તાર અગાઉ **ખેજડાનો પાડો** તરીકે ઓળખાતો હતો.

સં૰ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં એક ઘરદેરાસરનો ઉલ્લેખ મળે છે :

ષેજડાનઈ પાટક સારંગ દેહરાસર તેહ ।
નવ પ્રતિમા નમી કરી ત્રંબડાવાડઉ જેહ ॥૩૯॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્યારબાદ **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણચૈત્યપરિપાટીમાં **ખેજડાના પાડા**માં શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ આવે છે :

ખેજડાને પાડે શાંતિજિનેસર પાસે ।
એકસો ને અડત્રીસ પ્રતિમા વંદું ઉલ્લાસે ॥૨॥

આજે ખીજડાના પાડામાં આવેલા આદેશ્વરના જિનાલયમાં ગર્ભદ્વારની ઉપર શ્રી રીખવદેવ પ્રતિષ્ઠા 'સં૰ ૧૯૪૭ વૈશાખ સુદ ૧૦' – એ મુજબનું લખાણ છે.

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં **ખીજડાના પાડા**માં આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ સૌ પ્રથમ વાર પ્રાપ્ત થાય છે :

વંદે જિનં **શ્રી પતિમાદિદેવં**, ભક્ત્યા યુતઃ **ખેજડપાડસંસ્થમ્** ।
યસ્યોપરિ પ્રાજયતરાતપત્રં, રૌપ્યં ચ મુક્ત્યસ્તકટાક્ષતુલ્યમ્ ॥૧૮॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલય ધાબાબંધી દર્શાવ્યું છે. ત્યારે પાંચ આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. જિનાલયનો સમય સં૰ ૧૯૪૮નો દર્શાવ્યો છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. તે સમયે ત્રણ આરસપ્રતિમા અને નવ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. વહીવટ શા૰ પોપટલાલ ઉત્તમચંદ હસ્તક હતો.

આજે જિનાલયનો વહીવટ આ વિસ્તારમાં રહેતા શ્રી ભરતકુમાર ગભરૂભાઈ શાહ તથા મુંબઈનિવાસી શ્રી નરેન્દ્રકુમાર મંગળદાસ શાહ તથા બાબુલાલ છોટાલાલ શાહ હસ્તક છે.

અમારી માન્યતા પ્રમાણે આ જિનાલય **સં૰ ૧૯૪૭-૪૮**ના સમયનું છે.

• • •

તરભોડાપાડો

શાંતિનાથ (સં૰ ૧૬૧૩ પૂર્વે)

તરભોડાપાડામાં અંદરના ભાગમાં શ્રી શાંતિનાથનું બે મજલાવાળું ધાબાબંધી જિનાલય આવેલું છે. જિનાલયનો ઉપરનો માળ ખાલી છે.

ચાર પગથિયાં ચડી અંદર પ્રવેશતાં મોટો ચોક આવે છે. ચોકમાં સામે એક જાળીવાળી રચનામાં ખંડિત મૂર્તિઓ તથા આઠ પગલાંની જોડ છે. તે પૈકી એક જ આરસમાં સં૰ ૧૮૪૧નો લેખ ધરાવતા શ્રી જિનકુશલસૂરિ, શ્રી જિનચંદ્રસૂરિ, શ્રી જિનલાભસૂરિ તથા મુનિ શ્રી વર્ધમાનના પગલાંની ચાર જોડ છે. સં૰ ૧૬૬૦નો લેખ ધરાવતાં શ્રી કુમારસુંદરગણિના પગલાં, સં૰ ૧૬૭૩નો લેખ ધરાવતા પગલાં છે. અન્ય બે પગલાંની જોડ પર કોઈ લેખ નથી. ખંડિત મૂર્તિઓ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૈકી એક શ્રાવિકાની મૂર્તિ, એક યક્ષની મૂર્તિ છે. અહીં ખંડિત તીર્થંકરોની ત્રણ મૂર્તિઓ છે જે પૈકી બે કાઉસ્સગ્ગિયા છે. આ ભાગમાં સફાઈનો અભાવ નજરે ચડ્યા વિના રહેતો નથી.

રંગમંડપ મધ્યમ કક્ષાનો છે. અહીં કુલ પાંચ ગોખ છે. તે પૈકી જમણી બાજુ ગોખમાં ભૈરવજીની મૂર્તિ છે. બાકીના ગોખ ખાલી છે.

ગભારામાં ૨૫" ઊંચાઈ ધરાવતી શ્રી શાંતિનાથની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. મૂળનાયકનું લાંછન ઘસાઈ ગયું છે. અહીં કુલ અગિયાર આરસપ્રતિમા તથા નવ ધાતુપ્રતિમા છે. ઉપરાંત આરસનો એક ચોવીશીપટ છે. જમણે ગભારે શાંતિનાથ તથા ડાબે ગભારે મહાવીરસ્વામી છે. તે પૈકી શાંતિનાથની પ્રતિમા પર સં૰ ૧૫૦૫નો લેખ છે.

ઐતિહાસિક સંદર્ભ

તરભોડાપાડા તરીકે પ્રચલિત આ વિસ્તાર પૂર્વે **ત્રબઈડાપાડો, ત્રંબડાપાડો, ત્રભેડાવાડો, તરભાણવાડો, તરભેડાવાડો, તરભોડાપાડો** તરીકે ઓળખાતો હતો.

તરભોડાપાડામાં શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ સં૰ ૧૬૧૩માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં ત્રબઈડાપાડામાં શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

ત્રબઈડાપાડા માહિઈ તિહાં **ષરતર દેહરું,**
મંડપ ચુક વિશાલ થંભ જોતા નહી અનેરુ ૧૦૦

સોલમુ શ્રી **શાંતિદેવ** મૂલનાયક નામ,
જિહાં પ્રતિમા એકવીસ કહી વંદી પુહુત્તા જામ ૧

તે સમયે શાંતિનાથના આ જિનાલયને ખરતરગચ્છનું જિનાલય તરીકે ઓળખાવ્યું છે.

ત્યારબાદ સં૰ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ત્રંબડાવાડા** વિસ્તારમાં શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

ષેજડાનઈ પાટક સારંગ દેહરાસર તેહ ।
નવ પ્રતિમા નમી કરી **ત્રંબડાવાડઉ** જેહ ॥૩૯॥

વિશ્વસેન-નંદન નિરષીઆ પરષીઆ નવાણઉં દેવ ।
મંડપ રચના ચઉકીઅ હઈડું હરિષ્યું એ હેવ ।
વડી પોસાલનઈ પાટકિ સેઠિ સોમાનઈ ગેહ ।
ઋષભાદિક જિન ચઉત્રીસ દીપઈ સુંદર દેહ ॥૪૦॥

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં ત્રભેડાવાડામાં શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રભેડા વાડામાંહી, શાન્તિ નમું ઉછાંહી ।
પંચસત જીનવરુએ, એકોત્તરે ઉપરે એ ॥૩॥

ત્યારબાદ સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **તરભાણવાડા**માં શાંતિનાથના જિનાલનો ઉલ્લેખ મળે છે :

તરભાણેંવાડેં ભલો, પ્રાસાદ એક વિસાલ, લ૰
સોલસમા જિન **શાંતિજી**, ભેટીયા દેવ દયાલ૰ લ૰ ૧૩ પા૰

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં **તરભેડાવાડા**માં શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે :

શ્રી શાંતિનાથં નરનાથસેવ્યં, સનાથતાં પ્રાણિગણે ભજંતમ્ ।
સ્થિતં ચ વંદે **તરભેડવાડે**, સંસારરોગવ્યથનૈકવૈદ્યમ્ ॥૧૭॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં **તરભોડાપાડા**માં શાંતિનાથના જિનાલયને શિખરવિનાનું દર્શાવ્યું છે. જિનાલયમાં કુલ પાંત્રીસ આરસપ્રતિમા તથા પચીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. ઉપરાંત પગલાંની આઠ જોડનો પણ ઉલ્લેખ થયેલો છે. જિનાલયની સ્થિતિ તે સમયે સાધારણ દર્શાવવામાં આવી હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં **તરભેડાપાડા**માં શાંતિનાથના ધાબાબંધી જિનાલયનો ઉલ્લેખ થયો છે. તે સમયે જિનાલયમાં અગિયાર આરસપ્રતિમા તથા સત્તર ધાતુપ્રતિમા બિરાજમાન હતી. ઉપરાંત એક ગુરુમૂર્તિ તથા સં૰ ૧૩૩૦નો લેખ ધરાવતી શ્રાવક-શ્રાવિકાની ઊભી મૂર્તિ વિદ્યમાન હોવાની વિશેષ નોંધ કરવામાં આવી છે. જિનાલયની સ્થિતિ તે સમયે સારી હતી. અને વહીવટ શેઠ ધરમચંદ ઉદેચંદની પેઢી હસ્તક હતો.

આજે જિનાલયનો વહીવટ શેઠ ધરમચંદ અભેચંદની પેઢી હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૧૩ પૂર્વે**ના સમયનું છે.

• • •

ભેંસાતવાડો

શાંતિનાથ (સં૰ ૧૬૧૩ પૂર્વે)

ભેંસાતવાડામાં પ્રવેશતાં સામે જ નજરે પડતું પણ છેક અંદરના ભાગે આવેલું શ્રી શાંતિનાથનું આરસપહાણ અને પથ્થરનું બનેલું, બે માળનું, બહારથી જોતાંની સાથે મોહ પમાડે તેવું જિનાલય આવેલું છે.

જિનાલયના પગથિયાંની આજુબાજુ ખંડિત થયેલા દ્વારપાળ છે તથા પગથિયાં ચડતાં શ્રેષ્ઠી અને તેની આજુબાજુ સિંહોનાં શિલ્પો નજરે ચડે છે. અહીં એલેક્ઝાન્ડર તથા રાણી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિક્ટોરિયાના શિલ્પો છે. ડાબી બાજુ નાના પ્રવેશદ્વારની દીવાલે કોઈ દેશી રાજાનું શિલ્પ ઉપસાવેલ છે.

અહીંથી ધાબા પર નજર ગયા વિના રહેતી નથી. ધાબાની દીવાલે તથા ગભારા અને રંગમંડપની ઉપરના ધાબાના ભાગે રંગીન, સુંદર કોતરણી છે જેમાં આકર્ષક પરીઓ તથા તાપસની રચના છે. અહીંનો કેટલોક ભાગ ખંડિત થયેલ છે. ધાબા પર બે સુંદર નાના ઝરૂખા અને તેમાં તાપસ અને સિંહની રચના પર દર્શનાર્થીનું ધ્યાન કેન્દ્રિત બને છે. મૂળનાયકના ગભારાની ઉપર જ ધાબા પર બીજો ગભારો છે. તેની ઉપર ત્રણ ઘુમ્મટ છે અને ત્રણે ઘુમ્મટ પર ધજા છે જે દર વર્ષગાંઠે બદલાય છે.

જિનાલયનું આમ વિહંગાવલોકન કરીને પ્રવેશદ્વારે પહોંચીએ ત્યારે ત્યાં પણ સુંદર કાષ્ઠકોતરણીયુક્ત બારસાખ, તોરણો સમેત કોતરણીયુક્ત સ્થંભો અને તેના પરના ઈન્દ્ર-ઈન્દ્રાણી તથા શિખર, મયૂર અને સિંહનાં શિલ્પો નજરે પડે છે. પ્રવેશદ્વારની બન્ને બાજુની જાળીવાળી બે બારીઓ પર કપિ(વાંદરાં)નાં ઉપસાવેલ શિલ્પો તથા બારી તથા થાંભલાની વચ્ચે કોતરણીવાળા ગોખમાં નાની દેવીનું શિલ્પ છે જેના હાથમાં દીવો મૂકી શકાય તેવી રચના છે.

જિનાલયમાં પ્રવેશીએ એટલે રંગીન કોતરણીયુક્ત સ્થંભો અને છતમાંનાં ફળફૂલોનાં રંગીન ચિત્રો તથા રંગમંડપની દીવાલો પર ઉપસાવેલ અને રંગકામ કરેલ અનેક પટો જેવા કે- ગિરનાર, અષ્ટાપદ, સમેતશિખર, પાવાપુરી, આબુ, અચલગઢ, શંખેશ્વર, કેસરિયાજી, શત્રુંજય તથા અનેકવિધ પ્રસંગ ચિત્રો જેવા કે – નેમિનાથ ભગવાનની જાન, પાવાપુરીની મહાવીરસ્વામીની અંતિમ દેશના, મેઘરથ રાજાની જીવદયા તથા નવપદજી મહાયંત્ર વગેરે પર આછી નજર પડતાં જ દૃષ્ટિ ગભારા સન્મુખ જાય.

અહીં ગર્ભદ્વાર એક જ છે અને એની બારસાખે કાષ્ઠની રંગીન કોતરણી છે જેમાં ચૌદ સ્વપ્નો ઉપસાવેલ છે. ગર્ભદ્વારની આજુબાજુની બે બારીઓની નીચેના ભાગે ડાબી બાજુ ગૌતમ સ્વામી ઇંદ્રભૂતિ હતા ત્યારે પોતાના શિષ્યો સાથે મહાવીરસ્વામીની દેશના સાંભળવા આવે છે અને પોતાના પ્રશ્નોનું સમાધાન થતાં નમી પડે છે તે અને ડાબી બાજુ ગૌતમસ્વામી સાથે દીક્ષા પામેલા અગિયાર ગણધરોનો પટ છે.

ગભારામાં ૨૧" ઊંચાઈ ધરાવતી મૂળનાયક શાંતિનાથની પ્રતિમા બિરાજમાન છે. અહીં આરસપ્રતિમા કુલ નવ છે. ડાબે ગભારે શ્રી મહાવીરસ્વામી તથા જમણે ગભારે શ્રી નેમિનાથ બિરાજે છે. ડાબી બાજુ વાસુપૂજ્યસ્વામીની શ્યામ આરસપ્રતિમા તરત ધ્યાન ખેંચે છે.

મૂળનાયક નીચેના ભાગમાં જાણે કે બીજા મૂળનાયક હોય તેવી શ્રી ગૌતમસ્વામીની આરસની મૂર્તિ છે. આ જિનાલયને શાંતિનાથના જિનાલય કરતાં લોકો ગૌતમસ્વામીના જિનાલય તરીકે વિશેષ ઓળખે છે. ગૌતમસ્વામીની આ પ્રતિમા પર સં૰ ૧૪૩૩ સ્પષ્ટ વાંચી શકાય છે. આ લેખ નીચે પ્રમાણે છે :

"સંવત ૧૪૩૩ વર્ષે આષાઢસુદિ ૧૦ બુધે શ્રીનાણકીયગચ્છે શ્રી સિદ્ધસેનસૂરિગુરોર્મૂર્તિઃ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી ધર્મેશ્વરસૂરિભિઃ કારાપિતા શુભં ।"

આ લેખના સંદર્ભમાં **પ્રાચીન જૈન લેખસંગ્રહ** (ભાગ-૨)માં નીચે મુજબનું લખાણ છે :

"..... લેખ ભેસપતવાડામાં આવેલા ગૌતમસ્વામિના નામે પ્રસિદ્ધ મંદિરમાંની મૂલ પ્રતિમા ઉપર કોતરેલો છે. આ લેખમાં જણાવ્યા પ્રમાણે એ મૂર્તિ, નાણકીયગચ્છના આચાર્ય વિજયસેનસૂરિની છે અને તે સં૰ ૧૪૩૩માં ધર્મે (ને?)શ્વરસૂરિએ કરાવેલી છે. પરંતુ લોકો વગર સમજે, ફક્ત સાધુની મૂર્તિ જોઈને જ તેને ગૌતમસ્વામીની મૂર્તિ કહે છે અને એ ભ્રમમાં ને ભ્રમમાં જ હજારો રૂપિયા ખર્ચી ખાસ નવીન મંદિર તૈયાર કરાવી ગૌતમસ્વામિના નામે તેની પ્રતિષ્ઠા કરી છે !"

અહીં ધાતુપ્રતિમા સોળ છે. ધાતુપ્રતિમા પૈકી એક પાર્શ્વનાથ ભગવાનની પ્રાચીન પ્રતિમા ખાસ ધ્યાન ખેંચે છે. આ પ્રતિમાને સાત ફણા છે તથા સિંહાસનારૂઢ આ પ્રતિમાને આજુબાજુ દેવીઓ તથા ઉપર દેવીઓ ચામર ઢાળે છે.

આ જિનાલયના ઉપરના માળે અન્ય એક ગભારો છે. તેમાં શ્રી ચંદ્રપ્રભુસ્વામીની ૩૫" ઊંચાઈ ધરાવતી પ્રતિમા બિરાજમાન છે. આ ગભારામાં અન્ય ત્રણ આરસપ્રતિમા છે.

ઐતિહાસિક સંદર્ભ

ભેંસાતવાડો વિસ્તારમાં અગાઉ **ભઈસાતવાડો, ભઈસાતવાડો, ભસાતવાડો** તરીકે ઓળખાતો હતો.

સં૰ ૧૬૧૩માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ વિસ્તારનો સૌ પ્રથમ વાર ઉલ્લેખ મળે છે. તે સમયે આ વિસ્તારમાં શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે :

ભઈસાતવાડઈ શાંતિનાથ જિનવંદન કરસૂં
ચુપન્ન પ્રતિમા જિન તણી ભાવિ ગુણ ભણસૂં ૧૪

સં૰ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં પણ શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે. ઉપરાંત આ જિનાલયમાં ગૌતમસ્વામીની મૂર્તિનો ઉલ્લેખ પણ મળે છે :

પ્રતિમા બઇ નમી ભાવિ । **ભઈસાતવાડઈ** એ આવિ ।
શાંતિ જિનાદિક છત્રીસ । **ગોયમસ્વામી મુણીશ** ॥૪૮॥

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ભસાતવાડે** શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે :

સોલસમો રે **શાંતિજિનેસર** જગજયો,
ભસાતવાડે દેખી મુઝ મન સુખ થયો ।
પાંસઠ જિન રે તિમ વલી કલિકુંડ પાસજી,
જીરાઉલ રે પૂરે વંછિત આસજી ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આસ પુરે **ગૌતમ સ્વામી**, લબ્ધિનો ભંડાર એ

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં ફરી એક વાર શાંતિનાથ તથા ગૌતમસ્વામીનો ઉલ્લેખ મળે છે :

ભેંસાતવાડેં શાંતિજી, પાસિં ગૌતમસ્વામી. લ૰ ૧૨ પા૰

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં કવિ ભેંસાતવાડાને બદલે **ગૌતમપાડા**નો ઉલ્લેખ કરી ત્યાં એક જિનાલય જુહાર્યાની નોંધ કરે છે :

એક ગૌતમપાડેં તથા, દોય સાવાડેં જોય;

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં **ભેંસાતવાડા**માં શાંતિનાથ, ચંદ્રપ્રભુ તથા ગૌતમસ્વામીનો ઉલ્લેખ થયેલો છે :

વંદે શાંતિં જિનપતિમથો શસ્ત **ભેંસાતવાડે**,
ભક્ત્યા યુક્તઃ કવિશિશુરહં **શાંતિનાથં** સનાથમ્ ।
નાથેન શ્રીવરગણભૃતાં ચાત્ર **ચંદ્રપ્રભેણ**,
પ્રાસાદે વૈ સુરનરગણૈઃ સેવિતં **ગૌતમીયે** ॥૧૬॥

સં૰ ૧૯૬૭માં ભેંસાતવાડામાં શાંતિનાથ, ચંદ્રપ્રભુ અને ગૌતમસ્વામીનો ઉલ્લેખ થયો છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં ભેંસાતવાડામાં શાંતિનાથના જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. ત્યારે બાર આરસપ્રતિમા અને પંદર ધાતુપ્રતિમા બિરાજમાન હતી. ઉપરાંત પાર્શ્વનાથની એક પ્રાચીન ધાતુમૂર્તિનો પણ ઉલ્લેખ થયેલો છે. જિનાલયની સ્થિતિ સારી હતી અને વહીવટ બાપાલાલ રતનચંદ હસ્તક હતો.

આજે આ જિનાલયમાં શાંતિનાથના ગભારામાં નવ આરસપ્રતિમા બિરાજમાન છે. ઉપરના માળે બિરાજમાન ચંદ્રપ્રભુના ગભારામાં ત્રણ આરસપ્રતિમા બિરાજમાન છે. જિનાલયમાં કુલ સોળ ધાતુપ્રતિમા છે. જિનાલયનો વહીવટ મુંબઈનિવાસી શ્રી ભગવાનભાઈ રમણલાલ શાહ હસ્તક છે.

ટૂંકમાં શાંતિનાથનું આ જિનાલય **સં૰ ૧૬૧૩ પૂર્વે**નું છે. તથા ઉપરના માળે બિરાજમાન મૂળનાયક ચંદ્રપ્રભુનો ઉલ્લેખ સં૰ ૧૯૫૯માં પ્રાપ્ત થાય છે. તેથી તેનો સમય સં૰ ૧૯૫૯ પૂર્વેનો કહી શકાય.

• • •

શાહવાડો

શાહવાડો વિસ્તાર **સાહવાડો, સહાવાડો, સાવાડો, સાહાવાડો, શાવાડો** – એમ વિવિધ નામથી પ્રચલિત બન્યો છે. આ વિસ્તારમાં લગભગ તમામ ઘર જૈનોના હોવાથી તેનું નામ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શાહવાડો પડ્યું હતું. કાળનું ચક્ર ન્યારું છે ! આજે અહીં એક પણ ઘર જૈનનું નથી !

આ વિસ્તારમાં **સં૰ ૧૫૭૬**માં સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મુનિસુવ્રત-સ્વામીનું જિનાલય વિદ્યમાન હતું :

સાહવાડઈ મુનિસુવ્રત એ, વીસમઉ પૂરઈ આસ ત,
અગિંહિં ધરી મહાવ્રત એ, જિણિ કીઉ સિદ્ધિ હિ વાસ ત.

સં૰ ૧૬૧૩માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ વિસ્તારમાં સુપાર્શ્વનાથનું જિનાલય વિદ્યમાન હતું :

સાહાવાડા ભણી સાચરયા, અતિ આણંદ આણી
બાવન બિંબસું શ્રી **સુપાસ** વંદુ ભવિ પ્રાણી ૧૫

ત્યારબાદ **સં૰ ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં સુપાર્શ્વનાથ તથા પાર્શ્વનાથનાં – એમ બે જિનાલયોનો ઉલ્લેખ થયેલો હતો :

સહાવાડઈ હિવઈ આવીઇ ભાવીઇ દેવ **સુપાસ** ।
પંચ્યાસી પડિમા નમી આવીઇ દેહરઇ **પાસ** ।
સપ્તફણામણિશોભિત ઓપિત દેહ ઉદાર ।
છસઇ બારોત્તર ભેટીઇ ભેટીઇ પાપ અઢાર ॥૪૯॥

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં સુપાર્શ્વનાથ તથા શામળા પાર્શ્વનાથનાં જિનાલયોનો ઉલ્લેખ મળે છે :

સાવાડે રે **સાંમલ પાસ** સોહામણા
બિંબ પાંચસે રે પાસે શ્રી જિનવર તણા ॥૧॥

જિનવર તણા તે બિંબ જાણું, ઉપર સત્તાવન્ન એ.
ત્રેવીસમો જિનરાજ વંદું, મોહિઓ મુજ મન્ન રે.
સાતમો જિન પ્રાસાદ બીજે, વંદીએ ઊલટ ધરી.
ચાલીસ ઉપરે સાત અધિકી સોહે તિહાં પ્રતિમા ભલી ॥૨॥

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં કવિ સુપાર્શ્વનાથ તથા શામળા પાર્શ્વનાથના જિનાલયનાં દર્શન કરે છે :

સાહાવાડેં જિનમંદિરે, ભેટીયા **સાંમલપાસ**. લ૰
પ્રાસાદ સાતમા જિન તણો, ભેટીયા સ્વામી **સુપાસ**. લ૰ ૧૧ પા૰

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં આ વિસ્તારમાં બે જિનાલયોનો ઉલ્લેખ મળે છે :

એક ગૌતમપાડેં તથા, **દોય સાવાડેં** જોય;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં પણ આ વિસ્તારમાં સુપાર્શ્વનાથ તથા શામળા પાર્શ્વનાથનાં જિનાલયોમાં કવિએ વંદન કર્યાની નોંધ કરી છે :

શાવાડગં જિનપતિં પ્રણમામિ ભક્ત્યા,
બોધૈકદાનવિબુધ વિબુધોપસેવ્યમ્ ॥૧૪॥

જિન **સુપાર્શ્વનાથં** ચ, **પાર્શ્વં** તુ **શામલાહ્વયમ્** ।
ભવ્યાબ્જપ્રકરે લોકે, બાંધવ લોકબાંધવમ્ ॥૧૫॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં પણ સુપાર્શ્વનાથ અને શામળા પાર્શ્વનાથનાં જિનાલયો વિદ્યમાન હોવાની નોંધ મળે છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં પણ સુપાર્શ્વનાથ તથા શામળા પાર્શ્વનાથનાં જિનાલયો વિદ્યમાન હતાં.

આજે પણ શાહવાડામાં ઉપર્યુક્ત બે જિનાલયો વિદ્યમાન છે.

• • •

શાહવાડો

સુપાર્શ્વનાથ (સં૰ ૧૬૧૩ પૂર્વે)

શાહવાડામાં પ્રવેશતાં જ તુરત શ્રી સુપાર્શ્વનાથ ભગવાનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. વર્ષો પૂર્વે આખો શાહવાડો જૈનોના ઘરોથી ભરેલો હતો જેમાં આજથી ૪૦ વર્ષ પહેલાં ફક્ત એક જ જૈન ઘર હયાત હતું પરંતુ હાલ તો જૈનની બિલકુલ વસ્તી જ નથી. દર્શન કે સેવા કરનાર કોઈ કરતાં કોઈ રહ્યું નથી. વર્ષગાંઠ કે દિવાળી જેવા તહેવારે કોઈ આવીને દર્શન કરે તેવી સ્થિતિ છે. જિનાલયની અડોઅડ ઘોઘાબાપજીનું મંદિર છે જ્યાં આખા પાટણના હિંદુઓ શ્રદ્ધાપૂર્વક દર્શનાર્થે આવે છે.

મુખ્ય પ્રવેશદ્વારથી પ્રવેશ્યા પછી બે વંડા જેવી રચના છે. તેને પસાર કર્યા બાદ એક મોટો ચોક છે. ચોકની સામે એક બાજુ પર એક દેરીમાં શ્રી રવિસાગરજી મહારાજ સાહેબના આરસના પગલાંની જોડ છે જેની પર 'તપાગચ્છીય શ્રી મયાસાગરજી તત્ શિષ્ય નેમસાગરજી તત્ શિષ્ય રવિસાગરજી મહારાજની પાદુકા ૧૯૫૭ મહા સુદી ૨ને શુક્રવારે સંઘે મલી પ્રતિષ્ઠા કરી પાટણ મધ્યે' – એ મુજબનું લખાણ છે.

જિનાલયના બહારના ભાગમાં ધાબાની પાળી પર એક મુખ અને બે શરીર ધરાવતા વાઘની રચના છે. ધાબાની દીવાલ પર એક ઘડિયાળની રચના છે જેમાં ૫ : ૦૫નો સમય છે. અહીં પ્રવેશચોકીના થાંભલા પર હાથીના મુખવાળી સુંદર કમાનો, તાપસ તથા પૂતળીઓનાં શિલ્પો તેમજ વિધવિધ બાલસ્વરૂપો જેવા કે રડતાં બાળકો, ભણતાં બાળકો, રમતાં બાળકો તથા હાથમાં વાજિંત્ર સાથેનાં બાળકોનાં શિલ્પો જિનાલયની નવીનતા અને ભવ્યતાનો ખ્યાલ આપે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રંગમંડપના વિશાળ ઘુમ્મટમાં રંગીન પૂતળીઓનાં શિલ્પો છે. અહીં ગર્ભદ્વારની બારસાખ પર બે દ્વારપાળ તથા બે નાની પૂતળીઓનાં શિલ્પો છે.

ગભારામાં મૂળનાયક શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની ૨૧" ઊંચાઈની સંપ્રતિ મહારાજના સમયની મનોહર પ્રતિમા છે. જિનાલયમાં કુલ દસ આરસપ્રતિમા તથા ચાર ધાતુપ્રતિમા છે. જમણી બાજુ ખૂણામાં પાર્શ્વયક્ષની આરસમૂર્તિ તથા અંબિકાદેવીની સં૰ ૧૫૮૮નો લેખ ધરાવતી મૂર્તિ છે. અહીં કુલ દસ આરસપ્રતિમા તથા ચાર ધાતુપ્રતિમ છે. વળી, અહીં ક્ષેત્રપાલની સ્થાપના પણ થયેલી છે.

ઐતિહાસિક સંદર્ભ

સુપાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ **સં૰ ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્ય-પરિપાટીમાં મળે છે. ત્યારબાદ **સં૰ ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૮૨૧**માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં, **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં, **સં૰ ૧૯૬૩**માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં અને **સં૰ ૨૦૧૦**માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ સાતત્યપૂર્વક થયેલો છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલય ધાબાબંધી દર્શાવ્યું છે. ત્યારે દસ આરસપ્રતિમા અને ચાર ધાતુપ્રતિમા હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. પગલાંની પાંચ જોડનો પણ તે સમયે ઉલ્લેખ થયેલો છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. ત્યારે દસ આરસપ્રતિમા અને ચાર ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી. વહીવટ શેઠ ધરમચંદ અભેચંદની પેઢી હસ્તક હતો.

આજે પણ જિનાલયમાં દસ આરસપ્રતિમા અને ચાર ધાતુપ્રતિમા બિરાજમાન છે. એટલે કે **સં૰ ૧૯૬૩**થી અદ્યાપિપર્યંત પ્રતિમાઓની સંખ્યામાં કોઈ ફેરફાર થયો નથી. આજે જિનાલયના બહારના ચોકમાં દેરીમાં રવિસાગરજી મ૰ સા૰ના પગલાં છે. જિનાલયનો વહીવટ શ્રી મહેન્દ્રભાઈ સારાભાઈ લાદીવાળા (તંબોળીવાડો), શ્રી જયંતિભાઈ પૂનમચંદ શાહ (ભદ્રંકરનગર સોસાયટી, કાળકા રોડ), શ્રી જીવણલાલ મણિલાલ ઝવેરી (ઝવેરીવાડો) તથા મુંબઈનિવાસી શ્રી જિતુભાઈ સુંદરલાલ શાહ અને શ્રી સેવંતીલાલ છગનલાલ શાહ હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૧૩ પૂર્વે**નું છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શાહવાડો

શામળા પાર્શ્વનાથ (સં૰ ૧૬૪૮ પૂર્વે)

શેઠશ્રી મેઠાચંદ લોઘાચંદ સહપરિવાર શ્રી શામળાજી પાર્શ્વનાથ જૈન દેરાસર તરીકે ઓળખાતું આ શિખરબંધી જિનાલય શાહવાડામાં છેક અંદર ખૂણાના ભાગમાં આવેલું છે. શિખરો ત્રણ છે. બહાર મોટો કોટ છે. ઝાંપો બનાવેલ છે જ્યાંથી અંદરના પેસતાં નાનો ચોક છે. પથ્થર પર સામાન્ય કોતરણીકામ થયેલું છે. તેનું રંગકામ ઘણું જૂનું થઈ ગયું છે.

જિનાલયને ત્રણ પ્રવેશદ્વાર છે જે પૈકી જમણી બાજુ પ્રવેશદ્વારના બહારના ભાગમાં નીચે મુજબના બે લેખ છે :

લેખ નં : ૧

ગૌતમસ્વામીને નમઃ। શ્રી શામળા પાર્શ્વનાથ નમઃ। નમો નમઃ ગુરુ શ્રી નીતિસૂરયે। અનેક જિનાલયોથી સુશોભિત પાટણ નગરીની આ પુણ્ય ધરા પર સ્વ શેઠ શ્રી મીઠાચંદ લોઘાચંદ શાહે સ્વદ્રવ્યથી શાહવાડા મધ્યે ભવ્ય જિનમંદિરનું નિર્માણ આજથી ૫૦૦ વર્ષ પહેલાં કરાવી કસોટીના આરસના પ્રાચીન ચમત્કારિક મૂળનાયક શ્રી શામળા પાર્શ્વનાથ ભગવાન આદિ પ્રાચીન જિનબિંબોની પ્રતિષ્ઠા ભવ્ય મહોત્સવસર કરાવેલ. કાળક્રમે આ જિનાલય જીર્ણ થઈ જવાથી જીર્ણોદ્ધાર કરાવવો અતિ જરૂરી જણાવાથી તેના માટે શુભ પ્રેરણા પ૰ પૂ૰ આ૰ શ્રી વિજયરામચંદ્રસૂરિશ્વરજી મ૰ સા૰ (ડહેલાવાળા)ના શિષ્ય રત્ન પ૰ પૂ૰ મુનિરાજ શ્રી રામચંદ્રવિજયજી મ૰ સા૰ (નિરાલાજી) તથા પૂ૰ સાધ્વી શ્રી કનકપ્રભાશ્રીજીના શિષ્યા અમારી કુલદીપિકા પૂ૰ સાધ્વી શ્રી ચારૂશીલાશ્રીજી મ૰ સા૰ (ડહેલાવાળા) દ્વારા પ્રાપ્ત થઈ. જરૂરિયાત પ્રમાણે ગભારા આદિનો જીર્ણોદ્ધાર શાસ્ત્રોક્ત વિધિથી કરવા માટે મૂળનાયક સહિત શુભ મૂહુર્તે સર્વે પ્રતિમાનો પ્રવેશ કરાવેલ હતો.

લેખ નં : ૨

ન્યાયવિશારદ પ૰ પૂ૰ આચાર્ય શ્રી ભુવનભાનુસૂરિશ્વરજી મ૰ સા૰ના પટ્ટવિભૂષક સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ પ૰ પૂ૰ આચાર્યદેવ શ્રી વિજયઘોષસૂરિશ્વરજી મ૰ સા૰ આદિ પરિવાર અમારી સૌ પ્રથમ વિનંતી સ્વીકારી પધારનાર તીર્થોદ્ધાર પ૰ પૂ૰ આચાર્યદેવ શ્રી વિજય નીતિસૂરિશ્વરજી મ૰ સા૰ના પ્રશિષ્ય પ્રશાંતમૂર્તિ પ૰ પૂ૰ આચાર્યદેવ શ્રી વિજય મહેન્દ્રસૂરિશ્વરજી મ૰ સા૰ના શિષ્યરત્ન શાસન પ્રભાવક પ૰ પૂ૰ આચાર્યદેવ શ્રી વિજય હેમપ્રભસૂરિશ્વરજી મ૰ સા૰ આદિ સપરિવારની શુભ નિશ્રામાં ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવસર વી૰ સં૰ ૨૫૨૧, વિક્રમ સંવત ૨૦૫૧ માઘ સુદી ૧૩ સોમવાર તા-૧૩-૨-૧૯૯૫ના રોજ સ્વ૰ શ્રી મેઠાચંદ લોધાચંદના પરિવારે ભવ્ય ઠાઠમાઠપૂર્વક સોલ્લાસ પ્રતિષ્ઠા કરાવેલ છે.

શાહ નવીનચંદ્ર કેશવલાલ મૂળચંદ પરિવાર
શાહ કિશોરભાઈ ચીમનલાલ બાપુલાલ પરિવાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શાહ અનિલભાઈ ભોગીલાલ રતનચંદ પરિવાર
શાહ નરેન્દ્રભાઈ ચીમનલાલ બાપુલાલ પરિવાર

જીર્ણોદ્ધાર કરવાઈ શ્રી વાસુદેવભાઈ વી. સોમપુરા, પાટણ.

મુખ્ય પ્રવેશદ્વારના ઉપરના ભાગમાં સરસ્વતીદેવીને બે હાથી વડે અભિષેક કરાવતું દૃશ્ય છે. રંગમંડપમાં પ્રવેશતાં ડાબી બાજુ એક દેરી છે જેમાં મહારાજ સાહેબના પગલાં છે. તથા તેની પાછળ ગોખમાં પણ એક જોડ પગલાં છે જેની પર કોઈ લખાણ નથી તેથી તે કોનાં પગલાં છે તે જાણી શકાતું નથી. જમણી બાજુ ઓટલા જેવી રચના પર આરસનો ચોવીસજિનમાતૃકાપટ છે જેની પર સં૰ ૧૨૫૦ મહા વદી ૮ ને બુધના શુભ દિવસે બનાવ્યાનો લેખ છે. પટ જીર્ણ છે. રંગમંડપ વિશાળ છે. થાંભલાઓની વચ્ચે કમાનો પર રંગકામ છે. જિનાલયની દીવાલો પર ફાટ પડેલી છે જે ફરીથી જીર્ણોદ્ધારની આવશ્યકતા સૂચવે છે. જમણી બાજુ એક ગોખમાં પાર્શ્વયક્ષની મૂર્તિ અને ડાબી બાજુ ગોખમાં પદ્માવતીદેવીની નાની આરસમૂર્તિ છે.

ત્રણ ગર્ભદ્વાર પૈકી મુખ્ય ગર્ભદ્વારની સન્મુખ મૂળનાયક શ્રી શામળા પાર્શ્વનાથની કસોટીના પથ્થરની ૨૭" ઊંચાઈ ધરાવતી સંપ્રતિ મહારાજના સમયની હોય તેવી નયનરમ્ય પ્રતિમા ચાંદીની છત્રીમાં બિરાજે છે. અન્ય બે મૂર્તિઓ પણ સંપ્રતિ મહારાજના સમયની હોય તેવી છે. આજુબાજુ બેઉ ગભારે આદેશ્વરની ૩૯" ઊંચાઈ ધરાવતી સુંદર મુખાકૃતિવાળી પ્રતિમા બિરાજમાન છે. આ બન્ને પ્રતિમાઓ પર કેશ જોઈ શકાય છે. ગભારામાં જમણી બાજુ અખંડ દીવો છે. અહીં કુલ બાર આરસપ્રતિમા છે જે પૈકી બે કાઉસ્સગ્ગિયા છે તથા સાડત્રીસ ધાતુપ્રતિમા છે જે પૈકી એક ચૌમુખજી છે અને અન્ય દેવીમૂર્તિ છે. તે અંબિકાદેવીની મૂર્તિ છે. સિંહારૂઢ, ગોદમાં પુત્રવાળી સિંહાસને આરૂઢ આ મૂર્તિ સુંદર છે.

પાટણનું આ ઘણું પ્રાચીન જિનાલય છે. સ્થાનિક માહિતી પ્રમાણે રાજસ્થાનથી રાણી ઉદયમતી તેમના કાફલા સાથે જ્યારે પાટણ આવ્યા ત્યારે આ બધી જ પ્રતિમાઓ તેમની સાથે અત્રે લઈ આવ્યા હતા. મીઠાચંદ લોધાચંદની પેઢીએ તે સમયે બધું જ કામ પૂરું પાડ્યું હતું.

આજે જિનાલયને બિલકુલ અડીને વિશાળ પીપળાના વૃક્ષની નીચે એક ચોકી ધરાવતી નાની દેવકુલિકા જેવી નાની ઘુમ્મટયુક્ત દેરીમાં શ્રી ક્ષેત્રપાલદાદા બિરાજે છે. હવન કરવા માટેની યજ્ઞકુંડ પણ સામેની બાજુએ છે.

આ દેરીની બાજુમાં નાની દેરીઓ છે. તેમાં શ્રી રામ, શ્રી ભૈરવદેવ તથા શ્રી વિષ્ણુ ભગવાનની મૂર્તિઓ છે. વળી, વૃક્ષની બાજુમાં ગણેશ, શંકર, શિવલિંગ, સાંઈબાબા, અંબિકાદેવી, શ્રીનાથજી જેવા દેવ-દેવીઓની ખંડિત મૂર્તિઓ છે. આ મૂર્તિઓની બાજુમાં નાગદેવતા બિરાજમાન છે.

આ સ્થાનની રચના પણ શેઠ શ્રી મેઠાચંદ લાધાચંદ શાહે કરાવેલ છે. જિનાલયની સ્થિતિ જીર્ણ હોવાથી હાલ જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઐતિહાસિક સંદર્ભ

શામળા પાર્શ્વનાથના આ જિનાલયનો ઉલ્લેખ **સં૰ ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં સૌ પ્રથમ વાર થયેલો જોવા મળે છે. ત્યારબાદ **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્ય-પરિપાટીમાં, **સં૰ ૧૮૨૧**માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં, **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં, **સં૰ ૧૯૬૩**માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં તથા **સં૰ ૨૦૧૦**માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયનો ઉલ્લેખ થયેલો છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આ જિનાલય ધાબાબંધી દર્શાવ્યું છે. જિનાલયમાં સોળ આરસપ્રતિમા તથા સોળ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલય ધાબાબંધી દર્શાવ્યું છે. જિનાલયમાં સોળ આરસપ્રતિમા તથા ચુમ્માળીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. ઉપરાંત સ્ફટિકની એક પ્રતિમા તથા સં૰ ૧૨૫૦ની સાલનો આરસનો માતૃકાપટ પણ હતો. વહીવટ શેઠ ધરમચંદ અભેચંદની પેઢી હસ્તક હતો.

આજે જિનાલયમાં બાર આરસપ્રતિમા તથા સાડત્રીસ ધાતુપ્રતિમા બિરાજમાન છે. આરસના પગલાંની બે જોડ છે. જિનાલયની પુનઃ પ્રતિષ્ઠા સં૰ ૨૦૫૧માં માઘ સુદ તેરશને દિવસે થયેલી છે. જિનાલયનો વહીવટ મુંબઈનિવાસી શ્રી મહેશભાઈ રમણિકલાલ શાહ હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૪૮ પૂર્વે**નું છે.

• • •

શાહપાડો

આદેશ્વર (સં૰ ૧૬૧૩ પૂર્વે)

શાંતિનાથ (સં૰ ૧૭૭૭ પૂર્વે)

શાહના પાડામાં સીધા સીધા જતાં મકાનોની પાસે દ્વારપાલના ચિત્રકામવાળી જિનાલયની દીવાલ નજરે પડે છે. અહીં ખૂણામાં એક મુખ્ય પ્રવેશદ્વારયુક્ત બે માળવાળું શ્રી આદેશ્વરનું આરસ તથા પથ્થરનું બનેલું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે.

આ જિનાલયની રચના ઘરના પ્રકારની છે. પ્રથમ ઓટલો છે. ત્યાં પ્રવેશતાં ડાબી બાજુ એક ઓરડી છે. તેમાં કોઈ પ્રતિમા કે અન્ય કશું ન હતું. અહીં ઓટલાની દીવાલ પર આરસમાં લેખ કોતરેલ છે જેમાં નીચે મુજબની વિગતો દર્શાવેલ છે :

"પરમ પૂજ્ય મુનિ મહારાજ શ્રી દેવવિમલજીના સદુપદેશથી પાટણના આરાધક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાઈઓ તરફથી ધજાદંડ નિમિત્તે''

રંગમંડપમાં પ્રવેશતાં સન્મુખ ૩૯'' ઊંચાઈ ધરાવતી મૂળનાયક શ્રી આદેશ્વરની સંપ્રતિ મહારાજના સમયની હોય તેવી જણાતી પ્રાચીન પ્રતિમાના દર્શન કરતાં મન આનંદનો અનુભવ કરે છે. અહીં રંગમંડપમાં નાના નાના કુલ દસ ગોખ છે. જિનાલયની સ્વચ્છતા જોઈને મન આનંદ અનુભવે છે. રંગમંડપમાં ગભારા પાસેના ડાબી બાજુના પ્રથમ ગોખમાં કાળા આરસની શ્રી મમ્માદેવીની તથા બીજા ગોખમાં પથ્થરના પગલાંની એક જોડ છે. જમણી બાજુના ગોખમાં અંબિકાદેવીની મૂર્તિ તથા બીજા ગોખમાં ચાવડા વંશના કોઈ રાજવીની આરસમૂર્તિ નજરે પડે છે.

અહીં ગભારામાં કુલ આઠ આરસપ્રતિમા તથા પંદર ધાતુપ્રતિમા છે. અહીંની ધાતુપ્રતિમા પૈકી એક મૂર્તિ ઘોડા પર સવાર છે. મૂળનાયકની ડાબી બાજુ કાળા આરસનો ચોવીસ તીર્થંકરોનો પટ છે જેના પર 'સં૰ ૧૫૨૧ પોષ સુદ ૧૩ સોમ' જેટલા શબ્દો વાંચી શકાય છે. અહીં આરસની ત્રણ ગુરુમૂર્તિઓ પણ છે જે પૈકી એક તેરમા સૈકાની છે. અહીં આરસપ્રતિમા પૈકી બે કાઉસ્સગ્ગિયા પ્રતિમાઓ છે. ડાબે ગભારે પાર્શ્વનાથ તથા જમણે ગભારે કુંથુનાથ બિરાજમાન છે.

જિનાલયની વર્ષગાંઠ વૈશાખ સુદ ૧૩ને દિવસે આવે છે. અહીં રંગમંડપમાં મુખ્ય ગભારા પાસેની બે દીવાલો પર એક એક શિલાલેખ છે. તેમાંથી જીર્ણોદ્ધાર અંગેની વિગતો પ્રાપ્ત થાય છે. ડાબી બાજુની દીવાલ પર નીચે મુજબ લખ્યું છે :

''બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વર ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈ તરફથી આ દહેરાસરમાં રૂા. ૧૭,૫૦૦/= એકંદરે સત્તર હજાર પાંચસો પૂરા જીર્ણોદ્ધારના ખરચ કરવા માટે મળેલ છે. સં૰ ૨૦૩૪ના અષાડ સુદ ૨ને વાર શુક્ર તા૰ ૭-૭-૧૯૭૮''

જમણી બાજુની દીવાલ પર નીચે મુજબનું લખાણ છે :

''પાટણ (મારફતીયા મહેતાના પાડાના) નિવાસી શ્રી કસ્તુરચંદ સરૂપચંદના વીલે પારલે (મુંબઈ)ના શ્રી નેમિનાથ ગૃહમંદિરના દેવદ્રવ્ય ખાતા માંથી રૂા. ૯૮૦૦ના ખર્ચે સંપૂર્ણ જીર્ણોદ્ધાર કરાવ્યો. સં૰ ૨૦૩૭''

અહીં રંગમંડપમાં પ્રવેશતાં જમણી બાજુ પાણીનું ટાંકું છે. તેની બાજુમાં ઉપર ચડવા માટેનો દાદર છે. પગથિયાં ચડતાં મોટી અગાશીમાં એક ગભારો છે. અહીં ગભારાની ઉપર ત્રણ ઘુમ્મટ છે. અહીં ઘુમ્મટ પર ધજા ન ચડતાં ગભારાની પાસેની દીવાલ પર ધજા ચડાવવામાં આવે છે. ધજા પૂજારીને હાથે ચડે છે.

અહીં ગભારામાં કાળા આરસના ફેણ સાથેના પરિકરમાં શ્રી શાંતિનાથની શ્વેત આરસની ૧૯'' ઊંચાઈ ધરાવતી પ્રતિમાના દર્શન કરતાં મન ચકિત થઈ જાય છે. વળી અહીં કાળા પરિકર પર સં૰ ૧૪૩૯ માઘ વદિ ૯ જેવું વાંચી શકાય છે. તેઓની ડાબી બાજુ પાર્શ્વનાથની કસોટીના કાળા આરસની ખંડિત પ્રતિમા છે. જ્યારે જમણી બાજુની પ્રતિમા પર લાંછન દેખાતું નથી. અહીં કુલ બાર આરસપ્રતિમા જે પૈકી ત્રણ કાઉસ્સગ્ગિયા પ્રતિમાઓ બિરાજે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઐતિહાસિક સંદર્ભ

શાહનો પાડો વિસ્તાર અગાઉ **ભરથસાહાનો પાડો, સહાપાડો, સાહનો પાડો, શાવાડો, સાનો પાડો** – એમ વિવિધ નામોથી પ્રચલિત થયેલો છે.

આદેશ્વરના આ જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૰ ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મળે છે. તે સમયે આ જિનાલય ઉપરાંત અન્ય બે ઘરદેરાસરો વિદ્યમાન હતાં. ૧. થાવરસાહનું ઘરદેરાસર ૨. શાહ સિંઘરાજનું ઘરદેરાસર.

ભરથ સાહા પાડઈ જઈ પૂજઉ પરમેસર
નવ પ્રતિમાસું સોહીઈ તિહાં **આદિ** જિણેસર ૮

થાવરસાહા તણઈ ઘરિ પ્રતિમા ચ્યાર જોઈ
સાહા સિંઘરાજ તણઈ ઘરિ પ્રતિમાં પાંચ હોઇ ૯

સં૰ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ જિનાલય ઉપરાંત અન્ય એક શાંતિનાથનું રાયસંઘનું ઘરદેરાસર વિદ્યમાન હતાં :

પાટકિ સ્નહાનઈ એ આવી, **આદિ** જિણંદ તિહાં ભાવી.
સત્યાસી પડિમા એ દેષી, **રાયસિંઘ ઘરિ શાંતિ** નિરષી॥૪૩॥

સત્તરિ કંદી બિંબ તિહાં વંદી, પાપ અઢારઈ નિકંદી.
કંસારવાડઈ એ દીઠા, શીતલ જિનવર બઈઠા ॥૪૪॥

ત્યારબાદ **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં પણ આદેશ્વરના આ જિનાલયનો ઉલ્લેખ થયેલો છે :

સાહના પાડામાંહી, ઋષભ જુહારીએ રે, ઋષભ જુ૰,
પ્રતિમા દોસત બાસી, મન સંભારીએ રે. કે મન૰ ॥૮॥

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ **સાહને પાડે** થયેલો છે. ઉપરાંત **લઘુસાવાડો** નામના વિસ્તારમાં શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે :

સાહનેં પાડેં સોભતા, પ્રણમીઈ **આદિ** જિણંદ, લ૰
સુંદર મૂરતિ નિરષતાં, દુર ટલ્યા દુખ દંદ. લ૰ ૮ પા૰

.....

લઘુસાવાડેં ભેટીયા, **શાંતિ** જિણંદ અભિરામ. લ૰
ભેંસાતવાડેં શાંતિજી, પાસિં ગૌતમસ્વામી. લ૰ ૧૨ પા૰

ત્યારબાદ **સં૰ ૧૮૨૧**માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં બે જિનાલયો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિદ્યમાન હોવાનો ઉલ્લેખ મળે છે :

ત્રાંગડીઇ પાડેં એક દેહરો, **સાનેં પાડેં દોય.** સં૰ ૬

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં પણ આદેશ્વર તથા શાંતિનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે :

શાવાડે પ્રણમામિ ભક્તિભરતો રક્તં ચ મુક્તિ સ્ત્રિયાં,
શ્રીનાભેય મમેયકીર્તિકલિતં સંસારસંતારકમ્ ।
મારીયેન નિવારિતા જિનપતિં તં નૌમિ મુક્ત્યાઃ પતિં,
શ્રી શાંતિં જગતાં જનોપકરણપ્રાવીણ્યબદ્ધસ્પૃહમ્ ॥૧૩॥

સં૰ ૧૯૬૭માં સાનો પાડો વિસ્તારમાં આદેશ્વર અને શાંતિનાથનું સંયુક્ત જિનાલય દર્શાવવામાં આવ્યું છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં શાહના પાડામાં આદેશ્વરના આ જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. જિનાલયમાં ઓગણીસ આરસપ્રતિમા અને નવ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. વહીવટ શેઠ ધરમચંદ અભેચંદની પેઢી હસ્તક હતો. ઉપરાંત તે સમયે ત્રણ ગુરુમૂર્તિઓ વિદ્યમાન હોવાનો પણ ઉલ્લેખ છે.

આજે આદેશ્વરના જિનાલયમાં આઠ આરસપ્રતિમા અને પહેલે માળ શાંતિનાથના જિનાલયમાં બાર આરસપ્રતિમા બિરાજમાન છે. વહીવટ શેઠ ધરમચંદ અભેચંદની પેઢી દ્વારા થાય છે. આરસની ત્રણ ગુરુમૂર્તિઓ આજે પણ વિદ્યમાન છે. તે પૈકીની એક પ્રતિમા તેરમા સૈકાની જણાય છે. જિનાલયનો જીર્ણોદ્ધાર સં૰ ૨૦૩૪માં થયેલો છે.

ટૂંકમાં આદેશ્વરનું આ જિનાલય **સં૰ ૧૬૧૩ પૂર્વે**નું છે. જ્યારે ઉપરના માળે બિરાજમાન શાંતિનાથનો સમય **સં૰ ૧૭૭૭ પૂર્વે**નો નક્કી કરી શકાય.

• • •

ઝવેરીવાડો

ઝવેરીવાડનો વિસ્તાર અગાઉ **પોસાળનો પાડો** તથા **વડીપોસાળનો પાડો** એ નામથી પ્રચલિત હતો.

પોસાળાના પાડામાં **સં૰ ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આદેશ્વરનું એક જિનાલય તથા ત્રણ ઘરદેરાસરો—ભજબલ શ્રેષ્ઠિનું ઘરદેરાસર, સુવિધિનાથ (ઝવેરી રુપાના ઘરે), આદેશ્વર (શેઠ ઠાકરશાના ઘરે)—એમ કુલ ચાર જિનાલયો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ છે.

પોસાળના પાડા માહિ દેહરઇં **રિસહેસર**,
તિહાં પ્રતિમા પાત્રીસ છઇ પૂજી ચંદન કેસર ૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભજબલ શ્રેઠિ તણઇ ઘરિ દેષી મન રીઝઇ
સિષરબંધ પ્રાસાદ જિસુ કુણ ઉપમ દીજઇ ૪

આઠ બિંબ સેવુ સદા આભરણે સોહઇ
પરગર વલી રુપા તણીઅ પાંચ રત્નમઇ સોહઇ ૫

જવહરી રુપા તણઇ ઘરિ સુવધિ સુજાણ
બિંબ પાંચ તિહાં જાણીઇ ચિત્રામિ મંડાણ ૬

સેઠ ઠાકરસા તણઇ ભવનિ તિહાં વેગિ આવીં
આઠ પ્રતિમાસું **ઋષભદેવ** મન સિદ્ધિ ભાવી ૭

સં૰ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **વડી પોસાળનો પાડો** વિસ્તારમાં વાડીપુરમંડન પાર્શ્વનાથ તથા આદેશ્વર એમ બે જિનાલયો તથા ત્રણ ઘરદેરાસરો વિદ્યમાન હતાં. ૧. શ્રેયાંસનાથ (ભુજબલ સેઠના ઘરે), ૨. આદેશ્વર (સેઠ સોમાના ઘરે) અને ૩. પાર્શ્વનાથ (સહસા પારેખના ઘરે).

વિશ્વસેન-નંદન નિરષીઆ પરષીઆ નવાણઉં દેવ,
મંડપ રચના ચઉકીઅ હઈડું હરિષ્યું એ હેવ.
વડી પોસાલનઇ પાટકિ સેઠિ સોમાનઇ ગેહ,
ઋષભાદિક જિન ચઉત્રીસ દીપઇ સુંદર દેહ ॥૪૦॥

ભુજબલ સેઠિ દેહરાસરિ બિંબ શ્રેયાંસસ્વામી,
પંચઇ પડિમા રયણમઇ ત્રણિ અવર જિન પામી.
વાડીઅ પુરવરમંડણ નયણે નિરષ્યા આજ,
બીજા જિનવર પંચ એ સારઇ વંછિત કાજ ॥૪૧॥

સહસા પારષિ ઘરિ નમઉં **પાસ જિણેસર** ભાવિ,
તેર પ્રતિમા અવર અછઇ **ઋષભનઇ દેહરઇ** એ આવિ.
તેર જિણંદ તિહાં નિરષીઆ હરષીઆ માનવ મન્ન,
ભાવઇ પૂજા જે રચઇ તેહના જનમ એ ધન્ન ॥૪૨॥

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ વિસ્તારમાં વાડી પાર્શ્વનાથ (ચૌમુખી), આદેશ્વર (પંચબંધવનું દેહરું) તથા નારંગા પાર્શ્વનાથ – એમ કુલ ત્રણ જિનાલયો તથા સેઠ ભુજબલનું ઘરદેરાસર વિદ્યમાન હતું. ચૈત્યપરિપાટીમાં ઘરદેરાસરના મૂળનાયકનું નામ દર્શાવ્યું નથી પરંતુ **સં૰ ૧૬૪૮**માં આ ઘરદેરાસરના મૂળનાયક શ્રેયાંસનાથ હતા.

વાડીપાસ તણો, મહિમા છે અતિ ઘણો રે, કે મહિમા૰
વડી પોસાલના પાડા, માંહી શ્રવણે સુણો રે, માંહિ શ્ર૰ ॥૯॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એકસો સડતાલીસ, જિહાં પ્રતિમાય છે રે, કે જિહાં પ્રતિ૰
ચોમુખ વંદી જિનરાજ, **ઋષભ** નમી એ પછે રે, ઋષભ નમી૰॥૧૦॥

દોસતને પણયાલીસ, જિન પ્રતિમા તિહાં રે, કે જિન પ્રતિ
પંચ બંધવનું દેહરુ, લોક કહે તિહાં રે । કે લોક૰ ॥૧૧॥

ઢાલ ॥૨॥ દેશી હડીયાની ॥

દેહરાસર તિહાં એક, દેહરાસર સુવિશેષ ।
શેઠ ભુજબલતણું એ, કે દિસઇ સોહામણું એ ॥૧॥

નારિંગપુર વર પાસ, જાગતો મહિમા જાસ ।
દોસત બિંબ ભલા એ, પણયાલીસ ગુણ નિલાએ ॥૨॥

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ વિસ્તારમાં વાડી પાર્શ્વનાથ (ચૌમુખી) તથા આદેશ્વર અને નારંગાપાર્શ્વનાથનું સંયુક્ત જિનાલય – એમ કુલ બે જિનાલયો વિદ્યમાન હતાં :

પોલેં વડી પોસાલનઈ, પ્રાસાદ દોય ઊતંગ. લ૰
ચઉમુખ વાડીપાસજી, જિહાં નિતનિત ઓછરંગ. લ૰ ૯ પા૰

બીજે જિનમંદિર જઈ, રીષભ જિણંદ જોહાર. લ૰
પાસ નારંગો નિરષતાં, ઉપનો હરષ અપાર. લ૰ ૧૦ પા૰

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં **પોસાલવાડા**માં ત્રણ જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે :

ખરાકોટડીઈ ચ્યાર છેં, **પોસાલવાડેં ત્રિણ** જોય;

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં આ વિસ્તારનો ઉલ્લેખ સૌ પ્રથમ વાર **ઝવેરીવાડ** તરીકે મળે છે. તેમાં ૧. આદેશ્વર, વાસુપૂજ્ય, શાંતિનાથ, નારંગા પાર્શ્વનાથનું સંયુક્ત જિનાલય તથા વાડી પાર્શ્વનાથ – એમ બે જિનાલયો વિદ્યમાન હતાં.

નારંગાભિધપાર્શ્વનાથ ભવનૌ નૌમિ પ્રમોદપ્રદં,
ઝવ્હેરીત્યભિધાનવાડગમહં શ્રીવાસુપૂજ્યં તથા ।
નાભેયં ચ નમામિ સર્વ જનતાસંસારતાપાપહં,
શાંતિં **શાંતિકરં** તથૈવ જિનપં, **શ્રી વાડિપાર્શ્વાભિધમ્** ॥૧૨॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં ઝવેરીવાડામાં આદેશ્વર, નારંગા પાર્શ્વનાથ એમ કુલ ત્રણ જિનાલયો વિદ્યમાન હોવાની નોંધ મળે છે. ઉપરાંત તે સમયે પાંચ ઘરદેરાસરો વિદ્યમાન હતાં. ૧. શા૰ વાડીલાલ હીરાચંદ, ૨. ઝવેરી મોતીચંદ બધુચંદ, ૩. મોદી ન્યાલચંદ ઝુમાચંદ, ૪. મોદી તરભોવન રામચંદ અને ૫. ઝવેરી ચુનીલાલ ભીખાભાઈ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં. ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં ઝવેરીવાડામાં વાડી પાર્શ્વનાથ તથા નારંગા પાર્શ્વનાથ – એમ બે જિનાલયોનો ઉલ્લેખ થયેલો છે.

સં. ૨૦૦૮માં તથા **સં. ૨૦૧૮**માં વડીપોસાળનો પાડો અને ઝવેરીવાડો – એમ બન્ને નામથી ઓળખાતા આ વિસ્તારમાં નારંગા પાર્શ્વનાથ, વાસુપૂજ્યસ્વામી, આદેશ્વર, પાર્શ્વનાથનું સંયુક્ત જિનાલય તથા વાડી પાર્શ્વનાથ, આદેશ્વરનું સંયુક્ત જિનાલય – એમ બે જિનાલયો વિદ્યમાન હોવાની નોંધ મળે છે.

આજે પણ ઝવેરીવાડ વિસ્તારમાં ઉપર્યુક્ત બે જિનાલયો વિદ્યમાન છે.

• • •

ઝવેરીવાડો

નારંગા પાર્શ્વનાથ (સં. ૧૬૫૫)

આદેશ્વર (સં. ૧૬૧૩ પૂર્વે)

ચાર ગભારા, ચાર અલગ મૂળનાયકો હોવા છતાં પણ નારંગા પાર્શ્વનાથના જિનાલય તરીકે ગણાતું ઘુમ્મટબંધી જિનાલય ઘીવટા વિસ્તારમાંના ઝવેરીવાડામાં આવેલું છે. પ્રવેશદ્વારની સામે જ બે ગભારા છે જે પૈકી એક ગભારામાં મૂળનાયક તરીકે ૨૫" ઊંચાઈ ધરાવતી શ્રી નારંગા પાર્શ્વનાથની પ્રતિમા બિરાજમાન છે. અન્યમાં મૂળનાયક તરીકે ૨૯" ઊંચાઈ ધરાવતી શ્રી આદેશ્વરની પ્રતિમા બિરાજમાન છે. રંગમંડપની બાજુની દીવાલોમાં અન્ય બે ગભારા છે જે પૈકી એકમાં ૧૯" ઊંચાઈ ધરાવતી શ્રી શામળા પાર્શ્વનાથની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. અન્ય ગભારામાં ૯" ઊંચાઈ ધરાવતી મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા બિરાજે છે.

જિનાલયમાં પ્રવેશવાના દ્વારની બહારની દીવાલે આજુબાજુ અંબાડી સહિત બે હાથી છે અને થાંભલા પર બે નૃત્યાંગનાઓના શિલ્પ છે. દરવાજાની ઉપરના ભાગમાં બે હાથી સહિત કમળ પર બિરાજેલા લક્ષ્મીદેવીનું શિલ્પ છે. અંદર પ્રવેશતાં જ વિશાળ ચોક આવે છે. જિનાલયની દીવાલો પર દેવ-દેવીઓ, સુંદર રંગીન કોતરણી તથા પૂતળીઓનાં શિલ્પો છે. (જુઓ ફોટોગ્રાફ નં. ૩૬)

જિનાલયને બે મુખ્ય પ્રવેશદ્વાર છે. તે બન્નેની બારસાખ રંગીન કોતરણીવાળી છે. આજુબાજુ બારીઓ પર દેવીઓની કોતરણી છે. વચ્ચોવચ એક ગોખ છે જેમાં ક્ષેત્રપાલદાદા બિરાજમાન છે. ગોખના ઉપરના ભાગમાં દેવીની કોતરણી છે. થાંભલાની છેક ઉપર ધાબાની દીવાલો પર પરી જેવી શિલ્પાકૃતિઓ છે. તથા તેની આજુબાજુ વાજિંત્રો સાથે ઋષિઓ બેઠેલા છે જેનું રંગકામ સુંદર છે. આમ, આ શૃંગારચોકી ખૂબ ભવ્ય લાગે છે. જિનાલયમાં પ્રવેશતાં પહેલાં જમણી બાજુની ઓરડીમાં નાના કદના અંબિકાદેવીની ધાતુમૂર્તિ છે.

શ્રી નારંગા પાર્શ્વનાથના જિનાલયના રંગમંડપમાં થાંભલા તથા છત ઉપર સુંદર કોતરણી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે. છત ઉપર નર્તકીઓ ગોઠવવામાં આવી છે. ગર્ભદ્વારની બારસાખ રંગીન કોતરણીવાળી છે.

મૂળનાયકના ગભારામાં ભગવાનની પાછળના ભાગની દીવાલ પર અરીસા તથા મીના કારીગરીથી સુંદર દશ્ય ઊભું કરવામાં આવ્યું છે. અહીં ગભારાની અંદર ખૂણામાં એક જ આરસ પર પગલાંની ત્રણ જોડ છે જે પૈકી દરેક પર સંવત ૧૮૯૦ વર્ષ સ્પષ્ટ વાંચી શકાય છે. પગલાંની છ જોડવાળો એક અન્ય આરસ બીજા ખૂણામાં છે જેના લખાણમાં સંવત ૧૭૯૨ના શ્રી વિજયશ્રીગણિના પગલાં હોવાનું વંચાય છે. અહીં દસ આરસપ્રતિમા અને છત્રીસ ધાતુપ્રતિમા તથા ઉપર નિર્દેશિત પગલાંની નવ જોડ છે. ઉપરાંત નવકાર મુદ્રામાં સાધુની આરસમૂર્તિ છે. જમણે ગભારે નેમિનાથ તથા ડાબે ગભારે આરસપ્રતિમા (પ્રતિમા પર લાંછન ઘસાઈ ગયું હોવાથી નામ પ્રાપ્ત થઈ શક્યું નથી.) બિરાજે છે. મૂળનાયક શ્રી નારંગા પાર્શ્વનાથના પરિકરમાં જમણી બાજુના કાઉસ્સગ્ગ નીચે લેખ છે. તે નીચે મુજબ વાંચી શકાય છે :

૧. સં૰ ૧૬૦૨ વર્ષે વૈ૰ .....

૨. ૨ નારિંગપુર પાર્શ્વનાથ

૩. પરિકરઃ પત્તન વાસ્તવ્ય પ૰

૪. સહસવીરકેન કા૰ પ્ર૰ તપાગચ્છે ભ૰

તથા જમણી બાજુના કાઉસ્સગ્ગ નીચે લેખ છે જે નીચે પ્રમાણે છે :

૧. શ્રી હીરવિજયસૂરિ પટ્ટાલંકાર

૨. શ્રી વિજયસેનસૂરિભિઃ પત્તનનગરે

શ્રી આદેશ્વરના જિનાલયના રંગમંડપમાં પણ બાજુના રંગમંડપ જેવું જ કોતરણીકામ છે. ગર્ભદ્વારની ઉપર તથા બારસાખમાં પણ રંગીન કોતરણી છે. ગભારાની અંદરના ભાગમાં એક ખૂણામાં ગોખમાં પગલાંની પાંચ જોડ છે જે પૈકી એક પાદુકા પર સં૰ ૧૮૯૦નો લેખ તથા અન્ય એક પાદુકા પર સં૰ ૧૮૪૨નો લેખ છે. અહીં પંદર આરસપ્રતિમા અને સાડત્રીસ ધાતુપ્રતિમા તથા ઉપર નિર્દેશિત પગલાંની પાંચ જોડ છે. ઉપરાંત ચોવીશજિનમાતાનો આરસનો પટ છે. રંગમંડપના ગોખમાં એક પ્રતિમા છે. આમ અહીં કુલ પાંત્રીસ આરસપ્રતિમા તથા તોત્તેર ધાતુપ્રતિમા છે. પગલાંની કુલ ચૌદ જોડ છે.

અહીં રંગમંડપમાં શામળા પાર્શ્વનાથની શ્યામ આરસપ્રતિમા દેવકુલિકા જેવી રચનાવાળા ગોખમાં બિરાજે છે. તેની ઊંચાઈ ૧૯"ની છે. તથા અન્ય એક ગભારામાં મધ્યે ૯" ઊંચાઈ ધરાવતી વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા બિરાજે છે. અહીં નવ આરસપ્રતિમા છે.

જિનાલયમાં વિપુલ પ્રમાણમાં પટ-પ્રસંગોના ચિત્રો છે જેવાં કે – ગિરનાર, શત્રુંજય, પાવાપુરી, ચંપાપુરી, અષ્ટાપદ, સમેતશિખર, આબુ તથા રાણકપુરના પટો ઉપરાંત ઋષભદેવનું ઈક્ષુરસથી પારણું, દીક્ષા કલ્યાણક, માતાને આવતા ચૌદ સ્વપ્નનું દર્શન, મુનિને થતો ઉપસર્ગ,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જન્મ કલ્યાણક, ભગવાનની દેશના ઇત્યાદિ પ્રસંગચિત્રો.

ટ્રસ્ટીશ્રીના જણાવ્યા મુજબ જિનાલય ભૂતકાળમાં હતું તેમજ છે. શિલ્પો, સ્તંભો કે કમાનો અને કોતરણી એમ જ રાખવામાં આવ્યાં છે. અર્થાત્ કલાકારીગરી પ્રાચીન છે. તેમાં કશો ફેરફાર જીર્ણોદ્ધાર વખતે કરવામાં આવ્યો નથી.

ઐતિહાસિક સંદર્ભ

સં૰ ૧૫૭૬માં સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **નારિંગપુર** નામના વિસ્તારમાં પાર્શ્વનાથનું જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ મળે છે :

નારિંગપુરિ વંછી કરણ, **ચરચિસુ** કુસમહ માલ ત. ૧૯

ત્યારબાદ **સં૰ ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **નારિંગપુર** વિસ્તારમાં પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ મળે છે :

નારિંગપુર શ્રી પાસદેવ સવિ સંકટ ચૂરિ
વીસ બિંબ તિહાં ભાવયો સેવક સુખ પૂરઇં ૧૭

જિનમંદિરની માંડણી સષા પેષુ સાર
નાનાવિધ વુરસી તણા ચિત્રામ અપાર ૧૮

એટલે કે તે સમયે આ જિનાલયમાં વિપુલ પ્રમાણમાં ચિત્રકામ થયેલું હતું.

ત્યારબાદ **સં૰ ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **નારંગાનો પાડો** વિસ્તારમાં આ જિનાલયનો ઉલ્લેખ નારંગા પાર્શ્વનાથ તરીકે થયેલો છે. ઉપરાંત તે સમયે એક ઘરદેરાસર પણ વિદ્યમાન હતું જેના નામનો ઉલ્લેખ નથી પણ શોભીના ઘરે એવો ઉલ્લેખ છે :

પાટક નારંગઈ આવીઆ એ, ભાવીઆ **પાસ જિણંદ,**
નારિંગ પ્રભુ ભેટીઇ એ, ભેટઇ મંગલ હોઇ. નારિંગ પ્રભુ ભેટી૰ ॥
ચંદ્રવદન તુહ્મ દેષતાં એ, હૂઉ હૃદય ઉલ્હાસ. નારિંગ૰ ॥૫૩॥
સૂરિજ કોડિ થકી ઘણઉં એ, દીપઇ તેજ પ્રકાશ. નારિંગ૰ ॥૫૪॥
પૂજઇ પદમા પામીઇ એ, નામઇ આઠઇ સિદ્ધિ. નારિંગ૰ ॥૫૫॥
બઇયાલીસ પડિમા પરગડી એ, આવ્યા **શોભી ગેહિ**. ના૰ ॥૫૬॥
ત્રીસ ઊપરિ બઇસઇવલી એ, જુહારી મનનઇ ભાવિ. ના૰ ॥૫૭॥

ત્યારબાદ **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ વિસ્તારનો ઉલ્લેખ મળતો નથી પરંતુ નારંગા પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ **વડીપોસાળના પાડા**માં મળે છે. એટલે કે નારંગપુર વિસ્તારમાંથી આ જિનાલય વડીપોસાળના પાડામાં ખસેડવામાં આવ્યું હોવાનો સંભવ છે. નારંગપુર નામનો વિસ્તાર પાટણની અંતર્ગત હોવાનું સ્પષ્ટ માની શકાય તેમ છે. કારણ કે **સં૰ ૧૫૭૬**ની, **સં૰ ૧૬૧૩**ની તથા **સં૰ ૧૬૪૮**ની પાટણ ચૈત્યપરિપાટીઓમાં આ વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આજે શ્રી નારંગા પાર્શ્વનાથ તથા આદેશ્વરના સંયુક્ત જિનાલયમાં કોતરવામાં આવેલો એક શિલાલેખ છે જે લેખ સં૰ ૧૯૬૧ના સમયમાં લખવામાં આવ્યો છે. જિનાલયના ખાતમુહૂર્ત તથા પ્રતિષ્ઠાના સં૰ ૧૬૫૫ તથા સં૰ ૧૬૫૬નો ઉલ્લેખ કરેલો છે. સંભવ છે કે **સં૰ ૧૬૪૮** પછી નારિંગપુર વિસ્તારમાંથી નારંગા પાર્શ્વનાથનું જિનાલય ખસેડીને આદેશ્વરના જિનાલયની સાથે નવેસરથી નિર્માણ થયું હોય.

આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ વડીપોસાળના પાડામાં **સં૰ ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં મળે છે. તે સમયે આ વિસ્તાર **પોસાળનો પાડો** તરીકે પ્રચલિત હતો. ત્યારબાદ **વડીપોસાળના પાડામાં સં૰ ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં, **સં૰ ૧૭૨૯**માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ મળે છે. એટલે કે સં૰ ૧૬૫૫માં આ બન્ને જિનાલયો જોડે જોડે નૂતન નિર્માણ પામ્યાં હોય.

ત્યારબાદ **સં૰ ૧૭૭૭**માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આદેશ્વર તથા નારંગા પાર્શ્વનાથના સંયુક્ત જિનાલયનો ઉલ્લેખ મળે છે. **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં આદેશ્વર, વાસુપૂજ્યસ્વામી, શાંતિનાથ અને નારંગા પાર્શ્વનાથના સંયુક્ત જિનાલયનો ઉલ્લેખ મળે છે. એટલે કે વાસુપૂજ્યની પ્રતિષ્ઠા આ જિનાલયમાં **સં૰ ૧૯૫૯ પૂર્વે** થયેલી છે.

સં૰ ૧૯૬૭માં, **સં૰ ૧૯૮૨**માં, **સં૰ ૨૦૦૮**માં તથા **સં૰ ૨૦૧૮**માં આ સંયુક્ત જિનાલયમાં નારંગા પાર્શ્વનાથ, વાસુપૂજ્યસ્વામી, આદેશ્વર તથા પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન હોવાની નોંધ મળે છે.

આજે પણ આ ચાર ભગવાનના સંયુક્ત જિનાલયમાં શામળા પાર્શ્વનાથના નામનો ઉલ્લેખ થયેલો છે. **સં૰ ૧૯૫૯**માં સંયુક્ત જિનાલયમાં શાંતિનાથનો ઉલ્લેખ થયેલો છે તે સરતચૂકથી થયો હોવાનું શક્ય છે. પાર્શ્વનાથને બદલે સરતચૂકથી શાંતિનાથનો ઉલ્લેખ થયો હોવો જોઈએ. જો કે આ અંગે વધુ સંશોધન કરવાની જરૂર છે.

જિનાલયમાં દીવાલ પર લેખ છે જે નીચે મુજબ છે :

'શ્રી આદેશ્વર ભગવાન તથા શ્રી નારંગા પાર્શ્વનાથના બંને જોડે જોડે દેરા નવાંતલ ખોદાવી બંધાવ્યા છે. તેની તારીખ વારની ઇત્યાદિ નીચે લખ્યા પ્રમાણે વિગત :

મીતિ વિક્રમ સંવત ૧૬૫૫ના વરષે વઈશાખ સુદી ૧૦ને વા૰ સુકરને દીવસે ખાટમુંરત ભંડારી ચુનીલાલ મગનચંદ તથા જવેરી ભોગીલાલ લલુભાઈ જણ બેના હાથે થયેલું છે.

તેની પ્રતીષ્ટાનું મુંરત :- મીતી સંવત ૧૬૫૬ના માહા સુદી ૨ને વા૰ સુકરના દીવસના ૧૧॥ વાગ્યાના તખતે બિરાજમાન થયા છે.

શ્રી આદેસર ભગવાને તખત બેસાડનાર : શા૰ મુલચંદ ખેમચંદ

શ્રી નારંગા પાર્શ્વનાથને તખતે બેસાડનાર : શા૰ મનસુખભાઈ દેલાચંદ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી વાસુપૂજ્ય સાંમીને તખતે બેસાડનાર : ભંડારી ચુનીલાલ મગનલાલ

અણી ચારે માહારાજની પ્રતિષ્ટા : શ્રી આ૦ મુનીમહારાજ કાંતીવિજયના ઉપગારથી શ્રી વડોદરાવાલા ઝવેરી ગોકલભાઈ મુલચંદના હાથે પ્રતીષ્ટા થઈ છે.

આ દેરાસરો મીતી સં૦ ૧૬૫૫થી સં૦ ૧૬૬૧ની સાલ સુધી સંમા પુરણકામના એકંદર ખરચના ૩૧૦૦૦/ રૂા.ના આસરે થ્યું છે. હજી થોડું કામ રૂા. ૧૫૦૦૦/ના આસરેનું બાકી છે.

આ કામ શ્રી સંઘની હેમાતથી અગર શ્રી જવેરીવાડાના હાથે જાત મેનતથી સંમપુરણ કામ કરુ છે. તમોને સરવે ભાઈઓને ધન છે.

મીસ્ત્રી સલાટ - ઈજનરામ વીકમદાસ

આ લેખ : સં૦ ૧૯૬૧ના ફાગણ સુદો ૨ને વા૦ બુધે લખો છે.'

સં૦ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આદેશ્વરના જિનાલય ધાબાબંધી હોવાનું દર્શાવ્યું છે. જિનાલયમાં સોળ આરસપ્રતિમા અને અઠ્ઠાવન ધાતુપ્રતિમા બિરાજમાન હતી. ઉપરાંત પગલાંની પાંચ જોડનો ઉલ્લેખ થયેલો છે. જ્યારે નારંગા પાર્શ્વનાથના જિનાલયને પણ ધાબાબંધી દર્શાવ્યું છે. જિનાલયમાં અગિયાર આરસપ્રતિમા અને પંદર ધાતુપ્રતિમા બિરાજમાન હતી અને પગલાંની નવ જોડનો ઉલ્લેખ થયેલો છે. જિનાલયની સ્થિતિ સારી દર્શાવેલી છે.

સં૦ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં માત્ર નારંગા પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ થયેલો છે. તે સમયે જિનાલય ઘુમ્મટબંધી દર્શાવેલું છે. પાંત્રીસ આરસપ્રતિમા તથા ચોર્યાસી ધાતુપ્રતિમા બિરાજમાન હતી. સંભવ છે કે સંયુક્ત જિનાલયની તમામ ગભારાઓની પ્રતિમા ગણતરી એક સાથે થયેલી હોય. જિનાલયની સ્થિતિ સારી હતી. વહીવટ ઝવેરી મણિલાલ સૂરજમલ હસ્તક હતો.

આજે જિનાલયનો વહીવટ આ વિસ્તારમાં જ રહેતા શ્રી જીવણભાઈ મણિલાલ ઝવેરી, શ્રી ચેતનકુમાર કાંતિલાલ ઝવેરી તથા મુંબઈનિવાસી શ્રી વિનોદભાઈ પોપટલાલ શાહ અને શ્રી સતીશકુમાર ચંદુલાલ હસ્તક છે.

ટૂંકમાં અમારી માન્યતા પ્રમાણે આ જિનાલય પૈકી નારંગા પાર્શ્વનાથનું જિનાલયનો સમય **સં૦ ૧૬૫૫**નો છે. જો કે નારંગા પાર્શ્વનાથ **સં૦ ૧૫૭૬ પૂર્વે**ના છે. તથા આદેશ્વરનું જિનાલય **સં૦ ૧૬૧૩ પૂર્વે**નું, વાસુપૂજ્યસ્વામી **સં૦ ૧૯૫૯ પૂર્વે**ના તથા શામળા પાર્શ્વનાથ **સં૦ ૧૯૬૭ પૂર્વે**ના સમયના છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઝવેરીવાડો

વાડી પાર્શ્વનાથ - આદેશ્વર (સં૰ ૧૬૫૨)

ઘીવટો વિસ્તારમાં આવેલા ઝવેરીવાડામાં શ્રી વાડી પાર્શ્વનાથનું શિખરબંધી ભવ્ય, ઊંચું જિનાલય આવેલું છે. જિનાલયના મુખ્ય પ્રવેશદ્વારથી પગથિયાં ચડતાં જ ડાબી બાજુ આરસનો એક લેખ કોતરેલો છે જેમાં જીર્ણોદ્ધારની વિગતો નીચે મુજબ છે :

"ૐ અર્હમ્ શ્રી વાડી પાર્શ્વનાથાય નમઃ

શ્રી વાડી પાર્શ્વનાથ જિનાલય ચતુર્મુખ પ્રાસાદ, ઝવેરીવાડો, પાટણ. પ્રથમ પ્રારંભ કર્તાઃ મંત્રી ભીમ સંતાની ઓસવાલ જ્ઞાતીય શા૰ કુંવરજી અમરદત્ત સંવત ૧૬૫૧ માગશર સુદ ૮ સોમવારે પૂર્વાભાદ્રપદનક્ષત્રે સંવત ૧૬૫૨ વૈશાખ વદી ૧૨ ગુરુવારે રેવતી નક્ષત્રમાં બૃહતખરતરગચ્છીય શ્રી જિનચંદ્રસૂરિના ઉપદેશથી પ્રતિષ્ઠા. મૂલથી પુનરુદ્ધાર પ્રારંભઃ સંવત ૧૯૬૪ વૈશાખ સુદ ૧૦ રવીવારે. પ્રતિષ્ઠા સંવત ૧૯૭૪ વૈશાખ સુદ ૩ સોમવારે ક્રિયોદ્ધાર પન્યાસ શ્રી સત્યવિજયગણિ સંતાનીય પં૰ શ્રી રત્નવિજયગણિ- ના શિષ્ય પં૰ શ્રી ભાવવિજયગણિ હસ્તક વાસનિક્ષેપ. કુલ ખર્ચ રૂ. ૧૦૦૦૦૦. શાહ પોપટલાલ હેમચંદના ધર્મપત્ની હરકોરબહેન તરફથી આરસની ચોરસીના રૂ. ૪૦૦૦ અર્પણ. શા૰ ચુનીલાલ નાનચંદ તથ મોતીલાલ નાનચંદ તરફથી ગભારામાં તોરણના રૂ. ૨૫૦૦. લી૰ શ્રી સંઘનો સેવક ઓસવાલ જ્ઞાતીય શાહ વાડીલાલ હીરાચંદ ઠે૰ મારફતીયા મહેતાનો પાડો, પાટણ"

ઉપરાંત અહીં આરસનો એક પ્રાચીન શિલાલેખ છે. (જુઓ ફોટોગ્રાફ નં૰ ૩૫) તેના પર નીચે મુજબનું લખાણ વાંચી શકાય છે :

"卐 સ્વસ્તિ શ્રી વાડીપુરપાર્શ્વજિનસંઘચૈત્યકારાય ॥ લક્ષ્મીઉદય શ્રેયઃ । પત્તનસંસ્થઃ કરોતુ સદા ॥ શ્રી વાડીપુરપાર્શ્વનાથચૈત્યે શ્રી બૃહતખરતરગુરુપટ્ટાવલી લેખન પૂર્વ પ્રશસ્તિર્લિખ્યતે । અર્હંનત્વા । પાતિસાહિશ્રીઅકબરરાજ્યે શ્રીવિક્રમનૃપસમયાતીસંવતિ ૧૬૫૧ માર્ગ્રશીર્ષસિતનવમીદિને સોમવારે પૂર્વ ભ(ભા)દ્રપદનક્ષત્રે શુભવેલાયાં આદિ પ્રારમ્ભઃ ॥ શાસનાધીશશ્રીમહાવીરસ્વામી-પટ્ટાવિછિન્ન પરંપરયા ઉદ્યતવિહારો[દ્]દ્યોતિ શ્રી ઉ[દ્]દ્યોતનસૂરિ ॥ તત્પટ્ટપ્રભાકરપ્રવર-વિમલદણ્ડનાયકકારિતાર્બુદાચલવસતિપ્રતિષ્ઠાપકશ્રીસીમંધરસ્વામિશોધિતસૂરિમન્ત્રારાધક શ્રી વર્ધમાનસૂરિ । તત્પટ્ટપ્રભાકરઅણહિલ્લપત્તનાધીશદુર્લભરાજસંસચ્ચૈત્યવાસિપક્ષવિક્ષેપાડશીત્યધિક-દશશતસંવત્સરપ્રાપ્ત ખરતરબિરુદ શ્રી જિનેશ્વરસૂરિ ॥ તત્પટ્ટ૰ । શ્રી જિનચંદ્રસૂરિ ॥ તત્પટ્ટ૰ શાસનદેવ્યુપદેશપ્રકટિ- દુષ્ટકુષ્ટપ્રમાથહેતુસ્તમ્ભનપાર્શ્વનાથનવાંગીવૃત્યાદ્યનેકશાસ્ત્રકરણપ્રાપ્તપ્રતિષ્ઠ શ્રી અભયદેવસૂરિ ॥ તત્પટ્ટ૰ લેખરુપદશકુલકપ્રેષણપ્રતિબોધિતવાગડદેશીયદશસહસ્રશ્રાવક-સુવિહિતહિત કઠિનાક્રિયકરણપિણ્ડવિશુદ્ધાદિપ્રકરણપ્રરુપણજિનશાસનપ્રભાવક શ્રી જિનવલ્લભસૂરિ ॥ તત્પટ્ટ૰ સ્વશક્તિવશીકૃતચતુઃષષ્ટિયોગિનીચક્રદ્વિપંચાશદ્વીરસિન્ધુદેશીયપીરઅમ્બડશ્રાવકલિખિત-સ્વર્ણાક્ષરવાચનાવિભુતિયુગપ્રધાનપદવીસમલંકૃતપંચનદીસાધક શ્રી જિનદત્તસૂરિ ॥ તત્પટ્ટ૰ । શ્રીમાલઉશવાલાદિપ્રધાનશ્રીમહતીયાણપ્રતિબોધકનરમણિમંડિતભાલસ્થલ શ્રી જિનચંદ્રસૂરિ ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તત્પટ્ટ૰ ભંડારીનેમિચંદ્રપરીક્ષિતપ્રતિબોધોદયાદિગ્રન્થરૂપષટ્ ત્રિશદ્વાદશોધિતવિધિપક્ષ શ્રી જિનપતિસૂરિ ॥ તત્પટ્ટ૰ લાડઉલ-વીજાપુરપ્રતિષ્ઠિતશ્રીશાંતિવીરવિધિચૈત્ય શ્રી જિનેશ્વરસૂરિ ॥ તત્પટ્ટ૰ શ્રી જિનપ્રબોધસૂરિ ॥ તત્પટ્ટ૰ રાજચતુષ્ટયપ્રતિબોધોદ્બુદ્ધરાજગચ્છસંજ્ઞાશોભિત શ્રી જિનચંદ્રસૂરિ ॥ તત્પટ્ટ૰ શ્રીશત્રુંજયમંડનખરતરવસતિપ્રતિષ્ઠાપકવિખ્યાતાતિશયલક્ષ શ્રી જિનકુશલસૂરિ ॥ તત્પટ્ટ૰ શ્રી જિનપદ્મસૂરિ । તત્પટ્ટ૰ । શ્રી જિનલબ્ધિસૂરિ ॥ તત્પટ્ટ૰ શ્રી જિનચન્દ્રસૂરિ ॥ તત્પટ્ટ૰ । દેવાંગનાવસરવાસપ્રક્ષેપોદિતસંઘપતિદાદ્યુદય શ્રી જિનોદયસૂરિ ॥ તત્પટ્ટ૰ શ્રી જિનરાજસૂરિ ॥ તત્પટ્ટ૰ સ્થાનસ્થાનસ્થાપિકસારજ્ઞાનભાણ્ડાગાર શ્રી જિનચન્દ્રસૂરિ ॥ તત્પટ્ટ૰ । શ્રી જિનભદ્રસૂરિ તત્પટ્ટ૰ પંચયક્ષસાધકવિશિષ્ટક્રિય શ્રી જિનસમુદ્રસૂરિ ॥ તત્પટ્ટ૰ ॥ તપોધ્યાનવિધાનચમત્કૃતશ્રીસિકંદરપાતિસાહિપંચશતવંદિમોચનસમ્માનિત શ્રી જિનહંસસૂરિ ॥ તત્પટ્ટ૰ પંચનદીસાધકાધિકધ્યાનબલશકલીકૃતયવનોપદ્રવાતિશયવિરાજમાન શ્રી જિનમાણિક્યસૂરિ ॥ તત્પટ્ટાંલકારસારદુર્વ્વારવાદિવિજયલક્ષ્મીશરણપૂર્વક્રિયાસમુદ્ધરણસ્થાનસ્થાનપ્રાપ્તજયપ્રતિદિન વર્ધમાનોદયસદયસન્નયત્રિભુવનવશીકરણપ્રવણપ્રણવધ્યાનોપાત્તામિતપવિત્રસૂરિમન્ત્રવિજિતભય-દૂરીકૃતસકલવાદિસ્મયનિજપાદવિહારપાવિતાવનિતલ અનુક્રમેણસંવત્ ૧૬૪૮ શ્રી સ્તમ્ભતીર્થ-ચતુર્માસકસ્થાનસમુદ્ભૂતામિતમહિમશ્રવણદર્શનોત્કંઠિતજલાલદીનપ્રભુપાતિસાહિઅકબર-સમાકરણમિલનસ્ય ગુણગણતન્મનોનુરજનસમાશ્વાસિતસકલભૂતલાખિલજન્તુસુખકારિ આષાઢા-ષ્ટાહિકામારિફુરમાણશ્રીસ્તમ્ભતીર્થસમુદ્રમીનરક્ષણફુરમાણતત્પ્રદત્તસત્તમશ્રીયુગપ્રધાનપદધારકર-તદ્વચનેન ચ નયનશરસામિતસંવતિ (૧૬૫૨) માઘસિતદ્વાદશીશુભતિથૌ અપૂર્વપૂર્વગુર્વામ્નાય-સાધિત પંચનદીપ્રકટીકૃતપંચપીરપ્રાપ્તપરમવરતદાદિવિશેષણ શ્રી સંઘોન્નતિકારક વિજયમાન-ગુરુયુગપ્રધાન શ્રી ૧૦૮ શ્રી જિનચન્દ્રસૂરીશ્વરાણાં શ્રી પાતિસાહિસમક્ષસ્વહસ્તસ્થાપિતઆચાર્ય શ્રી જિનસિંહસૂરિ- સપરિકરાણામુપદેશેન ઓસવાલ જ્ઞાતીયમંત્રી ભીમસંતાને મં૰ ચાંપા ભાર્યા સૂહવદે તત્પુત્ર મં૰ મહિપતિ તદ્ભાર્યા અમરી તત્પુત્ર મં૰ વસ્તુપાલ તદ્ભાર્યા સિરિયાદે તત્પુત્ર મં૰ તેજપાલ તદ્ભાર્યા શ્રી ભાનૂ તત્કુક્ષિસરોમલરાલઅર્થિજનમનોભિતપૂરણદેવસાલદેવ-ગુરુપરમભક્ત વિશેષતો જિનધર્માનુરક્તસ્વાંત ઊકેશવંશમંડન સાહ અમરદત્ત ભાર્યા રતનાદે તત્પુત્રરત્ન કુંઅરજી તદ્ભાર્યા સોભાગદે બહિનિ બાઈ વાછી પુત્રી બાઈ જીવણીપ્રમુખપુત્ર-પૌત્રાદિસારપરિવારયુતેન તેન શ્રી અણહિલ્લપત્તનશૃંગારસારસુરનરમનોનુરજનસુરગિરિ-સમાનચતુર્મુખવિરાજમાનવિધિચૈત્યં કારિતમ્ ॥ શ્રીપૌષધશાલાપાટકમધ્યે । તદનુકરકરણ-કાયકુપ્રનિત (?) સંવત્ અલાઈ ૪૧ વર્ષે વૈશાખ વદિ દ્વાદશીવાસરે ગુરુવારે રેવતીનક્ષત્રેશુભવેલાયાં મહામહઃ પૂર્વ પ્રતિમા વાડીપાર્શ્વનાથસ્ય સ્થાપિતા ॥ એતત્ સર્વ દેવગુરુગોત્રજદેવીપ્રસાદેન વંદ્યમાનં પૂજ્યમાનં સમસ્ત શ્રીસંઘેન સહિતેન ચિરં જીયાત્ ॥ કલ્યાણમસ્તુ । એષા પટ્ટિકા પં૰ ઉદયસાગરગણિના લિપીકૃતા । પં૰ લક્ષ્મીપ્રમોદ- મુનિ[ના] આદરેણ । કોરિતા ગજધરગલ્લાકેન । શુભં ભવતુ નિત્યમ્ ॥"

રંગમંડપની ભીંતોમાં કાચવાળી બારીઓની રચના છે. વિશાળ ઘુમ્મટમાં નર્તકીઓ વાજિંત્ર વગાડતી ઊભી છે. થાંભલાઓની ઉપર પણ આવી શિલ્પાકૃતિઓ છે. રંગમંડપ ઘણો મોટો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગર્ભદ્વાર ચાર છે. ગર્ભદ્વાર પરની કોતરણી સુંદર છે. ગભારાને પ્રદક્ષિણા કરી શકાય તેવી જગ્યા છે. અહીં ૨૫" ઊંચાઈ ધરાવતી શ્રી વાડી પાર્શ્વનાથની ચૌમુખી સપરિકર પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. જિનાલયમાં પ્રવેશતાં સન્મુખ આવેલા ગર્ભદ્વારે બિરાજમાન વાડી પાર્શ્વનાથની પ્રતિમાના આરસનો રંગ ઑફ વ્હાઇટ લાગે છે. બાકીની ત્રણ પ્રતિમા સફેદ આરસની છે. પ્રથમ પ્રતિમાનું લાંછન ઘસાઈ ગયું છે. આ પ્રતિમાની જમણી બાજુની પ્રતિમાના લાંછન પાસે 'સા૰ અમરદત્ત શ્રી ખરતરગચ્છે પ્રતિ૰ શ્રી સોમચિંતામણિ – એ મુજબનું લખાણ વાંચી શકાય છે. તેની બાજુની (મુખ્ય પ્રતિમાની પાછળ બિરાજમાન) પ્રતિમા પર 'ઈલાહી ૪૪ સં૰ ૧૬..' એ મુજબ વાંચી શકાય છે. આ પ્રતિમાના આગળના ભાગમાં લાંછન પાસે 'ખરતરગચ્છે .....' વાંચી શકાય છે. બાકીના અક્ષરો ઘસાઈ ગયા છે. તથા ડાબી બાજુની પ્રતિમાના લાંછનની ઉપરના ભાગમાં 'અમરદત્ત તિ.. ચિંતામણિ' વંચાય છે. આ પ્રતિમાના પડખાના ભાગમાં 'અલાઈ સં૰ ૪૪ સં૰ ૧૬૫૩' સ્પષ્ટ વાંચી શકાય છે. ચારેય ભગવાનના સિંહાસન પાસે આરસનાં તોરણોની સુંદર કોતરણીવાળી રચના છે. તેના પર "સં૰ ૧૯૫૧ માગશર સુદ નવમી દિન સોમવારે શ્રી ઉદ્યોતનસૂરિ તેના શિષ્યપ્રવર વિમલ દંડનાયક કારિતાં" – એ મુજબના અર્થવાળું લખાણ છે, તથા થાંભલા પર નીચે મુજબનો લેખ છે :

"સંવત ૧૯૭૫ વૈશાખ સુદ ત્રીજ પાટણના દશા પોરવાડ શેઠ ચુનીલાલ નાનચંદ, મોતીલાલ નાનચંદે શ્રી પાર્શ્વનાથના ચારે દિશાના ચારે તોરણો કરાવ્યા."

ગભારામાં કુલ પાંચ આરસપ્રતિમા છે જે પૈકી મૂળનાયકની કુલ ચાર પ્રતિમાનો સમાવેશ થાય છે. કુલ વીસ ધાતુપ્રતિમા છે જે પૈકી સં૰ ૧૪૩૯નો લેખ ધરાવતી શ્રી જિનચંદ્રસૂરિની ધાતુમૂર્તિ છે. ઉપરાંત એક સ્ફટિક પ્રતિમા છે જે ધાતુના પરિકરમાં બિરાજમાન છે. અહીં આવેલા ગોખમાં આરસની બે ગુરુમૂર્તિઓ અને યક્ષ કે દેવની આરસમૂર્તિ છે.

જિનાલયના ઉપરના માળે શિખરમાં ચાર દ્વારવાળો અન્ય એક ગર્ભદ્વાર છે. તેમાં ૨૩" ઊંચાઈ ધરાવતી મૂળનાયક શ્રી આદેશ્વરની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. તેના પર સં૰ ૧૬૬૭નો લેખ છે. "સં૰ ૧૬૬૭ વર્ષે માઘ શુક્લ તૃતીયા સોમે શ્રી ઓશવાલ જ્ઞાતીય સંઘવી અમરદત્ત પુત્ર સંઘવી કુંઅરજી ભાર્યા સોભાગદે શ્રાવિકયા શ્રેયાર્થં શ્રી આદિનાથ બિંબં કારિતં પ્રતિષ્ઠિતં શ્રી બૃહતખરતરગચ્છાધીશ્વર શ્રી જિનમાણિક્યસૂરિ પટ્ટાલંકારક શ્રી પાતિસાહી પ્રતિબોધક યુગપ્રધાન શ્રી જિનભદ્રસૂરિ .. પ્ર૰ શ્રી જિનસિંહસૂરિભિઃ ।" – એ મુજબનું લખાણ વંચાય છે. અહીં દસ આરસપ્રતિમા તથા પાંચ ધાતુપ્રતિમા છે. આ આરસપ્રતિમા ચૌમુખીની જેમ ફરતી ગોઠવવામાં આવી છે. અહીં અન્ય એક અજિતનાથની પ્રતિમા પર 'શ્રી ખરતરગચ્છે શ્રી ..... ગણિ ..... અમરદત્ત' – એ મુજબનું લખાણ વાંચી શકાય છે.

ઐતિહાસિક સંદર્ભ

આ જિનાલયનો ઉલ્લેખ **સં૰ ૧૬૪૮**ની લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં સૌ પ્રથમ વાર મળે છે. આ ચૈત્યપરિપાટીમાં વાડીપુરમંડનનો ઉલ્લેખ બે વાર થયેલો છે. સૌ પ્રથમ પાંચમી ઢાળમાં વડીપોસાલના પાડાનાં જિનાલયોનું વર્ણન કરતા આ જિનાલયનો ઉલ્લેખ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નીચે મુજબની પંક્તિઓમાં મળે છે :

વડી પોસાલનઈ પાટકિ ..... ।

વાડીઅ પુરવરમંડણ નયણે નિરખ્યા આજ ।
બીજા જિનવર પંચ એ સારઈ વંછિત કાજ ॥૪૧॥

ઉપરાંત આ ચૈત્યપરિપાટીની ૨૧મી ઢાળમાં વાડીપુરમાં અમીઝરા પાર્શ્વનાથની પ્રતિમા તથા અન્ય એક પાર્શ્વનાથની પ્રતિમાનો ઉલ્લેખ આવે છે :

વાડીપુરવર-મંડણઉ એ, પ્રણમીય ૨ **અમીઝરઉ પાસ** તુ.
આસ પૂરઈ સયલતણી એ, પૂજીઈ ૨ આણી ભાવ તુ ॥

॥ વાડીપુરવર-મંડણઉ એ । ત્રૂટક ।

વાડી-મંડણ **વામાનંદન**, સયલભુવનઈ દીપ એ.
નમઈ અમર નરિંદ આવી, સયલ દુરજન જીપએ.

આજે ઝવેરીવાડામાં વાડી પાર્શ્વનાથનું જિનાલય આવેલું છે. આ જિનાલય સં૰ ૧૬૫૨માં ખરતરગચ્છના ભીમમંત્રીના વંશજ કુંવરજીએ બંધાવ્યું છે તેવું તેના શિલાલેખ પરથી જણાય છે. આ શિલાલેખ મૂળનાયકની સામે ભીંતમાં ૧૬ ૧/૨" પહોળી અને ૨૮" લાંબી આરસની તકતીમાં કોતરેલો છે.

ભોગીલાલ સાંડેસરાના **પાટણમાં વાડી પાર્શ્વનાથના મંદિરનો શિલાલેખ તથા ખરતર-ગચ્છની પટ્ટાવલી** નામના લેખમાં આ શિલાલેખનું સંપૂર્ણ ભાષાંતર આપવામાં આવ્યું છે. આ લેખ સ્વાધ્યાય ત્રૈમાસિક પુસ્તક : ૨૩ના (સં૰ ૨૦૪૧-૪૨) દીપોત્સવી અંકમાં પ્રસિદ્ધ થયો હતો.

"શ્રી વાડી પાર્શ્વનાથ સંઘનું ચૈત્ય બંધાવનારનું કલ્યાણ કરો ! પાટણમાં રહેલા શ્રી વાડી પાર્શ્વનાથ લક્ષ્મી, ઉદય અને શ્રેય કરો ! ચૈત્યમાં શ્રી બૃહત્ ખરતર ગચ્છની ગુર્વાવલીના લેખનપૂર્વક પ્રશસ્તિ લખીએ છીએ.

અર્હત્ને નમસ્કાર ! પાદશાહ શ્રી અકબરના રાજ્યમાં વિક્રમ સં૰ ૧૬૫૨ના માગશર સુદ નવમી અને સોમવારના દિવસે પૂર્વભાદ્રપદ નક્ષત્રમાં શુભ મુહૂર્તમાં (ચૈત્ય બાંધવાનો) આરંભ કરવામાં આવ્યો.

(ગુર્વાવલી) શાસનાધીશ શ્રી મહાવીરસ્વામીની અધિચ્છિન્ન પરંપરાથી ચાલી આવતી પાટે શ્રી ઉદ્યોતનસૂરિ થયા. (૧)

તેમની પાટે વિમલ દંડનાયકે અર્બુદાચલ ઉપર બંધાવેલી વસતિના પ્રતિષ્ઠાપક અને સીમંધર સ્વામીએ શોધેલા સૂરિમંત્રના આરાધક શ્રી વર્ધમાનસૂરિ થયા. (૨)

તેમની પાટે અણહિલ્લપત્તનાધીશ દુર્લભરાજની સભામાં ચૈત્યવાસીઓના પક્ષનો પરાજય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરીને સં૰ ૧૦૮૦માં 'ખરતર' બિરુદ પ્રાપ્ત કરનાર શ્રી જિનેશ્વરસૂરિ થયા. (૩)

તેમની પાટે શ્રી જિનચન્દ્રસૂરિ થયા. (૪)

તેમની પાટે, શાસનદેવીના ઉપદેશથી કોઢના વિનાશ હેતુ સ્તંભન પાર્શ્વનાથને પ્રગટ કરનાર તથા નવાંગીવૃત્તિ આદિ અનેક શાસ્ત્ર રચીને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરનાર શ્રી અભયદેવસૂરિ થયા. (૫)

તેમની પાટે, દશ કુલકવાળા લેખથી વાગડ દેશના દસ હજાર શ્રાવકોને પ્રતિબોધ પમાડનાર સુવિહિત કઠિન ક્રિયા કરનાર અને 'પિંડવિશુદ્ધિ' આદિ પ્રકરણ રચનાર પ્રભાવક શ્રી જિનવલ્લભસૂરિ થયા. (૬)

તેમની પાટે ચોસઠ જોગણી, બાવન વીર અને સિન્ધ દેશના પીરને વશ કરનાર, અંબડ શ્રાવકના હસ્તે લખાયેલ સ્વર્ણાક્ષરની વાચનાથી 'યુગપ્રધાન' પદ વડે અલંકૃત અને પંચનદીસાધક શ્રી જિનદત્તસૂરિ થયા. (૭)

તેમની પાટે શ્રીમાલ, ઓસવાલ આદિ મહાજન જાતિઓના પ્રતિબોધક, નરમણિમંડિત ભાલસ્થલ શ્રી જિનચંદ્રસૂરિ થયા. (૮)

તેમની પાટે, ભંડારી નેમિચંદ્ર પરીક્ષેલા પ્રબોધોદયાદિ ગ્રન્થરૂપ છત્રીસ વાદથી વિધિ પક્ષને શોધનાર-શુદ્ધ કરનાર શ્રી જિનપતિસૂરિ થયા. (૯)

તેમની પાટે, લાડોલ-વીજાપુરમાં શ્રી શાન્તિવીરવિધિચૈત્યની પ્રતિષ્ઠા કરનાર શ્રી જિનેશ્વરસૂરિ થયા. (૧૦)

તેમની પાટે ચાર રાજાઓને પ્રતિબોધ પમાડી 'રાજગચ્છ' સંજ્ઞાશોભિત (ખરતરગચ્છને રાજગચ્છ તરીકે ઓળખાવનાર) શ્રી જિનચંદ્રસૂરિ થયા. (૧૧)

તેમની પાટે શત્રુંજયમંડન ખરતરવસતિપ્રતિષ્ઠાપક અને લાખ અતિશય-ચમત્કારોથી વિખ્યાત શ્રી જિનકુશલસૂરિ થયા. (૧૨)

તેમની પાટે શ્રી જિનપદ્મસૂરિ (૧૩), તેમની પાટે શ્રી જિનલબ્ધિસૂરિ (૧૪), તેમની પાટે શ્રી જિનચન્દ્રસૂરિ (૧૫), તેમની પાટે દેવાંગનાના અવસર-નૃત્યસમારંભમાં વાસપ્રક્ષેપ વડે જેમનો સંઘપતિ પદ આદિ ઉદય થયો હતો એવા શ્રી જિનોદયસૂરિ (૧૬), તેમની પાટે શ્રી જિનરાજસૂરિ થયા. (૧૭), તેમની પાટે સ્થળે સ્થળે ઉત્તમ જ્ઞાનભંડારો સ્થાપનાર શ્રી જિનભદ્રસૂરિ થયા. (૧૮), તેમની પાટે જિનચન્દ્રસૂરિ થયા. (૧૯), તેમની પાટે પંચ યક્ષસાધક વિશિષ્ટક્રિય શ્રી જિનસમુદ્રસૂરિ થયા. (૨૦)

તેમની પાટે, તપ-ધ્યાનના વિધાનથી (પ્રભાવિત) સિકંદર પાદશાહે પાંચસો કેદીઓને મુક્ત કરી જેમનું સન્માન કર્યું હતું એવા શ્રી જિનહંસસૂરિ થયા. (૨૧)

તેમની પાટે, પંચનદીસાધક અને અધિક ધ્યાનબળ વડે યવનોના ઉપદ્રવને ખંડિત કરનાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અતિશય-વિરાજમાન શ્રી જિનમાણિક્યસૂરિ થયા.(૨૨)

તેમની પાટના અલંકારરૂપ, દુર્વારવાદીઓની વિજયલક્ષ્મીના શરણરૂપ, પૂર્વક્રિયા-ઉદ્ધારક, સ્થાને સ્થાને જય પ્રાપ્ત કરનાર, જેમનો ઉદય અને સન્નય પ્રતિદિન વૃદ્ધિ પામે છે એવા, ત્રિભુવનના જનોના વશીકરણમાં પ્રવણ, પ્રણવના ધ્યાન વડે પવિત્ર સૂરિમંત્ર જેમણે પ્રાપ્ત કર્યો છે એવા, વિજિતભય, સર્વ વાદીઓના ગર્વને દૂર કરનાર, પોતાના પાદવિહાર વડે અવનિતલને પવિત્ર કરનાર, સં૰ ૧૬૪૮માં સ્તંભતીર્થ(ખંભાત)માં ચાતુર્માસ કર્યો ત્યારે ઉદ્ભવેલા અમિત મહિમાના શ્રવણથી દર્શન માટે ઉત્કંઠિત થયેલા જલાલુદ્દીન પ્રભુ પાદશાહ શ્રીમદ્ અકબરે જેમને મિલન માટે નિમંત્રિત કર્યા હતા એવા, સ્વગુણગણ વડે પાદશાહના મનનું રંજન કરનાર, અખિલ ભૂતલનાં પ્રાણીઓનું સમાશ્વાસન કરી તેઓને જેમણે સુખ આપ્યું છે એવા, અસાડ માસની અષ્ટાન્હિકાએ અમારિફરમાન તથા સ્તંભતીર્થના સમુદ્રમાં માછલાનું રક્ષણ કરવાનું ફરમાન કઢાવનાર, તેણે (પાદશાહ) આપેલ 'યુગપ્રધાન' પદ ધારણ કરનાર તથા તેના વચનથી સં૰ ૧૬૫૨માં માઘ સુદ બારસની શુભ તિથિએ પૂર્વના ગુરુસમૂહે નહિ કરેલું અદ્ભુત કર્મ કરનાર, પંચનદીસાધક અને પંચ પીર પાસેથી પરમ વરદાન પ્રાપ્ત કરનાર તથા આશિષ વિશેષથી સંઘોન્નતિકારક, વિજયમાન ગુરુ યુગપ્રધાન શ્રી ૧૦૮ શ્રી જિનચંદ્રસૂરિના, પોતે-સ્વહસ્તે પાદશાહ સમક્ષ આચાર્યપદે સ્થાપેલ, સપરિવાર શ્રી જિનસિંહસૂરિવરના ઉપદેશથી ઓસવાલ જ્ઞાતીય મંત્રી ભીમના વંશમાં મંત્રી ચાંપા, ભાર્યા સૂહવદે, તેના પુત્ર મંત્રી મહીપતિ અને ભાર્યા અમરી, તેના પુત્ર મંત્રી વસ્તપાલ અને ભાર્યા સિરિયાદે, તેના પુત્ર મંત્રી તેજપાલ અને ભાર્યા શ્રી ભાનૂ; તેના કુક્ષિસરોવરમાં હંસ જેવો, અર્થીજનોના મનોરથ પૂરવામાં કલ્પવૃક્ષ જેવો, દેવગુરુપરમભક્ત, અને વિશેષતઃ જિનધર્મમાં અનુરક્ત હૃદયવાળો, ઉકેશવંશના અલંકારરૂપ શાહ અમરદત્ત, ભાર્યા રત્નાદે; તેના પુત્રરત્ન કુંઅરજીએ, ભાર્યા સોભાગદે, બહેન બાઈ વાછી, પુત્રી બાઈ જીવણી પ્રમુખ પરિવારને સાથે રાખીને અણહિલપુર પાટણના શૃંગારરૂપ, દેવોના મનનું પણ રંજન કરનાર, સુરગિરિ સમાન ચતુર્મુખ વિરાજમાન વિધચૈત્ય કરાવ્યું તથા પાટકમધ્યે – મહોલ્લામાં પૌષધશાળા કરાવી. ઈલાહી સંવત ૪૧ વર્ષે વૈશાખ વદિ બારશની તિથિએ, ગુરુવારે રેવતી નક્ષત્રમાં, શુભ વેળાએ, શ્રી વાડી પાર્શ્વનાથની પ્રતિમા મહોત્સવપૂર્વક સ્થાપવામાં આવી. આ બધું દેવ – ગુરુ, ગોત્રજ દેવીના પ્રસાદથી વંદ્યમાન અને પૂજ્યમાન છે. તે સમસ્ત શ્રીસંઘ સહિત ઘણું જીવો કલ્યાણમસ્તુ.

આ (લેખની) પટ્ટિકા પં૰ ઉદયસાગરગણિએ લખી છે. પં૰ લક્ષ્મીપ્રમોદમુનિના આદરથી-સૂચનથી ગજધર ગલ્લાકે કોતરી છે. શુભં ભવતુ નિત્યમ્ !"

શ્રી કનૈયાલાલ ભાઈશંકર દવેએ **અણહિલપુરના જૈન મંદિરો અને વાડીપુર પાર્શ્વનાથ** નામનો લેખ પાટણ સુવર્ણ મહોત્સવ અંકમાં પ્રસિદ્ધ કર્યો હતો. તેમાં આ જિનાલય વિશે નીચે મુજબની નોંધ આપી છે :

"લલિતપ્રભસૂરિએ રચેલ પાટણ ચૈત્ય પરિપાટીમાં "વાડીપુર"ની નોંધ છે, જ્યાં અમીઝરા પાર્શ્વનાથની જાણીતી સુપ્રસિદ્ધ પ્રતિમા હતી. આ વાડીપુર ગામ ક્યાં આવ્યું તે હજુ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુધી અંધારામાં જ છે. પરંતુ ચૈત્યપરિપાટીકારે રજૂ કરેલ અનુક્રમ પ્રમાણે તે પાટણથી દક્ષિણે આવ્યું હોય તેમ સમજાય છે. થોડાંક વર્ષો ઉપર પાટણથી બે માઈલ દૂર બાદીપુર ગામે જવાનું થયું. ત્યાંના એક શિવમંદિરમાં જૈનમંદિરનાં પરિકરો, પબાસનો વગેરે સામગ્રી વપરાયેલ હોવાથી ત્યાં આજુબાજુ કોઈ પ્રાચીન જૈનમંદિર હોવું જોઈએ એવું અનુમાન થયેલું. આ ચૈત્યપરિ ાટીમાં અનુક્રમ પ્રમાણે વાડીપુર પછી દોલતપુર, કુપરગિરિ અને વાવડી આવે છે. દોલતપુર ગામ આજે મળતું નથી પણ કુપરગિરિ અર્થાત્ કુણઘેર અને બાદીપુર વચ્ચે તે આવેલું હશે. અને ત્યારબાદ વાવડી ગામનું નામ આવે છે જે આજે વિદ્યમાન છે. પાટણથી દક્ષિણમાં અને અણહિલપુરની નજદીકમાં આવેલ હાલનું બાદીપુર તે જ પ્રાચીન વાડીપુર ગામ હોવાનું આગળ જણાવેલ અવશેષોના આધારે જણાય છે. વાડી ઉપરથી ઘસાતું રૂપ બાદી થાય તેમાં અયોગ્યતા જણાતી નથી. આથી જ ચૈત્યપરિપાટીકારે જણાવેલ વાડીપુરને હાલનું બાદીપુર હોવાનું સમજાય છે. ચૈત્યપરિપાટીકારે અણહિલપુરની આસપાસ વસેલ પરાંઓ જ્યાં અણહિલપુરની જ પ્રતિમાઓ મોટે ભાગે પધરાવી હશે તેની નોંધ લઈ તે પ્રાચીન દિવ્ય જિનબિંબોનું સ્મરણ કરાવ્યું છે. અર્થાત્ **સંવત ૧૬૪૮**માં હાલનું બાદીપુર વાડીપુર તરીકે જાણીતું હતું, જ્યાં જૈનોની પણ સારી એવી વસતી હશે, જેથી અણહિલપુરના અસ્તકાળે ત્યાંથી પ્રતિમાઓ લઈ જઈ ત્યાંનાં જિનાલયોમાં પધરાવી હોય તેમ માનવામાં વાંધો આવતો નથી..... આથી આ મંદિર સંવત ૧૬૫૨માં બંધાવ્યાની હકીકત મળે છે. જ્યારે **સંવત ૧૬૪૮**માં લલિતપ્રભસૂરિએ વાડીપુરના પાર્શ્વનાથની નોંધ પાટણ ચૈત્યપરિપાટીમાં લેતાં વાડીપુર ગામ પાટણથી થોડેક દૂર હોવાનું જણાવેલ છે. કુલ ૨૦ ઢાળમાં પાટણનાં મંદિરોની હકીકત આપ્યા પછી ૨૧મી ઢાળમાં વાડીપુરનાં જૈન મંદિરોનું વર્ણન આવે છે.. તેમાં ત્યાંના પાર્શ્વનાથ માટે જણાવ્યું છે કે :-

વાડીપુરવર-મંડણઉ એ, પ્રણમીય ૨ **અમીઝરઉ પાસ** તુ.
આસ પૂરઇ સયલતણી એ, પૂજીઇ ૨ આણી ભાવ તુ ॥

॥ વાડીપુરવર-મંડણઉ એ । ત્રૂટક ।

વાડી-મંડણ **વામાનંદન**, સયલભુવનઇ દીપ એ.
નમઇ અમર નરિંદ આવી, સયલ દુરજન જીપએ.

આ હકીકત વાડીપુરમાં 'અમીઝરા પાર્શ્વનાથ'થી ઓળખાતી પ્રતિમા માટે સૂચવી છે. **સંવત ૧૬૪૮**માં વાડીપુરમાં અમીઝરા પાર્શ્વનાથની ઓળખાતી જે પ્રતિમા બેસાડેલી હતી, તે મૂર્તિને ફક્ત ૪ વર્ષ બાદ કોઈ કારણસર પાટણમાં લાવી, શા૦ કુંવરજીએ બંધાવેલ આગળ જણાવ્યા પ્રમાણે ઝવેરીવાડાના મંદિરની અંદર બેસાડવામાં આવી હતી એમ માલૂમ પડે છે. વિશેષમાં આ પ્રતિમા વાડીપુરથી લાવ્યા તેથી તેનું નામ પણ "વાડી પાર્શ્વનાથ" રાખ્યું. ગમે તેમ હો પણ સમાજમાં તે વખતથી આ પ્રતિમા તથા મંદિર તે નામથી ઓળખાતું થયું.

આ મહોલ્લાનું પ્રાચીન નામ વડીપોષાળનો પાડો હોવાનું લલિતપ્રભસૂરિએ પાટણ ચૈત્યપરિપાટીમાં જણાવ્યું છે. ત્યાં એક મોટો ઉપાશ્રય હતો, જેના કારણે મહોલ્લાનું નામ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વડીપોષાળનો પાડો રાખેલું. આ પૌષધશાળા(પોષાળ)ને વાડી પાર્શ્વનાથનું મંદિર બંધાવનાર કુંવરજી શાહે નવીન બંધાવી હોવાનું તેના લેખમાં નોંધ્યું છે. અહીં એક પ્રાચીન પુસ્તકભંડાર પણ હતો. હાલમાં તેને નવીન બંધાવેલ હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરની અંદર સુરક્ષિત રાખેલ છે.''

ઉપરાંત આ જ લેખમાં શ્રી બર્જેસે આર્કીયોલોજીકલ સર્વે ઓફ નોર્થન ગુજરાતમાં આ જિનાલયની નોંધ વિસ્તારપૂર્વક આપેલી છે. તેનો ઉલ્લેખ કર્યો છે જે નીચે મુજબ છે :

''આ એક અપૂર્વ કલાકારીગરીવાળું ભવ્ય જિનાલય હતું, જેનો મંડપ કાષ્ઠનો બનાવેલો હોઈ તેમાં શિલ્પશાસ્ત્રના નિયમો મુજબ અદ્‌ભુત કલાકારીગીરી કોતરવામાં આવી હતી. આ મંદિરનાં એકબે ચિત્રો પણ આ ગ્રંથકારે આપ્યાં છે. તેના આધારે જણાય છે કે આ મંદિરનો મંડપ ૧૧ ફૂટના ઘેરાવામાં બનાવેલો હોઈ તેને ૧૨ સ્તંભો હતા. આખોયે મંડપ કાષ્ઠશિલ્પનો બનાવતાં સ્તંભોમાં શાસ્ત્રીય નિયમે કુંભી, સ્તંભ અને તેના માથા ઉપર શિરાવટી, કીચકો વગેરે કોતરેલાં બતાવ્યાં હતાં. સ્તંભોની ઊંચાઈ ૧૧ ૧/૪ ફૂટ હોઈ તેની ચારેબાજુ તોરણો પણ આરસ માફક કાષ્ઠનાં હિંદોલક, મદળ વગેરે કલાકૃતિવાળાં બનાવેલાં. તે મંડપ ઉપરનું વિતાન તો જાણે પાષાણના બીજા ઘુંમટોની જ અનુકૃતિ કરવામાં આવી હોય તેમ લાગતું. કોલ કાચલાના અલંકરણોવાળા આવા વિતાનમાં શરૂઆતની અંદર કર્ણદર્દરિકા બનાવી તેના ઉપર રૂપકંઢ બનાવ્યો હતો, જેમાં તીર્થંકરોનાં કેટલાંક ચરિત્રો કંડારવામાં આવ્યાં હતાં. મંડપની મધ્યમાં લટકતું ઝુમ્મર પણ કાષ્ઠનું જેને શિલ્પની પરિભાષામાં પદ્મશિલા કહે છે તે સુંદર કોતરણીવાળું કોતરી તેમાં પુષ્પો, પત્રોનાં અલંકરણો રજૂ કરવામાં આવ્યાં હતાં. કોલ, કાચલા અર્થાત્ કોલ અને હસ્તિતાલુ ગજતાલુનાં અલંકરણો તેમાં ખાસ ધ્યાન દોરતાં આ મંડપમાં ૮ મોટા ઝૂલતા બ્રેકેટો ઉપર ૮ દેવાંગનાઓ વિવિધ વાદ્યો વગાડતી બનાવેલી. તેની પાસે વચ્ચે વચ્ચે આઠ દિક્‌પાલો તેમનાં વાહનો સહિત મૂકવામાં આવ્યાં હતાં. આ સિવાય રૂપકંઠમાં વિદ્યાધરોનાં યુગલ સ્વરૂપો પણ બતાવેલાં. ટૂંકમાં બે કોલ, બેત્રણ ગજતાલુના થરો, લુપાઓ અને પદ્મશિલાવાળો આ કાષ્ઠનો મંડપ તેનાં ઉક્ત વિતાનો પ્રમાણે જાણે પાષાણનો જ ન હોય તેવો ભાસ થતો હતો.

આ મંડપને ચારેબાજુ ચાર ઝરૂખાવાળી બારીઓ – વિમાનો મૂકેલાં તેનું શિલ્પ પણ અદ્‌ભુત, અને કલાશિલ્પના નિયમે બનાવેલું. તેમાં પત્રો, વેલીઓ, જાલીકાઓ (જાળીઓ) અને યુગલ સ્વરૂપોનાં રેખાંકનો બતાવ્યાં હતાં. મંડપની દીવાલમાં વાદ્ય વગાડતા ગંધર્વોની સુંદર હારો કોતરેલી, જેમાં તે બધા દરેક વિવિધ અંગભંગો સાથે વાદ્યો વગાડતી બતાવ્યા હતા. આ સિવાય તેમાં નૃત્ય કરતાં વિવિધ સ્ત્રી-પુરુષોના પણ અભિનયો વ્યક્ત કરવામાં આવેલા. આ નરથરની નીચે હંસથર કોતરવામાં આવેલો. તેની લાંબી હારો જોતાં, એમ જ લાગતું કે કાષ્ઠ અને પાષાણમાં સહજ ભાવે એક જ શિલ્પ સ્થાપત્ય ઉતારવામાં આવતું હતું. વિમાનોના ઝરૂખા ઉપર બારીઓ મૂકી હતી. તેના ઉપર ગજલક્ષ્મીનાં અભિનવ રેખાંકનો કોતરવામાં આવેલાં. તેની આજુબાજુ નૃત્યાંગનાઓ તથા કુમારિકાઓનાં નૃત્ય કંડારેલાં જેમાં હલ્લીસક નૃત્યની માફક, દરેકના હાથ એકબીજાની સાથે જોડાયેલા બતાવવામાં આવ્યા હતા. ટૂંકમાં આ મંડપ શિલ્પકળાના એક અભિનવ કલા-પ્રદર્શન જેવો બનાવેલો.''

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભોગીલાલ સાંડેસરાના જણાવ્યા મુજબ – 'આ જિનાલય તેમાંના કલામય કાષ્ઠ ઘુમ્મટ માટે વિખ્યાત હતું અને એ ઘુમ્મટ હાલ વડોદરાના મ્યુઝિયમમાં સચવાયેલો છે.' જ્યારે અન્ય એક મત અનુસાર કાષ્ઠનો એ કલાત્મક મંડપ ન્યુયોર્કના મેટ્રોપોલિટન મ્યુઝિયમમાં સુરક્ષિત છે.

આ જિનાલયના ઉલ્લેખો અનેક કૃતિઓમાં મળે છે. તેની વિગતવાર નોંધ શ્રી ૧૦૮ પાર્શ્વનાથ જિન દર્શન ગ્રંથ(ભા૰ ૧)માં મુનિ શ્રી જગવલ્લભવિજયજી મ૰ સા૰એ નીચે મુજબ આપી છે :

સં૰ ૧૬૫૫ના આસો સુદ ૧૦ના દિને શ્રી પ્રેમવિજયે ગૂંથેલી '૩૬૫ શ્રી પાર્શ્વજિન નામમાલા'માં શ્રી વાડી પાર્શ્વનાથના નામની નોંધ મળે છે.

સં૰ ૧૬૫૬ના આસો વદ ૯ને મંગળવારે કવિ શ્રી નયસુંદરે રચેલાં 'શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છંદ'માં શ્રી વાડી પાર્શ્વનાથને વ્યાધિના વારક તરીકે ઓળખાવ્યા છે.

૧૭મી સદીમાં જ જિનરાજસૂરિએ શ્રી વાડીપુર પાર્શ્વનાથનું એક સ્તવન રચ્યું છે.

સં૰ ૧૬૬૭ના કવિવર શાંતિકુશલે 'શ્રી ગોડી પાર્શ્વનાથ સ્તવન'માં શ્રી વાડી પાર્શ્વનાથને સાંભર્યા છે.

સં૰ ૧૬૮૯ના પોષ વદ ૧૦ના દિને સદ્‌ગુરુ શ્રી ગુણવિજયના શિષ્યે રચેલાં '૧૦૮ નામ ગર્ભિત શ્રી પાર્શ્વનાથ સ્તવન'માં તેમણે વાડી પાર્શ્વનાથનું પણ સ્મરણ કર્યું છે.

સં૰ ૧૭૨૧માં ઉપા૰ શ્રી મેઘવિજયે ગૂંથેલી 'શ્રી પાર્શ્વનાથ નામમાલા'માં પણ શ્રી વાડી પાર્શ્વનાથનું નામ ગ્રંથિત થયું છે.

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં વાડી પાર્શ્વનાથના ચૌમુખ જિનાલયનો ઉલ્લેખ થયો છે.

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં પણ વાડી પાર્શ્વનાથ ચૌમુખજીનો ઉલ્લેખ થયેલો છે.

૧૮મી સદીમાં રચાયેલી 'શ્રી વૃદ્ધિવિજયગણિરાસ'માં શ્રી સુખસાગર કવિએ મંગલાચરણ કરતાં શ્રી વાડી પાર્શ્વનાથને પણ નમસ્કાર કર્યા છે.

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં વાડી પાર્શ્વનાથના જિનાલયને ઝવેરીવાડા વિસ્તારમાં **શિખર વિનાનું** હોવાનું દર્શાવ્યું છે. જિનાલયમાં ચૌદ આરસપ્રતિમા અને ઓગણત્રીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. જિનાલય જીર્ણ અવસ્થાવાળું હતું. ત્યારબાદ જિનાલયનો પુનરુદ્ધાર સં૰ ૧૯૬૪માં શરૂ થયો અને સં૰ ૧૯૭૪માં તેની પુનઃપ્રતિષ્ઠા થઈ. જીર્ણોદ્ધાર પૂર્વે આ જિનાલય કાષ્ઠની કોતરણીનો એક વિરલ અને અનુપમ નમૂનો હતું. આ જિનાલયમાંની કાષ્ઠ કલા-કારીગરીને કારણે ગુજરાતની કાષ્ઠકલાની ખ્યાતિ પરદેશ સુધી પહોંચી હતી. પરદેશી વિદ્વાનોએ પણ આ કાષ્ઠકલાકારીગરીના ભરપેટ વખાણ કર્યા છે. આવી અનુપમ કાષ્ઠ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કલાકારીગરી જીર્ણોદ્ધાર કરતી વેળાએ સાચવી લેવામાં ન આવી તે ગુજરાતની જૈન કલા-પરંપરાના ઇતિહાસની એક દુઃખદ અને દુર્ભાગ્યપૂર્ણ ઘટના છે. આ કલાકારીગરીના તે સમયના સચવાયેલ ફોટોગ્રાફ્સની એક પ્રતિકૃતિ ગ્રંથમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલય શિખરબંધી દર્શાવ્યું છે. જિનાલયમાં ચૌદ આરસપ્રતિમા અને અઠ્ઠાવીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. વહીવટ શાહ મોહનલાલ વાડીલાલ હસ્તક હતો. જિનાલયની સ્થિતિ સારી હતી.

આજે જિનાલયનો વહીવટ શેઠ ધરમચંદ અભેચંદની પેઢી હસ્તક છે. વાડી પાર્શ્વનાથના ગભારામાં ભગવાનના સિંહાસન પાસે કોતરણીયુક્ત તોરણોના સ્તંભોની નીચેના ભાગમાં સં૰ ૧૬૫૧નો લેખ છે. તથા ચૌમુખી પ્રતિમા પૈકીની પ્રતિમા પર સં૰ ૧૬૫૩નો લેખ છે. ઉપરાંત ઉપરના માળે મૂળનાયક આદેશ્વરની પ્રતિમા પર સં૰ ૧૬૬૭નો લેખ છે.

સં૰ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીનું સંપાદન મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી મ૰ સા૰એ કર્યું હતું જે હસ્તપ્રતનો આ સંપાદનમાં આધાર લીધો હતો તે હસ્તપ્રત પણ **સં૰ ૧૬૪૮**માં લખાયેલી હતી. તે સમયે પ્રસ્તુત ચૈત્યપરિપાટીમાં અગાઉ ઉપર જણાવ્યા પ્રમાણે વડીપોસાળના પાડામાં વાડીપુરમંડન પાર્શ્વનાથનો ઉલ્લેખ થયો છે. ઉપરાંત વાડીપુર પરામાં પણ અમીઝરા પાર્શ્વનાથના જિનાલયનો ઉલ્લેખ થયો છે. એટલે કે અમીઝરા પાર્શ્વનાથ તથા વડીપોસાલમાંનું વાડીપુરમંડન એક જ સમયે વિદ્યમાન હતાં. તેથી વાડીપુરના અમીઝરા પાર્શ્વનાથ વડીપોસાલમાં વાડી પાર્શ્વનાથ તરીકે ઓળખાયાના તે મુજબના અભિપ્રાયની પુનઃ ચકાસણી કરવી જરૂરી લાગે છે. સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટી **સં૰ ૧૫૭૬**માં રચાઈ છે. પાટણ નગરના પરામાં આવેલા જૈન મંદિરોનો તેમાં ઉલ્લેખ છે.

વાડી દઉલતપુરિ સહી સા ભમરોલી, ભવિયણ સારઈ સેવ,
વડલી, વાવડી, કઉણગિરઈ સા ભમ૰, નમસિઉં સીસ નમેવિ.
કતઉપુરિ પણમઉં સદા સા ભમ૰, મંગલપુરી જિણચંદ ત,
ઇણ પરિ ચૈત્રપ્રવાડિ કરી સા ભમ૰, ભેટ્યા સંતિ જિણંદ ત.

એમાં નિર્દિષ્ટ પરાં પૈકી વાડી, દોલતપુર અને કતઉપુર હાલ નથી. વડલી અને વાવડી એ હાલના પાટણની પશ્ચિમે આવેલાં નાનાં ગામ છે. 'કઉણગિરિ' એ પાટણથી નૈર્ઋત્ય ખૂણે ચારેક માઈલ દૂર આવેલું કુણઘેર છે. પ્રબન્ધાદિમાં એનું 'કુમરગિરિ' નામ મળે છે. રાજા કુમારપાળે ત્યાં બંધાવેલા એક મંદિર ઉપરથી એ નામ પડ્યું છે.

આમ અહીં ઉપલબ્ધ સ્રોતને આધારે જિનાલયની સાલ નક્કી કરવી મુશ્કેલ છે. શિલાલેખને આધારે જિનાલય **સં૰ ૧૬૫૨**ના સમયનું છે.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ટાંગડિયાવાડો

આદેશ્વર-પદ્મપ્રભુ (સં૰ ૧૫૭૬ પૂર્વે)

ટાંગડિયાવાડામાં સહસ્રફણા પાર્શ્વનાથના જિનાલયની સામેની બાજુ પથ્થરનું તથા આરસનું બનેલું અતિ પ્રાચીન એવું શ્રી આદેશ્વર-પદ્મપ્રભુનું સંયુક્ત શિખરબંધી જિનાલય આવેલું છે. પ્રાચીન ચૈત્યપરિપાટીઓમાં આ જિનાલય ક્યારેક પદ્મપ્રભુ, ક્યારેક આદેશ્વર તો ક્યારેક સંયુક્ત જિનાલય તરીકે ઓળખાય છે. આજે આ જિનાલયની સ્થિતિ સામાન્ય છે.

પ્રવેશદ્વારની બારસાખે તથા થાંભલા પર પૂતળીઓ અને વચ્ચે કમાનો છે. બહાર બે દ્વારપાલની રચના છે. પ્રવેશદ્વારની ઉપરની દીવાલની કોતરણી તથા રંગકામ સુંદર છે. બે બાજુ બે બારી ઉપર મદારી તથા નાગનું શિલ્પ છે.

રંગમંડપ સાદો છે. તેમાં બે ગોખ છે જે પૈકી એકમાં શેઠ-શેઠાણીની આરસમૂર્તિ અને અન્યમાં ભૈરવની આરસમૂર્તિ છે. મૂળનાયકની જમણી બાજુ રંગમંડપમાં એક દેવકુલિકા છે જેમાં પદ્મપ્રભુની ૪૯'' ઊંચાઈવાળી પ્રતિમા બિરાજે છે. તેની આજુબાજુ ઋષભદેવનાં પગલાંની બે જોડ છે જેની ઉપર 'સંવત ૧૮૮૮ પોષ વદ ૮' લખેલું છે.

ત્રણ દ્વારવાળા ગભારામાં મૂળનાયક તરીકે ૧૫'' ઊંચાઈ ધરાવતી શ્રી આદેશ્વરની પ્રતિમા બિરાજમાન છે. ગભારામાં અગિયાર આરસપ્રતિમા તથા આડત્રીસ ધાતુપ્રતિમા છે. અહીં ચોવીસજિનમાતાનો આરસનો એક પટ છે. ઉપરાંત આરસની એક યક્ષમૂર્તિ તથા ત્રણ પેનલમાં ત્રણ ભગવાન છે. પગલાંની ત્રણ જોડ છે.

ઐતિહાસિક સંદર્ભ

આ વિસ્તાર અગાઉ **ત્રાંગડીયાવાડો** તરીકે પણ પ્રચલિત હતો. આ વિસ્તારમાં **સં૰ ૧૫૭૬**માં સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં પદ્મપ્રભુનું જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ મળે છે :

> **ત્રાંગડીયાવાડા** ભણી જિણ ભેટણ મુઝ ષંતિ. ૧૬
> **પદમપ્રભ** છટ્ઠઉ નમઉં એ, પરિહરિ મનહ પ્રામાદ ત,
> કુગતિ કુમતિ દૂરઈ ગમઉ એ, સુણિયઈ ઘંટહનાદ ત.

ત્યારબાદ **સં૰ ૧૬૧૩**માં સંઘરાજરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ મળે છે :

> આવ્યા **પાટકિ ત્રાંગડીઈ** રે, **ઋષભનઈ દેહરઈ** ચડીઈ.
> જિહાં પાપ અઢારઈ નડીઈ રે, પુણ્યરયણે તિહાં વલી જડીઈ॥૩૧॥
>
> **જિમણઈ પદ્મપ્રભ સ્વામી** રે, પાસ પૂરઈ વંછિત કામી.
> ત્રણિસઈ પંચ્યોત્તરિ પ્રતિમા રે, નિરુપમ જેહનઉ મહિમા ॥૩૨॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં૰ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આ વિસ્તારમાં ઉપર્યુક્ત સંયુક્ત જિનાલયની નોંધ પ્રાપ્ત થાય છે :

ત્રાંગડીઆનઈ પાડઈ આદિ જિણેસર, અઠાવીસ પ્રતિમા કહી એ
પદમપ્રભ જિન છટ્ઠા વંદન કીજઈએ, સીઝઈ કાજ સઘલાં સહી એ ૯૦

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં પણ આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ મળે છે :

ત્રાંગડિયા વાડામાંહી, **ઋષભ** સોહામણા રે. ઋષભ સો૰
બિંબ ચારસે ચાર કે, તિહાં જિનવર તણા રે, તિહાં જિન૰ ॥૫॥

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં આદેશ્વર તથા પદ્મપ્રભુના સંયુક્ત જિનાલયનો ઉલ્લેખ મળે છે :

ત્રાંગડીયાવાડે નમું, **આદિ** જિનેસર દેવ,
પાસેં **પદ્મપ્રભુ** તણા, પાય પ્રણમુ નિત્યમેવ. ૨.

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં આ વિસ્તારમાં એક જિનાલય વિદ્યમાન હોવાનો ઉલ્લેખ મળે છે :

ત્રાંગડીઈ પાડેં એક દેહરો, સાનેં પાડેં દોય. સં૰ ૬

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં ટાંગડિયાવાડામાં આ દેરાસરનો ઉલ્લેખ નીચે મુજબ મળે છે :

આદીશ્વરં ચ કિલ **ટાંગડિયાખ્યવાડે**, શાંતિં નમામિ વિદિતાખિલલોકબોધમ્ ।

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં આદેશ્વરનું આ જિનાલય એક શિખરવાળું હોવાનું દર્શાવ્યું છે. જિનાલયમાં સોળ આરસપ્રતિમા તથા તેર ધાતુપ્રતિમા બિરાજમાન હતી. પગલાંની સાત જોડનો પણ ઉલ્લેખ થયેલો છે. વહીવટદાર તરીકે શા૰ મગનલાલ ઘેલાચંદનો ઉલ્લેખ છે. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલય ધાબાબંધી દર્શાવ્યું છે. જિનાલયમાં બાર આરસપ્રતિમા તથા ચાળીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. ઉપરાંત શેઠ-શેઠાણીની આરસમૂર્તિઓનો પણ ઉલ્લેખ થયેલો છે. જિનાલયની સ્થિતિ સારી હતી. વહીવટ શેઠ ધરમચંદ ઉદેચંદની પેઢી હસ્તક હતો.

આજે જિનાલયમાં બાર આરસપ્રતિમા અને આડત્રીસ ધાતુપ્રતિમા બિરાજમાન છે. વહીવટ શેઠ ધરમચંદ અભેચંદની પેઢી હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૫૭૬ પૂર્વે**નું છે.


• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ટાંગડિયાવાડો

શેષફણા પાર્શ્વનાથ (સં૰ ૧૮૪૪ આસપાસ)

ટાંગડિયાવાડામાં આવેલી ભોજનશાળાના પાછળના ભાગમાં બાજુમાં મોટા ચોક જેવી જગામાં શ્રી શેષફણા પાર્શ્વનાથ અથવા સહસ્રફણા પાર્શ્વનાથન – એમ બન્ને નામોથી પ્રચલિત શિખરબંધી પથ્થર અને આરસનું બે માળનું જિનાલય આવેલું છે. જિનાલયના વિસ્તારના પ્રમાણમાં આજુબાજુનો વિસ્તાર ઘણો મોટો છે. વચ્ચે મુખ્ય જિનાલય છે અને ચારે બાજુ ફરતે ચાર દેવકુલિકાઓ છે, જેમાં પટ, પગલાં, સહસ્રફૂટ વગેરે જોવા મળે છે. આ રચના નીચેના આલેખથી સ્પષ્ટ થશે :



પ્રવેશદ્વારેથી પહેલા મુખ્ય જિનાલયમાં જવાય અથવા ત્યાં માત્ર દર્શન કરી ચારેબાજુની દેવકુલિકામાં ફરી શકાય. જિનાલયને સામસામે બે પ્રવેશદ્વાર છે. પ્રવેશચોકીએ સ્થંભ તથા તોરણોને રંગકામ થયેલું છે. ગભારો અતિ નાનકડો છે – માત્ર એક કે બે વ્યક્તિ સેવા કરી શકે તેવો. ૧૫'' ઊંચાઈના શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ અહીં મૂળનાયક તરીકે બિરાજમાન છે. મૂળનાયકને લેખ છે પણ તેના અક્ષરો પાછળ જતા રહેલા હોઈને માત્ર 'સં૰ ૧૮૪૪ વર્ષે વૈશાખ વદિ ....' લખાણ વાંચી શકાયું છે. અહીં ત્રણ આરસપ્રતિમા, બે ધાતુપ્રતિમા અને પગલાંની ત્રણ જોડ છે જેમાં એકમાં 'સં૰ ૧૮૧૩ વૈશાખ સુદ ૩' વંચાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુખ્ય જિનાલયમાં દર્શન કર્યા બાદ ફરી જિનાલયના મુખ્ય પ્રવેશદ્વારની ડાબી બાજુની દેવકુલિકામાં ગણધરપગલાંનાં દર્શન થાય છે. અહીં ૧૪૫૨ ગણધરના પગલાંની જોડ છે ! વિજય તેજેન્દ્રસૂરિએ વૈશાખ સુદ ૭ ગુરુવારે તેની પ્રતિષ્ઠા કરાવેલ છે, તેવું લખાણ છે. બીજા એક ખૂણે પગલાંની અન્ય ત્રણ જોડ છે જેના પર સં૰ ૧૮૫૬ લખેલ છે. તેની સામેના ખૂણે ગોખલામાં ૧૭૦ ઉત્કૃષ્ટા જિનનાં નાનાં પગલાં છે. તેની ઉપર પણ સં૰ ૧૮૫૬નો લેખ છે. ત્યાંથી આગળ જતાં ચક્રેશ્વરીદેવીનો ગોખ આવે છે. સં૰ ૨૦૪૨માં શ્રી રતીલાલ લક્ષ્મીચંદ ભણશાળીએ તેનો જીર્ણોદ્ધાર કર્યો હોવાનું લખાણ છે. ભણશાળી કુટુંબના કુળદેવી તરીકે આ દેવી પૂજાય છે. ત્યાંથી આગળ જતાં, બીજે ખૂણે દેવકુલિકામાં આરસના સહસ્રકૂટ છે. તેની પર સં૰ ૧૮૫૬ વંચાય છે.

ત્યાંથી આગળ જમણી બાજુ જતાં, વચ્ચે ઋષભદેવનાં તથા સિદ્ધિસૂરિનાં પગલાંના અને પટનાં દર્શન થાય છે. દેરીમાં પગલાંની એક જોડ છે. તેની પાસે પાળી પર, જાળીથી સુરક્ષિત ગિરનાર અને શત્રુંજયના પટ છે. તેના પર 'સં૰ ૧૯૫૪ વૈશાખ સુદ ૬ શ્રી વિજય રાજેન્દ્રસૂરિ' વંચાય છે. જ્યારે ઋષભદેવનાં પગલાં પર 'સં૰ ૧૯૫૫ વૈશાખ સુદ ૩' વંચાય છે. ગિરનારના પટથી આગળ જતાં પગલાંની એક જોડ છે. સં૰ ૧૭૦૯માં સિદ્ધિસૂરિની આ પાદુકા પ્રતિષ્ઠિત થઈ છે.

ત્યાંથી સામેની બાજુ આગળ જતાં ત્રીજી દેવકુલિકા આવે છે. તેમાં ચૌમુખી પ્રતિમા બિરાજમાન છે. તેની ઉપર ઘુમ્મટ છે. આ ચૌમુખીમાં ચંદ્રપ્રભુ તેમની જમણી બાજુ શાંતિનાથ, પાછળ ધર્મનાથ તથા ડાબી બાજુ પાર્શ્વનાથ બિરાજે છે.

ત્યાંથી સીધા આગળ જઈએ એટલે શાંતિનાથની દેવકુલિકા આવે. દેવકુલિકાની સામેની બાજુએ સીડી છે ત્યાંથી ઉપર જતાં મેડા પરની દેવકુલિકામાં આરસના સુંદર મેરુશિખર છે. અહીં પણ મોટાભાગની પ્રતિમાઓ પર સં૰ ૧૮૫૬નો લેખ વાંચી શકાય છે. અહીં સ્વચ્છતાનો અભાવ જણાય છે.

આટલે સ્થળે જઈએ એટલે જિનાલયના સંપૂર્ણ દર્શન થાય છે. વિપુલ રાશિમાં જિનપ્રતિમા તથા પંટ અને સહસ્રકૂટ તથા મેરુશિખરની રચના એ આ જિનાલયની વિશેષતા છે. અહીં આ એક જ સ્થળે કુલ તેંતાળીસ આરસપ્રતિમા ઉપરાંત આરસના બે ચૌમુખજી તથા આરસના સહસ્રકૂટની એક હજાર અને ચોવીસ પ્રતિમાઓ છે. ઉપરાંત નવ ધાતુપ્રતિમાનાં દર્શન થાય છે. પગલાં કુલ ૧૬૩૧ જોડ છે જે પૈકી ૧૪૫૨ ગણધરના, ૧૭૦ તીર્થંકરના, ઉપરાંત જિનાલય અને દેવકુલિકામાં અને ગોખમાં મળીને તીર્થંકર તથા ગુરુપાદુકા સાથે નવ પગલાંની જોડ છે. જિનાલયની વર્ષગાંઠ વૈશાખ વદ ૧૦ના રોજ આવે છે.

ઐતિહાસિક સંદર્ભ

આ જિનાલયનો સૌ પ્રથમ ઉલ્લેખ **સં૰ ૧૯૫૯**માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં મળે છે :

..... **ટાંગડિયાખ્યવાડે, શાંતિં** નમામિ વિદતાખિલલોકબોધમ્ ।
વંદે **સહસ્રફણિમંડિતપાર્શ્વનાથં**, સંસારતાપ પરિખેદ સુવારિવાહમ્ ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શાંતિં ચ ચારુ **ગિરિનાર પટં** નમામિ, **શત્રુંજયસ્ય પટમત્ર સહસ્રકૂટં** ।
બિમ્બં ચતુર્મુખજિનસ્ય ગિરિં ચ મેરું, રત્નેષુ ધર્મમિતપાદગણં ગણિનામ્

એટલે કે **સં૰ ૧૯૫૯**માં આ જિનાલયમાં સહસ્રફણા પાર્શ્વનાથ, શાંતિનાથ, ગિરનાર, શત્રુંજય, સહસ્રકૂટ, ચૌમુખ તથા મેરુશિખરની આરસરચનાઓનો ઉલ્લેખ છે.

ત્યારબાદ **સં૰ ૧૯૬૩**માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં સહસ્રફણા પાર્શ્વનાથના આ જિનાલયને એક શિખરવાળું દર્શાવ્યું છે. ૧૦૭૫ (સહસ્રકૂટની ૧૦૨૪ પ્રતિમા ગણવામાં આવી છે) આરસપ્રતિમા તથા ત્રેવીસ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. પગલાંની ૧૪૫૮ જોડનો ઉલ્લેખ થયેલો છે. જિનાલયની સ્થિતિ સારી હતી.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં આ જિનાલયને ધાબાબંધી હોવાનું દર્શાવ્યું છે. જિનાલયમાં દસ આરસપ્રતિમા અને તેર ધાતુપ્રતિમા બિરાજમાન હતી. એક ગુરુમૂર્તિ પણ વિદ્યમાન હતી. વહીવટ શેઠ ધરમચંદ ઉદેચંદની પેઢી હસ્તક હતો.

આજે આ જિનાલયમાં તેતાળીસ આરસપ્રતિમા તથા નવ ધાતુપ્રતિમા ઉપરાંત સહસ્રકૂટ બિરાજમાન છે. વહીવટ શેઠ ધરમચંદ અભેચંદ જૈન સંઘની પેઢી હસ્તક છે. મૂળનાયક પ્રતિમા પર સં૰ ૧૮૪૪નો લેખ છે. સહસ્રકૂટ પર સં૰ ૧૮૫૬નો લેખ છે.

અમારી માન્યતા પ્રમાણે આ જિનાલય **સં૰ ૧૮૪૪ આસપાસ**ના સમયનું છે.

• • •

ખરાખોટડી

આદેશ્વર - શાંતિનાથ (સં૰ ૧૬૧૩ પૂર્વે)

ખરાખોટડીના પાડામાં છેક અંદરના ભાગમાં ખુલ્લી વિશાળ જગ્યામાં બાવન જિનાલય આવેલું છે. અહીં ત્રણ જિનાલયોને એકમાં સમાવિષ્ટ કરી દેવામાં આવ્યા છે. તે પૈકી એક ઘરદેરાસર હતું અને બે જિનાલયો તદ્દન નજીકના હતા. સં૰ ૨૦૧૧માં જીર્ણોદ્ધાર થયા બાદ સં૰ ૨૦૧૬માં પુનઃપ્રતિષ્ઠા કરવામાં આવેલ છે. આ જિનાલયનો વહીવટ અગાઉ પાટણની દોશીવટ બજારમાંની શ્રી ધરમચંદ અભેચંદની પેઢી દ્વારા કરવામાં આવ્યો હતો. પરંતુ સમય જતાં મહોલ્લાનાં કુટુંબોએ ભેગા થઈ ટ્રસ્ટ રજીસ્ટર્ડ કરાવી વહીવટ સંભાળી લીધો છે. અહીં પાસપાસેના આદેશ્વર અને શાંતિનાથનાં જિનાલયો એક બન્યાં છે. પરંતુ તેના ગભારા, રંગમંડપ તથા પ્રવેશદ્વાર અલગ જ છે. રંગમંડપમાં બે જિનાલયોની વચ્ચે દીવાલ નથી.

મૂળનાયક આદેશ્વરના જિનાલયના મુખ્ય પ્રવેશદ્વારની બહાર એક ગોખમાં શ્રી ઘંટાકર્ણ વીર છે. જિનાલય ઘુમ્મટબંધી છે. રંગમંડપની ઉપરની છતમાં સુંદર રંગકામ છે જેમાં રાસ રમતી નારીઓ ચિત્રિત કરવામાં આવેલ છે. શત્રુંજયનો મોટો પટ છે.

કોતરણીવાળા ત્રણ ગર્ભદ્વારની બારસાખ સુંદર કોતરણી ધરાવે છે જેમાં કરેલું રંગકામ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખૂબ સુંદર છે. ૪૩'' ઊંચાઈ ધરાવતી આદેશ્વરની સપરિકર પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. આજુબાજુની આરસપ્રતિમાના પરિકર સુંદર કોતરણીવાળા છે. વળી, ગભારામાં ચોવીસ તીર્થંકરનો આરસનો પટ તથા ચોવીસ જિનમાતાનો આરસનો પટ છે. અહીં સ્થૂલિભદ્ર તથા ગૌતમસ્વામીની આરસમૂર્તિઓ છે. ગભારામાં કુલ પાંચ આરસપ્રતિમા છે જે પૈકી બે કાઉસ્સગ્ગિયા છે. બે ધાતુપ્રતિમા છે. ડાબે ગભારે પાર્શ્વનાથ તથા જમણે ગભારે ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમા બિરાજે છે.

જગવિખ્યાત સંગ્રામ સોનીના નામથી આ જિનાલય પ્રસિદ્ધ છે. આ સંગ્રામ સોની માટે એક એવી કથા પ્રચલિત છે કે તેઓ ભગવતી સૂત્રના પઠન સમયે દરેક 'ગોયમા' શબ્દના વાંચન વખતે એક સોનામહોર મૂકી તેનું બહુમાન કરતા હતા !

મૂળનાયક આદેશ્વરની જમણી બાજુએ પ્રતિષ્ઠિત શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમાના પલાંઠીના ભાગમાં પોલાણ છે અને તેમાં સવામણ ચોખા સમાઈ શકે છે તેવી પ્રચલિત લોકવાયકા છે. તેને પ્રમાણભૂત કરવા ઈ૰ સ૰ ૧૯૯૩માં કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો જેમાં ચોખાનો ચડાવો તથા ભરવાનો ચડાવો બોલાવી આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજીના સમુદાયના પૂજ્ય સાધ્વીજી મહારાજ શ્રી સૌમ્યયશાશ્રીજીની પ્રેરણાથી ભાદરવા વદ અમાસને દિવસે શ્રી ચતુર્વિધ સંઘની હાજરીમાં આખો પ્રસંગ ઊજવાયો. સવામણ ચોખા ખરે જ પ્રભુની પલાંઠીના પોલાણમાં સમાઈ ગયા ! અને શ્રાવકો ચમત્કાર જાણી આનંદિત થઈ ઊઠ્યા. આ સમયે આ પ્રતિમા અને અન્ય બે પ્રતિમાઓ – કુંથુનાથ તથા મુનિસુવ્રતસ્વામીની મળી ત્રણેય પ્રતિમાઓ પર સતત દોઢ દિવસ સુધી અમીઝરણાં થયા હતા. સકલ સંઘજનોએ તેનાં દર્શન કર્યાં હતાં.

આદેશ્વરની બાજુમાં સમાવિષ્ટ થયેલું શાંતિનાથનું જિનાલય છે. તેના પ્રવેશદ્વારના બહારના ભાગમાં શ્રી માણીભદ્રવીરની પ્રતિમાવાળી દેરી છે. અહીં રંગમંડપમાં છતમાં રાસ રમતી નારીનાં ચિત્રો છે. રંગમંડપમાં અષ્ટાપદ, શત્રુંજય અને સમેતશિખરના પટ છે.

ત્રણ ગર્ભદ્વારની બારસાખ રંગીન કોતરણીવાળી છે. અહીં ૨૭'' ઊંચાઈ ધરાવતી શાંતિનાથની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. અહીં પણ મૂળનાયકની જમણી બાજુએ પ્રતિષ્ઠિત શામળા પાર્શ્વનાથની પ્રતિમામાં પલાંઠીનો ભાગ પોલાણવાળો છે. હાલમાં આ ગભારામાં કુંથુનાથ અને મુનિસુવ્રતસ્વામીની આરસપ્રતિમાને પરોણા રાખવામાં આવ્યા છે જેને બાજુના આદેશ્વરના જિનાલયમાં આવેલા રંગમંડપના બે ગોખમાં પ્રતિષ્ઠિત કરવામાં આવનાર છે. આ પ્રતિમાઓ પર સં૰ ૨૦૪૬ લખેલ છે. ગભારામાં ગૌતમસ્વામી તથા પુંડરીકસ્વામીની આરસમૂર્તિઓ છે. ઉપરાંત આરસના પગલાંની ચાર જોડ છે જે પૈકી ત્રણ પર માત્ર સંવત ૧૭૬૬, ૧૬૮૯, ૧૮૫૨ વાંચી શકાય છે. અહીં ગભારામાં બાર આરસપ્રતિમા તથા આડત્રીસ ધાતુપ્રતિમા છે. અહીં ડાબે ગભારે સુવિધિનાથ તથા જમણે ગભારે સુપાર્શ્વનાથ બિરાજે છે.

મૂળ શ્રી અમૃતલાલ ત્રિભોવનદાસ રાણીવાલાના ઘરનું આદેશ્વરનું જિનાલય શાંતિનાથના જિનાલયના રંગમંડપમાં અલગ ગોખલા જેવું બનાવી સંવત ૨૦૦૦માં પધરાવવામાં આવેલ છે જેમાં બાર ધાતુપ્રતિમા છે. તથા કમળની નવ પાંદડીમાં નવ ભગવાન છે. ગોખલાની નીચેના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાગમાં લખાણ છે : "શા૰ ઉમેદચંદ તલકચંદના સુપૌત્રો તરફથી રાણીવાલાનું આ ઘરદેરાસર બંધાવી શ્રી સંઘને અર્પણ કર્યું જે સંવત ૨૦૦૦ના ફાગણ સુદ પાંચમે પ્રતિષ્ઠા થઈ."

સંવત ૨૦૧૬ની સાલમાં શાંતિનાથ અને આદેશ્વરના ગભારાને ફરતે બાવન જિનાલય – દેરીઓની પુનઃપ્રતિષ્ઠા કરવામાં આવી જેમાં એકાવન દેરીમાં એકાવન પ્રતિમાઓ છે જે પૈકી અગિયાર પ્રતિમાઓ સપરિકર છે. દેરીઓ ઉપર અર્ધાકારે શિખરો કોતરેલ છે અને એક જ રંગથી રંગવામાં આવેલા છે. બાવન જિનાલયના શરૂઆતના ભાગમાં જ ખૂણામાં ત્રણ મૂર્તિઓ છે જે પૈકી એક મૂર્તિ ઉપર સંવત ૧૪૩૮ શ્રી દેવપાલસૂરિ, બીજી મૂર્તિ ઉપર સંવત ૧૬૨૭ શ્રી શીલસાગરસૂરિ તથા ત્રીજી મૂર્તિ ઉપર સંવત ૧૬૫૨ શ્રી જિતચંદ્રસૂરિ નામ વંચાય છે. ઉપરાંત પગલાંની પાંચ જોડ છે જેની ઉપર નામ તથા વર્ષ લખેલ છે પરંતુ સુવાચ્ય ન હોઈને અત્રે ઉલ્લેખ કરેલ નથી.

ઐતિહાસિક સંદર્ભ

અગાઉ આ વિસ્તાર **ષરાકોટડી, ષરાકોડી** તથા **ખરાકોટીનો પાડો** નામથી પ્રસિદ્ધ હતો.

સં૰ ૧૫૭૬માં સિદ્ધિસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ષરાકોટડી**માં વાસુપૂજ્ય-સ્વામીના જિનાલયનો ઉલ્લેખ મળે છે :

વાસપૂજ્ય પૂજઉ મન ભાવઇ જિન સુષસંપદ નિજ ઘરિ આવઇ,
ષરાકોટડી સુહાવઇ. ૧૩

ત્યારબાદ **સં૰ ૧૬૧૩**માં શાંતિનાથ તથા આદેશ્વરનાં જિનાલયો ઉપરાંત પાર્શ્વનાથના ઘરદેરાસરનો ઉલ્લેખ થયેલો છે. આ ઘરદેરાસર સાહા સદરથનું દર્શાવ્યું છે. તે સમયે પણ આ જિનાલય બાવન દેરીવાળું હતું.

ષરાકોડી મઝારિ **શાંતિ** ભવનિ જઈ, ભાવના તિહા ભાવસું એ
બાવન દેહરી માહિ દેઈ, પ્રદક્ષણા **આદિ** ભવન માહિ આવસૂ એ ૭૮

પ્રતિમા એકસુ નવ બેહૂ દેહરઈ થઈ, **સાહા સદરથ ઘરિ** સાંચરુ એ
તિહા છઈ **પારશ્વનાથ** ચંદવદન મુખ બિંબ પાંચ શેવા કરુ એ ૭૯

સં૰ ૧૬૪૮માં લલિતપ્રભસૂરિરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ષરાકોટડી** વિસ્તારમાં માત્ર બે ઘરદેરાસરનો ઉલ્લેખ થયેલો છે. ૧. ચંદ્રપ્રભુ (આસધીરના ઘરે) અને ૨. પાર્શ્વનાથ (સદયવછના ઘરે). જ્યારે તેની બાજુમાં આવેલા અષ્ટાપદમાં શાંતિનાથ તથા આદેશ્વરનાં જિનાલય ઉપરાંત ચંદ્રપ્રભુનું જિનાલય તથા બે ઘરદેરાસરોનો ઉલ્લેખ થયેલો છે. ૧. પાર્શ્વનાથ (સોની તેજપાલના ઘરે) અને સુમતિનાથ (ટોકર સોનીના ઘરે). એટલે કે ખરાકોટડી અને અષ્ટાપદ વિસ્તાર એકબીજામાં ભળી ગયા હોય તેમ લાગે છે.

સતસઠિ જિનવર હોઈ, પ્રણમી આવીઇ **ષરાકોટડી** જિહાં અછઇ એ.
આસધીર ઠાકર દેહરઈ, ચંદ્રપ્રભ જિનવર બિ પ્રતિમા પૂજી અછઇ એ ॥૨૬॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સદયવછ ઠાકર દેહરઈ, પાસ જિણેસર બિ પ્રતિમાસ્યું પરવરયા એ.
અષ્ટાપદ અવતાર, દેષી હરષ્યા એ **ચંદ્રપ્રભજિન** ગુણિ ભર્‌યા એ ॥૨૭॥

ઓગણસઠિ જિનબિંબ, થૂંભ અનોપમ બિંબ રયણમય ઈક ભણું.
ષરતરનઉં વલી ચૈત્ય, સોલમ જિનવર બાવનજિણાલું તેહ તણું એ ॥૨૮॥

જુહારી આવ્યા **બીજઉ, પ્રથમ જિણેસર** (અ)દભુત મૂરતિ પેખિલા એ.
ચૈત્ય બિંના મેલી, બિસઇ બિહુત્તરિ માતપિતા જિન નિરષીલા એ ॥૨૯॥

સોની તેજપાલ ઘરિ, પાસ જિણેસર ઉગણત્રીસ પ્રતિમા જુહારીઇ એ.
ટોકર સોનીગેહિ સુમતિ જિણંદજી પ્રતિમા ચ્યારિ ઉદ્ધારઇ એ ॥૩૦॥

અષ્ટાપદજીના વિસ્તારમાં દર્શાવેલા શાંતિનાથના જિનાલયને ખરતરગચ્છના ચૈત્ય તરીકે ઓળખાવ્યું છે. ઉપરાંત અહીં બાવન જિનાલય તરીકેની પણ નોંધ આવે છે.

સં૰ ૧૬૧૩માં પણ આ જિનાલયને બાવન જિનાલય જ દર્શાવવામાં આવ્યું છે.

સં૰ ૧૭૨૯માં પંડિત હર્ષવિજયરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ખરાકોટડી** વિસ્તારમાં શાંતિનાથ તથા આદેશ્વરના જિનાલય ઉપરાંત અષ્ટાપદના જિનાલયો ચંદ્રપ્રભુ, ચંદ્રપ્રભુ તથા નગીનો પાર્શ્વનાથનો ઉલ્લેખ થયેલો છે :

ખરાકોટડીમાંહિ પ્રસાદ મનોહરુ રે. કે પ્રાસાદ મનો૰
પંચમેરુ સમ પંચ કે, ભવિયણ ભવહરુ રે. કે ભવિ૰ ॥૧॥

અષ્ટાપદ પ્રાસાદ કે, **ચંદ્રપ્રભ** લહી રે. કે ચંદ્ર૰
નવસત ઉપર સાત કિ, પ્રતિમા તિહાં કહી રે. તે પ્રતિ૰ ॥

ચંદ્રપ્રભ પ્રસાદ કે, તેર જિણેસરુ રે. કે તેર૰
પાસ નગીનો ષટ જિન, સાથે દિણેસરુ રે. સાથે૰ ॥૨॥

શાન્તિ જિણંદ પ્રાસાદ, દેખી મનહરખીએ રે. દેખી મન૰ ॥
ચોરાસિ જિન પ્રતિમા, તિહાં કણે નિરખીએ રે. તિહાં કણે૰ ॥૩॥

આદિનાથ જગનાથની, મૂરતિ અતિભલી રે. મૂરતિ૰ ॥
પંચાણુ તિહાં પ્રતિમા, વંદો મનરુલી રે. વંદો૰ ॥૪॥

સં૰ ૧૭૭૭માં લાધાશાહરચિત પાટણ ચૈત્યપરિપાટીમાં **ષરાષોટડીની પોળ**માં કુલ છ જિનાલયો દર્શાવવામાં આવ્યાં છે. ૧. આદેશ્વર, ૨. શાંતિનાથ, ૩. પાર્શ્વનાથ, ૪. ચંદ્રપ્રભુ, ૫. નગીના પાર્શ્વનાથ તથા ૬. ચંદ્રપ્રભુ.

પોલેં ષરાષોટડી તણેં ષટ જિનભુવન વિચારી રે
નામ ઠામ કહી દાષવું તે સુણયો નરનારી રે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાટણમેં પ્રભુ પ્રણમીયેં **આદિનાથ સાંતિનાથ**ના ભુવન યુગલ મનમોહઈ રે,
પાસ ભુવન જઈ ભેટીયા **સુપાસ** મૂરતિ અતિ સોહઈ રે.૨ પાટ૰

અષ્ટાપદ જિનમંદરે, **ચંદ્રપ્રભુ** સુખકારી રે,
પાસ નગીનો પ્રણમીઈ, ભુવન બિંબ બલિહારી રે. ૩ પા૰

મૂરતિ **ચંદ્રપ્રભુ** તણી, નિજ સ્વરુપ સું નિરષો રે,
જિન પ્રતિમા જિન સારીષી, આતમ રતિ થઈ પરષો રે. ૪ પા૰

સં૰ ૧૮૨૧માં ઉપા૰ જ્ઞાનસાગરગણિરચિત તીર્થમાલા સ્તવનમાં **ખરાકોટડી**માં કુલ ચાર જિનાલયો વિદ્યમાન હોવાની નોંધ છે, જ્યારે અષ્ટાપદનો અલગ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

ખરાકોટડીઈ ચ્યાર છેં, પોસાલવાડેં ત્રિણ જોય;

સં૰ ૧૯૫૯માં પં૰ હીરાલાલરચિત શ્રી પત્તન જિનાલય સ્તુતિમાં **ખરાકોટીના પાંડા**માં શાંતિનાથ, આદેશ્વર (બાવન જિનાલય) તથા વિમલનાથનાં જિનાલયોનો ઉલ્લેખ મળે છે :

ખડાકોટીપાડે વિમલમતિતોડહં જિનપતિં,
સ્તુવે **શાંતિં** શાંતિપ્રદમવનિગાનાં તનુભૃતામ્ ।
તથૈવં વંદેડહં **પ્રથમજિનનાથં** તમભિતો,
દ્વિપંચાશજ્જૈના લયકલિતજૈનાયતનગમ્ ॥૧૧॥

સં૰ ૧૯૬૩માં જૈન શ્વેતાંબર ડિરેક્ટરીમાં **ખરાકોટડીના પાડા**માં આદેશ્વરના જિનાલયનો ઉલ્લેખ ધાબાબંધી જિનાલય તરીકે થયેલો છે. જિનાલયમાં અડસઠ આરસપ્રતિમા અને તેર ધાતુપ્રતિમા બિરાજમાન હતી. ઉપરાંત પગલાંની છ જોડનો પણ ઉલ્લેખ થયેલો છે. જિનાલયની સ્થિતિ સારી હતી.

જ્યારે **સં૰ ૧૯૬૭**માં, **સં૰ ૧૯૮૨**માં, **સં૰ ૨૦૦૮**માં તથા **સં૰ ૨૦૧૮**માં શાંતિનાથ બાવન દેરી તથા આદેશ્વરનો ઉલ્લેખ થયેલો છે.

સં૰ ૨૦૧૦માં જૈન તીર્થ સર્વસંગ્રહમાં ખરાખોટડીના પાડામાં શાંતિનાથ, આદેશ્વર અને આદેશ્વર (ઘરદેરાસર) – એમ કુલ ત્રણ જિનાલયો વિદ્યમાન હતાં જે પૈકી શાંતિનાથના જિનાલયને ધાબાબંધી હોવાનું દર્શાવ્યું છે. જિનાલયમાં નવ આરસપ્રતિમા અને પંદર ધાતુપ્રતિમા બિરાજમાન હતી. ઉપરાંત ચાર ગુરુમૂર્તિઓનો ઉલ્લેખ થયેલો છે. આદેશ્વરના જિનાલયને ધાબાબંધી દર્શાવ્યું છે. જિનાલયમાં એકસઠ આરસપ્રતિમા અને સોળ ધાતુપ્રતિમા બિરાજમાન હતી. અહીં બે ગુરુમૂર્તિઓ તથા એક શ્રાવક-શ્રાવિકાની મૂર્તિનો ઉલ્લેખ થયેલો છે. ઉપરાંત જિનાલયના પરિકરો સુંદર કોતરકામવાળા છે. તેવી નોંધ પણ થયેલો છે. આ બન્ને જિનાલયોની સ્થિતિ સારી દર્શાવી હતી અને વહીવટ શેઠ ધરમચંદ ઉદેચંદની પેઢી હસ્તક હતો. જ્યારે આદેશ્વરના ઘરદેરાસરમાં પંદર ધાતુમૂર્તિઓ બિરાજમાન હતી. આ ઘરદેરાસરમાં લાકડાનું કોતરકામ છે તેવી નોંધ પણ થયેલી છે. વહીવટ શા૰ અમૃતલાલ ત્રિભોવનદાસ હસ્તક હતો. આ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રણેય જિનાલયોની સ્થિતિ સારી હતી.

આજે આ જિનાલયમાં આદેશ્વરનું ઘરદેરાસર પધરાવવામાં આવ્યું છે. જિનાલયનો વહીવટ મુંબઈનિવાસી શ્રી નવીનચંદ્ર રતિલાલ શાહ તથા શ્રી બાલુભાઈ છોટાલાલ શાહ હસ્તક છે.

ટૂંકમાં આ જિનાલય **સં૰ ૧૬૧૩ પૂર્વે**નું છે.

• • •

આશિષ સોસાયટી, રાજમહેલ રોડ

શ્રી સહસ્રફણા ચિંતામણિ પાર્શ્વનાથ (સં૰ ૨૦૩૫)

આશિષ સોસાયટીમાં પ્રવેશતાં વચ્ચોવચ શ્રી સહસ્રફણા ચિંતામણિ પાર્શ્વનાથનું આરસનું શિખરબંધી ભવ્ય જિનાલય આવેલું છે. જિનાલયનું નિર્માણ સં૰ ૨૦૩૫માં થયેલ છે. પ્રતિષ્ઠા આ૰ શ્રીમદ્ વિજયઉંકારસૂરીશ્વરજીની નિશ્રામાં કરવામાં આવી છે.

બહારના કોટ પર આરસની નાની થાંભલીઓ અને તેની ઉપર નાનાં નાનાં શિખરો જેવી રચના થોડા થોડા અંતરે કરેલ છે. બે બાજુ દીવાલ પર ધર્મચક્ર છે, હાથી તથા ઉપર કમાન પર લક્ષ્મીદેવીની રચના છે. તેની નીચે મંગલ કલશ છે. લોખંડનો સાદો સુંદર ઝાંપો છે.

દશ પગથિયાં ચડતાં આરસનો વિશાળ ચોક આવે છે. પ્રવેશદ્વાર ત્રણ છે. શૃંગારચોકીમાં થાંભલા રંગીન પથ્થરના કરેલા છે. અહીં વિદ્યાધર દેવ દેવીઓની શિલ્પાકૃતિઓ છે.

રંગમંડપ નાનો છે. બન્ને બાજુ અન્ય બે પ્રવેશદ્વાર છે. અહીંથી બહાર નીકળતાં એક બાજુ ધરણેન્દ્ર તથા બીજી બાજુ પદ્માવતીદેવીના ગોખ છે. રંગમંડપની દીવાલોમાં ઉપરના ભાગમાં ઘણાં ચિત્રો છે. આ ચિત્રોનું કામ ખૂબ જ સુંદર છે. વળી, આરસમાં ઉપસાવેલ શત્રુંજય તથા સમેતશિખરનો પટ છે. રંગમંડપમાં ઘુમ્મટ પાસેની કમાનોમાં શિલ્પો તથા ચૌદ સ્વપ્નો ઉપસાવ્યાં છે.

કોતરણીવાળું એક ગર્ભદ્વાર ઉપર હાથી, પરી તથા નીચે દ્વારપાલની કૃતિઓ દેખાય છે. ગભારામાં ૨૫" ઊંચાઈ ધરાવતી શ્રી સહસ્રફણા ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. મૂળનાયકની પ્રતિષ્ઠાનો લાભ સ્વ૰ શ્રી ભગવાનદાસ લલ્લુભાઈ શાહના સુપુત્રોએ લીધેલ છે. જિનાલય નિર્માણ વખતે ખોદકામ કરતાં જમીનમાંથી મળી આવેલ આદેશ્વરની પ્રતિમા પણ અત્રે બિરાજમાન છે.

રંગમંડપની બે બાજુ સામરણયુક્ત શિખરવાળી બે દેવકુલિકાઓ છે. તે પૈકી ડાબી બાજુની દેવકુલિકામાં મૂળનાયક શ્રી સંભવનાથ છે. પ્રતિમાની ઉપર અશોકવૃક્ષ તથા તેની નીચે કળશ સાથેની ઇન્દ્રની કૃતિ છે. તેના નીચેના ભાગમાં છત્ર છે. પ્રતિમાનું મુખ નમણું છે. આ દેવકુલિકાની અંદરના ભાગમાં દીવાલ પર લેખ છે : "શા૰ બાબુલાલ મંગળજી ઊંબરીવાળા આ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરિવાર તરફથી સં૰ ૨૦૪૯ મા૰ વ૰ ૪ ગચ્છાધિપતિ શ્રીમદ્ રામચંદ્રસૂરિશ્વરજી મ૰ સા૰ના ઉપદેશથી'' દેવકુલિકાના કાષ્ઠના દ્વાર પરની કળ પર પરમાત્માની મૂર્તિ તથા આજુબાજુ ચામર વીંઝતાં હાથીની કૃતિ છે.

જમણી બાજુની દેવકુલિકામાં મૂળનાયક શ્રી નમિનાથની પ્રતિમા છે. આજુબાજુ બે ઇન્દ્ર ચામર વીંઝતાં દેખાય છે. તેમને નવી શૈલીનું સુંદર પરિકર માગશર વદ ચોથના રોજ શ્રી રાજતિલકસૂરિ તથા શ્રી મહોદયસૂરિ મહારાજના હસ્તે પ્રતિષ્ઠિત થયેલ છે. દ્વારની રચના તથા પ્રતિમાની ઉપરની અશોકવૃક્ષ આદિની રચના બીજી બાજુની દેવકુલિકા જેવી જ છે.

જિનાલયની બાજુમાં જ ગુરુમંદિર આવેલું છે. તેમાં જિનાલયના જેવી જ ગજથર તથા હંસથરની રચના છે. ગુરુમંદિર શિખરબંધી છે. તેમાં સુંદર કોતરણી છે. અહીં કમળ ઉપર શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ૰ સા૰ની પ્રતિમા બિરાજમાન છે.

જિનાલયનો વહીવટ આ સોસાયટીમાં જ રહેતા શ્રી છનાલાલ પોપટલાલ શાહ, શ્રી ગોકળદાસ પોપટલાલ શાહ તથા શ્રી હરગોવનદાસ ચીમનલાલ શાહ હસ્તક છે.

• • •

ભદ્રંકરનગર સોસાયટી

સુવિધિનાથ (સં૰ ૨૦૪૫)

ભદ્રંકરનગર સોસાયટીમાં પ્રવેશતાં જમણી બાજુ છેલ્લે સુવિધિનાથનું શિખરબંધી જિનાલય આવેલું છે. જમણી અને ડાબી બન્ને બાજુ લોખંડના ઝાંપાવાળા જિનાલયમાં પ્રવેશવાના દ્વાર છે. ચાર પગથિયાં ચડતાં, જિનાલયમાં જવાય.

પ્રવેશદ્વારની બે બાજુ નીચે હાથી સૂંઢમાં કળશ લઈને ઊભેલા છે. ત્રણ પ્રવેશદ્વાર છે જેની ઉપરના ભાગમાં નીચે પ્રમાણેનું લખાણ છે :

''પૂ૰ મહોપાધ્યાય શ્રી મહિમાવિજયજી ગણિવર્યના સદ્ઉપદેશથી શાહ રીખવચંદ મૂળચંદ પરિવાર ટ્રસ્ટ નવનિર્મિત શ્રી સુવિધિનાથ જિનાલય વી૰ સં૰ ૨૫૧૫ પ્રતિષ્ઠા દિન પોષ વદ ૫ શુક્રવાર વિક્રમ સંવત ૨૦૪૫''

રંગમંડપ મધ્યમ કદનો છે. તેની બે બાજુ અન્ય પ્રવેશદ્વાર પણ છે. રંગમંડપમાં બે બાજુ બે ગોખમાં બે આરસપ્રતિમા છે.

એક ગર્ભદ્વારવાળા ગર્ભગૃહમાં સુવિધિનાથની ૨૭'' ઊંચાઈવાળી પરિકરયુક્ત શ્વેત આરસની નયનરમ્ય પ્રતિમા છે. ત્રણ ધાતુપ્રતિમા છે.

જિનાલયને ફરતે થોડી ખુલ્લી જગ્યા છે. અહીં એક બાજુ કેસરની ઓરડી પણ છે. જિનાલયનો ગૃહપ્રવેશ દિન વિ૰ સં૰ ૨૦૪૩, વૈશાખ સુદ ૧૦ શુક્રવાર, તા૰ ૮-૫-૧૯૮૭ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયનો વહીવટ આ સોસાયટીમાં રહેતા શ્રી જયંતિલાલ પૂનમચંદ શાહ અને શ્રી મહેન્દ્રભાઈ જયંતિલાલ શાહ તથા મુંબઈનિવાસી શ્રી હસમુખભાઈ રીખવચંદ શાહ હસ્તક છે.

• • •

ભારતી સોસાયટી

શંખેશ્વર પાર્શ્વનાથ (સં૰ ૨૦૨૩)

ભારતી સોસાયટીમાં પ્રવેશતાં ડાબી બાજુ બહેનોના ઉપાશ્રયની બાજુમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું ઘુમ્મટબંધી જિનાલય આવેલું છે. બીજી બાજુ પુરુષોનો ઉપાશ્રય છે. લોખંડનો જાળીવાળો ઝાંપો છે. તેની ઉપર બે હાથી અને વચ્ચે લક્ષ્મીદેવીની રચના છે. અંદર પ્રવેશતાં સાદા પથ્થરની રંગકામયુક્ત શૃંગારચોકી છે.

ચાર પગથિયાં ચડીએ એટલે જિનાલયના રંગમંડપમાં પ્રવેશવાના ત્રણ પ્રવેશદ્વાર આવે છે. અહીં ચોક છે અને તેની ફરતે આરસની સુંદર થાંભલીઓની કોટ જેવી રચના કરેલ છે. રંગમંડપ અષ્ટકોણીય છે. તેમાં પ્રવેશતાં બન્ને બાજુની દીવાલો પર સુંદર પટ છે. રંગમંડપમાં બે બાજુના ગોખમાં શ્રી ધર્મવિજયજી તથા શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજીની ગુરુમૂર્તિઓ છે. ગભારા પાસેના બે ગોખમાં પદ્માવતીદેવી તથા પાર્શ્વયક્ષની નાની મૂર્તિઓ છે. ગભારાને પ્રદક્ષિણા થઈ શકે તેવી જગ્યા છે. ભોમતીમાં મંગલમૂર્તિ છે.

ગર્ભદ્વાર એક છે. ગભારામાં ૨૧" ઊંચાઈ ધરાવતી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની મનોહર મૂર્તિ બિરાજે છે. વીર સં૰ ૨૪૯૩, વિક્રમ સંવત ૨૦૨૩ જેઠ સુદ ૩ રવિવારે ચંદુલાલ ઉત્તમચંદના શુભ હસ્તે શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મ૰ સા૰ની નિશ્રામાં મૂળનાયકની પ્રતિષ્ઠા કરવામાં આવેલ છે. ગભારામાં પાંચ આરસપ્રતિમા તથા ત્રણ ધાતુપ્રતિમા છે.

જિનાલયનો વહીવટ આ સોસાયટીમાં રહેતા શ્રી જીવણભાઈ વી. શાહ, શ્રી જયંતિલાલ મોતીલાલ શાહ તથા શ્રી મંગળભાઈ ફકીરચંદ શાહ હસ્તક છે.

• • •

કુમારપાળ કો૰ ઓપ૰ હા૰ સોસાયટી

આદેશ્વર (સં૰ ૨૦૫૫)

ચાણસ્મા ચાર રસ્તા પર સર્વોદય હોટલની પાછળ ૧૩૨ ઘર ધરાવતી કુમારપાળ કો૰ ઓપ૰ હા૰ સોસાયટીમાં શ્રી આદેશ્વરનું શિખરબંધી ભવ્ય અને વિશાળ નૂતન જિનાલય આવેલું છે. અહીં શ્રી આદેશ્વરની ૫૧" ઊંચી પ્રતિમા સં૰ ૨૦૫૫ના ફાગણ વદ ત્રીજના રોજ મૂળનાયક તરીકે પ્રતિષ્ઠિત થયા છે. મૂળનાયક શ્રી આદેશ્વરની પ્રતિમાની પ્રતિષ્ઠાનો લાભ શ્રી રતનચંદ મગનલાલ દેસાઈ તથા શ્રી સુધીરભાઈ કેશવલાલ ભણશાળી પરિવારે લીધેલ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયની પ્રતિષ્ઠા તીર્થોદ્ધારક પ૰ પૂ૰ આ૰ શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મ૰ સા૰ના પ્રશિષ્ય પ્રશાન્તમૂર્તિ પ૰ પૂ૰ આ૰ શ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મ૰ સા૰ના શિષ્યરત્ન પ૰ પૂ૰ આ૰ શ્રીમદ્વિજયહેમપ્રભસૂરીશ્વરજી મ૰ સા૰ સપરિવારની શુભ નિશ્રામાં કરવામાં આવી છે.

૫૩	શ્રી સુમતિનાથ જૈનદેરાસર નિશાળનો પાડો, રાજકાવાડો, પાટણ	સુમતિનાથ	(૧) પ્રવિણચંદ્ર મણિલાલ શાહ ૭૦૨, મમતા, સેન્ટ એન્ડ્રુસ રોડ, સાંતાક્રુઝ(વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૪.	૬૦૪૦૪૩૨
૫૪	શ્રી સીમંધર સ્વામી જૈન દેરાસર ટ્રસ્ટ લખીયારવાડો, રાજકાવાડો, પાટણ	સીમંધર સ્વામી	(૧) રમેશભાઈ ચીનુભાઈ શાહ કેબ્રીન બિલ્ડિંગ, માનવ મંદિર રોડ, વાલકેશ્વર, મુંબઈ (૨) મનહરભાઈ કેશવલાલ શાહ ૧૩૦૧, ગીરનાર બિલ્ડિંગ, તાડદેવ, મુંબઈ	૩૬૯૮૩૨૩ ૪૯૫૦૭૭૧
૫૫	શ્રી મુનિસુવ્રત સ્વામી જૈન દેરાસર ટ્રસ્ટ મોટી શેરી, લખીયારવાડો રાજકાવાડો, પાટણ	મુનિસુવ્રત સ્વામી	(૧) રાજેન્દ્રભાઈ રમણલાલ શાહ સરીના, બંગલા નં-૧/૧/૭૦/૧, રાજમહેલ રોડ, પાટણ (૨) રસિકલાલ અંબાલાલ શાહ બ્લોક-૨૬, ૪થે માળ, શ્રી પાટણ જૈન મંડળ, બિલ્ડીંગ નં-૨, મરીનડ્રાઈવ, મુંબઈ-૨૦.	૩૧૪૩૪ ૨૮૧૬૭૬૫
૫૬	શ્રી મલ્લિનાથ જૈન દેરાસર ટ્રસ્ટ મલાતનો પાડો, રાજકાવાડો, પાટણ	મલ્લિનાથ	(૧) અનિલકુમાર ચંદુલાલ શાહ મલાતનો પાડો, રાજકાવાડો, પાટણ (૨) ચંદુલાલ વીરચંદ શાહ મલાતનો પાડો, રાજકાવાડો, પાટણ	 ૩૧૯૦૩
૫૭	શ્રી જોંગીવાડા શામળા પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ જોગીવાડો, પાટણ	શામળા પાર્શ્વનાથ	(૧) કંચનલાલ વાડીલાલ શાહ ૬-બી, તુલસી નિવાસ,૬૧, ડી રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦ ૦૨૦. (૨) પ્રફુલ્લભાઈ જયંતિલાલ શાહ બ્લોક નં૰ બી/૫/૧, સી લોર્ડ, કફ પરેડ, જી૰ ડી૰ સોમાણી માર્ગ, કોલાબા, મુંબઈ-૪૦૦ ૦૦૫. (૩) દિલીપકુમાર સેવંતીલાલ શાહ ૧૩, કલાનિકેતન, ભારતી સોસા૰, પાટણ	૨૦૫૫૩૦૭ ૨૧૮૫૨૧૮ ૩૦૭૯૩
૫૮	શ્રી શાંતિનાથ જૈન દેરાસર શ્વે૰ મૂ૰ પૂ૰ ટ્રસ્ટ પોળની શેરી, ફોફલિયાવાડો, પાટણ	શાંતિનાથ	(૧) રસિકલાલ મણિલાલ શાહ રૂમ નં૰ ૨૫, ૩જે માળ, ૫૯, નાખોદા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૩. (૨) શૈલેષભાઈ બાબુભાઈ શાહ પોળની શેરી, ફોફલિયાવાડો, પાટણ	૩૪૨૪૦૯૯ ૨૨૪૫૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ક્રમ	ટ્રસ્ટનું નામ અને સરનામું	મૂળનાયક	ટ્રસ્ટીઓનાં નામ અને સરનામાં	ફોનનંબર
૫૯	શ્રી મનમોહન પાર્શ્વનાથ જૈન શ્વે॰ મૂ॰ પૂ॰ ટ્રસ્ટ મનમોહનની શેરી, ફોફલિયાવાડો, પાટણ	મનમોહન પાર્શ્વનાથ	(૧) કંચનલાલ વાડીલાલ શાહ ૬-બી, તુલસીનિવાસ, ૬૧, ડી રોડ; ચર્ચગેટ, મુંબઈ-૪૦૦ ૦૨૦.	૨૦૫૫૩૦૭
			(૨) મનંજય સેવંતીલાલ ઝવેરી મનમોહનજીની શેરી, ફોફલિયાવાડો, પાટણ	૩૨૫૩૦
			(૩) અશોકકુમાર જયંતિલાલ શાહ મનમોહનજીની શેરી, ફોફલિયાવાડો, પાટણ	૨૧૧૩૬
			(૪) ભૂપેન્દ્રભાઈ જયંતિલાલ શાહ પોળની શેરી, ફોફલિયાવાડો, પાટણ	-
૬૦	શ્રી સંભવનાથ જૈન મંદિર ટ્રસ્ટ વખતજીની શેરી, ફોફલિયાવાડો, પાટણ	સંભવનાથ	(૧) સુમતિલાલ ભોગીલાલ શાહ એ/૮૦૧, ચંદનબાળા, આર॰ આર॰ ઠક્કર માર્ગ, રીજ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૬.	૩૬૩૭૯૪૪
			(૨) પ્રકાશભાઈ પ્રેમચંદ શાહ વખતજીની શેરી, ફોફલિયાવાડો, પાટણ	૩૨૭૫૮
૬૧	શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસર, વખતજીની શેરી, ફોફલિયાવાડો, પાટણ	મુનિસુવ્રત સ્વામી	(૧) સુમતિલાલ ભોગીલાલ શાહ એ/૮૦૧, ચંદનબાળા, આર॰ આર॰ ઠક્કર માર્ગ, રીજ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૬.	૩૬૨૨૦૮૮
			(૨) પ્રકાશભાઈ પ્રેમચંદ શાહ વખતજીની શેરી, ફોફલિયાવાડો, પાટણ	૩૨૭૫૮
૬૨	શ્રી નમિનાથ જૈન શ્વે॰ મૂ॰ સંઘ, ચોધરીની શેરી, ફોફલિયાવાડો, પાટણ	નમિનાથ	(૧) અશોકભાઈ ગિરધરલાલ ઝવેરી ચોધરીની શેરી, ફોફલિયાવાડો, પાટણ	૨૧૯૪૫
			(૨) નવીનચંદ્ર ચીમનલાલ મણિયાર ૫/૫૩, સૂરજ, બોલ્ટન કો॰ ઓ॰ હા॰ સો॰ લિ॰, ૨૭૮, જે॰ ડી॰ રોડ,ભાટિયા હૉસ્પિટલ સામે, મુંબઈ-૪૦૦ ૦૦૭.	૩૮૭૦૩૯૪
૬૩	શ્રી શાંતિનાથજી તથા શ્રી મહાવીર જૈન દેરાસર સોનીવાડો, ઊંચીપોળ, પાટણ	મહાવીર સ્વામી	(૧) ધરણેન્દ્રભાઈ મહાસુખલાલ શાહ ઊંચીપોળ, સોનીવાડો, પાટણ	૨૨૦૦૨
			(૨) યોગેશભાઈ ભોગીલાલ શાહ ફ્લેટ નં॰ ૩,૧લે માળ, દીપ્તિજ્યોત બિલ્ડિંગ, ૨૧૮, સર પી॰ એમ॰ રોડ, વિલેપાર્લા(ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૭.	૬૧૪૫૩૬૦
			(૩) હેમંતભાઈ હરસુખભાઈ શાહ રૂમ-૮૩, ૪થે માળ, કૃષ્ણ નિવાસ, પાયધુની, ૩૦૫, યુસુફ મેહરઅલી રોડ, મુંબઈ-૩.	૩૪૨૪૮૮૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ક્રમ	ટ્રસ્ટનું નામ અને સરનામું	મૂળનાયક	ટ્રસ્ટીઓનાં નામ અને સરનામાં	ફોનનંબર
૬૪	શ્રી શાંતિનાથજી તથા શ્રી મહાવીર જૈન દેરાસર સોનીવાડો, ઊંચીપોળ, પાટણ	શાંતિનાથ	(૧) ધરણેન્દ્રભાઈ મહાસુખલાલ શાહ ઊંચીપોળ, સોનીવાડો, પાટણ (૨) યોગેશભાઈ ભોગીલાલ શાહ ફ્લેટ નં૦ ૩,૧લે માળ, દીપ્તિજ્યોત બિલ્ડિંગ, ૨૧૮, સર પી૰ એમ૰ રોડ, વિલેપાર્લા(ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૭. (૩) હેમંતભાઈ હરસુખભાઈ શાહ રૂમ-૮૩, ૪થે માળ, કૃષ્ણ નિવાસ, પાયધુની, ૩૦૫, યુસુફ મેહરઅલી રોડ, મુંબઈ-૩.	૨૨૦૦૨ ૬૧૪૫૩૬૦ ૩૪૨૪૮૮૬
૬૫	શ્રી મણિયાતી પાડો જૈન દેરાસર ટ્રસ્ટ મણિયાતી પાડો, ઘીવટો પાટણ	મહાવીર સ્વામી	(૧) પ્રવીણચંદ્ર સારાલાલ નગરશેઠ ૧૨, ફિરદોસ, ૫૬, નેતાજી સુભાષ રોડ, મરીન ડ્રાઇવ, મુંબઈ-૪૦૦ ૦૨૦. (૨) ભગવાનદાસ કેશવલાલ નગરશેઠ રૂમ નં૦ ૫૭,૫૮,૬૬, ૫મે માળ, દેવજી-પ્રેમજી બિલ્ડીંગ,૧૬/૧૮, દરિયાસ્થાન સ્ટ્રીટ, મસ્જિદ બંદર, મુંબઈ-૪૦૦ ૦૦૩. (૩) કીર્તિભાઈ અમૃતલાલ શાહ મણિયાતીપાડો, ઘીવટો, પાટણ	૨૦૩૦૯૫૮ ૩૪૨૦૪૧૧ -
૬૬	શ્રી મણિયાતી પાડો જૈન દેરાસર ટ્રસ્ટ મણિયાતી પાડો, ઘીવટો પાટણ	આદેશ્વર	(૧) પ્રવીણચંદ્ર સારાલાલ નગરશેઠ ૧૨, ફિરદોસ, ૫૬, નેતાજી સુભાષ રોડ, મરીન ડ્રાઇવ, મુંબઈ-૪૦૦ ૦૨૦. (૨) ભગવાનદાસ કેશવલાલ નગરશેઠ રૂમ નં૦ ૫૭,૫૮,૬૬, ૫મે માળ, દેવજી-પ્રેમજી બિલ્ડિંગ,૧૬/૧૮, દરિયાસ્થાન સ્ટ્રીટ, મસ્જિદ બંદર, મુંબઈ-૪૦૦ ૦૦૩. (૩) કીર્તિભાઈ અમૃતલાલ શાહ મણિયાતીપાડો, ઘીવટો, પાટણ	૨૦૩૦૯૫૮ ૩૪૨૦૪૧૧ -
૬૭	શ્રી ટાંકલા પાર્શ્વનાથ જૈન દેરાસર, ડંક મહેતાનો પાડો, ઘીવટો, પાટણ	ટાંકલા પાર્શ્વનાથ	(૧) જયરાજભાઈ કાંતિલાલ ઝવેરી ડંક મેહતાનો પાડો, ઘીવટો, પાટણ	૩૦૯૮૧
૬૮	શ્રી શાંતિનાથ જૈન દેરાસર ડંક મહેતાનો પાડો, ઘીવટો, પાટણ	શાંતિનાથ	(૧) દેવદત્તભાઈ બાબુલાલ જૈન ડંક મહેતાનો પાડો, ઘીવટો, પાટણ (૨) પ્રકાશભાઈ કાંતિલાલ શાહ ડંક મહેતાનો પાડો, ઘીવટો, પાટણ	૩૦૨૦૭ ૨૨૪૧૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ક્રમ	ટ્રસ્ટનું નામ અને સરનામું	મૂળનાયક	ટ્રસ્ટીઓનાં નામ અને સરનામાં	ફોનનંબર
૬૯	કુંભારિયાપાડા આદેશ્વર જૈન દેરાસર ટ્રસ્ટ કુંભારિયાપાડો, ઘીવટો, પાટણ	આદેશ્વર	(૧) જયંતિલાલ પોપટલાલ શાહ ૧૮/૩, રેખા નં૰ ૧, ૪૬, રિજ રોડ, તીન બત્તી, મલબાર હિલ, મુંબઈ-૬. (૨) સુરેશચંદ્ર નેમચંદ શાહ બ્લોક નં૰ ૨૩, પંચાસર, ૨જે માળ, ૭૬, પાટણ જૈન મંડળ માર્ગ, મરીનડ્રાઇવ,મું-૨૦.	૩૬૨૩૯૦૪ ૨૦૧૫૬૩૧
૭૦	શ્રી મહાવીરસ્વામી જૈન દેરાસર તંબોળી વાડો, ઘીવટો, પાટણ	મહાવીર સ્વામી	(૧) ચંદુલાલ વીરચંદ શાહ તંબોળી વાડો, ઘીવટો, પાટણ (૨) દેવેન્દ્રભાઈ નાનકચંદ શાહ બ્લોક નં૰ ૯, ૨જે માળ, રેખા નં૰ ૧,૪૬, રિજ રોડ, બી૰ જી૰ ખેર માર્ગ, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૬. (૩) હરેશભાઈ ભોગીલાલ શાહ બ્લોક નં૰ ૨૪, ૪થે માળ, રેખા નં૰ ૧,૪૬, રિજ રોડ, બી૰ જી૰ ખેર માર્ગ, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૬. (૪) વીરેન્દ્રભાઈ જયંતિલાલ શાહ ૩જે માળ, બદ્રીકેશ્વર, ફ્લેટ નં૰ ૧૫, ૮૨, મરીનડ્રાઇવ, મુંબઈ-૪૦૦ ૦૨૦.	- ૩૬૮૦૭૧૨ ૩૬૮૦૭૧૨ ૨૦૩૨૫૨૪
૭૧	શ્રી સુપાર્શ્વનાથ જૈનદેરાસર તંબોળી વાડો, ઘીવટો, પાટણ	સુપાર્શ્વનાથ	(૧) દેવેન્દ્રભાઈ નાનકચંદ શાહ બ્લોક નં૰ ૯, ૨જે માળ, રેખા નં૰ ૧,૪૬, રિજ રોડ, બી૰ જી૰ ખેર માર્ગ, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૬. (૨) હરેશભાઈ ભોગીલાલ શાહ બ્લોક નં૰ ૨૪, ૪થે માળ, રેખા નં૰ ૧,૪૬, રિજ રોડ, બી૰ જી૰ ખેર માર્ગ, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૬. (૩) વીરેન્દ્રભાઈ જયંતિલાલ શાહ ૩જે માળ, બદ્રીકેશ્વર, ફ્લેટ નં૰ ૧૫, ૮૨, મરીનડ્રાઇવ, મુંબઈ-૪૦૦ ૦૨૦.	૩૬૮૦૭૧૨ ૩૬૮૦૭૧૨ ૨૦૩૨૫૨૪
૭૨	શ્રી આદેશ્વર જૈન દેરાસર કપૂર મહેતાનો પાડો, ઘીવટો, પાટણ	આદેશ્વર	(૧) લાભચંદ મૂળચંદ શાહ ૨૬૮/૬, જવાહર નગર, રોડ નં૰ ૧૨, ગોરેગામ(વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૨ (૨) પ્રવીણાબેન લાલભાઈ બાપુલાલ બ્લોક સી-૨૦૧, સિમલા હાઉસ, નેપીયન્સી રોડ, મુંબઈ-૪૦૦ ૦૩૬.	૮૭૨૦૬૬૬ ૩૬૨૮૨૧૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ક્રમ	ટ્રસ્ટનું નામ અને સરનામું	મૂળનાયક	ટ્રસ્ટીઓનાં નામ અને સરનામાં	ફોનનંબર
૭૩	શ્રી ખીજડાના પાડાનું જૈન દેરાસર ખીજડાનો પાડો, ઘીવટો, પાટણ	આદેશ્વર	(૧) ભરતભાઈ ગભરૂચંદ શાહ ખીજડાનો પાડો, ઘીવટો, પાટણ (૨) બાબુભાઈ છોટાલાલ શાહ બ્લોક નં૰ ૪, ૨જે માળ, લાભનિવાસ, ખેતવાડી, ૪થી ગલી, મુંબઈ-૪૦૦ ૦૦૪.	૩૨૪૦૬ ૩૮૨૮૨૭૬
૭૪	શ્રીસંભવનાથ જૈન દેરાસર શ્રી ધરમચંદ અભેચંદની પેઢી, તરભોડા પાડો, ઘીવટો, પાટણ	સંભવનાથ	(૧) ભાનુભાઈ ચીમનલાલ શાહ ભાભાનો પાડો, લાખુખાડ, પાટણ (૨) ભૂપેન્દ્રભાઈ જયંતિલાલ શાહ પોળની શેરી, ફોફલિયા વાડો, પાટણ (૩) કીર્તિભાઈ ગભરૂચંદ શાહ ભાગ્યોદય-એ, સરોજીની રોડ, બ્લોક ૨૦૭/૨૦૮, ગુરુદેવ હોટલની ગલીમાં, વિલેપાર્લા(ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬.	૨૨૬૬૩ (P.P.) ૨૦૬૭૭ ૬૧૮૪૧૨૫
૭૫	શ્રી શાંતિનાથ જૈન દેરાસર ભેંસાતવાડો, પાટણ	શાંતિનાથ	(૧) ભગવાનદાસ રમણલાલ શાહ ૩૫, મિન્ટ રોડ, ૨જે માળ, જી૰ પી૰ ઓ૰ સામે, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.	૨૬૧૦૦૯૧
૭૬	શ્રી શાહવાડો સુપાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ શાહવાડો, ઘીવટો, પાટણ	સુપાર્શ્વનાથ	(૧) જયંતિલાલ પૂનમચંદ શાહ ૭, ભદ્રંકરનગર સોસા૰, કાળકા રોડ, પાટણ (૨) જીવણલાલ મણિલાલ ઝવેરી ઝવેરીવાડો, ઘીવટો, પાટણ (૩) મહેન્દ્રભાઈ સારાભાઈ લાદીવાળા તંબોળીવાડો, ઘીવટો, પાટણ	૩૦૯૬૭ ૩૦૧૮૯
૭૭	શ્રી શામળા પાર્શ્વનાથ જૈન દેરાસર, શાહવાડો, ઘીવટો, પાટણ	શામળા પાર્શ્વનાથ	(૧) મહેશભાઈ રમણિકલાલ શાહ ૨/૧૨, સ્ટારડસ્ટ, ૮૦-એ, નેપીયન્સી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૬.	૩૬૨૮૮૨૧
૭૮	શેઠશ્રી ધરમચંદ અભેચંદની પેઢી કટકીયાવાડો, મદારસા, પાટણ	આદેશ્વર	(૧) ભાનુભાઈ ચીમનલાલ શાહ ભાભાનો પાડો, લાખુખાડ, પાટણ (૨) ભૂપેન્દ્રભાઈ જયંતિલાલ શાહ પોળની શેરી, ફોફલિયા વાડો, પાટણ (૩) કીર્તિભાઈ ગભરૂચંદ શાહ ભાગ્યોદય-એ, સરોજીની રોડ, બ્લોક-૨૦૭/૨૦૮, ગુરુદેવ હોટલની ગલીમાં, વિલેપાર્લા(ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬૦.	૨૨૬૬૩ (P.P.) ૨૦૬૭૭ ૬૧૮૪૧૨૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ક્રમ	ટ્રસ્ટનું નામ અને સરનામું	મૂળનાયક	ટ્રસ્ટીઓનાં નામ અને સરનામાં	ફોનનંબર
૭૯	શ્રી નારંગાજી તથા આદેશ્વરજી જૈન દેરાસર ટ્રસ્ટ ઝવેરીવાડો, ઘીવટો, પાટણ	નારંગા પાર્શ્વનાથ	(૧) જીવણલાલ મણિલાલ ઝવેરી ઝવેરીવાડો, ઘીવટો, પાટણ (૨) વિનોદચંદ્ર પોપટલાલ શાહ બિલ્ડીંગ નં૰ ૨૮, ૪થે માળ, રજી ભટ્ટવાડી, ગિરગામ રોડ, ઓપેરા હાઉસ, મુંબઈ-૬૨. (૩) સતીશકુમાર ચંદુલાલ શાહ રૂમ નં૰ ૨૫,૧લે માળ, શીતલછાયા, ૨૯/એ, જવાહરનગર, ગોરેગામ(વેસ્ટ), મુંબઈ-૬૨. (૪) ચેતનકુમાર કાંતિલાલ ઝવેરી ઝવેરીવાડો, ઘીવટો, પાટણ	૩૦૧૮૯ ૩૮૨૬૭૬૯ ૮૭૩૪૪૬૬ -
૮૦	શેઠશ્રી ધરમચંદ અભેચંદની પેઢી, ઝવેરીવાડો ઘીવટો, પાટણ	વાડી પાર્શ્વનાથ	(૧) ભાનુભાઈ ચીમનલાલ શાહ ભાભાનો પાડો, લાખુખાડ, પાટણ (૨) ભૂપેન્દ્રભાઈ જયંતિલાલ શાહ પોળની શેરી, ફોફલિયા વાડો, પાટણ (૩) કીર્તિભાઈ ગભરૂચંદ શાહ ભાગ્યોદય-એ, સરોજીની રોડ, બ્લોક ૨૦૭/૨૦૮, ગુરુદેવ હોટલની ગલીમાં, વિલેપાર્લા(ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬.	૨૨૬૬૩ (P.P.) ૨૦૬૭૭ ૬૧૮૪૧૨૫
૮૧	શેઠશ્રી ધરમચંદ અભેચંદની પેઢી, ટાંગડિયાવાડો, ઘીવટો, પાટણ	આદેશ્વર	(૧) ભાનુભાઈ ચીમનલાલ શાહ ભાભાનો પાડો, લાખુખાડ, પાટણ (૨) ભૂપેન્દ્રભાઈ જયંતિલાલ શાહ પોળની શેરી, ફોફલિયા વાડો, પાટણ (૩) કીર્તિભાઈ ગભરૂચંદ શાહ ભાગ્યોદય-એ, સરોજીની રોડ, ગુરુદેવ હોટલની ગલીમાં, બ્લોક ૨૦૭/૨૦૮, વિલેપાર્લા(ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬.	૨૨૬૬૩ (P.P.) ૨૦૬૭૭ ૬૧૮૪૧૨૫
૮૨	શેઠશ્રી ધરમચંદ અભેચંદની પેઢી, ટાંગડિયાવાડો, ઘીવટો, પાટણ	શેશફણા પાર્શ્વનાથ	(૧) ભાનુભાઈ ચીમનલાલ શાહ ભાભાનો પાડો, લાખુખાડ, પાટણ (૨) ભૂપેન્દ્રભાઈ જયંતિલાલ શાહ પોળની શેરી, ફોફલિયા વાડો, પાટણ (૩) કીર્તિભાઈ ગભરૂચંદ શાહ ભાગ્યોદય-એ, સરોજીની રોડ, ગુરુદેવ હોટલની ગલીમાં, બ્લોક ૨૦૭/૨૦૮, વિલેપાર્લા(ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬.	૨૨૬૬૩ (P.P.) ૨૦૬૭૭ ૬૧૮૪૧૨૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ક્રમ	ટ્રસ્ટનું નામ અને સરનામું	મૂળનાયક	ટ્રસ્ટીઓનાં નામ અને સરનામાં	ફોનનંબર
૮૩	શ્રી પાટણ ખડાખોટડી આદેશ્વર જૈન દેરાસર ટ્રસ્ટ, ખડાખોટડીનો પાડો પાટણ	આદેશ્વર	(૧) નવીનચંદ્ર રતિલાલ શાહ ૧૫/૧, તેજકિરણ,દાદી શેઠ રજી ગલી, ચોપાટી, મુંબઈ-૪૦૦ ૦૦૭. (૨) બાલુભાઈ છોટાલાલ શાહ વિપુલ-એ, રીજ રોડ, વાલકેશ્વર, મુંબઈ-૬. (૩) વાડીલાલ ઘેલાભાઈ વૈદ્ય પીપળાશેરી, આચાર્ય હેમચંદ્રાચાર્ય રોડ, પાટણ	૩૬૪૧૮૬૬ ૩૬૯૧૭૫૯ -
૮૪	શ્રી સહસ્ત્રફણા ચિંતામણિ પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ આશિષ સોસાયટી રાજમહેલ રોડ, પાટણ	સહસ્ત્રફણા ચિંતામણિ પાર્શ્વનાથ	(૧) ગોકળદાસ પોપટલાલ શાહ આશિષસોસા૰,બં૰ નં૰ ૧૬,રાજમહેલ રોડ,પાટણ (૨) છનાલાલ પોપટલાલ શાહ આશિષ સોસા૰,બં૰ નં૰ ૧૬,રાજમહેલ રોડ,પાટણ (૩) હરગોવનદાસ ચીમનલાલ શાહ આશિષ સોસાયટી, રાજમહેલ રોડ, પાટણ	૨૨૩૩૯ ૨૨૩૩૯ -
૮૫	શ્રી સુવિધિનાથ મૂ૰ પૂ૰ જૈન ટ્રસ્ટ ભદ્રંકરનગર સોસાયટી, કાળકા રોડ, પાટણ	સુવિધિનાથ	(૧) જયંતિલાલ પૂનમચંદ શાહ ૭, ભદ્રંકરનગર સોસા૰, કાળકા રોડ, પાટણ (૨) મહેન્દ્રભાઈ જયંતિલાલ શાહ ભદ્રંકરનગર સોસાયટી, કાળકા રોડ, પાટણ (૩) હસમુખભાઈ રીખવચંદ શાહ મુંબઈ.	૩૦૯૬૭ ૩૦૨૧૦ ૩૬૨૨૦૫૬
૮૬	શ્રી ભારતી સોસાયટી શંખેશ્વરા પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ ભારતી સોસાયટી, પાટણ	શંખેશ્વરા પાર્શ્વનાથ	(૧) જીવણભાઈ વી૰ શાહ ભારતી સોસાયટી, પાટણ (૨) મંગળભાઈ ફકીરચંદ શાહ શિવપાર્ક, ૩-બી, ગુર્જરી હોટલ પાછળ, સરદારગંજ રોડ, પાટણ (૩) જયંતિલાલ મોતીલાલ શાહ ભારતી સોસાયટી, પાટણ	૩૦૨૦૪ ૩૦૩૪૮ -
૮૭	શ્રી આદિનાથ જૈન ચેરીટેબલ ટ્રસ્ટ કુમારપાળ કો૰ ઓ૰ હા૰ સો૰ હાસપુર માર્ગ, ચાણસ્મા રોડ, પાટણ	આદેશ્વર	(૧) ચીનુભાઈ મનસુખલાલ શાહ ૩, કુમારપાળ સોસાયટી,ચાણસ્મા ચાર રસ્તા પાછળ, પાટણ (૨) દલપતભાઈ મોતીલાલ મહેતા મુકામ પો૰ કાંકરેજ, તા૰ કાંકરેજ, જિ૰ બનાસકાંઠા-૩૮૫૫૬૦ (૩) કીર્તિલાલ અમૃતલાલ શાહ મણિયાતી પાડો, ઘીવટો, પાટણ	૩૧૮૩૧ (૦૨૭૪૭) ૬૪૨૭ ૩૩૦૪૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરિશિષ્ટ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરિશિષ્ટ–૧

પાટણની જૈન ઘટનાઓની તવારીખ

વિક્રમ સંવત		પ્રસંગ
૭૫૨	—	વનરાજ ચાવડાનો જન્મ વૈશાખ સુદ ૧૫ને દિવસે થયો.
૮૦૨	—	વનરાજ ચાવડાએ વૈશાખ સુદ ૨ને દિને અણહિલ્લપુર પાટણનું શિલારોપણ કર્યું, ગુજરાતના મહાન સામ્રાજ્યનો પાયો નાંખ્યો.
૮૦૨ આસપાસ	—	વનરાજ ચાવડાએ 'વનરાજ વિહાર' બનાવી તેમાં પંચાસરથી લાવેલ ભગવાન પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી.
૮૨૧ પછી	—	વિદ્યાધરગચ્છના શ્રાવક નીનાશેઠે પાટણમાં ભગવાન ઋષભદેવનું મોટું મંદિર બંધાવ્યું હતું.
૮૦૨ થી ૮૨૧આસપાસ	—	વનરાજે નીના શેઠને પાટણનો દંડનાયક બનાવ્યો.
૮૨૧	—	વનરાજે આચાર્ય શીલગુણસૂરિ તથા આચાર્ય દેવચંદ્રસૂરિના વાસક્ષેપથી પંચાસરમાં પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો હતો.
૮૨૬પછી ૮૯૦ પહેલાં	—	આ૰ બપ્પભટ્ટસૂરિએ પાટણમાં ભગવાન મહાવીરનાં ભવ્યચિત્રોની સ્થાપના કરી હતી, જિનપ્રતિષ્ઠાઓ કરી હતી.
૮૩૬	—	નીના શેઠે પોતાની માતાનારંગદેવીની યાદમાં નારંગપુર વસાવી તેમાં નાડોલગચ્છના આ૰ ધર્મસૂરિના હાથે ભગવાન પાર્શ્વનાથનું દેરાસર બનાવી પ્રતિષ્ઠા કરાવી.
૯૯૮	—	મૂળરાજનો પાટણમાં રાજ્યાભિષેક થયો. તેણે 'મૂળરાજવસતિ' નામે જિનમંદિર, 'મૂળરાજસ્વામી' મંદિર અને ત્રિપુરુષપ્રાસાદ બંધાવ્યાં.
૧૦૫૦ લગભગ	—	૧. આ૰ વર્ધમાનસૂરિએ આ૰ વીરમિશ્રગણિને પાટણમાં આચાર્યપદ આપ્યું હતું, જેઓ યુગપ્રધાન જયેષ્ઠાંગગણિ તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા. ૨. પાટણમાં ભગવાન આદિનાથના યાત્રામહોત્સવ પ્રસંગે શાંતિઉત્સવગૃહમાં કાશ્મીરના કવિ બિલ્હણની 'કર્ણસુંદરી નાટિકા' ભજવાઈ હતી. તેમાં મંત્રી શાંતૂને રાજા વત્સરાજના મહામાત્ય યોગંધરાયણ સાથે સરખાવ્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૧મી સદીના મધ્યમાં — આ૦ ઉદ્યોતનસૂરિના ઉપદેશથી ચણકશ્રેષ્ઠીએ 'ભક્તામર સ્તોત્ર'નો પાઠ ચાલુ કર્યો. ભ૦ આદીશ્વરનું જિનાલય કરાવ્યું, લક્ષ્મીદેવીના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને તીર્થયાત્રાના સંઘો કાઢયાં.

૧૦૭૨ — ઉપકેશગચ્છના ૪૭મા આ૦ સિદ્ધસૂરિ (દસમા)એ પાટણમાં શેઠ કપર્દી શાહે કરાવેલા જિનાલયમાં સ્વર્ણમિશ્રિત પિત્તલની મહાવીર સ્વામીની પ્રતિષ્ઠા કરાવી. તે પ્રતિમાનાં નેત્ર લાખ લાખના મૂલ્યવાળા બે નીલમણિથી બનાવેલાં હતાં. બાકીનું કામ વપ્પનાગ કુલના બ્રહ્મદેવે પૂરું કર્યું.

૧૦૭૩ — દેવગુપ્તાચાર્યે પત્તનમાં 'નવપદ લઘુવૃત્તિ' અને 'નવતત્ત્વ' પ્રકરણ રચ્યાં.

૧૦૮૦ — પાટણમાં સુવિહિત સાધુઓને યોગ્ય ઉપાશ્રય બન્યો.

૧૦૮૧ — મહમ્મુદ ગિઝનવીએ ભારત ઉપર ચડાઈ કરી અને પાટણને તોડીફોડીને લૂંટી લીધું.

૧૦૮૮ — વિમલમંત્રીએ પાટણમાં વિમલવસહી મંદિર બંધાવ્યું.

૧૦૯૦ — સૂરાચાર્ય પાટણમાં ગદ્યપદ્યમય 'નેમિનાથ ચરિત્ર'ની રચના કરી.

૧૦૯૪ — આ૦ મુનિચંદ્રસૂરિ પોતાના ગુરુદેવ આ૦ યશોભદ્રસૂરિની સાથે પાટણમાં ચૈત્યપરિપાટી માટે પધાર્યા.

૧૧૦૨ — મુનિતિલકે જાતે જ સૂરિપદ અંગીકૃત કર્યું. એમનો શિષ્યપરિવાર તિલક શાખાથી પ્રસિદ્ધ થયો.

૧૧મીસદી (૧૧૫૫ ?) — શ્રીચંદ્રમુનિએ મૂલરાજ નૃપતિના સમયમાં પાટણમાં અપભ્રંશ ભાષામાં કથાકોષ રચ્યો.

૧૧૦૧ પછીનો સમય — આ૦ દિનશેખરે માહેશ્વરી વાણિયાઓને ઉપદેશ આપી જૈન બનાવ્યા.

૧૧૨૮ — અભયદેવે સમવાય અને ભગવતી ઉપર વૃત્તિઓ રચી.

૧૧૨૯ — ૧. શેઠ દોહડિએ આ૦ નેમિચંદ્રસૂરિએ રચેલી 'ઉત્તરજ્ઝયણસુત્ત-લઘુવૃત્તિ'ની પહેલી પ્રતિ પોતાના હાથે લખી હતી.

૨. નેમિચંદ્રસૂરિએ ઉત્તરાધ્યયન સૂત્ર પર 'સુખબોધા' નામે વૃત્તિ રચી.

૧૧૩૯ — નેમિચંદ્રસૂરિએ મહાવીરચરિય, રત્નચૂડતિલયસુંદરીકહા ને આખ્યાનમણિકોશ વગેરે કૃતિઓ રચી.

૧૧૨૬ થી ૧૨૩૬ — આ૦ આર્યરક્ષિતસૂરિના ઉપદેશથી બેણપના કરોડપતિ શેઠ કપર્દિની પુત્રી સમયશ્રી (સોમાઈ)એ પોતાની બહેનપણીઓ સાથે દીક્ષા લીધી.

૧૧૪૬ — ૧. આ૦ શાલિભદ્રસૂરિએ 'મૂલશુદ્ધિ-ટીકા'નું સંશોધન કર્યું હતું.

૨. મંત્રી મુંજાલે મુંજાલવસહી મંદિર બંધાવ્યું. અહીં 'યોગદૃષ્ટિસમુચ્ચય' પ્રતિ તાડપત્ર પર લખાઈ. મુંજાલે એક ઉપાશ્રય બંધાવ્યો હતો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૧૫૦ — રાજા સિદ્ધરાજના મંત્રી શાંતૂએ શાંતૂવસહી ચૈત્ય બનાવ્યું.

૧૧૫૦થી ૧૧૯૯ દરમ્યાન — સિદ્ધરાજે સં૰ ૧૧૫૦ થી ૧૧૯૯ સુધી રાજ્ય કર્યું. તેણે પાટણમાં 'રાયવિહાર' જૈનમંદિર બંધાવ્યું.

૧૧૫૫ — ૧. આ૰ દેવચંદ્રસૂરિના ઉપદેશથી પાટણના પોરવાડ શેઠ સજ્જને શંખેશ્વર તીર્થનો ઉદ્ધાર કરાવ્યો.

૨. કક્કસૂરિ પાટણમાં કેટલોક સમય રહ્યા.

૧૧૫૯ — આ૰ દેવસૂરિએ આર્યરક્ષિતને આચાર્યપદ આપ્યું.

૧૧૬૦ — આ૰ નેમિચંદ્રસૂરિએ ચંદ્રકુલીન સરવાલગચ્છના વાચનાચાર્ય વીરગણિની 'પિંડનિજ્જુતી'ની 'શિષ્યહિતા' નામની વૃત્તિનું સંશોધન કર્યું.

૧૧૬૨ — આ૰ દેવસૂરિએ 'જીવાણુસાસણયં' ઉપર એક જ મહિનામાં સ્વોપજ્ઞવૃત્તિની રચના કરી હતી.

૧૧૬૪ — મલધાર હેમચંદ્રસૂરિએ 'જીવસમાસ વિવરણ'ની રચના કરી.

૧૧૬૪ આસપાસ — આ૰ હેમચંદ્રના ઉપદેશથી પાટણથી ગિરનારતીર્થ અને શત્રુંજયતીર્થનો છરી પાળતો યાત્રાસંઘ નીકળ્યો.

૧૧૬૫ — યશોદેવસૂરિએ આ૰ દેવગુપ્તે રચેલી 'નવપદ પ્રકરણ'ની લઘુવૃત્તિ પર બૃહદ્‌વૃતિ રચી.

૧૧૬૮ — ૧. મુનિચંદ્રસૂરિએ ચિરંતનાચાર્ય રચિત 'દેવેન્દ્રનરકેન્દ્ર' પ્રકરણ પર વૃત્તિ રચી.

૨. આ૰ અભયદેવસૂરિએ ૪૭ દિવસનું અનશન પાળી સમાધિપૂર્વક સ્વર્ગગમન કર્યું.

૧૧૭૧ — જિનદત્તસૂરિના શિષ્ય બ્રહ્મચંદ્ર ગણિએ 'જિનદત્તસૂરિ સ્તુતિ' તાડપત્ર પર લખી.

૧૧૭૪ — ૧. યશોદેવસૂરિએ 'નવતત્ત્વપ્રકરણ' પર વૃત્તિ રચી.

૨. મુનિચંદ્રસૂરિએ 'હારિભદ્રીય ઉપદેશપદ' પર વૃત્તિ પાટણમાં પૂરી કરી.

૧૧૭૮ — ૧. યશોદેવસૂરિએ પ્રાકૃતમાં ચંદ્રપ્રભ ચરિત્ર પાટણમાં પૂર્ણ કર્યું.

૨. આ૰ મુનિચંદ્રસૂરિએ કાર્તિક વદિ પના દિવસે વિધિપૂર્વક અનશન આદરી સ્વર્ગવાસ કર્યો.

૧૧૭૯ — આ૰ વાદિદેવસૂરિએ શેઠ થાહડના જિનચૈત્યમાં ભ૰ મહાવીરસ્વામીની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા કરી.

૧૧૮૦ — ૧. આ૰ ચંદ્રસૂરિએ સોની નેમિચંદની પોષાળમાં પક્ખિસુત્તની વૃત્તિ (ગ્રં૰ ૩૧૦૦) રચી હતી.

૨. આ૰ યશોદેવસૂરિએ ખામણા-અવચૂરિ (ગ્રં૰ ૩૧૦૦) પાટણમાં સોની નેમિચંદની પોષાળમાં રચી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩. યશોદેવસૂરિએ સોની નેમિચંદની પોષાળમાં પાક્ષિક સૂત્ર પર ૨૭૦૦ શ્લોક પ્રમાણ સુખવિબોધા નામની વૃત્તિ રચી.

૧૧૮૧ — દેવસૂરિનો દિગંબરાચાર્ય કુમુદચંદ્ર સાથે વાદ થયો.

૧૧૮૨ — યશોદેવસૂરિએ સોની નેમિચંદની પોષાળમાં 'પચ્ચખાણસરૂવ' રચ્યું.

૧૧૮૩ — સિદ્ધરાજે 'રાજવિહાર' જિનમંદિર બંધાવી તેમાં વૈ૰ સુ૰ ૧૨ના દિવસે ચાર ગચ્છના ચાર આચાર્યોએ સાથે મળી ભ૰ ઋષભદેવની પ્રતિષ્ઠા કરાવી.

૧૧૮૪ — આ૰ ચક્રેશ્વરસૂરિએ માહ સુદિ ૧૧ને રવિવારે 'જ્ઞાતાધર્મકથાંગ' વગેરે સૂત્રો તથા ટીકાઓ વગેરે ચાર પુસ્તકો લખાવ્યાં.

૧૧૮૫ — શેઠ કપર્દિ શાહ(૨)એ દેરાસર બંધાવ્યું, આ૰ જયસિંહ પાસે પ્રતિષ્ઠા કરાવી.

૧૧૮૬ — આ૰ ભદ્રેશ્વરે 'સાવયવયપરિગ્ગહપરિમાણ' (ગા૰ : ૯૪) ગ્રંથ રચ્યો.

૧૧૮૭ — ૧. શેઠ સિદ્ધરાજ પોરવાલ તથા પત્ની રાજિમતીએ કાર્તિક સુદી ૨ ના રોજ આગમ, નિર્યુક્તિ, ચૂર્ણિ, ભાષ્ય વગેરે આગમનાં પુસ્તકો લખાવ્યાં.

૨. કાર્તિક સુદ ૨ના રોજ ભગવતીસૂત્રની વૃત્તિવાળું પુસ્તક સંવિજ્ઞવિહારી આ૰ ચક્રેશ્વરાચાર્યને વહોરાવ્યું.

૧૧૯૩ — સિદ્ધરાજે માળવા જીતી પાટણમાં ધામધૂમથી પ્રવેશ કર્યો. આ૰ વીરસૂરિ, આ૰ હેમચંદ્રસૂરિ અને બીજા આચાર્યો તથા વિદ્વાનોએ રાજાને વિવિધ આશીર્વાદથી વધાવ્યો.

૧૧૯૩ ના અરસામાં — હેમચંદ્રાચાર્યે સવાલાખ શ્લોક પ્રમાણ 'સિદ્ધહૈમ' વ્યાકરણ ગ્રંથની રચના કરી. રાજા સિદ્ધરાજે આ ગ્રંથ હાથી ઉપર રાજદરબારમાં લાવી સમુચિત પૂજોપચાર કરી રાજકીય સરસ્વતી કોશમાં સ્થાપિત કર્યો.

૧૧૯૭ — મંત્રી શાંતૂએ ૮૪ હજાર સોનૈયા ખર્ચી પોતાના ઘરને મુખ્ય પોષાળ બનાવી તેમાં સૌ પ્રથમ વાદિદેવસૂરિને પધરાવ્યા.

૧૧૯૯ — ૧. પં૰ લક્ષ્મણગણિ સાત દિવસનું અનશન કરી સ્વર્ગે ગયા.

૨. સિદ્ધરાજ કાર્તિક સુદ ૩ ના રોજ મરણ પામ્યો.

૩. કુમારપાલ આ૰ હેમચંદ્રસૂરિના આશીર્વાદ મેળવી પાટણ આવ્યો અને ગુજરાતનો રાજા બન્યો.

૧૧૯૯ પછી — ૧. કુમારપાલના સમયમાં આ૰ આર્યરક્ષિતસૂરિ પાટણ આવ્યા.

૨. રાજા કુમારપાળે મુંગણી પટ્ટણના વણકરોને સિદ્ધપુર પાટણમાં વસવાટ કરવા આમંત્રણ આપ્યું. તેમને રાજ્ય તરફથી કેટલીક સગવડો પણ આપી. આ રીતે સાલવી જ્ઞાતિએ પાટણમાં વસવાટ કર્યો. તે આજે પણ 'સાલવી વાડા' તરીકે પ્રસિદ્ધ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૨૦૪ — દરિયાઈ વેપારી કુબેરદત્તના ઘરમાં રત્નજડિત જિનચૈત્ય ઘરદેરાસર હતું. તેમાં ભોંયતળિયે રત્નો જડેલાં હતાં. જિનપ્રતિમા પણ ચંદ્રકાંતમણિની હતી.

૧૨૦૬ પછી — કુમારપાલના મહામાત્ય પૃથ્વીપાલે વિદ્યાધરગચ્છના શેઠ નીનાના બંધાવેલા ભ૰ ઋષભદેવના મંદિરમાં રંગમંડપ કરાવ્યો ઉપરાંત માતાના કલ્યાણ માટે પંચાસરા પાર્શ્વનાથના દેરાસરમાં રંગમંડપ કરાવ્યો.

૧૨૦૭ — આચાર્ય હેમચંદ્રસૂરિ પાટણ પધાર્યા. તે સમયે તેમના માતા પૂ૰ પ્રવર્તિની પાહિનીજી પાટણમાં કાળધર્મ પામ્યા.

૧૨૦૮ થી ૧૨૪૦ — આ૰ સોમપ્રભસૂરિએ 'સુમતિનાહચરિયં' (ગ્રં૰ ૯૫૦૦)ની મહામાત્ય સિદ્ધપાલની પોષાળમાં રચના કરી.

૧૨૧૧ — મહામાત્ય બાહડે પાટણથી શત્રુંજયનો મોટો સંઘ કાઢી શત્રુંજયના મુખ્ય મંદિરને પાકા પથ્થરનું બનાવરાવી તેમાં આ૰ શ્રી હેમચંદ્રસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી. તેમાં એક કરોડ અને સાઠ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો.

૧૨૧૨ પછી — આ૰ કક્કસૂરિએ પોતાની પાટે દેવગુપ્તસૂરિને સ્થાપ્યા અને સ્વર્ગગમન કર્યું.

૧૨૧૩ — અંચલગચ્છની સ્થાપના થઈ.

૧૨૧૩ થી ૧૨૧૬ દરમ્યાન — આ૰ શ્રીચંદ્રસૂરિએ મંત્રી પૃથ્વીપાલની પ્રાર્થનાથી ચોવીસે જૈન તીર્થંકરોનાં ચરિત્ર પ્રાકૃત અપભ્રંશાદિ ભાષામાં રચ્યાં હતાં.

૧૨૧૬ આસપાસ — ૧. રાજા કુમારપાળે 'કુમારવિહાર' બંધાવ્યો. તેમાં મૂળનાયક તરીકે નેપાલથી મંગાવેલ ચંદ્રકાંતમણિની ૨૧ અંગુલપ્રમાણ ભ૰ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી.

૨. રાજા કુમારપાળે 'ત્રિભુવનપાલવિહાર'ની પ્રતિષ્ઠા કરાવી.

૧૨૧૬-૧૭ — ૧. શેઠ છિદ્દક (છાડા) વંશાવલીનો શેઠ છાડા વીશા પોરવાડ જ્ઞાતિનો મોટો ધનાઢ્ય વેપારી હતો. તેણે મંત્રી વાહડના દેરાસરના એક ગોખમાં ક૰ સ૰ આ૰ હેમચંદ્રસૂરિએ પ્રતિષ્ઠિત કરેલી ભ૰ અજિતનાથની ચમત્કારી પ્રતિમા સ્થાપન કરી હતી.

૨. આ હરિભદ્રસૂરિએ કાર્તિક સુદ ૧૩ને સોમવારે પાટણમાં અપભ્રંશ ભાષામાં 'નેમિનાહ ચરિયં'ની રચના કરી.

૧૨૧૭ આસપાસ — ૧. શ્રી જયસિંહસૂરિએ દિગંબરાચાર્ય છત્રસેનને વાદમાં જીતી લીધા. છત્રસેન ભટ્ટારક શિષ્યો સહિત શ્રી જયસિંહસૂરિના શિષ્ય બન્યા. બધા સાલવીઓ પણ શ્વેતાંબર બની ગયા. તેમની દિગંબરની શ્રી નેમિનાથજીની પ્રતિમાને કંદોરો કરાવી શ્વેતાંબરી બનાવી ત્રીસેરીના જિનાલયમાં પધરાવવામાં આવી. તે જિનાલય આજે પણ વિદ્યમાન છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨. રાજા કુમારપાળે શ્રી જયસિંહસૂરિજીને અતિ આગ્રહપૂર્વક પાટણમાં ચાતુર્માસ પણ કરાવ્યું હતું.

૧૨૧૮ — આ૰ જિનભદ્રસૂરિએ મંત્રી યશોધવલના અમાત્યપણામાં તાડપત્ર ઉપર 'કલ્પચૂર્ણિ' લખાવી.

૧૨૨૨ — કુમારપાલના રાજ્યમાં 'પુષ્પમાલા'ની પ્રત તાડપત્ર પર લખાઈ.

૧૨૨૫ — ૧. મંત્રી આંબડે કુમારવિહારમાં ભ૰ શ્રીઋષભદેવની ચાંદીની પ્રતિમા ભરાવી સ્થાપન કરી હતી.

૨. મહામાત્ય કુમરસીહના સમયમાં શાંતિસૂરિકૃત પ્રા૰ 'પૃથ્વીચંદ્રચરિત્ર'ની રચના થઈ.

૧૨૨૭ — ૧. આ૰ હેમચંદ્રસૂરિના હાથે મોટો પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો. રાજા કુમારપાલે તેમાં મોટો લાભ લીધો.

૨. રાહડે આ૰ દેવચંદ્રસૂરિકૃત 'શાંતિનાથચરિત્ર' લખાવી.

૧૨૨૮ — આ૰ હેમચંદ્રસૂરિએ અંજનશલાકાઓ અને પ્રતિષ્ઠાઓ કરાવી. તેમના હાથે કરાયેલી આ પ્રતિષ્ઠાઓ છેલ્લી હતી.

૧૨૨૯ આસપાસ — આ૰ હેમચંદ્રસૂરિ આ૰ રામચંદ્રને પોતાની પાટ સોંપી સમાધિમાં રહી, બ્રહ્મરંધ્રથી પ્રાણ છોડી કાલ કરી સ્વર્ગે ગયા. એ જ સાલમાં છ મહિના પછી રાજા કુમારપાલ પણ સ્વર્ગે ગયા.

૧૨૩૦ પહેલાં — કુમારપાળે અષ્ટાપદ સમાન ૨૪ જિનાલયથી રમણીય, સુવર્ણ ધ્વજદંડોવાળું, ચંદ્રકાંતમય પાર્શ્વનાથની મૂલ પ્રતિમાવાળું ને તે ઉપરાંત સોના, રૂપા, તથા પિત્તળની અન્ય અનેક પ્રતિમાવાળું 'કુમારવિહાર', પિતા ત્રિભુવનપાલના સ્મરણાર્થે 'ત્રિભુવનવિહાર' નામનું ૭૨ જિનાલયવાળું મોટું મંદિર, તે સિવાય ૨૪ તીર્થંકરનાં ૨૪ જુદાં જુદાં મંદિરો તેમજ 'ત્રિવિહાર' પ્રમુખ બીજા પણ ઘણા વિહારો એકલા પાટણમાં કરાવ્યાં.

૧૨૩૧ — મલ્લવાદી આચાર્યે ધર્મોત્તર ટિપ્પનક રચ્યું.

૧૨૩૨ — અજયપાલના રાજ્યમાં ધારાનગરીના નરપતિએ 'નરપતિજયચર્યા' (સ્વરોદય) રચ્યો. તેમાં સ્વરો પરથી શુકન જોવા ને ખાસ કરી માન્ત્રિક યંત્રો વડે યુદ્ધમાં જય મેળવવા માટે શુકન જોવાની વાત છે.

૧૨૩૬ — પૂનમિયાગચ્છના આ૰ સુમતિસિંહસૂરિ પાટણ આવ્યા. તેમનાથી 'સાર્ધપૂનમિયાગચ્છ' નીકળ્યો.

૧૨૪૧ — આ૰ સોમપ્રભસૂરિએ સિદ્ધપાલ કવિની વ્યવસ્થાવાળા ઉપાશ્રયમાં રહીને 'કુમારપાલપડિબોહો'ની રચના કરી. તેમણે 'સુમતિનાહચરિયં', 'સિન્દૂરપ્રકર', 'શૃંગારવૈરાગ્યતરંગિણી' વગેરે ગ્રંથો પણ રચ્યા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૨૪૨ — આ૦ દેવભદ્રસૂરિએ પ્રવચનસારોદ્ધાર ટીકા, તત્ત્વબિંદુપ્રકરણ, પ્રમાણપ્રકાશ અને પં૦ જિનચંદ્રમણીની મદદથી 'સિજ્જંસચરિયં'ની રચના કરી.

૧૨૫૦ — મહામાત્ય પૃથ્વીપાલના પુત્ર ધનપાલની વિનતિથી નાગેન્દ્રગચ્છના આ૦ હરિભદ્રે 'ચંદ્રપ્રભચરિત્ર'ની રચના કરી.

૧૨૫૨ — રાજગચ્છના આ૦ મુનિરત્નસૂરિએ બાલકવિ જગદેવની વિનતિથી 'અમમચરિત્ર' રચ્યું અને શ્રી શાંતિનાથના દેરાસરના ઉપાશ્રયમાં વ્યાખ્યાન કરી વાંચી સંભળાવ્યું.

૧૨૫૪ — રાજગચ્છના આ૦ વાદિદેવસૂરિના શિષ્ય આ૦ પૂર્ણભદ્ર પાસે 'પંચતંત્ર' ગ્રંથનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

૧૨૫૫ — અષ્ટાપદજીના દેરાસરમાં સાધ્વીજી દેમતિગણિનીની મૂર્તિ બિરાજમાન છે.

૧૨૫૭ — આભડ શેઠે પ્રત્યેક પોષાળમાં રહેલ આચાર્યોની ભક્તિ ઘણું ધન ખર્ચીને કરી.

૧૨૫૮ — અજિતસુંદરીગણિનીએ શ્રાવણ સુદ ૭ને સોમવારે 'ત્રિષષ્ટિભાષ્ય' લખ્યું.

૧૨૬૪ — ભીમદેવના રાજ્યમાં ગુણપાલકૃત પ્રાકૃત 'ઋષિદત્તા' ચરિત્રની પ્રત લખાઈ.

૧૨૭૮ — સામંત જયસિંહ સોલંકી રાજા ભીમદેવને ઉઠાડી પાટણનો રાજા બની બેઠો.

૧૨૯૫ — ૧. રાજા ભીમદેવ(બીજા)ના રાજ્યમાં ડીસાવાલ જ્ઞાતિના શેઠ વીરા દિશાપાલે ચૈત્ર સુદ ૨ને મંગળવારે 'નાયધમ્મકહાઓ' વગેરે છ અંગો ટીકાસહિત લખાવ્યાં.

૨. નાડોલગચ્છના ભ૦ પુણ્યતિલકના સમયમાં શેઠ ખેતશી પારેખે ભ૦ પાર્શ્વનાથના મંદિરમાં પ્રતિષ્ઠા કરાવી અને ખેતલવસહીની સ્થાપના કરી.

૧૨૯૯ — નાગેન્દ્રગચ્છના આ૦ વર્ધમાનસૂરિએ ગલ્લકુલના દંડનાયક આહ્લાદનને ઉપદેશ આપી નાગેંદ્રગચ્છીય ભ૦ વાસુપૂજ્યસ્વામીના દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. એ જ દેરાસર પાસેના ઉપાશ્રયમાં રહીને 'શ્રીવાસુપૂજ્યચરિત'ની (સર્ગ : ૪, ગ્રંથાગ્ર : ૫૪૯૪)ની રચના કરી. દંડનાયક આહ્લાદને સંસ્કૃતમાં પાર્શ્વનાથ સ્તોત્ર રચ્યું છે.

૧૨૯૯ આસપાસ — આ૦ દેવેન્દ્રસૂરિ, આ૦ વિજયચંદ્રસૂરિ અને મહો૦ દેવભદ્રગણિ વગેરેના ઉપદેશથી પાટણમાં મોટા ગ્રંથભંડારો બન્યા. તેમજ વિવિધ આગમગ્રંથો લખાયા.

૧૩મા સૈકામાં — વનરાજના પંચાસરા પાર્શ્વનાથના મંદિરનો પુનરુદ્ધાર.

૧૩૦૧ — નાગપુરીય તપાગચ્છના ગુણસમુદ્રને આચાર્યપદ મળ્યું.

૧૩૦૩ — વીસલદેવ રાજ્યના મહામાત્ય તેજપાલના સમયમાં શીલાંક આચારાંગવૃત્તિ તાડપત્ર પર લખાઈ.

૧૩૧૨ — આ૦ ભાવદેવસૂરિએ 'પાર્શ્વનાથચરિત્ર' (કાવ્ય), યતિદિનચર્યા અને 'કાલકસૂરિકહા' બનાવ્યા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૩૧૪ — અંચલગચ્છની વલ્લભીશાખાના અજિતસિંહને આચાર્યપદ મળ્યું. તેમણે પંદર શિષ્યોને આચાર્યપદ આપ્યું.

૧૩૨૭ આસપાસ — માંડવગઢના મંત્રી પેથડકુમારે જુદાં જુદાં સ્થાનોમાં ૮૪ જિનપ્રાસાદો બંધાવ્યા હતા. પેથડ આ૰ ધર્મઘોષસૂરિનો ભક્ત હતો. તેમના શિષ્ય સોમપ્રભસૂરિના શિષ્ય આ૰ સોમતિલકસૂરિએ આ સમસ્ત જિનપ્રાસાદોના વર્ણનરૂપે 'પૃથ્વીધર સાધુપ્રતિષ્ઠિત જિનસ્તોત્ર' બનાવ્યું છે તેમાં ૬૮મી ગાથામાં 'ગુજરાત-પાટણમાં ભ૰ પાર્શ્વનાથ' એમ વર્ણન છે.

૧૩૩૯ — ૧. આ૰ અજિતસિંહસૂરિનો સ્વર્ગવાસ.

૨. વલ્લભીશાખાના શ્રી દેવેન્દ્રસિંહને ગચ્છેશપદ પ્રાપ્ત થયું.

૧૩૪૧ પછી — ખરતરગચ્છના આ૰ જિનપ્રભસૂરિ તપાગચ્છની પોષાળમાં ઊતર્યા અને ત્યાં તપાગચ્છના આ૰ સોમપ્રભસૂરિ સાથે પ્રેમાલાપ થયો.

૧૩૪૯ — આ૰ અમરચંદ્રની મૂર્તિની પ્રતિષ્ઠા ચૈત્ર વદિ ૬ને શનિવારે પં૰ મહેન્દ્રશિષ્ય મદનચંદ્રે કરી હતી જે ટાંગડિયાવાડાના મંદિરમાં વિરાજમાન છે.

૧૩૫૪ — બાદશાહ અલાઉદ્દીન ખિલજીના સેનાપતિ અલફખાને ગુજરાતના પાટણ ઉપર ચડાઈ કરી અને કર્ણદેવ વાઘેલાને નસાડ્યો.

૧૩૫૬ — વાઘેલા કરણઘેલાના નાગર પ્રધાન માધવે અલાઉદ્દીન બાદશાહની સેનાનો પાટણમાં પ્રવેશ કરાવ્યો. ગુજરાતમાં હિન્દુ રાજ્યનો અંત આવ્યો. પ્રાચીન ગુજરાતની જાહોજલાલી અને ભવ્યતાનું છેલ્લું પ્રકરણ પૂરું થયું.

૧૩૬૦ — પં૰ વિનયસાગરગણિએ સંસ્કૃતમાં 'ગૂર્જર દેશરાજાવલી' રચી છે તેમાં જણાવ્યું છે કે સૂબા અલફખાને પાટણનો કિલ્લો બંધાવ્યો.

૧૩૭૧ — ૧. પાટણના શાહ સોદાગર સમરાશાહ ઓસવાળે શત્રુંજય મહાતીર્થનો ૧૫મો મોટો ઉદ્ધાર કરાવ્યો.

૨. સંઘવી દેશલે ગુરુની આજ્ઞા લઈ, મુહૂર્ત, જોવરાવી, દેશોદેશ આમંત્રણ મોકલી શુભ દિવસે પાટણથી શત્રુંજયનો છરી પાળતો સંઘ કાઢ્યો. ગુજરાતના સૂબા અલફખાને સંઘની રક્ષા માટે મોટું સૈન્ય સાથે મોકલ્યું.

૩. વલ્લભીશાખાના દેવેન્દ્રસિંહનો ૭૨ વર્ષની વયે સ્વર્ગવાસ થયો.

૪. વલ્લભીશાખાના આ૰ ધર્મપ્રભને ગચ્છનાયકપદ મળ્યું.

૧૩૭૬ — સિદ્ધસૂરિ સંઘ સહિત પાટણ આવ્યા. આઠ દિવસનું આયુષ્ય બાકી રહ્યું ત્યારે સંઘને ખમાવી, અનશન કરી ચૈત્ર સુદ ૧૩ના દિને સ્વર્ગે ગયા. લોકોએ મૃત્યુ મહોત્સવ આદર્યો. એકવીસ મંડપવાળું વિમાન બંધાવી તેમાં સૂરિશરીર રાખ્યું. વાજિંત્રો સાથે વિમાન કાઢ્યું, ચંદન અગર કપૂરથી અગ્નિસંસ્કાર કર્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૩૭૭ — ૧. ધર્મકલશ રચિત જિનકુશલસૂરિ પટ્ટાભિષેક રાસમાં અણહિલપુરમાં દેશ-દેશાંતરથી સંઘો મળ્યાની વાત છે.

૨. રાજેન્દ્રાચાર્યના હાથે જેઠ વદિ ૫ના રોજ જિનકુશલસૂરિને આચાર્યપદ પ્રાપ્ત થયું હતું.

૧૩૯૦ પછી — ૧. આ૦ જિનપદ્મસૂરિએ પાટણમાં અર્હન્તો ભગવન્ત શ્લોકની રચના કરી.

૧૩૯૩ — ૧. આ૦ સિંહતિલકસૂરિને ગચ્છનાયકપદ મળ્યું.

૨. મહેન્દ્રપ્રભસૂરિને આચાર્યપદ આપ્યું.

૩. સમરાશાહ મરણ પામ્યો.

૪. આ૦ કક્કસૂરિએ 'નાભિનંદનજિનોદ્ધારપ્રબંધ'ની રચના કરી. 'શત્રુંજયઉદ્ધાર પ્રબંધ' (ગ્રં૦ ૨૨૪૩) બનાવ્યો.

૧૪૦૦ — ૧. આ૦ જિનપદ્મસૂરિનો સ્વર્ગવાસ.

૨. આ૦ જિનલબ્ધિસૂરિને અષાડ સુદ ૧ના રોજ તરુણપ્રભસૂરિના હાથે આચાર્યપદવી મળી. તેઓ અષ્ટાવધાની હતા. ઉત્સવ નવલખા-ગોત્રીય સાહ ઈશ્વરે કર્યો.

૧૪૧૧ — ૧. આ૦ તરુણપ્રભસૂરિએ 'ષડાવશ્યક બાલાવબોધ'ની રચના કરી.

૨. ઉપા૦ ચંદ્રતિલકે પાટણમાં સ્વતંત્ર પંજિકા લખી.

૧૪૧૬ (૩૨)? — ભ૦ મહેન્દ્રપ્રભે ભાલણ(વસ્તિગ)ને આચાર્યપદવી આપી.

૧૪૨૦ — ૧. સિંહાકે પલ્લીવાલના ઉત્સવમાં ચૈત્ર સુદિ ૧૦ના રોજ તપાગચ્છીય જયાનંદસૂરિ તથા દેવસુંદરસૂરિનો આચાર્યપદ મહોત્સવ કર્યો.

૨. અષાઢ સુદ-પના રોજ શ્રી મહેંદ્રપ્રભસૂરિએ પોતાના છ અજોડ શક્તિવાળા શિષ્યોને સૂરિપદથી વિભૂષિત કર્યા. (૧) ધર્મતિલકસૂરિ (૨) સોમતિલકસૂરિ (૩) મુનિશેખરસૂરિ (૪) મુનિચંદ્રસૂરિ (૫) અભયતિલકસૂરિ (૬) જયશેખરસૂરિ.

૩. શ્રી જયશેખરસૂરિને અષાઢ સુદ-પના રોજ સૂરિપદ પ્રાપ્ત થયું હતું. આ પ્રસંગે શ્રેષ્ઠી શ્રી વોરાએ શ્રી ઋષભદેવ પ્રભુના જિનાલયમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરેલો હતો.

૧૪૨૦ થી ૧૪૯૫ — સંઘપતિ આશાધર, પત્ની રાજૂએ તપાગચ્છના ભ૦ દેવસુંદરસૂરિના ઉપદેશથી અણહિલપુર પાટણમાં જિનાલય બંધાવ્યું.

૧૪૨૨ — છાજેડ ગોત્રની વેગડશાખાના ઉપા૦ ધર્મવલ્લભને પાટણમાં આચાર્યપદ પ્રાપ્ત થયું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૪૨૬ — શ્રી મેરુતુંગસૂરિને આચાર્યપદ મળ્યું.

૧૪૨૯ — આ૦ જિનદેવસૂરિએ ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા કરાવી. તે મૂર્તિ અષ્ટાપદના દેરાસરમાં બિરાજમાન છે.

૧૪૩૨ — ૧. આ૦ અભયસિંહના ઉપદેશથી શા૦ ખેતા તોડા મીઠડિયાને ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા ભરાવી. તે ગોડી પાર્શ્વનાથ તરીકે પ્રસિદ્ધ છે.

૨. મેરુનન્દનગણિ રચિત કાવ્ય 'શ્રી જિનોદયસૂરિ વીવાહલઉ'માં જિનોદયસૂરિનો પાટણમાં સ્વર્ગસ્થ થયાનો ઉલ્લેખ છે. ૧૫મા સૈકાની ભાષા માટે આ કૃતિ ઉપયોગી છે.

૩. જિનરાજને ફાગણ વદિ ૬ને દિવસે સૂરિપદ મળ્યું. સૂરિપદ-નંદિ-મહોત્સવ સાહ ધરણે કર્યો. સવા લાખ પ્રમાણ ન્યાયગ્રંથ તેમને મોઢે હતા.

૪. મીઠડિયા ગોત્રના મેઘા શાહે ફા૦ સુ૦ ૨ ભૃગુવારે શ્રી ગોડી પાર્શ્વનાથનું ભવ્ય બિંબ ભરાવી પ્રતિષ્ઠિત કરાવ્યા.

૧૪૩૩ — આ જિનરાજસૂરિને ફાગણ વદ ૬ના રોજ પાટણમાં આચાર્યપદ મળ્યું.

૧૪૩૬ — ૧. કરણસિંહે પોષ સુદિ ૬ને ગુરુવારના રોજ 'શ્રી પાર્શ્વનાથચરિત્ર' (ગ્રં૦ ૬૦૭૪) લખાવ્યું અને પાટણના સંઘપતિ સોમર્ષિ તથા શેઠ પ્રથમ વગેરે શ્રી સંઘને અર્પણ કર્યું.

૨. શ્રી જયશેખરસૂરિએ 'શ્રી ઉપદેશ ચિંતામણિ' નામના પ્રાકૃત પદ્યગ્રંથની રચના કરી.

૧૪૪૧ — ઠ૦ પેથાની પુત્રી પૂજીએ આ૦ જયાનંદસૂરિના ઉપદેશથી ચૈત્ર વદિ ૪ને ગુરુવારે પ્રશ્નોત્તર 'રત્નમાલાવૃત્તિ' લખાવી.

૧૪૪૩ — રસાધ્યાય વૃત્તિઃ કંકાલય રચિત આ ગ્રંથની વૃત્તિ શ્રી મેરુતુંગસૂરિએ ભડીગના પુત્ર રાઉલ ચંપકની વિનંતીથી રચી. વૈદક વિષયક આ ગ્રંથમાં-વૃત્તિમાં સુંદર માર્ગદર્શન મળી રહે છે.

૧૪૪૪ — શ્રી મહેંદ્રપ્રભસૂરિનું સ્વર્ગગમન.

૧૪૪૫ — ૧. આ૦ મેરુતુંગસૂરિને ફાગણ વદિ ૧૧ના રોજ ગુરુમહારાજે ગચ્છનાયક પદ આપ્યું અને આ૦ રત્નશેખરને યુવરાજપદ આપ્યું.

૨. શ્રી રંગરત્નસૂરિના ઉપદેશથી પાટણના દેવશી શ્રેષ્ઠિએ શ્રી શત્રુંજય તીર્થનો છ'રી પાળતો સંઘ કાઢ્યો.

૧૪૪૬ — શ્રી સોમતિલકસૂરિના ઉપદેશથી ફોફલિયાવાડમાં શ્રીમાલી શ્રી વોરા શેઠે પૌષધશાળા બંધાવી હતી.

૧૪૪૯ — કા૦ વ૦ ૧૩ને શનિવારે વીરમપાડાના ઉપાશ્રયમાં 'શ્રી શબ્દાનુશાસન' લખાવ્યું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૪૫૨ — રંડગચ્છ(રાજગચ્છ સંભવે છે.)ના આ૦ વિજયસિંહસૂરિએ ભ૦ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી જે મણિયાતી પાડાના દેરાસરમાં છે.

૧૪૫૬ — પાટણમાંથી ગુજરાતની રાજધાનીને ખસેડી.

૧૪૫૭ — શેઠ નરસિંહ ઓશવાલના ઉત્સવમાં સોમસુંદરસૂરિને આ૦ દેવસુંદરસૂરિના હાથે આચાર્યપદ મળ્યું.

૧૪૫૭ પછી — આ૦ સોમસુંદરસૂરિના ઉપદેશથી સં૦ આશાધર અને સં૦ રાજિમતીએ જિનાલયો બનાવ્યાં તથા ઘણા નવા ગ્રંથો લખાવ્યાં.

૧૪૫૮-૫૯ — વયજાની પુત્રી રૂપલસુંદરીએ આ૦ જયાનંદસૂરિના ઉપદેશથી સં૦ ૧૪૫૮ના પ્રથમ ભાદરવા સુદિ ૮ના રોજ 'પઉમચરિયં' (ગ્રં૦ ૧૦૫૦૦) લખાવ્યું અને સં૦ ૧૪૫૯માં સરસ્વતી ગ્રંથભંડારમાં મૂક્યું.

૧૪૬૫ — હુસેનખાન સરદારે પાટણ સર કર્યું.

૧૪૬૭ — જયાનંદસૂરિએ દેવરત્નને માતાપિતા સહિત માહ સુદ ૫ના દિને દીક્ષા આપી.

૧૪૭૦ — ભ૦ મુનિસુંદરસૂરિએ ૬ વર્ષના દેવરાજને ઉમતામાં અગર પાટણમાં તેની માતાની આજ્ઞા મેળવી દીક્ષા આપી. નામ મુનિલક્ષ્મીસાગર રાખ્યું.

૧૪૭૧ — શ્રી મેરુતુંગસૂરિનું સ્વર્ગગમન.

૧૪૭૩ — આ૦ જયકીર્તિસૂરિએ ગચ્છનાયકપદ પ્રાપ્ત કર્યું.

૧૪૭૪ થી ૧૪૮૧ — શેઠ ધરમશી પોરવાડે આ૦ સોમસુંદરસૂરિના ઉપદેશથી મોટો ગ્રંથભંડાર સ્થાપન કર્યો. તેના માટે સં૦ ૧૪૭૪ના માગશર સુદિ ૬ સુધીમાં એક લાખ શ્લોકાત્મક આગમગ્રંથો લખાવ્યાં અને સં૦ ૧૪૮૧ સુધીમાં બે લાખ શ્લોકાત્મક ગ્રંથો લખાવ્યાં.

૧૪૭૫ — ૧. 'કુમારપાલ પ્રતિબોધ પ્રબંધ'ની તાડપત્રીય પ્રત લખાઈ, જે પાટણના સંઘવીપાડાના જૈન ગ્રંથભંડારમાં છે.

૨. આ૦ સિદ્ધસૂરિને સૂરિપદ મળ્યું.

૧૪૭૮ — આ૦ જિનરાજસૂરિના શિષ્ય મહો૦ જયસાગરગણિએ 'પર્વરત્નાવલિ' (ગા૦ ૬૨૧) બનાવી.

૧૪૭૯ — આ૦ સોમસુંદરસૂરિ, આ૦ મુનિસુંદરસૂરિ, કૃષ્ણસરસ્વતી આ૦ જયાનંદસૂરિ, મહાવિદ્યાવિડંબનકાર આ૦ ભુવનસુંદરસૂરિ, અગિયાર અંગપાઠી આ૦ જિનસુંદરસૂરિ સપરિવાર પાટણમાં વિરાજમાન હતા ત્યારે પાટણના શેઠ કર્મસિંહ શ્રીમાલીના વંશજ શેઠ ઉદયરાજના પુત્રો—ધનકુબેર, માલદેવ, ગોવિંદ તથા નાગરાજે આગમગ્રંથો તાડપત્ર પર લખાવ્યાં.

૧૪૮૯ — આ૦ સોમસુંદરસૂરિના ઉપદેશથી શેઠ ગોવિંદની પત્ની ગંગાદેવી, પુત્ર નાગરાજે 'નંદિસુત્તટીકા' લખાવી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૪૯૧ — આ૰ જયકીર્તિના શિષ્ય(૩) શીલરત્ને ચૈત્ર વદિ ૫ને બુધવારે આ૰ મેરુતુંગના 'મેઘદૂત'ની ટીકા બનાવી.

૧૪૯૩ — જયાનંદસૂરિએ વૈશાખ સુદ ૫ બુધવારે દેવરત્નસૂરિને સૂરિપદ આપ્યું ને પોતાની ગાદીએ સ્થાપ્યા.

૧૪૯૯ — પૂજ૰ દેવસુંદરે કાર્તિક સુદિ ૯ શનિવારે 'વર્ધમાન વિદ્યાકલ્પ' લખાવ્યો.

૧૫૦૦ — આ૰ જયકીર્તિસૂરિનો સ્વર્ગવાસ.

૧૫૦૧ — શ્રી જયકેસરીસૂરિને ગચ્છનાયક પદ મળ્યું.

૧૫૦૨ — આ૰ જયચંદ્રસૂરિના ઉપદેશથી શા૰ પર્વત શ્રીમાલીએ મોટો ગ્રંથભંડાર સ્થાપ્યો અને લાખો શ્લોક પ્રમાણ જૈન જૈનેતર ગ્રંથો લખાવ્યાં.

૧૫૦૬ — સોનપાલ (સિદ્ધાંતસાગર)નો જન્મ ઓસવાલ સોની જાવડ પિતા - પૂરલદે માતાની કુખે પાટણ નગરે.

૧૫૧૨ — સિદ્ધાંતસાગરની દીક્ષા.

૧૫૧૫ પહેલાં — આ૰ લક્ષ્મીસાગરસૂરિએ આ૰ જિનસોમસૂરિને ઉપાધ્યાયપદ આપ્યું.

૧૫૨૪ — કડવાગચ્છના કડૂઆ/કડવાએ જાલહિરા જ્ઞાતીય, સુરત્રાણમાન્ય, અશ્વપ્રમુખ ગૃહેધારી એવા મહં૰ લીંબાને પ્રતિબોધ્યો.

૧૫૨૫ આસપાસ — સં૰ ધન્યરાજ અને નગરાજ બંને ભાઈઓએ પાટણ ચાતુર્માસમાં આવી ત્યાંના સંઘને અનેક રીતે સેવા કરી તુષ્ટ કર્યો ને સોમજય વાચકને સૂરિપદ અને તેના શિષ્ય જિનસોમ પંડિતને ઉપાધ્યાયપદ પાટણમાં અપાવ્યાં.

૧૫૨૯ — લાવણ્યસમયને જેઠ સુદિ ૧૦ને દિને તપગચ્છપતિ લક્ષ્મીસાગરસૂરિએ પાટણમાં પાલનપુરી અપાસરામાં મહોત્સવપૂર્વક દીક્ષા આપી.

૧૫૩૦ — પં૰ જ્ઞાનધીરગણિના શિષ્યે 'શીલોપદેશમાલા બાલાવબોધ' પત્તન મહાનગરે લખ્યો.

૧૫૪૦ — વીસા પ્રાગ્વાટ સા૰ કર્મચંદ પિતા, કર્માદે માતાના પુત્ર ખીમા સોળમા વર્ષે રાજકાવાડે સા૰ કડૂઆ પાસે સંવરી થયા.

૧૫૪૮ — અંચલગચ્છના સોનપાલ (ગુણનિધાનનો) જન્મ પાટણનગરે.

૧૫૫૪ — (અં૰)ભાવસાગરસૂરિના શિષ્ય સુમતિસાગરસૂરિ એક પ્રભાવક આચાર્ય થઈ ગયા. તેમનો જન્મ પાટણમાં થયો હતો.

૧૫૫૮ — આ૰ ઈંદ્રનંદસૂરિએ પાટણ પાસેના કતપર (કુતુબપુરા)માં પોતાના શિષ્યને આચાર્યપદ આપી ગાદીપતિ સ્થાપી નવો કુતુબપુરાગચ્છ ચલાવ્યો. આમાંથી જ પછીથી નિગમમત નીકળ્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૫૬૦ — ૧. સિદ્ધાંતસાગર(અં૰)નો પાટણમાં સ્વર્ગવાસ.
૨. શ્રી ભાવસાગરસૂરિને ગચ્છેશપદ મળ્યું.
૩. શ્રી ગુણનિધાનસૂરિની દીક્ષા થઈ.

૧૫૬૨ — પાટણના સાલવી વાડામાં સિદ્ધાંતગચ્છના ભ૰ દેવસુંદરસૂરિના શિષ્ય કીર્તિસુંદરે 'યોગશાસ્ત્ર બાલાવબોધ' ભાદરવા સુદિ ૧ને શનિવારે લખાવ્યું.

૧૫૬૪ — મહં લીંબાનો સ્વર્ગવાસ થયો.

૧૫૬૭ — પાટણમાં સાલવી વાડામાં ભ૰ દેવસુંદરસૂરિ શિ૰ મુનિ જયામરના આત્મ પઠનાર્થે '૧૮ નાતરા સંબંધ ગા૰ ૨૫' ફા૰ વદિ ૧૦ને રવિવારે લખાવી.

૧૫૬૮ — પાટણના વેદ ગોત્રનો ઓસવાલ રૂપચંદજી સ્વયં મુનિવેશ પહેરી ઋષિ જગમાલજીની પાટે બેઠો. તેનાથી ગુજરાતી 'લોંકાગચ્છ' ચાલ્યો.

૧૫૭૦ — ૧. આ૰ કમલસંયમ ઉ૰ના ઉપદેશથી 'સ્થાનાંગવૃત્તિ' જિનહર્ષસૂરિના પટ્ટધર જિનચંદ્રસૂરિના રાજ્યે લખાઈ.
૨. તપા૰ના આનન્દવિમલને આચાર્યપદ મળ્યું.
૩. આ૰ સુમતિસાધુસૂરિએ પોતે જાતે જ તેમની પાટે ઉ૰ અમૃતમેરુને આચાર્યપદ આપી આ૰ આનંદવિમલસૂરિ નામ રાખી ગચ્છનાયક તરીકે સ્થાપ્યા.

૧૫૭૧ — પાટણના વીસા પ્રાગ્વાટ ખીમાએ ૨૪ વર્ષ દીક્ષા પર્યાય પાળ્યો પછી ૭ વર્ષ પટ્ટધર ને ૪૭ વર્ષની ઉંમરે પત્તનમાં સ્વર્ગસ્થ થયા.

૧૫૭૫ — ભાવસાગરસૂરિશિષ્ય (આં૰) સિદ્ધાંતસાગરસૂરિએ 'નવતત્ત્વ ચોપાઈ'ની પાટણમાં રચના કરી.

૧૫૭૬ — સિદ્ધસૂરિએ પાટણ ચૈત્યપરિપાટી(ગા૰ ૬૪)ની રચના કરી.

૧૫૭૮ — ૧. (ત૰) હેમવિમલે પાટણમાં ચોમાસું કર્યું.
૨. આ૰ શ્રી હેમવિમલસૂરિએ માહ વદિ ૮ને રવિવારે જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી.

૧૫૭૯ — ખ૰ મતિસાગર—ધવલચંદ્રના શિષ્ય ગજસારે જિનહંસસૂરિ રાજ્યે 'વિચારષટ્ત્રિંશિકા' (દંડક ચતુર્વિંશતિ)ને તે પર સ્વોપજ્ઞ ટીકા રચી.

૧૫૮૧ — તેજરત્નસૂરિશિષ્ય કીર્તિરત્નસૂરિએ 'અતીત અનાગત વર્તમાન જિન ગીત ૬ ઢાળ'ની રચના કરી.

૧૫૮૨ — (ખ૰) જિનહંસનો સ્વર્ગવાસ પાટણમાં થયો.

૧૫૮૩ — ૧. સાધુઓ માટે ૩૫ બોલના નિયમોનો લેખ બહાર પાડ્યો.
૨. શ્રી ભાવસાગરસૂરિનું સ્વર્ગગમન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૫૯૧ — ૧. આણંદપ્રમોદે (ત૰ ચરણપ્રમોદ—હર્ષપ્રમોદ શિ૰) 'શાંતિજિન વિવાહ પ્રબન્ધ'ની રચના કરી.

૨. ભટ્ટા૰ આણંદવિમલસૂરિએ મણિયાતી પાડાના ઉપાશ્રયમાં પં૰ રાજવિજયગણિને આચાર્યપદ આપી વિજયરાજસૂરિ નામ રાખી ૫૭મા ગચ્છનાયક આ૰ વિજયદાનસૂરિની પાટે ૫૮મા ગચ્છનાયક તરીકે સ્થાપિત કર્યા.

૧૫૯૨ — આ૰ જિનમાણિક્યસૂરિને ભાદરવા વદિ ૯(માહ સુદિ ૫ ?) ના રોજ આ૰ જિનહંસના હાથે આચાર્યપદવી મળી.

૧૫૯૩ — પાટણ પાસે રૂપનગર વસ્યું.

૧૫૯૪ — આગમગચ્છના ગુણમેરુ શિ૰ મતિસાગરે જૈન વિશ્વવિદ્યા સંબંધી 'લઘુ ક્ષેત્ર સમાસ' પર ચોપાઈ રચી છે.

૧૫૯૬ — ૧. પાલનપુરના ઓસવાલ પિતા કુંરા, માતા નાથીબાઈના પુત્ર હીરાએ ૧૩ વર્ષની ઉંમરે તપાગચ્છના વિજયદાનસૂરિનો ઉપદેશ સાંભળી તેમની પાસે કાર્તિક વદિ ૨ના રોજ પાટણમાં દીક્ષા લીધી.

૨. ગજરાજ પંડિતે 'હીરવિજયસૂરિના બારમાસ'ની રચના કરી.

૧૫૯૯ — તપાગચ્છના સોમવિમલે ચોમાસું કર્યું.

૧૬૦૦ — કાર્તિક સુદ ૧ ના દિવસે સોમવિમલ પત્તનના સંઘ સાથે શત્રુંજય, રૈવતાચલની યાત્રાએ ગયા.

૧૬૦૨ — શ્રી ગુણનિધાનસૂરિનું સ્વર્ગગમન.

૧૬૦૮ — શ્રે૰ લીંબાના પુત્ર મેઘરાજ હીરાએ ભાદરવા વદ ૮ રવિવારે 'ધર્મબુદ્ધિ પાપબુદ્ધિ ચોપાઈ' લખાવી.

૧૬૧૦ — તપાગચ્છના સોમવિમલે પાટણમાં ચોમાસું કર્યું. પછી ત્યાં વૈશાખ સુદ ૩ને દિને ચીઠીઆ અમીપાલે કરાવેલી પ્રતિમાઓ પ્રતિષ્ઠી.

૧૬૧૧ — પં૰ વિમલસાગરે આ૰ સુ૰ ૧૩ના રોજ "કુમતિકંદકુદ્દાલ" ગ્રંથ લખ્યો.

૧૬૧૩ — ૧. ભ૰ વિજયસેનસૂરિના પટ્ટધર ભ૰ વિજયદેવસૂરિએ પોષ વદિ ૫ને શુક્રવારે મણિયાતી પાડામાં ઉજમચંદ, મૂલચંદ, લલ્લુચંદ અને મગનચંદના ઘર દેરાસરમાં વીશા શ્રીમાલી શા૰ ધનજીની પત્ની ચરણના પુત્ર શા૰ સંતોષીએ બનાવેલ ભ૰ ઋષભદેવની સ્ફટિકની જિન પ્રતિમાના પરિકરની પ્રતિષ્ઠા કરી હતી.

૨. સંઘરાજે પાટણ ચૈત્યપરિપાટીની રચના કરી.

૧૬૧૭ — ૧. (ખ૰) લબ્ધિકલ્લોલે પાટણમાં ચોમાસું કર્યું.

૨. ખ૰ જિનમાણિક્યસૂરિના પટધર જિનચંદ્રસૂરિએ જિનવલ્લભકૃત પોષધવિધિ પર વૃત્તિ રચી કે જેનું સંશોધન પુણ્યસાગર ઉ૰, ધનરાજ પાઠક અને સાધુકીર્ત્તિગણિએ કર્યું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩. પં૰ વિવેકવિમલગણિએ ''ઉત્સૂત્રકંદકુદ્દાલ''ની બીજી પ્રતિ લખી.

૪. મહો૰ ધર્મસાગરગણિવરે ''ઉત્સૂત્રકંદકુદ્દાલ''ના આધારે ''ઔષ્ટ્રિકમતોત્સૂત્રો-દ્‌ઘાટનકુલક'' તથા તેની ટીકા નામે ''દીપિકા'' અને ''સટીકતત્ત્વતરઙ્‌ગિણી'' એમ બે ગ્રંથો રચ્યા. તત્ત્વતરંગિણીમાં ઉક્ત ગ્રંથના આધારે 'સભ્યાશઙ્‌કાનિરા-કરણવાદ' નામનો વિભાગ નવો બનાવીને જોડ્યો.

૫. ખરતરગચ્છના ભ૰ જિનચંદ્રસૂરિ ચાતુર્માસ રહ્યા હતા.

૧૬૧૮ — સાધુકીર્તિ વા૰એ શ્રા૰ શુ૰ પના દિવસે 'સત્તરભેદી પૂજા'ની રચના કરી.

૧૬૧૮ ? — (૩૭ પહેલાં) સોમવિમલસૂરિ શિ૰ એ 'અમરદત્ત મિત્રાનંદ રાસ ૪૦૨ કડી'ની માહ સુ૰ પમે રચના કરી.

૧૬૨૧ — ત૰ હીરવિજયસૂરિ શિ૰ રંગવિમલે કા૰ સુ૰ ૧૧ બુધવારે ''દ્રૌપદી ચોપાઈ ૩૬૭ કડી''ની રચના કરી.

૧૬૨૧-૨૨ — ભટ્ટારક શ્રી વિજયદાનસૂરીશ્વરજી પાટણ પાસે વડાલી ગામમાં આરાધનાપૂર્વક સ્વર્ગગમન થયા હતા.

૧૬૨૫ — સંઘવી દેવ(રા)જકૃત ઉત્સવમાં વૈ૰ શુ૰ ૫ દિને લઘુ પૌશાલિક તપાગચ્છના આણંદસોમને શ્રી સોમવિમલસૂરિએ સૂરિપદ આપ્યું.

૧૬૨૬ — ૧. સોમવિમલસૂરિ શિ૰ ત૰ ભવાને ''વંકચૂલ રાસ ૪૮૩ કડી''ની રચના કરી.

૨. તપાગચ્છનાયક સોમવિમલસૂરિપટ્ટે મહો૰ વા૰ હંસસોમગણિ શિ૰ મુનિ શવહંસે પાટણમાં ચોમાસું રહ્યાં. અહીં તેમણે આણંદ પ્રમોદ કૃત શાંતિજિન વિવાહ પ્રબંધ લખ્યો.

૧૬૩૦ — આ૰ વિજયહીરસૂરિએ પો૰ વ૰ ૧૪(સુ૰ ૪)ના રોજ આ૰ વિજયસેનસૂરિને પાટણમાં ભટ્ટારકપદ આપી પોતાની પાટે ગચ્છનાયક તરીકે સ્થાપન કર્યા ત્યારે ત્યાં વંદના ઉત્સવ ઊજવાયો.

૧૬૩૪ પછી — શા૰ સંઘજી નામે શ્રેષ્ઠી પાટણનો વતની હતો. તેણે આ૰ વિજયસેનસૂરિના હાથે દીક્ષા લીધી. તેનું નામ મુનિ સંઘવિજય આપી પં૰ ગુણવિજયગણિના શિષ્ય બનાવ્યા. તેના દીક્ષા ઉત્સવમાં પાટણમાં ૭ ભાઈ-બહેનોની દીક્ષા થઈ હતી.

૧૬૩૮ — ગચ્છનાયક આ૰ વિજયસેનસૂરિ, મહો૰ કલ્યાણવિજયગણિ, પં૰ ધનવિજયગણિ વગેરે ચોમાસું કરી પછી પાટણથી વિહાર કરી ગયા.

૧૬૪૦ — પં૰ વિનયસાગરગણિએ સંસ્કૃતમાં 'દેશરાજાવલિ' બનાવી. તેમણે 'હિંગુલપ્રકર' બનાવ્યું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૬૪૨ — આ૰ વિજયસેનસૂરિએ ચોમાસું કર્યું. ખરતરગચ્છવાળાઓએ એ ચોમાસામાં મોટી સભામાં આ૰ વિજયસેનસૂરિને શાસ્ત્રાર્થ માટે બોલાવ્યા. મહો૰ ધર્મસાગરગણિના 'પ્રવચનપરીક્ષા' ગ્રંથ માટે આ શાસ્ત્રાર્થ યોજાયો હતો. ૧૪ દિવસ સુધી ચાલેલા આ શાસ્ત્રાર્થમાં આ૰ વિજયસેનસૂરિએ જય પ્રાપ્ત કર્યો.

૧૬૪૪ — ત૰ વિજયસેનસૂરિ શિ૰ નયવિજયે આસો સુ૰ ૧૦ના રોજ 'સાધુ વંદના (મોટી)'ની રચના કરી.

૧૬૪૫ — હીરસૂરિએ ચોમાસું કર્યું.

૧૬૪૬ — ૧. કડવાગચ્છના તેજપાલનો ૩૬ વર્ષની વયે સ્વર્ગવાસ.

૨. જ૰ ગુ૰ આ૰ હીરવિજયસૂરિવરે પોષ સુ૰ ૧ને શુક્રવારે તપગચ્છનો ચતુર્વિધ સંઘ એકઠો કર્યો. જૈન સંઘની એકતા ખાતર ૧૨ બોલનો નવો પટ્ટો બનાવી, બધે સ્થળે તે પટ્ટો મોકલ્યો. તેમાં ગીતાર્થોના દસ્તખતમાં પં૰ સહજસાગર ગણિના દસ્તખત પણ લીધા હતા.

૧૬૪૮ — લલિતપ્રભસૂરિએ આસો વ૰ ૪ રવિવારે 'પાટણ ચૈત્યપરિપાટી ૨૩ ઢાળ'ની રચના કરી.

૧૬૫૨ — ૧. પાર્શ્વચંદ્રગચ્છના હર્ષચંદ્ર શિ૰ પૂંજા ઋષિએ આસો સુ૰ ૧૫ બુધવારે 'આરામ શોભા ચરિત્ર ૩૩૨ કડી'ની રચના કરી.

૨. આ૰ વિજયસેનસૂરિ ભાદરવા સુદિ ૧૪ની સવારે જગદ્‌ગુરુ આચાર્ય વિજયહીરસૂરિને મળવા પાટણ પહોંચ્યા.

૧૬૫૪ — સુમતિમંડનગણિના શિષ્ય પં૰ સહજવિમલગણિએ પોતાના શિષ્ય પં૰ વિજયવિમલગણિને ભણાવવા માટે 'શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર' લખ્યું.

૧૬૫૫ — લલિતપ્રભસૂરિએ માહ સુ૰ ૧૦ ગુરુવારે 'ચંદ રાજાનો રાસ ૪ ખંડ'ની રચના કરી.

૧૬૫૬ — આ૰ શ્રી વિજયદેવસૂરિ પાટણ પધાર્યા.

૧૬૫૭ — ૧. ભા૰ વ૰ ૨ રવિવારે પાટણમાં સાલવીવાડા મધ્યે પાડુકૈઆવાડા મધ્યે શ્રાવિકા નાકૂએ 'કુલધ્વજકુમાર રાસ ગા૰ ૩૭૫' લખાવ્યો.

૨. આ૰ શ્રી વિદ્યાવિજયગણિને ભટ્ટા૰ વિજયસેનસૂરિના હાથે પોષ સુદિ ૬ને રવિવારે પાટણમાં પારેખ સહસ્રવીરે કરેલા વંદના ઉત્સવમાં ભટ્ટારકની પદવી આપવામાં આવી અને પોતાની પાટે ગચ્છનાયક તરીકે સ્થાપન કર્યા, અને તેમને ગચ્છની અનુજ્ઞા આપી.

૩. પાર્શ્વચંદ્ર શિ૰ શ્રવણે પો૰ સુ૰ પના રોજ 'ઋષિદત્તા રાસ'ની રચના કરી.

૧૬૫૮ — આ૰ વિજયદેવસૂરિ આ૰ વિજયસેનસૂરિના હાથે તપગચ્છના ગચ્છનાયક બન્યા. તેમની 'વિજયસેનસૂરિસંઘ' શ્રમણપરંપરા ચાલી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૬૬૦ — લોંકાગચ્છના ઋષિ કેશવજીએ આ૦ વિજયસેનસૂરિના પરિવારના પં૦ કૃપાવિજયગણિ પાસે દીક્ષા સ્વીકારી. તેનું નામ મુનિ મેઘવિજય રાખવામાં આવ્યું. તે પાછળથી મોટા ગ્રંથકાર મહો૦ મેઘવિજયગણિ તરીકે પ્રસિદ્ધ થયા.

૧૬૬૧ — પાટણના પારેખ સહસવીરે પાંચ હજાર ખર્ચી પોષ વદિ ૬ને રવિવારે ગણાજ્ઞાનો નંદિમહોત્સવ કર્યો.

૧૬૬૨ — ભ૦ વિજયસેનસૂરિ અને મહો૦ સોમવિજયગણિ વગેરેએ વૈ૦ સુ૦ ૧૫ને સોમવારે દોશી શંકર વીશા પોરવાડની પત્ની વહાલીએ બનાવેલ ભ૦ હીરવિજયસૂરિની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

૧૬૬૪ — ૧. ભ૦ વિજયદેવસૂરિએ ફા૦ સુ૦ ૮ને શનિવારે શ્રાવિકા વહાલીએ બનાવેલ ભ૦ વિજયસેનસૂરિની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

૨. તપાગચ્છના ગીતાર્થોએ ફા૦ સુ૦ ૮ને શનિવારે શ્રાવિકા વહાલીએ બનાવેલ આ૦ વિજયદેવસૂરિની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

૩. ઢંઢેરિયા શાખાના લલિતપ્રભે કનાશાના પાડામાં શાંતિનાથની પ્રતિષ્ઠા કરાવી.

૧૬૬૫ — ખં૦ સાધુકીર્તિ - મહિમસુંદર શિ૦ જ્ઞાનમેરુએ ફા૦ સુ૦ ૧૦ને દિને 'વિજયશેઠ વિજયા સંબંધ કડી ૩૭'ની રચના કરી.

૧૬૬૮-૬૯ — ઉ૦ ભાનુચંદ્રગણિ પાટણમાં ચોમાસું રહ્યા. તેમણે પાટણમાં મોટી જિન પ્રતિષ્ઠા કરાવી.

૧૬૭૦ — ૧. અંચલગચ્છની પટ્ટાવલીના ૬૩મા પટ્ટધર ધર્મમૂર્તિસૂરિનો સ્વર્ગવાસ.

૨. ખેતલવસહી મધ્યે રહેતા સાહ નાનજીએ ગુણવિજયગણિ શિ૦ સિંઘવિજયગણિ પાસે સંઘવિજય (સિંહવિજય?) કૃત 'ઋષભદેવાધિદેવ જિનરાજ સ્ત૦ ૭૧કડી' લખાવી.

૩. 'વીરવંશાવલી' મુજબ ત૦ વિજયાણંદને પાટણના શ્રી પંચાસરા પાર્શ્વનાથ પ્રાસાદે પંડિતપદ મળ્યું.

૪. અંચલગચ્છીય ધર્મમૂર્તિનો ૮૫ વર્ષે પાટણમાં સ્વર્ગવાસ થયો.

૫. કલ્યાણસાગરને પોષ વદ ૧૧ના રોજ પાટણમાં ગચ્છેશપદ મળ્યું. તેમણે પાટણમાં જ ચાતુર્માસ કર્યું.

૧૬૭૧ — આ૦ વિજયદેવસૂરિ જેઠ સુદિ ૧૧ના રોજ ગચ્છનાયક–ભટ્ટારક બન્યા.

૧૬૭૨થી ૧૭૧૩ આસપાસ — આ૦ વિજયદેવસૂરિએ પાટણમાં ૪ જિનપ્રતિષ્ઠાઓ કરાવી. તેમાં જૈન સંઘે અડધો લાખ રૂપિયાનો ખર્ચ કર્યો હતો.

૧૬૭૩ — ૧. (ખ૦) સમયસુંદરના શિષ્ય હર્ષનંદનગણિએ 'મધ્યાહ્ન વ્યાખ્યાન' રચ્યું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨. વિજયદેવસૂરિએ શ્રાવિકા લાલીએ કરાવેલી પ્રતિષ્ઠા વખતે તપા૰ વિજયસિંહને ઉપાધ્યાયપદ આપ્યું.

૩. ભ૰ વિજયદેવસૂરિએ પોષ વ૰ ૫ને શુક્રવારે શેઠ સંતોષીએ બનાવેલા ભ૰ આદિનાથની સ્ફટિકની જિનપ્રતિમાના પરિકરની પ્રતિષ્ઠાના ઉત્સવમાં પં૰ કનકવિજયગણિને ઉપાધ્યાયપદવી આપી.

૧૬૮૭ — સમયસુંદર ઉપાધ્યાયે જયતિહુઅણ સ્તોત્ર પર વૃત્તિ રચી.

૧૬૮૮ — પંડિતવર્ય નયવિજયના ઉપદેશથી પાટણમાં યશોવિજયજીએ દીક્ષા લીધી.

૧૬૯૯ — આ૰ જિનરાજસૂરિનો સ્વર્ગવાસ અષાડ સુદિ ૯ના રોજ થયો.

૧૭મા સૈકામાં — પાટણના શ્રીસંઘે કંબોઈ તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

૧૭૦૧ — (અં૰) જ્ઞાનસાગરે શુકરાજ રાસની રચના કરી.

૧૭૦૫ — આ૰ વિજયદેવસૂરિ, આ૰ વિજયસિંહસૂરિ તથા મહો૰ ભાવવિજયગણિ પાટણના છ'રી પાળતા યાત્રાસંઘ સાથે અંતરીક્ષજીતીર્થની યાત્રાએ પધાર્યા.

૧૭૦૬ (૧૧)? — ૧. આ૰ વિજયસિંહસૂરિએ મહા સુદિ ૧૩ને ગુરુવારે સંવેગી સાધુ-સાધ્વીને પાળવાના ૪૫ બોલનો (૮ બોલનો)? પટ્ટક બનાવ્યો.

૨. આ૰ વિજયસિંહસૂરિ અને આ૰ વિજયદેવસૂરિએ ચોમાસું કર્યું.

૧૭૦૭ — ઉપા૰ શ્રુતસાગરગણિના શિષ્ય ઉ૰ શાંતિસાગરગણિએ 'કલ્પકૌમુદી' ગ્રંથની રચના કરી.

૧૭૦૯ — ઓશવાલ જૈન સંઘે ફા૰ સુ૰ ૩ને રવિવારે આ૰ શ્રી વિજયસિંહસૂરિની ચરણપાદુકા બનાવી. તેની પં૰ વિવેકચંદ્રગણિએ ભ૰ વિજયદેવસૂરિની આજ્ઞાથી પ્રતિષ્ઠા કરી.

૧૭૧૧ — ૧. પં૰ સત્યવિજયગણિવર ભ૰ વિજયદેવસૂરિના ૬૧મા ગચ્છનાયક ભ૰ વિજયસિંહસૂરિના શિષ્ય હતા. તેમણે દાદા ગુરુદેવની આજ્ઞામાં પાટણમાં ક્રિયોદ્ધાર કર્યો. તેમનાથી તપાગચ્છ વિજયદેવસૂરિ ગચ્છની 'સંવેગી વિજયશાખા' નીકળી.

૨. વીરવિજયગણિએ મ૰ સુ૰ ૧૩ને ગુરુવારે ક્રિયોદ્ધાર કરી સંવેગીપણું સ્વીકાર્યું.

૧૭૧૫ — શ્રી કલ્યાણસાગરસૂરિની પાદુકાની સ્થાપના પાટણમાં સાલવી પાડાની ત્રીંશેરીમાં શ્રી નેમનાથ પ્રભુના દેરાસરમાં થઈ.

૧૭૨૦ — ૧. કર્પૂરવિજયગણિએ સત્યવિજયગણિ પાસે દીક્ષા લીધી.

૨. (અં૰) માણિક્યસાગર શિ૰ જ્ઞાનસાગરે 'શાંતિનાથ રાસ'ની રચના કા૰ વ૰ ૧૧ રવિવારે કરી.

૧૭૨૧ — વ૰ ત૰ જયચન્દ્રસૂરિના પટધર પદ્મચન્દ્રસૂરિએ 'શાલિભદ્ર ચોઢાળિયું'ની રચના કરી.

૧૭૨૫ — ખ૰ ધર્મમંદિરગણિએ 'મુનિપતિ ચરિત્ર'ની રચના કરી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૭૨૮ — વીરજી-વીરચંદે 'કર્મવિપાક અથવા જંબૂપૃચ્છા રાસ'ની રચના કરી.

૧૭૨૯ — હર્ષવિજયે 'પાટણ ચૈત્યપરિપાટી'ની રચના કરી.

૧૭૩૬ — ૧. જિનહર્ષ-જસરાજે 'જ્ઞાનસૂત્ર સ્વા૦'ની ફા૦ વ૦ ૭ રચના કરી.

૨. જિનહર્ષ-જસરાજે 'સમકિત સિત્તરી સ્તવન'ની રચના ભા૦ સુ૦ ૧૦મે કરી.

૧૭૩૭ — જિનહર્ષ-જસરાજે 'શુકરાજ રાસ'ની રચના મા૦ સુ૦ ૪ કરી.

૧૭૪૦ — જિનહર્ષ-જસરાજે 'શ્રીપાલ રાજાનો રાસ'ની રચના ચૈત્ર સુ૦ ૭ સોમવારે કરી.

૧૭૪૧ — ૧. જિનહર્ષ-જસરાજે 'રત્નસિંહ રાજર્ષિ-રાસ'ની રચના પોષ વદ ૧૧એ કરી.

૨. પ્રાગજી (ભીમ શિ૦)એ 'બાહુબલ સઝાય'ની રચના વિજયાદશમીએ કરી.

૧૭૪૨ — ૧. જિનહર્ષ-જસરાજે શ્રીપાલ રાસ(નાનો)ની રચના ચૈ૦ વ૦ ૧૩એ કરી.

૨. જિનહર્ષ-જસરાજે 'કુમારપાળ રાસ'ની રચના આસો સુ૦ ૧૦એ કરી.

૧૭૪૩ — કવિ ઉદયરત્ને પોષ વદ ૯ને બુધવારે ફોફલિયાવાડાના ઉપાશ્રયમા 'શુકરાજ રાસ' લખ્યો.

૧૭૪૪ — ૧. જિનહર્ષ-જસરાજે ફા૦ સુ૦ ૨ બુધવારે 'અમરસેન વૈરસેન રાસ'ની રચના કરી.

૨. જિનહર્ષ-જસરાજે શ્રા૦ સુ૦ ૬ ગુરુવારે 'ચંદન મલયાગીરી રાસ'ની રચના કરી.

૩. જિનહર્ષ-જસરાજે આસો સુ૦ ૫ 'હરિશ્ચંદ્ર રાસ'ની રચના કરી.

૧૭૪૫ — ૧. જિનહર્ષ-જસરાજે જે૦ સુ૦ ૧૫ 'ઉપમિત ભવપ્રપંચા રાસ'ની રચના કરી.

૨. જિનહર્ષ-જસરાજે આસો સુ૦ ૫ 'ઉત્તમચરિત્રકુમાર'ની રચના કરી.

૧૭૪૫ આસપાસ(?) — ઉપા૦ કાંતિવિજય ગણિએ 'સુજશવેલી ભાસ' ઢાળ રચી.

૧૭૪૯ — ૧. જિનહર્ષ-જસરાજે 'અમરદત્ત મિત્રાનંદ' રાસ ની રચના ફા૦ વ૦ ૨ સોમવારે કરી.

૨. જિનહર્ષ-જસરાજે 'ઋષિદત્તા રાસ'ની ફા૦ વ૦ ૧૨ બુધવારે રચના કરી.

૩. મહો૦ યશોવિજયજીએ બતાવેલી રૂપરેખા મુજબ ક્રિયોદ્ધાર કરી આ૦ જ્ઞાનવિમલ સૂરિએ સંવેગી મુનિપણું સ્વીકાર્યું.

૪. જિનહર્ષ-જસરાજે ભા૦ સુ૦ ૧૨ શુક્રવારે 'સુદર્શન શેઠ રાસ'ની રચના કરી.

૧૭૫૧ — જિનહર્ષ-જસરાજે આસો વદ ૨ 'ગુણકરંડ ગુણાવળી રાસ'ની રચના કરી.

૧૭૫૨ — વિનયચંદ્રે ફા૦ સુ૦ ૫ ગુરુવારે 'ઉત્તમકુમાર રાસ'ની રચના કરી.

૧૭૫૪ — જિનહર્ષે ફા૦ સુ૦ ૧૧ 'મુનિપતિ ચરિત્ર'ની રચના કરી.

૧૭૫૫ — ૧. જિનહર્ષ-જસરાજે અષાઢ વદિ ૫ બુધવારે 'શત્રુંજય માહાત્મ્ય રાસ'ની રચના કરી.

૨. ઉદયરત્ને પોષ સુ૦ ૧૦ 'અષ્ટપ્રકારી પૂજા રાસ'ની રચના કરી.

૩. પં૦ સત્યવિજયગણિએ પાટણમાં ચોમાસું કર્યું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૭૫૬ — પં૰ સત્યવિજયગણિનો સ્વર્ગવાસ. ખરતરગચ્છના જિનહર્ષ–જષરાજે એમના નિર્વાણનો રાસ રચ્યો છે.

૧૭૫૭ — જિનહર્ષ-જસરાજે આસો સુ૰ ૧૩ શુક્રવારે 'રત્નચૂડ રાસ'ની રચના કરી.

૧૭૫૮ — ૧. જિનહર્ષ-જસરાજે શ્રા૰ સુ૰ ૫ સોમવારે 'અભયકુમાર (શ્રેણિક)' રાસની રચના કરી.

૨. જિનહર્ષ-જસરાજે ભા૰ સુ૰ ૮ 'શીલવતી રાસ'ની રચના કરી.

૧૭૫૯ — ૧. જિનહર્ષ-જસરાજે આષાઢ વદ ૧ 'રાત્રિભોજન પરિહારક (અમરસેન જયસેન)રાસ'ની રચના કરી.

૨. જિનહર્ષ-જસરાજે પ્ર૰ શ્રા૰ વ૰ ૧૧ સોમવારે 'રત્નસાર રાસ'ની રચના કરી.

૩. જિનહર્ષ-જસરાજે આસો સુ૰ ૫ મંગળવારે 'સ્થૂલભદ્ર સ્વાધ્યાય'ની રચના કરી.

૧૭૩૦થી ૧૭૬૦ દરમ્યાન — જિનહર્ષ–જસરાજે 'વાડી પાર્શ્વનાથ બૃહત્સ્ત૰'ની રચના કરી.

૧૭૬૦ — ૧. મોહનવિજયે અધિક માસ સુ૰ ૮ બુધવારે 'માનતુંગ માનવતીનો રાસ'ની રચના કરી.

૨. મોહનવિજયે માગ૰ સુ૰ ૫ ગુરુવારે 'રત્નપાલનો રાસ'ની રચના કરી.

૩. જિનહર્ષ-જસરાજે જેઠ વ૰ ૧૦ બુધવારે 'જંબૂસ્વામી રાસ'ની રચના કરી.

૧૭૬૧ — ૧. મહો૰ ઉદયરત્નગણિએ ફા૰ વ૰ ૧૧ શુક્રવારે 'રાજ સિંહરાસ (નવકાર)'ની રચના કરી.

૨. જિનહર્ષ-જસરાજે માઘ સુ૰ ૧૦ 'શ્રીમતી રાસ(નવકાર ૫૨)'ની રચના કરી.

૩. જિનહર્ષ-જસરાજે ચૈત્ર વદ ૪ સોમવારે 'નર્મદાસુંદરી સ્વા૰'ની રચના કરી.

૪. જિનહર્ષ-જસરાજે જયે૰ સુ૰ ૩ 'આરામશોભા રાસ'ની રચના કરી.

૫. ઉદયરત્ને ફા૰ વ૰ ૧૧ શુક્રવારે 'મુનિપતિ રાસ'ની રચના કરી.

૬. વિવેકવિજયે વ્યંક માસ સુ૰ ૧૧ ભૃગુવારે 'રિપુમર્દન રાસ'ની રચના વડાવલીમાં કરી.

૧૭૬૨ — જિનહર્ષ-જસરાજે આસો સુદ ૨ રવિવારે 'વસુદેવ રાસ'ની રચના કરી.

૧૭૬૩ — મોહનવિજયે 'પુણ્યપાલ ગુણસુંદરી રાસ'ની રચના કરી.

૧૭૬૪ — જ્ઞાનવિમલસૂરિ-નયવિમલે 'શત્રુંજયમંડન યુગાદિદેવ સ્ત૰'ની રચના પીરાંણ પત્તને કરી.

૧૭૬૬ — ત૰ ભાગવિજયે પાટણમાં ચોમાસું કર્યું અહીં 'નવતત્ત્વ ચોપાઈ' રચી.

૧૭૬૭ — ૧. ત૰ ઉદયરત્ને આસો વ૰ ૬ સોમવારે 'લીલાવતી સુમતિવિલાસ રાસ'ની રચના પાટણના ઉનાઉમાં કરી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨. ત૰ ઉદયરત્ને પોષ સુ૰ ૫ ગુરુવારે 'યશોધર રાસ'ની રચના પાટણના ઉર્ણાકપુરમાં કરી.

૧૭૬૮ — ત૰ ઉદયરત્ને માગ૰ સુ૰ ૧૧ રવિવારે 'ધર્મબુદ્ધિ મંત્રી અને પાપબુદ્ધિ રાજાનો રાસ'ની રચના કરી.

૧૭૬૯ — ૧. ત૰ ઉદયરત્ને પો૰ વ૰ ૧૩ મંગળવારે 'ભુવનભાનુ કેવલીનો રાસ અથવા રસલહરી રાસ'ની રચના પાટણના ઉનાઉમાં કરી.

૨. ભટ્ટા૰ વિજયપ્રભસૂરિએ ચાતુર્માસ કર્યું.

૩. ભટ્ટા૰ વિજયપ્રભસૂરિએ મુનિ વૃદ્ધિવિજયની યોગ્યતા જોઈ પંન્યાસ પદવી આપી.

૧૭૭૦ — ૧. ભટ્ટા૰ વિજયપ્રભસૂરિ કા૰ વદિ અમાવાસ્યાના રોજ કાળધર્મ પામ્યા. પં૰ જિનવિજયગણિએ તેમની જીવનનોંધ લખી રાખી હતી.

૨. પાટણના જૈનો અમદાવાદથી નીકળેલા કપૂરચંદ ભણશાળીના સંઘમાં જોડાયા હતા.

૧૭૭૪ — ૧. પં૰ કર્પૂરવિજયગણિએ પાટણ તરફ વિહાર કર્યો.

૨. પં૰ કર્પૂરવિજયે ક્ષમાવિજયને પંન્યાસપદવી આપી.

૩. ખરતરગચ્છના સમર્થ વિધાતા મહો૰ દેવચંદ્રગણિવર પાટણમાં પધાર્યા.

૪. શેઠ તેજસીએ સહસ્રકૂટનું દેરાસર બનાવ્યું જે **નગરશેઠના દેરાસર** તરીકે વિખ્યાત છે. શેઠ તેજસીએ ભ૰ પાર્શ્વનાથ વગેરેની પિત્તળની હજારો પ્રતિમાવાળો સહસ્રકૂટનો ત્રિગડો કોઠા બનાવી તેની ભટ્ટા૰ ભાવપ્રભસૂરિના હાથે જેઠ સુદ ૮ને સોમવારે પ્રતિષ્ઠા કરાવી.

૧૭૭૫ — ૧. શ્રા૰ વ૰ ૧૪ સોમવારે પં૰ કર્પૂરવિજયગણિનો સ્વર્ગવાસ.

૨. ભાવરત્ન-ભાવપ્રભસૂરિએ જે૰ વ૰ ૨ રવિવારે 'અંબડ રાસ'ની રચના કરી.

૩. કાંતિવિજયગણિએ વૈ૰ સુ૰ ૩ 'મહાબલ મલયસુંદરીનો રાસ'ની રચના કરી.

૧૭૭૭ — મહો૰ દેવચંદ્રગણિએ ક્રિયોદ્ધાર કરી સંવેગી મુનિપદ સ્વીકાર્યું.

૧૭૭૮ — કાંતિવિજયગણિએ માગ૰ સુ૰ ૧ પહેલાં 'ચોવીશી અથવા ચોવીશ જિન સ્ત૰'ની રચના કરી.

૧૭૭૯ — ત૰ ઉદયરત્ને ભા૰ સુ૰ ૧૫ 'ભાભા પારસનાથનું સ્ત૰'ની રચના કરી.

૧૭૮૨ — ૧. પૂર્ણિમાપક્ષના પ્રધાનશાખાના ભ૰ ભાવપ્રભસૂરિના શિષ્ય પ્રેમરત્નએ ઢંઢેરવાડામાં જ્યે૰ વ૰ ૫ બુધવારે 'સાર શિખામણ રાસ' લખ્યો.

૨. ભાવરત્ન-ભાવપ્રભસૂરિએ પોષ સુદ ૧૦ના રોજ 'મહિમાપ્રભસૂરિ નિર્વાણ કલ્યાણક રાસ'ની રચના કરી.

૧૭૮૨ પછી — પાટણથી આબુની યાત્રાનો સંઘ નીકળ્યો તેમાં પં૰ જિનવિજયજી મુખ્ય હતા.

૧૭૮૩ — ૧. પં૰ જિનવિજયજીએ 'જ્ઞાનપંચમી સ્તવન', 'મહાવ્રતની ૨૫ ભાવનાની સજ્ઝાય ઢાળ-૫', 'મેં તો આણા વહેસ્યાંજી' અને 'પર્યુષણ પર્વની સ્તુતિ' વગેરે રચ્યા હતા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

— ૨. મુનિ ખીમાવિજય ચોમાસું રહ્યા હતા.

૧૭૮૪ — ૧. પં૰ મોહનવિમલગણિ-કૃષ્ણવિમલગણિએ 'નંદિષેણ રાસ' પંચાસરા પાર્શ્વ પ્રાસાદે તે લખ્યો.

૨. ભ૰ ભાવપ્રભસૂરિએ અણહિલપુર પત્તને ઢંઢેરવાડાના ઉપાશ્રયમાં ચોમાસું કર્યું.

૧૭૮૫ — મહં૰ ચાહિલના વંશના શેઠ વલ્લભદાસના પુત્ર શેઠ માણેકચંદે માગ૰ સુ૰ પના દિવસે ચોવીશજિનના ચોવીશવટ્ટા બનાવી ભ૰ વિદ્યાસાગરજીના હાથે પ્રતિષ્ઠા કરાવી.

૧૭૮૭ — ત૰ શાંતસૌભાગ્યે 'અગડદત્ત ઋષિની ચોપાઈ'ની રચના કરી.

૧૭૯૩ — ત૰ જિનવિજયે મા૰ વ૰ ૧૦ પાર્શ્વજન્મદિને 'પંચમી સ્ત૰'ની રચના કરી.

૧૭૯૭ — ૧. કાર્તિક સુદિ પના રોજ ભ૰ વિદ્યાસાગરનો સ્વર્ગવાસ.

૨. ભ૰ ભાવરત્નસૂરિ—ભાવપ્રભસૂરિએ 'સુભદ્રાસતી રાસ' રચ્યો.

૧૭૯૯ — ભ૰ ભાવરત્નસૂરિ—ભાવપ્રભસૂરિએ 'બુદ્ધિ વિલાસમતી રાસ' રચ્યો.

૧૮૨૧ — પાટણના શેઠ કચરા-કીકાએ કાઢેલા શત્રુંજયના સંઘમાં ભ૰ સિંહરત્નસૂરિ સાથે હતા.

૧૮૩૬ — પાટણના સંઘની વિનંતીથી પં૰ પદ્મવિજયજીએ ચાતુર્માસ કર્યું. ત્યાં 'અનુયોગદ્વારસૂત્ર'ની દેશના આપીને ઉપધાન વહેવરાવ્યાં.

૧૮૩૭ — ત૰ પદ્મવિજયે મહા વદ ૨ શનિવારે '૨૪ જિનનાં કલ્યાણક સ્ત૰'ની રચના કરી.

૧૮૪૪ — પં૰ પદ્મવિજયજીએ ચોમાસું કર્યું. ત્યાં આચારાંગસૂત્રનું વ્યાખ્યાન કર્યું.

૧૮૫૧ — મુનિ મોતીવીજે ત૰ દેવવિજય રચિત 'અષ્ટપ્રકારી પૂજા' મહા સુ૰ ૧ના દિને લખી.

૧૮૫૨ — ત૰ ક્ષેમવર્ધને 'સુરસુંદરી અમરકુમાર રાસ'ની રચના કરી.

૧૮૫૭ — ત૰ વિજયજિનેન્દ્રે સહસ્રકૂટ આદિ બે હજાર બિંબની પ્રતિષ્ઠા કરી.

૧૮૬૧ — કુરણા સાહાની પોલ(આજનો કનાશાનો પાડો)માં ખુસાલચંદ મલુકચંદે જ્ઞાનસાગરે રચેલ સિદ્ધચક્રરાસ અથવા શ્રીપાલરાસ લખાવ્યો.

૧૮૬૨ — ૧. પોષ વદિ ૭ મંગળવારે પાટણના ચિંતામણિ પાર્શ્વનાથજી પ્રાસાદમાં તુલજારામના પુત્ર સાકરરામેણે ત૰ પદ્મવિજય રચિત 'જયાનંદ કેવળી રાસ' લખાવ્યો.

૨. ત૰ પદ્મવિજય શિષ્ય રૂપવિજયગણિએ 'પદ્મવિજય નિર્વાણ રાસ'ની વૈ૰ સુ૰ ૩ના રોજ રચના કરી.

૧૮૬૮ — જેઠ સુદ ૨ને શનિવારે પંચાસર પાર્શ્વનાથ પ્રાસાદે ત૰ પદ્મવિજય રચિત 'જયાનંદ કેવળી રાસ' લખાયો.

૧૮૭૦ — પુણ્યસાગરસૂરિનો સ્વર્ગવાસ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૮૭૩ — મહિમાસાગર શિષ્ય સૌભાગ્યસાગરે 'જંબૂકુમાર ચોઢાળિયું'ની રચના કરી.

૧૮૭૫ — ઋષભદાસ (શ્રાવક) રચિત 'શ્રેણિક રાસ' આષાઢ વદ ૯ દિને ઋષભવિજયગણિએ પંચાસરા પાર્શ્વનાથ પ્રાસાદે લખ્યો.

૧૮૭૯ — ૧. લાભવર્ધન પા૦ લાલચંદ રચિત 'વિક્રમાદિત્ય નવસેં કન્યા હરણ ખાપરા ચોરનો રાસ' મુનિ મોતીસાગરે ફોફલીયાવાડામાં અષાઢ વદ ૭ દિવસે સંપૂર્ણ લખ્યો.

૨. ત૦ ક્ષેમવર્ધને 'શ્રીપાલરાસ'ની રચના કરી.

૧૮૮૧ — પં૦ કૃષ્ણવિજયગણિ શિષ્ય પં૦ દીપવિજયગણિએ પંચાસર પાર્શ્વપ્રાસાદે માઘ સુ૦ ૧૩ સોમવારે 'લઘુ અને વૃદ્ધ ચાણક્યનીતિ પર બાલાવબોધ' લખ્યો.

૧૮૯૨ — શેઠ નથુ ગોકલજીના મહોત્સવમાં મુક્તિસાગરને વૈ૦ સુ૦ ૧૨ દિને આચાર્ય અને ગચ્છેશપદ મળ્યું.

૧૯૧૦ — ઠાકોર નરભેરામ અમુલખેને પાટણના આદિજિનપ્રાસાદે ચિદાનંદ-કપૂરચંદ રચિત 'ચિદાનંદ બહોતરી શ્રી અનુભવવિલાસ' સંપૂર્ણ લખ્યો.

૧૯૧૪ — દેવચંદ્રગણિ રચિત 'ચોવીશી સ્વોપજ્ઞ બાલાવબોધ સહિત' વૈ૦ વ૦ ૫ દિને રવિવારે ચિંતામણી પાર્શ્વપ્રાસાદે સાધુ માધવદાસ અજોધ્યાદાસજીએ લખ્યો.

૧૯૨૬ — દીપવિજય કવિરાજ રચિત 'મહાવીરના પંચકલ્યાણકના પાંચ વધાવા' કાર્તિક વદિ ૧૪ દિને ભાભા પાર્શ્વનાથ પ્રાસાદે લખાયા.

૧૯૨૯ — જ્ઞાનસાગર રચિત 'ઈલાચીકુમાર ચોપાઈ' ફા૦ સુ૦ ૬ મંગળવારે વાગલ પાડાના ઋષભપ્રાસાદે જગજીવને લખી.

૧૯૩૦ — મયારામ (ભોજક) રચિત 'પ્રદ્યુમ્નકુમાર રાસ' વાગૂલપાડાના ઋષભદેવજી પ્રાસાદે માગશર સુદી દ્વાદશીને રવિવારે જગજીવન પાનાચંદે સ્વઅર્થે લખી.

૧૯૩૨ — ત૦ ક્ષેમવર્ધન રચિત 'શ્રીપાલ રાસ' માગશર વદિ ૭ દિને ભોજક ઠાકોર નરભેરામ અમૂલખે શ્રી સહસ્રફૂટ પ્રાસાદે લખ્યો.

૧૯૩૭ — ત૦ પદ્મવિજય રચિત '(ષટ્પર્વી મહિમાધિકાર ગર્ભિત) મહાવીર સ્ત૦' પાનસ્યામજીના પાડામાં અષાડ સુદ ૬ મંગળવારે શ્રીમાલી બ્રાહ્મણ અયાચી જેશંકર મૂલજીએ લખી.

૧૯૭૨ — પૂ૦ આ૦ સાગરાનંદસૂરિએ પાટણના ચાતુર્માસથી મુનિરાજોને આગમનું જ્ઞાન આપવા માટે આગમવાચના ચાલુ કરી હતી.

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરિશિષ્ટ–૨

સિદ્ધિસૂરિકૃત

પાટણ ચૈત્યપરિપાટી (સં૰ ૧૫૭૬)

નિય ગુરુ પય પણમેવિ, સરસતિ સામિણિ મનિ ધરીય,
હીયડઇ હરષ ધરેવિ, ગોયમ ગણહર અણુસરિય,
પભણિસુ ચેતપ્રવાડિ અણહિલપુર પટ્ટણ તણીય,
મુઝ મનિ ષરીય રહાડિ, દિઉ મતિ નિરમલ અતિઘણીય ૧

દેશ શરોમણિ દેશ, ગુજ્જરધર જગિ જાણીયએ,
વાવિ સરોવર કૂવ વણસઇ વિવિહ વખાણીયએ,
નયનાનંદ સુચંગ નરસમુદ્ર પટ્ટણનગર,
ગઢ મઢ પોલિ ઉતંગ, જસુ સમ મહિયલિ નવિ અવર. ૨

ધર્મવંત બહુ લોઇ નિવસઇ જત્થ દયાસહિત,
ઉવયારી સહુ કોઇ, વિનય વિવેક ગુણે ભરિત,
દાન પુણ્યની વાત કરઇ જિહાં અતિ... રડીય,
પુણ્ય પુરષ વિખ્યાત વસઇ તિ **ઊચી સેરડીય.** ૩

મનિ ધરિ અવિચલ ભાવ, તિહાં પ્રણમઉં **જિણ સોલમઉ** એ,
ત્રિભુવન કેરુ રાઉ, ભવીયાં ભગતિઇ નિતુ નમઉ એ,
અષ્ટ કરમ દલ ભંજિ શવરમણી સયવર વરિઉ એ,
મોહ મયણ મદ ગંજિ ઉપશમરસ જિણિ આદર્યઉ એ. ૪

દીઠઇ પરમાણંદ, અંગિહિ અતિઘણ ઊપજએ,
વંદિસુ પૂજિસુ ચંગ, ભવભયથી નવિ ધૂજીયએ,
સંતિકરણ જગદેવ, સેવા સારઇ ઇન્દ્ર સવે,
મુનિવર તૂં મહાદેવ, દઇ દરિસણ મુઝ ભવહ ભવે. ૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વસ્ત

સંતિ જિણવર સંતિ જિણવર ભાવિ વંદેવિ,
શક્રસ્તવ થુતિ તવન ભણિ, દૂરિ કરવિ આસાયણ નિરત્તિહિં,
ભવસય સંચિય પાપ સવિ, ટાલઈ સૂઘઈ ધ્યાનિ,
ઊંચી સેરી વલિ સુપરિ મેટ્યા **શ્રીવર્ધમાન.** ૬

હિવ ભાસ

હિવ સાઊકઈ પણમિસુ પાસો, સમરથ સ્વામી લીલવિલાસો, દીઠઈ મતિ ઉલ્હાસો,
ત્રેવીસમ જિણ પાવવિહંડણ, દુષ્ટ મહારિપુ દૂરિ વિહંડન, મંડન સુક્ખનિવાસો. ૭

અગર કપૂર અનઈ કસ્તૂરી, પૂજઈ ચંદનિ કેસર ચૂરી, પૂરી મન આણંદ
અતિહિ મનોહર જસુ પ્રાસાદ, ગાવઈ ગાયણ જિણ જસવાદ, સુણિયઈ નવ નવ નાદ. ૮

ઇણિ પરિ ઉત્સવ ઉત્તિમ કરતા, સુપરિ સુપુણ્ય ભંડાર સુભરતા, સરતા ભેટ્યઉ નેમિ,
મહૂકર મનહ મનોરથ પૂરઈ, પાસ **પંચાસરઈ** ભાવ વિચૂરઈ, સાર સંસારઈ લેમિ, ૯

ચમ્મહ ભુવનિ સંતિ જિણ, ગરુઉ, જાઈ સેવંતી દમણઉ મરુઉ, પૂજઉ મન ઉલ્હાસે,
વાસપૂજ્ય વંદઉ બહુ ભાવઈ, જસુ ડરતા ભય મૂલિ ન આવઈ, રહઈ નિત અષય નિવાસે. ૧૦

સિરિ દેસલહર તણઈ પ્રસાદઈ, ભેટિસુ પાસ મનહ અવસાદઈ, પૂરઈ પ્રત્યાસાર,
પલીવાલઉ શ્રીઆદિજિણેસર, આંબિલીઉ સ્વામી નેમીસર, **નાગમઢિ** નમિ સુવિહાર, ૧૧

શાંતિનાથ બોકડીયાં ભુવણઈ, થાઈસુ નિરમલ અરિહંત થુણણઈ, ગુણ ગાઈસુ સુવિચાર,
મહાવીર ભવભાવઠિ ભંજઈ, ભાવહડઉ ત્રિભુવન મન રંજઈ, **પીપલઈ** પ્રત્યાસાર. ૧૨

કોરટવાલઈ શાંતિજિણંદો, ચિંતામણિ આપઈ આણંદો, **ચિંતામણિ પાસ** જિણંદો,
વાસપૂજ્યં પૂજઉ મન ભાવઈ જિન સુષસંપદ નિજ ઘરિ આવઈ, **ષરા કોટડી** સુહાવઈ. ૧૩

અષ્ટાપદિ ચંદ્રપ્રભ દેવ, નર નરપતિ બહુ સારઈ સેવ, ઊપનઉ ઊલટ હેવ,
અષ્ટ કરમ ચૂરઈ અઠ્ઠમ જિણ, દીઠઉ નયણે ધન્ન તિ અમ્હ દિન, જગબંધવ જગદેવ. ૧૪

વાજઈ મદલ અતિહિં રસાલ, તિવલી તાલ અનઈ કંસાલ, ગાવઈ અપછર બાલ,
આરત્તી મંગલે ઉઝમાલ, ચરચઈ ચંદનિ ગુણે વિસાલ, પ્રભુતનુ અતિ સુકમાલ. ૧૫

વસ્ત

એમ સુપરઈ એમ સુપરઈ નમો જિણરાઈ,
ચંદ્રપ્રભ ચંદન સમઉ, ભવહ પાપ સંતાપહારણ,
ત્રિકરણ સુદ્ધેં જે નમઈ તાહ એહ આનંદકારણ,
ષરતર પીપલિયાં ભવનિ પણમિઉ **સ્વામી સંતિ,**
ત્રાંગડીયાવાડા ભળી જિણ ભેટણ મુઝ ષંતિ. ૧૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાસ

પદમપ્રભ છટ્ઠઉ નમઉં એ, પરિહરિ મનહ પ્રમાદ ત,
કુગતિ કુમતિ દુરઇં ગમઉ એ, સુણિયઇ ઘંટહ નાદ ત,
ચણહટડી સંતીસર એ સિરિ સોલમઉ જિણંદ ત,
દરસણિ દોષમ બહુ હરએ, નિજ કુલ કેરઉ ચંદ ત. ૧૭

ભાણસોલ્યાં[1] ષરતર તણઉ એ, સિરિ **સંતીસર** સામિ,
પટૂઆવાડડ[2] જિણ નમિઉ એ, જાઇં પાપ સુનામિ ત,
સગર કૂઇ સંપઇ કરએ, **પાસ** પ્રગટ અવતાર ત,
બીજઇ ભવનિ સુકૃત ભરએ, **કંસારવાડઇ** ગુણસાર ત. ૧૮

સાહવાડઇ મુનિ સુવ્રત એ, વીસમઉ પૂરઇ આસ ત,
અંગિહિં ધરી મહાવ્રત એ, જિણિ કીઉ સિદ્ધિહિ વાસ ત,
બાબરકોટિહિં નમિસુ જિણ, પાસ ગુણે સુવિશાલ ત,
નારિંગપુરિ વંછી કરણ, ચરચિસુ કુસમહ માલ ત. ૧૯

જોગીવાડઇ જાગતા એ, **પાસ અનઇ મહાવીર** ત,
વંછીય જન સુખ આપતા એ, સમરથ સાહસધીર ત,
જલચઉકઇં જગિ જાણીયઇ એ, મલ્લિનાથ જસવ્રંત,
જીરાવલઉ વષાણીયએ, જિણિ નામઇ હુઇ સંતિ. ૨૦

રાતકાવાડઇ રતનનિધિ, પાસ જિણેસર દિટ્ઠ ત,
પાલ્હણપુરવાડઇ નમઉં એ, જસુ દરસણ ગુણ ઇટ્ઠ ત,
વિરમવાડઇ વંદિસું એ, જિનવર ગુણિ અભિરામ ત,
ફોફલિયાવાડઇ નિરષિસું, જાઇં પાતક નામિ ત. ૨૧

ત્રિહું ભુવને ભાવઠિહરણ, ગુણગણ મહિ વિખ્યાત ત,
મદનમલણ વંછિતકરણ, જસુ અધિકા અવદાત ત. ૨૨

વિવંદણીકવાડવાડઇ ભણઉ એ, **ધર્મ્મ** પયાસણહાર,
લહુડપણા લગિ ગુણનિલઉ એ, નિજકુલતણઉ સિંગાર ત. ૨૩

ભીમષટ્ટિ[3] ભણસિઉં ભલ એ, **ભાભઉ પારસનાથ** ત,
કમઠમાણ જીણઇં મલ્યુ એ, મુગતિપુરીનઉ સાથ ત,

---

૧. આ સ્થાન હાલ નિશ્ચિત થઈ શકતું નથી.

૨. પાટણના બજારમાં ચીતારાની ખડકી પાસે અગાઉ પટવાવાડો હતો એમ સદ્‌ગત આચાર્ય વિજયમેઘસૂરિજીએ વાતવાતમાં કહ્યું હતું.

૩. સંદર્ભ ઉપરથી આ સ્થાન હાલનો ભાભાનો પાડો સંભવ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુમરપણઇ નવકાર કહી, થાપિઉ જિણિ ધરણિંદ ત,
દીષ લેઈ ઉપસગ્ગ સહી પહુતઉ સિદ્ધિ જિણંદ ત. ૨૪

મન આણંદઇ આપણઇ એ, આલસ અંગિ નિવારિ ત,
પાડઈ સાહ કરણા તણઇ એ, સીતલનાથ જુહારિ ત,
અતિ મૂરતિ રલીયામણી એ, હરષ ન હીયડઇ માઈ ત,
સામલઇ દીઠઇ રતિ ઘણી એ, **પેતલ વસહી** થાઇ ત. ૨૫

વસ્ત

પાસ જિણવર પાસ જિણવર નયણિ મઇ દિટ્ઠ,
કિરિ જાણે સુરતરુ ફલિઉ, કામવેલિ મઇ વેગિ પામીય,
ભુવન વિચિત્ર સોહામણઉ, નમિઉ ભાવિ મઇ સીસ નામીય,
આસસેણ રાયહ કુમર, વમ્મદેવિ મલ્હાર,
જસુ મહિમા જાગઇ જગતિ, વંશ ઇખાગ સિંગાર ૨૬

ભાષા

ભાવન ભાવઇ ચંગી, બાસી અતિ નવરંગી,
ચામર ઢાલઇ પાખલિ, નાચઇ છંદિહિં આગલી. ૨૭

વાજઇ વાજિત્ર સાર, ગાવઇ ગુણ સુવિચાર,
ઇક નર ચરચઇ ચંદનિ, ઇક નર સાચવઇ મજ્જન. ૨૮

ઇમ લેઈ ફૂલહ માલ, કરઇ ઇક દીપ ઝમાલ,
ઇક ફૂલ ઢોવઇ આગલિ, ઇક ડહઇ ધૂપ અનગ્ગલ. ૨૯

ચાવલિ ચઉક પૂરાવઇ, નેવજ વેગિ અણાવઇ,
ઢોવઇ જલ પુણિ આણી, નિજ નિજ ભાવિહિ જાણી. ૩૦

ઘણી વિધિ નિરષીય પૂય, શાંતિ ભેટણ સજ હૂઅ,
સુરહીયાવાડઈ સુહાણઉ, કરમહણણ સપરાણઉ. ૩૧

બીજઇ ભુવણઇ **પાસ**, નમિસું ધરિ ઉલ્લાસ,
કટકીયાવાડઈ કઉતિગ, મૂરતિ દીઠી એ ઝિગમિગ. ૩૨

કંબોયુ પાસ જિણંદ, નવ નવ કરઇ આણંદ,
ધવલી પર્વ સુધન્ન, ભેટિસુ ગુણિહિ સંપુન્ન. ૩૩

જિણવર સારઇ કાજ, સફલ જનમ મુઝ આજ,
ઢંઢેરવાડઇ પૂનમીયા, વીર જિણેસર નમિયા. ૩૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કોકાવાડઈ પાસ, નવ નવ પૂરઈ આસ,
ખેત્રપાલવાડઈ દીઠા, લોચનિ અમીય પઈટ્ઠા.
ટાલઈ સગલાઈ દુક્ખ, આપઈ શવપદ સુક્ખ,
પારી વાવિ સુંહાણી, સંભલુ બોલઉ વાણી,
વીર જિણેસર સાર, પામિઉ ભવનઉ પાર. ૩૫

સોવનવણ સોહાવઉ, ભવિયણ નિત મનિ ધ્યાવઉ,
સતકર જસુ છઈ દેહ, કરમનિવારણ એહ. ૩૬

વસ્ત

વીર વંદી વીર વંદી ચરમ જિણરાઈ,
જસુ માનઈ સુરરાઈ સવિ, નર નરિંદ બહુ સેવ સારઈ,
ધમ્મપયાસણ દયાપર, કુગઈ કુમઈ મિચ્છિત્ત વારઈ,
તત્ત્વ ત્રિણિ પયાસ કર, ગુણ ગાવ્યા સંખેવિ,
નમિસુ દેવ મનિ ભાવ ધરિ, **સાલવીવાડઈ** હેવ. ૩૭

ભાસ

ત્રિસેરીઈ ત્રિભુવનકઉ રાઉ, નમિસુ **નેમિ** મનિ ધરિ બહુ ભાઉ,
યાદવવંશવિભુષણ સામિ, જસુ આગલિ બલ છંડિઉ કામિ. ૩૮

કામવેલિ સરિસી કામિની, નવયૌવન ગજગતિગામિની,
ચંદ્રવદનિ રતિરૂપ સમાન, કમલનયન તન ચંપકવાનિ,
છંડિ રાજમતિ નેઈ નિવારિ, દેઈ દાન પહુતઉ ગિરનારિ,
રૈવતકાચલિ સદા સોહંતિ, દીઠઉ સ્વામી મન મોહંતિ ૩૯

બીજઈ ભુવનિ જિણેસર નમી, કુમતિ કદાગ્રહ સદા અવગમી,
કલ્હરવાડઈ પણમઉં દેવ, છંડિ પાપ નિર્મલ થિઉ હેવ. ૪૦

દિનાકરવાડઈ દેવ **જુગાદિ**, ત્રોડઈ કોધા કર્મ્મ અનાદિ,
આદિ કરણ નઈ સમરથ ધીર, **ધાંધલવાડઈ** પણમિસુ ધીર. ૪૧

સત્રાગવાડઈ રિસહેસર સામિ, કરઉં વીનતી હિવ શર નામિ,
પૂનાવાડઈ પરગટ મલ્લ, હીયાતણા જિણિ ટાલ્યા સલ્ય. ૪૨

આદિ જિણંદ નમઉં કર જોડિ, જેહનઈ નામિ ન આવઈ ષોડિ,
હિવ આવી પણમિસુ **ગોલવાડિ**, સગલા કાજ સિરાડઈ ચાડિ. ૪૩

મૂલનાયક સવિ સુષનઉ સાથ, પાખલિ વંદઉં **પારસનાથ.**
કર્મ્મ ચિંતામણિ ચિંતા હરઈ, પાપપંક સવિ દૂરઈ કરઈ. ૪૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પીતલિનઉ દીસઇ રૂયડઉ, ભાગ્યવિશાલ ગુણે ગરૂયડઉ,
ભગતિ કરઇ તિહાં શ્રાવક ભલા, દયાવંત દીસઇ ગુણનીલા. ૪૫

નવઇ ઘરિ નિરષઉં નયણે વલી, દીઠઇ દરસણ પૂજઇ રલી,
જઇ એ મૂરતિ તાહરી મિલી, દૂરઇ નાઠા જાઇ અલી. ૪૬

વસ્ત

એમ નિરષ્યા એમ નિરષ્યા સયલ પ્રાસાદ,
અતિ સચિત્ર સોહામણા સુરવિમાણ સમવડઇ સોહઇ,
ચંદ્રોવા પહિરાવણી કરિ અપુવ્વ તોરણે મોહઇ,
નવ નવ કવિલાઇ સહિત ભેટ્યા શ્રીજિનરાઇ,
ઘર દેવાલા મોટકા ભેટણ ઊલટ થાઇ. ૪૭

(ભાસ)

પારિષિ વંશ વિભૂષણ, સા ભમરોલી, દેવાલઉ અતિચંગ ત,
નમતાં નાવઇ દૂષણ સા ભમ૦, નવ નવ થાઇ રંગ ત. ૪૮

કોરણી કરિ અતિરૂયડઉ, સા ભમ૦, ભમરી દંતહ સાર ત,
દીવઇ સોહઇ સૂયડઉ, સા ભમ૦, મોહઇ મન મોતી હાર ત. ૪૯

ઝૂમણાં ઝાંઝા બોલીઇ, સા ભમ૦, ઘંટહ તણા નિનાદ ત,
અમર વિમાણ કિઅ હિણવઉ, સા ભમ૦, દીઠઇ અમૃત સવાદ ત. ૫૦

ધન **વિજઉ પારષિ,** સા ભમ૦, **જેણિ કરાવ્યુ એહ,**
નમિ આણંદઇ આપણઇ, સા ભમ૦, નિરષિ શવનઉ ગેહ. ૫૧

દીઠઉ અતિ રલીયામણઉ, સા ભમ૦, સ્વામી અતિ ધન ધન્ન ત,
નમિઉ જિણેસર મન સુદ્ધઇ, સા ભમ૦, **નરસિંહ** નરહ રતન્ન. ૫૨

તસુ ઘરિ પ્રતિમા રૂયડી, સા ભમ૦, અલવેસર દાતાર ત,
ભણસાલી મહિપતિ ઘરહિં, સા ભમ૦, નમિઉ જિણેસર સાર ત. ૫૩

અતિહિં અપૂરવ દીસતઉ, સા ભમ૦, સકલ જિણેસર સામિ ત,
ઠાકુરસી ઘરિ સુષ કરઇતઉ, સા ભમ૦, દીઠઉ અતિહિં રસાલ ત,
ધાપૂનઇ ઘરિ ધ્યાવિસ્યઉં, સા ભમ૦, પાસ ગુણે સુવિશાલ ત. ૫૪

બે કર જોડી વીનવઉં, સા ભમ૦, ભરિ સુકૃત ભંડાર ત,
દેવદયા પરગુણ નિધિ, સા ભમ૦, સ્વામી તૂં દાતાર ત. ૫૫

તઇં તૂઠઇ સુષ સંપજઇ, સા ભમ૦, તઇં તૂઠઇ નવિ રોગ,
મહિયલિ જસ નિત વિસ્તરઇ, સા ભમ૦, પામઇ સયલ સંયોગ. ૫૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાડી દઉલતિપુરિ સહી, સા ભમ૰, ભવિયણ સારઇ સેવ,
વડલી, વાવડી, કઉંણયિરઇ સા ભમ૰, નમસિઉં સીસ નમેવિ. ૫૭

કતઉપુરિ પણમઉં સદા, સા ભમ૰, **મગલીપુરિ** જિણચંદ ત,
ઇણ પરિ ચેત્રપવાડિ કરી, સા ભમ૰, ભેટ્યા સંતિ જિણંદ ત. ૫૮

શરણાઇતઉ સમરથ, સા ભમ૰, તુઝ નમઇ ઇંદ નરિંદ ત,
ચઉવિહ સંઘહ કારણિ, સા ભમ૰, દિનિ દિન દિઉ આણંદ ત. ૫૯

પટ્ટણિ પ્રસિદ્ધી, હરષિ કિદ્ધી, ચેતપ્રવાડિ સુહામણી,
ભણતાં ગુણતાં શ્રવણિ સુણતાં, અતિહિં છઇ રલીયામણી,

પભણ્યા જિ કેઇ નમઉં, તઇ અવર જે છઇ તે સહી,
છિહુત્તરઇ વરસઇ, મનહ હરિસઇ **સિદ્ધસૂરિંદઇ** કહી. ૬૦

॥ ઇતિ શ્રીપત્તન–ચેત્ર-પ્રવાડિ સમાપ્તા ॥

● ● ●

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરિશિષ્ટ-૩

સંઘરાજ કૃત પાટણની ચૈત્યપરિપાટી (સં. ૧૬૧૩)

॥ ભલે મીંડું ॥

॥ શ્રી ગુરુભ્યો નમઃ ॥

સરસતિ સામિણિ સમરી માય, નિરમલ મતિ પામી સહિગુરુ પસાય
ચૈત્ય પ્રવાડિ શ્રી પાટણ તણી, કરવા ષંતિ ભવનની ઘણી ૧

પહિલું શ્રી ચઉવીસ જિણંદ, પૂજી પ્રણમી તે જિનચંદ
સુગુરુ વચન મન માહિ ધરી, ચરણ સદા તેહના અણસરી ૨

તે ગુરુજીનઇ ચલણ પ્રસાદ, ગુણ ગાઉં હુ મન ઉલ્હાદિ
વલી વિશેષઇ ઋષભ જિણેસ, પહિલું પૂજ કરી વંદેસ ૩

પાસ જિણંદ વિઘન ઉપસમિઇ, આણંદઇ ભવીયણ જે નમઇ
સંવત સોલ તેરોતરઇ વરષ્યિ, પ્રથમ જ્યેષ્ઠ શુદિ પુનમ પુષ્પ ૪

ગુરુવાસરિ ગાઉં જિન ધણી, આરંભી પૂજા જિન તણી
સાવધાન થઇ સહુ સંભલુ, જિમ સુખ સંપત્તિ હેલા મિલઓ ૫

શાંતિ કરણ સોલસમા રાઇ, નિશિ દિન પ્રણમૂઉં તેહના પાય
શાંતિનાથ પ્રમુખ જગદીસ, ત્રઇસઠિ પ્રતિમા નામૂં સીસ ૬

વર્ધમાન ઘરિ વંદુ દેવ, **દશમા જિન**ની કીજઇ સેવ
નવૂં દેહરાસુર પ્રતિમા ચ્યારિ, ગુણ ગાતાં મનિ હરષ અપાર ૭

સાહા રતના સુત ઘરિ ઉદાર, ત્રણિ પ્રતિમા વંદુ સુખકાર
વસુપુજ પાસ ચંદપ્રભ વંદ, પૂજઉ ભવીયા મનિ આણંદ ૮

શ્રી કંબોઇઉ કરઇ કલ્યાણ, નવ પ્રતિમા વંદુ નિત જાણ
કટકીઆ વાડઇ આણંદ, છ પ્રતિમાસૂં **ઋષભ જિણંદ** ૯

સેઠ મેઘરાજ તણઇ ઘરિ જોય, **વિમલ** સહિત ત્રણિ પ્રતિમા હોઇ
સેઠ વણાયગ સહરીઆ તણઇ, જોઇ શ્રી જિન ઊલટ ઘણિ ૧૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તિહા પ્રણમી જઇ શ્રી જિન **વિમલ**, ચંપક કેતકી લીજઇ કમલ
ત્રણિ પ્રતિમા પૂજીજઇ સહી, વધિ સહિત જિમ સૂત્રિં કહી ૧૧

ધુલી પરવિ **મુનિસુવ્રત સ્વામિ**, દરીય પણાસઇ જેહનઈ નામિ
તિહાં પ્રતિમા પ્રણમૂઉં છત્રીસ, ધ્યાન કરું તેહનું નિસ દીસ ૧૨

સંઘવી અટ્ટાઘરિ અણસરુ, **વાસપુજ્ય** જિન પૂજા કરુ
ત્રણિ પ્રતિમા તિહાં કણિ ભાવીઇ, **ગોદડનઈ પાડઈ** આવીઇ ૧૩

દોસી ગુણરાજ દેહરઈ સાર, મૂલનાયક શ્રી **નાભિ મલ્હાર**
પ્રતિમા આઠ તિહાં જે કહી, **વિસા નાથા ઘરિ** આવ્યા સહી ૧૪

તિહા પ્રણમું શ્રી **ઋષભ** જિણંદ, સિષરબધ દેહરાસુર ચંદ
બિંબ ચ્યાર જિન મૂરતિ સાર, **નાથાસાહા પાડઈ** ઊદ્ધાર ૧૫

મૂલનાયક પ્રણમું શ્રી **શાંતિ**, ભાજઇ ભવીક તણી ભય ભ્રાંતિ
તિહા પ્રતિમા છઇ બઇતાલીસ, ચુવીસવટ્ટા સહિત કહીસ ૧૬

દોસી દમા રામા ઘરિ ધિન્ન, **ચંદપ્રભ** દેહરાસુર જિન
પ્રતિમા પાંચ અછઇ તિહાં સહી, વંદન કીજઇ વધિસૂ રહી ૧૭

સેઠ ભોજા દેહરાસુર જોઇ, **ચંદપ્રભ** જિનવર તિહાં હોઇ
બિંબ ચ્યારિ નિતુ વંદન કરી, પ્રણમંતા પામઇ શિવપુરી ૧૮

મહિતાનઈ પાડઈ જોઈઇ, **સાહા વછરાજ ઘરિ** જિન ચાહીઇ
બિંબ પાચસૂં **પાસ** જિણંદ, કાસગીયા દીઠઈ આણંદ ૧૯

સુંદર ઘર મહિતા સારંગ વિવહાર સિદ્ધ મનિ જાણઇ રંગિ
મહાવીરસૂં બિ જિનસાર, આંગી કંઠિ અનોપમહાર ૨૦

ઢંઢેરવાડઈ પહુતા જામ, પ્રથમ દેહરઇ શ્રી **સામલનામ**
ચ્યાલીસ પ્રતિમા તિહા વાંદીઇ, દરસણ દીઠઇ આણંદીઇ ૨૧

મહાવીર બીજઈ સુક્ખ કરઇ, પ્રતિમા દેખી હીયડૂં ઠરઇ
બિ પ્રતિમા નિત કીજઇ સેવ, ત્રીજઇ દેહરઇ **સામલ દેવ** ૨૨

ઉદભત્ત મૂરતિ સેવુ પાય, ભેટિ ભાવઠિ દૂરિ પલાય
પૂજા કરતાં હરષ અપાર, સતર ભેંદ વધિ કીજઇ સાર ૨૩

નવ પ્રતિમા નમીઇ ભાવસું, **વિસા મેલાનઈ ઘરિ** આવસૂં
તિહાં તીર્થંકર **ત્રેવીસમું**, બિંબ પાંચ જિન ભાવિઇ નમુ ૨૪

સાહા સીચા ઘરિ હરષ અપાર, નવૂ દેહરાસુર સોહિ સાર
તિહાં પ્રતિમા પ્રમુષ અગ્યાર, પ્રણમંતા પામુ ભવપાર ૨૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દેહરાસર દેષી હરષીઇ, **સાહા ભોજાનઇ ઘરિ** નિરષીઇ
સંભવ શીતલ બે જિન કહું, આભરણઇ મન મોહી રહૂ ૨૬

છત્રત્રઇ મસ્તકિ મોહઇ, જડત હાર આંગી સોહીઇ
નવકમલે જિનવર પગ ઠવઇ, જડ્યાં જડિત હીરે નવનવઇ ૨૭

ઘરિ પુહુત્તા **પારષિ રાઇચંદ**, મૂળનાયક શ્રી **આદિ** જિણંદ
બીજઇ પાસઇ **પારશ્વનાથ**, છ પ્રતિમા નિત કરુ સનાથ ૨૮

કોકો દેહરા માહિ જોઇ, કાસગીયા બે ઉદભત્ત હોઇ
મૂરતિ દેખી મન ઉલ્હસઇ, પૂજઇ તસુ **ઘરિ કમલા વસઇ** ૨૯

પ્રતિમા સતર અછિ **મહાવીર**, પ્રણમંતા પામઇ ભવતાર
કોકાપાસઇસૂં બે હોઇ, **સેઠ મેઘાના ઘરમાં** જોઇ ૩૦

પાડા ખેત્રપાલમા હેવ, **શીતલ સ્વામી** દસમા દેવ
શીતલ નીર ભરી ભૃંગાર, સીતલ ચંદન કેસર સાર ૩૧

પ્રતિમા બઇતાલીસ ભાવીઇ, **પારષિ કીકા ઘરિ** આવીઇ
ત્રિ ગઢઇ સમોસરણ મંડાણ, ચુબારે **શ્રી શીતલ** જાણ ૩૨

સિષર કલસ ધજ ઉપઇ સાર, ઘંટ તાલ ઘૂઘૂર ઝમકાર
સતર ભેદ પૂજા કીજીઇ, નવ પ્રતિમા નવ અંગ પૂજીઇ ૩૩

સંઘવી ટોકર ઘરિ જાણીઇ, દેહરાસુરસૂં મન આણીઇ
બે પ્રતિમા એક જિન ચુવીસ, કર જોડી નિત નામૂ સીસ ૩૪

પીતલમઇ પ્રતિમા મનિ આણિ, **મંત્ર વણાઇગનઇ ઘરિ** જાણિ
ચર્મ તીર્થંકર સેવુ સદા દાલિદ દોહગ નાવઇ કદા ૩૫

તિહાં થિકી હવઇ **ષારીવાવિ**, પ્રતિમા ચ્યારિ ભલી તિહાં ભાવિ
આદિનાથ મૂલનાયક નામિ, પાસઇ છઇ બે ગોતમસ્વામિ ૩૬

બીજઇ પાડઇ દેહરા દોઇ, **મહાવીર** સેવઇ સુખ હોઇ
પ્રતિમા સાત તણૂં મંડાણ, દેહરું દીપઇ ત્રિભુવન ભાણ ૩૭

બીજઇ દેહરઇ **ત્રેવીસમું**, સપ્રભાત ઊઠીનઇ નમુ
બિંબ ચ્યારની પૂજા કરું, **સાહા વિદ્યાધર ઘરિ** સીચરુ ૩૮

મહાવીર મૂલનાયક દેવ, પ્રતિમા સાત તણી કરું સેવ
મૂરતિ દેષી હરષા જામ, **સાળીવાડઇ** પુહતા તામ ૩૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હૂયા દેહરાં **ચૌદ** સોહામણાં, **દેહરાસુર** ઉગણીસ
ભવિક જીવ ભાવઈ નમુ, **એણી ઢાલિ તેત્રીસ** ૪૦

ત્રણિસઈ ઉગણુત્તરિ નમુ, પ્રતિમા ભવીયણ લોય
હવઈ સાળીવાડા તણા, સાંભલયો સહુ કોઈ ૪૧

ઢાલ - જિન તુ

ત્રસેરીઈ હવઈ પુહતા જામ, **મલ્લિનાથ** મૂલનાયક નામ
પ્રતિમા પાંચ પ્રધાન જિન તુ૰ ૪૨

નેમનાથ દેહરઈ બીજઈ, દોઈ પ્રતિમાસું વંદન કીજઈ
સીઝઈ સઘલાં કાજ જિન તુ૰ ૪૩

વરસા સેઠ તણઈ દેહરાસરિ, મૂલનાયક શ્રી **આદિ** જિણેસર
કેસરિ ચરચુ અંગિ જિન તુ૰ ૪૪

પ્રતિમા આઠ વલી તિહા જાણું, **વીજાવાડઈ** વલી વષાણુ
જાણુ શ્રી જિન **પાસ** જિન તુ૰ ૪૫

કૂરસીપાડઈ અચિરાનંદન, છ પ્રતિમા સૂં કીજઈ વંદન
ચંદન કુસમિ પૂજિ જિન તુ૰ ૪૬

કલહરવાડઈ શાંતિ જિણેસર, પ્રતિમા છપન્ન પરમ જોગીશ્વર
નંદીસર અવતાર જિન તુ૰ ૪૭

કઈઆવાડઈ માહિં પ્રધાંન, આઠ પ્રતિમાસૂં **મહાવીર** નિધાંન
જ્ઞાન તણુ દાતાર જિન તુ૰ ૪૮

દણાયગવાડઈ ઋષભ નમી જઈ, ઉગણાસી પ્રતિમા પૂજી જઈ
લીજઈ ભવનુ લાહનુ જિન તુ૰ ૪૯

ધાંધુલિપાડઈ સુવધિ સુજાંણ, ત્રિતાલીસ પ્રતિમા મંડાણ
આણ વહું નિજ ચિત્ત જિન તુ૰ ૫૦

ગોલવાડિ મન હરષ ધરીજઈ, સાત પ્રતિમાસૂં **પાસ** પૂજીજઈ
કીજઈ સફલ સંસાર જિન તુ૰ ૫૧

બીજઈ દેહરઈ પ્રતિમા ચૌદ પૂજઉ, ભવિયાં મનિ આણંદ
ચંદવદન મુખ જોઈ જિન તુ૰ ૫૨

પાસ જિણંદ લેસી ઘરિ કહીઈ, પૂજી **પૂનાવાડઈ** જઈ રહીઈ
શ્રી જિન પાસ જિન તુ૰ ૫૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચ્યાલીસ પ્રતિમા તિહાં પૂજેસૂં **બડૂયાવાડઈ આદિ** નમેસૂં
કહિસૂં દોઇ બિંબ સાર જિન તુ૰ ૫૪

સત્રાકવાડઈ સાત ફણુ જિન, આઠ પ્રતિમા વાંદુ ભવિયણ જિન
ધિન તે જિન નિત વંદ જિન તુ૰ ૫૫

ઉચાપાડા માંહિ જિણેસર, **સંઘવી નાકર દેહરાસુર**
હરષ ધરુ જિન દેષિ જિન તુ૰ ૫૬

છ પ્રતિમા એક જિન ચઉવીસઇ, જમ લઇ પ્રતિમા સાત કહીસઇ
દીસઇ શ્રી જિન **શાંતિ** જિન તુ૰ ૫૭

નવૂ દેહરું અતિ સુંદર સોહઇ, **પાસ** જિણંદ મૂલનાયક મોહઇ
જોઇ દસ બિંબ સાર જિન તુ૰ ૫૮

પ્રસ્તુત ઢાળ-૨માં જિન તુ આંકણી તરીકે છે પણ અહીં ક્યાંક એકલો જિ લખ્યો છે, ક્યાંક એકલો જિન લખ્યો છે ક્યાંક તુ જિન લખાયું છે. એ બધાંમાં એકરૂપતા આવે તે માટે અહીં અંતે જિન તુ એમ સુધારીને કરવામાં આવ્યું છે.

દુહા

દેહરાસુર ત્રણિ જાણીઇ, અનઇ વલી **દેહરાં ચૌદ**
ઇમ સત્તરે પૂજા કરી, નરનારીના વૃંદ ૫૯

બસઇ સત્તાણૂં બિંબની પૂજા કીજઇ સાર,
નવેં ઘરે આવીયા, આણી હરષ અપાર ૬૦

ઢાલ - સલૂણીતું

નવે ઘરે આવી ભાવી ભાવના, અતિ ઉચ્છવ રંગિ કરીએ
પૂજયા **પાસ** જિણંદ ચંદન કુસમિ એ, બિંબ આઠ ભાવઇ ધરી એ ૬૧

પંચાસર શ્રી **પાસ** આશ્યાપૂરણ, જિન પ્રતિમા નવ વાંદીઇ એ
હરષ્યા હીયા મઝારિ, હરષ ભવનિ જઇ જિન દેખી આણંદીઆ એ ૬૨

મૂલનાયક શ્રી **આદિ** પ્રથમ તીર્થકર, એંસી પ્રતિમા ભાવીઇ એ
ભમતી માંહિ દેહરી રુયડી નિરષી નઇ, ત્રીજઇ દેહરઇ આવીયા એ ૬૩

તિહાં પ્રતિમા પાંત્રીસ, ચુવીસવટ્ટાસું **વાસપુજ** નાયક ધણી એ
ચુથઇ જિન ઉગણીસ પ્રતિમા પૂજીઇ, મૂલનાયક **મહાવીર** તણી એ ૬૪

પોસાલ માંહિ દેહરું પાંચમું, જોઇનઇ નરષીઇ **નેમિસિરુ** એ
તેર પ્રતિમા તિહાં વાંદી, પાપ નિકંદીનઇ સેવીઇ રાજ લિવરુ એ ૬૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉંચી સેરી માંહિ દેહરુ નરષતાં, હરષિ હઈડું ઉલ્સઇ રે
થંભાગુષચિત્રામ છોહ અતિ ઝલહલઇ એ, પ્રતિબિંબ રુપ માહિ વસઇ એ ૬૬

નંદીસર અવતાર **શાંતિ** પ્રમુખ, જિન બિંબ ત્રીસ તિહા ભાવયો એ
બીજઇ દેહરઇ **શાંતિ** પ્રતિમા બાર એ, પોસાલ માહિ જાંણજ્યો એ ૬૭

પ્રતિમા છઇ અગ્યાર ત્રીજઇ દેહરઇ એ, **ચંદપ્રભ** જિનવર તણી એ
ત્રિણિ પ્રતિમા શ્રી **પાસ** વાંદી ઉરડી એ, ભણસાલી સમરથ તણી એ ૬૮

સાઉકુ પારસ્યનાથ દેહરઇ પાંચમઇ એ, પ્રતિમા પંચાવન ભણું એ
ચંદપ્રભ જિનરાજ જિમણઇ પાસઇ એ, પીતલમઇ પ્રતિમા ઘણું એ ૬૯

સંપ્રતિરાઇ ભરાવીઆ, જે સુહસ્તિસૂરિ તે ગુરુ ઉપદેશિં લહી એ
વરસ બિસઇ એકાણું અંતર એતલુ, શ્રી મહાવીર પછી કહી એ ૭૦

પ્રતિમા અઠ્ઠઇ અદ્યોત વરસ સતર સઇ એ, ઊપરિ એકાણું તણી એ
ધિન તે અવતાર ધિન નરનારીય તણા કરઇ જાત્રા જિનવર તણી એ ૭૧

સૂરીઆભિ સુર* પૂજી તિમ જિન પૂજિજ્યો, ભવિક જીવ ભાવિ નમી એ
ટાલુ મનની ભ્રાંતિ ગણધર ભાસઇ એ, જિનપ્રતિમા શ્રી જિન સમી એ ૭૨

ત્રિકરણ સિદ્ધિ જે પૂજઇ તસુ સંકટ નાસઇ, દુર્ગતિ તે ના વસહી એ
નાગમણપાડા માહિ દેહરા બેઅ છઇ, પોસાલમાહિ તે કહી એ ૭૩

એકઇ શ્રી જિન **શાંતિ નેમીસર** તણી એ, છ પ્રતિમા સુખ સાગરુ એ
ચુવીસ જિન **સૂપાસ** બીજઇ દેહરઇ એ, પૂજિત સવિ સંકટ હરુ એ ૭૪

પીપલ પાડઇ શાંતિ એકાદશ પ્રતિમા મૂરતિ મોહણ - વેલડી એ
બીજઇ પાડઇ પાંચ પ્રતિમા પૂજીઇ, **અજિતનાથ** જિન કેરડીઇ ૭૫

પૂજ રચી તિહાં અંગિ રંગિ આવીઆ, **ચિંતામણિ પાડા** ભણી એ
તિહાં પ્રતિમા જિન ત્રીસ **ધરણેંદપાસઇ** એ, પૂજા સારઇ જિન તણી એ ૭૬

સંઘવી અરજનપાડઇ સોલમુ, જિન મૃગ લંછન્ન જિનનઇ ભણું એ
પ્રતિમા દશનિતેર સેવ કરું, સદા કર જોડી નિત ગુણ ઘણૂ એ ૭૭

ષરાકોડી મઝારિ **શાંતિ** ભવનિ જઇ, ભાવના તિહા ભાવસું એ
બાવન દેહરી માહિ દેઈ, પ્રદક્ષણા **આદિ** ભવન માહિ આવસૂ એ ૭૮

પ્રતિમા એકસુ નવ બેહૂ દેહરઇ થઈ, **સાહા સદરથ ઘરિ** સાંચરુ એ
તિહા છઇ **પારશ્વનાથ** ચંદવદન મુખ બિંબ પાંચ શેવા કરુ એ ૭૯

★ **જંબૂ પ્રજ્ઞપ્તિ આગમ** અને **ભગવતી ચૂર્ણિ**માં સૂર્યાભ નામના દેવે ભગવાનની પૂજા કરી હતી. તેવી વાત નોંધવામાં આવી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જન્મ કરુ સપવિત્ર ભાવના ભાવીઇ એ, **અષ્ટાપદ** ભણી સાંચર્યા એ
પ્રતિમા એકસુ સાઠિ સાત ઊપરિ કહી, **ચંદપ્રભુ** તિહાં પરવર્યા એ ૮૦

તોરણ તણૂય મંડાણ થાભે કોરણીઅ, પત્થર જામલિ પૂતલી એ
કરતી નાટારંભ જિનવર, આગલિ દીઠઈ મનિ પૂગી રલી એ ૮૧

સહા મેઘા ઘરમાંહિ **શાંતિ** જિણેસર, ત્રણિ પ્રતિમા મનસું ધરી એ
મગતાફલમઈ હાર પૂજી દીસઈએ, સોવનિમઈ ફૂલઈ કરી એ ૮૨

ઠાકર હરષા ઘરિ ફટિક રત્ન પ્રતિમા, **ચંદપ્રભ** જિનવર તણી એ
તિહાં પ્રતિમા જિન ચ્યાર વંદી આવીયા, **નરસંગ ઠાકર ઘર**ભણી એ ૮૩

વંદ્યા **પાસ** જિણંદ પ્રતિમા ચ્યાર એ, દેહ કાંતિ સોવન્ન તણી એ
છત્ર ભલા સિરિ સોહઇ, દેખી મોહીઇ દેહરી જિન દીપઇ ઘણી એ ૮૪

આણંદિઉ મન માંહિ દેહરાસુર દેખી, **ઘરિ આસા ઠાકર** તણઇ એ
સિષરબદ્ધ અવતાર ત્રણિ પ્રતિમા વાંદી, **ચંદ લંછણ** જે જિન તણઇ એ ૮૫

વામા દેવિ મલ્હાર નીલવરણ કાંતિ, **હાંસા ઠાકર ઘરિ** કહીઇ એ
નવ પ્રતિમા નવ અંગિ પૂજી ચંગિ એ, સિંહાસણિ બઇઠી સહી એ ૮૬

દેહરું સુંદર સોહઈ સુરનર મોહઇ એ, ચિત્ત દિત્ત તિહાં દીસઈ ઘણી એ
પ્રતિમા **ચંદપ્રભ** સ્વામિ મોહન મૂરતિ જોતા, અતિ રલીઆમણી એ ૮૭

ઠાકર શ્રી આસધીર બિંબ ભરાવીઓ, ઉપમ કાંતિ રુપા તણી એ
પૂજઉ તે ભગવંત પૂજ્યા આપઇ એ, ઠાકર પદવી આપણી એ ૮૮

આભરણે અતિ દીપઇ મોતી માણિક, જોતિ જિસી સૂરય તણી એ
નવ પ્રતિમા તિહાં જાણી, આણી મન માહિ સેવ કરું ત્રિભોવન ધણી એ ૮૯

ત્રાંગડીઆનઇ પાડઈ આદિ જિણેસર, અઠાવીસ પ્રતિમા કહી એ
પદમપ્રભ જિન છઠ્ઠા વંદન કીજઇએ, સીઝઇ કાજ સઘલાં સહી એ ૯૦

દૂહા

છ દેહરાં જાંણજયો, અનઇ **દેહરા બાવીસ**
સંઘ સહૂ હરષિ કરી, નિતુ નિતુ નામુ સીસ ૯૧

અઠાવીસ જિનભવનની સંખ્યા ત્રીજઇ ઢાલિ
અઢાર ઊપરિ સાતસઇ જિનપ્રતિમા નિહાલિ ૯૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઢાલ

મણહટ્ટીઆ પાડા માહિ **મહાવીર** વષાણું,
તિહાં પ્રસાદ નવુ કરિઓ પ્રતિમા પાંચ જાણું ૯૩

પાડઈ મહમાઈઆ તણઈ પ્રતિમા અગ્યાર,
ચરમ તીર્થંકર પૂજીઈ, ત્રિભોવન્ન શણગાર ૯૪

તિહાં થકી હવઈ ચાલીઆ એ, હીયડઈ હરષ ધરી જઈ,
તંબોલી પાડઈ જઈ જિન પૂજા કીજઈ ૯૫

ચૌદ બિંબસૂં શ્રી **સુપાસ** અતિ સુંદર સોહઈ,
ભણસાલી સોના તણઈ દેહરાસુર મોહઈ ૯૬

ત્રણિ પ્રતિમાસું **ઋષભદેવ** વંદુ ભવી પ્રાણી,
થાવર પારષિનઈ ઘરિએ તે ઉલટ આણી ૯૭

ચ્યારિ પ્રતિમાસૂં શ્રી **શાંતિદેવ** જિન વંદન કીજઈ,
મંડલિક પારષિ ઘરિ દેહરાસુર ત્રીજઈ ૯૮

બિંબ ત્રણિસૂં **ઋષભદેવ** પૂજી ફલ લેસૂં,
પૂના પારષિ ને ઘરિ બિંબ ત્રણિ નમેસૂં ૯૯

ત્રબઈડાપાડા માહિઈ તિહાં **ષરતર દેહરું**,
મંડપ ચુક વિશાલ થંભ જોતા નહી અનેરુ ૧૦૦

સોલમુ શ્રી **શાંતિદેવ** મૂલનાયક નામ,
જિહાં પ્રતિમા એકવીસ કહી વંદી પુહુત્તા જામ ૧

વૈદ્ય તણા પાડા માહિ નવૂં દેહરુ સોહઈ,
દશ પ્રતિમાસૂં **ચંદપ્રભ** જોતા મન મોહઈ ૨

પોસાળના પાડા માહિ દેહરઈ **રિસહેસર**,
તિહાં પ્રતિમા પાત્રીસ છઈ પૂજી ચંદન કેસર ૩

ભજબલ શ્રેઠિ તણઈ ઘરિ દેષી મન રીઝઈ
સિષરબંધ પ્રાસાદ જિસુ કુણ ઉપમ દીજઈ ૪

આઠ બિંબ સેવુ સદા આભરણે સોહઈ
પરગર વલી રુપા તણીઅ પાંચ રત્નમઈ સોહઈ ૫

જવહરી રુપા તણઈ ઘરિ સુવધિ સુજાણ
બિંબ પાંચ તિહાં જાણીઈ ચિત્રામિ મંડાણ ૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સેઠ ઠાકરસા તણઇ ભવનિ તિહાં વેગિ આવીં
આઠ પ્રતિમાસું **ઋષભદેવ** મન સિદ્ધિ ભાવી ૭

ભરથ સાહા પાડઇ જઇ પૂજઉ પરમેસર
નવ પ્રતિમાસું સોહીઇ તિહાં **આદિ** જિણેસર ૮

થાવરસાહા તણઇ ઘરિ પ્રતિમા ચ્યાર જોઇ
સાહા સિંઘરાજ તણઇ ઘરિ પ્રતિમાં પાંચ હોઇ ૯

કંસારવાડા માહિ નવુ પ્રાસાદ મનોહર
ભમરી નખસ છાજઇ ભલી દેષી મોહઇ સુર ૧૦

મૂલ ગભારઇ **આદિ** દેવ ત્રિભોવન જિન વંદન
બિંબ સોલ તિહાં પૂજીઇ લેઇ કુંકુમ ચંદન ૧૧

દેહરાસુર સોહામણું **વુથા પારષિ ઘરિ**
પાસ જિણેસર સહિત આઠ પૂજીજિ વધિ કરિ ૧૨

પાડઇ ઢાલ ઊતારનઇ સેઠ ટોકર જાણું
સુમતિનાથ ચુવીસસું બીજા સોલ વષાણું ૧૩

ભઇસાતવાડઇ શાંતિનાથ જિનવંદન કરસું
ચુપન્ન પ્રતિમા જિન તણી ભાવિ ગુણ ભણસું ૧૪

સાહાવાડા ભણી સાચરયા, અતિ આણંદ આણી
બાવન બિંબસું શ્રી **સુપાસ** વંદુ ભવિ પ્રાણી ૧૫

સગરકૂયાપાડઇ કહું જિનહર એક સાર
પનર બિંબ તિહાં જાણીઇ **વામા દેવિ મલ્હાર** ૧૬

નારિંગપુર શ્રી પાસદેવ સવિ સંકટ ચૂરિ
વીસ બિંબ તિહાં ભાવયો સેવક સુખ પૂરઇ ૧૭

જિનમંદિરની માંડણી સષા પેષુ સાર
નાનાવિધ વુરસી તણા ચિત્રામ અપાર ૧૮

હબદપુર હરષઇ જઇ **નેમીસર** નરષું
વિહરમાન જિન વીસસું નવ્યાસી પરષું ૧૯

મોઢ મોઢ પાડઇ જઇ કરું ચૈત્ય પ્રવાડિ
છ પ્રતિમાસું પૂજ કરી આવ્યા **જોગીવાડઇ** ૨૦

સામલ પ્રતિમા **શાંતિદેવ** પ્રતિમા એકવીસ
મૂરતિ અતિ રુલીઆમણી નિતુ નિતુ નામું સીસ ૨૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ડૂગર સેઠ તણઇ ઘરિ શ્રી **શાંતિ** જિણેસર
બિ પ્રતિમા તિહાં જિન તણી સેવ સારઇ સુરનર ૨૨

દોસી ભોજા તણઇ ઘરિ દેહરાસુર વંદુ
પ્રતિમા સાતસૂં **ધર્મનાથ** દેષી આણંદુ ૨૩

સોમાસેઠ તણઇ ઘરિ દેહરાસુર ભાવૂં
છ પ્રતિમા પૂજા કરી **મફલીપુરિ** આવું ૨૪

શાંતિ જિણેસર સોલમા એ નશિ દિન ધ્યાઉં
બિંબ પાંચ પૂજી કરી જિનના ગુણ ગાઉં ૨૫

દૂહા

ચૌદ દેહરાસુર વંદીયા, **જિણહર દીપઇ સોલ**
ઇમ તીસે જિન પૂજીયા, ભગતિસૂં રંગ રોલ ૨૬

ચુસય બિંબ નવ્યાસીય ચુથી ઢાલિ વિચાર
હરષ ધરી સહુ આવીઓ, **માણિકચુક** મઝારિ ૨૭

ઢાલ - જીરાઉલુ જગનાયક, સેવ કરઇ સુખદાયક

ત્રાયકપનગનઇ પદવી ધરીએ, વરસ સહસ્સ બાસી
તણી લોક પ્રસિદ્ધ તે સુણી, તે ધણી વંદન કીજઇ ધરી એ ૨૮

માલીપાડઇ વખાણીઇ **સેઠ મહિપા ઘરિ** જાણીઇ આણીઇ બિંબ અગ્યાર તિહાં વળી એ,
માંડણપાડઇ જાઈઇ બિંબ બાર તિહાં ગાઈઇ ધ્યાઈઇ **મહાવીર** જિન મનિરલી એ ૨૯

સેઠ મલ્હાર પાડઇ ભણૂં **શાંતિનાથ** ગુણ ઘણૂં તિહાં સુણૂં પ્રતિમા સાત સોહામણી એ
મલ્લિનાથ ભણી આવીઇ એંસી પ્રતિમા તિહાં ભાવીઇ
પૂજાવી તિહાં ત્રણિ ચુવીસી જિન તણી એ ૩૦

ભાણા પારષિ પાડઇ કહૂં નવૂં દેહરું દીપઇ બહૂં તિહા સહૂ પૂજ રચુ વિવિધ કરી એ
પાસ જિણેસર વંદૂ એ બિંબ તેર તિહાં વંદૂ એ નંદૂ એ અવિધિ આસાતન જે કરી એ ૩૧

ધિન તે નર અવતાર દેહરા કીયાં ઊદ્ધાર એ સાર સમકિતની દીપતિ ઘણી એ
વેગિ ગુલાલ ગુથાવીઇ ચંપક કેતકી લ્યાવીઇ આવીઇ પાડઇ **વિસા ભોજાલષ્ષી** એ ૩૨

બિંબ ચ્યાર પૂજા કરું **વીરમ વડઇ** અણસરું મનિ ધરું **શાંતિનાથ** સુખસાગરુ એ
બિંબ સતાવીસ પૂજા કરી **પાડઇ બલીઇ** હર્ષ કરી મનિ ધરી બિંબ અઢાર વંદન કરું એ ૩૩

સાણીસર માહિ જાણીઇ **મુનિસુવ્રત** મનિ આણીઇ બિંબ ચ્યાર જિનવર તણાં એ
સતરભેદસું વધિ સહી **રાઇયાસેણી** માહિ કહી આણ વહી પૂજા કીધઇ ફલ ઘણા એ ૩૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાડઈ મહં વિદ્યાધર શાંતિનાથ સોહકર સખકર પ્રતિમા ત્રણિ તિહાં ખરીએ
કસૂબીઆપાડઈ કહી **શીતલ** જિન ભવને એ, સામહી નવ પ્રતિમા સેવા કરી એ ૩૫

બીજઇ દેહરઇ જાઈઇ **પાસ** જિણેસર ધ્યાઈઇ, ગાઈઇ બિંબ તેર નિતુ ભાવસું એ
કોઠારી મ નિ આણીઇ ચ્યાર પ્રતિમા **વીર** જાણીઇ
ગુણ ઘણી **મહં જસવંત ઘરિ** આવસૂં એ ૩૬

સામલ વન્ન શ્રી **પાસ** એ પૂરઇ મનની આસ એ
પાસઇ એ ત્રિણિ પ્રતિમા પીતલ તણીઇ
આવ્યા **ઘરિ બઈસારુ** એ કાસગીયા બે વારુ એ
ધારુ એ નવ પ્રતિમા તિહાં ગુણ ઘુણી એ ૩૭

કોવારી પાડઈ હરષીઇ **પાસ** જિણેસર નિરષીઇ પરખીઇ એકાદશ જિન સુંદરુ એ
ઘરિ નાકર મોદી તણઇ છ પ્રતિમા હરષિ ઘણિ ગુણ ઘણઇ જેહના દેવી સુરવરુ એ ૩૮

સહી **ઘરિ મંત્રી જેરાજ** એ **વાસપુજ્ય** તિહાં છાજઇ એ વાજઇ એ મદ્દલ તાલ સઘૂઘરી એ
જિન પ્રતિમા તિહાં ચ્યાર એ પૂજિત પામઇ પાર એ સાર એ પૂજ કરુ ભાવિ કરી એ ૩૯

વીરાષા એષિ ઘર સાર એ **વામાદેવિ મલ્હાર** એ હાર એ ચંપકમઇ સોવ્યન તણા એ
બિંબ આઠ તિહા પૂજીજઇ સતર ભેદ વધિસૂં કીજઇ એ જન્મ સફલ માનવ તણુ એ ૪૦

સંઘવીનઇ પાડઈ જઈ **સંઘવી વસ્તા ઘરિ** સહી તિહાં કહી **ચંદપ્રભ** દેહરાસરુ એ
છ પ્રતિમા અતિ સુંદરું સેવકનઇ શિવસુખ કરું સુંદરું જસ સુરનર સેવા કરુ એ ૪૧

વુહુરા સંઘરાજ ઘરિ ભણું દેહરાસુર રલીઆમણું ગુણ ઘણું **ચંદપ્રભ** જિનવર તણા એ
પ્રતિમા ચ્યારસુ ચંગિ જોતા ઊલટિ અંગિ એ રંગિઇ એ મનમાહિ માનવ તણા એ ૪૨

સંઘવી લટ્ટકણ ઘરિ ભણી **અજિતનાથ** પ્રતિમા થુણી જિન તણી મૂરતિ રુલીઆમણી એ
દેહરઇ **આદિ** જિણેસર બિંબ ચ્યારિ અતિ સુંદર સુરવર ભગતિ કરિવા ભાવિ ઘણી એ ૪૩

દૂહા

નવ દેહરાસુર નરષીઇ **દેહરા તેર** ઊદાર,
એ **સંખ્યા બાવીસ**ની ભવીયણ જાણઓ સાર. ૪૪

પંચમેં ઢાલ પ્રકાસીઇ પ્રતિમા જિનની સાર,
ઉગણસઠિ ઊપરિ બિસઇ ત્રિભોવન્ન તારણહાર. ૪૫

ઢાલ - ઊલાલુ

ફોફલીઆ વાડઇ જઈઇ, જિનહર સાત તિહા કહીઇ,
આદિ જિણેસર નાયક, મન વંછિત ફલ દાયક. ૪૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચુત્રીસ જિન ચૌદ પૂજઉ મનિહિં આણંદ,
દેહરુ નવૂ સોહાકર **ત્રેવીસમુ** સુખસાગર. ૪૭

પ્રતિમા સતસૂં કહીઇ, મૂરતિ દેષી ગહગહીઇ,
સેઠ ધણદત્ત ઘરિ હરષું, **પટૂઆના ઘર** માહિ પરષુ. ૪૮

દશ પ્રતિમાસૂંઅ **પાસ**, પૂરઇ મન તણી આસ,
સાહા માધવ ઘરિ જોઇ, પ્રતિમા સાત તિહાં હોઈ. ૪૯

બારસમુ જિન ભાવું, **સેઠિ વીરા ઘરિ** આવું,
પ્રતિમા એકાદશ જાણું, **વાસપૂજ્ય** મનિ આણું. ૫૦

પૂનમીયા દેહરઈ ચૌદ, પ્રતિમા દીઠઈ આણંદ,
વલીઆરવાડઇ દેહરું, **શાંતિ** જિણેસર કેરું. ૫૧

એકાદશ પ્રતિમા સાર, જોતાં હરષ અપાર,
મદલિ મદલિ બઇઠા સૂયડા, છાજઇ દીસઇ રુયડા. ૫૨

શાંતિસર મહાવીર નમુંઅ નિરંતર ધીર,
સોનારવાડઇ વંદન, નવૂ દેહરું જગરંજન. ૫૩

જોતાં અનોપમ દીસઇ, તિહા પ્રતિમા છઇ ત્રેવીસઇ,
ભંડારી પાડઈ ભગતિ, જિન પૂજા કીજઇ જુગતિ. ૫૪

વામાદેવિ મલ્હાર, બિંબ આઠ જિન સાર,
શાંતિજિણંદ અપાર, કંઠિ અનોપમહાર. ૫૫

સાહા સદયવચ્છનઈએ, ઘરમા પૂજ રચી જઇ,
બિ પ્રતિમા ભાવિ ભાવીઇ સાર, પ્રતિમા ચ્યાલીસ નિચ્યાર. ૫૬

ચુવીસવટ્ટાસુંઅ વંદુ, દરશિણ દીઠઇ આણંદુ,
ઘરિ આવ્યા દોસી કમણ, દેહરાસુર ભાવુ ભવીયણ. ૫૭

વાસપૂજ્ય વંદુ સાર, છ પ્રતિમા દીપઇ હાર,
નષસ કરી અતિસાર, તોરણ થાંભ અપાર. ૫૮

દોસી દેવા ઘરિ જઈઇ, **શીતલ** જિનવર કહીઇ,
પ્રતિમા સાત સોહાકર, **દોસી વીરા ઘરિ** જિનહર. ૫૯

પ્રતિમા ચ્યાર જુહારી, **શીતલ** જિન સુખકારી,
સેઠ કરમસી ઘરિ વંદુ, **આદિ** જિણેસર વંદુ. ૬૦

છ પ્રતિમાસૂંઅ સોહઇ, **સહા મનજીઅ ઘરિ** મોહઇ,
પાડઇ સાહાકરણાનઇ, કરિસિઉં સેવા **શીતલનઇ**. ૬૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રેવીસ પ્રતિમા પૂજીજઇ **સાહા મનજી ઘરિ**,
અભિનવ રત્નમઇ બિંબ **સંભવ**. ૬૨

પ્રતિમા આઠ તિહાં વંદુ, મુખ સોહિ પૂનમ ચંદુ,
દેહરાસુર જગરંજન, જોતાં દરીય નિકંદન. ૬૩

સેઠ પાતા ઘરિ **સુમતિ**, દેહરાસુર વારુ જુગતિ,
પ્રતિમા પાંચ તિહાં જુગપતિ, દાંત તણી તિહાં વતપતિ. ૬૪

દાડિમ બાજઇ પૂતલી યંત્ર કલઇ,
ધજ લહિકઇ, સુગંધ વસ્તુ મહિ મહિકઇ. ૬૫

તિહાં થી **ખેતલવસહી**, કરસૂં પઇસતન સહી,
પ્રતિમા આઠ પ્રકાસ, **વાસિપુજુ** એ પાસં૰ ૬૬

સંઘા પારષિ ઘરિ ધિન્ન, દેહરાસુર **આદિ** જિન,
પ્રતિમા ચ્યાર સુચંગ, ફૂલ ગુલાલ સુ રંગ. ૬૭

રયણમઇ જિનવર ચ્યાર, ચુમુખ પૂજીઇ સાર,
પારષિ નાથાના ઘરમાં, ચુમુખસું આઠ પ્રતિમા. ૬૮

બીજઇ દેહરઇ **શાંતિ**, ભાજઇ ભવની ભ્રાંતિ,
ચ્યાર પ્રતિમા ગુણ ગાસું, ત્રીજેઇ દેહરઇ જાસૂં. ૬૯

તિહાં અછઇ **પાસ** કુમાર, બિંબ પાંચ જિન સાર,
અજિતનાથ જિન બીજઓ, **સેઠ લકા ઘરિ** પૂજઉ. ૭૦

ત્રિણિ પ્રતિમા તિહાં મનોહર, **વુહુરા વછા ઘરિ** સુંદર,
વાસપૂજ્ય જિન જાણી, ચ્યાર પ્રતિમા મનિ આણી. ૭૧

વિમલ જિણેસર પ્રતિમા, **સેઠ અમીપાલ ઘરમાં**,
નવૂ દેહરાસુર સાર, પ્રતિમા આઠ ઊદાર. ૭૨

ઘરિ પારષિ ઉદિકરણ, ચંદપ્રભ ચંદકિરણ,
દેહરાસુર મન મોહઇ, ત્રીજી ભુઇ જિન સોહઇ. ૭૩

રત્નમય બિંબનઇ કલસ, સદફકારી કામ સરસ,
ત્રણિ પ્રતિમા તિહાં ભાવી, **લટકણ સાહા પાડઇ** આવી. ૭૪

પીતલમઇ શ્રી જિન **શાંતિ**, દેહ સોવ્યન જિસી કાંતિ,
છ પ્રતિમા ગુણ ગાઉં, જિમ અવિચલ પદ પાઉં. ૭૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આન્નાવાડઇ જાસું, પૂજ કરી ગુણ ગાસૂં,
પ્રતિમા સાતસું સોહઇ, **ત્રેવીસમુ જિન** મોહિ. ૭૬

હદૂ પારષિ ઘરિ ભણીઇ, ત્રણિ પ્રતિમા તિહાં થુણીઇ,
શાંતિનાથ પૂજા કરીઇ, સયલ સિધ્ધિ સુષ ભરીઇ. ૭૭

મહિતા હાદા કૂઅરજી, તસુ ઘરિ બે પ્રતિમા પૂજી,
નીલ વર્ણ્ણ સિરઇ **પાસ**, વંછિત પૂરઇ આસ. ૭૮

પૂજ રચી જઇ તિહાં ચંગિ, સંઘ સહૂ મિલી રંગિ,
ભગતિ જુગતિ બહૂ વિસ્તર, મણોરથ પૂરઇ જિણેસર. ૭૯

દૂહા

અઢાર દેહરાસુર અતિ ભલાં **દેહરા તેર** વષાણિ,
છઠિ ઢાલિ પ્રકાસીયા ઇમ **એકત્રીસઇ** જાણિ. ૮૦

ત્રણિસઇ છ પ્રતિમા સહી પૂજી આણંદપૂરિ,
જે મન માહિ સમરસિઇ તેહનઇ દુર્ગતિ દૂરિ. ૮૧

છત્રીસ સતર ભેદસૂં પૂજા કીધી ચંગિ,
પંચશબ્દ નિરઘોષસું નિતુ નવુ ઉચ્છવ રંગિ. ૮૨

ઢાલ

પાટણ નગર વખાણીઇ એ, જિનવંદન અવર ન બીજુ કોઇ,
જિન ભવન રુલીઆમણૂ એ, જિન અતિહ અનોપમ હોઇ. ૮૩

બાણૂ દેહરા દીપતા એ, જિન નિરખંતા અતિ આણંદ,
દેહરાસુર અતિ સોભતા એ, જિન સોલ કલા જિમ ચંદ. ૮૪

ઉગણહુત્તરિ વદ્યા સહીય, હીયડઇ ધરીય વિવેક,
સર્વ થઈ સંખ્યા સણુ એ, જિન **એકસુ સાઠિનઇ એક**. ૮૫

પ્રતિમાની સંખ્યા કહી એ, જિન ચુવીસસઇ અડત્રીસ,
પૂજા કીજઇ હરષસું એ, નશિ દન નામું સીસ. ૮૬

પ્રસિધ્ધ દેહરાસુર જેં સુણ્યા એ, જિન તે સંખ્યા એ સાર.
ઘરિ ઘરિ જિન પ્રતિમા ભલી એ, વંદન કહિતુહૂં ન લહૂં પાર. ૮૭

નસિ દિન તે વંદન કરુ એ, જિન વલીય ગામાગર દેવ,
સાસય અસાસય જે પડિમા ભવિ ભવિ દેયો શેવ. ૮૮

વીનતડી પ્રભુ હૂ કરુ એ, મયા કરું ભગવંત,
કર્મ્મ વશિ બહૂ પરીભમિઉ એ, તારણ તૂં અરીહંત. ૮૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિધપક્ષ ગચ્છ ગુરુ જયકરુ એ, **શ્રી ધર્મ્મમૂરતિ સૂરિ**,
ગુરુ પ્રસાદિઈ ચૈત્યપ્રવાડિ કીધઈ આણંદ પૂરિ. ૯૦

સંવત સોલતેરોતરઈ એ, માસ **આસાઢ** તે રંગ,
પુન્યમ વાર શિન થિર રહુ એ, પાટણ નયર અભંગ. ૯૧

કલસ

અણહલવાડઈ નયર પાટણિ ચુવીસઈ જિન જગગુરુ એ,
શાંતિ જિનવર શાંતિકારક સયલ સંઘ સુખાકરુ. ૯૨

જાં દ્વૂય સાગર ચંદ તારા સૂરિ મેરુ મહીધરું,
તાં ચૈત્ય અવિચલ કહઈ સેવક **સંઘરાજ** સુખાકરું. ૯૩

ઈતિ શ્રી ચૈત્યપ્રવાડિ સંપૂર્ણઃ ॥ ॥ શ્રી ॥

• • •

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરિશિષ્ટ-૪

શ્રી લલિતપ્રભસૂરિ કૃત

પાટણ ચૈત્ય પરિપાટી (સં૰ ૧૬૪૮)

॥ ચઉપઈ ॥

સયલ જિનેસર પ્રણમી પાય । સરસતિ સહગુરુ હઈડઇ ધ્યાઇ ।
પાટણ-ચૈત્યપરિવાડી કહું । જિનબિંબ નમતાં પુણ્ય જ લહું ॥૧॥

પહિલું ઢંઢેરવાડઇ નામિ । સામલા પાસ કરું પ્રણામ ।
જિમણઇ પાસઇ કલિકુંડ પાસ । મનવંછિત સવિ પૂરઇ આસ ॥૨॥

ઇકત્રીસ પ્રતિમા બીજી હોઇ । બીજઇ દેહરઇ વીરજિન જોઇ ।
ત્રિસલા નંદનગભેટ્યા સહી । સંઘ સહૂ આવ્યા ગહગહી ॥૩॥

ડાવઇ પાસઇ ચંદ્રપ્રભ સ્વામિ । જિમણઇ પાસઇ લઘુ વીર ઠામ ।
બિસઇ સાત્રીસ કરું જુહાર । ગૌતમ બિંબ એક છઇ સાર ॥૪॥

ગોવાલ જવહિરિ દેહરરાસરિ । સાત પ્રતિમાનઇ ઊલટ ભરિ ।
વંદી પ્રતિમા રત્નમઇ એક । દોસી પન્ના ઘરિ સુવિવેક ॥૫॥

ચૌદ પ્રતિમા તિહાં વંદી કરી । રાયમલ દેહરાસર હઈઇ ધરી ।
ઋષભાદિક જિન છત્રીસ તિહાં । એક રત્નમય વલી છઇ જિહાં ॥૬॥

ત્રીજઇ દેહરઇ આવ્યા જામ । પાસ જિણેસર ભેટ્યા તામ ।
અંજનગિરિ કઇ મેરુ સુધીર । જાણે ઉન્નત જલઘર ખીર ॥૭॥

સત્તર ભેદ પૂજા સુવિશાલ । કીજઇ ભાવઇ રંગ રશાલ ।
ઋષભાદિક જિન ત્રઇતાલીસ । ભગતઇ ભાવઇ નામું શીસ ॥૮॥

સહા ધનજી દેહરાસરર દીઠ । નયણે અમીય રસાયણ પઈટ ।
ઋષભાદિક પ્રતિમા ઇગ્યાર । ચુવીસવટુ છઇ એક ઉદાર ॥૯॥

મેલાવિસા દેહરાસરિ આવિ । ઋષભાદિક બાસઠિ નમું ભાવિ ।
વિસા ભીમા દેહરાસર સાર । ઋષભાદિક જિન ત્રીસ વિચારિ ॥૧૦॥

દોસી રજૂ દેહરાસર દેષિ । અઠાવીસ જિનવર હરષઇ પેષિ ।
રતન સંઘવી દેહરાસરિ જિણંદ । પંચવીસ જિન દીઠઇ આણંદ ॥૧૧॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

॥ વસ્તુ છંદ ॥

સકલ જિનવર ૨ પાય પણમેવિ । સરસતિ સામિણિ મનિ ધરી ।
સુગુરુપાય પણમેવિ ભત્તિઇં । ચૈત્યપરિવાડી પત્તનહ કરું કવિત નવનવી
જુત્તિઇં । ઢંરવાડઇ જુહારીઆ સકલ જિણેસર દેવ । પંચ સયા છપન્નયા
તિહુઅણ સારઇ સેવ ૨ ॥૧૨॥

॥ વીર-જિણેસરચરજ૰ એ ઢાલ ॥૧॥

કીકા પારષિ દેહરાસરિ એ । આવ્યા મનરરંગઇ ।
વંદી પ્રતિમા પંચ તિહાં ઋષભાદિક ચંગઇ,
દેહરઇ કોકા પાસનાહ । ભેટ્યા જિન હોઇ ।
શત ઊપરિ સાત્રીસ તિહાં । કાઉસગીઆ સોઇ ॥૧૩॥

દોસી શ્રીવંત ઘરિ અછઇ એ । વાસુપૂજય જિણંદ ।
ઇકસઠિ જિન બીજા અછઇ એ । દીપઇ દિણંદ ।
પાટક ખેત્રપાલઇ એ । જિન શીતલનાથ ।
સતસઠિ શત ઊપરિ વલી એ । ભેટઈ સનાથ ॥૧૪॥

પારિષિ જગૂ પાડલઇ એ । નેમિપ્રતિમા જાણઉ ।
બે બિંબ અવર અછઇ એ । ભવીઆં મનિ આણઉ ।
જયવંતસેઠિ-દેહરાસરિ એ । શાંતિ પડિમા જોઇ ।
પ્રણવંતા તે હૃદયહેજિ । સબહોં સુખ હોઇ ॥૧૫॥

એકાદશ છઇ અવર બિંબ । રયણમય ઇક સાર ।
ષારી વાવઇ ઋષભજી એ । જિન પડિમા ચ્યારિ ।
ગૌતમ ગણંહર દોઇ બિંબ । બીજી ષારીવાવિ ।
સિદ્ધત્થનંદન ભેયીઆ એ । તેર પ્રતિમા ભાવિ ॥૧૬॥

॥ તઉ ચડીઉ ધમમાણ૰ એ ઢાલ ॥૨॥

નાગમઢઇ હવિં આવીઆ એ । દીઠા નેમિ જિણંદ તુ ।
પ્રતિમા નવ તિહ્યં દીપતી એ । અભિનવ જાણિ દિણંદ તુ ॥૧૭॥

પંચાસરઇ પાટકિ અછઇ એ । ધુરિ વીર જિનવર સાર તુ ।
નવ પ્રતિમા વંદી કરી એ । વાસુપૂજય જુહારિ તુ ॥૧૮॥

સતાવીસ બિંબ તિહાં નમી એ । પંચાસરુ પ્રભુ પાસ તુ ।
અવર સાત જિનવર નમું એ । વંછિત પૂરઇ આસ તુ ॥૧૯॥

ઋષભ દેહરઇ હિવઇં જિન નમું એ । દશ વલિ ભમતી હોઇ તુ ।
નવઇ ઘરે છઇ પાસ જિન । ત્રિહતાલીસ બિંબ જોઇ તુ ॥૨૦॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઊંચી સેરી શાંતિ જિન । ભણસાલીનઈ નામિ તુ ।
અરિહંત ત્રેવીસ હું નમું એ । ઉસવાલાનઈ ઠામિ તુ ॥૨૧॥

સોલમ જિન છ બિંબસ્યું એ । નમતાં હુઇ પ્રેમિ તુ ।
ચંદ્રપ્રભ ભીલડીતણા એ । ઈક નમતાં હુઇ ષેમ તુ ॥૨૨॥

સાવકુ પાસજિન પૂજતાં એ । હઈડઇ હરિષ અપાર તુ ।
અવર બાવીસઇ જિન નમું એ । પામઉ સુખ અપાર તુ ॥૨૩॥

॥ ઢાલ ગાઉડીનઉ ॥૩॥

પાટક પિંપલા નામિ । શાંતિ જિણેસર ચ્યારિ પ્રતિમા અવર નમું એ ।
અજિતાદિક જિન સાત । ચિંતામણિ એ સાહ વછૂ દેહરાસર નમું એ ॥૨૪॥

વિશ્વસેન કુલમાંહિ ચંદ । નંદ અનોપમ અચિરા રાણી તેહ તણુ એ ।
અવર વીસ જિણ પૂજી । આવ્યા વીજઈ એ પાસ ચિંતામણિ એ ભણુ એ ॥૨૫॥

સતસઠિ જિનવર હોઈ । પ્રણમી આવીઇ ષરાકોટડી જિહાં અછઇ એ ।
આસધીર ઠાકર દેહરઇ । ચંદ્રપ્રભ વિ પ્રતિમા પૂજી અછઇ એ ॥૨૬॥

સદયવછ ઠાકર દેહરઇ । પાસ જિણેસર વિ પ્રતિમાસ્યું પર વસ્યા એ ॥ અષ્ટાપદ-અવતારા
દેષી હરષ્યા એ ચંદ્રપ્રભજિન ગુણિ ભર્યા એ ॥૨૭॥

ઓગણસઠિ જિનબિંબ । થંભ અનોપમ બિંબ રયણમય ઈક ભણું એ ।
પરતરનઉં વલી ચૈત્ય । સોલમ જિનવર બાવનજિણાલું તેહ તણું એ ॥૨૮॥

જુહારી આવ્યા બીજઉ । પ્રથમ જિણેસર (અ)દભુત મૂરતિ પેખિલા એ ।
ચૈત્ય બિંના મેલી । બિસઇ બિહુત્તરિ માતાપિતા જિન નિરષીલા એ ॥૨૯॥

સોની તેજપાલ ધરિ । પાસ જિણેસર ઉગણત્રીસ પ્રતિમા જુહારીઇ એ ।
ટોકર સોનીગેહિ સુમતિ જિણંદજી પ્રતિમા ચ્યારિ ઉદ્ધારાઇ એ ॥૩૦॥

॥ ઢાલ સામેરી ॥૪॥

આવ્યા પાટકિ ત્રાંગડીઇ રે । ઋષભનઇ દેહરઇ ચડીઇ ।
જિહાં પાપ અઢારઇ નડીઇ રે । પુણ્યરયણે તિહાં વલી જડી ॥૩૧॥

જિમણઇ પદ્મપ્રભુ સ્વામી રે । પાસ પૂરઇ વંછિત કામી ।
ત્રણિ સઇ પંચ્યોત્તરિ પ્રતિમા રે । નિરૂપમ જેહનઉ મહિમા ॥૩૨॥

મણિહટ્ટીનઇ દેહરઇ રે । વીરજિનમહિમા મેર ઇ ।
પ્રતિમા પંચ તે જાણઉં રે । દેવદત્ત ચૈત્ય વખાણઉં ॥૩૩॥

તેર જિણેસર ભાવી રે । માંકા મહિતાનાઇ પાટકિ આવી ।
મૃગલાંછન જિન રંગઇ રે । અવર વીસ જિન ચંગઇ ॥૩૪॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાટકિ કુંભારીઇ પોષી રે । સોની અમીચંદ ઘરિ જિન નિરષર ।
શાંતિજિન હઈઇ ધરિઉ રે । સતર જિનસ્યું પરિવરીઉ ॥૩૫॥

વછૂ જવહરિ ધરિ દીઠા રે । ચુવીસ જિનવર બઇઠા ।
જિનપૂજા ભાવઇ કીજઇ રે । સમકિત લાહઉ લીજઇ ॥૩૬॥

॥ ઢાલ જલહીનઉ ॥૫॥ ત્રિણિ પલ્યોમ ભોગવી એ ઢાલ ॥

તંબોલીવાડઇ આવીઆ ભાવીઆ દેવ સુપાસ ।
પ્રતિમા દીપક ત્રહુત્તરિ પૂરઇ ગન-મન આસ ।
બીજઇ દેહરઇજિનવર સાત નમઉ તે સાર ।
વુહરા રૂપા મંદિર આદિ જિણંદ ઉદાર ॥૩૭॥

પ્રતિમા દશ છઇ મનોહર સુર નર સારઇ સેવ ।
મેઘા પારષિ ધરિ અછઇ ચંદ્રપ્રભ જિન દેવ ।
પાંચ જ પ્રણમીઅ આવ્યા ઘૂસીનઇ ગેહ ।
દોઇ જિણેસર વંદીઅ કીધા નિરમલ દેહ ॥૩૮॥

સહાસીરાજ દેહરાસરિ સંભવ જિનવર હોઇ ।
પ્રતિમા બિસઇં પંચાવન ભવિયણભાવઇં જોઇ ।
ષેજડાનઇ પાટકિ સારંગ દેહરાસર તેહ ।
નવ પ્રતિમા નમી કરી ત્રંબડાવાડઉ જેહ ॥૩૯॥

વિશ્વસેન-નંદન નીરષીઆ પરષીઆ નવાણઉં દેવ ।
મંડપ રચના રઉકીઅ કઈડું હરિષ્યું એ હેવ ।
વડા પોસાલનઇ પાટકિ સેઠિ સોમાનઇ ગેહ ।
ઋષભાદિક જિન ચઉત્રીસ દીપક સુંદર દેહ ॥૪૦॥

ભુજબલ સેઠિ દેહરાસરિ બિંબ શ્રેયાંસસ્વામી ।
પંચઇ પડિમા રયણમઇ ત્રણિ અવર જિન પામી ॥
વાડીઅ પુરવરમંડણ નયણે નિરષ્યા આજ ।
બીજા જિનવર પંચ એ સારઇ વંછિત કાજ ॥૪૧॥

સહસા પારષિ ધરિ નમઉં પાસ જિણેસર ભાવિ ।
તેર પ્રતિમા અવર અછઇ ઋષભનઇ દેહરઇ એ આવિ ।
તેર જિણંદ તિહાં નિરષીઆ હરષીઆ માનવ મન્ન ।
ભાવઇં પૂજા જે રચઇ તેહના જનમ એ ધન્ન ॥૪૨॥

॥ ઢાલ ઊલાલનઉ ॥૬॥

પાટકિ સહાનઇ એ આવી । આદિ જિણંદ તિહાં ભાવી સત્યાસી પડિમા એ દેષી ।
રાયસિંઘ ઘરિ શાંતિ નિરષી ॥૪૩॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સત્તરિ કંદી બિંબ તિહાં વંદી । પાપ અઢારરઈ નિકંદી ।
કંસાર વાડઇ એ દીઠા । શીતલ જિનવર બઈઠા ॥૪૪॥

દ્વાદશ બિંબ એ નમીઆ । આઠ મહાભય એ શમીઆ ।
બીજઈ શાંતિજિન પૂજ્યા । બાવીસ પડિમાએ બૂઝ્યા ॥૪૫॥

સહા ચાંપાનઈ ધરિ । બિંબ સોલ દેહરાસરિ ।
રયણમઈબિંબ બઇ ઠવીઆં । ચઉથા સહા ધરિ નમીઆં ॥૪૬॥

વંદ્યા પાસ જિણંદ । ચઉવીસ દીપઈ દિણંદ ।
ભલા વૈદ્યનઈ પાટકિ । ચંદ્રપ્રભ દીપઈ હાટક ॥૪૭॥

પ્રતિમા બઇ નમી ભાવિ । ભઇંસાતવાડઇ એ આવિ ।
શાંતિ જિનાદિક છત્રીસ । ગોયમસ્વામિ મુણી શ ॥૪૮॥

॥ ઢાલ ફાગનઉ ॥૭॥

સહાવાડઇ હિવઇં આવીઇ ભાવીઇ દેવ સુપાસ ।
પંચ્યાસી પડિમા નમી આવીઇ દેહરઇ પાસ ।
સપ્તફણામણિશોભિત ઓપિત દેહ ઉદાર ।
છસઇ બારોત્તર ભેટીઇ પાપ અઢાર ॥૪૯॥
સગરકૂઇ હવઇં જુહારીઇ સારીઇ પૂજા પાસ ।
પડિમા વીસ વંદી કરો સેઠિ પુંજાનઇ વાસિ ।
ઋષભાદિક જિન ત્રીસઇ એ દીસઇ મહિમાનિધાન ।
જયચંદસેઠિનઇં મંદિરિ સુંદર શાંતિ પ્રધાન ॥૫૦॥

તેત્રીસ જિનવર નિરષીઆ હરષીઆ ભાવઅણ સાર ।
હિબદપુરઇ હવઇં જાઈઇ ગાઈશત્ત ઉદાર ।
ઊપરિ પંચ સોહઇ વલી મેલો સયલ જિણેશ ।
પાટક મોઢ રનઇ એ સોહઇ ચ્યારિ દિણેશ ।

॥ કનક કમલ પગલાં એ ઢાલ ॥૮॥

પાટક નારંગઇ આવીઆ એ । ભાવીઆ પાસ જિણંદ ।
નારિંગ પ્રભુ ભેટીઇ એ । ભેટઇં મંગલ હોઇ । નારિંગ પ્રભુ ભેટી૦ ॥
ચંદ્રવદન તુહ્મ દેવતાં એ । હૂઉ હૃદય ઉલ્લાસ । નારિંગ૦ ॥૫૩॥
સૂરજ કોડિ થકી ઘણઉં એ । દીપ તેજ પ્રકાશ નારિંગ૦ ॥૫૪॥
પૂજઇ પદમા પાઇ એ । નામઇ આઠઇ સિદ્ધિ નારિંગ૦ ॥૫૫॥
બઇયાલીસ પડિમા પરગડી એ । આવ્યા શોભી ગેહિ નારિંગ૦ ॥૫૬॥
ત્રીસ ઊપરિ બઇ સઇંવલી એ । જુહારી મનનઇ ભાવિ નારિંગ૦ ॥૫૭॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સોનારવાડઈ શાંતિ નમું એ । પડિમા ચઊદ ઉદાર નારિંગ૰ ॥૫૮॥
બીજઈ દેહરઈ વીરજિનૂ એ । પોઢી પડિમા એક । નારિંગ૰ ॥૫૯॥
ફોફલિઆવાડઈ પઢમ જિન અઠ્ઠોત્તર જિનબિંબ । ના૰ ॥૬૦॥
વીજું દેહરું શાંતિનું એ । પડિમા પંચવીસ હોઈ । ના૰ ॥૬૧॥
દેહરઈ રાજા સેઠિનઈ એ । વંદઉ સંભવ દેવ । ના૰ ॥૬૨॥
પડિમાવીસ તિહાં દીપતી એ । કાછેલાનઈ ચૈત્ય । ના૰ ॥૬૩॥
મુનિસુવ્રત જિન પૂજીઈ એ । પડિકમા બાર વિચારિ । ના૰ ॥૬૪॥
સેઠિ વીરજી દેહરાસરિ એ । પૂજઉ પાસ જિણંદ । ના૰ ॥૬૫॥
પડિમા ચ્યારિ જ સોહતી એ । થાવર પારષિ ગેહ । ના૰ ॥૬૬॥
છયાલીસ પડિમાદીપતી એ । સેઠિ મહુલા ઘરિ આવિ । ના૰ ॥૬૭॥
મુનિસુવ્રત જિન વંદીઆ એ । પ્રતિમા ખન્નર સાર । ના૰ ॥૬૮॥
સેઠિ કકૂ દેહરાસરૂ એ । ચઉત્રીસ પડિમા પાસ । ના૰ ॥૬૯॥
સેઠિ રાજા દેહરાસરૂ એ । છત્રીસ બિંબજ નેમિ । ના૰ ॥૭૦॥
દોસી વછા ઘરિ આવીઆ એ । પૂજીઆ પાસ જિણંદ । ના૰ ॥૭૧॥
ખન્નર પડિમા વંદીઈ એ । પંચમઈ દેહરઈ પાસ । ના૰ ॥૭૨॥
પ્રતિમા દસ તિહાં દીપતીએ । વંદી આણી ભાવ । ના૰ ॥૭૩॥

॥ ઢાલ ॥ વઈરસેનરાઈ વ્રત લીઉં એ૰ ॥૯॥

જોગીવાડઈ આવીઆ એ । પ્રભુ પાસજિણેસર ભાવીઆ એ ।
પહિમા વીસ તિહાં વસંદીઈ એ । સયલ પાપ નિકંદીઈ એ ॥૭૪॥
સેઠિ વિદ્યાધર ઘરિ ભણી એ । ચઉત્રીસઈ પડિમા જિનતણીએ ।
દોસી ભોજા ઘરિ ભણઉંએ । શ્રીપાસ જિણેસર હું થુણઉં ॥૭૫॥
દસ પડિમા તિહાં સોહતી એ । રયણમઈ એક જ મોહતી એ ।
મફલીપુરિ વામાતનૂ એ । બારઈ પ્રતિમો ધન ધનૂ એ ॥૭૬॥
માલીવાડઈ દીઠડા એ । પાસ જિરાઉલ બઈઠડા એ ।
બિંબ ચઉવીસઈ જિનતણાં એ । પૂરઈ વંછિત કામણા એ ॥૭૭॥
પાટક માંડણ મહિતલા એ । સંભવ જિનવર દીઠલા એ ।
નવ પડિમા તિહાં ગુણિ ભરી એ । સયલ લોકનઈ જયકારી એ ॥૭૮॥
ધનરાજ દેહરાસર લહી એ । પાસપ્રતિમા વલી તિહાં કહી એ ।
ચિઉંઆલીસ પઠિડમા મિલી એ । રયણમઈ એક જ તિહાં વલી એ ॥૭૯॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સેઠિ કમલસી દેહરાસરૂ એ । શાંતિ જિનેસર મનહરૂ એ ।
છત્રીસ પડિમા સુંદરૂ એ । ભવિઅણ જનનઈ સુખકરૂ એ ॥૮૦॥

॥ ઈંદ્રાણી જિન પુંષિઆ એ ઢોલ ॥૧૦॥

ગદાવદી પાટકિ આવીઆ એ । ભેટીઆ શાંતિ જિણંદ તુ ।
ધનધન જિનવરૂ એ । પેષતઈ પરમાનંદ તુ । ભવિઅણ જયકરૂ એ ॥૮૧॥
અઠાવન જિનવર વંદીઆ એ । ગલા જિણદત ગેહિ તુ । ધન ૨ ॥જિ૰ ॥૮૨॥
અચિરાનંદન નિરષીઆ એ । પડિમા પંચવીસ જોઈ તુ । ધન ૨ ॥જિ૰ ॥૮૩॥
ધુપા ધલા ઘરિ હવઈ આવીઈ એ । પરષીઆ સાત જિણંદ તુ । ધન ૨ ॥જિ૰ ॥૮૪॥
પાટકિ મલ્લિનાથ વંદીઆ એ । એક સઉ છિંઉત્તરિ દેવ તુ । ધન ૨ ॥જિ૰ ॥૮૫॥
પાટક ભાણાનઈ આવીઆ એ । સેવીઆ પાસ જિન સ્વામિ તુ । ધન ૨ ॥જિ૰ ॥૮૬॥
અઠાણું જિનવર સુંદરૂ એ । સમુદઅ ફડીઆનઈ ઠામિ તુ । ધન ૨ ॥૮૭॥
વિશ્વસેનનંદન વંદીઆ એ । પડિમા અવર અઢાર તુ । ધન ૨ ॥૮૮॥
પાટક ચોષાવટી આવીઆ એ । શાંતિ જ જિનવર ભાવિ તુ । ધન ૨ ॥જિ૰ ॥૮૯॥
દસજિનવર પૂજીઆ એ । સાણેસર વંદિવા આવિ તુ । ધન ૨ ॥જિ૰ ॥૯૦॥
ઋષભાદિક આઠ જિન પેષીઆ એ । પાટકિ બલિઆનઈ ભાવિ તુ । ધન ૨ ॥જિ૰ ॥૯૧॥
રિસહ જિનવર પૂજીઆએ । ઈગ્યારનઈ પ્રમાણિ તુ । ધન ૨ ॥જિ૰ ॥૯૨॥
મહિતા અબજી પાટકિ જાણીઈ એ । શીતલ જિનવર દેવ તુ । ધન ૨ ॥જિ૰ ॥૯૩॥
જિનવર સાત તિહાં અરચીઆ એ । લહુ દેહરઈ જિન શાંતિ તુ । ધન ૨ ॥જિ૰ ॥૯૪॥

॥ ઢાલ ॥ બાહુબલિ રાણાની૰ ॥૧૧॥

કુસુંભીયા પાટકિ હિવઈ । દીઠલા શીલ દેવ રે ।
ઉગણીસ પડિમા તિહાં જુહારિઈ । વારીઈ દુરગતિ દેવ રે ॥૯૫॥
પેષઉ ૨ શ્રીજિનચંદ્રમા । પામઉ ૨ સુક્ખ ઉદાર રે ।
અવિઅ ચકોર જિણઈ દીઠડઈ । ઉલ્લસઈ હઈઈ અપાર રે । પેષુ ૨ શ્રીજિન૰ આંચલી ॥
વીજઈ દેહરઈ હિવઈ વંદીઈ । પાસજિનપ્રતિમા બાર રે ।
જગપાલ દેહરાસરિ નમી । પડિમા વીસ જ સાર રે ॥ પેષુ૰ ॥૯૬॥
વાછા દોસી ઘરિ હિવઈ પૂજીઈ । મોહનપાસ જિનદેવ રે ।
સોલ જ બિંબ અવર નમું । કીજઈ ૨ પાસ ભગવતઈ સેવ રે ॥પેષુ૰ ॥૯૭॥
નાકરમોદીનઈ પાટકઈ । પૂજઉ ૨ પાસ જિન સ્વામિ રે ।
પ્રતિમા શત વલી બાર ભણું । પૂજઉ ૨ વંછિત કામ રે ॥ પેષુ૰ ॥૯૮॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નાનજી પારષિ ઘરિ વલી । પૂજુ ૨ વાસુપૂજ્ય જિનદેવ રે ।
પ્રતિમ સોલ અવર અ છઇ । ધર્મસી ઘરિ શાંતિ દેવ રે ॥ પેષુ॰ ॥૯૯॥

એકત્રીસ જિનબિંબ ભાવ સીઉં । વંદીઇ હરષિ ઉલ્હાસિ રે ।
સાંડા પારષિ દેહરાસરઇં । વંદઉ ૨ શ્રીજિન પાસ રે ॥ પેષુ॰ ॥૧૦૦॥

તેત્રીસ પ્રતિમા અવર ભણી । રત્નમય છઇ વલી એક રે ।
સીપનું બિંબ વલીજુહારીઇ । અરચીઇ પુષ્પિ વિવેક રે ॥ પેષુ ॥૧॥

॥ તરુતલિ નરપતિ છાહડી એ ઢાલ ॥૧૨॥

મોહન પાસ જુહારીઇ જી । ગાલૂ સંઘવી ઠામિ ।
છવીસ પડિમા વંદી કરી જી । કીજઇ ગનમ સુકામ ॥૨॥

સુગુણનર ભેટઉ શ્રી જિનરાય ।
હઈયલઇ ભાવ ધરી ઘણઉ જી ।આંચલી ॥ (પૂજઉ ત્રિભુવનરાયા॥

હેમરાજ દેહરાસરિ ભણું જી । સુમતિ જિણેસર દેવ ।
ઇક પડિમા વલી તિહાં અછઇ જી । ત્રિભુવન સારઇ સેવ ॥૩॥ સુ॰

રાજધર સંઘવી ઘરિ થુણું જી । વિમલ જિણેસરસ્વામિ ।
ચ્યારિ પ્રતિમાસ્યું સોહતી જી । જઈઇ લટકણ ઠામિ ॥૪॥ સુ॰

શાંતિ જિણંદ તિહાં પેષીઆ જી । બાર પ્રતિમા વલી હોઇ ।
ભંડારી પાટકિહું નમુંજી । પાસ પડિમા તિહાં જોઈ ॥૫॥ સુ॰

ચ્યારિ પ્રતિમા વલી તિહાં કહી જી । પાટક ભાભાનિપાસ ।
ઇકાવન પડિમા પૂજીઇ જી । પૂરઇ વાંછિત આસ ॥૬॥ સુ॰

તેજપાલ સેઠિ દેહરાસરિ જી । ધર્મ જિણેસર સ્વામિ ।
સતર પડિમા પૂજતાં જી । સીઝઇ વંછિત કામ ॥૭॥ સુ॰

સહસકિરણ ઘરિ નિરષીઆ જી । સુમતિ શ્રીજિનરાય ।
પંચવીસ પડિમા અરચીઇ જી । પંચાયણ રિ આઇ ॥૮॥ સુ॰

શાંતિમૂરતિ નિરષી કરી જી । જિનવર ત્રઇસઠિ જેહ ।
લીંબડી પાટકિ આવીઇ જી । સારંગદોસી ગેહ ॥૯॥ સુ॰

સપ્તફણામણિ માસજી રે । બાર જિણેસર દેષિ ।
રાયચંદ દોસી ઘરિ વલી જી । શાંતિ જિણેસર પેષિ ॥૧૦॥ સુ॰

સોલ પ્રતિમા અવર અછઇ જી । રયણમયી પડિમા દોઇ ।
શાંતિ દેહરઇ હિવઇ આવીઇ જી । સોલમ જિણેસરજોઇ ॥૧૧॥ સુ॰

ચૌદ પ્રતિમા તિહાં વાંદીઇ જી । લીજઇ પૂજી લાહ ।
નવઉ પ્રાસાદ સોહામણઉ જી । દીઠઉ પૂજી લાહ ॥૧૨॥ સુ॰

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

॥ વીર જિણેસર દીએ દેસના ઢાલ ॥૧૩॥

કરણા સાહા પાટકિ અછઇ એ । શીતલ જિનવર દેવ તુ ।
પેષિલા ઊલટ અતિ ઘણઇ એ । સતસઠિ નિવર સેવ તુ ॥૧૩॥

પૂજીજઇ શીતલ સુંદરૂ એ । સુંદમુખ જીસિઉ ચંદ તુ । તેજિં દીપઇ દિનકરૂ એ ॥આંકણી॥

દોસી વીરા દેહરાસરૂ એ । શ્રેયાંસ જિનવર સાર તુ ।
તેર પ્રતિમા અવર નમું એ - ભેટૂં શેત્રુંજ-અવતાર તુ ॥૧૪॥ પૂ૰ ॥

તિહાં નમું વામાનંદનૂ એ । સતર બિંબ વલી જુહારિ તુ ।
હરિચંદ ઘરિ કુંથુ જિણેસરૂએ । સાત પડિમા મનોહારિ તુ ॥૧૬॥ પૂ૰ ॥

સહા ધર્મસી દેહરાસરિ શુણું એ । ચંદ્રપ્રભાજિનવર સ્વામિ તુ ।
સતાલીસ પડિમા વંદીઇ એ । શવજી સંઘવી ઠામિ તુ ॥૧૭॥ પૂ૰ ॥

શિવાદેવી નંદન ચરચીઇ એ । પડિમા ચૌદ ઉદાર તુ ।
રયણમય પડિમા ચ્યારિ ભણીઇ એ । તેતણઉ નહી પાર તુ ॥૧૮॥ પૂ૰॥

પારષિ સારંગ શાંતિજિનૂ એ । અઠતાલીસ બિંબ જ હોઇ તુ ।
સહા કમા ઘરિ આવીઇ એ । શાંતિ જિણેસર જોઇ તુ ॥૧૯॥ પૂ૰ ॥

સતાલીસ પડિમા જુહારીઇ એ । પટ બિ તિહાં વિચારિ તુ ।
રયણમય પડિમા ચ્યારિ કહી એ । રૂપ્પમય એક જ સાર તુ ॥૨૦॥ પૂ૰ ॥

॥ નાચઇ ઈંદ્ર આણંદસ્યું ઢાલ ॥૧૪॥

બંભણવાડઇ આવીઇ । વુહરા વીરદાસનઇ ગેહ રે ।
વાસુપૂજ્ય જિન પૂજીઇ । જિન ચઉવીસ સુદેહરે ॥૨૧॥

ગાવઉ જિનવર ગુણિ મર્યા । પામઉ ૨ સુક્ખ વિશાલ રે ।
મનમોહન જિન દીઠડઇ । હઈડઇ હરિષ રશાલ રે ॥આંકણી॥

રયણમય પડિમા ઇક નમી । હીરા વિસા ઘરિ જેહ રે ।
શાંતિ જિણેસર દસ વલી । દીઠઇ નિરમલ દેહ રે ॥૨૨॥ ગાવું॥

સહિસૂ સંઘવી ઘરિ ભણઉં । મૃગલંછન જિનરાય રે ।
છ જિનવર અવર નમ્યા । હૈસ્તી ચિત્ર સુઠાય રે ॥૨૩॥ ગાવું॥

વીર જિણેસર દેહરઇ । પૂજ્યા ત્રિસલા પૂત્ર રે ।
ચ્યારિ પડિમા અવર નમી । હીરજી ઘરિ પહૂત રે ॥૨૪॥ ગાવું॥

અચિરાનંદન જિહાં અછઇ । દસ જિણંદ ઉદાર રે ।
શાંતિ દેહરઇ તે જુહારીઇ । સાત બિંબ છઇ સાર રે ॥૨૫॥ ગાવું॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિમલસી સેઠિનઇં ધરિ વલી । આઠ બિંબ મન મોહઇ રે ।
સ્યણમય જિનવર બિંબ તિહાં । જેતઇં અતિઘણું સોહઇ રે ॥૨૬॥ ગાવું॥

પારષિ પુંઆ ઘરરિ મણઉં । ઋષભજિનંદ દયાલ રે ।
રજતમય બિંબ જ ચ્યારિ અછઇ । અગ્યાર જિન મયાલ રે ॥૨૭॥ ગાવું॥

ષેતલવસહીપાસજિનૂ । દીપઇ પુનિમચંદ રે ।
બિસય સતાલીસબિંબ નમું । પેખિલા પરમાનંદ રે ॥૨૮॥ ગાવું॥

પૂજા કીજઇ ભાવસિઉં । જિનવર અંગિ સુચંગ રે ।
સૂરીભઇ જિમ પૂજીઆ । સોહમઇ મનરંગિ રે ॥૨૯॥ ગાવું॥

॥ ધન ૨ સાધુ જે બનિ રહઇ એ ઢાલ ॥૧૫॥

પાટક લટકણ વીઆ । દોસી ગપૂ ઘરિ ।
અજિત ઇગ્યાર ડિમા વલી । રચુ પૂજુ સુપરિ ॥૩॥

સુણિ ૨ ભવિયણ પ્રાણીઆ । લાઘઉ જિનધર્મ ।
પૂજા ભાવના ભાવીઇ । એ કહીઉ મર્મ ॥આંકણી॥

સહા વાછા ધરિ હું ભણું । ચંદ્રપ્રભ સ્વામી ।
એકાવન જિનવર નિરષીઆ । છ રયણમય પામી ॥ ૩૧ સુ॥

લાલજી ઘરિ સુંદરૂ । સંભવજિન દેવ ।
ત્રાણઉં બિંબ તિહાં દીઠલાં । કીજઇ જિનસવ ॥ ૩૨ સુ॥

દેહરઇ શાંતિજિન નિરષીઆ । બાવીસઇ પંતી ।
વીરજી ઘરિ સોલમ જિનૂ । બાવોસઇ પંતી ॥ ૩૩ સુ॥

કુંપા દોસી પાટકિ આવીઆ । રિસહજિન ભાવઉ ।
આઠ પ્રતિમા તિહાં વંદીઇ । ભાવના ભાવઉ ॥ ૩૪ સુ॥

દોસી ગણીઆ ઘરિ હવઇ । પાસ પડિમા હોઇ ।
બા વીસ જિનવર પરપીઆ । પંડિત જન જોઇ ॥ ૩૫ સુ॥

સતર ભેદ જિન પૂજીઇ । જ્ઞાતાસૂત્રઇ ભાષી ।
જિનવચન હઈડઇ ધરી । દ્રૂપદી સાષી ॥ ૩૬ સુ॥

॥ રાગ મેવાડ એ ઢાલ ॥૧૬॥

વિસાવાડઇ પુંજા સેઠિ ધરઇ । પાસજિન નિરષ્યા રે આજ ।
સોલ પ્રતિમા રયણમય ઇક વલી । દીઠઇ સરીઆં રે કાજ ॥૩૭॥

મૂરતિ નિષુ રે જિનની ભાવસિઉં । તે નર નારી ધન્ન ।
જે નિજભાવઇ પૂજા આરઇ । તે નર લહઇ બહુપૂન્ય ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

॥આંચલી॥ સોની અમર દત ધરરિ ધર્મજિન । પડિમા ઈગ્યાર જેહ ।
વિસા વિમૂનઈ દેહરાસરિ । જિન ત્રેવીસમુ વલી તેહ ॥૩૮॥મૂ૰
અવર અઢારઈ જિન તિહાંવંદીઈ । રત્નમય એક જ સાર ।
અમરપાલ દેહરાસર ભણઉં । અજિતહ રયણ ઉદાર ॥૩૯॥મૂ૰
પ્રતિમા ત્રણિ વલી જિહાં અછઈ । દેહરઈ પુહુતા રે જામ ।
સોલમ જિનવર નિરખ્યા ભાવસિઉં । પંચાસ પડિમા રે ઠામ ॥૪૦॥મૂ૰
સરહીઆ વાડઈ ઋષભજિણેસરૂ । ત્રેવીસ જિનવર જુહાર ।
દોસી વાડઈ હટ્ટુનઈ ધરિ । શાંતિજિન દીઠ રે સાર ॥૪૧॥મૂ૰
શાંતિનાથનઈ પાટકિ । લિષમીદાસ દેહરાસરિ જિનશાંતિ ।
પ્રતિમા બારઈ પૂજઈ ભાવસ્યું । ટાલઈ ભવની ભ્રાંતી ॥૪૨॥મૂ૰
સંઘરાજનઈ ઘરિ વામાનંદન । પન્નર પડિમા રે તાંહિ ।
હેમા સરહીઆ ઘરિ હિવઈ આવીઈ । ત્રેવીસમઉ જિન દૃષ્યાઈ ॥૪૩॥મૂ૰
છયાલીસપડિમા અવર જુહારી । લીજઈ ભવનુ રે તાંહિ ।
શશંતિમૂરતિ સયાલીસ વલી અછઈ । ટાલઈ ભવનુ રે દાહ ॥૪૪॥મૂ૰
પાસ કંબોઈઉ તે વલિ જુહારીઈ । સાત જ પડિમા રે સાર ।
કટકીઆવાડઈ રિસઈ જ પૂજીઈ । પંચાવન જિન ઉદાર ॥૪૫॥મૂ૰
સેઠિ વિમલદાસ ઘરિ અજિતજિણેસરૂ । ચૌદહ જિન ધન ધન્ન ।
નિરષુ જિનજી હઈઈ હરિષસ્યું । તસુ વલી વાધ ઈ વન્ન ॥૪૬॥મૂ૰
આનાવાડઈ રંગઈ આવીઈ । દીઠલા શ્રીજિન નેમિ ।
પ્રતિમા ચુત્રીસ ભાવઈ પૂજીઈ । જિમ પામઉ સવિ ષેમ ॥૪૭॥મૂ૰

॥ ઋષભ ઘરિ આવઈઈ છઈ એ ઢાલ ॥૧૭॥

આએ સાલવીવાડાઈ આવીઈ । ત્રેસેરીઆ વલી માંહિ ।
નેમિ જિન જુહારઉજી । રાણીરાયમઈ વલ્લહુ । જીવદયા પ્રતિપાલ ॥નેમિ૰ ૪૮॥
॥આંચલી॥સત્યાસી જિન પૂજીઈ । દેહરઈ શ્રીજિનમલ્લિ ॥નેમિ૰ ૪૯॥
પંચ્યોત્તરિ બિંબ નિરષીઆં । કુરસીવાડઈ આવિ ॥નેમિ૰ ૫૦॥
શાંતિજિન તિહાં પરષીયા । અવર બિંબ તિહાં તેર ॥નેમિ૰ ૫૧॥
કઈઆવાડઈ વીરજી । પ્રતિમા પંચ ઉદાર ॥નેમિ૰ ૫૨॥
રાયચંદ સંઘવી વાસુપૂજ્ય । બિંબ ચૌદ વિચારિ ॥નેમિ૰ ૫૩॥
કલ્હારવાડઈ શાંતિજી । બિંબ પંચાવન હોઈ ॥નેમિ૰ ૫૪॥
દણાયગવાડઈ પઢમ જિણ । સત્તરિ જિનવર જોઈ ॥નેમિ૰ ૫૫॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધાધુલિ પાટકિ સુવિધિ જિન । એકોત્તરિ જિનસાર ॥નેમિ૰ ૫૬॥
ઊંચઇ પાટકિ પાસજી । જિન નમુંત્રણઇ તાંહિ ॥નેમિ૰ ૫૭॥
સત્રાગવાડઇ જુહારીઇ । બિંબ નવ તિહાં પાસ ॥નેમિ૰ ૫૮॥
★ (આ નંબરનું મેટર નથી ॥નેમિ૰ ૫૯॥
પુનાંગવાડઇ આવીઇ । દસ બિંબ પાસસ્યું હોઇ ॥નેમિ૰ ૬૦॥
ગોલ્હવાડઇ શ્રીપાસજી । પડિમા પંચ તિહાં દીઠ ॥નેમિ૰ ૬૧॥
બીજઇ દેહરઇ ત્રાવીસમુ । પડિમા શત ઉગણીસ ॥નેમિ૰ ૬૨॥
રયણમય પડિમા એક વૂલી । ઠાકરસાહનઇ ગેહિ ॥નેમિ૰ ૬૩॥
પાસ જિણંદ તિહાં દીઠડા । પુગી મનની આસ ॥નેમિ૰ ૬૪॥

॥ ઢાલ માઈ ધન્ન સુપન્ન ॥૧૮॥

પેષઉ ધઉલિ પરવઇ । મુનિસુવ્રત જિન દેવ ।
બાવન જિનપડિમા । સુ નર સારઇ સેવ ।
દૂદા પારષિ ઘરિ છઇ । શાંતિ જિણેસર રાય ।
પંચઇ જિન નમતાં । સુખ સંપદ સવિ થાઇ ॥૬૫॥

દોસી દેવદત્ત ઘરિ છઇ । ચંદ્રપ્રભ જિન સ્વામિ ।
સતતાલીસ જિનવર । પૂજતાં શિવ ઠામ ।
સોની રામા ઘરિ છઇ । પાસ જિણંદ જુહારઉ ।
અઠારઇ જિનવર પૂજી । ભવભય વારઉ ॥૬૬॥

બિંબ રયણમઇ વંદુ । તિહાં છઇ એક જ સાર ।
બઇ પટ્ટ અનોપમ દીઠઇ સવિ સુખકાર ।
ગોદડનઇ પાટકિ । પૂજઉ ઋષભ દયાલ ।
જિન સરિષા વરણઇ । પેષઉ રંગ રશાલ ॥૬૭॥

એકસઉ ચિઉંઊોત્તરિ । પ્રણમંતા હુઇ પ્રેમ ।
વિસા થાવર ઘાતર છઇ । રિષભ કરઇ તે પ્રેમ ।
ચૌદહ જિણ પૂજ્યા । તિહાં નિજ ઉત્તમ ભાવિ ।
દોસી હીરજી દેહરાસરિ । હઈડઇ હરષઇ આવિ ॥૬૮॥

પાસહ જિણ નિરખ્યા । તિહાં વલી ઊલટ આણિ ।
ઉદયકરણનઇ ઘરિ । ઋષભ જિન અમૃત વાણિ ।
બાવન છઇ જિનવર । પૂજઉ હરષિ અપાર ।
જિનવર ગુણ ગાંતા । સુખ પામઉ બહુવાર ॥૬૯॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

॥ કુંકુમ તિલક એ ઢાલ ॥૧૯॥

પાટકી નાથા સહાનઈ આવઉ । શાંતિ જિણેસર ભાવઉ ।
એકસઉ નવાણઉં દેવ । હરષિઉં હઈડઉં હેવ ॥૭૦॥

દોછી વસાનઈ ઘરિ । ચંદ્રપ્રભ દેહરાસરિ ।
સત્તિ જિનબિંબ નમીઇ । સંસાર માંહહં ન ભમીઇ ॥૭૧॥

સેઠિ પચૂ દેહરાસરિ । ચંદ્રપ્રભ જિન સુખકર ।
સોલ બિંબ તિહાં સોહઇ । સીપમઇ ઇક મન મોહઇ ॥૭૨॥

સૂરજ સેઠિ ઘરિ આવ્યા । પન્નર જિનબિંબ ભાવ્યા ।
દોસી રામાનઈ ઘરિ । ઓગણપંચાસ જિનવર ॥૭૩॥

દોસી રહીઆ ઘરિ દેવ । ઓગણત્રીસ કીજઇ સેવ ।
મહિતાપાટકિ નિરષઉ । મુનિસુવ્રત જિન પરષઉ ॥૭૪॥

વીસ જિણંદ તિહાં જુહારઉ । પૂજી સમકિત ધારઉ ।
સહા વછા ઘરિ પાસ । ત્રણિ જિન પૂરઇ એ આસ ॥૭૫॥

જિન સરિષાં બિંબ જાણઉ । પેષી ભાવ મનિ આણઉ ।
નિયમ વ્રત સૂધઉં એ પાલઉ । સમકિત રયણ અજૂઆલઉ ॥૭૬॥

॥ ઢાલ ભમારૂલી ॥૨૦॥

જિન ચૈત્ય ઇમ જુહારીઇ તુ રિ ભમારૂલી । એક સઉ એક વષાણિ તુ ।
અણહલ્લ પાટણિ એતલા તુ રિ ભમારૂલી । દેહરાસર વલી જાણી તુ ॥૭૭॥

નવાણું તે રૂઅડા તુ રિ ભમારૂલી । પ્રણમઉ ભગતઇ સોઇ તુ ।
પાપ અઢારઇ છૂટીઇ તુ રિ ભમરૂલી । સુખ સંપદ સવિ હોઇ તુ ॥૭૮॥

વિદ્રુમમય બિંબ એક ભણઉં તુ રિ ભમારૂલી । સીપમય બિંબ બે હોઇ તુ ।
રયણમય જિન પડિમા થુણું તુ રિ ભમારૂલી । અડત્રીસ તે વલી જોઇ તુ ॥૭૯॥

દેહરા બિંબ જુહારિઇ તુ રિ ભમારૂલી । સહસ પંચ વિચારિ તુ ।
શત ચ્યારિ ઊપરિ વલી તુ રિ ભમારૂલી । સત્તાણઉં વલી સાર તુ ॥૮૦॥

દેહરાસર જિન પૂજીઇ તુ રિ ભમારૂલી સહસ બિ જિનસ્વામિ તુ ।
શત આઠ અધિક ભણ્યા તુ રિ ભમારૂલી । અઠસઠિ પૂરઇ કામ તુ ॥૮૧॥

આઠ સહસ ત્રણિ શત વલી તુ રિ ભમારૂલી । ચઉરાણું જિન જોઇ તુ ।
ગૌતમ બિંબ ચ્યારિ નમું તુ રિ ભમારૂલી । ચ્યારિ જ પટ્ટજ હોઇ તુ ॥૮૨॥

॥ ઢાલ વિર જિણેસર વંદીએ ॥૨૧॥

વાડીપુરવરર-મંડણઉ એ । પ્રણમીય ર અમીઝરઉ પાસ તુ ।
આસ પૂરઇ સયલતણી એ । પૂજીઇ ર આણી ભાવ તુ ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

॥ વાડીપુરવર-મંડણઉ એ ॥ત્રૂટક॥

વાડી-મંડણ વામાનંદન । સયલભુવનઇ દીપ એ ।
નમઇ અમર નરિંદ આવી । સયલ દુરજન જીપએ ।
અવર બિંબહ એક નમતાં । ભગતશંકટ ચૂરએ ।
દુલતપુરિ જિન એક નમતાં । સયલવંછિત પૂરએ ॥૮૩॥

કુમરગિરિ જિન શાંતિ નમું એ ।
મહિમા પર જિનતણઉહોઇ તુ । વાણીઇ અમૃતસમ ભણી એ ષરતર ૨ ચૈત્ય વિશાલ તુ ।

॥ કુમરગિરિ જિન શાંતિ નમું એ ॥ત્રૂટક॥

નમું શાંતિ નવઇજિ જિનવર । ભમતીઇ પંચાસ થુણઉં ।
પોસાલમાંહિ ચૈત્ય નિરૂપમ । શાંતિજિણવર તિહાં ભણઉં ।
છત્રીસ બિંબ અવર નમીઇ । ગભારઇ તે સુખ કરૂ ।
પીતલ-પડિમા ચ્યારિ સઇ વલી । છનૂં ઊપરિ મનહરૂ ॥૮૪॥

સોલમ જિનવર વંદીઇ એ । વાવડી ૨૨ જિનવર સાર તુ ।
અઢારઇ પડિમા સુંદરૂ એ । વડલીય ૨ ષરતરચૈત્ય તુ ।

॥ સોલમ જિનવર વંદિએ એ ॥ત્રૂટક॥

વંદીઇ તે સોલમ નિવર ચ્યાલીસ પડિમા જાણી ।
શ્રી જિનદત્તસૂરી મહિમા પૂરઇ । જગત્રમાંહિ વષાણીઇ ।
શ્રી વીરચૈત્ય વંદઉ નિત્યઇ । મૂરતિ અતિસોહામણી ।
નગીનાનઇ ચૈત્ય આવી । પાર્શ્વજિન સાત જ ભણી ॥૮૫॥
નવઇ નગીનઇ આવીઇ એ । પોષીઇ ૨ શ્રી જિનશાંતિ તુ ।
પંચતાલીસ મૂતિ પૂજીઇ એ । પૂજતાં ૨ આણંદ હોઇ તુ ॥

॥ નવઈ નગીનઈ આવીઇ એ ॥ત્રૂટક॥

નગીનઇ તે નવઇ આવી । બહુત્તરિ જિણાલું નિરષીઇ ।
ત્રણ મૂરતિ અવર પેખી । સૂધઉ સમકિત પરષીઇ ।
અવર ઠામે જેહ દેહરા । દેહરાસર પાર જ નહી ।
ભગવતિભાવઇ ઊલટ આણી । આદર કરિ વંદઉ સહી ॥૮૬॥

॥ ગુરુજી રે વદ્ધામણડું એ ઢાલ ॥૨૨॥

કતપુરિ દેહઇ દીઠડા તુ । શાંતિ જિણેસર ભાવઇ રે ।
એક જિનવર તિહાં વંદીઆ તુ । સમોસરણ હિવઇ આવિ રે ॥૮૭॥
જિનજી રે તુમ્હ ગુણ ઘણના તુ । ગાતાં નાવઇ પાર રે ।
ચંદ્ર કિરણ જિમ નિરલા તુ । મુલતાફલ જિમ સાર રે ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

॥આંચલી॥ પઢમ જિણેસર પૂજીઇ તુ । સાત જિણેસર ચંગઇ રે ।
રૂપપુરિ રંગઇ આવી તુ । પાસ ભેટ્યા ભનરંગઇ ॥૮૮ જિન૰ ॥

જિઉત્તરિ રંગઇ આવી તુ । ભમતીઇ જિન ચઉવીસ રે ।
બીજઇ દેહરઇ ઋષભજિન તુ । બહ પડિમા નામઉં શીસ રે ॥૮૯ જિન૰ ॥

મહિતા ડુંગરિ ઘરિ ભણું તુ । અજિતજિણેસર દેવ રે ।
છાસઠિ જિણંદ અરચીઇ તુ । સેઠિ બોધા ઘરિ હેવ રે ॥૯૦ જિન૰ ॥

ચુવીસ જિણંદ નિરષીઆ તુ । સેઠિ ગણરાજ ઘરિ આવઉ રે ।
ત્રઇસઠિ જિનવર તિહાં અછઇ । સેઠિ વસ્તા ઘરિ ભાવઉ રે ॥૯૧ જિન૰ ॥

શાંતિ જિણેસર પૂજીઇ તુ । ઇગ્યાર જિનવર સાર રે ।
સેઠિ જગૂ દેહરાસરિ તુ । ચુત્રીસ જિન ઉદાર રે ॥૯૨ જિન૰ ॥

વુહરા સાંડા દેહરાસરિ તુ । પાસ જિણેસર દેવ રે ।
ઉગણચ્યાલી સઇ જિનવરા તુ । ગૌતમ કિજઇ સેવ રે ॥૯૩-૧ જિન૰ ॥

રંગા કોઠારી ઘરિ ભાણઉં તુ । સોલમ જિણેસર સ્વામી રે ।
ચૌદ જિનવર તિહાં ભાવીઆ તુ । સેઠિ કુંઅરજી ઘરિ પામી રે ॥૯૩-૨ જિન૰ ॥

વિશ્વસેન કુલ માહઇ નિકરૂ તુ । ચૌદ પડિમા તિહાં ભાવી રે ।
અનંત ગુણ છઇ જિનજીના તુ । વ્યણે અમૃત શ્રાવી રે ॥૯૪ જિન૰ ॥

ચાણસમઇ તે પૂજઇતુ । ભટ્ટેવુ શ્રી પાસ રે ।
ચઉત્રીસ પ્રતિમા નિરષતાં તુ । પૂગી મનની આસ રે ॥૯૫ જિન૰ ॥

કંબોઇઇ સિરિપાસજી તુ । પડિમા પંચ વિચાર રે ।
ભમતીઇસોલ બિંબ અછઇ તુ । મુંજપરિ ત્રણિજિન સાર રે ॥૯૬ જિન૰ ॥

॥ એહવઉ રૂઅડુ રે નારિંગપુર ॥ એ ઢાલ ॥૨૩॥

મઇ ભેટિઉ રે સંખેસર શ્રીપાસજી રે । ધ્યાયઉ હઇડા માંહિ ।
ગુણસાગરર રે ૨ ભવિઅણ જનનઇ સુખકરુ રે ।
જસ નામઇ રે નવમિધિ ઘરિ સવિ સંપજઇ રે ।
આવઇ વરણ અઢાર વંદઇ રે ૨ ભાવઇ ધરાણદ પુરંદરૂરે ॥૯૭॥

ઇમ સ્વામી રે સવિજનનઇ છઇ હિતકરૂ રે ।
જોતાં આનંદ હુઇ । મુખ સોહઇ રે ૨ નિરૂપમ પૂનિમ ચંદ જિ-॥આંચલી॥
સઉ રે ॥ઇમ૰
જસ મહિમા રે ત્રિભુવનમાંહઇ વ્યાપીઉ રે । નમઇ અમરિંદ ।
પૂજઇ રે ૨ વ્યંતર જ્યોતિષ દિવાકરૂ રે ।
જિન ધ્યાતાં રે મારગિ શંકટ સવિ ટલઇ રે ।
દુખડાં નાસઇ દૂરિ । પામઇ રે ૨ સુખિપદ સવિ સુહાકરૂ રે ॥૯૮॥ઇમ૰ ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગચ્છિ પૂનિમ રે શાખા ચંદ્ર વષાણીઇ રે । શ્ર ભુવન પ્રભ સૂરિ ।
ગુણ રયણે રે ૨ જલનિધિ જિમ હુઇ ગાજતુ રે ।
તિમ સોહઇ રે કમલપ્રભ સૂરિ સરૂ રે ।
તસુ પાટિ પુણ્યપ્રભ સૂરિ । દીપઇ રે ૨ તેજઇ જિનકરરાજતુ રે ॥૯૯॥ઇમ૦ ॥

તસુ પાટઇ રે શ્રી વિદ્યાપ્રભસૂરી સરૂરે । જેહવઉ પૂનિમ ચંદ ।
નંદન રે ૨ ગરી માતા તેહ તણઉ રે ।
જિમ ગગનઇ રે તારાગણછેહ નહી રે । ગંગા વિલૂ ન પાર ।
ગુણપૂરઇ રે ૨ દેહભારિઓ શ્રીગુરુતણઉ રે ॥૨૦૦॥ઇમ૦ ॥

જ્ઞાનઇ રે ભરીઉ જિમ હુઇ જલનિધી રે ।
ષમ દમ મદ્વસાર । કીરતિ રે ૨ ભૂમંડલમાંહિ વિસ્તરી રે ।
તસુ શીસ જ રે લલિત પ્રભસૂરિ ઇમ ભણઇ રે ધન ધન ચૈત્ય પ્રવાડિ ।
પાટણિ રે ૨ મનોહર ચૈત્ય જ ચિતિ ધરી રે ॥૧॥ઇમ૦ ॥

સંવત સોલ વલી અઠથાલડઇ રે ।
આસો માસિ વિચારી । બહુલ પખિ રે ૨ ચઉથિ તિથી વલી જાણીઇ રે ।
આદિત રે વા અનોપમ તે કહિઉ રે ।
તિણિ દિન આદર આણિ । ભાવઇ રે ૨ જિનના ગુણ વષાણીઇ રે ॥ઇમ૦સ્વામી૦ ॥
જિન બિંબ જ રે જુહાર્યા નવ સહસ સુંદરૂ રે ।
રાત પાંચઇ વિચારિ અઠાઉણ રે ૨ ઊપરિ તે વલી હું ભણઉં રે । એ સર્વ જ રે ।
ગ્રામ નગર પુર જે કહ્યા રે ધરીઆ સંખ્યા માનિ ।
અરચું રે ૨ આણંદ આણી મનિ ઘણઉ રે ॥૨૦૩॥

॥ કલશ ॥

ઇમ ચૈત્ય-પ્રવાડી મનિ રૂહાડી રચી અતિ સોહામણી ।
શ્રીપાસ પસાઇ ચિત્તિ ધ્યાઇ અણહલ્લ પાટણ તેહતણી ।
સદ્ગુરુ પામી ધરઉ ધામી સ્તવન રૂપિ સુહાકરો ।
સંખેસરુ શ્રીપાસ સ્વામી સયલ ભુવનઇ જય કરો ॥૨૦૪॥

ઇતિ શ્રી ભટ્ટારક શ્રી શ્રી ૪ શ્રી લલિતપ્રભસૂરિ કૃતા સમસ્ત ચૈત્ય પ્રપાટિકા સંપૂર્ણા ॥

● ● ●

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરિશિષ્ટ-૫

પંડિત હર્ષવિજય કૃત
પાટણ ચૈત્ય-પરિપાટી. (સં૰ ૧૭૨૯)

સમરીય સરસતી સાંમનીએ, પ્રણમી ગુરુપાય।
પાટણચૈત્ય પ્રવાડી, સ્તવન કરતાં સુખ ખાય ॥૧॥

પાટણ પુણ્ય પ્રસિદ્ધ ક્ષેત્ર, પુણ્યનું અહીંઠાંણ।
જિન પ્રાસાદ જિહાં ઘણા એ, મોટઈ મંડાંણ ॥૨॥

મુઝ મન અતિઉમાહલો એ, જિનવંદન કેરો।
પાટણ ચૈત્ય પ્રવાડી, કરતાં હરખ્યો મન મેરો ॥૩॥

પ્રથમ પંચાસરે જાઈઈ એ, તિહાં પ્રાસાદ ચ્યાર।
પંચાસર જિનવર તણો એ, દેખો દીદાર ॥૪॥

ચોપન બિંબ તિહાં અતિભલા એ, વલી હીરવિહાર।
પ્રતિમા ત્રિણ સૈગુરુ તણીએ, મૂરતિ મનોહાર ॥૫॥

તિહાંથી ઋષભજિણંદ નમું એ, બિંબ પન્નર ગંભારઈ .
એકસો બિંબ અતિભલાએ, ભમતીએ જુહારઈ ॥૬॥

વાસુપૂજ્યને દેહરે એ, બિંબ ત્રણ વખાણું।
મહાવીર પાસે વલી એ, બિંબ ચારજ જાણું ॥૭॥

ઉંચી સેરી શાન્તિનાથ, પ્રતિમા પંચાસ।
એક ઉપર નમતાં થકાં, પોહચે મન આસ ॥૮॥

પીપલે સાવકો પાર્શ્વનાથ, સડસઢ પ્રતિમા સોહે।
સડતાલીસ બિંબ શાન્તિનાથ, ભવિયણ મન મોહે ॥૯॥

ચિંતામણિ પાડા માંહી, શાન્તિનાથ વિરાજે।
પચવીસ પ્રતિમા તિહાં ભલીએ, દેખી દુઃખ પ્રભાજઈ ॥૧૦॥

બીજે દેહરે ચન્દ્રપ્રભુ, તિહાં પ્રતિમા વંદું।
દોસત સડસઠ ઉપરે, પ્રણમી પાપ નિકંદું ॥૧૧॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુગાલ કોટડી પ્રાસાદ એક, થંભણો પાર્શ્વનાથ।
ધર્મનાથ નઈં શાન્તિનાથ, શિવપુરીનો સાથ ॥૧૨॥

ઢાલ ॥૧॥ દેશી વાહાણની। રાગ મલ્હાર ॥

ખરાકોટડીમાંહિ પ્રસાદ મનોહારૂરે। કે પ્રાસાદ મનો૰।
પંચમેરૂ સમ પંચ કે, ભવિયણ ભયહરૂરે। કે ભવિ૰॥૧॥

અષ્ટાપદ પ્રાસાદકે-ચંદ્ર પ્રભ લહીરે । કે ચંદ્ર૰।
નવસત ઉપર સાત કિ, પ્રતિમા તિહાં કહીરે । કે પ્રતિ૰॥
ચંદ્રપ્રભ પ્રસાદકે, તેર જિણેસરુરે । કે તેર૰।
પાસ નગીનો ષટ જિન । સાથે દિણેસરૂરે ॥ સાથે૰॥૨॥

શાન્તિજિણંદ પ્રાસાદ । દેખી મહહરખીએરે । દેખી મન૰।
ચોરાસિ જિન પ્રતિમા । તિહાં કણે નિરખીએરે । તીહાં કણે૰॥૩॥

આદિનાથ જગનાથની । મૂરતિ અતિભલી રે । મૂરતિ૰।
પંચાણુ તિહાં પ્રતિમા । વંદો મનરૂલીરે ॥વંદો૰॥૪॥

ત્રાંગડિયા વાડામાંહી । ઋષભ સોહામણા રે । ઋષભ સો૰।
બિંબ ચારસે ચાર કે । તિહાં જિનવર તણારે । તિહાં જિન૰॥૫॥

દોય પ્રાસાદ કંસારવાડે હવે વાદીએ રે । વાડે હ૰।
શીતલ ઋષભ નમી સબ । દુઃખ નીકંદીએ રે ॥ કે દુઃખની૰॥૬॥

પ્રતિમા તેર અઠાસી । બેહુ દેહરા તણીરે । કે બેહુ૰।
જિન નમતાં ઘરે । લખમી હોય અતિ ઘણીરે ॥ કે લખમી૰॥૭॥

સાહના પાડામાંહી । ઋષભ જુહારીએરે । ઋષભ જુ૰।
પ્રતિમા દોસત બાસી । મન સંભારીએ રે ॥ કે મન૰॥૮॥

વાડીપાસતણો । મહિમા છે અતિ ઘણોરે કે મહિમા૰।
વડી પોસાલના પાડા । માંહી શ્રવણે સુણો રે ॥ માંહિ શ્ર૰॥૯॥

એકસો સડતાલીસ । જિહાં પ્રતિમાય છે રે । કે જિહા પ્રતિ૰।
ચોમુખ વંદી જિનરાજ । ઋષભ નમીએ પછેરે । ઋષભ નમી૰॥૧૦॥

દોસતને પણયાલીસ । જિન પ્રતિમા તિહારે । કે જિન પ્રતિ ।
પંચ બંધવનું દેહરુ । લોક કહે તિહારે ॥ કે લોક૰॥૧૧॥

ઢાલ ॥૨॥ દેશી હડીયાની ॥

દેહરાસર તિહાં એક, દેહરાસર સુવિશેષ ।
શેઠ ભુજબલતણું એ, કે દિસઈ સોહામણું એ ॥૧॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નારિંગપુર વર પાસ, જાગતો મહિમા જાસ ।
દોસત બિંબ ભલાએ, પણયાલીસ ગુણ નિલાએ ॥૨॥

ત્રભેડા વાડામાંહી, શાંતિ નમું ઉછાંહી ।
પંચસત જીનવરુએ, એકોત્તરે ઉપરે એ ॥૩॥

તંબોલી વાડા મઝાર, સુપાસ નમું સુખકાર ।
એકસો ત્રીસ સદાએ, પ્રણમું જિન મુદાએ ॥૪॥

કુંભારીએ આદિનાથ, પ્રતિમા એકાશી સાથ ।
દેહરે કોરણીએ, તિહાં પ્રતિમા ઘણી એ ॥૫॥

સોલ પ્રતિમા સુખકંદ, શાન્તિનાથ જિણંદ ।
માંકા મહિતા તણે એ, પાડે સોહામણે એ ॥૬॥

મણીયાટી મહાવીર, મેરુતણી પરે ધીર ।
ચાલીસ બિંબસુ એ, પ્રણમું ભાવસું એ ॥૭॥

તીર્થ અનોપમ એહ, મુજ મન અધિક સનેહ ।
દીઠે ઉપજેએ, સંપજે એ ॥૮॥

ઢાલ ॥૩॥

પખાલીએ રે સેવો શ્રી શાન્તિનાથ રે ।
હુ વંદું રે પ્રતિમા તાત્રીસ સાથ રે ।
સાવાડે રે સાંમલ પાસ સોહામણા ।
બિંબ પાચસે રે પાસે શ્રીજિણવર તણા ॥૧॥

જિનવર તણા તે બિંબ જાણું । ઉપર સત્તાવન્ન એ
ત્રેવીસમો જિનરાજ વંદું । મોહિઓ મુજ મન્ન રે ।
સાતમો જિન પ્રાસાદ બીજે, વંદીએ ઊલટ ધરી ।
ચાલીસ ઉપરે સાત અધિકી સોહે તિહાં પ્રતિમા ભલી ॥૨॥

સોલસમો રે શાંતિજિનેસર જગજયો,
ભસાતવાડે દેખી મુઝ મસ સુખ થયો ।
પાંસઠ જિન રે તિમ વલી કલિકુંડ પાસજી,
જીરાઉલ રે પૂરે વંચીત આસજી ।
જીરાઉલ રે પૂરે વછિત આસજી ।
આસ પુરે ગૌતમ સ્વામી લબ્ધિનો ભંડાર એ
સગરકુઇ પાંત્રીસ જિનવર પાર્શ્વનાથ જુહારએ ।
હબદપુરમાં થૂમ વદૂં જાસ મહિમા અતિઘણો,
એકમના જે સેવ સારે પૂરે મનોરથ તેહ તણો ॥૩॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વલિયારવાડે રે, પ્રતિમા સોહે સાત રે ।
મૂલનાયક, શાંતિજિણંદ વિખ્યાત રે ।
જીગીવાડે રે, ભાગતો જિન ત્રેવીસમો ।
અઠાવન રે, પ્રતિમાસું ભવિઅણ નમો ॥૪॥

નમો ઋષભ જિણંદ બિજે, દેહરે અતિ સુંદરુ ।
છત્રીસ પ્રતિમા તિહાં વંદો, નમે જાસ પુરંદરુ ।
બસે છાસઠ મલ્લિજિનવર, મલ્લિનાથપાડે મુદા ।
બાવન જિન ને બાવન પ્રતિમા, વંદીએ તે સર્વદા ॥૫॥

લખીયારવાડે રે મોહનપાસ મહિમા ઘણો ।
બિંબ ત્રણસે રે એકોત્તર તિહાં કણ ગણો ।
સીમંધર કે સ્વામી પ્રાસાદ બાસઠ જિના ।
બિંબ તેરસું રે, સંભવ સેવો એકમના ॥૬॥

એકમના સેવો સુમતિ જિનવર, સાઠ પ્રતિમા સોહતી ।
આઠ ઉપરે ન્યાયસેઠને પાડે, જનમન મોહતી ॥૭॥

ચોખાવટીએ શાંતિજિનવર, છેંતાલીસ બિંબ અલંકર્યા ।
દોઢસો જિન સુંબલીએ રિષભજિન જગ જય વર્યા ॥૮॥

ઢાલ ॥૪॥

અબજીમહેતાને પાડે શીતલનાથ,
પ્રતિમા સડતાલીસ । દોએ શાન્તિનાથ ।
કોસંબીયાપાડે શીતલબિંબ અઢાર,
શ્રીપાસજિણેસર બીજે દેહરે જુહાર ॥
જુહારીએ જિનવરની પ્રતિમા છાસઠ મનને રંગે ।
સો પ્રતિમા વાયુદેવના પાડામાં, ધર્મજિણેસર સંગે ।
ચાચરીયામાં પાઇજિણેસર સે નવ તિહાં પ્રતિમા ।
પારેખ પદમા પોલે બત્રીસ જિન, ફોફલીયા નો મહીમા ॥૧॥

સોનારવાડે સુખદાયક શ્રીમહાવીર, છેતાલીસ પ્રતિમા પાસે
ગુણગંભીર !
ખેજડાને પાડે શાંતિજિનેસર પાસે ।
એકસોને અડત્રીસ પ્રતિમા વંદું ઉલ્લાસે ॥૨॥

ઉલ્લાસે વલી ફોફલીયામાં, પાસ જિણેસર દેખું ।
એકવીસ પ્રતિમા પાસે પેખી, પાતિક સયલ ઉવેખું ॥૩॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંભવનાથને દેહરે, દોયસુત ત્રાણુ પ્રતિમા સોહે ।
શાંતિ જિણેસર દેહરે, એકસી ત્રેપન જિન મન મોહે ॥૪॥

ઢાલ ॥૫॥

ખજુરી મનમોહનપાસ, એકસો સતાવન શ્રી જિનપાસ ।
વાંદું મન ઉલાસ તો ॥જયો૰ જયો૰ ૧ ॥

ભાભો ભાભામાંહિ બિરાજે, ચારસે એક પ્રતિમા તિહાં છાજે ।
મહિમા જગમેં ગાજતો ॥જયો૰ જયો૰ ૨ ॥

લીંબડીઈ શ્રીશાંતિ જિણંદ, ત્રણસે સાતતિહાં શ્રીજિનચંદ ।
દિઠઈ અતિ આણંદ તો ॥જયો૰ જયો૰ ૩ ॥

કરણે શીતલજિન જયકારી, પ્રતિમા સત નવસો તિહાં સારી ।
જનમન મોહનગારી તો ॥જયો૰ જયો૰ ૪॥

બિંબ સતરસુ શાંતિ સોહાવે, બીજે દેહરે મુજ મન ભાવે ।
દરિસણથી દુખ જાય તો ॥જયો૰ જયો૰ ૫॥

દેહરાસર તિહાં દેહરા સરખું, પાંત્રીસ પ્રતિમા તિહાં કણ નિરખું ।
દેખી મુઝ મન હરખ્યું તો ॥જયો૰ જયો૰ ૬॥

સંઘવીપોલે પાસ જગદિસ, પ્રતિમા એકસો ઓગણત્રીસ ।
પૂરઈ મનહ જગીસ તો ॥જયો૰ જયો૰ ૭॥

પીતલમે દોય બિંબ વિસાલ, પ્રતિમા તેહની અતિસુકમાલ ।
દીસે ઝાકઝમાલ તો ॥જયો૰ જયો૰ ૮ ॥

ઢાલ ॥૬॥

ભવિ તુમે વંદો રે શંખેશ્વર જિનરાયા ॥ એ દેશી ॥

ખેતલવસહી દોય પ્રાસાદે, પાસ જિણેસર ભેટ્યા ।
સાંમલા પાસની સુંદર મૂરતિ, દેખત સબ દુઃખ ભેટ્યા રે ॥૧॥

ભવિયાં ભાવે જિનવર વંદો ।
શ્રીજિનવરને વંદન કરતાં, હોવે અતિ આણંદો રે ॥ ભ૰ ૨॥

ત્રણસે અઠોત્તર જિનપ્રતિમા, સામલપાસની પાસે ।
શ્રીમહાવીર પાસે બ્યાસી જિનવરસું, વંદો મન ઉલ્લાસે રે ॥ ભ૰ ૩॥

દેહરાસર તિહાં દોય અનોપમ, રુપ સોવનમય કામ ।
સોવન રૂપ રયમણે પ્રતિમા, દીસે અતિ અભિરામ રે ॥ ભ૰ ૪॥

અજુવસા પાડામાં પ્રતિમા, સત્તોતર સુખદાઈ ।
પીતલમે શ્રીવિમલજિણેસર,વંદો મન લય લાઈ રે ॥ ભ૰ ૫॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દોસીકુંપાના પાડામાંહી, ઋષભ જિણેસર સોહે ।
સુખદાયક જિન સોલ હે સુગુણનર, દેખી જન માહે રે ॥ ભ૦ ૬॥

વસાવાડે દોય શત અઠાવીસ, શાંતિજિણેસર સામી ।
ઓગણીસ જિનસું દોસીવાડે, ઋષભ નમું સિર નામી રે ॥ ભ૦ ૭॥

આંબાદોસીના પાડામાંહી, મુનિસુવ્રત જિન સોલ ।
પંચહટીએ એકસોને ત્રેવીસ ઋષિભજિણંદ રંગરોલ રે ॥ ભ૦ ૮॥

ઘીયાપાડામાં દોય દેહરાં, શાંતિનાથ પાર્શ્વનાથ ।
એકસો ત્રેવીસ તેર પ્રતિમા, મુગતિપુરીનો સાથ ॥ ભ૦ ૯॥

એકસો છન્નુ રિષભજિણંદસું, પ્રતિમા કટકીયે વંદી ।
ધોલીપુરવમાં ઋષભ મુનિસુવ્રત છેતાલીસ ચિર નંદી રે ॥ ભ૦ ૧૦॥

ઢાલ ॥૭॥

અવિનાશીની સેજડીએ રંગ લાગ્યો રે૦એ દેશી ॥

પારિખજગુના પાડામાંહિ, ટાંકલો પાસ વિરાજે જી ।
પ્રતિમા ચોત્રીસ ચતુર તુમવંદો, દાલિદ્ર દૂખને ભાજે જી ।
મહિમા જગમાંહિ ગાજે જી ॥૧॥

કિયા વોહરાના પાડામાં, શીતલ પ્રતિમા તીમ પંચવીસ જી ।
ક્ષેત્રપાલના પાડામાંહી, શીતલનાથ નમું નિસદીસ જી ॥૨॥

જિહાં જિનવર છે બસે એકાણુ, તિહાંથી કોકે જઈએ જી ।
ત્રણસે નેઉ પ્રતિમાસુ કોકો, પારસનાથ આરાધું જી ॥૩॥

અભિનંદન દેહરે ચ્યાર પ્રતિમા, દોય પ્રાસાદ તિહા વાંદ્યા જી ।
ઢંઢેર સામલ કલિકુંડ પાસજી । નમતાં પાપ નિકંદ્યા જી ॥૪॥

એકસો ત્યાસી પ્રતિમા રુડી, ત્યાસી જિન વર્ધમાન જી ।
મહેતાને પાડે મુનિસુવ્રત, સિત્તેર જિન પરધાન જી ॥૫॥

બસે ચોરાણું બિંબ સહિત, શ્રીશાંતિનાથ પ્રાસાદ જી ।
વખારતણા પાડામાં વંદુ, મુકી મન વિખવાદ જી ॥૬॥

દોસત સત્તરિ જિનપ્રતિમાલ વાંદી મેં અભિરામ જી ।
ગોદડપાડે રિષભને દેહરે, છન્નુ બિંબ ઈણ ઠામ જી ॥૭॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઢાલ ॥૮॥

હવે શુક સુઘોષા બજાવે ॥ એ દેશી ॥

સાલિવાડે ત્રીસેરીયામાંહી, નેમિ મલ્લિ ઋષભ નમું ત્યાંહી ।
નવપલ્લવ નમું ઉછંહી, જિણેસર તાહરા ગુણ ગાઉં ॥
જિમ મનવંછિત સુખ પાઉં ॥ જિ૰ ૧॥

સાઠ ઉપર સત તિમ ચાર । બીજે દેહરે શ્રીશાંતિ જુહાર ।
બિંબ ઓગણસાઠ ઉદાર ॥ જિ૰ ૨॥

કલારવાડે દેહરાં દોય, શાંતિ બિંબ એકાવન હોય ।
બાવન જિનાલય જોય ॥ જિ૰ ૩॥

પીતલમય બિંબ સોહાવે, વિમલનાથ ભવિક મન ભાવે ।
ચઉ ઉત્તર ચતુરા જિનગુણ ગાવે ॥ જિ૰ ૪॥

તિણ એકસો ચોપન જિનરાયા, ઋષભદેવના પ્રણમું પાયા ।
દણાયવાડે શિવસુખદારયા ॥ જિ૰ ૫॥

ધંધોલીએ સંભવજિન સાચો, વંદિ ત્રેપન જિન મનમાંહિ માચો ।
તૂંહી જિન જનમાંહિ સાચો ॥ જિ૰ ૬॥

ગોલવાડે શ્રીમહાવીર, સોવન વાન જાસ શરીર ।
સાત પ્રતિક્ષા ગુણ ગંભીર ॥ જિ૰ ૭॥

દોય શત દસ પ્રતિમા પાસ, શ્રીશતફણો જિનપાસ ।
પૂરે મન કેરી આશ ॥ જિ૰ ૮ ॥

ખારીવાવે શ્રીજિનવર્ધમાન, તેર પ્રતિમા ગુણહ નિધાન ।
જિનનામે કોડ કલ્યાણ ॥ જિ૰ ૯॥

તિહાંથી શ્રીપંચાસરો પાસ, વંદ્યા મન ધરી અધિક ઉલ્લાસ ।
પોહતી મન કેરી આસ ॥ જિ૰ ૧૦॥

કીધી ચૈત્યપ્રવાડી મેં સાર, મનમાંહિ ધરી હર્ષ અપાર ।
જિન નમતાં જયજયકાર, ॥ જિ૰ ૧૧ ॥

ઢાલ ॥૯॥

જિનજી ધન ધન દિન મુજ આજનો ॥
વાંદ્યા શ્રીજિનરાજ હો જિનજી,
કાજ સર્યા સવિ માહરાં, પામ્યું અવિચલ રાજ હો ॥ જિ૰ ૧॥

જિનજી પંચાણુનઇ માજને, શ્રીજિનવર પ્રાસાદ હો ।
જિનજી ભાવ ધરી ભવિ વંદીએ, મુકી મન વિખવાદ હો ॥ જિ૰ ૨॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનજી બિંબતણી સંખ્યા સુણો, માજને તેર હજાર હો।
જિનજી પાંચસે ત્રહોતર વંદીએ, સુખસંપત્તિ દાતાર હો।। જિ૦ ૩।।

દેહરાસર શ્રવણે સુણ્યાં પંચસયાં સુખકાર હો।
જિનજી તિહાં પ્રતિમા રલીયામણી, માજને તેર હજાર હો।। જિ૦ ૪।।

સંવત સતર ઓગણત્રીસે, પાટણ કીધ ચોમાસ હો ।
જિનજી વાચક સૌભાગ્યવિજય ગુરુ, સંઘની પોહતી આસ હો।। જિ૦ ૫।।

જિનજી સાહવ સુઆ-સુત સુંદરૂ ।
સા રામજી સુવિચાર હો । જિનજી સુધો સમકિત જેહનો ।
વિનયવંત દાતાર હો ।। જિ૦ ૬।।

જિનજી ધરમધુરંધર વ્રતધારી, પરગટમલ પોરવાડ હો ।
જિનજી તેહ તણે ઉદ્યમે કરી,
કીધી મેં ચત્યપ્રવાડ હો ।। જિ૦ ૭।।

જિનજી તવ તીરથમાલ ઘણી, કીધી મેં અતિ ચંગ હો ।
જિનજી સાહ રામજીના આગ્રહે,
મન ધરિ અતિ ઉછરંગ હો ।। જિ૦ ૮।।

જિનજી તવન તીરથમાલાતણું, ભણે સુણે વલી જેહ હો ।
જિનજી યાત્રાતણું ફલ તે લહે, વાધે ધરમસનેહ હો ।। જિ૦ ૯।।

જિનજી શ્રીવિજયદેવસૂરિસના, પાટ પ્રભાકર સૂર હો ।
જિનજી શ્રીવિજયપ્રભસૂરિ જગ જ્યો ।
દિન દિન ચઢતે નૂર હો ।। જિનજી ધન૦ ૧૦।।

જિનજી શ્રીવિજયદેવસૂરીંદના, સાધુવિજય બુધ સીસ હો ।
જિનજી સેવક હરષવિજયતણી, પૂરો મનહ જગીસ હો ।।૧૧।।

।। કલશ ।।

ઈમ તીરથમાલા ગુણવિસાલા, પ્રવર પાટણ પુર તણી ।
મેં ભગતિ આણી લાભ જાણી, થુણી યાત્રાફલ તણી ।।
તપગચ્છનાયક સૌખ્યદાયક, વિજયદેવસૂરીસરો ।
સાધુવિજય પંડિત ચરણસેવક, હર્ષવિજય મંગલ કરો ।।૧।।

।। ઈતિ પાટણચૈત્યપ્રવાડી સંપૂર્ણ ।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરિશિષ્ટ-૬

શ્રી લાધાશાહ કૃત પાટણ ચૈત્યપરિપાટી (સં૰ ૧૭૭૭)

ભલે મીંડુ ॥ શ્રી ગુરુભ્યો નમઃ ॥

દુહા

પ્રણમી પાસ જિનેશરૂ, સદગુરુ સારદમાય.
રચના ચૈત્ય પ્રવાડની, રચિસુ જન સુષદાય.

પોલિં પોલિં જે અછૈ, પાટણમેં પ્રાસાદ.
નામ ઠામ કહી વરણવું, સુણિયો ચિત્ત આહ્લાદ.

ઢાલ - લલાનાંની પહેલી

પાટણમેં પ્રભુ પ્રણમીઇ, **શ્રી પંચાસરો પાસ**. લલાનાં
પોલેં પ્રેમા દોસી તણેં, પ્રતપેં તેજ પ્રકાસ. ૩ લ૰ પાટણ

પ્રાસાદ **અજિત** જિણંદનો, **ચોમુખ** પ્રતિમા ચ્યાર. લલાનાં
સુંદર વૃક્ષ સણી તલેં, બહુ જિન પ્રતિમા સાર. લલાનાં ૪ પા૰

લઘુ પ્રાસાદ શ્રી શાંતજી ભેટતા ભાવઠ જાય. લ૰
ચંદ્રપ્રભુ શ્રી પાસજી પ્રાસાદ દોય સુહાય. લ૰ ૫ પા૰

ચિંતામણિ પાડા માંહિં, ભેટ્યા **ચિંતામણિ પાસ**. લ૰
રંગમંડપ ભલી કોરણી, અતિ ઉંચો જિન આવાસ. લ૰ ૬ પા૰

કંસારવાડે ભેટીયા, પ્રાસાદ **પ્રથમ જિણંદ**. લ૰
પ્રાસાદ **બીજે** સોભતા, **સીતલ** જિન સુખકંદ. લ૰ ૭ પા૰

સાહનેં પાડેં સોભતા, પ્રણમીઇ **આદિ** જિણંદ, લ૰
સુંદર મૂરતિ નિરષતાં, દુર ટલ્યા દુખ દંદ. લ૰ ૮ પા૰

પોલેં વડી પોસાલનઈ, પ્રાસાદ દોય ઊતંગ. લ૰
ચઉમુખ વાડીપાસજી, જિહાં નિતંનિત ઓછરંગ. લ૰ ૯ પા૰

બીજે જિનમંદિર જઈ, રીષભ જિણંદ જોહાર. લ૰
પાસ નારંગો નિરષતાં, ઉપનો હરષ અપાર. લ૰ ૧૦ પા૰

સાહાવાડેં જિનમંદિરે, ભેટીયા **સાંમલપાસ**. લ૰
પ્રાસાદ સાતમા જિન તણો, ભેટીયા સ્વામી **સુપાસ**. લ૰ ૧૧ પા૰

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લઘુસાવાડેં ભેટીયા, **શાંતિ** જિણંદ અભિરામ. લ૦
ભેંસાતવાડેં શાંતિજી, પાસિં ગૌતમસ્વામી. લ૦ ૧૨ પા૦

તરભાણેંવાડેં ભલો, પ્રાસાદ એક વિસાલ, લ૦
સોલસમા જિન **શાંતિજી**, ભેટીયા દેવ દયાલ૦ લ૦ ૧૩ પા૦

તંબોલી પાડા માંહિં, જગગુરુ **શ્રી મહાવીર**, લ૦
પૂજીયેં પ્રણમીયેં ભાવસું મુખસોધન ગછે ધીર. લ૦ ૧૪ પા૦

પ્રાસાદ સામી **સુપાસ**નો, શિષરબદ્ધ શ્રીકાર, લ૦
પરતો પરગટ દીપતો, ભવિજનનેં સુખકાર. લ૦ ૧૫ પા૦

કુંભારિયા પાડા માંહિં, **આદિ** જિનેસ્વર દેવ. લ૦
મહતાની પોલિં શાંતિજી, જસ કરે સુરનર સેવ. લ૦ ૧૬ પા૦

મણીયાટી પાડા માંહિં ભેટીયા **વીર જિણંદ**. લ૦
પ્રાસાદ બીજે નીરષીયેં, **આદિનાથ** મુખચંદ. લ૦ ૧૭ પા૦

દુહા

ચંદ્રભાણ દોસી ગૃહે, સહસકોટ* અતિસાર,
ચોમુષ પ્રતિમા ધાતુમય, પ્રણમું એક હજાર. ૧.

ત્રાંગડીયાવાડે નમું, **આદિ** જિનેસર દેવ,
પાસેં **પદ્મપ્રભુ** તણા, પાય પ્રણમુ નિત્યમેવ. ૨.

ઢાલ બીજી

સીયલ કહઈ જગ હું વડો - એ દેસી

પોલેં ષરાષોટડી તણેં ષટ જિનભુવન વિચારી રે
નામ ઠામ કહી દાષવું તે સુણયો નરનારી રે ૧

પાટણમેં પ્રભુ પ્રણમીયેં **આદિનાથ સાંતિનાથ**ના ભુવન યુગલ મનમોહઈ રે,
પાસ ભુવન જઈ ભેટીયા **સુપાસ** મૂરતિ અતિ સોહઈ રે. ૨ પા૦
અષ્ટાપદ જિનમંદરે, **ચંદ્રપ્રભુ** સુખકારી રે,
પાસ નગીનો પ્રણમીઇ, ભુવન બિંબ બલિહારી રે. ૩ પા૦

મૂરતિ **ચંદ્રપ્રભુ** તણી, નિજ સ્વરુપ સું નિરષો રે,
જિન પ્રતિમા જિન સારીષી, આતમ રતિ થઈ પરષો રે. ૪ પા૦

★ **સહસ્રકોટ**ને પ્રસ્તુત પ્રતના હાંસિયામાં નીચે મુજબ સમજાવવામાં આવેલ છે :
૩૦ ચોવીસ જિન ૭૨૦ જિન ૧૬૦ બત્રીસ વિજય ૧૨૦ જિન કલ્યાણકના ૨૦ વિહરમાન ૪ શાશ્વત સર્વે થઈ ૧૦૨૪ જિન પ્રતિમા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પોલિં સુગાલકોટડી તણેં **શ્રી થંભણ પાસ** વિરાજેં રે,
કલી કાલેં મહિમા ઘણો ષંભનયર માંહેં છાજેં રે. ૫ પા૦

પીપલીયા પાડા માંહિ, **શ્રી શાંતિ** જિનેશ્વર ભેટ્યા રે,
મોહન મૂરતિ નિરષતાં, દુખ દાલિદ્ર સવિ મેટ્યા રે. ૬ પા૦

ઉંચી સેરીયેં નિરષીયેં, **શ્રી શાંતિનાથ** આવાસો રે,
પાટણ નગર તણો ધણી, **વનરાજ ચાઉડો** પાસેં રે. ૭ પા૦

ભુંયરેં શ્રી ભગવંતજી **શાંતિનાથ** અતિ દીપઇ રે,
બિંબ અનોપમ નિરષીયેં, જુ મુગતા ફલ સીપેં રે. ૮ પા૦

સોભાગ જેંચંદનેં ઘરે, દેહરાસર માંહેં દીઠા રે,
ચંદ્રપ્રભુ જિન પાસનેં, પ્રણમતાં પાતક નીઠા રે. ૯ પા૦

પાંચ પ્રાસાદ સોહામણા, સુંદર **સાલવીવાડેં** રે,
વિગતેંસું હવેં સાંભલો નામઠામ જેણેં પાડે રે. ૧૦ પા૦

ગોલવાડેં પાસજી ત્રેવીસમા જિન વંદો રે,
પોલેં ધાંધુલનીયે ભેટીયા, **સંભવનાથ** જિણંદો રે. ૧૧ પા૦

પોલેં નારાયણ તણેં, **રીષભ દેવ** જુહારો રે,
ભવસાયર માંહિ બૂડતાં ઉતારે ભવ પારો રે. ૧૨ પા૦

પોલેં જઈ **તરસેરીયેં નેમનાથ** નિત્ય વંદો રે,
પાસેં **આદિ** જિનેસરુ **મલ્લિનાથ** સુખકંદો રે. ૧૩ પા૦

દેહરે ષરતરગછ તણેં, સાંતિનાથ ભગવંતો રે,
શુભ યોગઇ કરી વંદના, અશુભ કરમ કીયા અંતો રે. ૧૪ પા૦

ઢાલ બીજી પૂરી થઈ, થયા **પ્રાસાદ ચાલીસો** રે,
સાહ લાધો કહેં ભાવસું, ભેટ્યા શ્રી જગદીસો રે. ૧૫ પા૦

દુહા

ટાંકલવાડેં ભેટીયા, જગજીવન જિનરાજ,
ટાંકલ પાસ જોહારતાં, સફલ દિવસ થયો આજ. ૧

પોલેં પડીગૂંદી તણેં, સમરું **સીતલનાથ**,
ભવ ભ્રમ ભૂલા જંતુનેં, આપેં સિવપુરી સાથ. ૨

ઢાલ - ત્રીજી

દેસી - નણદલની હો ભવિયણ

પોલેં જઇ **ક્ષેત્રપાલનઈ** પ્રણમું **સીતલદેવ**. હો ભવિ.
પાસેં રહી **પદમાવતી દેવી** કરેં જિનસેવ. ૧ હો ભવિ૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાટણમેં પ્રભુ પ્રણમીઈ, ઠામ ઠામ જિનરાજ, ભ૦
બિંબ અનોપમ નિરષતાં, અજબ ઠરણ લહુ આજ. ૨ ભ૦ પા૦

પોલેં કોકાનઈ ભલા, **પ્રાસાદ દોય** જિણંદ, ભ૦
કોકો પાસ જોહારીઈ, જેમ ટલેં દુખદંદ. ૩ ભ૦ પા૦

પ્રાસાદ બીજેં નીરષીયેં, **અભિનંદન** જિનરાય, ભ૦
મૂરતિ સૂરતિ નિરષતાં નયણે તૃપતિ ન થાય. ૪ ભ૦ પા૦ હોભવિ૦

ઢંઢેરવાડેં ઢલકતો ઉંચો જિન આવાસ, ભ૦
મોટું બિંબ વિરાજતું, ભેટ્યા **સાંમલ પાસ.** ભ૦૫ પા૦ હો૦ ભ૦

પ્રાસાદ બીજે વીરજી, ચરણ નમું નિસ દીસ, ભ૦
સાસન જેહનું વર્તસઈ, વરસ સહસ એકવીસ. ભવિ૦ ૬ પા૦

પ્રાસદ ત્રીજઈ પાસજી, **કલિકુંડ** જિનરાય, ભ૦
અહિ વૃશ્ચકના ભય ટલેં, સમરતાં સુખ થાઈ. ભ૦ ૭ પા૦
પ્રણમું **મહતાની પોલિં**, **મુનીસુવ્રત** જગનાથ, ભ૦
અશ્વ તણી પરઈ ઓધરઈ, આપઈ સિવપુરી સાથ. ભ૦ ૮ પાટ૦

તિહાં થકી જમણી દિસઈ, ચાલો ચતુર મન લાય, ભ૦
વારુ **વષાર** તણેં **પાડેં**, **સોલસમો** જિનરાય. ભ૦ ૯ પા૦

પાડેં ગોદડનેં નમું, **આદીશ્વર** જિન ગેહ, હો૦ ભ૦
વિચમિં ચોમુખ નિરષીયેં, મોટી યાત્રા એહ. ભ૦ ૧૦

પોલેં શ્રી અંબાવિનઈ, દીઠો **સાંતિ** દીદાર,
સાંતિ સુધારસ વરસતો, ભવિ જન ઠારણહાર. ભ૦ ૧૧ પા૦

મુનિસુવ્રત જિન ભેટીયા, **મહાલષમીનેં ષેત્ર**, હો૦ ભ૦
પ્રાસાદ ચિત્ર નિહાલતાં, હરષીત થયાં દોય નેત્ર ભ૦ ૧૨ પા૦

પોલેં કરણાસાહનેં, **સીતલ** જિન સુખકાર,
બીજેં સાંતિ સોહામણાં, બિંબ રતનમય સાર. ભવિ૦ ૧૩ પા૦

પ્રાસાદ લીંબડીની પોલેં, **સાંતિ** જિનેશ્વર દેવ, ભ૦
કવિ કહિંએ મુઝ સાહબો, દરિસણની નિત્ય ટેવ ભ૦ ૧૪ પા૦

ત્રણ્ય ઢાલ, આઠેં દુહેં, અઠાવન પ્રાસાદ,
સાહ લાધો કહિં નિત્ય, પ્રતઈ રણઝણેં ઘંટાનાદ. ૧૫ પા૦

દુહા

ભાભાની પોલેં જઈ, ભેટ્યા **ભાભો પાસ**,
નામેં નવનિધ સંપજઈ, પ્રગટેં લીલ વિલાસ. ૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ષજુરીપાડે અછે, **મોહન પારસનાથ,**
ભવ ભય ભાવઠ ભંજણો, પ્રણમુ જોડી હાથ. ૨

ઢાલ - ચોથી
કપુર હોઈ અતિ ઉજલું રે - એ દેશી

પ્રથમ જિણંદ પ્રણમી કરી રે, ચૈત્ય જોહારું એક,
કુતકીયાવાડે જઈ રે, આંણી હૃદય વિવેક. ૧
સોભાગી પ્રાંણી વંદો શ્રી જિનરાય પાટણમેં મન લાય,
પ્રભુ પૂજે પાતિક જાય, પ્રભુ નામેં નવનિધ થાય. સો૦

આંકણી

પોલેં ઘીયાનીયેં ભેટીયા રે, **સાંતિનાથ** સુકુમાલ,
પ્રાસાદ બીજેં દીપતા રે, **પાર્શ્વનાથ** દયાલ. ૨ સોભા૦

પોલેં વાગોલનેં ભેટીયા રે, **નાભિનરિંદ મલ્હાર,**
પોલે કાંન રેવા તણેં રે, **મુનીસુવ્રત** સુવિચાર. ૩ સોભા૦

પંચોતરી પોલેં જઈ રે, પ્રથમ નમું **આદિનાથ,**
વસાવાડે ભેટીયા રે, સોલસમા **શાંતિનાથ.** ૪ સો૦

પોલે અષઈ ગણીયા તણેં રે, **આદિશ્વર** અરિહંત,
પોલેં અજુવસા તણેં રે, **સાંતિનાથ** ભગવંત. ૫ સો૦

ષેતલ વસહી ભેટીયા રે, **ષેતલો પાર્શ્વનાથ,**
બીજેં શ્રી મહાવીરજી રે, **ત્રીજે શ્રી સાંતિનાથ.** ૬ સો૦

પોલેં સંઘવીનીયેં ભેટીયા રે, મૂરતિ **મોહન પાસ,**
પ્રાસાદમેં પ્રભુ ભેટીયા રે, આણી મન ઓલાસ. ૭ સો૦

દેહરેં **શ્રી આદિનાથ** રે, નબિ બેઠા જિનરાજ,
દેહરાસરમેં ભેટીયા રે, જિનજી ગરીબનિવાજ. ૮ સો૦

ધાતુમય જિનરાજનાં રે, બિંબ અનોપમ દોય,
પાસ સુપાસ વિરાજતા રે, દેહરાસર માંહિં જોય. ૯ સો૦

પોલેં સૂરજી માધવ તણે રે, **ષોષલીઓ** પ્રભુ **પાસ,**
પ્રાસાદમેં પ્રભુ દીપતા રે, જુ રવિ કિરણ પ્રકાસ. ૧૦ સો૦

ચાચરીયા વાડેં ભલા રે, **પ્રાસાદ દોય** જિણંદ,
વિજયચિંતામણિ પાસજી રે, **શાંતિ** જિન સુખકંદ. ૧૧ સો૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પોલ ભલી લાલબાઈની રે, **પ્રાસાદ એક** ઓદાર,
ધર્મ જિણેસર ભેટીયા રે, ધર્મ તણો દાતાર. ૧૨ સો૦

કસુંબીયા વાડેં નમું રે, સાહિબ **સીતલનાથ**,
ભુંયરા માહેં પ્રભુ ભેટીયા રે, **પરગટ પાર્શ્વનાથ**. ૧૩ સો૦

ઢાલ ચોથી પૂરી થઈ રે, ઉગણાસી પ્રાસાદ,
સાહ લાધો કહેં પ્રણમતાં રે, દુર ટલેં વિષવાદ. ૧૪સોભાગી૦

દુહા

હવેં વાંદુ મન મોદસું, શ્રી જિન ભુવન મુઝાર,
રાતિકાવાડે જે અછે, તે સુણયો નરનારિ(૨). ૧
અબજી મહતાનેં જઈ **પાડા** માંહે જિનરાજ,
સીતલનાથ જોહારીયે, તારણતરણ જિહાજ. ૨

ઢાલ - [પાંચમી]

આશ્રવ ભાવન સાતમી રે - એ દેસી

દોસી વછા મૂલજી તણૈ રે, **પાડા** માંહેં જિનરાજ,
સંભવનાથ નિહાલતા રે, સિદ્ધા વંછીત કાજો રે. ૧

ચૈત્ય જુહારીયે, શ્રી પાટણ નગર મુઝારો રે, અશુભ નિવારીયેં - આં૦

ચોષાવટી પોલેં જઈ રે, ભેટા **શ્રી સાંતિનાથ**,
બલીયાની પોલેં ભલા રે, ભેટ્યા **શ્રી આદિનાથો** રે. ૨ ચૈત્ય૦

ષીમજી ફડીયાનઈ અછે રે, **પાડા** માંહેં જિનગેહ,
ચારુ પાસ જુહારીયે, દરસન દુર્લભ જેહો રે. ૩ ચૈ૦

લષીયાર વાડેં વાંદીયેં, સાહિબ **મોહન પાસ**,
બીજેં સ્વામિ શ્રીમંદરુ રે, વિદેહ ક્ષેત્ર જસ વાસો રે. ૪ ચૈ૦

પોલિં શ્રી મલ્લિનાથની રે, ભેટા **શ્રી મલ્લિનાથ**,
સાંમ વરણ પ્રભુ સોભતા રે, પરીકરસું જગનાથો રે. ૫ ચૈ૦

યોગીવાડેં યુગતસું પ્રણમું **સાંમલો પાસ**,
ભુંયરામાંહિં શ્રી સાંતિજી રે, નિરષતાં અધિક ઓલાસો રે. ૬ ચૈ૦

ફોફલીયા વાડેં નમું રે, સાહિબ **સાંતિ** જિણંદ,
ચિત્રભુવન અતિ કોરણી રે, નિરષીત નયણાણંદો રે. ૭ ચૈ૦

બીજે ભુવન જોહારીયઇ રે, **શ્રી સંભવ** જિનરાય,
ત્રીજેં ભુવનેં પાસજી, ભેટા ભગવંત પાયો રે. ૮ ચૈ૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વેલજી સાહાનઈ મંદરઇ રે, દેહરાસર માંહિં જેહ,
શ્રી મુનીસુવ્રત ભેટીયા, સુંદર મૂરત એહો રે. ૯ ચૈ૦

સોનારવાડે નિરખીયે રે, ભુવન યુગલ અતિસાર,
પ્રથમ નમું **શ્રી વીરજી** રે, સૂરતિ કી બલિહારી રે. ૧૦ ચૈ૦

બીજેં ભુવનેં સાંતિજી રે, મુઝ સાહબ સુખકાર,
પ્રભુ પદકજ નિત્ય પ્રણમતા, દિન દિન જય જયકારો રે. ૧૧ ચૈત્ય૦

પાટણમેં **ત્રણ્ય ભુંયરાં, સપ્ત દેહરા દેવ,**
પંચ્યાસી જિન દેહરાં, પ્રણમીજેં નિત્ય મેવો રે. ૧૨ ચૈ૦

પંચાણું સર્વે થઈ રે, પાટણ નગર મઝાર,
ભુવન બિંબ જોહારતાં, ઉપનો હર્ષ અપારો રે. ૧૩ ચૈ૦

પ્રાસાદેં જિનવર તણાં, બિંબ સંખ્યા નવિ થાય,
તિણ કારણ મૂલનાયકો રે, વાંદુ શ્રી જિનરાય રે. ૧૪ ચૈ૦

ઘર ઘર દેરાસર ઘણાં, પાટણમેં સુવિસાલ,
ભાવ થકી માહરી હોજ્યો, વંદન કરું ત્રિણ્ય કાલ રે. ૧૫ ચૈ૦

ઢાલ - ધન્યાસી [છઠ્ઠી]
દીઠો દીઠો રે વાંમાં કો નંદન દીઠો - એ દેસી

વંદો વાંદો રે, ભવિ પાટણમેં જિન વાંદો,
ચૈત્યપ્રવાડ કરી, મન મોદઈ, દાલિદ્ર દુષ નિકંદો રે. ૧ ભવિ પાટણમેં૦

જિન પ્રતિમા જિનવર સારીષી, ભાષી વીર જિણંદો,
જૈન ભાવઈ ધરી જે જિન પૂજેં, તે ન લહેં ભવફંદો રે. ૨ ભવિ૦

જિન દરસનથી લહેં ભવિ પ્રાંણી સમકિત સિવસુખકંદો,
જે જન ભાવ ધરી જિન સમરે તે પ્રાણી ચિરનંદો રે. ૩ ભવિ૦

સંવત સતર છીઉતરા વર્ષે, રહી **ચોમાસ** આણંદો,
શ્રી જિનવરની યાત્ર કરી તિહાં, નાટિક નવનવ છંદો રે. ૪ ભવિ૦

કટૂક ગછ માંહેં અધિકારી **સાહ કલ્યાણ** કવિ ઇંદો,
તાસ પાટિ લહુજી અતિ સોભીત **સાહ થોભણ** ગુણ ચંદો રે. ૫ ભવિ૦

તાસ શિષ્ય શ્રી જિનગુણ રાગી પાટિ પ્રભાવિક ચંદો,
સાહજી લાધો કહેં, શ્રી જિનના ગુણ, સમરે ઇંદ નરિંદો રે. ૬ ભવિ૦

સતર સિત્યોતરા, માગસર માસે વદિ સાતમ વાર મંદો,
વોહોરા તિલક તણેં, આગ્રહથી રચીઓ, સ્તવન જિણંદો રે. ૭ ભ૦

॥ ઇતિ શ્રી ચૈત્યપ્રવાડિ સ્તવનં ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરિશિષ્ટ- ૭

ઉપા૰ જ્ઞાનસાગરગણિ કૃત
તીર્થમાલા સ્તવન (સં૰ ૧૮૨૧)

(નણદલની દેશી.)

પુર **પાટણ**માં પાસજી, **પંચાસરો** પ્રસિદ્ધ, સંઘવી ચાલોને;
તે પ્રભુ વાંદીઇ સંઘ સરવે મન કીધ્ય, ચાલોંનેં થલપતિ ભેટવા. ૧

તારાચંદ શેઠજી, આવ્યો પાટણમાંહિ;
મહેતા **પાનાચંદ** હર્ષીઓ, વળી **ઈચ્છાચંદ** ત્યાંહ. સં૰ ૨

બાબીને જઈ વીનવ્યો, સામયીઉ કરેં સાર;
ઢોલ નગારાં ગડગડેં, મહાજન લોક અપાર. સ૰ ૩

બહુ આદર કરી તેડીઆ, સંઘવી શ્રીસંઘ સાથ;
ઘર ઘર હર્ષ વધામણાં, આજ થયા રે સનાથ. સં૰ ૪

સંઘવી પધાર્યા દેહરેં, ભેટ્યા **પંચાસર પાસ;**
દેહરાં ત્રણ બીજાં તિહાં, પૂજતાં પૂગી આશ. સં૰ ૫

ખરા કોટડીઈ ચ્યાર છેં, પોસાલવાડેં ત્રિણ જોય;
ત્રાંગડીઇ પાડેં એક દેહરો, સાનેં પાડેં દોય. સં૰ ૬

એક ગૌતમ પાડેં તથા, દોય સા વાડેં જોય;
મહેંતા તંબોલી કુભારનેં, પાડેં ઈક મન આંણિ સં૰ ૭

મરેઠી પાડેં નીરખીઇ, દેવલિં ત્રિણ ઉદાર;
સોની વાડેં દોય છે, નિરખાંતાં ભવપાર. સં૰ ૮

ઢાલ ૮ [૧] થલપતિ = સ્થલપતિ-ભૂમિનો સ્વામી-રાજા. જેમ ત્રીજી ઢાળની ૧૫થી ૩૦ ગાથામાં અમદાવાદની જુદી જુદી પોળોનાં જિનમંદિરો વર્ણવ્યાં છે તેમ આ આઠમી આખી ઢાળમાં પાટણના જુદા જુદા વાડા-પાડાનાં જિનમંદિરો બતાવ્યાં છે. એ રીતે પાટણના ઇતિહાસના અભ્યાસીને આ ઢાળ ખૂબ ઉપયોગી થાય એમ છે. [૧૧] ધાતુમેં ધાતુમય-ધાતુની.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચ્યાર દેવલ અતિ સુંદરું, ફોફલી પાડા માંહિ;
ખજૂરી પાડેં વયજદ કોટડી, એકેક ચૈત્ય ઉછાહ. સં૰ ૯

ભામેં પાડેં ભાભો પાસજી, સંઘવીનો તિહાંઈ;
જિનમંદિર દુગ શોભતાં, એક બાંભણવાડો જ્યાંહ. સં૰ ૧૦

ખેતલવસહી પાસજી, પાસેં દહેરાં દોય;
અડુવસાનેં દહેરેં, ધાતુમેં પ્રભુ જોય. સં૰ ૧૧

કર્ણાસાની પોલમાં, સુંદર દેવલ દીઠ;
ત્રિણ મનોહર એક વલી, લીંબડી પાડેં ગરીઠ. સં૰ ૧૨

મહાલક્ષ્મી ગોદડ તણો, નીસાલનો પાડો જાંણિ;
ચૈત્ય એકેક ઘીયા તણેં, દેવલ દોય વખાંણ. સં૰ ૧૩

કુતકીઓ મથુરાંદાસનો, વખારનો પાડો જેહ;
મેંહતાને પાડેં વલી, એકેક પ્રણમું તેહ. સં૰ ૧૪

હવે ઢંઢેરવાડેં પેખીઆં, મનોહર દેહરાં ચ્યાર;
વડગુંદીઈ એ ચૈત્ય છેં, કોકાદે પાડેં દોય સાર. સં૰ ૧૫

દકાલ કોટડી એક દીપતું, સાલવી વાડેં આઠ;
મલ્લી પડિં (પાડેં) મલ્લી પાસજી, પૂજા કરો શુભ ઠાઠ. સં૰ ૧૬

ચોખાવટી વીશા તણેં, પાડે દોય ને એક;
લખીયારવાડેં ત્રિણ ભલાં, સેવો ધરીય વિવેક. સં૰ ૧૭

કસૂંબીઈ વાડેં દોય વલી, યોગી એક દીંઠ;
અનુપમ પૂંજીઈ જાંણીઈ, દેવલ દોય ગરીઠ. સં૰ ૧૮

મોદીનો પાડો કલબી તણો, એકેક પ્રભુનું ચૈત્ય;
સર્વ પંચાસી જાંણીઈ, પ્રણમું ભાવ સહીત. સં૰ ૧૯

જિનધર્મી શ્રાવક ઘરેં, પ્રભુદેરાસર સાર;
બસેં સહોત્તેર સેવતાં, પાંમીજે ભવપાર. સં૰ ૨૦

પાટણ હેઠેં જાણીઈ, **રૂપપુર** ગામ વિશાલ;
એક જિનમંદીર સેવતાં, ટાલેં ભવ જંજાલ. સં૰ ૨૧

ચાણસામા એક દેહરો, પ્રભુ ભટેવો **પાસ;**
ભાવ ભગતિ સ્યું સેવતાં, પહોંચેં મનની આસ. સં૰ ૨૨

ઈણીપરેં **પાટણનયર**ની, ચૈત્ય પરીપાટી કીધ્ધ;
લહેંણી કરેં નિજ જ્ઞાતમાં, ખાંડ રૂપઈઓ પ્રસીધ્ધ. સં૰ ૨૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરિશિષ્ટ-૮

પં૰ હીરાલાલ નિર્મિત
શ્રી પત્તનજિનાલયસ્તુતિ
રચના વિક્રમ સંવત્ ૧૯૫૯

નત્વાઽઽદિદેવં વૃષભધ્વજં ચ, કલ્યાણવલ્લીપ્રવરાંબુવાહમ્ ।
કુર્વે સ્તુતિં સર્વજિનાલયાનાં, મુક્તિપ્રદાં પટ્ટનપૂઃ સ્થિતીનામ્ ॥૧॥

પાડે માર્ફતિયાહ્વે મુનિસુવ્રતવિભું ભૂમિનાથૈઃ સુસેવ્યં,
વંદે વૃંદારકેન્દ્રૈઃ સ્તુતમવનિતલે મોક્ષદાનૈકદક્ષમ્ ।
વામેયં પાર્શ્વનાથ શઠકમઠગજાગર્વભેદૈકસિંહં,
નામ્ના શ્રીભીડભંજં મુનિગણમહિતં તીર્થનાથં નમામિ ॥૨॥

વંદે ઢંઢેરવાડે જગતિ જનગણો શ્રેયસામર્પણોત્કં,
પાર્શ્વ શ્રીકંકણાહ્યં પ્રકટમહમથ શ્રેયસે જ્ઞાતપુત્રમ્ ।
એવં પાર્શ્વ ચ નૈમિ ત્રિદશપતિગણૈઃ સેવિતં શામલાહ્યં,
બિંબં યસ્યાસ્તિ તુંગં ભવિકજનગુણાલ્હાદદં ભાવભક્ત્યા ॥૩॥

વયં નમામો પડિગુંદીપાડે, શ્રીશીતલં તીર્થકરં સુભક્ત્યા
સુરાસુરેન્દ્રૈઃ પરિસેવ્યમાનં, મોક્ષશ્રિયઃ કેલિવિલાસગેહમ્ ॥૪॥

સંસારાગ્નિપ્રતાપપ્રમથનસબલં શીતલં શીતલાખ્યં,
મોક્ષાર્થ મોક્ષમાર્ગપ્રદમહમધુના તીર્થનાથં નમામિ ।
ભક્ત્યા પ્રાસાદસંસ્થં સુરવરમહિતં ક્ષેત્રપાલાખ્યપોલે,
ભવ્યાનંદપ્રદાનપ્રવણમથ સદા સર્વલોકૈકબંધુમ્ ॥૫॥

કોકાપાડે નમામિ શ્રુતબલકલિતૈર્ભવ્યલોકૈઃ સુસેવ્યં,
કોકાપાર્શ્વાભિધાનં સકલસુરગણૈઃ સેવ્યમાનક્રમાબ્જમ્ ।
પ્રૌઢં તીર્થાધિરાજં ભવજલતરણે યાનપાત્રં ગુણાઢ્યં,
ભક્ત્યા વંદેઽભિનંદં જિનપતિમખિલપ્રાણિસૌખ્યૈકલક્ષણમ્ ॥૬॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નમામિ કોટાપુરવાસિધર્મશાલાસ્થિતં સ્થંભનપાર્શ્વનાથમ્ ।
શ્યામચ્છવિં મેઘમિવાત્ર ભવ્યકલાપિનાં માનસમોદદં ચ ॥૭॥

વંદે પંચાસરં વૈ સુમતિજિનપતિમત્રાહામૌચિત્યયુક્તઃ ।
નૈમિ શ્રીધર્મનાથં વરતરનવલક્ષાભિધાનં ચ પાર્શ્વ,
ચાતુર્મુખ્યા સ્થિતં ચામરનરનિકરૈઃ સેવ્યમાનં જિનેંદ્રમ્ ॥૮॥

શ્રીહીરસૂરેર્જયદેવસૂરેઃ, શ્રીસેનસૂરેઃ શીલગુણસૂરેઃ ।
નમામિ બિંબાનિ ગતાનિ તત્ર, સસારવારાંનિધનૌનિભાનિ ॥૯॥

અષ્ટાપદાખ્યેડથ જિનાલયેડહં, સુપાર્શ્વનાથં પ્રણમામિ ભક્ત્યા ।
ચંદ્રપ્રભં ચંદ્રનિભં જનાનાં, મનોગતાનંદસુવાર્ધિવૃદ્ધૌ ॥૧૦॥

ખડાકોટીપાડે વિમલમતિતોડહં જિનપતિં,
સ્તુવે શાંતિ શાંતિપ્રદમવનિગાનાં તનુભૃતામ્ ।
તથૈવં વંદેડહં પ્રથમજિનનાથં તમભિતો,
દ્વિપંચાશજ્જૈનાલયકલિતજૈનાયતનગમ્ ॥૧૧॥

નારંગાભિધપાર્શ્વનાથભવનૌ નૈમિ પ્રમોદપ્રદં,
ઝવ્હેરીત્યભિધાનવાડગમહં શ્રીવાસુપૂજ્યં તથા ।
નાભેયં ચ નમામિ સર્વજનતાસંસારતાપાપહં,
શાંતિં શાંતિકરં તથૈવ જિનપં, શ્રીવાડિપાર્શ્વભિધમ્ ॥૧૨॥

શાવાડે પ્રણમામિ ભક્તિભરતો રક્તં ચ મુક્તિસ્ત્રિયાં,
શ્રીનાભેયમમેયકીર્તિકલિતં સંસારસંતારકમ્ ।
મારી યેન નિવારિતા જિનપતિં તં નૈમિ મુક્ત્યાઃ પતિં,
શ્રીશાંતિં જગતાં જનોપકરણપ્રાવીણ્યબદ્ધસ્પૃહમ્ ॥૧૩॥

ભક્ત્યાન્વિતાસુ જનતાસુ નતાસુ તાસુ,
કારુણ્યભાવકલિતં કલિતં સુબોધૈઃ ।
શાવાડગં જિનપતિં પ્રણમામિ ભક્ત્યા,
બોધૈકદાનવિબુધં વિબુધોપસેવ્યમ્ ॥૧૪॥

જિનં સુપાર્શ્વનાથ ચ, પાર્શ્વ તુ શામલાહ્વયમ્ ।
ભવ્યાબ્જપ્રકરે લોકે, બાંધવં, લોકબાંધવમ્ ॥૧૫॥

વંદે શાંતિ જિનપતિમથો શસ્તભેંસાતવાડે,
ભક્ત્યા યુક્તઃ કવિશિશુરહં શાંતિનાથં સનાથમ્ ।
નાથેન શ્રીવરગણભૃતાં ચાત્ર ચંદ્રપ્રભેણ,
પ્રાસાદે વૈ સુરનરગણૈઃ સેવિતં ગૌતમી ॥૧૬॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રીશાંતિનાથં નરનાથસેવ્યં, સનાથતાં પ્રાણિગણે ભજંતમ્ ।
સ્થિતં ચ વંદે તરભેડવાડે, સંસારરોગવ્યથનૈકવૈદ્યમ્ ॥૧૭॥

વંદે જિનં શ્રીપતિમાદિદેવં, ભકત્યા યુતઃ ખેજડપાડસંસ્થમ્ ।
યસ્યોપરિપ્રાજ્યતરાતપત્રં, રૌપ્યં ચ મુકત્યસ્તકટાક્ષતુલ્યમ્ ॥૧૮॥

કર્પૂરમેતાધિશસ્યપાડે, સ્તુવે જિનેશં વૃષભધ્વજં ચ ।
કર્માદિગ્નિદાહૈકજલાભિષેકં, કષાયવૃક્ષેષુ દવાગ્નિતુલ્યમ્ ॥૧૯॥

તંબોલિવાડે પ્રભુમાનમામિ, શ્રીવર્દ્ધમાનં ચ સુપાર્શ્વનાથમ્
કુંભારપાડે પ્રભુમાદિદેવં, પાર્શ્વ ભટેવાભિધમાપ્તમુખ્યમ્ ॥૨૦॥

શાંતિં નૈમીહ ભકત્યા જિનપતિમમલં ડંકમેતાહ્વપાડે,
કર્મારિધ્વંસવીરં સકલજનહિતં ટાંકલાપાર્શ્વનાથમ્ ।
શ્રીવીરં વૈ જિનેશં પ્રથમજિનપતિં ચાત્ર મણ્યાતિપાડે,
કૂટં નાભ્ના સહસ્રં વરતરનગરશ્રેષ્ઠિસંનિર્મિતં ચ ॥૨૧॥

કર્મારામપ્રહારપ્રવરગજપતિં મોક્ષરામાભિલાષં,
સંસારાપારવારાનિધિગલનવિધૌ કુંભજાતં જિનેશમ્ ।
ઉચ્ચૈઃ પોલે નમામિ ત્રિદશગણનતં સ્વર્ણકારસ્ય પાડે,
શ્રીવીરં શાંતિનાથં સ્તુતમવનિતલે નાકિનાથૈશ્ચ વન્દ્યમ્ ॥૨૨॥

શાંતીશં ચાદ્યવીથ્યાં જનગણભૃતફોફલિયાહ્વે હિ વાડે,
વીથ્યાં વૈ ચોધરીણાં યદુકુલતિલકં નેમિનાથં નમામિ ।
પાર્શ્વ મનમોહનાખ્યં તદભિધવરવીથ્યાં ગતં શંખપાર્શ્વ,
વીથીગં સંભવં વખતજિત ઈતઃ સુવ્રતસ્વામિનં ચ ॥૨૩॥

શ્રીયોગીવાડેડદ્ભુતકાંતિમૂર્ત્તિં નમામિ વૈ શ્યામલપાર્શ્વનાથમ્ ।
શ્રીમલ્લીપાડે કિલ મલ્લિનાથં કષાયમલ્લં પ્રતિમલ્લનાથમ્ ॥૨૪॥

નમામિ ભકત્યા લખીઆરવાડે, પાર્શ્વ જિનેંદ્રં મનમોહનાખ્યમ્ ।
જિનાધિરાજં મુનિસુવ્રતં ચ, સીમંધરસ્વામિનમાપ્તમુખ્યમ્ ॥૨૫॥

તમજિતમભિવંદે કેસુનામેભ્યપાડે, પ્રથમજિનપતિં વૈ ચોખવટ્ટીયપાડે

સુરગણનતપાદં શાંતિનાથં જિનેંદ્રં, જિનમતકજસૂર્યં ધર્મનાથં ચ

નૈમિસુમતિજિનપમીડે પાઠશાલાખ્યપાડે, વૃષભવિભુમપીહ

સ્વર્ણવર્ણાઢ્યદેહમ્ ।
સ્થિતમભિનતલોકં લોકબંધુ જિનેશમ્ ॥૨૭॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સદ્ભક્ત્યા પ્રણમામિ શીતલમાહં પાડેડબ્જિમેતાભિધે,
તીર્થેશં ચ કસુંબિયાગમભિતો વંદે સદા શીતલમ્ ।
ગોડીપાર્શ્વમથો નમામિ કિલ સંઘેશાખ્યપાડે સ્થિતૌ,
શાંતં શ્રીશાંતિનાથં શમસુખસહિતં લીંબડીપાટકે ચ ॥૨૯॥

પ્રાસાદે નિર્જરાશાલયનિભકલકાંતૌ કનાશાહ્યપાડે,
નાનાચિત્રૈર્વિચિત્રૈર્હૃર્યતજનહૃહયે કલ્પસૌંદર્યકલ્પે ।
તીર્થેશં શાંતિનાથં સ્ફટિકમણિમયં દિવ્યકાંત્યા સનાથં,
વંદે શ્રીશીતલાખ્યં ત્વહમહમિકયાહં જિનં દેવસેવ્યમ્ ॥૩૦॥

તત્રૈવાહમથ પ્રણૌમિ જિનપં શ્રી શાંતિનાથાભિધં,
પ્રૌઢે જૈનનિકેતને સ્થિતમરં દેવેશસંપૂજિતમ્ ।
પાર્શ્વ તસ્ય નમામિ નાભિતનયં સંસારસંતારકં,
શ્રીવીરં ચ નમામિ ભક્તિરતઃ કર્માગ્નિધારાધરમ્ ॥૩૧॥

નામ્ના શ્રી શાંતિનાથં સમુદહમથો બામણાખ્યે હિ વાડે,
તીર્થેશં પ્રૌઢભક્ત્યા સકલસુરનરાધીશસેવ્યં જિનેન્દ્રમ્ ।
કર્મારામાગ્નિતુલ્યં જિતમદનમરં સર્વલોકૈકબંધું,
સંસારાપારાવારાં નિધિગતજનતાનારણે યાનપાત્રમ્ ॥૩૨॥

ભક્ત્યાહં ક્ષેત્રવસ્યાં જિનપતિમભિતઃ શ્રીમહાદેવપાર્શ્વ,
શાંતિ સંઘેશચૈત્યં પ્રથમજિનવરં શામલાખ્યં ચ પાર્શ્વમ્ ।
સંસારાંભોધિયાનં ત્વજિતજિનપતિં નૌમિ યોગીન્દ્રનાથં
ક્રોધાદ્રિપ્રૌઢાવૈરિપ્રકરવિદલને શૂરવીરાવતંસમ્ ॥૩૩॥

નૌમીહ શાંતિં ત્વદુવસ્સિપાડે, નામેય-શાંતિં ચ તત્રૈવ જિનં નમામિ ।
આદીશ્વરં વૈ ગટકીયપાડે, મોક્ષપ્રદં ભોક્ષગતં જિનેશમ્ ॥૩૫॥

મહાલક્ષ્મીપાડે મુનિસુવ્રરતતીર્થેશમધુના,
તથા કોટાવાસિપ્રવધનિકાગારમિલિતમ્ ।
જિનં શાંતિં વંદે સકલસુરસંઘાતમહિતં,
તથૈવ વામેયં શઠકમઠસંતાપહરણમ્ ॥૩૬॥

આદીશ્વરં ગોદપાટકેહં ગણાધિનાથં કિલ પુંડરીકમ્ ।
ભક્ત્યા નમામીહ ચ નેમિનાથં, ચતુર્મુખં તીર્થકરેંદ્રબિંબમ્ ॥૩૭॥

વક્ષારપાડે પ્રભુશાંતિનાથં, ચંદ્રપ્રભં તીર્થકરં નમામિ ।
દૃષ્ટ્વા પ્રભાં તજ્જિનમંદિરસ્ય, ચિત્રં જનૌઘોડનિભિષત્વમાપ ॥૩૮॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વંદે શ્રીનેમિનાથં યદુકુલતિલકં શાંતિ-ધર્મૌ ચ મલ્લિં,
વાડેડહં શાલવીનાં જિનપતિવરશાંતિં ચ કલ્લારવાડે ।
વાડે નારાયણે વૈ પ્રથમજિનપતિં ધાંધલે સંભવં ચ,
ગોલાવાડે ચ પાર્શ્વ સુરનરમહિતં ચંપકાલખ્યં ચ પાર્શ્વમ્ ॥૩૯॥

આદીશ્વરં ચ કિલ ટાંગડિયાખ્યવાડે,
શાંતિં નમામિ વિદિતાખિલલોકબોધમ્ ।
વંદે સહસ્રફણિમંડિતપાર્શ્વનાથં, સંસારતાપપરિખેદસુવારિવાહમ્ ॥૪૦॥

શાંતિં ચ ચારુગિરિનારપટં નમામિ, શત્રુંજયસ્ય પટમત્ર સહસ્રકૂટં ।
બિમ્બં ચતુર્મુખજિનસ્ય ગિરિં ચ મેરું, રત્નેષુ ધર્મમિતપાદગણં ગણિનામ્ ।
એવં નમંતિ જગતીહ ચ યે મનુષ્યા, જૈનાલયાંશ્ચ વરપટ્ટનસંસ્થિતાંશ્ચ
નાનાગૃહસ્થગૃહગાંશ્ચ તથા હ્યનેકાન
જૈનાલયાનિહ હિ તે કિલ મુક્તિભાજઃ ॥૪૨॥

પ્રૌઢં પ્રવર્તકપદં પરિતો ગતાનાં,
પ્રાપ્યાશુ કાંતિવિજયાખ્યમહામુનીનામ્ ।
આનંદસૂરિપરિવારકજાર્કભાનામાદેશમત્ર કિલ હંસસુતેન ભવ્યમ્ ॥
જિનેશાનામેવં સ્તુતિરિહ મયા પટ્ટનપુરે,
ગતાનાં ચૈત્યેષુ સ્વહિતકૃતયે સંવિરચિતા ।
હિરાલાલાહ્યેન ગ્રહ-વિશિખ-નિધ્યબ્જમિલિતે,
શુભે વર્ષે શસ્યે સપદિ વસતા જામનગરે ॥૪૪॥

ઇતિ શ્રીપત્તનજિનાલય-સ્તુતિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સિદ્ધિસૂરિ કૃત પાટણ ચૈત્યપરિપાટી (સં૰ ૧૫૭૬)	સંઘરાજ કૃત પાટણ ચૈત્યપરિપાટી (સં૰ ૧૬૧૩)	લલિતપ્રભસૂરિ કૃત પાટણ ચૈત્યપરિપાટી (સં૰ ૧૬૪૮)	પંડિત હર્ષવિજય કૃત પાટણ ચૈત્યપરિપાટી (સં૰ ૧૭૨૯)	લાધાશાહ કૃત પાટણ ચૈત્યપરિપાટી (સં૰ ૧૭૭૭)
ઊંચી સેરી ૧. શાંતિનાથ ૨. મહાવીરસ્વામી ૩. પાર્શ્વનાથ(સાઉકુ) ૪. નેમિનાથ	**ઊંચી સેરી** ૧. શાંતિનાથ ૨. શાંતિનાથ ૩. ચંદ્રપ્રભુ ૪. પાર્શ્વનાથ ૫. પાર્શ્વનાથ (સાઉકુ)	**ઊંચી સેરી** ૧. શાંતિનાથ (ભણશાળીનું દેહરું)	**ઊંચી શેરી** ૧. શાંતિનાથ	**ઊંચી સેરી** ૧. શાંતિનાથ (ભોંયરામાંશાંતિનાથ) ૨. ચંદ્રપ્રભુ (સોભાગ જેચંદનું)
પંચાસર ૫. પંચાસર પાર્શ્વનાથ	**પંચાસર** ૬. પાર્શ્વનાથ ૭. આદેશ્વર ૮. મહાવીરસ્વામી ૯. વાસુપૂજ્ય ૧૦. નેમિનાથ	**પંચાસરા પાડો** ૨. પંચાસરા પાર્શ્વનાથ ૩. આદેશ્વર ૪. મહાવીરસ્વામી ૫. વાસુપૂજ્ય	**પંચાસર** ૨. પંચાસર પાર્શ્વનાથ ૩. આદેશ્વર ૪. વાસુપૂજ્ય ૫. મહાવીરસ્વામી	**પ્રેમાદોસીની પોળ** ૩. પંચાસરા પાર્શ્વનાથ ૪. અજિતનાથ (ચૌમુખી) ૫. શાંતિનાથ ૬. ચંદ્રપ્રભુ ૭. પાર્શ્વનાથ
ચમ્મહ ભુવને ૬. શાંતિનાથ ૭. વાસુપૂજ્ય				
દેસલહરના જિનાલયે ૮. પાર્શ્વનાથ				
પલ્લીવાલ ૯. આદેશ્વર				
નાગમઢિ ૧૦. નેમિનાથ ૧૧. નમિનાથ	**નાગમણપાડો** ૧૧. શાંતિનાથ નેમિનાથ (સંયુક્ત) ૧૨. સુપાર્શ્વનાથ	**નાગમઢઈ** ૬. નેમિનાથ		
બોકડીયા ભવને ૧૨. શાંતિનાથ				
પીપલઇ ૧૩. મહાવીરસ્વામી				
કોરટવાલ ૧૪. શાંતિનાથ				

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનાલયો - ચાર્ટ

પં. હીરાલાલ કૃત પાટણ ચૈત્યપરિપાટી (સં૰ ૧૯૫૯)	જૈન શ્વેતાંબર ડિરેક્ટરી (સં૰ ૧૯૬૩)	સં૰ ૧૯૬૭ સં૰ ૧૯૮૨ને આધારે યાદી	સં૰ ૨૦૦૮ સં૰ ૨૦૧૦ને આધારે યાદી	વર્તમાન સમયનાં જિનાલયોની સૂચિ (સં૰ ૨૦૫૫)
પંચાસર ૧. ગોડી પાર્શ્વનાથ ૨. મહાવીરસ્વામી સુમતિનાથ ૩. અજિતનાથ ૪. ચિંતામણિ પાર્શ્વ૰ ૫. ધર્મનાથ ૬. પાર્શ્વનાથ ચૌમુખી	**પંચાસરા** ૧. પંચાસરા પાર્શ્વનાથ ૨. ગોડી પાર્શ્વનાથ ૩. મહાવીરસ્વામી ૪. સુમતિનાથ ૫. અજિતનાથ ૬. ચિંતામણિ પાર્શ્વ૰ ૭. શાંતિનાથ ૮. શાંતિનાથ ૯. નવખંડા પાર્શ્વનાથ	**પંચાસરા** ૧. પંચાસરા પાર્શ્વનાથ ગોડી પાર્શ્વનાથ ૨. મહાવીરસ્વામી સુમતિનાથ ૩. અજિતનાથ ચૌમુખી ૪. ચિંતામણિ પાર્શ્વ૰ શાંતિનાથ ૫. મહાવીરસ્વામી ધર્મનાથ-સુપાર્શ્વનાથ ૬. નવખંડા પાર્શ્વનાથ	**પંચાસરા** ૧. પંચાસરા પાર્શ્વનાથ ગોડી પાર્શ્વનાથ ૨. મહાવીરસ્વામી સુમતિનાથ ૩. પાર્શ્વનાથ ચૌમુખી (ભીડભંજન) ૪. ચિંતામણિ પાર્શ્વ૰ શાંતિનાથ ૫. મહાવીરસ્વામી ધર્મનાથ-સુપાર્શ્વનાથ ૬. નવખંડા પાર્શ્વનાથ	**પંચાસરા** ૧. પંચાસરા પાર્શ્વનાથ ૨. ભીડભંજન પાર્શ્વ૰ ૩. ચિંતામણિ પાર્શ્વ૰ શાંતિનાથ ૪. મહાવીરસ્વામી ધર્મનાથ-સુપાર્શ્વનાથ ૫. નવખંડા પાર્શ્વનાથ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સિદ્ધિસૂરિ કૃત પાટણ ચૈત્યપરિપાટી (સં૰ ૧૫૭૬)	સંઘરાજ કૃત પાટણ ચૈત્યપરિપાટી (સં૰ ૧૬૧૩)	લલિતપ્રભસૂરિ કૃત પાટણ ચૈત્યપરિપાટી (સં૰ ૧૬૪૮)	પંડિત હર્ષવિજય કૃત પાટણ ચૈત્યપરિપાટી (સં૰ ૧૭૨૯)	લાંધાશાહ કૃત પાટણ ચૈત્યપરિપાટી (સં૰ ૧૭૭૭)
ચિંતામણિપાડો ૧૫. ચિંતામણિ પાર્શ્વ૰	**ચિંતામણિપાડો** ૧૩. ધરણેન્દ્ર પાર્શ્વ૰	**ચિંતામણિપાડો** ૭. ચિંતામણિ પાર્શ્વ૰ ૮. અજિતનાથ ૯. શાંતિનાથ (સાહ વછૂનું)	**ચિંતામણિપાડો** ૬. શાંતિનાથ ૭. ચંદ્રપ્રભુ	**ચિંતામણિપાડો** ૮. ચિંતામણિ પાર્શ્વ૰
ષરાકોટડી ૧૬. વાસુપૂજ્ય	**ષરાકોડી** ૧૪. શાંતિનાથ ૧૫. પાર્શ્વનાથ (સાહા સદરથનું) ૧૬. આદેશ્વર	**ષરાકોટડી** ૧૦. ચંદ્રપ્રભુ (આસધીરનું) ૧૧. પાર્શ્વનાથ (સદયવછનું)	**ખરાકોટડી** ૮. ચંદ્રપ્રભુ(અષ્ટાપદ) ૯. ચંદ્રપ્રભુ ૧૦. નગીનોપાર્શ્વનાથ ૧૧. શાંતિનાથ ૧૨. આદેશ્વર	**ષરાષોટડી** ૯. આદિનાથ ૧૦. શાંતિનાથ ૧૧. પાર્શ્વનાથ સુપાર્શ્વનાથ
અષ્ટાપદ ૧૭. ચંદ્રપ્રભુ	**અષ્ટાપદ** ૧૭. ચંદ્રપ્રભુ ૧૮. શાંતિનાથ (સાહા મેઘાનું) ૧૯. ચંદ્રપ્રભુ (ઠાકર હરષાનું) ૨૦. પાર્શ્વનાથ (નરસંગ ઠાકરનું) ૨૧. ચંદ્રપ્રભુ (આસા ઠાકરનું) ૨૨. પાર્શ્વનાથ (હાંસા ઠાકરનું) ૨૩. ચંદ્રપ્રભુ	**અષ્ટાપદ** ૧૨. ચંદ્રપ્રભુ ૧૩. શાંતિનાથ (ખરતરગચ્છનું) ૧૪. આદેશ્વર ૧૫. પાર્શ્વનાથ (સોની તેજપાલનું) ૧૬. સુમતિનાથ (ટોકર સોનીનું)		**અષ્ટાપદ** ૧૨. ચંદ્રપ્રભુ ૧૩. નગીનો પાર્શ્વનાથ ૧૪. ચંદ્રપ્રભુ
ખરતર પીપલે ૧૮. શાંતિનાથ	**પીપલપાડો** ૨૪. શાંતિનાથ	**પીપલાપાડો** ૧૭. શાંતિનાથ	**પીપલે** ૧૩. શાંતિનાથ ૧૪. સાવકો પાર્શ્વનાથ	**પીપલીયાપાડો** ૧૫. શાંતિનાથ
ત્રાંગડીયાવાડો ૧૯. પદ્મપ્રભુ	**ત્રાંગડીયાનો પાડો** ૨૫. આદેશ્વર પદ્મપ્રભુ (સંયુક્ત)	**ત્રાંગડીયાપાડો** ૧૮. આદેશ્વર પદ્મપ્રભુ (સંયુક્ત)	**ત્રાંગડિયાવાડો** ૧૫. આદેશ્વર	**ત્રાંગડીયાવાડો** ૧૬. આદેશ્વર પદ્મપ્રભુ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પં. હીરાલાલ કૃત પાટણ ચૈત્યપરિપાટી (સં૰ ૧૯૫૯)	જૈન શ્વેતાંબર ડિરેક્ટરી (સં૰ ૧૯૬૩)	સં૰ ૧૯૬૭ સં૰ ૧૯૮૨ને આધારે યાદી	સં૰ ૨૦૦૮ સં૰ ૨૦૧૦ને આધારે યાદી	વર્તમાન સમયનાં જિનાલયોની સૂચિ (સં૰ ૨૦૫૫)
ખડાકોટીનો પાડો ૭. શાંતિનાથ ૮. આદેશ્વર (બાવન જિનાલય) ૯. વિમલનાથ	**ખડાખોટડીનો પાડો** ૧૦. આદેશ્વર	**ખડાખોટડીનો પાડો** ૭. શાંતિનાથ બાવનદેરી ૮. આદેશ્વર	**ખડાખોટડીનો પાડો** ૭. શાંતિનાથ બાવનદેરી ૮. આદેશ્વર ૯. આદેશ્વર (ઘરદેરાસર)	**ખડાખોટડીનો પાડો** ૬. શાંતિનાથ આદેશ્વર
અષ્ટાપદ ૧૦. ચંદ્રપ્રભુ સુપાર્શ્વનાથ		**અષ્ટાપદની ખડકી** ૯. ચંદ્રપ્રભુ સુપાર્શ્વનાથ(ભોંયરું) અષ્ટાપદ, આદેશ્વર, પાંચમેરુ	**અષ્ટાપદની ધર્મશાળા** ૧૦. ચંદ્રપ્રભુ સુપાર્શ્વનાથ અષ્ટાપદ આદેશ્વર પાંચમેરુ, દાદાના સ્તુપ	**અષ્ટાપદ** ૭. ચંદ્રપ્રભુ સુપાર્શ્વનાથ(ભોંયરું) ચંદ્રપ્રભુ આદેશ્વર-આદેશ્વર અષ્ટાપદ, મેરુશિખર
ટાંગડિયાવાડો ૧૧. આદેશ્વર ૧૨. શાંતિનાથ ૧૩. સહસ્રફણાપાર્શ્વ૰ શાંતિનાથ ગિરનાર, શત્રુંજય, સહસ્રકુટ, ચૌમુખ મેરુશિખરની રચના	**ટાંગડીઆવાડો** ૧૧. આદેશ્વર ૧૨. સહસ્રફણાપાર્શ્વ૰	**ટાંગડીઆવાડો** ૧૦. આદેશ્વર પદ્મપ્રભુ ૧૧. સહસ્રફણાપાર્શ્વ૰ શાંતિનાથ, સિદ્ધાચલ, ગિરનાર, સહસ્રકુટ, ચૌમુખ,મેરુશિખર, ગણધર પગલાં	**ટાંગડિયાવાડો** ૧૧. આદેશ્વર પદ્મપ્રભુ ૧૨. સહસ્રફણાપાર્શ્વ૰ શાંતિનાથ, સિદ્ધાચલ, ગિરનાર, સહસ્રકુટ, ચૌમુખ, મેરુશિખર, ગણધર પગલાં	**ટાંગડીયાવાડો** ૮. આદેશ્વર પદ્મપ્રભુ ૯. સહસ્રફણાપાર્શ્વ૰

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સિદ્ધિસૂરિ કૃત પાટણ ચૈત્યપરિપાટી (સં૰ ૧૫૭૬)	સંઘરાજ કૃત પાટણ ચૈત્યપરિપાટી (સં૰ ૧૬૧૩)	લલિતપ્રભસૂરિ કૃત પાટણ ચૈત્યપરિપાટી (સં૰ ૧૬૪૮)	પંડિત હર્ષવિજય કૃત પાટણ ચૈત્યપરિપાટી (સં૰ ૧૭૨૯)	લાધાશાહ કૃત પાટણ ચૈત્યપરિપાટી (સં૰ ૧૭૭૭)
ચ(મ)ણહટડી ૨૦. શાંતિનાથ	મંણહટ્ટીઆપાડો ૨૬. મહાવીરસ્વામી	મણિહટ્ટી ૧૯. મહાવીરસ્વામી ૨૦. નામ નથી (દેવદત્તનું ચૈત્ય)	મણીયાતીપાડો ૧૬. મહાવીરસ્વામી	મણીયાટીપાડો ૧૭. મહાવીરસ્વામી ૧૮. આદિનાથ ૧૯. સહસ્રકોટ (ચદ્રભાણ દોસીનું)
ભાણસોલ્યાં ૨૧. શાંતિનાથ				
પટૂઆવાડો ૨૨. નમિનાથ				
સગરકૂઇ ૨૩. પાર્શ્વનાથ	સગરકૂયાનો પાડો ૨૭. પાર્શ્વનાથ	સગરકૂઇ ૨૧. પાર્શ્વનાથ ૨૨. આદેશ્વર (પૂંજા સેઠનું) ૨૩. આદેશ્વર (જયચંદ શેઠનું)	સગરકૂઇ ૧૭. પાર્શ્વનાથ	
કંસારવાડો ૨૪. પાર્શ્વનાથ	કંસારવાડો ૨૮. આદેશ્વર ૨૯. પાર્શ્વનાથ (વુથા પારેષનું)	કંસારવાડો ૨૪. શીતલનાથ ૨૫. નામ નથી (સહા ચાંપાનું) ૨૬. નામ નથી (ચઉથા સહાનું) ૨૭. પાર્શ્વનાથ ૨૮. શાંતિનાથ	કંસારવાડો ૧૮. શીતલનાથ ૧૯. આદેશ્વર	કંસારવાડો ૨૦. શીતલનાથ ૨૧. આદેશ્વર
સાહવાડો ૨૫. મુનિસુવ્રત	સાહાવાડો ૩૦. સુપાર્શ્વનાથ	સહાવાડો ૨૯. સુપાર્શ્વનાથ ૩૦. પાર્શ્વનાથ (સપ્તફણા)	સાવાડો ૨૦. સુપાર્શ્વનાથ ૨૧. સામલા પાર્શ્વનાથ	સાહવાડો ૨૨. સુપાર્શ્વનાથ ૨૩. સામલા પાર્શ્વનાથ
બાબરકોટિ ૨૬. નમિનાથ				
નારિંગપુરિ ૨૭. પાર્શ્વનાથ	નારિંગપુર ૩૧. પાર્શ્વનાથ	નારંગાપાડો ૩૧. નારંગા પાર્શ્વનાથ ૩૨. નામ નથી (શોભીનું)		

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

